ગુજરાતમાં કડવા પાટીદાર પરિષદો દ્વારા સમાજ ઉત્થાનનો અભિગમ: એક ઐતિહાસિક અધ્યયન

(ઈ.સ.૧૯૦૭ થી ૧૯૪૯)

AN APPROACH OF SOCIAL REFORM IN GUJARAT THROUGH CONFERENCES BY KADVA PATIDAR A HISTORICAL STUDY

(1907 TO 1949)

The Thesis to be Submitted for the degree of

DOCTOR OF PHILOSOPHY IN HISTORY

to the

SAURASHTRA UNIVERSITY RAJKOT

: Guide :
Pro & Dr. Ansuya V. Chothani
M.A., B.Ed., M.Phil., Ph.D.
Professor In History
PG. Department of History,
Saurashtra University,
Rajkot.

By :
Vijaykumar. C. Patel
M.A., M.Phil

REGISTRATION NO/ DATE : 4868/ 01-01-2012

Department of History
Saurashtra University,
Rajkot.
2016

ગુજરાતમાં કડવા પાટીદાર પરિષદો દ્વારા સમાજ ઉત્થાનનો અભિગમ: એક ઐતિહાસિક અધ્યયન

(ઈ.સ.૧૯૦૭ થી ૧૯૪૯)

AN APPROACH OF SOCIAL REFORM IN GUJARAT THROUGH CONFERENCES BY KADVA PATIDAR A HISTORICAL STUDY

(1907 TO 1949)

The Thesis to be Submitted for
the degree of
DOCTOR OF PHILOSOPHY IN HISTORY
to the
SAURASHTRA UNIVERSITY
RAJKOT

: Guide :
Pro & Dr. Ansuya V. Chothani
M.A., B.Ed., M.Phil., Ph.D.
Professor In History
PG. Department of History,
Saurashtra University,
Rajkot.

By :
Vijaykumar. C. Patel
M.A., M.Phil

REGISTRATION NO/ DATE : 4868/ 01-01-2012

Department of History
Saurashtra University,
Rajkot.
2016

પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે **વિજયકુમાર ચંદુલાલ પટેલ** એ મારા માર્ગદર્શન હેઠળ અને સલાહસૂચન પ્રમાણે **"ગુજરાતમાં કડવા પાટીદાર પરિષદો દ્વારા સમાજ ઉત્થાનનો અભિગમઃ એક ઐતિહાસિક અધ્યયન (ઇ.સ.૧૯૦૭ થી ૧૯૪૯)"** શીર્ષકવાળો મહાનિબંધ ઈતિહાસ વિષયમાં પીએચ.ડી. ની પદવી માટેના તૈયાર કરેલ છે.

વિશેષમાં આ મહા શોધનિબંધ કે તેના કોઈ પણ અંશ પ્રકાશિત થયા નથી કે કોઈ પણ પદવી માટે કોઈ યુનિવર્સિટીમાં રજૂ થયા નથી.

ક્ષેત્રિય માહિતી તેમજ અનુભવજન્ય માહિતી ઉપર આધારિત આ મૌલિક સંશોધન પ્રથમ વખત આ યુનિવર્સિટીમાં "ઈતિહાસ" વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે રજૂ કરવામાં આવે છે.

સ્થળ : રાજકોટ
તારીખ :

પ્રો. ડૉ. અનસૂયાબેન ચોથાણી
M.A., B.Ed., M.Phil., Ph.D.
પ્રોફેસર
અનુસ્નાતક ઈતિહાસ વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

SAURASTRA UNIVERSITY
realpatidar.com
P.G. T.R. SECTION
Re-Accredited Grade 'A' by NAAC
Main Office, first Floor,
University Road,
Rajkot – 360 005 (Gujarat)
Phone No : 2578501
www.saurastrauniversity.edu

CERTIFICATE FOR PRE PH.D. PRESENTATION

This is to certify that VIJAY KUMAR CHANDULAL PATEL has made Pre Ph.D. Presentation as per UGC Guideline "University Grant Commission (Minimum Standard and Procedure for award of Ph.D. Degree) Regulation – 2009" and Saurashtra university Ordinance for Ph.D. Programme (O.P.h.D.6.2), on the Research work entitled AN APPROACH OF SOCIAL REFORM IN GUJARAT THROUGH CONFERENCES BY KADVA PATIDAR A HISTORICAL STUDY (1907 To 1949) in the Department Of History Saurastra University, Rajkot on date 25/04/2016 before all the faculty members and students of the Department for getting feedback and comments

I also certify that the Research work appreciated by all who remain present and there was no comments made for this research work.

Signature of Department Head	**Signature of Guide :**
Name of Head :	**Name of Guide :**
Prof & Dr. Prafulaben Raval **Department of History** **Saurastra University**	**Prof & Dr. Ansuyaben v chothani** **Department of History** **Saurastra University**
Place : Rajkot **Date : 25/04/2016**	**Place : Rajkot** **Date : 25/04/2016**

નિવેદન :

ભારત એક વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતો દેશ હતો અને છે. ભારતનો ભૌગોલિક વિસ્તાર-તેની આબોહવા વગેરે તેના સમાજ ઘડતરનાં નિર્ણાયક પરિબળ હતા. ભારતીય ઉપમહાદ્વિપમાં ધર્મ, ભાષા, પહેરવેશ, પરંપરા, રીતે-રિવાજો વગેરેમાં વિવિધતા જોવા મળે છે. તેમ છતાં સૂક્ષ્મ રીતે અનેક પરિબળોના કારણે ભારતમાં રાજકીય-સામાજિક એક્તાના દર્શન થાય છે. જે સંદર્ભે પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી ભારતમાં આવનાર વિવિધ પ્રવાસીઓ, રાજદૂતો, ધર્મગુરૂઓ, વેપારીઓ વગેરેના વૃત્તાંતોમાં તેનો વિશેષ ઉલ્લેખ કરેલ હતો.

ગુજરાતના સામાજિક જીવન ઉપર ગુજરાતની કુદરતી સંપત્તિ ઉપરાંત સમૃધ્ધ દરિયા કિનારો ગુજરાતને અન્ય પ્રદેશો કરતા એક અલગ એકમ તરીકે પ્રસ્થાપિત કરે છે. ગુજરાતનો પચાસ ટકા કરતાં વધુ ભૂમિ વિસ્તાર સાબરમતી, નર્મદા, તાપી અને મહી જેવી મુખ્ય નદીઓ અને તેમની ઉપનદીઓના નિક્ષેપ કરેલા કાંપથી બનેલા મેદાનોની છે, જેથી સ્વાભાવિક રીતે અનાજ ઉત્પાદન તથા વિવિધ વિકાસક્રિય કાર્યો માટે પાયાની ભૂમિકા ભજવી હતી.

ગુજરાતનો બહુધા વર્ગ કૃષિ-પશુપાલન સાથે સંકળાયેલ છે તેમાં પણ મુખયત્વે કૃષિ સાથે સંકળાયેલ વર્ગ "કણબી-પાટીદાર-પટેલ" વર્ગ હતો-છે. સંસ્કૃત **कुटुम्बी**, પ્રાકૃત-**कुरुम्बी** મરાઠી-**कुणबी** ગુજરાતી- **कणबी** એવો સેટલર્સ-ખેડૂત 'કણબી' શબ્દનો ઈતિહાસ છે. પણ પાછળથી તે પાટીનો દાર-જમીનદાર કહેવાયો અને પછીથી આવેલા વેઠિયા ખેડૂતો 'કણબી' કહેવાયા હતા; 'કણબી પાછળ કરોડ કણબી કોઈ પાછળ નહિ' એ કહેવત અનુસાર આ ખેડૂતોના વસવાટોમાં પોષણ પ્રમાણે પુરોહિતો, લુહાર, સુથાર, કુંભાર, વાળંદ વગેરે ધંધાદારીઓનાં કુટુંબો પણ આવી વસ્યાં હતા. અને તેથી જ તેઓ 'વસવાયાં' નામથી ઓળખાવા લાગ્યાં. આ વસવાટોએ ધીમે ધીમે ગામોનો આકાર લીધો હતો.

સામન્યત: હરેક રાજવંશ-સામ્રાજ્ય-શાસનનો મુખ્ય આધાર સ્તંભ મહેસૂલ હતો અને મહેસૂલ ઉત્પાદક વર્ગ તરીકે કૃષિકારોનો ફાળો વિશેષ મહત્વનો હતો.

કોઈપણ સમાજમાં વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા હોવી એ સામાન્ય બાબત છે. આ વ્યવ્સ્થા કાળક્રમે સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરે છે. (get institutionalised) આમ છતાં, મનોવલણઓ અને સામાજિક દબાણો હેઠળ એમાં પરિવર્તનો થતાં રહે છે. આમાં ગુજરાતનો સમાજ અપવાદ નથી. આ સમાજમાં થયેલા પરિવર્તનોની પ્રક્રિયાને સમજવા એ સમાજના અતીતની જાણકારી જરૂરી છે. ડૉ. એસ. સી. મિશ્રા યથાર્થ કહે છે, "Social history has to be studied in the context of Social Structure, Contemporary and past, the changes it has suggested and the Factors which were instrumental in effecting it.

ગુજરાતમાં પણ ઓગણીસમી સદી દરમ્યાન સમાજ સુધારા (Social Reform) સંદર્ભે પ્રયાસો કરવામાં આવ્યા હતા. અહિં એ બાબતનો ઉલ્લેખ કરવો અનિવાય છે કે મધ્યકાલીન સમય પૂર્વે તથા પછી પણ વ્યક્તિગત ધોરણે સમાજમાં પ્રચલિત-કુપ્રથાના વિરોધમાં પ્રયત્નો થયેલા હતા. જેમકે નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખાભગત, દાદુ દયાળ, રતનબાઈ, સહજાનંદ સ્વામી વગેરેના પ્રયાસો પ્રસશનીય હતા. પરતું દુભાગ્ય એકે તે સમષ્ટી સમાજને સ્પર્શી શક્યા ન હતા. તેના સાપેક્ષમાં બ્રિટીશ યુગના માનવતાવાદી, ભૌતિક પરિબળો દુરોગામી અસર નિપજાવવામાં નૂતન મધ્યમવર્ગના પાદુર્ભાવમાં મહત્વના હતા. જેમકે દુર્ગારામ મહેતા, મહીપતરામ રૂપરામ, કવિ દલપતરામ, હરગોવિંદ દ્રારકાદાસ કાંટાવાળા, કરસનદાસ મુળજી અને નવલરામ લક્ષ્મીરામ જેવા પ્રથમ પંક્તિના સુધારકો પ્રવૃત બન્યા હતા. તે જ પરિપ્રેક્ષ્યમાં પાટીદાર જ્ઞાતિના પ્રચલિત રીત-રિવાજો કુપ્રથાઓ-વિશેષતઃ એક તિથિના લગ્ન (Child marriage) (બાંધ્યા વિવાદ) શિશુવધ્ધ (Infanticide) ખેડુતોની સમસ્યા વગેરે પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે 'શેઠશ્રી બેચરદાસ લશ્કરી, પાટડી દરબારશ્રી જોરાવરસિંહજી તથા દરબાર ગોપાળદાસનું પ્રદાન કડવા પાટીદાર જ્ઞાતિના સમાજ ઉત્કર્ષ માટે વિશેષ મહત્વનું હતું.

સંસ્થાનીક યુગ દરમ્યાન બ્રિટિશ રાજની પ્રત્યાઘાતી નીતિઓના કારણે સ્વાવલંબી (Self-sufficing) તથા આત્મનિર્ભર (Self-sufficient) ગ્રામીણ અર્થવ્યવસ્થા સમયાન્તરે વિભક્ત થઈ હતી. સદ્ભાગ્યે બ્રિટિશ શાસનતંત્રના સકારાત્મક પરિબળો જેવા કે પાશ્ચાર્ય વિચારસરણી, નૂતન વહિવટ, તંત્ર-કાયદાની સમાનતા, મુદ્રાલયની શરૂઆત, વર્તમાનપત્રો, સામાયિકો, રેલ્વે, વિશેષત: નૂતનશિક્ષણ પધ્ધતિ વગેરે દ્વારા ભારતીય સમાજમાં પધ્ધતિસર સામાજિક-ધાર્મિક સુધારણાના શ્રી ગણેશ થયા હતા.

સામાન્ય રીતે કૃષિ-પશુપાલનમાં વ્યસ્ત રહેનાર, શિક્ષણથી મહદઅંશે અલિપ્ત રહેનાર કણબી-સમુદાય વીસમી સદીના ઉત્તરાર્ધમાં સર્વાંગીક રીતે વિકસિત થઈ રાષ્ટ્ર ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન કયા પરિબળો દ્વારા આપી શક્યા ? તે સંદર્ભે વિચારતા પાટીદાર સમાજનો, તેની પરંપરા, સ્ત્રીઓની સ્થિતિનો, કૃષિ તથા કિસાનોની સ્થિતિનો અભ્યાસ અનિવાર્ય બન્યો હતો.

મેં આ શોધ નિબંધ સંદર્ભે સંશોધન કરતા પૂર્વ પાટીદાર સમાજ, ગુજરાતમાં તેનો વિસ્તાર, પ્રદેશવાર તેની વિશિષ્ટતા વગેરેનો પ્રત્યક્ષ અનુભવ તથા પ્રથમકક્ષાના સાધનોનો ઉપયોગ કરી અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે. ઈ.સ. ૨૦૦૮થી સતત પાટીદાર સમાજના વિવિધ સંમેલનો, પરિષદો, સભાઓમાં હું પ્રત્યક્ષ અથવા પરોક્ષ હાજરી આપતો, જેથી પાટીદાર સમાજના ઉત્થાન સંદર્ભે 'કડવા પાટીદાર પરિષદોનો અભિગમ, પ્રદાન' વિશે અભ્યાસ કરવો; એમ મેં નિર્ણય કર્યો હતો.

સંશોધન સંદર્ભે માહિતી એકત્ર કરવા માટે 'ગુજરાત વિદ્યાપીઠ'ના પુસ્તકાલય તથા કોપીરાઈટ વિભાગનો વિશેષ ઉપયોગ કરવામાં આવેલ છે, ઉપરાંત વડોદરા દફ્તર ભંડારમાં સંગ્રહિત બ્રિટિશ સરકારના તથા વડોદરા રાજ્યના પાટીદાર જ્ઞાતિને લગતા જાહેરનામા, ઠરાવો

વગેરેનો સંશોધનમાં ઉપયોગ કરવામાં આવેલ છે. ભો. જે. મહાવિદ્યાલય, અમદાવાદના પુસ્તકાલયમાંથી પાટીદાર જ્ઞાતિને લગતા સામાયિકો વગેરેનો અભ્યાસ કરવામાં આવેલ છે. સંશોધન વિષય સંદર્ભે અઠારમી શતાબ્દી મહોત્સવના પ્રચાર-પ્રસાર સમિતિનાં ચેરમેન- મણીભાઈ પટેલ (મમ્મી) તથા સીતારામકાકા, પલાસર આટ્ર્સ કોલેજના આચાર્ય ડૉ. અમૃતભાઈ પટેલ, આણંદ આટ્ર્સ કોલેજના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. આર. પી. પટેલ વગેરે સાથે રૂબરૂ મુલાકાત દ્વારા અભ્યાસમાં સમાયોજન કરવામાં આવેલ છે.

પ્રસ્તુત-શોધ નિબંધ પાંચ પ્રકરણમાં વિભાજીત છે. પ્રથમ પ્રકરણમાં ગુજરાતમાં સામાજિક સુધારાની પાર્શ્વભૂમિકા સંદર્ભે પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી ભારતની સામાજિક સ્થિતિનો સંક્ષિપ્ત ઈતિહાસ રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. ઉપરાંત આધુનિક સમયમાં ગુજરાતના સામાજિક પરિવર્તનના વાહકો સંદર્ભે તથા શોધ નિબંધના શીર્ષકને અનુરૂપ 'પાટીદાર-કૂર્મી-કણબી વગેરે શબ્દોની ઐતિહાસિક્તા સંદર્ભે તથા કડવા પાટીદાર જ્ઞાતિના રીત-રિવાજોનો અભ્યાસ કરવામાં આવેલ છે. પ્રકરણના અંતે કડવા પાટીદાર જ્ઞાતિના પ્રારંભિક સુધારકો જેવા કે પાટડી દરબાર શ્રી જોરાવરસિંહજી, બેચરદાસ લશ્કરી (સી. એસ. આઈ) તથા દરબાર ગોપાળાદાસ વગેરેની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિનો આધારભૂત સાધનો દ્વારા અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રકરણ દ્વિતીયમાં 'કડવા પાટીદાર સમાજ ઉત્થાનની પ્રવૃત્તિ-જાગૃતિ દ્વારા પાટીદાર જ્ઞાતિના શિક્ષિત યુવાનો દ્વારા સ્થાપિત "કડવા પાટીદાર પરિષદ"ની પ્રવૃત્તિની અભ્યાસ કરવામાં આવેલ છે. પરિષદમાં રજૂ થતાં ઠરાવો, ચર્ચાઓ વગેરેનાં તત્કાલિન સમયની રાજકીય, આર્થિક, સામાજિક સ્થિતિ સાથે વિશ્વસનીય સાધનો દ્વારા તુલનાત્મક રીતે અભ્યાસ કરેલ છે.

પ્રકરણ તૃતીયમાં કડવા પાટીદાર પરિષદોમાં ઉપસ્થિત જ્ઞાતિના આગેવાનો, શિક્ષિત યુવાનો દ્વારા સ્ત્રીઓના પ્રશ્ને જે ચિંતન થયું તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપરાંત તત્કાલિન સમયમાં સ્ત્રીઓના પ્રશ્ને તેમાંય વિશેષત : "એક તિથિએ થતાં લગ્ન" બાંધ્યા વિવાહ, તથા પરિષદોમાં સ્ત્રી સુધારણા અભિગમ સંદર્ભે અભ્યાસ કરવામાં આવેલ છે.

ચતુર્થ પ્રકરણમાં તત્કાલિન સમયની ગુજરાતની આર્થિક સ્થિતિ અને તેમાં પણ કૃષિ અને ખેડૂતોની સ્થિતિ સંદર્ભનો સંક્ષિપ્ત અભ્યાસ કરવામાં આવેલ છે. કડવા પાટીદાર પરિષદમાં ખેડુત, કૃષિલક્ષી પ્રશ્નો સંદર્ભે જમીન સુધારણા, મહેસૂલની વસૂલાત સંદર્ભે બુધ્ધિજીવીઓ દ્વારા પશ્ચિમી શિક્ષણ દ્વારા કૃષિક્ષેત્રે નવીનીકરણ કરવાના ઉપાયો, કિસાનોને કેળવણીની અનિવાર્યતા તથા કૃષિના મહત્વ સંદર્ભે આધારભૂત સાધનો દ્વારા અભ્યાસ કરવામાં આવેલ છે.

પંચમ્ પ્રકરણમાં કડવા પાટીદાર પરિષદોની અસરના કારણે સમયાન્તરે સમાજમાં સર્વાંગીક વિકાસના જે શ્રી ગણેશ થયા તેના પ્રત્યાઘાત તરીકે 'અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ' તથા ગાંધીયુગની રાષ્ટ્રીય શિક્ષણ પધ્ધતિથી પ્રભાવિત શાળાઓ તથા છાત્રાલયની સ્થાપના કરવામાં

આવી હતી. પાટીદાર સમાજની યુગપ્રવર્તક ઘટના એટલે 'અઠારમી શતાબ્દી મહોત્સવ અને તે દ્વારા સમાજમાં આવેલ સર્વાંગીક પરિવર્તનનો અભ્યાસ કરવામાં આવેલ છે.

અંતિમ પ્રકરણમમાં કડવા પાટીદાર પરિષદોના પ્રભાવના કારણે નૂતન શિક્ષિત વર્ગના નેતૃત્વ સંદર્ભે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તથા જ્ઞાતિના પ્રચલિત કુ-પ્રથાઓ, દુષણો સામે લોકજાગૃતિ તથા સ્ત્રીઓના દરજ્જામાં આવેલ પરિવર્તન, સામાજિક, ધાર્મિક સંસ્થાઓની સ્થાપના અને તેમની સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિ, અભિગમ, ઉપરાંત પરિષદોની મર્યાદાઓ તથા સિધ્ધિઓ વગેરેનો તટસ્થ રીતે અભ્યાસ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત શોધ નિબંધના પ્રેરક તથા આધાર સ્તંભ મારા સ્વ પિતાશ્રી ચંદુલાલ બુલાખીદાસ પટેલ કે જેઓ ગુજરાત રાજ્ય વન-વિભાગમાં અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. ઉપરાંત અડતાલીસ કડવા પાટીદાર સમાજ, સંસ્થાન (માણસા) માં ખજાનચી તથા મંત્રી તરીકે સેવા બજાવતા હતા. તેમના દ્વારા મને પાટીદાર સમાજ વિશેષત: ઈ.સ. ૧૯૫૦-૬૦-૭૦ના સમયગાળા દરમ્યાન કડવા પાટીદાર જ્ઞાતિના રીત-રિવાજો અને મુખ્યત્વે ગ્રામીણ જીવન સંદર્ભે અવાર-નવાર ચર્ચાઓ થતી હતી. અહીં હું તેમનો આભાર નહિ માનું કારણ કે હું તો તેમનો અનંત કાળનો ઋણી છું.

શોધ નિબંધના વિષય સંદર્ભે સ્વ. ડૉ. મંગુભાઈ પટેલ સાથે સતત મળવાનું રહેતું જેમને પાટીદાર જ્ઞાતિનો પધ્ધતિસર ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરેલ છે તેમનો તથા તેમની ધર્મપત્ની "પાર્વતીબા" તથા તેમના પરિવારનો સહૃદય આભાર માનું છું.

શોધ નિબંધ શીર્ષક તથા આલેખનમાં ઐતિહાસિક સંશોધન પધ્ધતિ અનુરૂપ કાર્ય કરવા તથા વિવિધ સંદર્ભે સમયાન્તરે સતત માર્ગદર્શન કરવા બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રો. ડૉ. અનસુયાબેન ચોથાણી કે જેઓ મારા મહા શોધનિબંધના માર્ગદર્શક છે તેમનો હું અત્રે સહૃદય આભાર માનું છું. ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઈતિહાસ વિભાગના અધ્યક્ષિકા પ્રો. ડૉ. પ્રફુલ્લાબેન રાવલનો પણ અત્રે આભાર માનું છું. ગુજરાત યુનિવર્સિટીના (અમદાવાદ) અનુસ્નાતક ઈતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. અરુણભાઈ વાઘેલા કે જેમની સાથે ગુજરાત વિદ્યાપીઠમાં અવાર-નવાર મળવાનું રહેતું જેમનો પણ અત્રે આભાર પ્રગટ કરું છું. આણંદ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ જે. કે. પંચાલ સાહેબનો અત્રે આભાર માનું છું.

ગુજરાત રાજ્ય અભિલેખાગાર (Gujarat Satate Archives) વડોદરાના ભૂતપૂર્વ ના. અધિક્ષક સી. કે. સોલંકી જેમને પાટીદાર જ્ઞાતિ-સમાજ સંદર્ભ બ્રિટિશ તથા ગાયકવાડ સરકારના ઠરાવો-જાહેરનામા વગેરેનો અભ્યાસ કરવા માટે સંમતિ આપી તે સંદર્ભે તેમનો આભાર માનું છું.

પાશ્ચર્ય વિદ્યામંદિર (Oriental institute) વડોદરાના ભૂતપૂર્વ નિયામક સ્વ. ડૉ. વાડેકર સાહેબ, ગ્રંથપાલ શ્રી કાશીકરભાઈ તથા જયંતભાઈ કે જેમને પાટીદાર જ્ઞાતિને લગતાં વિવિધ શોધપત્રો સંદર્ભે સમજ સ્પષ્ટ કરતા તેમનો આભાર માનું છું.

ગુજરાત વિદ્યાપીઠના પુસ્તકાલયના નિયામક શ્રી ભારતીબેન તથા કોપીરાઈટ (Copiright) વિભાગના સેવકગણ જેમને પાટીદાર જ્ઞાતિના પ્રથમ કક્ષાના દસ્તાવેજોનો અભ્યાસ કરવા સંદર્ભે પરવાનગી તથા સહયોગ આપ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું.

સંશોધન કાર્યમાં સતત માનસિક-અભ્યાસક્રિય સહાય કરનાર પરમ મિત્ર હસમુખભાઈ સોલંકી, અમિતભાઈ રાઠોડ, રમેશભાઈ ચૌહાણ, અંકિતભાઈ પટેલ, બિન્દેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ બારોટ, લક્ષ્યાંકભાઈ સોલંકી, નીતિનભાઈ ચૌધરી, ધર્મેન્દ્રસિંહ રહેવર, વિજયભાઈ ઘોઘરા વગેરેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સંશોધન કાર્યના પ્રેરણાસ્ત્રોત મારા માતાશ્રી મંજુલાબેન તથા સતત સાથ-સહકાર બદલ મારા ધર્મપત્ની સેજલબેન તથા સંશોધન કાર્ય વખતે બાળસહજ (Boyish) વૃત્તિને કારણે મારા શીતળ ક્રોધનો ભોગ બનનાર મારા પુત્ર ધ્વનિતનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

પ્રસ્તુત મહાશોધ નિબંધમાં કડવા પાટીદાર જ્ઞાતિના સામાયિકો, માસિકોમાં ઉલ્લેખિત તળપદા શબ્દોનો તે જ સ્વરૂપમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમકે પરણવું (લગ્ન કરવું), મઝીઆરું (સંયુક્ત), ફારગતિ (છૂટા છેડા), રળવાનું (વ્યવસાય કરવો), ન્યાતવરા (જમણવાર) વગેરે વગેરે.

શોધ નિબંધના લખાણને મુદ્રકણ માટે તથા લખાણમાં ક્ષતિપૂર્તિ દૂર કરવા બદલ ડૉ. હરીશભાઈ પારેખ તથા મેહુલ સોલંકીનો સહૃદય આભાર માનું છું. અંતે સંશોધન કાર્યમાં મદદ કરનાર પ્રત્યક્ષ કે પરોક્ષ સર્વ મહાનુભાવોનો આભાર માનું છું.

અસ્તુ.

તારીખ : **લિ.**

સ્થળ : રાજકોટ. **વિજયકુમાર ચંદુલાલ પટેલ**

અ નુ ક્ર મ ણિ કા

પ્રકરણ - ૧ ગુજરાતમાં સામાજિક સુધારાની પાર્શ્વભૂમિકા

૧.૧ પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી સમાજ પરિવર્તનનો સંક્ષિપ્ત ઈતિહાસ

૧.૨ આધુનિક સમયના ગુજરાતના સામાજિક પરિવર્તનના વાહકો

૧.૩ પાટીદાર, કૂર્મી, કણબી, શબ્દનો પરિચય

૧.૪ કડવા પાટીદાર જ્ઞાતિના રીત-રિવાજો

૧.૫ કડવા પાટીદાર જ્ઞાતિના પ્રારંભિક સુધારકો

૧.૫.૧ સમાજ સુધારણા સંદર્ભે જોરાવરસિંહજી નું પ્રદાન

૧.૫.૨ સમાજ સુધારણા સંદર્ભે બેચરદાસ લશ્કરી નું પ્રદાન

૧.૫.૩ સમાજ સુધારણા સંદર્ભે દરબાર ગોપાળદાસ નું પ્રદાન

પ્રાચીન સમયથી વર્તમાન સમય સુધી ભારતની પ્રજાની એક આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ હતી અને છે. જે સંદર્ભે રામધારી સિંહ '**दिनकर**' કહ્યું કે "**आज से तीन हजार वर्ष पूर्व भारतीय संस्कृति का जो सपना, आज भी, मूलतः वह वैसा ही है। मिस्त्र, बेबिलोन और पूनान में भी भारतीय सभ्यताएँ उठी थी; किन्तु कालने उन्हे ध्वस्त कर दिय। केवल भारती ही एक ऐसा देश है, जिसका अतीत कभी मरा नही। वह बराबर वर्तमान के रथ पर चढकर भविष्य की और चलता रहा है। भारत का अतीत कल भी जिवित था, आज भी जिवित है और कदाचित् आगे भी जिवित रहेगा**"[१] કોઈ પણ પ્રદેશ કે રાષ્ટ્રના ઘડતરમાં તે પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ, આબોહવા તેના સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક જીવનના નિર્માણમાં નિર્ણાયક પરિબળ હોય છે.[૨]

વિશ્વની વિવિધ સભ્યતા અને સંસ્કૃતિઓનો વિકાસ સાનૂકુળ ભૌગોલિક વાતાવરણમાં થયો હતો. પ્રજ્ઞામનુષ્ય (Homosapienssapiens) ના આવિભાવ પછી સમયાન્તરે જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારતા મનુષ્ય સમાન્યતર: અનાજ ઉત્પાદક બન્યો હતો. જે સમગ્ર વૈશ્વિક સમાજના સંદર્ભે, આમુલ, યુગાન્તરકાલીન ઘટના હતી. ત્યારબાદ સામાન્યત: પશુપાલન અને કૃષિની શરૂઆત થઈ હતી.[૩] હિન્દુસ્તાન અને તેની વિભાવનાના પર્યાયવાચક તરીકે 'કૃષિ' ને કેન્દ્રમાં ગણીએ તો, અતિશ્યોક્તિ ગણી શકાય નહી. ઈતિહાસના વિસ્તૃત સમય પટ પર જે વર્ગ, અધિતંત્રનો આધાર સ્તંભ રહેલો હતો, જે સમાજના પાલન, પોષણ માટે કાર્યરત હતો તેવો વર્ગ; બ્રિટિશ સંસ્થાનિક યુગદરમ્યાન લાચાર (Powerless) અને અસહાય (Adrift) બન્યો હતો તે સ્થિતિના નિર્માણ માટે ઘણા પરિબળો જવાબદાર હતા. યુરોપ કેન્દ્રિત ઈતિહાસ લેખન પરંપરાના કેન્દ્ર સ્થાને શહેરી મથકોમાં રહેતો લઘુત્તમ વર્ગ હતો; જ્યારે તેની પ્રતિક્રિયા સ્વરૂપે રચાયેલ રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખનમાં આ વર્ગનો ઉલ્લેખ હતો; પરંતુ તેનો સંબંધ રાષ્ટ્રવાદ અને સ્વતંત્ર આંદોલન સંદર્ભનો હતો.[૪] આમ ઈતિહાસ ઈતિહાસની ઘટનાઓમાં જે સક્રિયવર્ગ છે તેનો ઉલ્લેખ નિષ્ક્રિય વર્ગ તરીકે થઈ રહ્યો હતો. આ સંદર્ભમાં 'ડેવીડ લુડન' પોતાના ગ્રંથ 'પેઝન્ટ હિસ્ટરી ઈન સાઉથ ઈન્ડિયા'માં નોંધે છે તેમ

---

૧. **राामधारीसिंह दिनकर, संस्कृति के चार अघ्याय, लोकभारती प्रकाशन, इलाहाबाद, पुनमुद्रण : २०१२, पृ ९१**

૨. શાસ્ત્રી. હરીપ્રસાદ, પ્રાચીન ભારત ભાગ-૧ પૃ.૯

૩. **मिश्र. वाताम्यज,प्राचीन भारत का नवीनत्तम मूल्यांकन, टाटा मेग्रोहिल्स, नई दिल्ही, पृ १३**

૪. પંડ્યા. રોહિત, સાંસ્થાનિક ભારતનાં કિસાન આંદોલનો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ પૃ.૧૪

"આધુનિકયુગના ચાલકબળ તરીકે શહેરોને જોવાની ટેવવાળા બુધ્ધિજીવીઓએ ગ્રામીણ સમાજ અને ખેડૂતોની ભૂમિકાની અવગણના કરી છે." ગ્રામીણ સમાજ સ્વભાવગત રીતે અપરિવર્તનશીલ છે, અને માત્ર અને માત્ર શહેરી પ્રભાવ હેઠળ જ પરિવર્તન પામે છે; તેવા ખ્યાલ હજુ પણ બૌધ્ધિકોના માનસ પર છવાયેલો છે.[૫]

આ સંદર્ભે સાઠીના દાયકામાં અમેરિકન સમાજશાસ્ત્રી બેરિંગ્ટન મૂર (જુનિયર) એ પોતાનાં પ્રખ્યાત ગ્રંથ 'સોશિયલ ઑરિજન ઑફ ડિક્ટેટરશીપ એન્ડ ડેમોક્રસી' પ્રસિધ્ધ કર્યો, જેમાં ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, યુ.એસ.એ, જર્મની, રશિયા, ચીન અને ભારતના સમાજોનો પ્રતીક કિસ્સાઓ તરીકે અભ્યાસ કરી તે એ તારણ પર આવ્યા કે ભારત સિવાયનાં અન્ય રાષ્ટ્રોમાં લોકશાહી (ઈંગ્લેન્ડ, ફ્રાન્સ તથા યુ.એસ.એ) સરમુખત્યારશાહી (જર્મની, જાપાન) કે સામ્યવાદી (રશિયા તથા ચીન), તંત્ર-વ્યવસ્થા દ્વારા આધુનિકીકરણની પ્રક્રિયા પૂર્ણ થઈ; જ્યારે ભારત તેની વિશિષ્ટ સામાજિકસ્થિતિને કારણે આધુનિકીકરણમાં પાછળ રહ્યું.[૬] આ ગ્રંથમાં પ્રથમ વખત ભારતના ગ્રામીણ સમાજ અને કિસાન વર્ગની ઐતિહાસિક ભૂમિકાના વિશ્લેષણ તથા તે સંબંધી સૈધ્ધાંતિક ચર્ચા માટેનાં વ્યવસ્થિત પ્રયાસો થયો હતો. અન્ય દેશોના ખેડૂતોની સરખામણીમાં ભારતના ખેડૂતોની ઐતિહાસિક ભૂમિકા બિન-અસરકારક હોવાનું મંતવ્ય તેણે પ્રસ્થાપિત કર્યું આ માટે ભારતીય કિસાનની ભીરુ તથા ઉદાસીન પ્રકૃતિ ઉપરાંત હિંદની જ્ઞાતિ-વ્યવસ્થા, સામાજિક માળખું તથા ધાર્મિક, નૈતિક પરંપરા જવાબદાર હોવાનું દર્શાવ્યું. આ પરિબળોએ ભારતીય સમાજનો વર્ણવિગ્રહની સ્થિતિને અનુરૂપ સંજોગો ઊભા થવા દીધા નહી. પરિણામે હિંદના કિસાન વર્ગમાં ક્રાન્તિના તત્વનો સદાય અભાવ રહ્યો હતો.

ભારતમાં વિષુવવૃત રેખાથી (Equator) માંડીને ધ્રુવ પ્રદેશ (Pole) સુધીનું વૈવિધ્ય ધરાવતું હવામાન, ફળદ્રુપ મેદાનો, રણપ્રદેશો અને લાંબો દરિયા કિનારો વગેરે ભૌગોલિક વૈવિધ્યને કારણે લોકોના પહેરવેશ, ભાષા, બોલી, રીત-રિવાજો, શાસનનો વિસ્તાર, અર્થતંત્ર, માન્યતાઓ, ઈત્યાદિમાં વૈવિધ્ય જોવા મળે છે. ઉપખંડ (Subcontinetal) જેવું ભૌગોલિક સ્વરૂપ ધરાવતા આ દેશમાં પરિ-આવરણની અસર વિવિધ પ્રદેશોના રાજકીય તેમજ સાંસ્કૃતિક અંગોના સર્જનમાં જોઈ શકાય છે.[૭] તદઉપરાંત જાતિતત્વોની વિવિધતાએ પણ ઈતિહાસ ઘડતરમાં નિર્ણાયક ભૂમિકા હતી; તેથી જ 'V.A.Smeith' ભારતની પ્રજાના જાતિ તત્વોની વિવિધતાને 'જાતિ તત્વોના' સંગ્રહસ્થાન (Ethnological museum) કહ્યું છે.

૫. Lowenthal. David, 'Peasant History In South India, 2014, P. 2

૬. MOORE. BARRINGTON (JR), The Social origin of Dictatorship and Democracy, Boston Beacon press, 1966, PP:13 To 14

૭. દવે. મંજુલાબેન, ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ: ૧૯૭૯, પૃ .૮

તે જ અનુસંધાનમાં રાધાકુમુદ મુકરજી લખે છે... ભારત સંપ્રદાયો, રિવાજો, ધર્મો, સંસ્કૃતિઓ ભાષાઓ, ધાર્મિક શ્રધ્ધાઓ, વિવિધ જાતિતત્વો અને સામાજિક વ્યવસ્થાઓનું એક સંગ્રહસ્થાન છે.૮

વર્તમાન સમયમાં ગુજરાત એટલે ૨૦°- ૦૧° ઉત્તર અક્ષાંશવૃતથી (Longitude) ૨૪°- ૦૭° અક્ષાંશવૃત. અને ૬૮°-૦૪° પૂર્વ રેખાંશવૃતથી (Lantitude) ૭૪°-૦૪° પૂર્વ રેખાંશવૃત વચ્ચેનો ભૂ-ભાગ. વર્તમાન સમયમાં ગુજરાત માટે પ્રયોજાતો શબ્દ; તેમાં તળ-ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં 'દ્વીપકલ્પ (Continent) નો સમાવેશ થાય છે.૯ પ્રદેશ પ્રાચીન કાળનો 'ગુજરાત' તરીકે પ્રયોજાતો ન હતો. ઉપરાંત એક રાજકીય ઘટક તરીકે પણ તેનું અસ્તિત્વ ન હતું. જો કે સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ તરીકે જ નામાભિધાન થતું હતું. પ્રારંભિક ઐતિહાસિક સમયમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રદેશોને 'આનર્ત' તરીકે ઓળખવામાં આવતા.; જ્ઞત્રયકાળમાં આ નામનનો પ્રયોગ માત્ર ઉત્તર ગુજરાત પૂરતો સિમિત હતો.૧૦ ક્ષત્રયોના સમયમાં કચ્છ, સુરાષ્ટ્ર અને આનર્ત ઉપરાંત સાબરકાંઠાનો પ્રદેશ પણ અલગ ગણાતો; સ્ટ્રોબો સૌરાષ્ટ્રને 'સેરોસ્ટસ' કહેતો. ટૉલેમી તેને 'સુરાષ્ટ્રીન' કહેતો, ચીની મુસાફ્ર હ્યુઅન-શાંગ 'સુલ-કા' અર્થાત સોરઠનો ઉલ્લેખ કરે હતો. ટૉલેમીના ગ્રંથમાં પહેલી જ વાર 'લાટિકા' એટલે લાટનો ઉલ્લેભ કરેલ હતો. નવમી અને દસમી સદી દરમિયાન દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાત માટે 'લાટ' શબ્દ પ્રયોજાયો હતો૧૧

દસમી સદીમાં ઉત્તર ગુજરાતમાં સોલંકીઓની સત્તા સ્થપાઈ ત્યારે રાજસ્થાનના ભિલ્લમાલ પ્રદેશ માટે પ્રયોજાયેલું 'ગુર્જર' નામ ગુજરાતના નવા રાજ્ય પ્રદેશને લાગુ પડ્યું હતું. સમાયાન્તરે લાટ નામ દક્ષિણ ગુજરાત પૂરતું મર્યાદિત રહ્યું હતું. (મહીથી તાપી નદી વચ્ચેનો પ્રદેશ) ૧૨

વર્તમાન ગુજરાત માટે 'ગુજરાત' નામનો શબ્દ પ્રયોગ દસમી સદીમાં સોલંકી કાળમાં શરૂ થયો હતો. ઈ.સ. ૧૪૫૬માં રચાયેલ પદ્મનાભ કૃત 'કાન્હડદે પ્રબંધ' માં ગુજરાતના છેલ્લા રાજપૂત રાજવી કરણ વાઘેલા સામે પ્રતિશોધ લેવા માટે માધવ પ્રતિજ્ઞા લે છે અને કહે છે કે... "ગુજરાતનું ભોજન કરું ભુ તુરકાણું આણૂં અર્ હૂં" અર્થાત, ગુજરાતનું અન્ન ત્યારે જમું કે જ્યારે અહીં તૂર્કો (મુસલમાનો)નું ધાડું આણું" માં પણ ગુજરાત પ્રદેશનો વિશ્વસનીય ઉલ્લેખ મળે છે.૧૩

૮. Hukerjee. R, Fundamental Unity of India. P. 11
૯. દવે. મંજુલાબેન, ઉપયુકર્ત, પૃ.૩
૧૦. શાસ્ત્રી. હરીપ્રસાદ, ક્ષત્રયકાલીન ગુજરાત. પૃ.૮
૧૧. દવે. મંજુલાબેન, ઉપયુકર્ત, પૃ. ૨
૧૨. પટેલ. ભાઈકાકા, ગુજરાતના પાટીદારો, ભાઈકાકા ફાઉન્ડેશન, વલ્લભ વિદ્યાનગર ૧૯૭૧ પૃ. ૨૧
૧૩. જાડેજા, દિલાવર, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન, ચરોતર બુક સ્ટોલ, આણંદ, ૧૯૬૪, પૃ.૩૭, ૩૮

સોલંકી રાજ્યની સત્તા જેમ-જેમ દક્ષિણમાં પ્રસરતી ગઈ તેમ-તેમ 'ગુર્જર' નામનો પ્રયોગ વિસ્તરતો ગયો. ને છેવટે એ નામ સમસ્ત તળ ગુજરાત માટે પ્રચલિત થયું. સમય જતા 'ગુર્જર દેશ' કે 'ગુર્જર ભૂમિ' ને બદલે 'ગુજરાત' શબ્દ પ્રયોગ પ્રચલિત બન્યો હતો.

મુસ્લિમ શાસન દરમિયાન આ સમગ્ર પ્રદેશ માટે 'ગુજરાત' નામ પ્રયોજાતું; એમાં સૌરાષ્ટ્ર અને કચ્છનો પણ સમાવેશ થતો હતો. આ નામ મોઘલ અને મરાઠાકાળ સુધી પ્રચલિત રહ્યા, પરંતુ બ્રિટિશ સરકાર સમયાન્તરે એના અમુક ભાગ મેળવીને અને મુંબઈ ઈલાકાના જિલ્લા રૂપે મિશ્રિત કરીને સ્થાનિક રાજ્યોમાં જુદા-જુદા જૂથો માટે એજન્સીઓની રચના કરવામાં આવી હતી. જેથી ગુજરાત રાજકીય દ્રષ્ટિએ વિભાજિત થયું, તેમ છતાંય ભાષાકીય તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ તેનું અસ્તિત્વ બની રહ્યું હતું.[૧૪]

૧.૧ પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી સમાજ પરિવર્તનનો સંક્ષિપ્ત ઈતિહાસ

સમાજમાં રહેલ વ્યક્તિ કે વ્યક્તિઓના સમુહની ક્રિયા-પ્રતિક્રિયા કાર્યકારણના સંદર્ભમાં રચાતી હોય છે. સામાન્યત: એવું માનવામાં આવે છે કે, ભારત અને ગુજરાતમાં સમાજ પરિવર્તન માત્ર બ્રિટિશયુગ દરમિયાન કે અંગ્રેજોની મહેરબાનીથી શરૂ થયું હતું; તે એક આંશિક સત્ય છે, વાસ્તવિક રીતે સમાજ પરિવર્તનના સ્વરૂપમાં વેગ અવશ્ય થયો હતો. પરંતુ માત્ર બ્રિટિશ નીતિનું જ પરિણામ છે તે કહેવું અતિશ્યોક્તિ ભરેલ છે. ખરેખર તો મહાજનપદ કાલીન સમાજમાં અંધશ્રધ્ધા અને વર્ગવ્યવસ્થા, સામાજિક વિષમતા, વેદવાદ, જટિલભાષા, પક્ષનું પ્રાધાન્ય વગેરે સામે સમાજે પ્રતિક્રિયા કરી હતી. તે સંદર્ભે જૈન ધર્મ અને બૌધ્ધ ધર્મ તથા અનેક સંપ્રદાયોની સ્થાપના થઈ, જેમકે કાશ્યપ મુકખલિ પુત્ત ગોશાલ, અજિત કેશકમ્બલિત સંજય વેલદિકપુત્ત, પકુધ કચ્ચાપન તથા નિગણ્ડનાથ પુત્ત વિશેષ ઉલ્લેખનીય હતા.[૧૫] જેની પૃષ્ટભૂમિમાં ઉપનિષદશાસ્ત્ર અને તે પૂર્વે ઋગ્વેદના 'નાસદીપ' સૂકતમાં હતા.[૧૬] આમ વિદ્રોહ કે યુગ સુધારણા એ કોઈ એવી ઘટના નથી જે અચાનક થાય પરંતુ તે માટે લાંબા ગાળાની એક વૈચારિક પૃષ્ટભૂમિ રચાતી હોય છે. વૈદિક ધર્મ પૂર્ણ ન હતો તેનું પ્રમાણ ઉપનિષદોમાં રજૂ થયું હતું; તેથી પ્રજા કોઈ વ્યવહારિક ધર્મની માનસિકતામાં હતી. જેનું પરિણામ બૌધ્ધ, જૈન ધર્મ હતું. પરંતુ તે કોઈ નવો ધર્મ ન હતો હિન્દુત્વનું સંશોધિત સ્વરૂપ હતું.[૧૭]

૧૪. દવે, મંજુલાબેન, ઉપર્યુક્ત, પૃ.૩

૧૫. **मिश्र. वातम्यज, प्राचीन भारत का नवीनत्तम मूल्यांकन, टाटा मेग्रोहिल्स, नई दिल्ही, २००८ पृ ९९**

૧૬. **रामधारीसिंह दिनकर, संस्कृति के चार अध्याय, लोकभारती प्रकाशन, इलाहाबाद, पुनमुद्रणः पृ २६१**

૧૭. એજન પૃ.૧૨૨

અને તે જ નવા સંશોધિત સ્વરૂપ સામે શુંગ કાલીન સમાજમાં પ્રતિ-ક્રાન્તિના રૂપમાં વૈદિક ધર્મનો પુન:ઉત્થાન થયો હતો. જે ભાગવત સંપ્રદાય અને પાશુપત સંપ્રદાયના સ્વરૂપે વિકાસ થયો હતો; જેનું મુખ્ય કેન્દ્ર અનુક્રમે મથુરાપ્રદેશ, દક્ષિણ ભારતમાં મથુરા નામને મળતું નામ 'મદુર' હતું. પાશુપત સંપ્રદાયનું કેન્દ્ર ગુજરાતમાં 'કાયાવરોહણ' હતું.[૧૮]

મધ્યકાલીન ભારતની તેમાંય પૂર્વ મધ્યકાલીનની રાજકીય, ધાર્મિક અને વિશેષ કરીને સામાજિક પરિસ્થિતિનું સમાધાન, ભક્તિ આંદોલન અને સૂફી ચળવળમાં હતું. તત્કાલીન રાજકીય પરિસ્થિતિમાં પૃથ્વીરાજ ચૌહાણ (ઈ.સ. ૧૧૭૪ થી ૧૧૯૨)ના પરાજયના પરિણામે હિંદુસામ્રાજ્ય અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું હતું. ભારતમાં સલ્તનકાળની સત્તા સ્થપાઈ અને સમાજ પર ઈસ્લામ ધર્મનો પ્રતિકૂળ પ્રભાવ વર્તાવા માંડ્યો હતો. તદઉપરાંત ધર્મ ઝનૂની સંકૂચિત મુસ્લિમ શાસકોએ હિંદુ મંદિરો, મૂર્તિઓ અને તીર્થસ્થાનોનો નાશ કાર્યો હતો. વિશેષમાં મુસ્લિમ શાસકો દ્વારા હિંદુઓનો ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરવવા જજિયા વેરોમાંથી મુક્તિ આપી અને સરકારી નોકરીમાં ઉચ્ચ હોદ્દા આપવાની નીતિ અખત્યાર કરી હતી.[૧૯] આમ પરસ્પર વિરોધી પરિસ્થિતિના કારણે હિંદુ પ્રજાના ધર્મ માનસ પર ભારે આઘાત પહોંચાડ્યો હતો. ઉપરાંત હિંદુસમાજમાં જ્ઞાતિ પ્રથા અને તેની જટિલતામાં ઉત્તરોતર વધારો થતો જતો હતો. સમાજનાં નીચા વર્ગના લોકો પ્રત્યે બ્રાહ્મણો દુવ્યવહાર કરતાં; જેનો ઉલ્લેખ "તહકીક-એ-હિંદ'માં અલ્બરુની નોંધે છે કે "શુદ્રો બ્રાહ્મણોના સેવક હતા; વૈશ્યો અને શુદ્રો પવિત્ર જ્ઞાનથી વંચિત હતા. જો તેઓ વેદો અને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરે તો તેમની જીભ કાપી નાખવામાં આવતી.[૨૦] તે જ રીતે કાત્પા શ્રોતમાં ઉલ્લેખ છે કે **"शुद्र चलता-फिरता श्मशान है। उसके इतने समीप अध्यपन न करे कि उसे सुनाई दे पदिवह जान-बुझकर श्रति सुने तो लोहे का सीसा लगाकर उसके कानमें डालना चाहिए।"**[૨૧]

આમ બ્રાહ્મણો સ્થાનિક લોકોનું મહદઅંશે શોષણ કરતા હતા. ઉપરાંત 'પ્રચ્છન બૌધ્ધ' એવા શંકરાચાર્ય કે જેઓ એ અદ્વૈતવાદ દર્શન પ્રતિપાદિત કરેલ હતું; જે સામાન્યજન સમુદાયની સમજ બહારનું હતું. જેની પ્રતિક્રિયા સ્વરૂપે નિમ્બાર્ક, મદવ, રામાનુજ, વલ્લભાચાર્ય વગેરે વિચારકોએ પોતાના વિચારો રજૂ કર્યા અને ભક્તિનો સરળ અને સહજ માર્ગ તેમણે પ્રચારિત કર્યો હતો.[૨૨]

---

૧૮. શાસ્ત્રી. હરીપ્રસાદ, ગુજરાતનો ઈતિહાસ. (પ્રાચીનકાલ) યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ, ૨૦૧, પૃ.૧૭૩

૧૯. પરીખ. પ્રવિણ, ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ, ભાગ-૨, પૃ.૧૮

૨૦. પટેલ. જશુભાઈ, મધ્યકાલીન ભારતનો ઈતિહાસ. પૃ.૨૩૮

૨૧. **रामधारी. सिंह .उपर्युक्त, पृ १३९**

૨૨. એજન , પૃ.૨૬૧

વસ્તુતઃ જ્ઞાનવિના હૃદયહીનતાની વૃધ્ધિ થાય છે. ભારતીય સમાજ એ ત્રણેય લક્ષણોથી પ્રભાવિત હતો. ભારતમાં ભક્તિ આંદોલનના વિકાસમાં સૂફી સંતોની પ્રવૃત્તિ નિર્ણાયક હતી. જેથી સુફી સંતોને હિંદુપ્રજા માન, આદર, દ્રષ્ટિથી જોતા અને અનેક મુસલમાનો પણ હિંદુ સંત પુરુષોને પવિત્ર ભાવે માનતા હતા.[૨૩]

ઈસ્લામમાં સૂફી મતનો વિકાસ કોઈ ધર્મમાં થઈ રહેલ રહસ્યવાદી આંદોલન (Mystic Movement) ની સફળતા તથા લોકપ્રિયતાનો મહત્વપૂર્ણ અને રસપ્રદ ઈતિહાસ હતો. સૂફી સંતોને બ્રહ્મજ્ઞાની તથ્યા અધ્યાત્મવાદી માનવામાં આવતાં હતા. સૂફી શબ્દના અર્થ સંબંધે ઘણા વિદ્વાનોમાં મતમતાંતર પ્રવર્તે છે. નવમી સદીમાં સૂફી લોકો અરબમાં રહેતા અને ઉનનું કાપડ; પહેરે તેને સૂફી કહેવામાં આવતા હતા. અમુક વિદ્વાન 'સૂફ' શબ્દનો અર્થ પ્રવિત્રતા સાથે કરે છે. ભલે અર્થ ગમે તે હોય 'સૂફી સંતો' કોઈપણ ધર્મ કે વ્યક્તિમાં ભેદભાવ રાખતા ન હતા. જેમાં ચિશ્તી સિલસિલા મુખ્ય હતો; જેના સંસ્થાપક 'ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી' હતા. તે કહેતા કે ખુદા એક છે; જુદા જુદા સંપ્રદાયો એનાં પ્રાપ્તિના સાધનો છે. આ સંપ્રદાયોમાં બાબા ફરીદ, નિઝામુદ્દીન ઔલિયા જેવા સંતોએ આ સંપ્રદાયને ભારત વ્યાપી બનાવ્યો હતો.[૨૪] ભક્તિ અને સૂફી આંદોલને ભારતમાં એકેશ્વરવાદ, સમાનતા, જ્ઞાતિ વ્યવસ્થનો વિચાર વગેરે જેવા વિચારો પ્રદશિત કર્યા હતા. ભક્તિ આંદોલનના ઉદ્ભવ સંદર્ભે 'ભાગવત' માં એક શ્લોક છે જેમાં ભક્તિ કહે છે કે

"उत्पन्ना द्राविड़े चाहं कर्णादि वृध्धिमागता
स्थिता किंचिन्महाराष्ट्रे गुर्जरि जीर्णतां गता।"

અર્થાત્ "હું દ્રવિડ દેશમાં જન્મી કર્ણાટકમાં મારો વિકાસ થયો, મહારાષ્ટ્રમાં હું થોડા દિવસ રોકાઈ અને ગુજરાતમાં જઈને હું વૃધ્ધ થઈ."[૨૫] જો કે રામધારી સિંહ 'દિનકર' તેની પ્રાચીનતા મહાભારતકાલીન સમાજમાં ગણે છે. શંકરાચાર્ય, રામાનુજ, રામાનંદ, વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, કબીર, નાનક વગેરે મહદઅંશે ભારત ભરમાં જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવન ઉધ્ધારનો વિચાર ભારતીય સમાજમાં વહેતો મુક્યો હતો; અને તે જ કારણે ભારતમાં હિંદુ અને મુસ્લિમ પ્રજામાનસ વચ્ચે સુલેહનું વાતાવરણ બન્યું હતું; જેની પ્રતિકૃતિ શેરશાહ અને અકબરની શાસન વ્યવસ્થામાં જોઈ શકાતી હતી.[૨૬] ડૉ. ઈશ્વરી પ્રસાદના શબ્દોમાં

૨૩. નાયક. છોટુભાઈ, મધ્યકાલીન ભારત, પૃ.૩૧૧
૨૪. પરીખ. પ્રવિણ, ભારતીય સંસ્કૃતિ : સ્વરૂપ અને વિકાસ (મધ્યકાળ અને અર્વાચીનકાળ). પ્રકાશક. ગુ. ગ્રંથ. બોર્ડ અમદાવાદ, ૨૦૦૧, પૃ.૧૯
૨૫. **रामधारी. सिंह. उपर्युक्त पृ २७०**
૨૬. **हबीब. इरफान, (सं) हसन. नू, मध्यकालीन भारत भाग-३, राजकमल प्रकाशन, २०१२, पृ ३६**

'it was the voice of kabir and Nanak which Spoke through the Imperial lips of Akber and created a storm in orthodox circles.'

ગુજરાતમાં સોલંકીયુગથી (ઈ.સ. ૯૪૨થી ૧૨૪૪) અરબસ્તાનથી સૂફીઓ ગુજરાતમાં આવીને વસ્યા હતા.૨૭ ગુજરાતમાં ઈસ્લામનો પ્રવેશ ભરૂચ, ખંભાત વગેરે સ્થાનોમાં વસેલા અરબી વેપારીઓમાં, સાતમી સદીના અંતમાં કે આઠમી સદીમાં પ્રારંભમાં થયો હતો; અને એમના સંપર્કથી કેટલાક હિંદુઓએ પણ ઈસ્લામ અંગીકાર કર્યો હતો.

ચૌદમી સદીના આરંભમાં ગુજરાતમાં દિલ્લી સલ્તનતની સત્તા સ્થાઈ થતા; વિશેષ પ્રમાણમાં મુસલમાનો પ્રવેશ થયો હતો. ઉત્તર ભારતમાંથી તેમજ ઈરાન, ઈજિપ્ત, યમન વગેરે દેશોમાંથી ઉલેમાઓ, સૂફીસંતો અને ધર્મોપદેશકો ધર્મ પ્રચારાર્થે ગુજરાતમાં આવ્યા હતા.૨૮ મહમુદ બેગડાના સમયમાં મજહબના પ્રચારાર્થે મોટી સંખ્યામાં આવેલા ઉલેમાઓએ સૌરાષ્ટ્રમાં ઈસ્લામનો વ્યાપક પ્રચાર કર્યો હતો.

સુલ્તાન અહમદશાહ ૧ લાના સમય (ઈ.સ. ૧૪૧૧ થી ૧૪૪૨) માં પાટણના સ્વતંત્ર વિચારસરણી ધરાવતા જાફર નામના ઉપદેશકે ઈસ્લાઈલી શિયા પંથ છોડીને સુન્ની પંથ સ્વીકાર્યો હતો. એના પ્રભાવથી ઘણા શિયા વહોરા પણ સુન્ની બન્યા હતા. જેથી સુન્ની વહોરા કોમનો ઉદ્ભવ થયો હતો. જાફરની વૃત્તિને સુલતાન અહમદશાહનો ટેકો મળતા એમણે મહદઅંશે પોતાના મતનો પ્રચાર કર્યો હતો.૨૯

અહમદશાહ ૧ લાના સમયથી ગુજરાતમાં સૂફી મતના પ્રચારાર્થે સંતો અને ઉપદેશકો આવવા લાગ્યા હતા. શેખ અહમદ ખટ્ટુગંજ બક્ષ (મૃ. ઈ.સ.૧૪૪૫), સૈયદા બુરહાનુદ્દીન, અબૂ મુહમ્મદ બુખારી સુહરવર્દી ઉર્ફે કુત્બે આલમ (મૃ. ઈ.સ.૧૭૫૨), શેખ મહમુદ ઈરજી (મૃ. ઈ.સ.૧૪૫૮), સૈયદ મુહમદ શાહે આલમ (મૃ. ઈ.સ.૧૪૭૫), સૈયદ અહમદ જહાનશાહ (મૃ. ઈ.સ.૧૫૯૪-૯૫), શેખ જમાલુદ્દીન ઉર્ફે જમ્મના અને અલ્લાઉદ્દીન અતા મુહમ્મદ (મૃ. ઈ.સ.૧૫૭૮ થી ૭૯) ગુજરાતમાં આવી વસ્યા હતા. સુલતાનો તરફથી ઈસ્લામના પ્રચારાર્થે તેઓને આર્થિક સહાય મળતી હતી. આ સૂફી સંતોના પવિત્ર જીવન, વિદ્વતા અને ઉપદેશથી પ્રભાવિત થયેલા લોકોમાં ચિશ્તિયા, સોહરવન્દિયા, શત્તારિયા અને મગ્રિબિયા એવા ચાર સૂફી ફિરકાઓનો પ્રચાર થયો હતો.૩૦

૨૭. Misra. S. C, Medieval History. Souveir 66th Seassion of Indian National Congrers bhavanagar part-3 p. 94

૨૮. શાસ્ત્રી. હરીપ્રસાદ. ગ, પ્ર. ચ. પરીખ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, સલ્તનતકાળ. ભો.જે. અમદાવાદ ૧૯૮૪ પૃ.૩૫૫

૨૯. કરીમ. માસ્તર, મહાગુજરાતના મુસલમાનો, ભાગ-૧, પૃ.૧૬૭-૬૮

૩૦. એજન. પૃ.૩૩૩

પંદરમાં સૈકામાં સદરૂદ્દીન નામના પીરે ગુજરાતમાં ઈસ્લાઈલી નીઝરી પંથ ફેલાવ્યો હતો. તેમણે હિંદુધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. એમણે હિંદુઓમાં સહેલાઈથી ભળી શકાય એ માટે સહદેવ અને હરિચંદ્ર (હરખચંદ) જેવાં હિંદુ નામ ધારણ કર્યા. ઈસ્લામની મહત્વની વ્યક્તિઓને હિંદુ દેવો કે અવતારો તરીકે ઓળખાવી તેમજ શક્તિ પંથનાં કેટલાંક ક્રિયાકાંડ અપનાવ્યાં હતા. આથી પ્રભાવિત થયેલા ઘણા શક્તિપૂજક લોહાણાઓએ સૈયદ સકદ્દીનનો પંથ (સતપંથ) અપનાવ્યો હતો.

મહમુદ બેગડાના સમયમાં, સંભવત: ઈ.સ.૧૪૭૦-૭૧ માં ગુજરાતમાં આવેલ ઈમમુદ્દીને (ઈમામશાહે) 'ઈમામશાહી પંથ' ની સ્થાપના કરી, જે 'પીરાણા પંથ' તરીકે પણ ઓળખાય છે. એમણે પોતાના પંથને અસલ હિંદુ પંથ લાગે એવું સ્વરૂપ આપ્યું હતું. એમણે પોતાના પંથમાં આવનાર હિંદુઓને પોતપોતાના રીત-રિવાજ, રહેણીકરણી અને માન્યતાઓ યથાવત્ રાખવાની છૂટ આપી હતી. **ઈમામુદ્દીનના ઉપદેશનો પ્રભાવ વિશેષત: કણબીઓ પર થયો હતો, જેમાં મતિયા કણબીઓનો પણ સમાવેશ થાય છે. ઈમામુદ્દીન પછી એમના પુત્ર 'આદિ વિષ્ણુ, નિરંજન નરલી મુહમ્મદશાહ (નૂર મુહમ્મદશાહ) અને પાંચ શિષ્યો હઝર બેગ, ભાભારામ, માયાકાકા, શનાકાકા અને ચીચીબાઈએ ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારમાં અને મધ્ય ગુજરાતમાં પેટલાદ અને કાનમ સુધી આ પંથનો ખાસ કરીને નીચલી કોમોમાં પ્રચાર કર્યો હતો.** તત્વ: સૂફીસંતો પીર અને ઓલીયાઓએ રૂઢિચુસ્ત અને સનાતની ઈસ્લામમાંથી માનવ સમાનતાના મૂલ્યો ગ્રહણ કર્યા હતા. તો બીજી તરફ તેમણે વેદો અને ઉપનિષદોમાંથી ભક્તિ અને અદ્વૈતવાદના મૂલ્યો તારવ્યા હતા. આ રીતે ગુજરાતમાં સૂફીવાદ દ્વારા પ્રેમ, સહિષ્ણુતા અને કોમી એખલાસ ભાવના ખિલવી હતી.[૩૧]

૧.૨ આધુનિક સમયના ગુજરાતના સામાજિક પરિવર્તનના વાહકો

મધ્યકાલીન અને આધુનિક સમયમાં ગુજરાતના સમાજ પરિવર્તનના વાહકો (Agents of Social change) તરીકે નરસિંહ મહેતા, મીરાંબાઈ, દાદુ દયાળ અને અખા જેવા સંત કવિમાંથી લઈને મહાકવિ પ્રેમાનંદ સુધીના હિંદુ સંત કવિઓ દ્વારા ગુજરાતમાં ઊંચનીચના ભેદભાવ પર રચાયેલી જ્ઞાતિ વ્યવસ્થા સામે ઝુંબેશ શરૂ થઈ હતી. જે ગુજરાતના સમાજ પરિવર્તનના ઈતિહાસમાં સોનેરી પ્રકરણ ગણી શકાય. જેમાં પ્રથમ પંક્તિના કવિ, સુધારક હતા;[૩૨]

૩૧. શાસ્ત્રી. હરીપ્રસાદ. ગ, પરીખ. પ્ર. ચ, ઉપર્યુક્ત, પૃ. ૩૫૭

૩૨. ચૌધરી. જગદિશ, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતમાંસમાજ પરિવર્તનના પ્રવાહો. ૨૭મું અધિવેશન, વલ્લભવિદ્યાનગર, આણંદ, ૨૦૧૩, પૃ.૯

નરસિંહ મહેતા :

સામાન્ય પણે નરસિંહ મહેતાને ગુજરાતી ભાષાના 'આદિકવિ' નું બિરુદ મળ્યું છે. પરંતુ મહત્વ 'આદિ' કરતાં વધુ 'કવિ' પદને લોક સમાજે માન આપ્યું છે. નરસિંહ મહેતા પૂર્વે રચાયેલી કૃતિઓ પ્રજાના લઘુત્તમ વર્ગમાં પ્રચલિત હશે પરંતુ અંતે તો એ ઉપાશ્રયોની જ્ઞાનભંડારોની પોથીઓમાં સચવાઈ; જ્યારે નરસિંહનાં ભક્તિનાં ને જ્ઞાનના પદ લોકજીભે પ્રસરી ગયાં હતા; જે પછાત વર્ગના અભણને મુખે પણ નિત્ય સવારે નરસિંહની પંક્તિઓ ગવાતી હતી.[૩૩] સમગ્ર નરસિંહ મહેતા ઉપર ત્રણ બાબતોની અસર હતી. ભાગવતની, જયદેવની, અજ્ઞાત સંતભક્તોની; જે દ્વારા નરસિંહ મહેતાએ ધર્મની વ્યાખ્યા જ બદલી નાખી. તેઓ માનતા કે સાચો ઈશ્વર મૂર્તિ સ્વરૂપમાં મંદિરમાં નથી વસતો પણ પ્રત્યેક મનુષ્યના મન અને હૃદયમાં વસે છે. તેથી જ જે જમાનામાં હરિજનોને અસ્પૃશ્ય ગણીને તરછોડવામાં આવતા હતા તે જમાનામાં હરિજનોના ઝૂપડવાસમાં જઈને હરિકિર્તન કરનાર નરસિંહ મહેતા જ હતા.

એક તરફ તેમણે :-

ધ્યાન ધર, ધ્યાન ધર નેત્રમાં નાથ છે.
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ.
નીરખેને ગગનમાં કોણ ઘૂમી રહ્યો.

ઉપરોક્ત પદમાં ઈશ્વરના ઐક્ય સંબંધી રચના ઉપરાંત દલિતો પ્રત્યે કરુણા ઉત્પન્ન કરતી પંક્તિઓની પણ રચના કરી હતી. જેમકે

ગિરિ તળેટીને કુંડ દામોદર,
ત્યાં મહેતાજી નહાવા જાય.
ઢેડ વરણમાં દ્રઢ હરિભક્તિ,
તે પ્રેમ ધરીને લાગ્ય પાય.

ઉપર્યુક્ત ભક્તિગાનમાંથી એ સૂર પ્રગટ થાય છે કે જે બાબત નૈતિક દ્રષ્ટિએ ખોટી હોય તે ધાર્મિક દ્રષ્ટિએ પણ સાચી ન હોઈ શકે.

---

૩૩. જોશી. ઉમાશંકર, રાવળ. અનંત, શુક્લ.પ, (સં) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૨ ઈ.સ. ૧૪૫૦-૧૮૫૦ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૭૬, પૃ.૭૫

વીસમા સૈકામાં મહાત્મા ગાંધીએ સમાજ પરિવર્તનની દ્રષ્ટિએ નરસિંહ મહેતાનું મહત્વ સમજીને તેમને જીવંત બનાવ્યા હતા. નરસિંહ મહેતાની રચના "વૈષ્ણવજન તો તેને કહીએ" ને ભારત ભરમાં પ્રસારીત કરી હતી અને તેની સાથે-સાથે હરિજન કલ્યાણની પ્રવૃત્તિને રાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું. આમ પંદરમાં સૈકાના નરસિંહ મહેતાથી ગાંધીજી સુધી ગુજરાતમાં સમાજ પરિવર્તનની પ્રક્રિયાની પૃષ્ટભૂમિ તૈયાર કરી હતી.[૩૪]

અખો ભગત :-

નરસિંહ મહેતા, ગુજરાતના સુલતાન અને અમદાવાદના સ્થાપક અહમદશાહના સમયમાં (ઈ.સ.૧૪૧૧-૧૪૪૨) થઈ ગયા; તો અખા ભગત જહાંગીર અને શારજહાં સમયમાં (ઈ.સ.૧૬૦૦-૧૬૫૫) થઈ ગયા હતા.[૩૫] બંને ભક્તોની જ્ઞાતિઓ ભિન્ન હતી. નરસિંહ નાગર હતા તો અખો સોની; વળી બન્ને વચ્ચે સમયની દ્રષ્ટિએ વિશેષ તફાવત હતો. આમ છતાં બંને ભક્તો પ્રવર્તમાન સમાજ વ્યવસ્થા સામે ઝૂંબેશ શરૂ કરી હતી. અખો સમાજ સુધારકની સભાનતા સાથે સાહિત્ય સર્જન કરતો નથી છતાં તેના હાથે અનાયાસે ઘણી મોટી સમાજ સેવા થઈ હતી. હાસ્ય, કટાક્ષ, વ્યંગની કવિતા દ્વારા તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન અંધશ્રધ્ધા, અજ્ઞાન, આળસ, દંભ, પાખંડ, મિથ્યાભિમાન વગેરે પર પ્રહારો કરી એ દૂષણોને નિર્ભીક પણે ખુલ્લા પાડ્યાં હતા. જે તેના છપ્પામાં જોઈ શકાય છે.

જેમકે :-

સૂતર આવે ત્યમ તૂં રહે, (પણ) જયમત્વમ કરીને હરિને લહે.
વેષ-ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી.
અખા કૃત્યનો ચઢે કષાય, રખે તું કાંઈ કરવા જાય.

અર્થાત :

તને સૂતરું પડે એ રીતે તું જગતમાં ભલે રહે પણ તું હરિને ઓળખી લેવાનો આગ્રહ રાખ. વેષ પહેરવાનો કે ટીલાં-ટપકાં આદિનો મહિમા કરવો એ તો ખોટે રસ્તે જવા જેવું છે. અંધારી સાંકડી ગલીમાં પેઠેલો માણસ ભ્રમમાં પડી અટવાઈ જતાં બહાર નીકળી શકતો નથી; એ કારણે રખે ને તું કાંઈ કરવા જતો.

૩૪. પરીખ. પ્રવિણ, ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ ઈતિહાસ. યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ, ૨૦૦૧, પૃ.૮૯
૩૫. જોશી. ઉમાશંકર, ઉપર્યુક્ત, પૃ.૩૭૮

આપ વિચારે મળશે રામ, તહા રામઢયે
લે કહેનું નામ ?
બોલે ચાલે જેહ વડે સૂણે, તે હેને ત્યાંહાં
લેખે નવ ગણે
કયમ આટલા દ્વાર મળશે તું ને ? કંઠેહાર
પાછળ પડ્યો કને.

અર્થાત :-

હું સાચે સાચ કોણ છું એનો વિચાર કરતાં "રામ મળશે." સમજ્યા વગર કોનું નામ લેવું ? જેના વડે આ દેહ બોલે છે, ચાલે છે, સાંભળે છે. તે આત્માની તને કાંઈ ગણતરી જ નથી. એવી અજ્ઞાન દશામાં તને હરિ કેવી રીતે મળે ? એ તો ગળામાંનો હાર પીઠ પર સરી ગયો હોય અને તેને ખોવાઈ ગયેલો માની શોધ્યા કરીએ, અને તે પોતાની પાસે છે છતાં જડે નહિ, તેના જેવી વાત છે.

અખા અનુભવજન્ય જ્ઞાનમાં માનતો હતો એ મૂર્તિ તથા દેવના અવતારમાં માનતો ન હતો. અખો બધા જ ધર્મપંથોનો જાણનાર સમન્તયવાદી ભક્ત કવિ હતો. તેણે જ્યારે જોયું કે પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયમાં આડંબરો અને વ્યભિચારો વધી ગયા છે, ત્યારે તેણે છપ્પાના માધ્યમ દ્વારા ધર્મ સમે કટાક્ષ કરવામાં પાછે પાની કરી ન હતી. અખા કરતાં પણ બે ડગલાં આગળ ધપનારો તેનો સમકાલીન ભરુચના સંત કવિ દામોદર સ્વામી હતા તેમણે શાહજહાંના સમયમાં ઈ.સ.૧૬૪૨માં 'પાખંડ ધર્મખંડન નાટક' નામની કૃતિ રચીને વૈષ્ણવ મહારાજાની ટીકા કરી હતી.[૩૬]

અમદાવાદના દાદુ દયાળ (ઈ.સ.૧૫૪૪-૧૬૦૩) નામના સંતે તો કબીરના જીવનમાંથી પ્રેરણા લઈને ધાર્મિક કટ્ટરતાની હાસી ઉડાવી હતી. દાદુ દયાળે સમાજ સુધારા માટે જે અસરકારક વાણીમાં કાવ્યો અને ભજનો રચ્યા હતા તેના કેટલાક નમૂનાઓ નીચે પ્રમાણે છે.

૩૬. ચૌધરી. જગદિશ, ઉપર્યુક્ત. પૃ.૧૫

"અમને વાણી અગમ કો, લે લઈ સંગ લગાય,
અગર ગહૈ અકર કહૈ, અભેદ ભેદ લહાય
જો કુછ વેદ કુરાન થૈ, અગમ અગોચર બાત
સો અનમૈ સાચા કહે, યો દાદૂ કહત કહાત."

એ કે અલ્લાહ રામ હૈ, સમરથી સાંઈ સાંઈ,
મૈદે કે પકવાન સબ, ખાના હોઈ સૌ હોઈ.

"દાદુ હિંદ તુરક ન હોઈવા, સાહિબ સંતી કામ
ભદ્ર દર્શન કે સંગ ન જઈવા, નિપખ કરવા રામ
દાદૂ ન હમ હિંદુ હોહિંગે, ના હમ મુસલમાન
ષટ્ દર્શનમેં હમ નહી, હમ રાતે રહમાન
દાદૂ કરની હિંદુ તુરક કી, અપની અપની કૌર
દુહ બીચ મારગ સાધુ કા, પહ સંતો કી રહ ઔર
જહં વેદ કુરાનકી ગમ નહી, તહાં કીયા પરવેશ."

ઉપયુર્ક્ત પદો દ્વારા દાદુ દયાળે સમાજમાં રહેલા અસમાનતા, ધાર્મિક રૂઢિચુસ્તતા વગેરે જેવા પ્રશ્નોના સંદર્ભમાં કટાક્ષ કરેલ હતો. જે સમાજ પરિવર્તનની દિશામાં એક મહત્વના પરિબળ તરીકે ગણી શકાય. **આ ઉપરાંત 'બાલચરિત' નાં કર્તા કીકોવશી અને 'પાંડવવિષ્ટિ' ના કર્તા કૂઢ અનાવલિ બ્રાહ્મણ ખેડૂત હતો. તદઉપરાંત 'અર્જુનગીતા' નો કર્તા ધનદાસ ધંધુકાનો પાટીદાર હતો અને નિરાંત ભક્ત દેથાણનો પાટીદાર હતો, 'ચાબખા' વડે સમાજ પરિવર્તનની વાત કરનાર ભોજો ભગત પણ આખા-બોલો અભણ પાટીદાર હતો.**[૩૭] તેણે રચેલ ચાબખામાં સમાજમાં રહેલ સંપ્રદાયીક, સંકુચિતતા, વહેમ, રૂઢિઓ અને અંધશ્રધ્ધાના સામે પ્રહારો કર્યા હતા.[૩૮] જે નીચે મુજબ છે.

૩૭. જોશી. ઉમાશંકર, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પૃ.૧૧

૩૮. પરીખ. પ્રવિણ, ભારતીય સંસ્કૃતિઃ સ્વરૂપ અને વિકાસ યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ ૨૦૦૧, પૃ.૮૭

મુરખાની દાઢી થઈ ધોળી રે, હૃદયમાં જોયું ન ખોળી રે.
મુરખા જનમ ગયાં તારો રે બાંધ્યો, પાપ તણો ભારો રે.
મુરખા ! મોહી રહ્યો મારું રે, આમાં કાંઈ નથી તારું રે;
સગા કુટુંબી કોઈ કે ના નથી, બહેન ને ભાપા રે,

કર્યું ન થાય કોઈનું, પણ દુર્મતિ કાયા રે,
ધરાનું ધોંસરું કાંધે ધર્યું, ધન્ય ગો તણા જાવ રે

રત્ન અમૂલ્ય તને માંડ મળ્યું છે, તે ખૂટલ ! નાંખ્યું ખોય
આ જનમ તો એળે ગયો, તે સ્મરણ ન કર્યું સોપ.[૩૯]

તદ્‌ઉપરાંત મધ્યયુગમાં સ્ત્રી ભક્તો અને કવયિત્રીઓ એ ભજવેલી ભૂમિકા પણ મહત્વની હતી. સુપ્રસિધ્ધ કૃષ્ણ ભક્ત અને મહાન કવયિત્રી મીરાંબાઈ તથા મધ્યમ અને ગરીબ વર્ગમાંથી આવતા રામીબાઈ, રત્નાબાઈ, લીરીબાઈ, ગંગાસતી, ગૌરીબાઈ, પુરીબાઈ અને જાનબાઈ જેવી તેજસ્વી સ્ત્રીઓ મધ્યકાળમાં પ્રસિધ્ધ થઈ અને તેમણે વહેમ, અંધશ્રધ્ધા અને જ્ઞાતિ સંસ્થા જેવાં અનિષ્ટો સામે તેમજ પુરુષ પ્રધાન સમાજ સામે બંડ પોકાર્યું હતું તેના કેટલાંક દ્રષ્ટાંતો આ પ્રમાણે છે.

સૌરાષ્ટ્રની સ્ત્રી સંતોની પરંપરામાં ગંગાસતીનું વિશિષ્ટ સ્થાન છે. પતિએ જ્યારે સમાધિ લીધી ત્યારે ભજન કીર્તનો રચ્યાં અને ગાયા હતાં, અને તેની સાથે લોકસેવા પણ કરી હતી. તેવી રીતે પોરબંદરમાં થઈ ગયેલા નિરલબાઈ લુહાર જ્ઞાતિના હતા. સંત લોપણ પણ લુહાર જ્ઞાતિ ના હતા અને લીરીબાઈ મેર જ્ઞાતિના હતા. સંત લોયણની રચનાઓમાં લુહારીકામના શબ્દોની અસર જોવા મળે છે. ઉદાહરણ તરીકે...

"હું ને મારું છે લોઢાના કટકાજી,
એને તમે મનકર્મ વચનેથી ભેદો રે,
સાસ-ઉસાસની તમે ધમણ ધખાવો,
એને તમે તા' રે દઈને તપાવો."

૩૯. ચૌધરી. જગદિશ, ઉપર્યુક્ત. પૃ.૧૧

રત્નાબાઈ તો છેક ૧૪માં સૈકામાં થઈ ગયા તેમણે વેદાંત અને ભક્તિ પરંપરાનું અનુસંધાન કરીને ઘોષણા કરી કે : "હે ભગવાન ! તારા દરબારમાં ન્યાય ક્યાં છે ? પૈસાવાળા ધન અને સુખચેનમાં આળોટે છે અને ગરીબો ભૂખે મરે છે" વળી તેમણે જાણે પોતાનું આત્મવૃત્તાંત લોકો સમક્ષ રજૂ કરતાં હોય તેમ તેમણે કુટુંબીજનો માટે આપેલા ત્યાગની વાત કરી છે. **૨૦ માં સૈકામાં મહાત્મા ગાંધીજીએ રેંટિયામાં દેશનો અને દેશમાં વસતાં કરોડો ગરીબોનો ઉધ્ધાર જોયો હતો; પરંતુ મહાત્મા ગાંધીજીના ૬૦૦ વર્ષ પહેલાં પણ રત્નબાઈ એ ચરખા દ્વારા પાઈ પાઈ કરીને પૈસો બચાવ્યો હતો અને કુટુંબનું ગુજરાન ચલાવ્યું હતું.**

Susie threw અને K. Lalita નામના મહિલા વિદ્વાનોએ દિલ્લીથી ૧૯૯૫ માં પ્રગટ કરેલ અમૂલ્ય ગ્રંથ "Women Writing in India : 600 B. C to the Present" માં રત્નબાઈના ગુજરાતી કાવ્યોનો ચોટદાર અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો છે. તેમાં રત્નબાઈએ તેમની સખી સમક્ષ વેદના ઠાલવી છે કે : "બહેન, મને ચરખો વ્હાલો છે, મારું કુટુંબ તેની પર નિર્ભર છે. મારો પતિ પરણ્યા પછી મને તરછોડીને જતો રહ્યો. બાર વર્ષે પાછો ફર્યો ત્યારે ઠીકરા જેવું ધન રળીને આવ્યો હતો. તે ગંગા નદીમાં નહાવા પડ્યો અને તાંબાનો સિક્કો નદીમાં પધરાવી દીધો. તે તો દેવાદાર હતો પણ તેનું દેવું ભરપાઈ કર્યું. શ્રમ કરીને મેં કમાણી કરી. મારી સાડીની ગાંઠ કરીને સિક્કાઓ ભેગા કરવા માંડ્યા અને પૈઈ-પૈસામાંથી રૂપિયો બનાવ્યો.

રત્નાબાઈની કહાણી સાચે જ આજે પણ હૃદયદ્રાવક ગણાય. સલ્તનતકાળની આ કવયિત્રી ચીલા ચાલુ અને શોષણખોર કુટુંબ અને સમાજવ્યવસ્થા સામે કેવો અસરકારક કટાક્ષ અને વ્યંગ કરે છે, તે હવે રત્નબાઈની આકૃતિના અંગ્રેજી ભાષાંતર દ્વારા જાણીશું.

"My spinning Wheel is dear to me, my Sister;
My household depends on it.
My husband married me and departed.
He went abroad to earn a living,
Ather twelve years he returned,
With a copper coin and a half ;
He went to bathe in the Ganga,
Dropped the copper coin and a half
I paid off all my husband's debits
And over and above
Tying coin after coin in the corner of my sari
I earned a Whole rupee"

ઉપરોક્ત દ્રષ્ટાંતો ઉપરથી એક વાત સ્પષ્ટ પણે ફલિત થાય છે જે મધ્યકાલીન ભક્તિ આંદોલન દરમિયાન સામાજિક અને કૌટુંબિક શોષણો સામે સ્ત્રીઓએ તેમનો અવાજ ઉઠાવ્યો હતો અને એ સાથે એ સમયે સમાજ સુધારક તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.

અર્વાચીન યુગમાં મધ્યકાલીન ભક્તિ પ્રવાહને આગળ ધપાવનાર જો કોઈ સંત હોય તો તે અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં જન્મેલા સહાજાનંદ સ્વામી (૧૭૮૧ થી ૧૮૩૦) હતા. ગુજરાતમાં ઈ.સ. ૧૮૧૮ માં બ્રિટિશ શાસન સ્થપાયું હતું. તેના લગભગ બે દાયકા પહેલા તેઓ ભારત વર્ષમાં ભ્રમણ કરતાં ઈ.સ. ૧૮૦૦ માં ગુજરાતમાં આવ્યા હતા અને આ ભૂમિને પોતાની ગણીને અહીં સ્થાયી થયા હતા. જે સમયે ગુજરાતમાં સતીપ્રથા, દહેજપ્રથા અને દૂધપીતીની ચાલ જેવા સામાજિક અનિષ્ટો ઉપરાંત વહેમ અને અંધશ્રધ્ધા પ્રવર્તતા હતા, તે સમયે સહજાનંદ સ્વામીએ ધૂણી ધખાવીને ગુજરાતમાં નૈતિક અને સામાજિક ક્રાંતિ કરી હતી.

મૂળભૂત રીતે તો તેઓ નૈતિક આંદોલનના પ્રણેતા હતા. પરંતુ તેની અસર સમાજ સુધારાના ક્ષેત્રમાં પણ થઈ હતી. ઈતિહાસનું કાર્ય વિવિધ પ્રવાહોને જોડવા કે સાંકળવાનું છે. આમ વ્યાપક દ્રષ્ટિએ જોઈએ તો સહજાનંદ સ્વામીના આંદોલન દ્વારા મધ્યકાલીન ભક્ત પ્રવાહ જીવંત થાય છે. તેઓ મહીપતરામ કે નર્મદની જેમ પશ્ચિમની વિચારસરણીના પરિચયમાં જરા પણ આવ્યા ન હતા. હકીકતમાં તો તેઓ ભારતના છેલ્લા 'કલાસિકલ હિંદુ' સંત સુધારક હતા.[૪૦]

સહજાનંદ સ્વામીએ બ્રાહ્મણો અને વાણિયા જેવા ઉચ્ચવર્ગના સ્ત્રી-પુરુષો ઉપરાંત સુથાર, લુહાર, દરજી, મોચી, કણબી અને કોલી જેવા લાખો કારીગરો અને ખેડૂતોને તેમના સંપ્રદાયમાં સમાવ્યા હતા. ઘણા મુસલમાનો પણ તેમાં સામેલ થયા હતા. સહજાનંદ સ્વામીએ સતીપ્રથા, દૂધપીતી ચાલ. દહેજપ્રથા, બિભસ્ત ભાષા અને ગીતો, પશુબલિ, ચોરી અને લૂંટફાટ તેમજ ભૂતપ્રેત અને દોરાધાગા જેવા અનિષ્ટો સામે ઝૂંબેશ ચલાવી હતી. તદઉપરાંત ગુજરાતમાં ગળીના વાવેતરાઆ અને તેના લીધે થતા નુકશાનના સંદર્ભે લોકોને જાગૃત કર્યા હતા. તથા જ્ઞાતિ અને કોમોના વાડાઓમાં વિભાજિત થયેલા લાખો માણસોને એક જ સંપ્રદાયની છત્રછાયા હેઠળ સજ્જ કર્યા હતા.[૪૧]

સહજાનંદ સ્વામીએ સદાચારનો પ્રચાર અને પ્રસાર કરવા માટે જે પધ્ધતિ અખત્યાર કરી, તે આજે પણ ઉપયોગી છે. નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ અને મુક્તાનંદ જેવા સ્વામિનારાયણ સાધુઓએ સંત સાહિત્ય રચીને પ્રજાને સત્ય, અહિંસા અને સદાચારનો માર્ગ બતાવ્યો હતો. વળી લોક સંપર્કની દ્રષ્ટિએ તેમણે પ્રવચનો, સંવાદો, વાદ્યો સહિતનું ભક્તિ સંગીત અને ભજનો ઉપર ભાર મૂક્યો હતો.

તેમણે સામાન્ય લોકો સુધી પહોંચવા માટે તદ્દન સાદી અને સફળ ભાષા અપનાવી હતી. આમ સમાજના સામાન્ય વર્ગ સુધી સમાજ પરિવર્તનના લક્ષણો દ્રષ્ટિગોચર થયા હતા.

૪૦. ચૌધરી. જગદિશ, ઉપર્યુકત. પૃ.૧૩

૪૧. વાઘેલા. બી, સહજાનંદ સ્વામી સમયનું સમકાલીન લોકજીવન, સ્વામી નારાયણ અક્ષરપીઠ, અમદાવાદ, પૃ.૧૩

પ્રાચીન સમયથી અર્વાચીન સમય સુધી થયેલા ધાર્મિક, સામાજિક આંદોલનના ચોક્કસ લક્ષણો હતા. જે અનુસંધાનમાં સમાજ પરિવર્તનની પ્રક્રિયા સમજી શકાય છે. જેમકે S. P. SEN (ed) "Social contents of Indian Religious Reform Movements. (Preface. (P.IX) માં જણાવે છે તેમ ધાર્મિક સુધારણાનાં આંદોલનોના કેટલાક સમાન સામાજિક ઉદ્દેશ અને હેતુઓ હતા.

૧] જ્ઞાતિ પ્રથાનો વિરોધ

૨] પરંપરાગત અર્થહિન કર્મકાંડનો, તથા મધ્યવર્તી ધર્મગુરુઓનો વિરોધ.

૩] લોકભાષામાં ઉપદેશ.

૪] સમાજના ધાર્મિક માળખાનું લોકશાહીકરણ.

આમ ઉપરોક્ત વર્ણનના આધારે આ ચાર લક્ષણોના ફલિતાર્થ સમજી શકાય છે.

મધ્યકાલીન ગુજરાતમાં સૂફી અને કલ્યાણકારી ભક્તિ આંદોલન અલભદેશીય (Indigenous) હતું. આમ છતાં સમાજ પરિવર્તન માટે જે નવા વિકલ્પો આપવા જરૂરી ગણાય તેવા માનવકેન્દ્રી રેશનલ (Rational) અને સેક્યુલર (Secular) મૂલ્યો તેમાંથી નિષ્પન્ન થઈ શકેલા નહિ, તેમની પ્રવૃત્તિમાં મહદ્અંશે ધર્મ અને ઈશ્વર જ કેન્દ્ર સ્થાને રહ્યો હતો. તેથી કબીર, નરસિંહ અને અખા જેવા સંતો અને વિચારકોએ સમાજને ચાબખાઓ અવશ્ય માર્યા; પરંતુ તેને પરિણામે જ્ઞાતિવાદ દૂર થયો નહી; જ્ઞાતિમાંથી રોટીબેટીનો વ્યવહાર દૂર થયો નહી; અને સામાજિક વિષમતાઓ દૂર થઈ શકી નહી. આ દ્રષ્ટિએ બ્રિટિશ શાસનની અસરો નવી દિશા કંડારવામાં મહદ્અંશે સફલ પૂરવાર થઈ હતી. સલ્તનત, મુઘલ તથા મરાઠા શાસનની સાપેક્ષમાં બ્રિટીશ શાસન ભિન્ન હતું કારણ કે બ્રિટનના અનુભવો જુદા હતા. ૧૫ માં અને ૧૬ માં સૈકામાં ઈંગ્લેન્ડ અને યુરોપમાં નવજાગૃતિ અને ધર્મસુધારણાના આંદોલનો થયાં હતાં અને ત્યાર બાદ પ્રબુધ્ધશાળીનો કાળ (Age of Enlightenment) શરૂ થયો હતો. ત્યારબાદ ૧૮ માં સૈકામાં ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ હતી. આ ઘટનાઓએ ઈંગ્લેન્ડને સામાજિક, રાજકીય અને આર્થિક દ્રષ્ટિએ મજબૂત બનાવતાં તેણે એશિયા અને આફ્રિકાના દેશો પર આધિપત્ય સ્થાપિત કર્યું હતું ઉપર જણાવ્યું છે તે મુજબ ઈંગ્લેન્ડે આર્થિક દ્રષ્ટિએ ભારતનું શોષણ કર્યુ, પરંતુ પરોક્ષ રીતે સામાજિક પરિવર્તનની પૃષ્ઠભૂમિકા તૈયાર કરી હતી.

જે. એન. ફર્બુહર "જે સુધારાવાદી આંદોલનના પ્રારંભિક ઈતિહાસકાર હતા. જેમની માન્યતા હતી કે પ્રેરક પરિબળો લગભગ પાશ્ચાત્ય હતા એટલે અંગ્રેજી સાહિત્ય, શિક્ષા, ઈસાઈ ધર્મ, પશ્ચિમી અનુસંધાન, યુરોપીય વિજ્ઞાન અને દર્શન તથા પાશ્ચાત્ય સભ્યતાના ભૌતિકવાદી તત્વ" આમ સમાજ પરિવર્તન માટે પશ્ચિમી પ્રભાવનો ફાળો મહત્વનો હતો.[૪૨]

૪૨. गौतम. पी, आधुनिक भारत, राजकमल प्रकाशन, पृ ३५५

તદ્ઉપરાંત ભારતમાં સામાજિક, ધાર્મિક પરિવર્તન કે સુધારા માટે અન્ય વિશેષ પરિબળો જવાબદાર હતા. જેમકે ભારતમાં બ્રિટિશ સત્તા અને તેનું શાસન, નૂતન સામાજિક વર્ગોનો ઉદ્‌ભવ. જે સંદર્ભે અક્ષય કુમાર દેસાઈ અને તારાચંદ નામના વિદ્વાન ઈતિહાસકાર જણાવે છે કે "ભારતમાં યુરોપીયનોના આગમનના કારણે સ્થાનિક પ્રજા પાશ્ચાત્ય સોદાગરો, મિશનરીયો વગેરે સંપર્કમાં આવી હતી. આ પ્રક્રિયા ભારતીય સમાજના જુના વર્ગોમાંથી નવો મધ્યમ વર્ગ તૈયાર થયો કે જેને સમયાન્તરે ધર્મ સુધારણાની શરૂઆત કરી હતી."[૪૩]

તદ્ઉપરાંત એમ. એન. શ્રીનિવાસના મત મુજબ "બ્રિટિશ શાસનની નીતિ-રીતિના કારણે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં સ્થાયી અને મૌલિક પરિવર્તન થયું હતું.[૪૪] ઉપરાંત અંગ્રેજી શિક્ષણ અને તેનો વિકાસ જેથી ઈ.સ. ૧૮૫૭માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી. તે પૂર્વે મુંબઈમાં ઈ.સ. ૧૮૪૦ના દાયકામાં તબીબી અભ્યાસ માટે ગ્રાન્ટ મેડિકલ કોલેજની સ્થાપના થઈ હતી. જેનો પ્રભાવ ગુજરાત પ્રદેશમાં હોય તે સ્વાભાવિક હતું.

ઈ.સ. ૧૮૬૧માં ગુજરાત પ્રોવિન્શયલ કોલેજ અમદાવાદમાં શરૂ કરવામાં આવી હતી. વડોદરામાં ઈ.સ. ૧૮૮૧ 'બરોડા કોલેજ' સ્થપાઈ હતી. તદ્ઉપરાંત સૌરાષ્ટ્રની સૌ પ્રથમ કોલેજ શામળદાસ કોલેજ ઈ.સ. ૧૮૮૫ માં ભાવનગરમાં અસ્તિત્વમાં આવી હતી. તે જ રીતે જૂનાગઢના નવાબ રસૂલખાનજીએ એમના દીવાનના સ્મરણાર્થે બહાઉદ્દીન કોલેજ જૂનાગઢમાં શરૂ કરી જેમાં ઈ.સ. ૧૯૦૧માં ૧૨૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.[૪૫] આમ ગુજરાત માટે ચાર કોલેજ હતી જે મુંબઈ યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી. ઉપરોક્ત વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરી ગુજરાતની પ્રથમ પેઢીના સ્ત્રી-પુરુષો તૈયાર થયા હતા, જેમકે, નર્મદ, મહિપતરામ રૂપરામ, કરશનદાસ મૂળજી જેવા પ્રથમ પંક્તિના પ્રખર સુધારકો ઈ.સ. ૧૮૫૩-૫૪માં મુંબઈમાં એલ્ફિસ્ટન કોલેજમાં ભણ્યા હતા. જેમના ગુરુ, પ્રોફેસર, આર્થિક-રાષ્ટ્રવાદિક ચિંતક દાદાભાઈ નવરોજી હતા. આમ પશ્ચિમ શિક્ષણ દ્વારા ગુજરાતમાં સમાજ પરિવર્તનને વેગ મળ્યો હતો.

૪૩. દેસાઈ. અક્ષય, ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા યુનિ ગ્રંથ. બોર્ડ. ૧૯૭૩, પૃ.૩૮૨

૪૪. श्रीनिवास. एम, आधुनिक भारत मे सामाजिक परिवर्तन, राजकमल प्रकाशन, सातवी आवृत्ति, २०११, पृ ५२

૪૫. શાસ્ત્રી હરીપ્રસાદ, પરીખ. પ્ર (સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ-૮ બ્રિટિશકાલ ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, ૧૮૮૯, પૃ.૩૧૬

આમ ઉપરોક્ત પરિબળોના પરિણામે હિંદ સમાજ મધ્યકાળમાંથી અર્વાચીન યુગમાં પ્રવેશ્યો ૧૯ મી સદી આમ મહત્વની ભેદ રેખા બની, ૧૯ મી સદી પહેલાનાં હજારો વર્ષોમાં જે ન થઈ શક્યું તેઆ ૧૦૦ વર્ષમાં શક્ય બન્યું અને નવા સ્વરૂપમાં, નવા પરિપેક્ષમાં નવા અભિગમ સાથે સમાજ સુધારકોએ સમાજ પરિવર્તનની દિશા નક્કી કરી હતી. તે સંદર્ભે સમાજ સુધારકોના બે વર્ગ હતા.

૧] Social Reformers (બ્રહ્મોસમાજ, અલીગઢ આંદોલન)

૨] Revivalists (આર્યસમાજ, રામકૃષ્ણમિશન, દેવબન્દ આંદોલન વર્ગ)[૪૬]

આમ ભારતમાં પ્રથમ સામાજિક-સુધારા થયા અને ત્યારબાદ રાજકીય સુધારાનો ઉદ્ભવ થયો હતો.[૪૭]

ઈ.સ. ૧૮૧૮માં ગુજરાતમાંથી મરાઠી સત્તાનો અંત આવતા, ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન શરૂ થયું હતું. ઉપરોક્ત પરિબળોના અનુસંધાનમાં ગુજરાતમાં પણ સામાજિક, રાજકીય અને આર્થિક જીવન ઉપર બ્રિટિશ શાસનનો પ્રભાવ રચાય તે સ્વાભાવિક હતું. ગુજરાતમાં જ્યારે બ્રિટિશ શાસન સ્થપાયું તે સમયે ગુજરાતમાં અસંખ્ય કુરિવાજો પ્રચલિત હતા. જેમકે ૮-૧૦ વર્ષની ઉંમરે અથવા તો તે પહેલાં પણ શરૂ થતાં બાળલગ્ન, બાળ વિધવાઓ અને પુખ્ત ઉંમરની વિધવાઓની કઢંગી, કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિ, મૃત્યુબાદ બારમા-તેરમાના જમણવારો, લગ્ન પાછળના જમણવારો, દહેજપ્રથા, ભૂત-પ્રેત-પિશાચમાં શ્રધ્ધા, સંતાન-પ્રાપ્તિ માટે થતા દોરાધાગા, પરદેશની મુસાફરીનો નિષેધ, દૂધપીતીની ચાલ, ધર્મગુરુઓની અનીતિઓ, ગાંડપણ કે બીમારીમાંથી દર્દીને મુક્ત કરવા ભુવાઓને ધુણાવવા, લગ્નમાં કજોડાં, જ્ઞાતિબંધનો વગેરે ઈ.સ. ૧૮૫૦ સુધીમાં બ્રિટિશ શાસનની બહુમુખી અસરોએ ગુજરાતમાં મધ્યમવર્ગીય બૌધ્ધિક વર્ગ ઊભો કરયો હતો. આ વર્ગ ઉપયુક્ત દૂષણો સામે વ્યવસ્થિત રીતે ઝૂંબેશ શરૂ કરી હતી.[૪૮]

૪૬. પટેલ. તારા, ભારતનો સામાજિક ઈતિહાસ યુનિ.ગ્રંથ. બોર્ડ, અમદાવાદ, પૃ.૨૭૬

૪૭. **प्रा स, सिध्धान्तलकार, समाज कल्याण तथा सुरक्षा १९६० दहेरादुन, विजयकृष्ण लखनपाल एस्क क, पृ १०३**

૪૮. પટેલ. મંગુભાઈ, રાવબહાદૂર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી, (સી. એસ. આઈ) ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતા, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૪૩

જેના પ્રથમ સૂત્રધાર દુર્ગારામ મહેતાજી હતા. એમનો જન્મ ઈ.સ. ૧૮૦૯માં થયો હતો. એમણે ઈ.સ. ૧૮૪૪માં સુરતમાં માનવધર્મ સભાની સ્થાપના કરી હતી. આ સભાનો ઉદ્દેશ નાતજાતના ભેદભાવ દૂર કરી વિધવા વિવાહને ઉત્તેજન આપવાનો હતો. એમણે સમાજ સુધારાની પ્રેરણા રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી (ઈ.સ. ૧૮૦૩-૧૮૭૩) પાસેથી મેળવી હતી.૪૯

એમણે તાલીમ બધ્ધ શિક્ષકો તૈયાર કરી સુધારાનો દીપક પ્રગટાવ્યો હતો. દુર્ગારામ મહેતાજી ઉપર રણછોડભાઈની અસર વર્તાતી હતી. આ સમયે મુંબઈ, સુરત અને અમદાવાદ એ સુધારાના કેન્દ્ર હતા. સુરત એ દુર્ગારામ મહેતાનું કાર્યક્ષેત્ર હતું. પ્રાથમિક શિક્ષણ સુરતમાં લઈ તેઓ મુંબઈ ગયા ત્યાંથી અભ્યાસ કરી પાછા સુરત આવી ઈ.સ. ૧૮૨૬માં શિક્ષક બન્યા. ઈ.સ. ૧૮૩૮માં પોતાની પ્રથમ પત્નીના મૃત્યુબાદ તેઓ સમાજ સુધારક તરીકે જાહેર જીવનમાં આવ્યા હતા. તેમણે વિધવા-વિવાહનો પ્રચાર શરૂ કર્યો. તેઓ પોતે વિધવા-વિવાહના હિમાયતી હોવાથી વિધવા સાથે લગ્ન કરવા સમર્થ બન્યા હતા. 'માનવધર્મ સભા' માનાં ભાષણોએ લોકશિક્ષણની ગરજ સારી હતી. પુન:વિવાહ, પરદેશગમન, ધર્મ કર્મકાંડ વગેરે વિષયો ઉપર પ્રવચનો થતાં. આ ઉપરાંત મૂર્તિપૂજા, અસ્પૃશ્યતા, જાદુ, વહેમ વગેરે વિષયો ઉપર ચર્ચા યોજાતી હતી. દુર્ગારામ અને તેમના મિત્રોની બનેલી 'પહેરજગાર મંડળી' તરીકે ઓળખાતી મંડળી સુધારાનો પ્રચાર કરતી હતી.

આ સમયે દુર્ગારામ, દાદોબા, દલપતરામ, દામોદરદાસ અને દિનમણિશંકર જેવા સજ્જનો સમાજ સુધારકોમાં નોંધપાત્ર સ્થાન ધરાવતા હોવાથી તેઓ સમાજમાં 'પાંચ દદ્દા' તરીકે ઓળખાતા હતા. દુર્ગારામે ઈ.સ.૧૮૭૬ માં તેમનું અવસાન થતાં સુરતમાંની સુધારીની પ્રવૃત્તિ 'ત્રણ નન્ના' એ આગળ ધપાવી હતી, તે હતા નર્મદાશંકર, નવલરામ અને નંદશંકર.૫૦

'સજ્જનો સાંભળાવજો રે ધીરે સુધારાનો સાર' નામની પંક્તિ દ્વારા સમાજ સુધારણાની શરૂઆત કરનાર કવિ દલપતરામ હતા. તેમણે 'ભૂતનિબંધ' દ્વારા ભૂતપ્રેત, પાખંડ તથા વહેમ, કુરૂઢિઓ, બાળવિવાહ પુનવિવાહ વગેરે વિષય સંદર્ભે નિબંધો લખી નવા યુગને દ્રષ્ટિ આપી હતી. એમણે પોતાની કવિતા અને નિબંધોમાં બાળલગ્નનો વિરોધ કર્યો હતો. કન્યા કેળવણી માટે હઠીસિંગના પત્ની હરકોર શેઠાણીના નામથી તેમજ શેઠ મગનભાઈ કરમચંદના નામથી ઈ.સ. ૧૮૫૦ માં કન્યાશાળાઓ શરૂ કરાવી હતી.૫૧

૪૯. શાસ્ત્રી. હરીપ્રસાદ, પ્રવિણ. પરીખ, અમદાવાદ ઉપર્યુક્ત. પૃ.૨૧૮
૫૦. ત્રિવેદી. નવલરામ, સમાજ સુધારાનું રેખાદર્શન. પૃ.૨૦૨
૫૧. શાસ્ત્રી. હરીપ્રસાદ, પરીખ. પ્ર, ઉપર્યુક્ત, પૃ.૨૧૯

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (પછીથી ગુજરાત વિદ્યાસભા) તરફથી પ્રગટ થતા 'બુધ્ધિપ્રકાશ' માસિક દ્વારા એમણે પોતાની સમાજ સુધારાની પ્રવૃત્તિને વિકસાવી હતી. "વેઠે કામ ન કરવા વિશે" માં અંગ્રેજોના કાયદાના શાસન અને કર્મચારીઓનો જૂલ્મ એ સંદર્ભે તેમણે પોતાની વાત સાહસિકતાથી રજૂ કરી હતી. તદ્ઉપરાંત "હિન્દુસ્તાન ઉપર હુન્નરખાનની ચઢાઈ" રૂપકાત્મક કાવ્યમાં બ્રિટિશ શાસનની સ્થાપનાથી યંત્રવિજ્ઞાન દ્વારા જૂની કલાકારીને કેવું નુકશાન થઈ રહ્યું છે. તેનું પણ હૃદયગમ વર્ણન કરેલું હતું.

"મુસલમાના ને હિંદુ સુર્ણો મુજ દેશિ સમસ્તો
કહિયે કાળોનાગ, ચીન વિલાયત રસ્તો,
તેનું કરો ને તરું, રવૈયો બોટ બનાવો.
સાગર મંથન કરી, ફરી લક્ષ્મી ઉપજાવો.[૫૨]

આ સમયે સમાજ સુધારાના ક્ષેત્રમાં કવિ નર્મદા શંકરનું નામ મોખરે હતું. એમનો જન્મ ઈ.સ.૧૮૩૩માં સુરતમાં થયો હતો. ઈ.સ. ૧૮૫૩માં સુરત છોડી ઉચ્ચશિક્ષણ માટે મુંબઈ ગયા હતા. જ્યાં "બુધ્ધિવર્ધક" સભાના આશ્રયે એમણે સમાજ સુધારક બનવાની પ્રેરણા મેળવી. ત્યાં એમને કરસનદાસ અને મહીપતરામ જેવા નરવીરોનો સાથ સાંપડ્યો હતો.

"સત્યપ્રકાશ" નામના સાપ્તાહિકે એમને જાહેરમાં આવવાની તક આપી. ઈ.સ. ૧૮૬૦ માં વૈષ્ણવ સંપ્રદાયના મહારાજ જદુનાથ સાથે તેઓએ વિધવા વિવાહની શાસ્ત્ર સંમતિ ઉપર વાદ-વિવાદ કર્યો. કવિએ એક વિધવાને આશ્રય આપ્યો અને ઈ.સ. ૧૮૬૯-૭૦ માં નર્મદાગૌરી નામની એક વિધવા સાથે લગ્ન પણ કર્યું. નર્મદને જેથી જ્ઞાતિ-બહિષ્કારની સજા ભોગવવી પડી હતી.[૫૩] ઈ.સ. ૧૮૬૬ માં એમણે પોતાના "હિંદુઓની પડતી" નામના પુસ્તકમાં જણાવ્યું કે બ્રાહ્મણો જોગીઓ વગેરે કામ વગરના રળી ખાવાને મૂર્તિઓ માંડી બેઠેલા ઢોંગી અને ધુતારા છે. અજ્ઞાની લોકો પથ્થર અને પાડાને દેવ તરીકે પૂજે છે. ખોટા વહેમથી લોકો પરદેશ જતા નથી. એમણે સ્ત્રીઓની દુર્દશા જોઈ "બાળ લગ્ન" વિરુધ્ધ ઝૂંબેશ આદરી એમણે લોકોને વિધવા વિવાહ માટે અભિગમ કેળવ્યા અનુરોધ કર્યો હતો.[૫૪]

૫૨. જોશી. ઉમાશંકર, ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૩, પૃ.૪૫
૫૩. નર્મદ, મારી હકીકત, ભાગ-૨, પૃ.૧૨૧
૫૪. મહિપતરામ. રૂપરામ. (સં), નર્મગદ્ય. પૃ.૧૨૮

 પોતાના વિચારોને વાચા આપવા એમણે 'ડાંડિયો' નામે પાક્ષિક શરૂ કર્યું. એના દ્વારા સમાજમાં પ્રચલિત દંભ ખુલ્લા પડવા લાગ્યા હતા. નર્મદે જે સુધારાની શરૂઆત કરી તેનાથી ભરૂચ, વડોદરા, નડિયાદ, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, લીંબડી, ભાવનગર વગેરે સ્થળોએ તેનો પ્રભાવ ફેલાયો હતો.[૫૫]

મહિપતરામ નીલકંઠ (૧૮૨૯-૧૮૯૧) દ્વારા સંસાર સુધારાની હિમાયત કરવા બદલ ખાસ કરીને પરદેશગમન માટે એમને જે સહન કરવું પડ્યું એની આજે કલ્પના પણ કરવી મુશ્કેલ છે, તત્કાલિન સમયે તેમના પત્ની પાર્વતીકુંવર જ્ઞાતિ બહિષ્કારના કપરાં સમયમાં હિંમત ભેર પતિની પડખે ઊભાં રહ્યાં હતા.[૫૬] એ સમયે સુરતમાં ચાલતી 'પરહેજગાર મંડળી' ના સભ્યપદે રહીને એમણે કેફી-પીણાં, બાળલગ્ન, ફટાણાં અને વિધવાના કેશ ઉતારવાની વિરુધ્ધ ભાષણો કર્યા. એમણે મહારાષ્ટ્રમાં સ્થપાયેલા "વિધવા વિવાહ ઉત્તેજક મંડળ" ના 'સત્યાર્થ પ્રકાશ' ના તંત્રી, પ્રાર્થના સમાજના કાર્યવાહક, અમદાવાદની મગનભાઈ કરમચંદ શાળાના મંત્રી, શ્રી ભોળાનાથ સારાભાઈ 'લિટરરી ઈન્સ્ટિટ્યૂટ ફોર વીમેન' ના મંત્રી વગેરે સ્થાને રહી સુધારાની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. તદ્ઉપરાંત "અંજુમને-ઈસ્લામ" નામની મુસ્લિમ સંસ્થા, જ્યુબિલી હોસ્પિટલ, પ્રાણી દયા મંડળી, હિંદુસંસાર સુધારા સમાજ, વિધવા વિવાહ સભા વગેરે સંસ્થાઓના પ્રમુખ પદેથી ગુજરાતમાં સમાજ-સુધારાની ચળવળને વેગ આપ્યો હતો.

મુંબઈમાં રહી શ્રી કરસનદાસ મૂળજી એ "બુધ્ધિવેધક સભા" ના સભ્યપદે રહીને સામાજિક ક્ષેત્રે અને કેળવણીના ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપી હતી, "સત્યપ્રકાશ" ના તંત્રી તરીકે એમણે સમાજના કુરિવાજો અને પાખંડો સામે બળવો પોકાર્યો હતો વિશેષમાં તો કરસનદાસ મૂળજીને "વિધવા વિવાહ નિબંધો" લખવા બદલ ઘર છોડવું પડ્યું હતું.[૫૭] ઈ.સ. ૧૮૫૫ માં ભૂલેશ્વરમાં છપ્પન ભોગના પ્રસંગે વૈષ્ણવ અને શૈવ સંપ્રસાય વિરુધ્ધ લખાણ છાપી સમાજમાં એક મોટો વંટોળ ઊભો કર્યો હતો. આથી જદુનાથ મહારાજે કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડ્યો, જે ગુજરાતમાં 'મહારાજ લાયબલ કેસ' તરીકે પ્રખ્યાત છે. આ કેસમાં કરસનદાસનો વિજય થયો હતો. એ પછી તેઓ ઈ.સ. ૧૮૬૩ માં યુરોપની સફરે જઈ આવ્યા. ઘણા જ્ઞાતિજનોએ એમની સામે પ્રચાર કર્યો હતો. એમના અવસાન બાદ મુંબઈ યુનિવર્સિટી તરફથી "સંસાર-સુધારા" ના વિષયને લગતા નિબંધોને અપાતું "કરસનદાસ મૂળજી' પારિતોષિક આજે પણ એમની સુધારા-પ્રવૃત્તિની યાદ કરે છે.

૫૫. શાસ્ત્રી. હરીપ્રસાદ, પ્ર.પરીખ. ઉપર્યુક્ત. પૃ.૨૨૦

૫૬. બોરીસાગર. રતિલાલ, રમણભાઈ નીલકંઠ. પૃ.૧

૫૭. રાજગોર. શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિ. ગ્રંથ. બોર્ડ. અમદાવાદ, પૃ.૯૭

બ્રિટિશ શાસન દરમિયાન અલ્પ પ્રમાણમાં ગણી શકાય તેવા અમલદારો કે જેમને ભારતીય સમાજ, સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની લાગણી હોય તેવા અમલદાર કે જેમને કવિ દલપતરામએ "ફારબસ સાહેબ" તરીકે નવાજ્યા હતા. જેમની જન્મભૂમિ સ્કૉટલેન્ડ હતી. પરંતુ કર્મભૂમિ તરીકે ગુજરાતને પસંદ કર્યું હતું. કવિ દલપતરામની મદદથી એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસ પરત્વે સંશોધન કર્યું હતું. તેમણે ઈ.સ. ૧૮૫૬માં પ્રસિધ્ધ કરેલ ગ્રંથ "Ras Mala" Or "The Hindu Annals of Gujarat" આજે પણ સંશોધનની દ્રષ્ટિએ આધારભૂત ગણાય છે. ફોર્બ્સ માનવતાવાદી અભિગમ ધરાવતા હતા. જે જમાનામાં મહદ્અંશે અંગ્રેજ શાસકો હિંદુસ્તાનનીઓને તુચ્છગણીને અવગણના કરતા હતા. તે જમાનામાં ફોર્બ્સને ગુજરાતીઓને ઉમળકાથી અપનાવ્યા હતા અને સમાજ સુધારકો અને શેઠીયાઓનો સાથ લઈને તેમણે ઈ.સ. ૧૮૪૮ માં "ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી' ની સ્થાપના કરી હતી.

આ ઉપરાંત ભોળાનાથ સારાભાઈએ સમાજમાંથી શરાબની બંદીને દૂર કરવા પ્રયત્ન કર્યો હતો. એને માટે 'મધપાનનિષેધક સભા' ની સ્થાપના કરી હતી. ગોવર્ધનરામ ત્રિપાઠીએ ઈ.સ. ૧૮૫૫-૧૯૦૭ પોતાની મહાનવલ "સરસ્વતીચંદ્ર" દ્વારા સ્ત્રીકેળવણી, વિધવા વિવાહ, બાળલગ્ન, જ્ઞાતિપ્રથાનો અન્ય દૂષણો વગેરે વિશે જનમત કેળવી, ગુજરાતમાં સામાજિક ક્ષેત્રે ક્રાંતિ આણી હતી.

તદ્ઉપરાંત સ્ત્રી સુધારકો એવા સુરતના પાર્વતીકુંવર, ધોધાબંદરના હરકુંવર શેઠાણી અને માણસના ગંગાબેન પ્રાણશંકર યાજ્ઞિક તથા ભક્તિબા (૧૮૬૮-૧૯૩૭) વગેરે સમાજમાં પ્રચલિત દુષણો સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

આ સમયે સમાજમાં પ્રચલિત વહેમ-દૂષણોમાં બળિયા ટાંકનાર ડૉક્ટરનું આગમન થતાં મા-બાપ પોતાના બાળકોને સંતાડી દેતા અથવા બીજે ગામ ચાલી જતાં આ અંગે દલપતરામ "રાજ વિદ્યાભ્યાસ" માં લખે છે કે:

"બળિયા કાઢે નીસરે ફરી માતા
માટે કોપ જ કરી
જેને ફરી બળિયા નીસરે
તેને દાક્તર એવું કરે,
ખુબ ખાટલા સાથે ઘસે,
જ્યાં સુધી જીવથી તે જશે."

લોકોના મનમાંથી આવા ખોટા ખ્યાલ કાઢી નાખવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ શ્રી મગનલાલ વખતચંદ પાસે બળિયા વિશે તેમજ હોળી ઉપર રમાતી અશ્લીલ રમતો જેવા જંગલી રિવાજોને દૂર કરવા માટે નિબંધ લખાવ્યા હતા.[૫૮]

ગુજરાતમાં સમાજ પરિવર્તનની દ્રષ્ટિએ વડોદરા રાજ્યના મહારાજાની પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરતાં બે વિશેષતાઓ ખાસ નજર સમક્ષ આવે છે. એક તો એ કે સયાજીરાવના વ્યક્તિત્વમાં એવું તો શું હતું કે જે કામ દુર્ગારામ, મહીપતરામ, નર્મદ, કરશનદાસ મૂળજી, દલપતરામ, લાલશંકર ઉમિયાશંકર, અંબાલાલ સાકરલાલ દેસાઈ અને હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા જેવા ૧૯મા સૈકાના પ્રથમકોટીના સુધારકો પણ કરી શક્યા ન હતા. તેવું મહાભગીરથ કામ સયાજીરાવ ગાયકવાડે ઉપાડ્યું હતું ? નર્મદ અને દલપતરામ જેવા નેતાઓ એ સમાજ સુધારાનું કામ ઉત્તમ રીતે કર્યું હતું એમાં શંકાને કોઈ સ્થાન નથી. આમ છતાં પણ એ પણ એક ઐતિહાસિક હકીકત છે કે તેમના સુધારા મધ્યમવર્ગ અને ઉચ્ચજ્ઞાતિઓ પુરતા મર્યાદિત હતો.[૫૯] તેઓ લાખો ખેડૂતો, આદિવાસીઓ અને દલિતો સુધી પહોંચી શક્યા નહી, આમ કામ પાર પાડનાર સયાજીરાવ ગાયકવાડ હતા. બીજી એક વિશેષતા એ છે કે સયાજીરાવ મધ્યવર્ગના નહી પરંતુ ધન અને સત્તામાં રહેનારા મહારાજા હતા !

સયાજીરાવનો જન્મ મહારાષ્ટ્રમાં આવેલા નાસિક જિલ્લાના 'કવળાણે' નામના ગામમાં થયો હતો. તેમના દાદા અને પિતા ખેડૂત હતા, પરંતુ તેઓ મહાત્મા જ્યોતિરાવ ફૂલેના (બહુજન સમાજ આંદોલન)ના સંપર્કમાં આવ્યા હતા. જેનો પ્રભાવ ખેડૂત પુત્ર સયાજીરાવ ઉપર હતો. બીજી તરફ ઈ.સ. ૧૮૭૫માં જ્યારે મુંબઈ સરકારે મલ્હારાવ ગાયકવાડને પદભ્રષ્ટ કર્યા ત્યારે ખંડેરાવા ગાયકવાડના પત્ની જમનાબાઈ અને અંગ્રેજોએ કોઈ બાળરાજાને વડોદરાની ગાદીએ બેસાડવાનો નિશ્ચય કર્યો હતો અને શોધખોળને અંતે તેમની નજર બાર વર્ષના બાળક સયાજીરાવ રપર ઠરી હતી.[૬૦]

૫૮. પારેખ. હિરાલાલ. ત્રિ, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન ભાગ-૩, પૃ.૧૧૦
૫૯. ચૌધરી. જગદિશ, ઉપર્યુક્ત, પૃ.૨૫
૬૦. દેસાઈ. ગોવર્ધન, માં, દેસાઈ (સં) શ્રી સયાજી હીરક મહોત્સવ, નિવેદન ભાગ-૧ લો વડોદરા, ૨૦-૧-૧૯૩૭ પૃ.૧૧

પરંતુ જ્યારે વડોદરાની ગાદીના હરીફ સરદારોએ આ વાત જાણી ત્યારે તેમણે બાળકને 'મહાર અને ચમાર' ના પુત્ર તરીકે જાહેર કર્યો હતો. આમ છતાં સયાજીરાવની વંશાવલી તપાસતા તેઓ દામાજીરાવ અને પિલાજીરાવના વંશજ તરીકે સાબિત થયા હતા. આ પ્રસંગને લક્ષમાં લઈને સામાજિક ઈતિહાસ સાથે મનોવિજ્ઞાનને સાંકળતાં એમ જરૂર લાગે કે માત્ર બાર વર્ષના બાળકને 'ચમાર અને મહાર' જેવા શબ્દોના ઉપયોગ થતો જોઈને તેમના માનસમાં શું થયું હશે ? સયાજીરાવ પુખ્ત વયના થયા પછી પણ શૈશવકાળના આ કપરા અનુભવો કદી પણ ભૂલ્યા ન હતા. આવા અનુભવોની સાથે બાળપણથી જ વડોદરાની ગાદીએ બેસતાં જ તેમના અંગ્રેજ શિક્ષકોએ પશ્ચિમના રેશનલ (Rational) સેક્યુલર અને પ્રગતિશીલ મૂલ્યોનો પ્રભાવ પાડ્યો હતો. આવા ભિન્ન ભિન્ન પરિબળોની અસર સયાજીરાવે ઝીલી અને તેમણે આદિવાસી અને દલિત ઉત્થાનના કામો હાથ ધર્યા હતા.[૬૧]

સયાજીરાવે પ્રેમાનંદ, ધોળીદાસ પટેલ જેવા બાહોશ શિક્ષણ શાસ્ત્રીઓ અને વહીવટીકર્તાઓને દક્ષિણ ગુજરાતના સોનગઢ, વ્યારા અને મહુવામાં મોકલ્યા હતા. આદિવાસીઓનો સામાજિક અને આર્થિક સર્વે કરાવ્યો અને તેના આધારે ઈ.સ.૧૮૮૩માં સોનગઢ અને ઈ.સ.૧૮૮૬માં વ્યારામાં આદિવાસીઓ માટે શાળાઓ સ્થાપી હતી. એમણે સમગ્ર વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજીયાત અને મફત કરી હતી. વિવિધ હાઈસ્કૂલો અને કોલેજોની સ્થાપના કરી હતી. પોતાના રાજ્યમાં બાળલગ્નો અટકાવતા અને વિધવાવિવાહને ઉત્તેજન આપવા કાયદા કર્યા હતા.[૬૨]

સમાજ પરિવર્તનના વિવિધ પ્રવાહો વિષયક ઉપરોક્ત જે વિશ્લેષણ કર્યું તેનું એક ફલિતાર્થ એ છે કે મધ્યયુગમાં હિંદુભક્તો અને મુસ્લિમ સૂફીઓ દ્વારા સમાજ સુધારાનું કામ થયું હતું તેનું બીજુ તારણ એ છે કે બ્રિટિશ શાસનને પરિણામે જે નવા વૈચારિક અને ભૌતિક પરિબળો દાખલ થયા તેને પરિણામે ગુજરાતમાં સુધારાનો નવો પ્રવાહ દાખલ થયો હતો. સતીપ્રથા, દૂધપીતીની ચાલ, દહેજપ્રથા, બાળલગ્ન, વહેમ અને અંધશ્રધ્ધા અને સ્ત્રીઓ અને વિધવાઓ સામેના અત્યાચારો જેવી સમસ્યાઓ સામે ઓગણીસમાં સૈકામાં આંદોલનો થયા હતા. તેને પરિણામે ગુજરાતની પ્રજામાં નવી જાગૃતિ પેદા થઈ હતી. વળી તેની સાથે-સાથે મધ્યમવર્ગી સમાજ સુધારકો અને આર્થિક રાષ્ટ્રવાદીઓએ અખિલ હિંદ ભારતીય સ્તરે ઈ.સ. ૧૮૮૫માં "ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ" ની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૦૨માં તેનું અધિવેશન અમદાવાદ ભરાયું હતું. જેથી ગુજરાતમાં પણ મધ્યમવર્ગીય સમાજ સુધારકોના સંયુક્ત પ્રયાસોને પરિણામે ગુજરાતના સમાજની દિશા અને દશા બદલાઈ રહી હતી.[૬૩]

૬૧. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧, પૃ. ૩૨૦
૬૨. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨, પૃ. ૩૨૫
૬૩. શાસ્ત્રી. હરીપ્રસાદ, પ્ર. પરીખ, ઉપર્યુક્ત પૃ.૨૨૨

તદ્ઉપરાંત સમાજ સુધારાના સંદર્ભે જ્ઞાતિ મંડળોએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. નવા જ્ઞાતિપંચો જે ઉપરોક્ત સુધારાવાદી વાતાવરણથી પ્રભાવિત હતા. નવા જ્ઞાતિપંચો જે ઉપરોક્ત સુધારાવાદી વાતાવરણથી પ્રભાવિત હતા જેમની પ્રવૃતિ, કાર્યક્ષેત્ર જુના જ્ઞાતિપંચોથી ભિન્ન હતા. જેમાં પાટીદાર જ્ઞાતિ મંડળનું કાર્યક્ષેત્ર સમાજ સુધારાના સંદર્ભે વિશિષ્ટ હતું. આવા મંડળોએ લગ્ન- મરણ જેવા પ્રસંગોએ ખર્ચ ઘટાડવા, લગ્ન પ્રસંગે રીત-રિવાજ પ્રમાણેના નાણાકીય અને બીજા વ્યવહારો મર્યાદિત કરવા, તથા પુસ્તકો, શિષ્યવૃત્તિઓ અને છાત્રાલયો પૂરાં પાડી જ્ઞાતિમાં કેળવણીને ઉત્તેજન આપવું વગેરે પગલાં લઈ જ્ઞાતિની આંતરિક રચનામાં સુધારા લાવવા પ્રયત્નો કર્યા હતા. આ મંડળો પોતાના સામાયિકો પ્રગટ કરતાં હતા અને સભા-સંમેલનો યોજતા હતા. કેટલાક જ્ઞાતિ-સંગઠનોએ પોત-પોતાની જ્ઞાતિઓની વસતિ ગણતરી પણ શરૂ કરી હતી. કેટલાકે લગ્ન અને તેવા બીજા રિવાજ ખર્ચ શિક્ષણ તરફ વાળવા સૂચવ્યું હતું.[૬૪]

ઉપરોક્ત ચર્ચાના અનુસંધાનમાં પાટીદારમાં પણ સમાજ સુધારાની હીલચાલ શરૂ થઈ હતી. તેના પ્રથમ સૂત્રધાર ઈ.સ. ૧૮૧૮માં અમદાવાદમાં જન્મેલ રાવબહાદૂર શ્રી બહેચરદાસ લશ્કરી હતા. ઈ.સ. ૧૮૭૦માં 'ફિમેલ ઈન્ફન્ટી સાઈટ' કાયદો તૈયાર કરવામાં તેમનો મહત્વનો ફાળો હતો.

તદ્ઉપરાંત પાટડી સંસ્થાનના દરબારશ્રી જોરાવરસિંહજીએ કડવા પાટીદાર જ્ઞાતિમાં દીકરીઓના સંરક્ષણ સંદર્ભે સભા ભરી નિયમો બનાવ્યા હતા.[૬૫]

કડવા પાટીદાર પરિવારમાં જન્મેલ અન્ય સુધારક એવા જેઠાલાલ સ્વામીનારાયણ હતા. તેઓ બાર વર્ષ સુધી લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય રહ્યાં હતા. જેથી કાઉન્સિલમાં પણ ખેડૂતો અને મહેસૂલના લગતા પ્રશ્નોના સંદર્ભે પોતાનો સુધારાવાદી અભિગમ રજૂ કર્યો હતો.[૬૬]

ગાંધીયુગના સક્રિય નેતા અને કાયદાશાસ્ત્રી એવા વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ તથા મોટાભાઈ નરસિંહભાઈ વગેરે પોતાના પિતા ઝવેરભાઈના અવસાન થતા, બારમાની વિધિના સંદર્ભે જ્ઞાતિ ભોજનનો વિરોધ કર્યો હતો અને તે રકમ લોકકલ્યાણના કામ માટે આપવાનું નક્કી કર્યું હતું. તદ્ઉપરાંત વિઠ્ઠલ ભાઈએ હિંદુ મેરેજીસ બિલ ઈ.સ. ૧૯૧૮, ૫ સપ્ટેમ્બર દિવસે ઈમ્પરિયલ કાઉન્સિલમાં પ્રવેશ બાદ બીજા જ દિવસે તેમણે રજૂ કરવાની પરવાનગી માગી હતી. તે જ રીતે કુંવરજીભાઈ અને કલ્યાણજીભાઈ મહેતાએ "પટેલ બન્ધુ" અને "પાટીદાર હિતેચ્છું" જેવા સામાયિકો શરૂ કરીને તથા વલ્લભ વિદ્યાર્થી આશ્રમ, (સુરત) દ્વારા પાટીદાર જ્ઞાતિના સુધારાના સંદર્ભે સક્રિય પ્રયત્નો કરેલા હતા.

૬૪. દેસાઈ.નીરા, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સમાજિક પરિવર્તન, યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ, આવૃત્તિ- દ્વિતીય: ૧૯૯૮, પૃ.૩૧૮

૬૫. પટેલ. મંગુભાઈ, કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ, પૃ.૧૦

૬૬. સ્વામીનારાયણ પ્રકાશ, ઓક્ટોબર, ૨૦૧૩, પૃ.૮

ઉપરોક્ત અભ્યાસના અનુસંધાનમાં પાટીદાર વર્ગ તેમાં પણ કડવા પાટીદાર સમાજના મૂલ્યો, તેમના રીત-રિવાજો, તેમની વિવિધ સંસ્થાઓ વગેરેનો અભ્યાસ અનિવાર્ય બને છે. પ્રાચીન સમયથી આધુનિક સમય સુધી વિવિધ રાજકીય, આર્થિક, સામાજિક, પરિબળો તથા વ્યક્તિગત અને સામુહિક રીતે સમાજ પરિવર્તનના જે પ્રયાસો થયા તેની અસર 'કડવા પાટીદાર સમાજના' નવશિક્ષિત યુવાનો પર પ્રવર્તી હતી. વ્યક્તિઓ પર પડી હતી. જેનું પ્રતિબિંબ 'કડવા પાટીદાર પરિષદો' માં રજૂ થતાં ઠરાવો, અભિપ્રાયો વગેરેના અભ્યાસ પરથી સમજી શકાય તેમ છે.

પરંતુ તે પૂર્વે પાટીદાર, પટેલ, કુર્મિ વગેરે શબ્દોની ઐતિહાસિકતા, ગુજરાતમાં પાટીદાર સમાજના પેટા વિભાગો, તેમના રીત-રિવાજઓ અને વિશેષતઃ કડવા પાટીદાર સમાજ પરિવર્તનના આદ્યસુધારક એવા શ્રી બહેચરદાસ લશ્કરી તથા શ્રી જોરાવરસિંહ જાદવ, (પાટડી સંસ્થાન) દરબાર ગોપાળદાસ વગેરેના કાર્યનો અભ્યાસ અનિવાર્ય બને છે.

૧.૩ પાટીદાર, કૂર્મી, કણબી શબ્દનો પરિચય

ભારતમાં અને ખાસ કરી ગુજરાતમાં કૃષિ કાર્ય કરનાર "કૃષક વર્ગ" સામાન્ય રીતે પાટીદાર, કણબી જેવા શબ્દોથી ઓળખાય છે. ઉપરોક્ત વિગતોના અનુસંધાનમાં આપણે સમજી શકીએ છીએ કે વર્ષોવત ઈતિહાસ કેન્દ્રથી દૂર રહેલો અને શોષિત એવો વર્ગ એટલે 'પાટીદાર વર્ગ' (કિસાન) ના સમાજના મૂળભૂત મૂલ્યો, પરંપરાઓ, રીત-રિવાજો તથા વ્યક્તિગત દ્વારા ઉપરાંત જ્ઞાતિ મંડળો દ્વારા સમાજ પરિવર્તન વગેરેના અભ્યાસ પૂર્વે પાટીદાર, કૂલમી, કૃર્મિ, પટેલ જેવા પર્યાયવાચક શબ્દના અર્થ સમજવો જરૂરી બને છે.

વેદોમાં 'કૂર્મિ' શબ્દ 'ઈન્દ્ર' માટે અનેક જગ્યાએ વપરાયો છે. "**तुवि कूर्मिन इन्द्र तूवि**" શબ્દ મહાજતાનો ધોત્તક છે અને 'કૂર્મિ' શબ્દ 'ખેડૂત' માટે પ્રયોજાયેલો જણાય છે.[૬૫]

वरिष्ठो अस्य दक्षिणामिय नीन्द्रो माघोनां तुवि कूर्मि तमः
यथा बखिलः परियास्यं हो माघव धृष्यो तपसे विसरीना ।

(ऋग्वेद. मं. १०. सूक्त-३७,
अष्ट ०३, अ-७, मंत्र-४)

૬૭. પરીખ. પુરષોત્તમ.લ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ ઈતિહાસ, ઊંઝા-૧૯૧૨. પૃ.૩૩

અનેક પ્રકારનાં કર્મ કરનાર ઈન્દ્ર "તુવિ- કૂર્મિતમ" કહેવાય છે. **अतिशयेन बहुविध कर्ता इन्द्रः।**

वृषा वै कुर्मो पोषा षाढा

(શ.કો, અ.વ. પ્ર.૪)

શતપથ બ્રાહ્મણ, દેહધારી જીવાત્માને 'કુર્મ' કહે છે 'વૃષા' નો અર્થ 'યુવાન પુરુષ' છે અને 'પોષા' નો અર્થ સ્ત્રી છે. વીર્ય સીંચનમાં સમર્થ પુરુષને વેદમાં ઈન્દ્ર કહેવામાં આવ્યો છે. 'કૂર્મ' શબ્દનો અર્થ 'સમર્થ વ્યક્તિ' એવો સ્વીકારવામાં આવ્યો છે - પછી તે પુરુષ હોય કે સ્ત્રી.

कृर्मि–कृ=પૃથ્વી + ઊર્મિ = **गोद।**

આ પ્રમાણે 'કૂર્મિ' શબ્દનો અર્થ – પૃથ્વીની ગોદમાં ઉછરી રહેલ બાળક કે પૃથ્વીપુત્ર.

कूरम - कू = પૃથ્વી – રમ – પતિ યા વલ્લભ

अतः कूरम शब्द का अर्थ है भूपति या पृथ्वी पति - जो कि क्षतिय शब्द का यर्यायवाची है। कहा है क्षेत्रात् रमेतसः क्षत्रियः ૬૮

- **वृहत हिन्दी कोश** મુજબ કૂર્મ શબ્દનો અર્થ
- **कूर्म - विष्णु के दस अवतारों से दुसरा, कच्छयावतार**
- **कूर्मक्षेत्र - एक हिन्दू तीर्थ**
- **कर्मपुराण - अठारह पुराणो में सें एक.** ૬૯

भारत की प्रमुख जातियों का कोश મુજબ

"पूर्वी उत्तर भारत में पाइ जाने वाली एक एतिहर जाति बनलें, मल्त, विगरले, कूर्मि, जिससे आभास मिलता है के किसी समय राज्य करने वाली मल्ल नामक जाति का एक बडा भाग वियन्नता के कारण 'कूर्मि' कहा जाने लगा और शुद्रो में परिमल्लित हो गया।

आर्थिक अन्नति और अवनति के कारण नाम और कर्म परिवर्तन का यह एक स्मरणीय उदाहरण है। ७०

---

૬૮. રામ સિયાસિંહ, કૂર્મવંશી ક્ષત્રિય કીર્તિકથા, સમતા પ્રકાશન, સતના, મધ્યપ્રદેશ, ૧૯૯૨ પૃ.૩૦

૬૯. કાલિકા પ્રસાદ, વૃહત્ હિન્દી કોશઃ જ્ઞાન મંડલ, વારાણસી પૃ.૩૦૩

૭૦. **अरूण, भारत कीप्रमुख जातियो का कोश, मेरठ, पृ.** ૪૩

- ભગવદ્ગોમંડલ પ્રમાણે : કૂર્મી, કણબીની એકજાત,
  એ નામની જાતિનું પ્રમાણ૭૧

- પ્રો. એ. વિલિયમ કૃત – સરંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં કૂર્મીઓનો અર્થ અતિ શક્તિમાન પુરુષ
- એન સાઈક્લોપીડિયા બ્રિટાનિકા, મુજબ

કુનબી, કુટુમ્બી, પ્રશ્ચિમ ભારતની મહાન કૃષક જાતિ. 'કુનબી' નામ ઉત્તર ભારતમાં 'કુરમી' થઈ જાય છે. ગંગાના કિનારા ઉપર તથા નદીની દક્ષિણમાં આ જાતિની ઘણી વસ્તી છે.

આજ જ્ઞાતિના લોકોને ગુજરાતમા કણબી-કુનબી – તથા મહારાષ્ટ્રમાં અને મધ્યપ્રદેશમાં કુનબી તથા દક્ષિણ ભારતના કુનબીની તુલના મદ્રાસ તેલગુ પ્રદેશના નાયડૂ, કામ્પૂસ, રેડ્ડી અને અન્યત્ર વિવિધ નામે આ જ્ઞાતિ ઓળખાય છે.૭૨

કૃષિની શોધ સાથે કુટુમ્બ 'પરિવાર નામની સંસ્થાનો વિકાસ થયો. આજે પણ ભૂતકાળના પ્રાગ ઐતિહાસિક કાળથી લઈને વર્તમાન પરિવાર સામાજિક જીવનનાં એક એકમ મનાય છે. ઋગ્વેદમાં પરિવારને 'કુટુમ્બ અથવા કુળ' કહ્યું છે. પ્રત્યેક કુળના વડાને 'કુલુપ' અથવા ગૃહપતિ કહેવાતો. તેવા પ્રકારના કુળ ભેગા મળીને ગ્રામ બનતું અને ગ્રામનો વડો 'ગ્રામીણ' કહેવાતો. મોટા ભાગનાં ગામોમાં 'પટેલ' અને 'મુખી' નાં મહત્વના પદ પર પાટીદારો હતા.૭૩ ગ્રામનાં સંગઠનોને 'જન' તરીકે ઓળખવામાં આવતું. દરેક 'જન' નું રક્ષણ એક યોધ્ધા કરતો અને તેની દેખભાળ કરતો હતો; જનનો અધિપતિ 'ગોપતા' એટલે રક્ષક તેને 'બાતપતિ' પણ કહેવામાં આવતો. આ બધાં કુલપો તેની આજ્ઞાનું પાલન કરતા હતા અને નિશ્ચિત બની ખેતી કરતા હતા. કુલની મહત્તાના કારણે કુલીન કહેવડાવવાનું ગૌરવ અનુભવતા હતા. જેના 'કુલ' અને 'ગોત્ર' ની જાણકારી ન હોય તેના વિવાહ અટકી જતા. કુટુંબ સંસ્કાર અને સંસ્કૃતિનો પાયો હતો. કુટુમ્બીમાંથી 'ટુ' નો લોપ થતાં, કુમ્બી, કુર્મી, કણબી, શબ્દો પ્રચલિત થયા. કુણથી કુલમ્બી થયો અને પછી કુલમ્બીમાંથી કુલવદી, કુલમી, કુલમ્બી, કૂરમી, કુમ્બી, કૂર્મા, કાપુ, કમ્મા, કૂર્મી ક્ષત્રિય, કૂર્મવંશીય ક્ષત્રિય વગેરે શબ્દો ભારતના વિભિન્ન ભાગોમાં પ્રચલિત બન્યા. ઋગ્વેદમાં કૂર્મી શબ્દનો પ્રયોગ ઈન્દ્રની કીર્તિ વધારવા માટે થયો છે. વૈદિક કાળના સુપ્રસિધ્ધ મનીષી કૂર્મના વંશજો કૂર્મીવંશી ક્ષત્રિય જ્ઞાતિ ભારતની જ નહિ પરંતુ વિશ્વની વિશુધ્ધ ક્ષત્રિય જ્ઞાતિ છે. કૂર્મી એટલે એ વ્યક્તિ જે જ્ઞાતિ અને જેનું કર્મક્ષેત્ર ભૂમિ છે.૭૪

૭૧. ભગવતસિંહજી, ભગવદ્ગોમંડલ, ભાગ-૩ પ્રવિણ પ્રકાશન પૃ.૨૩૩
૭૨. એનસાઈક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા- વો-૧૩, પ્રથમ આવૃત્તિ. ૧૯૨૯, પૃ.૫૧૭
૭૩. પટેલ.ભાઈકાકા. દ્યા, ગુજરાતના પાટીદારો, ભાઈકાકા ફાઉન્ડેશન, વલ્લભ વિદ્યાનગર, ૧૯૭૧, પૃ.૧૫
૭૪. રામ. સિયાસિંહ, ઉપર્યુક્ત. પૃ.૨૪

કણબી અને અન્ય જાતિઓના ઉલ્લેખવાળું આ કાવ્ય રસપ્રદ છે.

કુર્મવંશ, કુલવંશ, રાના વ પવાર આદિ,
ઠાકુર, ચંદેલ, ગુજરાતી જય સવાર રૈ.
ઘોડે ચકે સિંગ શૈર, કાન્ય કુલ્જ કચ્છવાહ,
ઔ સેગર, સોલંકી, પદુવંશ, સૈઢવાર હૈ.

કર્મકુલ લવકેશ તેલંગ, મૈસલ આન્દ્રા
કૂર્મ ચંદેરી ચન્દ્રનીય કટિયાર હૈ!

વૈસવાર વંશબાર ઔધિયા સપાન ઔર
ચૌધરી, ચૌહાણ, રાજપૂત પરુવાર હૈ! ૭૫

सपुत्कूर्मी नाम । एतद्वैसपंकृत्वा प्रजापतिः प्रजा असृबत पदसृजता ।
करोत्तघदकरोत्तस्मात्कूर्मः कश्यपो वै कूर्मस्तस्मादाहुः सर्वा प्रजाकाश्यप्य इति ॥

શતપથ, કા.૭,અ.૫, બ્રા.૧

कूर्ममुपदधाति । रसो वै कूर्मो रसमे वै तदुपदधाति पोवै सहषां लोकानामाप्सु।

प्रविद्वानां पराड् सोडत्पक्षरत्म एष कूर्मस्तवै तदुष्दधाति पावानुवैर रास्तावानात्मा सहष इमडण्वलोकाः ॥

શતપથ, કા.૬, અ.૫, બ્રા.૧

कूर्मःधौः स्वर्ग, अस्पास्तीकूर्मीः दिवस्पति, इन्द्र, स्वर्गपति

पूर्वीक्षितित्वं तुविकूर्मीन्नाशसो हवन्त इन्द्रोतपः।
तिरक्षिदर्पः सवना वसोगहि शविष्ट ब्रुधि मे हवम्

ઋગ્વેદ, મંડલ ૮મું, સૂક્ત પાંચ.

૭૫. કૂર્મી ક્ષત્રિય હિતૈપી, અંક-૧૪, ૧૯૧૨

अथपदि राजन्योपजते इन्द्रवाज्यं जपेन्द्रापवाचं
वदतेन्द्रवाजं जापपेति ज्ञतछं हीन्द्र ज्ञत्रंछ राजन्यः॥९॥

શતપથ, કા.૫, અ.૧, બ્રા.૧

त्रातारमिन्द्र मवितारमिन्द्रं हवे हवे सुहवं शूरमिन्द्रम् ।
ह्वपामिशक्रं पुसहूतमिन्द्रं स्वरितनो मघवाधात्विन्द्रः ॥

यजुर्वेद

આ મંત્રમાં પણ ઈન્દ્રને ત્રાતા આદિ વિશેષણો લગાડેલાં છે, તે પણ ક્ષત્રિયનો ભાવ બતાવી આવે છે. ભૂપતિ એ શબ્દનો પ્રયોગક્ષત્રિયને માટે જ થાય છે, તે બિના અનેક સંસ્કૃત ગ્રંથોથી સિધ્ધ થાય છે. પ્રાચીન અને અર્વાચીન સમયમાં ક્ષત્રિયો જ રાજકર્તા તરીકે બહાર આવેલા છે. અમરકોષના કર્તા અમરસિંહે પણ જેટલા ભૂપતિ-વાચક શબ્દો એકઠા કર્યા છે તે સઘળાને ક્ષત્રિયવર્ગમાં મૂક્યા છે. વળી, 'વીર્યવાન' આ વિશેષણ માત્ર ક્ષત્રિયાને જ લગાડી શકાય છે. તે માટે મનુ ભગવાન કહે છે.

विप्राणां ज्ञाना तो ज्यैष्टपं क्षत्रियाणां तु वीर्यतः।
वैश्यानां धशून्याधनतः द्राणामेव जन्नतः ॥१५५॥

(અ.૨)

અર્થ : બ્રાહ્મણોનું જ્ઞાન, ક્ષત્રિયોનું વીર્ય (બલ) વશ્યોનું ધન ધાન્ય અને શુદ્રોનું જન્મથી ચાકરી કરવી તે પ્રધાન કર્મ છે.

शौर्यं तेजो धृतिदक्षियं युध्धे वाप्यपलाायनम् ।
दानमीश्वरभावश्च ज्ञागं कर्म स्वभावजम् ॥

અર્થ : શૌર્ય, તેજ (તુંમત), ધૃતિ (ધીરજ), દાક્ષ્ય (ચતુરાઈ) યુધ્ધથી ભાગવું નહિ, ઉદારતા, તપ તથા ઈશ્વર પર ભાવભક્તિ એ ક્ષત્રિયના સ્વાભાવિક લક્ષણ છે.

ઉપરોક્ત વેદાદિ સત્ શાસ્ત્રો તેમજ ઈતિહાસ જોતાં કૂર્મીઓ પ્રાચીન કાળથી ક્ષત્રિય તરીકેની મહત્તા વિશે જાણી શકાય છે. તદ્ઉપરાંત અન્ય વૈદિકમંત્રો વડે સિધ્ધ થાય છે કે ખેતી કરવી તે શ્રેષ્ઠ કર્મ છે. એટલે કૃષિ સાથેના કૂર્મીઓના સંબંધથી તેમની ઉત્તમતામાં લેશ પણ ઉણપ આવતી નથી. કૂર્મીઓ હાલમાં કૂરમી, કૂળમી, કૂણબી અને કણબી વગેરે શબ્દોથી ઓળખાય છે. તે કૂર્મી શબ્દનું અપભ્રંશ સ્વરૂપ છે. એમ વ્યાકરણો મહાભાખ્યાદિ ગ્રંથમા ઉલ્લેભ પરથી માલૂમ પડે છે. જેમકે ઘણા સંસ્કૃતિ શબ્દોનો અપભ્રંશ થઈ ગયો છે, જેમકે અક્ષય તૃતીયા ને બદલે અખાત્રીજ, સૂર્યને

બદલે સૂરજ ગ્રામને બદલે ગામ, માતૃને બદલે મા, દેવાલયને બદલે દેવળ ઈત્યાદિ. એટલે મૂળ સંસ્કૃત કૂર્મી શબ્દના કાળે કરે ઘણા પ્રાકૃત શબ્દો થઈ ગયા છે; પરંતુ તે શબ્દોના સ્વરૂપમાં અસલ કૂર્મી શબ્દ સ્પષ્ટ દેખાઈ આવે છે.૭૬

કૂર્મી મહત્તા વિશે અંગ્રેજ ઈતિહાસકારોએ પોતના અભિપ્રાય રજૂ કરવા હતા જેમકે

૧) 'હન્ટર્સ સ્ટેટિસ્ટિકલ એકાઉન્ટ ઑફ્ બેન્ગાલ- ભાગ-૧૧
શિવાજી અને ગ્વાલિયર તેમજ સતારાના રાજાઓ કણબી વંશમાંથી ઊતરી આવેલા હતા.

૨) કોર્નેગીઝ રેસીઝ ટ્રાઈબ્ઝ એન્ડ કાસ્ટ્સ ઑફ્ આઉધ

ગ્વાલિયરના સિંધિયા, સતારાન રાજા અને નાગપુરના ભોસલે, કણ બીઓ હતા અથવા તેઓના જેવા જ હતા. મિ. કેમ્પબેલે દર્શાવ્યું છે કે, મરાઠાનું મૂળ "કૂર્મી" તત્વમાંથી હતું; અને શિવાજી તથા તેના ઘણા સરદારો કણબી હતા. ગોરખપુર અને ગુજરાતમાં પણ કણબી રાજાઓ છે.

૩) 'ઈલીઅટ્સ હીસ્ટરી, ફૉકલોર એન્ડ ડિસ્ટ્રિબ્યુશન ઑફ્ રેસીઝ'
મરાઠામાં કેટલાક કણબીઓ છે અને ગ્વાલિયર તેમજ સતારાના વંશ તે જ વર્ગના છે.

૪) 'રે.વ. શેરિઝ, ટ્રાઈબ્ઝ એન્દ કાસ્ટ્ઝ – ભા.૨જો (મુંબઈ ઈલાકો અને મધ્ય પ્રાંત)

પૂના જિલ્લામાં વારંવાર મરાઠા અને કણબીએ શબ્દો એકબીજાને માટે બોલાય છે. કૂર્મી અને કણબી ખરી રીતે એક જ વર્ગના લોકો છે. તેઓમાં કેટલીત જાતો છે. તેઓ અંદરો અંદર પરણતા નથી. તેઓ ઘણા ઉદ્યોગી, ખંતીલા, સાધારણ કરકસરવાળા, તંદુરસ્ત અને વ્યાવહારિક રીતે સુખી છે.

૫) ધ પ્રિન્સિપલ નેશન્સ ઑફ્ ઈન્ડિયા.

કણબી પોતાની સ્વતંત્રતા મેળવવાના શોખીન છે. નીચેની તેની કેટલીક કહેવતો છે.

૭૬. પરીખ. પુરષોત્તમ.લ, ઉપર્યુક્ત. પૃ. ૩૬

"જ્યાં ગાજવીજ થાય છે ત્યાં કણબીઓ જમીનદાર છે."
"કણબી વાંસે ક્રોડ કણબી કોઈ કેડે નહી."

૬) કર્નલ ડાલ્ટન

બંગાળમાં પહેલવહેલા આર્યો તરીકે આવેલા બિહારના કણબીઓ હોવાનું ડાલ્ટન જણાવે છે, અને કહે છે કે તેઓ ઘઉં વર્ણ, રંગના, સામાન્ય ઊંચાઈ અને સારા બાંધાવાળા તેમજ જરા ઊંચા કાઠાવાળા અને સાધરણ દેખાવડા હતા. તેમની વ્યવહારું રીતભાત માન ભરેલી છે. તેમના ગુરુ ન હોય તેવા બ્રાહ્મણના હાથનું રાંધેલું તેઓ ખાતા નથી, કેટલાક સ્થાનિક બ્રાહ્મણો તેમના હાથની મીઠાઈ ખાય છે અને તેમજ પ્રમાણે ઘણા લાયક ક્ષત્રિયો પણ વર્તે છે. બીજી બધી જ્ઞાતિઓ કોઈ પણ તરેહની આનાકાની સિવાય તેમના હાથની મીઠાઈ ખાય છે. અયોધ્યામાં તો તેઓ કહે છે કે, તેઓ ઘણા જૂના વખતના જમીનદારો છે. મિ. બૂટ કહે છે કે, લખનૌમાં પણ તેમજ છે. ત્યાં આગળ તેઓ હલકી જ્ઞાતિમાં ગણાતા નથી.

૭) સરકારી હુકમ નંબર ૨૫૧/૮-૧૮૬ અ-૬ નો સાર. (આઉધ તા.૨૧-૩-૧૮૯૬)

નામદાર સરકાર જણાવે છે કે, કણબીઓ એક ઉચ્ચ ખાનદાન કુટુંબના છે; માટે તેમને સરકારી નોકરી માંથી બાદ કરવા તે દિલગીત થવા જેવું છે.

૮) હિંદુસ્થાનનું ઈમ્પિરીઅલ ગેઝિટીઅર (નવી આવૃત્તિ) પુસ્તક ૫મું, પાન: ૯૭-૯૮, અમદાવાદ, ડિસ્ટ્રિક્ટ.

હિંદુઓમાં કૃષિકારોનો મુખ્ય વર્ગ કણબી, રાજપૂત અને કોળી છે. તેમાં બીજાઓ કરતાં કણબીઓ ખાસ અગત્યનો વર્ગ છે. કેટલાક સરકારી નોકરીમાં ઊંચી જગ્યાએ ચડેલા છે. કેટલાકોએ વ્યાપારમાં પૈસા મેળવેલા છે, પણ મોટો ભાગ ગુજરાતના ખેડૂત જમીનદારો તરીકે ખેતીવાડી કરે છે.

જો કે પાટીદાર અને કણબી પરસ્પર લગ્ન કરતા નથી તો પણ બંનેમાં કોઈ ખાસ તફાવત જેવું નથી; પરંતુ કણબીઓ રાજપૂતો કરતાં ચડિયાતા છે.

૯) રેવ. શેરિઝ હિંદુ ટ્રાઈલ્ઝ એન્ડ કાસ્ટ્સ- ભાગ-૩ જો પાન. ૨૫૮: હિંદુ જ્ઞાતિઓમાં સંબંધ

ખેતી કરતી જાતોમાં કૂર્મી-કણબી મુખ્ય છે. ખેતીવાડીનો ધંધો કરતી સઘળી જ્ઞાતિઓમાં તેઓ સારા આગળ પદતા છે. કણબીઓના પંજા તેમના રોજગારને લાયક કુદરતી રીતે જ મજબૂત હોય છે. તેમની ચામડીનો રંગ ઘઉંવર્ણો છે. – કાળો તો નહિ, પણ કાળાશ પડતો પણ નહિ.

અહીંના તેમજ ઉત્તર હિંદુસ્થાનના કૂર્મીઓ ઘણાખરા ઊંચા, મજબૂત, બહાદૂર, ઈજ્જતદાર અને સ્વતંત્ર વર્તનવાળા છે અને શુદ્રો-હલકી જ્ઞાતિઓમાં દેખાતા કોઈ અવગુણો તેમનામાં નથી. પણ ખામી એ છે કે તેઓ વિચાર શક્તિમાં જરા મંદ છે. પણ તેમના રોજગારને લઈને તેમાં નવાઈ જેવું નથી; કારણ કે દરેક દેશમાં ખેતીને લીધે ખેડૂતોની સમજ શક્તિ તેવી જ થાય છે. હલકી જ્ઞાતિઓમાં નહીં માલૂમ પડતા જુદા-જુદા ગુણો આ જ્ઞાતિમાં માલૂમ પડે છે; અને ઉચ્ચ જ્ઞાતિઓમાં ધ્યાન ખેંચવા જેવી રીતભાત તેમનામાં હોય છે. ઉચ્ચ જ્ઞાતિની મુલાકાત દરમિયાન હલકી જ્ઞાતિના લોકોમાં દેખાતી ભયભીતતા તથા હલકી તાબેદારી તેઓમાં બિલકુલ નથી. વળી અસલ કણબીઓ બીજી રીતે સામાન્ય જુસ્સામાં રાજપૂતોને દરેક રીતે મળતા આવે છે. તે રાજપૂતોના જેવા ધૈર્યવાન અને હિમ્મતવાળા હોય છે. તેઓમાં અપ્રમાણિકતા અને તાત્કાલિક ગ્રાહ્યશક્તિ નથી. તેઓ બ્રાહ્મણથી કેટલીવાર જુદા પડે છે. રાજપૂતો તેમના નમૂના છે. જો તેઓને સારા સંયોગોમાં મૂકવામાં આવ્યા હોય તો તેના નમૂના પ્રમાણે બની જાય તેમાં લેશ પણ શંકા નથી. વળી, તેમની મુખમુદ્રા બિલકુલ હલકી જ્ઞાતિઓ જેવી નહીં પણ રાજપૂતના જેવી છે. એ વાત સાચી છે કે તે રાજપૂતના જેવા વધારે રૂપાળા કે સુંદર નથી, તેમ છતાં પણ તેમના જેવા જ ચહેરાવાળા અને તેવા જ દેખાવના છે. જોકે, ઉપરાંત સહનશીલતા અને શાંતિ છે. તો પણ તે સઘળા ઉપરાંત ખરા હિંદુઓનું આજે મુખ્ય અને પ્રશસ્ય ભૂષણ સ્વમાનની લાગણી તે તેમનામાં છે. જેમ તે વારંવાર દેખાય છે. તેમ ગરીબ હોય તો પણ તેના પ્રારબ્ધના આધારે તેની મહત્તાનો ભોગ આપતો અને મનની કંગાલિયત ભરેલી સ્થિતિમાં અદેખાતો, તમે તેને કદી જોશો નહિ. ઈંગ્લેન્ડના ખેડૂતો કરતાં મુકાબલે અતેઓ સાંસારિક સ્થિતિમાં સારા ને ઊંચા છે અને વારંવાર બીજાઓ તરફથી તેઓ રૂઆબ પૂર્વક વધારે માન મેળવે છે. રાજપૂતોની મગરૂબી અને બ્રાહ્મણોના મિથ્યાભિમાનમાં નહીં જણાતું આવું માન તેમને તેમની ઉચ્ચ પદવીને લીધે મળે છે.

૧૦) ફાર્બસ સાહેબની રાસમાળા- ભાગ-૨જો પાન.૨૮૬-૯૩.

ગુજરાતમાં ઘણાખરા ખેડૂતો કણબી છે, છતાં તેમની ઉત્પતિ ક્ષત્રિયથી થયેલી છે. તેઓ ઘણાખરા ક્ષત્રિયો જેવા વિશેષણોથી ઓળખાય છે. તેમના અન્ય જે તદ્દન ગરીબ ખેડૂતો છે તેમને પણ ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા છે તે સ્થિતિએ તેઓ આશ્ચર્યકારક રીતે માફક આવે છે.

૧૧) બોમ્બે ગવર્નમેન્ટ ગેઝિટીઅર- ભાગ-૪થો, અમદાવાદ, પાન. ૩૬૧-૫૧

કેટલાક કણબીઓ કારીગર છે; કેટલાક સરકારી નોકરીમાં મોટા હોદ્દેદાર છે. કેટલાકે વેપાર વાણિજ્યમાં સારી દોલત જમાવી છે. પણ બીજા ઘણા ખેડૂતો છે તો પણ તેઓ ઘણા સદ્‌ગુણી, શરમાળ, શાંત, ઉદ્યોગી, લગ્નના અને મરણના ખર્ચા સિવાય સાદા અને કરકસરીઆ, ગુના અને અપલક્ષણોથી દૂર રહેનારા અને કેળવાયેલા ઉત્તમ ખેડૂતો છે, પહેલાં જ્યારે ગામડાઓમાં કાઠી

વગેરેનાં ધાડાં પડતાં અત્યારે કાં તો તેમનું સમાધાન કરી સંતોષવા કે પછી આ બહાદૂર કણબીઓ અને રજપૂતો મળી જીવ ઉપર આવી લડીને તેમને હઠાવતા.


૧૨) બોમ્બે ગવર્નમેન્ટ ગેઝિટીઅર વો.૧, ભાગ.૧, પાન.૪

'The Main Gurjar Under layer are the Levas and kardas, the two leding divisions of the Important class of Gujarat Kunbis'

ગુજરાતમાં આવી વસેલા ગુર્જરોનો મુખ્ય કડવા અને લેઉવા છે, જેઓ ગુજરાતની કણબી જ્ઞાતિના બે અગત્યના આગેવાન વિભાગ છે.

પાટીદારની જથ્થબંધ વસ્તી જે જે ગામોમાં વસે છે તેમના ઈતિહાસ ઉપરથી જણાય છે કે એક પુરુષને તાબે જથ્થબંધ ઘણી જમીન હતી અને તેથી પ્રોતીદાર કે પાટીદાર એવું નામાભિધાન હોય તેમ માલૂમ પડે છે.૭૭

રાવબહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, 'ગુર્જરો માળવાથી દક્ષિણ તરફ બાનદેશમાં આવ્યા અને રતલામ-દાહોદના રસ્તે પશ્ચિમ તરફ ગુજરાતમાં આવ્યા હોય તેવી ધારણા કરે છે. જે ગુર્જરો ખેતી કરવા લાગ્યા તે "કુટુંબિન અથવા 'કણબી' તરીકે ઓળખવા લાગ્યા હતા. ગુજરાતના કણબી પંજાબ અને માળવાના ગુર્જરોને ઘણા મળતા આવે છે.૭૮ તદ્ઉપરાંત શ્રી. નરસિંહરાવ ભોળાનાથે 'કણબી' શબ્દનો અર્થ અને સમજૂતી "ધી હિસ્ટરી ઑફ ગુજરાતી લૅંગ્વેજ"માં આપી છે તેઓ કણબી શબ્દની ઉત્પતિ નીચે પ્રમાણે આવે છે.



૭૭. પટેલ. મોતીલાલ, ભી, નીતિ દર્શક પટેલ પુસ્તક, વિજયપ્રવર્તક પ્રેસ, અમદાવાદ, ઈ.સ. ૧૮૯૨, પૃ.૫૯.
૭૮. રાવ. મહેન્દ્ર. એફ, ભારતની સામાજિક સંસ્થાઓ, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૬. પૃ.૧૧૨

જે. એચ. હટનના પુસ્તક 'હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા' માં જણાવ્યું છે કે. પશ્ચિમ હિંદપ્રદેશ પર ફેલાયેલી ખેતી કરનારી કણબી જ્ઞાતિ છે. તેઓ પશ્ચિમ હિંદના વિશિષ્ટ પ્રકારના ખેડૂતો હોઈ ઘણુ કરીને તેમના માંથી જ બહાદુર અને લડાયક મરાઠાઓ લશ્કર માટે સિપાઈઓ અને લડવૈયાઓ મોટા પ્રમાણમાં ભરતી થતા. તદૂઉપરાંત આગળ જણાવે છે કે, કણબીઓમાં કડવા કણબીને નામે ઓળખાતી એક જ્ઞાતિનો એવો દાવો છે કે શિવની પત્ની, દેવી પાર્વતીએ પોતાની કેડના પરસેવામાંથી તેને ઉત્પન્ન કરેલ છે, તે જ્ઞાતિના લોકો કડી જિલ્લામાં આવેલ ઊંઝાની દેવી ઉમિયા માતાને પૂજે છે. અને તેમનામાં નવથી બાર વરસના ગાળામાં 'જ્યારે માતા બોલે' ત્યારે એક જ વાર લગ્નો થાય છે, અને માતાનો બોલવાનો એ વખત ભવિષ્ય ભાખનાર જોશી નક્કી કરી આપે છે.

ગર્ભમાં રહેલા બાળકનાં પણ એ વખતે લગ્ન કરવામાં આવે છે, અને લગ્નની વિધિ કરતી માતાઓ એની સમજૂતિ રાખે છે કે બાળકો ભિન્ન લિંગના હોય તો જ તે અમલી બને. માતા બોલે તે વખતે જે કન્યાઓ માટે વર ન મળે તેમને ફૂલના ઝૂમખા સાથે પરણાવવામાં આવે છે. અને પછી તે ઝૂમખું કુવામાં કે નદીમાં પધરાવી દેવામાં આવે છે.૭૯ તે પછી એ કન્યા પ્રસંગ મળતા વિધવા તરીકે પુન:વિવાહ કરી શકતી.૮૦

ચાર્લ્સ કૂલેના મત મુજબ 'જ્યારે એક વર્ગ દ્રઢતા પૂર્વક વંશાનું સંક્રમણ વર્ગ આધારિત હોય ત્યારે તેને જાતિ કહેવામાં આવે છે.૮૧ જોકે તે સંદર્ભે વિદ્વાનોમાં વિવિધ મતભેદ પ્રવર્તે છે. એન. કે.દત્તે જ્ઞાતિની વ્યાખ્યા આપવાને બદલે તેના લક્ષણો દર્શાવ્યા છે. જેમકે

૧] જ્ઞાતિના સભ્યો જે તે (જ્ઞાતિના) જુથની બહાર લગ્ન કરી શકતા નથી.

૨] પ્રત્યેક જ્ઞાતિમાં અન્ય જ્ઞાતિઓની સાથે ખાનપાનના સંબંધી કંઈ ને કંઈ પ્રતિબંધ હોય છે કે જે લગ્ન અંગેના પ્રતિબંધ કરતા હળવા હોય છે.

૩] મોટા ભાગની જ્ઞાતિઓના વ્યવસાયો નિશ્ચિત હોય છે.

૪] જ્ઞાતિઓમાં ઊંચનીચની સ્તર રચના હોય છે. આ બધામાં બ્રાહ્મણ જ્ઞાતિની સ્થિતિ સૌથી ઊંચી હોય છે.

૫] જન્મથી વ્યક્તિની જ્ઞાતિ તેના સમગ્રે જીવન માટે નક્કી થાય છે. સિવાય કે જ્ઞાતિના નિયમોના ભંગ માટે તેને જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે. અન્યથા બીજી રીતે એક જ્ઞાતિમાંથી બીજીમાં જવું શક્ય હોતું નથી.

૬] આવી સંપૂર્ણ વ્યવસ્થાના કેન્દ્રમાં બ્રાહ્મણોની પ્રતિષ્ઠા હોય.

૭૯. હટન. જે. એચ, હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા તેનું સ્વરૂપ, કાર્ય અને ઉત્પતિ. (ગુ.અનુવાદ, પાડુંરંગ, દેશપાંડે) ૧૯૬૦, પૃ.૨૮

૮૦. દેસાઈ, ગ્લસરી ઑફ કાસ્ટસ એહ એરા, પૃ.૪૩

૮૧. કૂલે. સી.એચ, સોશલ ઓર્ગેનાઈઝેશન, પૃ.૧૧

જ્ઞાતિ અને જાતિના સંદર્ભે સમજ બાદ ગુજરાતમાં પાટીદાર જ્ઞાતિના વિભાગો તથા તેમની પરંપરાઓ, મૂલ્યો, સામાજિક અને ધાર્મિક ખ્યાલોના સંદર્ભે અભ્યાસ કરીશું.

ગુજરાતની કણબી જ્ઞાતિ ચાર મુખ્ય પેટા વિભાગોમાં વહેંચાયેલી હતી.

(૧) લેઉવા (૨) કડવા (૩) આંજણા (૪) મતિયા.

આંજણા અને કડવા કણબીઓ ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ સંખ્યામાં કેન્દ્રિત હતા. જ્યારે મતિયા કણબીઓ સુરત જિલ્લામાં જલાલપુર તેમજ બારડોલી તાલુકામાં સ્થાયી થયા હતા.

લેઉઆ પેટા વિભાગ સૌથી વધુ પ્રતિષ્ઠિત ગણાતો અને તે ચરોતરમાં વર્ચસ્વ ધરાવતો હતો. ઈ.સ. ૧૯૦૧માં પ્રસિધ્ધ થયેલા 'ગુજરાત ગેઝિટિઅર' પ્રમાણ ઓગણીસમાં સૈકાના અંતમાં આંજણા, કડવા, લેઉવા અને મતિયાઓની કુલ વસતિ, ૧૪ ,૧૦,૪૨૨ હતી. જે ગુજરાતની કુલ વસતિના ૧૪.૬% હતી. ઈ.સ. ૧૮૯૭ના વસ્તી ગણતરી રિપોર્ટ મુજબ ગુજરાતના વિવિધ જિલ્લામાં કણબીઓની વસ્તી નીચે મુજબ વહેંચાયેલી હતી.

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કણબીઓની વસ્તી

	અમદાવાદ	ખેડા	પંચમહાલ	ભરૂચ	સુરત	દેશી રાજ્યો	વડોદરા	કુલ સંખ્યા
આંજણા	-	-	-	-	-	-	૩૧, ૪૮૮	૩૧,૪૮૮
કડવા	૭૬,૧૩૮	૧૨,૬૯૦	૪૫૭	૬,૩૭૧	૧૧,૯૪૫	૯૨,૬૩૬	૨,૦૦,૦૫૮	૪,૦૦,૨૯૫
લેઉઆ	૩૦,૨૧૫	૩૨,૪૮૧	૫,૮૪૩	૧૪,૫૮૧	૨૦,૭૫૭	૧,૬૦,૧૮૯	૧,૯૯,૧૬૯	૫,૬૮,૧૮૫
અન્ય કણબીઓ	૫,૫૫૨	૭,૬૦૯	૨૦૧	૪,૨૪૨	૬૮૧	૩,૭૬,૧૦૧	૯,૩૩૨	૪૦૫,૭૧૮
મતિયા	-	-	-	-	૪,૪૮૫	-	૨૫૧	૪,૭૩૬
કુલ કણબીઓ	૧,૧૦,૯૦૫	૧,૫૨,૭૮૦	૬,૫૦૧	૫૨,૧૪૪	૩૭,૮૬૫	૬,૩૦,૯૨૬	૪,૪૦,૨૯૮	૧૪,૧૦,૪૨૨

જ્ઞાતિના અનેક વિભાગોના સંદર્ભ જુદા-જુદા મતમતાંતરો પ્રવર્તે છે. જ્ઞાતિએ મુખ્ય સંજ્ઞા ગણીને 'કડવા' અને 'લેઉવા' એ વિભાગ ગણવામાં આવે છે. **ઈ.સ. ૧૮૮૭ માં "મંછારામ ઘેલાભાઈ" કૃત 'લેઉવા અને કડવા કણબીનનો ઝઘડો' નામની કૃતિમાં જણાવ્યું છે કે, કડવા પાટીદાર અને લેઉવા પાટીદાર તેમજ કડવા કણબી અને લેઉવા પાટીદાર એવા વિભાગ હતા.**[૮૨] કણબીના વિભાગમાં ઉપર જણાવ્યા મુજબ અમદાવાદી, પાટણવાડિયા, વડોદરિયા, નાગરવાડિયા, વ્યવસાય પ્રમાણે (દાળિયા) વગેરે ધર્મ પરત્વે ઉમદા આચારવિચારને લીધે આંજણા, બાયડ પણ ગણાતા.[૮૩]

૮૨. મંછારામ ઘેલાભાઈ, લેઉઆ અને કડવા કણબીનો ઝઘડો, ઈ.સ.૧૮૮૭, સુરત. પૃ.૧

૮૩. પટેલ. મંગુભાઈ, રાયબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી, ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતા, ૨૦૦૭, અમદાવાદ, પૃ.૧૪

'ડેવિડ પોકોક' અને 'ડેવિડ હડિમેન' જેવા વિદ્વાનોએ જણાવ્યું છે કે તે મુજબ લગભગ ઓગણીસમાં સૈકાની શરૂઆતથી લેઉવા કણબીઓ ફળદ્રુપ એવા ચરોતરના પટ પર પથરાયેલા હતા અને તેઓ ખેતી દ્વારા સમૃધ્ધ થઈને એક કુલીન વર્ગ તરીકે ખ્યાતિ પામ્યા હતા. જેમ જેમ બ્રિટિશ સરકાર જૂની વહીવટી અધિરચના તોડતી ગઈ તેમ તેમ તુલનાત્મક દ્રષ્ટિએ લેઉવા કણબીઓનું વર્ચસ્વ વધતું હતું. તેમની જ્ઞાતિમાં સ્થળ પરત્વે નીચે મુજબ જુદા-જુદા જથ્થા બંધાયેલા હતા. ચરોતર, કાનમ, વાકળ, દશકોશી, રાજપરા, અમદાવાદી, સુરતી, વડનગરી.

"વડનગરા કણબીની ઉત્પત્તિ" નામક પુસ્તકના લેખક ડાહ્યાભાઈ લક્ષ્મણદાસે પટેલ જ્ઞાતિના ઈતિહાસ અને ઉત્પત્તિના સંદર્ભે ઈ.સ. ૧૯૦૬માં લખ્યું હતું. પરંતુ લેખકે કડવા-લેઉવા વિભાગ સંદર્ભે પરંપરાગત અને કથાના અનુરૂપ લખાણ લખી, કડવા કણબીની ઉત્પત્તિના શ્રધ્યે સમજવું તે અયોગ્ય છે. પરંતુ **કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ પુસ્તકના લેખક, પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ** જણાવે છે જે કે "પાટીદાર જ્ઞાતિમાં વિભાગો પાડવા માટે વિવિધ કારણો જવાબદાર હતા. જેમકે કન્યાની અછતના કારણે અંદર અંદર એકડા કરી ગોળ બાંધ્યાં. એટલે વિભાગ પડ્યા. સ્થિતિ, રીત-રિવાજ, લાયકાત, આચાર વિચાર, ધર્મ, વ્યવસાય, સ્થળ, કુટુંબ અને પક્ષપાત તેમજ મિથ્યાભિમાનથી એકડા અને વિભાગો પેદા થયા હતા."૮૪ લેઉવા અને કડવા પાટીદારમાં અરસ-પરસ કન્યા વ્યવહાર ન હતો. કડવા પાટીદારનાં લગ્ન દસથી બાર વર્ષ આવતો અને તેમનામાં નાતરો થતાં, માટે લેઉવા પાટીદાર તેમનાથી જુદા પડતા. લેઉવામાં નાંતરા કરનાર કણબી કહેવાતો, નહીં કરનાર પાટીદાર. પાટીદાર અને કણબી વચ્ચે કન્યા વ્યવહાર છૂટથી ચાલતો ન હતો; પણ પાટીદાર કણબીની કન્યા લઈ શકતો, પરંતુ પોતાની કન્યા કણબીને આપી શકતો નહિ. આ જ્ઞાતિના તમામ વિભાગો (એકડાઓ) મહદ્અંશે ભેગા કરવાનું કામ ખેડા જિલ્લાના માજી કલેક્ટર મે. શેફર્ડ અને નડિઆદના દેસાઈએ પ્રયત્ન કર્યો હતા. તેમજ લગ્ન સંબંધી અંગ્રેજ સરકાર તથા ગાયકવાડ સરકારથી રકમો ઠરાવી આપ-લે કરવાના નિયમો બંધાયા હતા. સુધારાવાદીઓને તેઓ હલકા કૂળના ગણતા હતા. આ જ્ઞાતિમાં તડ નથી પણ બે મુખ્ય તડ ગણી શકાય.

૧] બાર ગામો

૨] બીજાં ગામો

બાર ગામમાં પણ છ ગામ અને છ ગામનાં તડ પડેલાં હતા. બીજાં ગામોમાં પણ તડ પડેલાં હોય, આણંદ વગેરે ૭૧ ગામો, કાનમનો જથ્થો અને બીજાં ગામોનાં જુદા-જુદા નાના ગામો જેવા કે બુવા, તરાસરા, રસભાણ, ગિડેશ્વર, ભેરસમ, વેરિપત, ડાભા, જંબુસર, આમોદ વગેરે ગામો.૮૫

૮૪. પરીખ. પુરષોત્તમ. લ, કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ ઊંઝા, ઈ.સ. ૧૯૧૩, પૃ.૧૨૦
૮૫. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૧૫

આ પૈકી મુખ્ય બે તકો આશરે ૩૫૦ વર્ષથી પડેલાં હતા. કણબી જો નાંતરાં બંધ કરે અને જમીન ખરીદીને કે બીજી રીતે તેના માલિક થાય તો તેનું કુટુંબ બે-ત્રણ પેઢીએ 'પાટીદાર'ના વર્ગમાં ગણાતું. લેઉવા પાટીદારોની જ્ઞાતિમાં થયાં હતા. અમદાવાદવાળા, ચરોતરવાળા, વાકળવાળા, કાનમવાળા*, રેવાકાંઠાવાળા, સુરતવાળા, વડોદરાવાળા વગેરે. અમદાવાદવાળા ચરોતરમાં બાર ગામવાળાને કન્યા આપતા નહિ. ચરોતરવાળા કાનમ-વાકળમાં કન્યા આપતા નહિ. કાનમવાળાને વાકળવાળા-રેવાકાંઠાવાળા કન્યા આપતા નથી, કાનમવાળાને વાકળાવાળા અને રેવાકાંઠાવાળા સુરતવાળાને આપતા નહિ. એથી ઉલટું સુરત તરફના તે વખતે રેવાકાંઠાવાળાને આપતા, રેવાકાંઠાવાળા, કાનમ વાકળવાડાને આપતા, કાનમવાળા ચરોતરવાળાને, ચરોતરવાળા પરસ્પર પોતાના જથ્થામાં આપતા નિષેધકન્યા લાવવાની બાબતમાં ન હતો પરંતુ કન્યા આપવાની બાબતમાં જેથી સમાજમાં કુલીન અને અકુલીન કુટુંબનો ખ્યાલ પ્રચલિત બન્યો હતો.[૮૬]

લેઉવા અને કડવા પાટીદાર જ્ઞાતિના રિવાજોનું સામ્ય તપાસવા માટે વડોદરા હજૂર હુકમ નં. ૬, તા-૮-૧૦-૧૯૦૪ માં સયાજીરાવ ગાયકવાડની આજ્ઞા અનુસાર દીવાન વાસુદેવ ગોપાળ ભંદારકર, શ્રી હરગોવિંદ કાંટાવાળા, શ્રી છગનલાલ મોદીની કમિટી નીમી હતી. જે કમિટીએ પાટીદાર જ્ઞાતિઓના રીત-રિવાજની તપાસ કરેલી.

બે જ્ઞાતિઓ વચ્ચે જે તફાવત જણાયો તે નીચે મુજબ છે.

૧] કડવા પાટીદાર લગ્ન દસથી બાર વર્ષે એક જ મિતિએ કરે છે.

૨] કડવા પાટીદારમાં નાતરાં થાય છે.

૩] લેઉવામાં નાતરાં કરનાર કણબી કહેવાય છે, નાતરાં ન કરનાર તે પાટીદાર ગણાય છે.[૮૭]

આ રિવાજોના ફેરફાર સિવાય બાળકના જન્મથી લઈને મરણ પર્યંત સુધીના લેઉઆ-કડવા પાટીદારોના દરેદ-દરેક રિવાજો પૈકી થોડા રિવાજોમાં નજીવા ફેરફાર સિવાય એક સરખી રીતે સામ્ય ધરાવતા હતા.

* મહી અને નર્મદાની વચ્ચે પાવાગઢની તળેટીથી ખંભાતના અખાત સુધીના ભાગમાં કાળી જમીનના ભરૂચ જિલ્લાના ભાગને 'કાનમ' કહે છે. પટેલ. ભાઈકાકા, ચરોતરોના પાટીદારો,પૃ.૧૩

૮૬. પટેલ.ચંદ્રકાંત, ચરોતરના પાટીદારો. આણંદ, ૨૦૧૦. પૃ.૩૩

૮૭. અમાની, પાટીદાર જ્ઞાતિના સાંસારિક રીતરિવાજોનું એકીકરણ વડોદરા, ૧૯૧૦, પૃ.૪

ગુજરાતના સુલતાન મોહમદ બેગડા (ઈ.સ. ૧૫૫૪ થી ૬૦) એ ખેતીની જમીનોના માલિકી હક્કો કાયમી કરી આપ્યા. દરેક ગામડું એક માણસને (પટેલને) સોંપવામાં આવ્યું; જે સરકારી જમીન મહેસૂલના આંકડાની જવાબદારી તથા ગામની સામાજિક અને અન્ય પ્રવૃતિ માટે જવાબદાર હતા.[૮૮]

ઈ.સ. ૧૬૩૦ માં શાહજહાંના સમયે ભયંકર દુષ્કાળ પડ્યો હતો. આ સમયે મહેસૂલના આંકડાની જવાબદારી સ્વીકારનાર ગામડાંઓના મુખ્ય વડીલ ઉપર અમીનો અને કરોડિયાનો ત્રાસ શરૂ થયો, જેથી મુખ્ય વડીલ આગેવાને ગામની જમીનોની પ્રાતી (ભાગો) પાડી સરકારનો આંકડો ભરવાની જવાબદારી વહેંચી નાખી આવા ગામડાંઓની (પ્રાંત-ભાગ) મેળવનાર કણબીઓ પાછળથી ગામની જમીનનાં પ્રાંતીદાર (ભાગીદાર) થયા. પાંતીદારના પાટીદાર થયા, જે ગામડાંઓએ આવી આંકડાની જવાબદારીઓ સ્વીકાર ન કર્યો; પરંતુ ખીતી કરી 'ધારો (મહેસૂલ) ભરવાનું સ્વીકાર્યું તે કણબી કહેવાયા.[૮૯] આ પ્રમાણે કૃત્રિમ રીતે કણબી પાટીદાર ભેદ રેખા શરૂ થઈ હતી.

૧.૪. કડવા પાટીદાર જ્ઞાતિના રીત-રિવાજો

સમાજમાં પ્રચલિત રીત-રિવાજ, પ્રથા વગેરેને સમજતા પૂર્વે પ્રથા-પરંપરા સંદર્ભે સમજ મેળવવી આવશ્યક છે.

प्राचीन-काल में जब राज्य का उदय नहीं हुआ था समाज का शासन 'प्रथाओं' द्वारा होता था। समाज को जो व्यवस्था आवश्यक लगी वह चल पडी और जो देर तक चलती रही, वह 'प्रथा' हो गई। अब इस 'प्रथा' को तोड़ना कठिन हो गया। जो इस 'प्रथा' को तोड़ना, उसका बहिष्कार हो जाता। जब समाज में राज्य का प्रादुर्भाव हुआ, तब 'प्रथा' का स्थान 'कानून' ने ले लिया। कभी-कभी तो 'प्रथा' तथा 'कानून' ऐसे थे जिनकी परिस्थितियों के अनुसार आवश्यकता थी, कभी-कभी ऐसी स्थिति भी उत्पन्न होती रही जब परिस्थितियाँ बदल गई, परन्तु 'प्रथा' तथा 'कानून' वही रहे। जब ऐसी स्थिति उत्पन्न हो जाती है, तब दो बाते होती है। या तो लोग स्वयं उस 'प्रथा या कानून' को बदलने का आन्दोलन करते है, या राज्य के हस्त-क्षेप से वह 'प्रथा या कानून'

૮૮. પટેલ. ભાઈકાકા. ઘા, ઉપર્યુક્ત. પૃ.૨૬

૮૯. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૨૩

बदल कर नवीन परिस्थितियों के अनुसार नया कानून बना दिया जाता है। जब व्यक्तियो द्रारा 'प्रथा या कानून' को बदलने का आन्दोलन होता है तब उसे 'सुधार' क्ष्ैफोरमज्ञ कहते है, जब राज्य कें हस्तक्षेप से यह कार्य होता है तब उसे 'कानून' क्ष्लभज्ञ या विधान क्ष्ल्गेसिलातािनज्ञ कहते है।૯૦

ઉપરોક્ત સંદર્ભથી કડવા પાટીદાર સમાજમાં પણ વિવિધ દૂષણો, કૃપ્રથાઓ પ્રચલિત હતી. જેમકે....

૧.૪.૧ કુળવાન- અકુળવાન નો ખ્યાલ

વહીંવચાના ચોપડાના દાખલાઓ, પરંપરાની દંતકથાઓ તથા અવલોકનો ઉપરથી જણાય છે કુળનો ભેદ મુખ્યત્વે કરીને વિસ્તૃત જમીનની માલિકી, બાપદાદાનો પરાક્રમો, રાજ્ય સાથેના સંબંધો (દેસાઈગીરી, અમીનાત,, મુખીપણું, પટલાઈ વગેરે) ન્યાતમેળો, સાર્વજનિક અને ધાર્મિકદાન, લગ્ન વખતની લેવડ-દેવડ, આર્થિક સધ્ધરતા વગેરે કારણોને લીધે ઉદ્ભવ્યો હશે, તેમ સમજી શકાય છે. બહોળી પાટી ધારણા કરનાર મનુષ્યના કુટુંબ તરફ કન્યાઓની લેવડ-દેવડ સંબંધમાં ન્યાતના લોકોને પક્ષપાત થતો તેનું કારણ એ છે કે તેમને કન્યાઓ આપવાથી ખાનદાન કુટુંબ સાથે નાતો બંધાય, જેથી બીજાઓ આવાં કુટુંબોને વિશેષ પ્રમાણમાં કન્યા આપવા લાગ્યા હતા. પાટડી, વિરમગામ, બાવળા, ચાણસ્મા, લાડોલ, ગોગિરિયા અને અમદાવાદની પોળોમાં થયેલી લેવડ-દેવડો આનું ઉદાહરણ છે. પરિણામ એ આવ્યું કે આવા કુટુંબ માટે કન્યાઓનો સુકાળ થયો, પરંતુ બીજાઓ માટે કન્યાઓનો દુકાળ થયો તેના પરિણામે લેવડ-દેવડની વાડાબંધી શરૂ થઈ અને ગોળનો જન્મ થયો. લેવડ-દેવડના નિયમો થયા. આર્થિક માપદંડ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ બહુપત્નીત્વ અને વાંઢા (લગ્ન નહી કરનાર) રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. પરિણામે સાટાંપેટાં શરૂ થયાં. કન્યાઓને દુ:ખ આપવાનું ખાનદાની સાથે શરૂ થયું. દહેજ પ્રથાનો વિકાસ થયો, કન્યા વિક્રયનો રિવાજ શરૂ થયો હતો.૯૧

૯૦. सत्यव्रत सिध्धन्तालंकार, समाज-कल्याण तथा सुरज्ञा विद्या-विहार, देहरादुन, १९६० पृ ८४

૯૧. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ.૧૨૩

બેચરદાસ લશ્કરી કે જેઓ કડવા કણબી જ્ઞાતિના કુરિવાજો સામે રાજકીય રીતે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ઉપરોક્ત પરિસ્થિતિના કારણે નાનાં ગોળ બંધાવાના શરૂ થયાં હતા. કોઈ વ્યક્તિ યુધ્ધ અથવા બીજા અન્ય પ્રસંગે રાજકીય સેવાઓ બજાવીને જમીન-જાગીર વગેરે મેળવી હોય તો તે પણ કુળવાનમાં ગણાતો. આ કારણથી તેઓ રાજ્ય સન્માન અને પસાવતા વગેરેના લાભ મેળવી શકતા હતા. વિરમગામના દેસાઈઓ, ઊંઝાના પાટીદારો, પાટડીના દેસાઈઓ, ગોઝારિયાના અમીનો અને લેઉઆ પાટીદારમાં વસોના દેસાઈ અને નડિયાદના દેસાઈઓ તેમજ પાદરાના દલા પટેલના વંશજો આનાં ઉદાહરણો છે.[૯૨]

ગુજરાતના મુસ્લિમ શાસન દરમિયાન અને ગાયકવાડ શાસન દરમિયાન તેમજ બ્રિટિશ શાસન વખતે ઘણા પાટીદારોને માનમરતબા અને ખિતાબો મળેલા. તેઓ ઘણા ઊંચા કુળવાન ગણાતા હતા.

વર્તમાન સમયથી બસો વરસ પૂર્વથી ન્યાત લોકોને જમાડીને જશ મેળવવાની વૃત્તિ ચાલતી જેથી તે ઉચ્ચકુળવાન ગણાતો. "જમી જાણવા કરતાં જમાડી જાણવું" એ વધારે સારું છે એમ માનનારના અમદાવાદની પોળમાં વિશિષ્ટવર્ગ બંધાયો હતો.[૯૩] અને તેમનામાં દસૌયાં ખાવાનો ચાલ પણ બંધાયો હતો " જે લોકો આ વરાઓ ન પોસાય અને બંધ થવા જોઈએ તેમાં માનતો તેનું કુલ નીચું ગણાતું" વરામાં "ઘી" ની છોળો વધારે ઊડે, લગ્નમાં વાઢીએ અને બાંધેણે ઘી પીરસે તે વધારે કુળવાન ગણાતો હતો. કડવા પટેલો સામાજિક ખર્ચામાંથી બચી શક્યો હોત તો તેમની સ્થિતિ બંગાળના જમીનદારો જેવી હોત.[૯૪] જ્ઞાતિ ભોજનના ખર્ચાઓ માત્ર કુળવાન દેખાવડા માટે જ થતા હતા.

પ્રેત ભોજન અને લગ્ન ભોજન એ બે પાટીદાર જ્ઞાતિના મોટા વરા ગણાતા હતા. પ્રેત ભોજન (ભોજન પ્રસંગો) તો ઘર કે ખેતર વેચી કે ગીરો મૂકીને પણ કરવું પડતું માત્ર બાપદાદાની આબરું ખાતર ખવડાવવું પડતું હતું. ભાઈની એઠ તારા ઘેર ક્યારે એવાં વિચારથી પ્રેત ભોજન ગોઠવાતા હતા. તેના પરિણામે આર્થિક દુર્દશા થતી.[૯૫] જે લોકોએ ઊંચા કુળમાં ગણાતા માણસોનાં કુટુંબમાં કન્યાઓ આપી પહેરામણીમાં તોલા વસ્ત્ર-અલંકાર આપી વાસણની લાણીઓ કરી હોય, દાન દક્ષિણાઓ વહેંચી હોય તેઓને પણ કુળવાન લેખવામાં આવતા.

જે લોકો એ ભાટ, ચારણો, ભરથરી ભવાઈયાઓ વગેરે લોકોને વસ્ત્રાલંકાર, ઘોડા, ગાય, ભેંસો વગેરે ઈનામનાં આપ્યાં હોય તેઓની કીર્તિ; આ લોકો ગામે-ગામ ગજાવી મૂકી તેમની નામનાનો વધારો કરે અને ન્યાતમાં તેમને ઊંચા કુળની ઉપમા મળી જાય.[૯૬]

૯૨. ત્રવાડી. કેશવજી. વિ, કન્યાવિક્રય નિષેધ દર્શક: નિબંધ, જામનગર શ્રીમાળી શુભેચ્છક સભા ઈ.સ. ૧૮૮૫. પૃ.૪૩-૪

૯૩. મોહનલાલ. કલ્યાણજી, બમણવાર વિષે નિબંધ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ.સ.૧૮૭૩. પૃ.૫

૯૪. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૩૯

૯૫. પટેલ. મણિલાલ. છ, પાટીદાર ઉદય. અમદાવાદ. ઈ.સ. ૧૯૩૨ પૃ.૧૨

૯૬. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૪૦

મોઘલ રાજ્યની પડતી સમયથી રાજકીય પરિવર્તનો આવ્યાં. અધિકારીઓ નિરઅંકુશ બનતા. ગાયકવાડી રાજાઓ માત્ર મહેસૂલની જ દરકાર રાખતા હતા. એટલે આ સમયગાળામાં દેસાઈ-અમીનો સર્વસત્તાધીશ બન્યા હતા.૯૭ તેમના પર રાજકીય સત્તા નિરઅંકુશ બની ગઈ, એટલે તેઓ કુળવાન ગણાતા હતા. જેથી સમયાન્તરે વર્ગભેદ ઊભો થતા ગોળ બંધાયા હતા.૯૮

સમયાન્તરે રાજકીય, આર્થિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક, પરિવર્તન આવતાં કુળવાનોની નિરઅંકુશ સત્તા ઓછી થતી ગઈ હતી. તેથી સામાજિક દરજ્જામાં પરિવર્તન આવવા લાગ્યું. મૂળ પરિસ્થિતિ પલટાઈ, વસ્તુ સ્થિતિ બદલાઈ છતાં પાટીદારોનો કુળવાનનો ગાડરિયો પ્રવાહ ચાલ્યો તે ચાલ્યો. તેનાં મૂળ ગુણદોષો કોઈએ તપાસ્યા નહી. દરેકે સભ્ય પોતાના કુળની મર્યાદા જાળવી રાખવા પ્રયત્ન કરતો અને રોટી-બોટીનો વ્યવહાર બાંધતો ગયો હતો.

ઉપરની હકીકતો પરથી અનુમાન કરી શકાય કે, રાજકીય પરિવર્તન, કુદરતી આફતો અને આર્થિક સંક્રમણ વગેરે કાળચક્રના પરિણામે સમગ્ર પાટીદાર સમાજને નીચી પાયરીએ ઊતારી દીધો અને તેમની જગ્યા નાના મોટા પાટીદારોએ લીધી તેમાંથી કુળવંશાવલી અને પેટાજ્ઞાતિઓ, નાના મોટા ગોળની વાડાબંધીઓ, કડવા-લઉવાની ભેદ-રેખાઓ જન્મી.૯૯ ઉપર્યુક્ત અભ્યાસ પરથી અનુમાન કરી શકાય કે જૂના પાટીદારો તરીકે ગણાતા પાટીદારોના પૂર્વજોએ એક વખતની રાજાશાહીમાં અને સાથે-સાથે સંસારમાં પણ સારો દરજ્જો ભોગવ્યો હશે. રાજાઓ પાસેથી ખિતાબો, ઈનામો, જાગેરો પણ મેળવી હશે; વસોનું પરગણું, વિરમગામનું પરગણું, પાટડીનું પરગણું તે જ રીતે વિકાસ પામ્યા હતા. વસોના ગાદી પતિ લેઉવા પટેલ હતા અને પાટડીના ગાદી પતિ કડવા પટેલ હતા. આ બંને રાજ્યો વચ્ચે રોટી વ્યવહાર હતો, પણ બેટી વ્યવહારનો કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ નથી.૧૦૦

૯૭. રાજગોર. શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃત્કિ ઈતિહાસ. યુનિ. બોર્ડ, અમદાવાદ, ૧૯૭૪. પૃ.૫
૯૮. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુકત. પૃ.૧૧૯
૯૯. પટેલ. મંછારામ. ઘે, લેઉવા અને કડવા કણબી ઝઘડો, સુરત ઈ.સ. ૧૮૮૭. પૃ.૩
૧૦૦. એજન. પૃ.૫૧

૧.૪.૨ ગોળની રચના :

કડવા કણબીની જ્ઞાતિમાં અનેક વિભાગો, એકડા, ચોખલાં અથવા જથ્થાઓ હતો. અનેક પેટા જ્ઞાતિઓ ઓ પણ હતી, છતાં તેઓ કન્યા વિવાહ પોતાના ગોળમાં જ કરતા, અને જો ગોળ બંધ કરે તો તેને ન્યાત ભારે દંડ કરતી. ગોળનો છોકરો પોતાના જથ્થાનાં ગામો સિવાય બીજેથી કન્યા લાવી શકતો, પણ કન્યા આપી શકતો નથી. સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં ગોળ પધ્ધતિ બહુ કડક ન હતી. તેઓ પોતાની કન્યા ગમે ત્યાં આપી શકતા હતા. કુળવાન જોવાના રિવાજથી બાળકીઓની સમસ્યાના પ્રશ્નો ઉદ્‌ભવ્યો હતો. પરિણામે જ્ઞાતિ આગેવાનો સરખે સરખામાં કન્યાઓ આપવી અને કુળવાનો ન જોવા, વિચારવા લાગ્યા હતા. પરિણામે તેમાંથી ગોળનો (જથ્થાનાં ગામોનો જન્મ થયો) કડી પ્રાંત જેટલા વડોદરા રાજ્યના ૧/૪ ભાગમાં કડવા પાટીદાર જ્ઞાતિના લગભગ નાના મોટા ૪૦ ગોળ અથવા ભાગ (સર્કલ) પડી ગયા હતા. આવા વિભાગની શરૂઆત ક્યારથી થઈ, ક્યાંથી થઈ, શા માટે થઈ તેનો ચોક્કસ જવાબ મળતો નથી; પણ આર્થિક અને નૈતિક પરિબળોને આધારે તપાસતા ૨૦૦ વર્ષ પૂર્વે કડી પ્રાંતમાં ગોળની શરૂઆત થઈ હોય એમ લાગે છે. કન્યા વિક્રયના દુર્ગુણોમાંથી ગોળ બંધાયા હશે. કારણ કે કન્યા વિક્રયને પોષનાર માત્ર ગોળ જ હતો.૧૦૧

પાટીદારોમાં દેસાઈ, અમીન, પારેખ જેવા ટુકડા પડી ગયા હતા. વિભાગ પડવાથી સમાજમાં ચાલતા સારા રિવાજો અને બંધારણો તૂટી જતાં, નવા સ્વાર્થી આગેવાનો પોતાની ઈચ્છાથી ગોળનું સર્જન અન્યાયી રીતે કરતા કન્યાની વધઘટે પણ ગોળને જન્મ આપી હતી તદ્‌ઉપરાંત રહેઠાણ વ્યવસ્થા અને શિક્ષણ પણ મહત્વનું પરિબળ હતું. ૧૦૨

૧૦૧. એજન. પૃ.૫૪

૧૦૨. શોહરાબજી. બ. ઈજનેર, દેશી શેઠોને બે બોલ, મુંબઈ, પારશી પ્રિન્ટિંગ પ્રેસ, ઈ.સ.૧૮૬૯, પૃ.૪

ગોળવાળા જાણે કે અમે કુળવાન બીજા ગોળવાળા માને અમે કુળવાન, આમાંથી નાના-મોટા ગોળની માન્યતાઓ બંધાવા લાગી હતી. તેમાંથી પાંચ-પચાસ ગામોનો જથ્થો બંધાયો, તે કુળવાન થતા, ગોળ સુદાયનું ભાવિ ગોળ આગેવાનોના હાથમાં હતું 'પંચ ત્યાં પરમેશ્વર' એવું આ ભોળા કણબીઓ માનતા. ગોળનો વ્યવહાર મૌખિક ચાલતો. કશું જ લેખિત નહીં. દંડ કરીને પણ ભેટ કે દાનના સ્વરૂપે સ્વીકારાય. પહેલાં ગોળના પંચ ભરવાની માહિતી આપવા બ્રાહ્મણ જતો હતો. તેને ગામ દીઠ રૂપિયો કે આઠ આના આપવામાં આવતા હતા. નાગાની પાંચશેરી ભારે તે પ્રમાણે ન્યાત ન્યાત કરતી. કડવા પાટીદાર જ્ઞાતિના બીજા ગોળ કાઠિયાવાડ, માળવામાં પણ હતા. વહીવંચા બારોટના ચોપડાના આધારે કહિ શકાય છે, ૨૭ ગામોએ માણસામાં મૂળે મુસાવત શાખના કડવા પાટીદારોએ ઈ.સ.૧૮૨૯ ગોળનું નિર્માણ કરી ઈ.સ.૧૮૩૦ની સાલના બાંધ્યા વિવાહ (દર બાર વર્ષ થતા વિવાહ) નવા ગોળની અંદર રહીને જ કર્યા અને તે વરસથી માણસાના પાટીદારોએ પાટડી, સાણંદ, વિરમગામ, બાવળા, રામપુરા, કડી સાથે સગપણનો નાતો બંધ કર્યો હતો. આ પછી ગોળ બાંધવાનું અનુકરણ શરૂ થયું હતું.[૧૦૩] જે ચાણસ્મા, પાટણવાડો, દ્રઢાવ્યના વચલા વર્ગના પાટીદારોએ શરૂ કર્યું હતું.[૧૦૪]

૧.૪.૩ રોટી વ્યવહાર :

કડવા કણબીમાં પપસ્પર રોટી વ્યવહાર હતો. નિમાડ, માળવા, ખાનદેશ સુધી આ વ્યવહાર હતો. લેઉવા કણબી સાથે પણ રોટી વ્યવહાર હતો. માત્ર ઉદા કણબી, ઓજણાં કણબી અને બાયડ લેઉવા કણબી સાથે તેઓ રોટી વ્યવહાર રાખતા નહતા. તેમની સાથે ભોજન-વ્યવહાર ન હતો, કારણ કે તેમના રીત-રિવાજ જુદા પ્રકારના હતા.

પેટું* આપનાર માણસ પેટુંના આવે તો તેના સગાંવહાલાં તેની જવાબદારી લેતાં અને પેઢીની સૂચી પેટું ઊભું રહેતું ચાર પેઢીબાદ પેટું અપાયું હોય તેવા દાખલાઓ પણ જોવા મળતા હતા.[૧૦૫]

* બાળક જ્યારે ગર્ભમાં હોય તેમ છતાં ગર્ભમાં રહેલ બાળકના લગ્ન કરવામાં આવતાં અને જો જન્મ પામનાર બાળક સમાનલિંગનું હોય તો કુટુંબની અન્ય સ્ત્રી લગ્ન માટેની જવાબદારીલેતી જે પેઢીદર પેઢી ચાલ્યાં કરતું હતું

૧૦૩. પટેલ. ગોવર્ધન. સો, પટેલ મ. ગો, ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોનો ઈતિહાસ અમદાવાદ ૧૯૮૯. પૃ.૧૪૭
૧૦૪. પટેલ. મંગુભાઈ, ઉર્પ્યુક્ત. પૃ. ૪૧
૧૦૫. એજન. પૃ.૪૫

૧.૪.૪ કજોડા :

આ જ્ઞાતિમાં કજોડાં પ્રવર્તતા હતા. આ જ્ઞાતિમાં નાની ઉંમરની કન્યાને મોટી ઉંમરના વર સાથે અથવા નાની ઉંમરના વરને મોટી ઉંમરની કન્યા સાથે લગ્ન કરાવવામાં આવતા હતા. એટલે કે વૃધ્ધ સાથે જુવાન કન્યાને પરણાવવામાં આવતી હતી. આ ચાલને "કજોડા" કહેવામાં આવતો. બાળ લગ્નને કારણે કજોડા થતાં હતા. બહુપત્ની પ્રથાના કારણે પતિ દરેક સ્ત્રી તરફ સમાનભાવ રાખી ન શકે તે સ્વાભાવિક છે અને જ્યારે કોઈ સ્ત્રીનું મૃત્યુ થાય ત્યારે તેના સંતાનોને બીજી પત્નીના બાળકોનું જતન કરવું પડતું નિ:સંદેહ આ સંતાનો પ્રત્યે કુદરતી પ્રેમ નહિ હોવાથી તેને ઘર બહાર કાઢવા કે કાસળ કાઢવાના પ્રયત્નો કરતી.[૧૦૬] **વલ્લભ ભટ્ટ (ઈ.સ.૧૬૯૬-૧૭૯૬) ના એક ગરબામાં કન્યા પોતાને વૃધ્ધ પતિ ન મળે તે માટે 'માતા' ને સ્તુતિ કરતી વર્ણવી છે. કજોડા પણ થતાં. એક પંક્તિમાં જણાવ્યું છે કે "સાઠ વરસના ડોસા પેહ તરુણી કન્યા પરણી તેર" અખો પોતાની કવિતામાં લખે છે કે "નાર નાનડી હવું પ્રસૂત' વળતી વાધે નહિ. અદ્‌ભૂત" સમાજમાં બહુ પત્નીત્વની પ્રથા પ્રચલિત હતી. ઘણા શ્રીમંત લોકો ત્રણ કે ચાર સ્ત્રીઓ સાથે લગ્ન કરતા હતા.**[૧૦૭]

આ ચાલનું ઉદ્‌ભવસ્થાન કન્યાવિક્રય અને કન્યા લખી આપવાનાં રિવાજ તેમજ સાટાં તે ખડાંને જવાબદાર લેખી શકાય. સારા કુળનાં વર કે કન્યા મેળવવાના લોભમાં તેમજ પોતાને કુળવાન બની ખાનદાન કહેવડાવવાના મોહમાં પહેરામણી તેમજ દહેજની લાલચ વગેરે કારણે 'કજોડા' થતાં હતા કજોડાનો ચાલ અન્ય જ્ઞાતિઓમાં પણ જોવા મળતો હતો. તે અંગેના પ્રત્યાઘાતો સાહિત્યમાં જોવા મળતા હતા. ભવાઈના વેશમાં 'કજોડા' નું પ્રતિબિંબ જોવા મળે છે.

૧.૪.૫ બહુપત્નીત્વ પ્રથા :

સમાજમાં કુળવાન-અકુળવાન ખ્યાલોના કારણે, કુળવાન કે આર્થિક રીતે સધ્ધર પુરુષ એક સ્ત્રીની હયાતી હોવા છતાં તે બીજી કન્યા સાથે લગ્ન કરતા હતા. ઘણા પુરુષોને સાત-આઠ સ્ત્રીઓ હોય તેવા દાખલા મળતા તેથી **'હીરાલાલ વસંતદાસ' પોતાના પુસ્તકમાં "કડવા પાટીદારનાં લગ્નનું સાહિત્ય પાને મુર્ખાઓનું દર્શન"** માં આ પ્રથાને લગતી સચોટ સમીક્ષા કરે છે. ભલે ગમે તે હોય પરંતુ આ પ્રથા મૂળમાં "અહમ્" નું પ્રદર્શન હતું. બહુપત્ની કરનાર પતિ એની દરેક પત્ની પર સમાન ભાવ ન રાખી શકે અને બધી પત્નીઓ વચ્ચે સંપ ન રહે એ સ્વાભાવિક છે. બધી પત્નીઓમાં સ્ત્રી સહજ ઈર્ષ્યા, રાગદ્વેષ હોય, ત્યારે માનવ સહજ નિર્બળતા ધરાવતા પુરુષની હાલત કફોડી બનતી. શોક્યનું સાલ દૂર કરવા માટે ચાલાક સ્ત્રી કાચા કાનના પતિને ભંભેરતી અને શોક્યને પિયર તગેડી મૂકવા કે એનું મૃત્યુ નિપજાવવાય કોશિશ કરતી.

---

૧૦૬. શાહ. બા. મ, "નરસિંહ મહેતા પૂર્વેના પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વ્યકત થતુંસમાજજીવન, પૃ.૪૭-૪૮

૧૦૭. આચાર્ય. નવિનચંદ્ર. આ, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઈસ. ૧૩૦૪ થી ૧૮૧૮. યુનિ. ગ્રંથ. બોર્ડ. અમદાવાદ,૧૯૮૪, પૃ.૧૨૬

લગ્નની કોઈ પણ પ્રથામાં સ્ત્રીનું મરણ થતાં પુરુષ બીજી સ્ત્રી કરતી ત્યારે બીજી પત્નીનું શોક્યનાં બાળકોનું જતન કરવું પડતું હતું. આ સંતાનો પ્રત્યે કુદરતી પ્રેમ નહિ હોવાથી એ સ્વાભાવિક રીતે તેનું કાસળ કાઢવા પ્રયત્ન કરતી હતી. પતિનો પ્રેમ પામતી સ્ત્રી આમાં સહેલાઈથી સફળ થતી ને કાં તો સાવકાં સંતાનોને ઘર બહાર કઢાવતી કે વિષ આપીને સદાને માટે પોઢાડી દેતી.૧૦૮

આ પ્રથા ખાસ કરીને વડોદરા, વિરમગામ, દસકોશી, પાદરા, પાટડી, સાણંદ, ધ્રાંગધા અને અમદાવાદની પોળોમાં ઘરોમાં મહદ્અંશે પ્રચલિત હતી. કેટલાક ધનના લોભને કારણે કન્યા વેચતા અને પોતાનું ગુજરાત ચલાવતા. કોમ અભણ હોવાને કારણે સ્ત્રીને પણ પોતાની સંપત્તિ માનતા એટલે વેચતા હતા. આ કણનીઓનો દુષ્ટ રિવાજ હતો. આ રિવાજને કારણે મા- બાપ પૈસાને લોભે કન્યાઓ મોટી કરતા અને થયેલા વેવિશાળો પણ તોડી નાખતાં હતા. માટે એમ કહેવાતું કે “કે જે કન્યાનું દ્રવ્ય લે છેઅ, તે માતા કન્યાનું કાળજું ખાય છે.” બાપ અને કાકા વગરે માથું ખાય છે ભાઈઓ હાથ-પગ ખાય છે. માંડવામાં જમવા આવે છે તે કન્યાનું રુધિર પીએ છે.” આ રિવાજના પ્રત્યાઘાતો સાહિત્યમાં પણ જોવા મળે છે.”

અરે, ઓ દુષ્ટ પિતા, દીકરી વેચી, ધન લેવાનું ધાર મા,
દઈ ડોસાને રંડાપો આપ્યો તે. કન્યા દાનમાં.
તને રૂએ રૂએ કીડા પડશે, તારી છાતી પર જમડા ચઢશે.
ધગધગતા ખીલા ધાબડશે.... ઓ દુષ્ટ.૧૦૯

૧.૪.૬ સાટાંતેખડાં (સાટાં પેટાં) :

કણબી કોમમાં આ રિવાજ માત્ર ગરીબ કુટુંબોમાં હતો. આ રિવાજ દાખલ થવાનું મૂળ કારણ કન્યાવિક્રય હતો. કેટલાક વરના બાપ કન્યા લાવવા માટે નાણાં આપી શકે તેમ ન હોવાને કારણે નાણાંના બદલમાં પોતાની કન્યા આપવાનું પસંદ કરતાં, જેઓને કન્યા મળી શકતી નહી તેઓને આ રિવાજ માફક આવી ગયો. કન્યા વિક્રયના રિવાજ ઉપરાંત જ્યાં કન્યાની અછત હતી અને ગરીબાઈ હતી જથ્થાઓ ટૂંકા હતા ત્યાં પણ આ રિવાજ પ્રચલિત બન્યો હતો મતલબ કે ગરીબ માણસને પૈસાના અભાવે ગરજ વધારે હોય છતાં પૈસાની તાત્કાલિક સગવડ ન હોય તો આ માર્ગ અપનાવતા હતા. આર્થિક સંકળામણ અને નિમ્ન અભ્યાસ હોવાને કારણે ઘણા પરિવારમાં આ દૂષણ જોવા મળે છે.

---

૧૦૮. શાહ. બ. મ, ઉપર્યુક્ત. પૃ.૫૨-૬૫
૧૦૯. પટેલ. રણછોડભાઈ. વા, પાટીદાર સુબોધ સંગ્રહ, નડિયાદ. ૧૯૦૯

આ પ્રકારના રિવાજથી છોકરાઓ મોટા થઈ જવા છતાં કન્યા મળતી નહીં; અને સાટાંતેખડાં કરવાથી એકબીજાને ત્યાં કન્યાને દુઃખ આપવામાં આવતું સામાન્ય બની ગયું હતું.

કન્યા લખી આપવી અથવા પંચ સમક્ષ તેની કબૂલાત આપવાનો પણ ચાલ હતો. કન્યા પેટમાં હોય ત્યારે પણ તે લખી અપાતી, આ રિવાજને 'પેટું' આવપાનો ચાલ નામે ઓળખવામાં આવતો. ગરજવાન લોકો હોય તે કન્યાવિક્રય પ્રચાર હોવાથી રૂપિયા આવવાની જેમની શક્તિ ન હોતી તેમજ સાટાંતેખડાં કરવા જેમના કુટુંબમાં કન્યા હોતી નહીં તેવા માણસો કન્યા લખી આપતા હતા. કન્યા લખી આપ્યા પછી.

૧] જે કન્યાના બદલામાં કન્યા આપવાની કબૂલાત આપી હોય તે ગુજરી જાય ત્યારે.

૨] પોતાની કન્યા જેને લખી આપી હોય તે સામો માણસ કહે તેને કન્યા આપવાઅની મરજી ન હોય તેવા પ્રસંગે.

૩] કન્યા પરણાવ્યા બાદ બદલામાં લખી આપેલી કન્યા આપવામાં આડાઅવડા વાંક, બહાના કાઢે, આનાકાની કરે, તેવે પ્રસંગે.

૪] લખી આપનારને ત્યાં કન્યા ન અવતરે અને બદલાની રકમ સામા માણસને કન્યા લાવાવા ખર્ચ થાય તેટલી રકમ આપવાની ના પાડે ત્યારે ઝઘડાઓ થતા હતા.

આવા પ્રસંગોએ બે પક્ષના પંચાતિયાઓ અથવા તેમની ન્યાત મળી તેના નિકાલ લાવતા. કેટલીકવાર પિતરાઈ ભાઈઓ જવાબદારી સ્વીકારતા અથવા પૈસા આપતા. ભાણી કે ભત્રીજીનું 'પેટું' લખી આપતા હતા. આ રિવાજથી સંયુક્ત કુટુંબમાં ભારે ઉથલપાથલો થતી, મારામારી પણ થતી. ગોત્રમાં ન પરણે કે જથ્થામાં ન પરણે તો જ્ઞાતિ બહાર મુકવામાં આવતા હતા. કન્યાવિક્રય કરનાર અને સાટાંતેખડાં કરનાર કુટુંબોને કણબી કોમમાં અકુળવાન ગણવામાં આવતાં હતા.

અવસર ઉપર થતાં ખર્ચાઓ :

લેઉવા કણબીઓ પોતાને કડવા કણબી કરતાં પોતાને ઉચ્ચવર્ગના ગણતા હતા. પ્રસંગ ઉપરના ખર્ચાઓમાં લેઉવા કરતાં કડવા પાટીદારોમાં ઓછા થતા હતા. ખાસ કરીને લગ્ન અને ન્યાતના જમણવારો મોટા અવસર ગણાતા હતા. લગ્નના અવસર ઉપર વરોઠી થતી અને સંબંધીઓ ઉપરાંત વસવાયાઓને જમાડવામાં આવતાં હતાં. લગ્નમાં અફીણના કસુંબા થતા અને વરઘોડા પણ નીકળતા. દહેજ તેમજ વસંત આપવાની બાબતમાં લેઉવા. પાટીદારો કરતાં કડવા પાટીદારો ઓછા ખર્ચાઓ કરતાં હતા. તેમ છતાં કડવા કોમની દીકરીઓ માટે તા. ૧ લી ફેબ્રુઆરી સને ૧૮૬૯ના રોજ પાટડી દરબાર જોરાવરસિંહજીએ જ્ઞાતિ મેળાવડો બોલાવી કેટલાક નિયમો કરાવ્યા હતા. લગ્ન સમયે ઓછા ખર્ચાઓ અને દીકરીઓના સંરક્ષણ સંદર્ભે નિયમો ઘડ્યા હતા.૧૧૦

૧૧૦. કડવા કણબીની જ્ઞાતિમાં દીકરીઓ સમરક્ષણ સારું નિયમ, કડવા કણબી ટ્રસ્ટ. અમદાવાદ. ઈ.સ.૧૮૬૯, પૃ.૩

ઉપરાંત સને ૧૮૭૦ના એક્ટ પ્રમાણે કડવા કણબી જ્ઞાતિના લગ્નને લગતા ખર્ચ વિશેના નિયમો કરવામાં આવ્યા હતા. કન્યાના પિતાએ વરપક્ષને શું આપવું તે માટેના ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા હતા.૧૧૧

❖ **કન્યાવિક્રય :**

The practice of early marriage Means nothing less than the Ultimate extinction of the Hindu race. If Hinduism is to be Preserved. If the Hindu race is be Saved, this, together With other Pernicious Practices most go without delay.

"કન્યાના સુખ દુ:ખની તપાસ કર્યા વિના કૂળ માત્ર જોવું એ ઠીક નથી. અંગ્રેજ સરકારે મનુષ્ય વિક્રયનો કાયદો કર્યો છે. તો હું અંગ્રેજ સરકારને પૂછું છું કે કન્યા મનુષ્ય ખરી કે નહિ ? અને તેને આ કાયદો લાગુ પડે છે કે નહિ ? સરકાર કાયદો લાગુ ના પાડે તો એમ જ માનવું કે તેઓ કન્યાને મનુષ્ય ગણતા નથી. ૧૧૨

- શ્રીમંત શંકરાચાર્ય માધવતીર્થ.

લગ્ન પૂર્વે એટલે પાત્ર પુરુષને શોધી કંઈ બદલામાં લીધા વગર ધન, રત્ન, વસ્ત્રાભૂષણથી શણગારી ઉપર દક્ષિણા સહિત કન્યાનો હાથ વરના હાથમાં સોંપવો; તેનું નામ ખરું કન્યાદાન; એથી ઉલટું- કન્યાવિક્રય એટલે કન્યાને વેચવી.૧૧૩

આર્થિક અને સામાજિક સગવડોને લઈ આ દૂષણો દરેક જ્ઞાતિમાં દાખલ થયેલું હતું સુધારામાં માનનારા અને કુળવાનો કન્યા વિક્રયથી દૂર રહેતા હતા. તેઓ કહેતા કે "કન્યા વિક્રય કરનારને ત્યાં તમે બ્રાહ્મણો કર્માન્તર કરવા જવું નહિ."૧૧૪ પરંતુ એક પર બીજી કરવાની ચાલને કારણે ક્યારેક કુળવાનો પણ કન્યા વેચાતી લાવતા હતા. કન્યાની અછતને કારણે આ રિવાજ પડ્યો હતો.૧૧૫

૧૧૧. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત, પૃ.૧૩૦
૧૧૨. ગુજરાતી પંચ, બાળલગ્ન અને કન્યાવિક્રય, ૧૩ માર્ચ ૧૯૧૦ અમદાવાદ.
૧૧૩. ત્રવાડી. કેશવજી. વિ, કન્યાવિક્રય નિષેધદર્શક નિબંધ, જામનગર, ઈ.સ. ૧૮૮૫ , પૃ.૧૬
૧૧૪. હિરાલાલ. વસંતદાસ, કડવા પાટીદારનાં લગ્નનું સાહિત્ય પાને મૂર્ખાઓનું દર્શન શ્રી કડવા પાટીદાર. હિ.મ. અમદાવાદ. ૧૯૨૩. પૃ.૭૫
૧૧૫. ત્રવાડી. કેશવજી. વિ, ઉપર્યુક્ત. પૃ.૨૦

૧.૪.૭ એકડા અને ચોખલાં :

પરઠણ અને દહેજ આપીને જે પાટીદારો પોતાની દીકરીઓને કહેવાતા ઊંચા કુળમાં આપતા હતા. તેમને તેમના દીકરાઓ માટે કન્યાઓની ખેંચ પડતી. આથી તેમને નાણાં આપીને (કન્યાવિક્રય કરીને) પોતાના છોકરાઓના લગ્ન કરાવવા પડતા હતા. ગરીબ અને મધ્યમ સ્થિતિના પાટીદારોને કેટલાક સંજોગોમાં બિલકુલ કન્યાઓ મળતી નહિ અને આ જીવન કુંવારા રહેવું પડતું હતું.

ઉપરના સંજોગોમાં કન્યાઓ મેળવવાની મુશ્કેલી ઓછી કરવા માટે કેટલાક ગોળ (જથ્થા) ઊભા થયા હતા. ચાણસ્મા, પાટણ, મહેસાણા, ઈડર, પ્રાંતિજ, કડી, ધ્રાંગધ્રા, ચુંવાળ, વિસનગર, વડનગર, કપડવંજ, સુરત, નવસારી વગેરે કડવા પાટીદારોના ગુજરાતમાં પચીસેક જેટલા ગોળ બંધાયા હતા. આ ગોળના પાટીદારો ફક્ત પોતાના જ ગોળમાં અંદરો-અંદર કન્યાઓ આપતા. ગોળના આવા જથ્થાઓમાં અંદરો-અંદર કન્યાઓની લેવડ-દેવડ કરવામાં પણ કન્યાવિક્રય, સાટાં વગેરે દૂષણો હતા.[૧૧૬]

નાનાં ગામડાંમાં અને જથ્થાઓમાં આ વહીવટ ચાલતો હતો. દા.ત. પાટણવાડ, ચોંપાચી, સુરત, કળાચૂડા અને લાલચૂંડાવાળા, ભાલ, દસકોસી, ઝાલાવાડ, અમદાવાદની પોળો, કાઠિયાવાડ અને કચ્છ તેમજ પાદરા-કડી પ્રાંત અને વડોદરા પ્રાંતમાં અમુક ગામોએ એકડા કર્યા હતા. જે મોટોબાર, નાનોબાર, ચાલીસવાળા, સાંઠિવાળા, સત્તાવીસ અને અઠ્ઠાવીસનો ગોળ એવા નામે જાણીતા હતા. અમુક પ્રદેશના લોકોએ એકડા કર્યા છે કે અમુક ગોળમાં કન્યા ન અપાવી, સારા ગણાતા જથ્થાની કનડગત વધી પડે કે ખર્ચમાં ન પહોંચાય, અગર કન્યાની તાણ પડે ત્યારે એકડાનો જન્મ થતો, કન્યાની અછત ન પડે અને ખર્ચ ઓછો થાય એ કારણને લીધે એકડા કરવાની તરફનું વલણ વધતું હતું.

ઉપરોક્ત કારણોને આધારે ન્યાતમાં જુદા-જુદાં કારણોથી તડ પડ્યા હતા. કોઈ જથ્થામાં નાતરાની કન્યાને વટલાયેલની કન્યા આવે તો તેને ન્યાત બહાર મૂકવા પ્રયત્ન થતો હતો. આવે સમયે ગુનેગારને સાંબતી મળે તો તેના તરફનું અને બીજાનું એમ બે તડ પડતાં હતા, આથી જ કહેવત પડી કે "પાટીદાર નાત લ્હારો નહી, અને ગરાસિયા ગોઝરો નહીં" કુસંપ, પક્ષપાત અનેદ્વેષથી પહેરામણી માંગવાથી કનડગત વધવાથી તડ પડતાં હતા. તડનો ફાયદો એ હતો કે આખી જ્ઞાતિ જમાડવી પડતી ન હોતી, ફક્ત તડ જમાડી બેસી રહેતા એથી ખર્ચ ઓછો થતો હતો. ન્યાત માટે કન્યાની છત થતી, પૈસાની બચત થતી તડથી એક ન્યાતમાં અનેક ન્યાતો તો જણાતી હતી. ઝઘડા, ટંટા, કજિયા વધતા ઘણી વખત બાપ અને બેટ જુદા-જુદા તડમાં જવાથી સાંસારિક કજિયા વધતા હતા. બીજા તડની હરીફાઈ અને સરસાઈ દેખાડવામાં વરા વખતે પાયમાલ થઈ જતા હતા. જ્ઞાતિનાં લાભદાયી કાર્યો અટવાઈ પડતાં, ધાંધલિયા આગેવાનો કોર્ટનો આશરો લેતા, જ્ઞાતિના દુષ્ટ રિવાજો બંધ થાય તો તડ પડતાં એકડા અને ચોખલાંના ગેરફાયદા એ હતા કે,

૧૧૬. એજન. પૃ.૧૪૬

જેને જેવું જોઈએ તેવું ઘર કે સગું મળતું નહી. સમુહ નાનો થવાથી એકંદરે સાંસારિક સ્થિતિના સંબંધમાં ગેરફાયદા હતા.

પાટીદાર જ્ઞાતિમાં જનોઈ પહેરવાનો રિવાજ ન હતો, પણ આ માટે શાસ્ત્રાર્થ થયેલો અને પટેલો પણ જનોઈ ધારણ કરી શકતા તેવો વિદ્વાનોએ મત જાહેર કરેલો હતો.**૧૧૭** પિરાણા પંથમાંથી મુક્ત થયેલા અને આર્ય ધર્મ સ્વીકારેલા પટેલો જનોઈ ધારણ કરતા હતા, પણ તે વ્યક્તિગતરૂપે હતું. જ્ઞાતિ સમૂહ સાથે કોઈ સંબંધ ન હતો.

૧.૪.૮ કન્યા વિક્રય ચાલ :

ज्ञातिम्पोद्रपिणांदत्वा, कन्या पै चै वंशक्तितः
कन्याप्रदानंस्वाच्छंदपा, दासुरोधर्मउच्यते।

અર્થ : જે જ્ઞાતિની અંદર મરજી પ્રમાણે કન્યાના પૈસા લઈ બીજાને દેવી તેનું નામ કન્યા વિક્રય કરવો, તે આસુર વિચાર કહેવાય.**૧૧૮**

જે નાતમાં કન્યા વિક્રય કરવાનો ચાલ છે, તે પણ કન્યા વેચી જ કહેવાય, પણ તેના કરતાં પરણેત સ્ત્રી વેચવી કે વેચાતી લેવી તે ખરેખર નિમ્ન કક્ષાનું કાર્ય હતું. એક કણબી સ્ત્રી ઉપર તેના પતિ એ વ્યભિચાર કર્યાનો ગુનો મૂકીને સરકારમાં ફરિયાદ કરી હતી તે સ્ત્રીએ બેધડક કોર્ટમાં કહ્યું "હા, હું વ્યભિચાર ઘણાં વર્ષોથી કરતી તે મારો પતિ જાણતો હતો" એટલે તેના યારને શિક્ષા થઈ ન હતી.

એક સ્ત્રીને રૂ. ૧,૨૦૦ ની કિંમતે ખરીદ કરી લેવાની બીજા કણબીએ માગણી કરી. ધણી નહીં વેચે તો તે માર મારશે; અને રૂપિયા અને બાપડી બંને ખોશે, કોર્ટમાં આ મુકદમો શરમજનક લાગતાં હતો ને એમ પણ કહેવાતું કે આ ફલાણી શેઠની નાતના કણબી છે, માટે આબરુદાર કણબીઓએ પોતાની નાતમાંથી આ ચાલ કાઢી નાખવો જોઈએ તેમ રજૂઆતો કરવામાં આવી હતી.**૧૧૯**

૧૧૭. પરીખ.પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ. ૩૭
૧૧૮. ત્રવાડી. કેશવજી. વિ, ઉપર્યુક્ત. પૃ.૧૭
૧૧૯. પટેલ. મંગુભાઈ, પૃ.૪૭

૧.૪.૯ દૂધ પીતી કરવાનો ચાલ :

બાળકીનો જન્મ મોટા બોજરૂપ લાગવાનાં બે કારણો હતાં. જેમકે કુળવાન અને ઊતરતાં કુટુંબનો ખ્યાલ. ઉપરાંત દૂધ પીતી કરવાનું બીજું કારણ દીકરીઓના લગ્નમાં થતો અત્યંત ભારે ખર્ચ જવાબદાર હતા.૧૨૦

ઈ.સ. ૧૮૩૯માં ગુજરાતના જ્યુડિશિયલ કમિશ્નર સિવિલ સરવન્ટ મે. હટ હતા. તેમની કચેરીમાં બાળકીઓની હત્યા થવાના કેટલાક કેસ આવ્યા હતા. તે ઉપરથી જ્યારે તેઓ ડિસ્ટ્રીકટમાં ફરવા ગયેલા ત્યારે તપાસ કરતાં, જુદી જુદી જ્ઞાતિના લોકોને પૂછતાં હતા ત્યારે બાળકી હત્યાઓ થવાની બિનાઓ મળી આપી હતી. પરંતુ સ્વાભાવિક રીતે જ તેવી હત્યાઓના પુરાવા સાબિત થાય તેમ ન હોતું. ઈ.સ. ૧૮૪૦માં "પશ્ચિમ હિંદુસ્થાનમાં બાળકી હત્યા દાબી દેવાનો ઈતિહાસ "History of the suppression of Indian in western India" નામક પુસ્તકના લેખકને કાઠીયાવાડના આસિસ્ટંટ પોલીટીકલ મે. મેજર. એચ. એસ્ટન સાહેબે બાળકી હત્યાઓ થવાની વાત પહેલ વહેલી કરી હતી, જે ઉપરથી તેઓ જાતે તથા રેવરન્ડ જે. એમ. મિચલ સાહેબ બંને કડી તાલુકામાં જાતે ગયા, ત્યારે અમીન જેસીંહભાઈને મળી તેમની સાથે રહી તપાસ કરતાં તે સંબંધી વિશેષ હકીકત મળી આવી હતી.૧૨૧

કુળવાન ગણાતા કુટુંબ તરફ કન્યાઓના લેવડ-દેવડ સંબંધમાં ન્યાતના લોકોને પક્ષપાત થતો તેનું કારણ એ કે તેમને કન્યાઓ આપવાથી ખાનદાન કુટુંબ સાથે નાતો બંધાય, જેથી બીજાઓ આવા કુટુંબને ધરાઈ ધરાઈને કન્યાઓ આપણા લાગ્યા હતા. પાટડી, વિરમગામ, બાવળા, ચાણસ્મા, લાડોલ, ગોઝરિયા અને અમદાવાદની પોળોમાં થયેલી લેવડ-દેવડ આનું ઉદાહરણ છે. પરિણામ એ આવ્યું કે આવા કુટુંબો માટે કન્યાઓનો સુકાળ થયો, પરંતુ બીજાઓ માટે કન્યાઓનો દુકાળ થયો હતો.

જેના પરિણામે લેવડ-દેવડની વાડાબંધી શરૂ થઈ હતી તેથી ગોળનો જન્મ થયો હતો. લેવડ-દેવડના નિયમો થયા હતા. આર્થિક માપદંડ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ હતી. બહુપત્નીત્વ અને વાંઢા રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. પરિણામે સાટાંપેટાં શરૂ થયા. કન્યાઓને દુઃખ આપવાનું ખાનદાની સાથે શરૂ થયું હતું.૧૨૨

૧૨૦. દેસાઈ. નીરા. અ, ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજ્કિ પરિવર્તન, યુનિ. ગ્રંથ. બોર્ડ, અમદાવાદ. ૧૯૮૩. પૃ.૨૯૭

૧૨૧. પરીખ. પુરષોત્તમ. લ, ઉપયુર્કત. પૃ.૧૨૬

૧૨૨. Government of Bombay Political Department Vol. 4/2181 of 1849, P. 73.

આર્થિક મૂંઝવણો વધતાં આ પણ કુરિવાજ બની ગયો હતો. તેને અટકાવવા જ્ઞાતિના તમામ જથ્થા એકઠા કરવા ખેડા જિલ્લાના માજી કલેક્ટર શ્રી. શેફર્ડ સાહેબ તથા નડિયાદના દેસાઈ મળ્યા હતા. તેમજ લગ્ન સંબંધની આપ-લે માટે અંગ્રેજ સરકારા તથા ગાયકવાડ સરકાર દ્વારા રકમો ઠરાવી આપ-લેના ચોક્કસ નિયમો કરવામાં આવ્યા હતા, જેથી જૂજ ફાયદો થયો હતો. કુલીનવાદના પરિણામે લગ્નખર્ચોમાં થતી ખુવારીને લીધે કણબીઓમાં દૂધપીતીની પ્રથા ઘર કરી ગઈ હતી, પણ જ્યારે અંગ્રેજોની દોરવણી નીચે દક્ષિણ ગુજરાતના કણબીઓએ લગ્નનું ખર્ચ ઘટાડવા કબૂલ મંજૂર રાખ્યો હતું. તેવી જ રીતે નડિયાદ, બોરસદ, નાપાડ અને મહુધા જેવાં ખેડા જિલ્લાનાં ગામોના લેવા પાટીદારોએ દીકરીના લગ્નપ્રસંગે રૂ. ૧૫૬૩થી વધારે ખર્ચ ન કરવાનું કબૂલ્યું હતું.[૧૨૩]

આ બધા પ્રયત્નો હોવા છતાં કડવા તેમજ લેવા કણબીઓમાં બાળકીઓને દૂધપીતી કરવાનો ચાલ ચાલું રહ્યો. અમદાવાદના કાર્યકારી કલેકટર અને ન્યાયાધિશ મિ. બોરોડેલે ઈ.સ.૧૮૭૦ના કાયદા નં-૮, ની કેટલીક જોગવાઈઓ કડવા કણબીઓમાં બાળકીઓની હત્યાઓ અટકાવવા લાગુ પાડવા વિનંતી કરી હતી, કારણ કે કબૂલાતો અપાયા છતાં લગ્નના ધૂમ ખર્ચા ઓછા થયા ન હતા. **મિ. બોરોડેલે લખ્યું હતું કે : "હું એમ નથી કહેતો કે બાળકીઓનાં ખરેખર સીધાં ખૂન કરી નાખવામાં આવે છે, પણ બાળકીઓનાં મરણ જેટલાં હત્યાથી થાય તેટલાં જ ઈરાદા પૂર્વકની બે પરવાહીથી પણ થઈ શકે છે. અને આ રીતે બાળકીઓને મારી નાખવામાં આવે છે તેમાં મને કોઈ શંકા નથી."[૧૨૪]**

ગુજરાતમાં દૂધપીતી પ્રથાની નાબૂદી માટે સ્વામી નારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ ગુજરાતના પાટીદારો અને રજપૂતોમાં પુત્રીઓની હત્યા કરવાના ક્રૂર રિવાજને બંધ કરવા સંનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. સહજાનંદ સ્વામીએ (૧૭૮૧ થી ૧૮૩૦) અત્યંત મહત્વનાં સામાજિક કલ્યાણના રૂપે કાર્યો કર્યા હતાં. જેમાં તેમણે પાટીદારો તેમજ રજપૂતોમાં ફેલાયેલી 'દૂધપીતીની ચાલ' સામે જબરજસ્ત ઝુંબેશ ઉપાડી હતી. એમણે અનેક પ્રસંગોએ તેમના અનુયાયીઓને આદેશ આપ્યો કે "મારા સંપ્રદાયમાં અહિંસાને મુખ્ય સ્થાન હોઈ દૂધપીતીનો રિવાજ મારા સંપ્રદાય વિરુધ્ધ છે"[૧૨૫]

૧૨૩. P. D., Vol. 4/2181 of 1849, P. 97
૧૨૪. P. D., Vol. 77 of 1870, P.44
૧૨૫. વાઘેલા.બી, ઉપર્યુક્ત, પૃ. ૧૮

જાણીતા તત્વચિંતક અને ગાંધીવિચારક શ્રી કિશોરલાલ મશરૂવાળાએ તેમના ગ્રંથમાં બતાવ્યું છે કે સહજાનંદ સ્વામી અને તેમના સાધુસંતોની વાણી અને ઉપદેશોની અસર તેમના અનુયાયીઓમાં પડી હતી અને તેમના કેટલાક અનુયાયીઓએ તેમની પુત્રીઓની હત્યા કરવી કેવળ બંધ ન કરતાં તેમની સારી રીતે દેખભાળ કરવી પણ શરૂ કરી હતી. આ સાથે સાથે બેચરદાસ લશ્કરીએ ઈ.સ.૧૮૭૦નો કાયદો ઉત્તર ગુજરાતના કણબીઓને લાગું પડે તે માટે પ્રયાસો આદર્યા અને આ કાર્ય માટે તેઓ ઓગસ્ટ, ઈ.સ. ૧૮૭૦માં પૂના ગયા હતા. મુંબઈના તે સમયના ગવર્નર મિ. સાયમન ફીટ ઝીરાલ્ડ પૂના હોઈ બેચરદાસ પૂના મુકામે તેમને મળ્યા અને તેમણે પ્રજાની સંમતિ સંદર્ભે ગવર્નર શ્રીને વાકેફ કર્યા હતા. જેથી ગવર્નરે આ કાયદાને કડવા કણબી જ્ઞાતિને લાગુ પાડવા હુકમ કર્યો હતો. ઈ.સ.૧૮૭૦ના કાયદા પછી દૂધપીતીની ચાલ ફોજદારી ગુનો બન્યો હતો. આ ઉપરાંત સરકારે અવારનવાર વસ્તી ગણતરીનો પ્રબંધ કર્યો હતો. આ સમયે બ્રિટીશ કેળવણી, પશ્ચિમના વિચારોની અસરને લીધે શિક્ષિત કણબીઓની સંખ્યામાં વધારો થયો જેથી સમયાન્તરે આ રિવાજ મહદ્અંશે અલિપ્ત થતો ગયો હતો.

૧.૪.૧૦ વિધવા સંબંધી :

કડવા કણબીઓમાં વિધવા બનનાર સ્ત્રીને વિધવા પાટીદારની સ્ત્રીઓ જેટલો ત્રાસ ન હતો. કારણ કે આ જ્ઞાતિમાં વિધવા લગ્ન થઈ શકતા જેનો ઉલ્લેખ, **દલપતરામે તેમના કાવ્યસંગ્રહમાં કંઈક આ રીતે કર્યો છે. જેમાં કવિતામાં જ્યારે નાયક વિધવાને પુન લગ્નના નિષેધ કરવા પ્રયત્ન કરે છે ત્યારે કણબણો કકળી ઊઠે છે, અને એક પ્રસંગે ઉગ્ર બનીને આક્રોશ કરે છે કે**

"છો બ્રાહ્મણીઓ સ્વર્ગ જાતી,
નથી અમારે જાવું
આ જતું અમને દેવા બેઠો, બળબળતો રંડાપો;
જમડા ચૂડો ભાંગ તો, અમે નવો પહેરતાં ચૂડો,
તે તો, આખો ભવનો ભાંગ્યો, ભાઈ, તું જમથી ભૂંડો." ૧૨૬

સ્ત્રીને કેશ ઉતારવામાં આવતા નહીં, તેનો ચૂડો ફોડવામાં આવતો અને હાથી દાંતનો હોય તો તે ઉતારીને મંદિરમાં મૂકવામાં આવતો હતો. વિધવા થયેલી સ્ત્રી ત્યારબાદ આર્થિક સ્થિતિ પ્રમાણે ધાતુની બંગડીઓ પહેરતી અને કાળો કે બીજા રંગનો સાદો સાલ્લો (સાડી) પહેરતી હતી. કુટુંબના ધાર્મિક કાર્યોમાં તેનું સ્થાન હલકું ગણાતું હતું. વિધવા થયા બાદ તેને 'ઠામ' બેસવું હોય તો છૂટ હતી. એટલે બીજે પરણવાની છૂટ હતી; પણ તે સાસરિયાની મરજી હોય તોજ તેમ કરી શકતી

૧૨૬. દલપતરામ, દલપત કાવ્ય, ભાગ-૨, પૃ.૨૧૦

હતી. પોતાને બાળક હોય તો તે સાથે લઈ જતી હતી. આ બાળકને સામેવાળા "આંગળિયો" નામે ઓળખતા હતા. પુન:લગ્ન કરેલી સ્ત્રી પોતાની કોટમાં 'રામપગલાં' પહેરતી હતી એટલે ખ્યાલ આવતો કે આ સ્ત્રીએ બીજા લગ્ન કર્યા હશે. લેઉવા પાટીદારોની સરખામણીમાં કડવા કણબીની વિધવાઓની સ્થિતિ સારી હતી. એમ કહી શકાય. વિધવા બનનાર સ્ત્રી માટે મોટે ભાગે બીજે લગ્ન કરી નાખતી એટલે બીજા પ્રશ્નો ઊભા થતા નહી.

૧.૪.૧૧ મરણ સંબંધી :

કડવા કણબી જ્ઞાતિમાં રડવા-કૂટવાનો રિવાજ હતો. સ્ત્રીઓ શબ પાછળ કૂટતી કૂટતી ચકલા સુધી જતી હતી. સ્ત્રીના મૃત્યુને ખાસ મહત્વ અપતું નહી. તેનું મૃત્યુ તૂચ્છ ગણવામાં આવતું હતું.[૧૨૭] મરસિયા ગાવા માટે બહારથી સ્ત્રી બોલાવવાનો ચાલ હતો; **જેનો ઉલ્લેખ રણછોડજી વાઘજીભાઈ પટેલે તેમના "પાટીદાર સુબોધ સંગ્રહ"માં કંઈક આ રીતે રજૂ કરે છે**

'નર નારી રે વાત કહું તે વિચારો,
બાંધી કોણે ચલાવ્યો છે ધારો.
કોઈ ઘરે મરણ જો થાય રે, નારી સઘળી કૂટતી જાય રે
કોઈ નમીને સીધી થાયે રે, જાણે ખેલ જ રે કરવાનો આવ્યો વારો.

માટીનાં ઠીકરાં પર મૃત્યુની ખબર મોકલવામાં આવતી. ઊંમરના ક્રમમાં એટલે મરણના મહત્વ મુજબ શોક પાળવામાં આવતો અને જ્ઞાતિભોજન (પ્રેત ભોજન) કરવાનો ચાલ બહોળો હતો, જે બારમાના નામે ઓળખાતો હતો.[૧૨૮]

મરણના સમાચાર આપવા માટે મેલો લખવામાં આવતો હતો. આ જ્ઞાતિમાં બેસણું કે પાથરણું દસ દિવસ કે બાર દિવસ સુધી કે તેરમા દિવસ સુધી રાખવામાં આવતું હતું. બાર દિવસ સુધી પરગામથી લોકાચાર આવતા અથવા કાણે આવતા રોવા-કૂટવાનું ખૂબ ચાલતું હતું.

નાના બાળકના મરણ પાછળ 'કુવારડાં' જમાડવામાં આવતાં, જેમાં માત્ર મરનારની ઊંમરથી નીચેની ઊંમરના બાળકો જમવા જતાં હતા, બારમું, માસિયો, શ્રાધ્ધ વખતે સંબંધીઓને જમાડતા, બારમા વખતે બહારગામથી 'સાથ' તેડાવતા અને જમાડતા હતા.[૧૨૯]

૧૨૭. મહેતા. પાર્વતી, રોવાકૂટવાના ચાલ વિશે નિબંધ, નડિયાદ, ૧૯૧૩. પૃ.૪
૧૨૮. કલ્યાણજી, જમણવાર વિશે નિબંધ, ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૮૭૩. પૃ.પ
૧૨૯. ગાંધી. ત્રિકમભાઈ. બા, જમણવાર બંધ કરી શું કરવું ? અમદાવાદ, ૧૮૯૬.પૃ.૨

ઉત્તર ગુજરાતના કણબીઓમાં ઘણાં સ્થળે મરનાર ઉંમરલાયક હોય તો મૃતદેહને સિધ્ધપુર લઈ જવાનો ચાલ હતો. આ સિધ્ધપુરની સરસ્વવતી નદીના કિનારે એક બાજુ શબ બળતું હોય અને બીજી બાજુ લાડવા વળાતા હોય અને પટેલો પ્રેમથી લાડવા જમે. આ રિવાજ એટલી હદ સુધી વધ્યો કે પછી નાની ઉંમરના વ્યક્તિના મૃત્યુ પ્રસંગે સિધ્ધપુર લઈ જતા અને લાડુ આરોગતા ! શબના ફૂલ નદીમાં પધરાવતા તેમજ મુજડી ગાય મસાણે દોહવાનું ગૌરવ લેતા હતા. હરામણ કરવાની પ્રથા હતી.

મરણ પાછળ રોવા-કૂટવાની ઘેલછા આ જ્ઞાતિમાં વધારે હતી. તેથી તેમને શારીરિક બીમારીઓ પણ વધુ પ્રમાણમાં રહેતી હતી. જેનો ઉલ્લેખ સમયાન્તરે કરાંચીથી પ્રસિધ્ધ થતી "પાટીદાર ઉદય સામાયિક" માં વિવિધ લેખો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેથી કેટલાક આગેવાનોએ સુધારાઓ કરવાનાં પ્રયત્ન કરેલો હતો.

૧.૪.૧૨ ન્યાતવરો :

જ્ઞાતિભોજન લેઉવામાં બે પ્રસંગે; લગ્ન તથા મરણ પ્રસંગે; તથા કડવામાં એક પ્રસંગે મરણ પાછળ થતા હતા.[૧૩૦]

લગ્ન યા મરણ પ્રસંગે લેઉવા યા કડવાન્યાત કરે છે તેને બસો પાંચસો કે હજાર પંદરસો સુધીના ખર્ચ થતા હતા. શ્રાવક વાણીઆ જેવી ડાહી (સુખી) કોમના માણસો જ્યારે પોતાની પાસે વીસ હજાર રૂપિયાની મૂડી હોય ત્યારે પણ બસો ચારસોનું ખર્ચ ઘણો વિચારી કરતા હતા. ત્યારે (કડવા) જ્ઞાતિમાં વીસ હજારની પુંજી તો ઠીક પણ રૂ. ૨૦૦, ૪૦૦ ઘરમાં ન હોય તો પણ દેવું કરીને ન્યાતવરો કરવામાં આવતા હતા.[૧૩૧]

જમણવારના ચાલની મૂળ ઉદ્દેશ્ય ઘણો સારો હતો તે સગાં વહાલાં તથા જૂથમાં એકતા રાખવાનું મોટું સાધન ગણાતું; પણ તેને ઠેકાણે આજ તો "સાપ ગયાને લીસોટા રહ્યાં" એ મુજબ થઈ ગયું છે, તેઓ ભેગા જમે છે ખરા પણ તેથી સંપ વધાવાને બદલે ઉલટો કુસંપ વધે છે. ખુશીમાં આવે તો જમણવાર કરવાનો ચાલ હતો, તે બદલાઈને હવે તે કર રૂપે થઈ ગયો હતો. શક્તિ પ્રમાણે ખર્ચ કરવાનું હતું તેને બદલે ઘરનાં છાપરાં વેચીને, દેવું કરીને પણ સઘળાની બરોબર ખર્ચ કરવાનો ખ્યાલ હતો. વળી જમણવારનાં ટાણાની સંખ્યામાં તથા દરેક ટાણા ઉપર કરવાની જમણવારોની સંખ્યામાં ઘણો વધારો થઈ ગયો છે.[૧૩૨]

---

૧૩૦. પટેલ. ડાહ્યાલાલ. લ, પાટીદાર ઉદય, કરાંચી, ૧૯૨૪. પૃ.૭

૧૩૧. એજન. પૃ.૮

૧૩૨. કલ્યાણજી, ઉપર્યુક્ત. પૃ.૫

શુભ-અશુભ પ્રસંગે ન્યાતવરોમાં રિવાજ ઘણી જ્ઞાતિઓમાં હતો, પણ કણબીમાં વધારે પ્રમાણમાં હતો. લગ્ન, સીમંત, ઉપનયન, મુંડન અને મરણ પ્રસંગે તેમજ જીવંત વખતે (ઉજમાણું) ઘણીવાર ન્યાતવરાઓ થતા હતા. ક્યારેક તો 'પાખોઈ' પણ થતી. એટલે આજુબાજુનાં ગામ સહિત જમણવાર કરાતો. મરણ પાછળ ઉત્તર ક્રિયામાં બ્રહ્મભોજનનો ઉલ્લેખ શાસ્ત્રોમાં હતો પણ પાછળથી તે જ્ઞાતિભોજન બની ગયું. ઘણી વખત કુળવાનમાં ગણાતા અને બાપદાદા આબરૂ સાચવવા અને દેખાદેખીથી ન્યાતવરાઓ થતા પરિણામે પાટીદારોની આર્થિક સ્થિતિ કથળી અને દેવાદાર બનતા ગયા હતા. સીમંતોની દેખાદેખીથી ગરીબોએ આ રિવાજ ચાલુ કર્યો હતો. લોકો કહેતા 'ઘરનો દાંડો વેચ, પણ બાપનું બારમું કર' "અલ્યા ટકો મળશે પણ તક મળવાની નથી." વગેરે કહી મરનારના વારસોને ફરજ પાડતા હતા. ઘણી વખત તો ન્યાતવરો કરજ કરીને કે ઘર વેચીને કે ઘર વાણિયાને ત્યાં ગીરે મૂકી અથવા ખેતર વેચી કરવો પડતો હતો "વરા પાછળ વૈદ્ય જાગે"

તે રીતે ખાવાની સાથે ઘરમાં માંદગી પણ દાખલ થતી. "ઘર આંગણે ભાઈની એઠ ક્યાંથી" એ ગૌરવ લેતા હતા.

૧.૪.૧૩ બાધા આખડી :

કણબી જ્ઞાતિમાં આ અંધશ્રધ્ધા પ્રવર્તતી હતી. ખાસ કરી પુત્ર પ્રાપ્તિ માટે, છોકરાં ન જીવતા હોય તો તેને 'ભિખારી' જાહેર કરાતો અને પાંચ વર્ષ સુધી બીજાઓના કપડાં પર રાખવામાં આવતા હતા, ભૂત વળગ્યું હોય ત્યારે અથવા ઢોરની માંદગીમાં પણ બાધા રાખતા હતા. ભૂવાને પણ બોલાવવામાં આવતા હતા. સ્ત્રીઓ ખાસ કરી દૂધ નહીં ખાવાની કે ઘી નહીં ખાવાની બાધા રાખતી હતી. તેમજ ટોપરૂં નહીં ખાવાની બાધા રાખતી હતી. ચોરી થઈ હોય તો પણ જોષ વગેરે જોવડાવતાં અને બાધા રાખતા હતા. દોરા-ધાગા કરાવતા હતા. શીતળામા પધાર્યા કે બળિયા બાપજી પધાર્યા તેવી પણ અંધશ્રધ્ધા હતી. અને આવા પ્રસંગે પણ બાધા-આખડી રાખતા હતા.[૧૩૩] દરેક વ્યક્તિ પોતાનાં ગુરુ બનાવતો હતો, નહીં તો તે 'નુગરો' ગણાતો હતો. આ ગુરુઓ અમુક વર્ણે પોતાના લાગાનાં ગામોમાં આવતા અને ઉઘરાણું કરતા હતા. પ્રથમ બાળકના જન્મ વખતે તેમજ નામકરણ માટે હાલરડું ગાવા આવતાં ત્યારથી ભરથરી બારોટ તેમજ તરગાળો આવતો અને વહુ પાસેથી સાલ્લો પ્રાપ્ત કરતા હતા. હડકાયું કૂતરું કરડે તો પણ બાધા રાખતાં હતા, વળગાડ હોય તો મીરાં દાતારની બાધા રાખતા, લોટેશ્વર ભૂતપ્રેત કાઢવા જતા હતા. કણબી ઉમિયામાતા, શ્રી અંબાજી, શ્રી બહુચરાજી વગેરે માતાઓ તેમજ રણછોડજી, મહાદેવ અને શ્રી રામ, બળિયાકાકા, હનુમાન અને ભૈરવ તેમજ પવિત્ર નદીઓને માનતા હતા. અને તેની બાધાઓ પણ જરૂર પડ્યે રાખતાં હતા. અખાત્રીજ અને વસંતપંચમી તેમના પવિત્ર ઉત્સવ ગણાતા હતા.

૧૩૩. ગાંધી. પુરષોત્તમ. કા, ગુજરાતી વેહેમ, પ્રી. એન. જ. એ. કંપની, અમદાવાદ, ૧૮૮૧, પૃ.૧૧

દિવાળી, હોળી તેમજ જન્માષ્ટી જેવા તહેવારો પણ ઊજવતા હતા. હોળી પ્રગટે ત્યારે ઘાસનો પૂળો સળગાવી પોતાનાં ઢોર ઢાંખર પર ઉતારવામાં આવતા હતા. મૂઠમારની અડદ છાંટવા, દાણા જોવડાવવા, વશીકરણઅ કરવું, મંત્રોથી શારીરિક બીમારી દૂર કરવી વગેરે પ્રકારના ઈલાજો અજમાવવામાં આવતા હતા. હોળીના તહેવારમાં ખજૂર અને હારડા આપવાનો રિવાજ હતો, કોઈને ત્યાં પુત્રના જન્મ પછીથી પ્રથમ હોળી હોય તો સગાંવહાંલાઓ બાળકને હારડો બાંધતા હતા, હોળીના ઘેરૈયાઓ સુથાર પાસે ગેડ (તલવાર જેવી ખાંડી) તૈયાર કરતા અને ત્યાં રમચી (લાલમાટી)થી રંગાવતા અને હોળીના લાકડાં ભેગા કરવા જતા હતા. નીચલી કોમ પાસેથી લાકડો ઉપડાવતા અને તેમના ઘેરથી લાકડાં પડાવતા હતા. હોળી ગામના ભંગી પાસે પ્રગટવવામાં આવતી હતી. દિવાળીના તહેવારોમાં રાવણું (ગ્રામપંચ) બેસતું વરતારો વાંચવામાં આવતો હતો. ગામના ઈતર આગેવાનોનું મહાજન આવતું. આ પંચ રામજી કે શિવ મંદિરમાં નવા વર્ષના પ્રથમ દિવસે મળતું હતું. અમદાવાદની દરેક કણબીઓની પોળોમાં રામજી મંદિર અને વાડી અવશ્ય જોવા મળે છે. અને તે પોળનું ચોક્કસ પ્રકારનું બંધારણ પણ હતું.

૧.૪.૧૪ બાંધ્યા વિવાહ :

૧૯મી સદીના ગુજરાતમાં જો કે બાળલગ્નનું પ્રમાણ ઘટ્યું ન હોવા છતાં એના અનિષ્ટો સામે શિક્ષિત યુવાનોમાં સભાનતાનો ભાવ ઊભો થયો હતો.[૧૩૪] હિંદુ જ્ઞાતિઓમાં બાળ લગ્ન થતાં હતાં. પણ કડવા પાટીદાર જ્ઞાતિમાં તો ઘણી જ નાની ઉંમરમાં લગ્ન કરવામાં આવતાં હતા. કડવા પાટીદારને જીંદગીમાં પોતાનું કર્તવ્ય જ છોકરાંને જેમ બને તેમ જલદી પરણાવી દેવાનું મનાયું છે. છોકરાંને જીંદગીમાં સારો ગૃહસ્થ કરવાનો અને છોકરીને સારી ગૃહીણી કરવાનો વિચાર જ કડવા પાટીદારમાં જણાતો ન હતો. છોકરાંને કેળવણી આપવા માટે પણ ખરચ કરવાનું તેને યોગ્ય લાગતું નથી પણ છોકરાંને પરણાવવામાં દેવું કરીને પણ ખરચ કરતાં તે અચકાતો ન હતો.[૧૩૫]

કડવા કણબીમાં લગ્ન દસ-બાર વર્ષે આવતું હતું, ઘોડિયામાં ઝૂલતા ૪૦ દિવસના બાળકને પણ પરણાવી દેવાનું, તેને સૂપડામાં રાખી ફેરા ફરવામાં આવતા હતા.

“કડવા કણબી જ્ઞાતિમાં એક કહેવત પડી હતી કે, “અડધું છાણું ડોકલી ઘી, કડવો પરણે શત ને દિ”

૧૩૪. દેસાઈ. નીરા, ઉપર્યુક્ત. પૃ.૨૯૪

૧૩૫. હિરાલાલ. વસંતદાસ, કડવા પાટીદારનાં લગ્નનું સાહિત્ય પાને મૂર્ખાઓનું દર્શન, અમદાવાદ. ૧૯૨૩, પૃ.૧૪

ઊંઝામાં મોહોલત શાખાનો મુખ્ય પટેલ બાજીદાસ થોભળાદાસના ચિ. શામળદાસના ત્યાં ચોપડામાંથી માલૂમ પડે છે કે ગયાં દોઢસો વર્ષોથી કડવા કણબીની જ્ઞાતિમાં લગ્ન દર દસ વર્ષે એક જ વખતે થતાં હતાં. ફક્ત ઉનાળો જ ખેડૂતને અનુકૂળ સમય હતો. વળી દસ વર્ષે લગ્ન કરવાથી ખર્ચ ઓછું થાય તેવું પણ માનવામાં આવતું. જે સંદર્ભે ઉપરની કહેવત સાક્ષી પૂરે છે.

સામાન્યત: બરાબર બાર વર્ષ નહી પરંતુ સરાસરી જેતાં લગ્ન દસ વર્ષના અંતરે આવતાં કેમ કે ગયાં સો વર્ષમાં બરાબર દસ વખત જ લગ્ન થયાં હતાં અને તેમ છતાં લોકોમાં એવી કહેણી હતી કે "કડવાનાં લગ્ન બાર વર્ષે થાય છે' આ સમયે સિધ્ધપુરના ગોર ૭૫-૧૦૦ની સંખ્યામાં ઊંઝા મુકામે એકઠા થતા અને મિષ્ઠાન્નો ઊડાવતાં હતા. સઘળા કડવા કણબીઓ એમ જ માનતા હતા તેમની કુળદેવી શ્રી ઉમિયા માતા બોલે છે, અને લગ્નનો હુકમ આવે એવી સમજથી તે બિચારા અજ્ઞાનીઓ ઊંઝા પાસેથી લગ્નની કંકોતરીઓ લઈને જતા હતા, જે બ્રાહ્મણો આપતા હતા. જો આ રીતનો માતાનો મહિમા વધારવાનું આચરણ ન કરે તે તેમના અહમ અને અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થતો હતો. કણબીઓમાં અક્ષરજ્ઞાન ઓછું, તેમાં પણ ગામના ખેડૂતમાં તો બિલકુલ નહી હોવાથી બ્રાહ્મણોના વાક્યો ઉપર જ આસ્થા રાખતા હતા. બ્રાહ્મણો અને પૂજારીઓ બડાઈથી એવું તૂત ચલાવતા કે "કડવાઓની દેવી બોલી."[૧૩૬]

આ સંદર્ભમાં શ્રીમંત શંકરાચાર્ય માધવતીર્થએ જણાવ્યું કે "કુળદેવી કુળનું પાલન કરતા હોવા જોઈએ તેના બદલે કુળનાશક એવાં બાળલગ્નની આજ્ઞા કુળદેવી આપે છે એમ કહેવું," આવો ખોટો આરોપ કુળદેવી ઉપર મૂકવો એ મોટું પાપ કૃત્ય છે."[૧૩૭]

ઊંઝામાં કડવા કણબીની માતાનું સ્થાનક છે. ત્યાં એવી માન્યતા હતી કે જ્યારે વિવાહ થવાના હોય તે દિવસે સ્થાનકનાં દ્વાર ખુલતા હતા, અને ત્યાં કાગળ લખેલ પડેલો હોય, ત્યાં સુધી દ્વાર બંધ રહેતાં હતા, જેટલાં વર્ષે તેમના વિવાહ આવે ત્યાં સુધી દ્વાર બંધ રહેતા, એટલે દસ-બાર વર્ષ સુધી દ્વાર બંધ રહેતા. જે વર્ષે વિવાહ હોય તે વર્ષના અમુક દિવસે દ્વાર ખુલતા જ્ઞાતિના લોકો બ્રાહ્મણોના કહેવા પ્રમાણે કરતા હતા, કેટલાક બ્રાહ્મણો કંકોત્રીઓ લઈને કાઠિયાવાડ, માળવા-નિમાડ વગેરે ઠેકાણે જતા હતા. તેઓ લોકોને કહેતા "માતા બોલતાં તો નથી પણ પડછો (ચમત્કાર) આપે છે" અને પછી તે પોતાનો મહિમા વધારવા પડછાની કથા કહેતા કે; માતાના મંદિરમાં બારે પહોર અને બત્રીસે ઘડીના દીવા બળતા રહે છે. અને તેમાં નિયમિત પૂજારી ઘી પૂરતો. જે વર્ષમાં લગ્ન ઠારાવવાના હોય તે વર્ષમાં પડછો આપવાને સારું માતાના પ્રતાપથી સદરદીવાઓમાં નિયમિત ઘી પુરાવેલું રહેલું અને ઘીની સંગો બંધાતી જતી હતી. પૂજારીને ખાતરી થતી કે આ વર્ષે માતા લગ્ન કરવાનો પડછો આપશે.

૧૩૬. હટન. જે. એચ, પાં. ગ. દેશપાંડે, (સં), હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા. તેનું સ્વરૂપ, કાર્ય, ઉત્પત્તિ, અમદાવાદ, ૧૯૬૦. પૃ.૨૭

૧૩૭. હિરાલાલ. વસંતલાલ. ઉપર્યુક્ત. પૃ.૧૫

એટલે તે ગામના પટેલોને નિવેદન કરતાં અને તે પહેલાં આજુબાજુનાં ગામોના પહેલાને ખબર આપી ઊંઝા બોલાવી લેતાં સિધ્ધપુરથી પંડિતો આવતા અને લગ્ન જોષ જોવાતા હતા. સદર જુદી ચિઠ્ઠીઓ કરીને ત્રણ જુદા પડામાં બાંધી તે પડા માતાના મોં આગળ મૂકતાં એક પાંચ વર્ષની બાળાને તેડીલાવીને તેની પૂજા કરીને મંડપમાં લઈ જતા અને સદર ત્રણ પડામાંથી એક ઊઠાવવાનું કહેતા. તેમાંથી જે લગ્નતિથિ નીકળે તે તિથિ મંજૂર રાખતા પણ તે પહેલાં તે પડાને વારંવારે ત્રણ વખત ઊપડાવતા. તેમાં ત્રણે વખત તે જ પડો આવે એટલે તે જ લગ્ન દિવસ નક્કી કરાતો અને પડાને વધાવી લેતા હતા. તે જ પ્રમાણે માંડવ રાતનો દિવસ નક્કી થતો હતો તથા માણેક સ્તંભ રોપવાનો તેમજ ગોત્રિજો પૂજાનો વગેરે દિવસો પણ તેવી રીતે નક્કી થતા હતા. આ સઘળી વાતો ભોળા ખેડૂતો સાચી માનતા અને બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપી જમાડી રાજી રાખતા હતા. બ્રાહ્મણો એક કથા કહેતા અને એક જ તારીખે લગ્ન કરવાનું સમજાવતાં છૂટા લગ્ન થઈ શકે નહીં તેનો ભય ધાર્મિક રીતે દેખાડતા હતા.[૧૩૮] કડવા પાટીદારોના શ્રી ઊમિયા દેવીના નામે દસ વર્ષે લગ્ન કાઢવામાં આવતાં તે વખતે પાટલાવાળાઓ પોતાના બીજા ગોર રોકીને ગામડે માતાજીની કંકોતરીઓ લઈ જતાં હતા, ત્યાં તેમને રોકડ રકમ મળતી જે ઘર દીઠ નક્કી કરેલ હતી. પંદર દિવસ સુધી તેઓ ત્યાં રહેતાં હતા. બીજા પક્ષે કડવાનાં લગ્નની વિધિ કહાડવામાં ઊંઝાના કણબીમાં મોહલોત અને રૂસાવત શાખાના વડીલો અગ્રેસર હતા. અહીંથી નીકળેલ લગ્નની તિથિ જ્યાં જ્યાં કડવા કોમનાં પાટીદાર વસતો તે તેનું પાલન કરતો અને બાંધ્યા વિવાહ કરતો હતો.

કડવા કણબીઓની જ્ઞાતિમાં એક દિવસના છોકરાંને પણ પરણાવવામાં આવતો વળી પહેલા પરણાવી દેવામાં આવતો અથવા ફૂલના દડે પરણાવી દેવામાં આવતો હતો. ચાળીસ દિવસનું સૂવાવડનું સૂતક લાગતું હોવાથી ૪૦ દિવસને અંદરના છોકરાંને પરણાવવાનું કોઈ કરતું ન હતું. છોકરાને ઘોડિયામાંથી ઝડપવાનો લહાવો લેવા માંથી અભિમાન પેદા થતું અને કુળવાનોની હરીફાઈ શરૂ થતી હતી, કજોડાં અને બાળલગ્નો સર્જાયાં તેના સાથે સાથે સ્ત્રી સમસ્યાનો ઉદ્ભવ થયો જેમકે "બાળ લગ્ન જેથી નાના પ્રકારના રોગો ફેલાતા તેમજ દરિદ્રતાને વશ થઈ દેવાદારની પરિસ્થિતિનું નિર્માણ થતું. બીજું જન્મેલ બાળક પણ કુપોષિત રહેતું હતું.[૧૩૯]

એક હકીકત નોંધવી ઘટે કે જાન પંદર દિવસ સુધી રોકાતી પણ જાનમાં વધુ માણસ આવતાં નહી; કારણ કે ઘેર ઘેર લગ્નો હતા. ક્યારેક તો માં દીકરીને પરણાવવા ઘેર રહી હોય અને બાપા દીકરાને લઈ પરણાવવા ગયા હોય. કન્યા ઉંમર લાયક થાય ત્યારે તેનું ઊજાણું કરી સાસરે મોકલવામાં આવતી હતી, ફૂલના દડે પરણતી કન્યાને રંડેલી ગણવામાં આવતો હતી. બીજાં લગ્નો ખૂલે ત્યારે તેને પરણાવાતી પણ તેને 'હારિયાની' કન્યા કહેવામાં આવતી હતી. આમ ઊજાણાંની અને હરિયાની કન્યા જેવા ભેદ પડ્યા હતા, 'હરિયાની' તે કન્યા એટલે જેનું ઊંજાણું થતું નથી તેવી કન્યા. તેના બીજા લગ્ન ગણાતા હતા.

૧૩૮. પટેલ. મંગુભાઈ, બાધ્યા વિવાહ; એક વિવાહ, અમદાવાદ.૨૦૦૫. પૃ.૧૭

૧૩૯. દવે. નરભેરામ. કા, બાળવિધવા રૂપવંતી દુખ દર્શક. ભાગ-૧, મુંબઈ, ઈ.સ. ૧૮૭૭. પૃ.૨

ઉપરોક્ત વર્ણનના આધારે કહી શકાય કે અજ્ઞાની ખેડૂત ધાર્મિક, સામાજિક, આર્થિક સમસ્યાના કારણે આ પ્રથામાં સમયાન્તરે વધુને બધુ ફસાતો ગયો હતો; સુધારકો પણ આ પ્રથામાં બાકાત ન હતા જેમકે **દા. પીતાંબરદાસ કુબેરદાસે કડવા પાટીદાર શુભેચ્છક સમાજના પ્રમુખે-શ્રી શારદામઠના શ્રી શંકરાચાર્ય મહારાજ પાસે બાળ લગ્ન સશાસ્ત્ર છે કે શાસ્ત્ર વિરુધ્ધ છે તેના નિર્ણય માગ્યો હતો; જેમાં શંકરાચાર્યે નિર્ણય આપ્યો કે છોકરાના લગ્ન ૨૫ વર્ષથી ઉંમર અને છોકરીના લગ્ન ૧૬ વર્ષની ઉંમરે પછી કરવા જાણાવ્યું જો કે. દા. પીતાંબરદાસે એક કરતાં વધારે સમાજોમાં પ્રમુખ પદથી તેટલી જ ઉંમરે લગ્ન કરવાનો ભાષણો કરેલા છતાં પોતાના બે છોકરાઓને નાની ઉંમરમાં પરણાવી દીધા હતા ત્યારે અભણ ગામડીયામાંથી બાળલગ્ન બંધ કરી શકાય એવી આશા શી રીતે રાખી શકાય.[૧૪૦] તદ્ઉપરાંત તે પૂર્વેના અગ્રણીઓ જેવા કે 'નવલરામ' ૧૧ વર્ષે પરણ્યા હતા અને પ્રથમ પત્નીના મૃત્યુ પછી ૧૪ વર્ષની ઉંમરે ૮ વર્ષની કન્યા સાથે ફરી લગ્ન કર્યા હતા.[૧૪૧]**

સુધારકોએ આ અનિષ્ટ ખુલ્લું પાડવા કાવ્યો, નાટકો અને નિબંધો લખ્યાં હતાં. સામાજિક સુધારક મંડળોએ આ સમસ્યા ઉપર નિબંધ હરીફાઈઓ અને ચર્ચાઓ યોજતા હતા. વળી પરંપરાગત રિવાજના પ્રતિકાર કરવા "બુધ્ધિપ્રકાશ" જેવા સામયિકોએ શાસ્ત્રોના આધાર લઈ બતાવ્યું કે કન્યાની સંમતિ વિના લગ્ન ન થઈ શકે તેવું વિધાન છે. તેઓએ ઘોષણા કરી કે કન્યા ૧૦ વર્ષની ન થાય ત્યાં સુધી અને વર ૧૫ વર્ષનો ન થાય ત્યાં સુધી લગ્ન માટે પરિપક્વ ગણી શકાય નહિ.[૧૪૨] કડવા કણબીની જ્ઞાતિમાં આ રિવાજને નાબૂદ કરવા માટે બહેચરદાસ લશ્કરીએ ખૂબ જહેમત ઉઠાવી હતી, એટલું જ નહીં પણ બ્રિટિશ શાસકો અને સયાજીરાવ ગાયકવાડની મદદથી આ બાબતમાં ઘણી સફળતા પણ મેળવી હતી. આ સાથે ખૂબ જ મહત્વના દસ્તાવેજો દ્વારા આપણને ખૂબ રસપ્રદ માહિતી પ્રાપ્ત થાય છે તે અહીં શબ્દશ: રજૂ કરવામાં આવી છે.

૧૪૦. હિરાલાલ. વસંતલાલ, ઉપર્યુક્ત. પૃ.૧૪-૧૫
૧૪૧. મહીપતરામ, ઉતમ કપોળ કરસનદાસ, પૃ.૧૫-૧૬
૧૪૨. બુધ્ધિપ્રકાશ, ૧૮૮૫. પૃ.૨૨૪-૨૮

૧.૪.૧૫ ઊંઝાથી આવેલો લગનીઓ (ઈ.સ.૧૮૯૦) :

સંવત ૧૯૪૬ મહા સુદ ૧૪ ને ગામ માણસામાં લગન વધાયાં છે. લખમીરામ લગની આ આવનાર ભરામમનાં નામ નીચે પંડ્યા લખમીરામ પરાસોત્તમ તથા પંડ્યા મોસનલાલ સાકળચંદ તથા અચરજ અનોપરામ દયારામ તથા રાવલ જેઠારામ મુલજીજણો ૪ (ચાર) ગામ ઊંઝાના લગનીઆ જણ ૪ મળી લગન વધાયો છું. તેમાં જણસ મંગાવવાની વિગત:

સરીફળ નં-૧ સોપારીઓ નં-૭ કંકું-૧
(રાતું થાપણ ગજ, ૧૧) થયન ગજ-૧ ધોળું, (નરાસડીની અઓટીયો નં.૭)
ચોખા ૧ ઘઉં દાણા ૧ ૫. શીખના આપ્યા, ૮ રોકડા

એણી રીતે લગન વધાવ્યું છે પટેલ ભગતી હરીભાઈના માડમાં વધાવ્યું છે.
નીચે લગનીઓ જણ ૪ ની સહીઓ કરાવી છે.

પાડા લખમીરામ પરસોત્તમની સહી
દ. પોતાના
અચારજ અનોપરામ દયારામની સહી
દ. લખમીરામ
પંડા મોહનલાલ સાકળચંદ સહી
લખમીરામ રાવલ
જેઠારામ મુલજી વી. દ. લખમીરામ.

એણી રીતે ઉપર લખા પરમાંણે બે લગનને પસી (પછી) બાજોઠ બે મંગાવીને તેના ઉપર એકડી પર ચોખા મૂકીને બીજા ઉપર કાપળ ઉપર હતી તેનું પૂજન કરાવ્યું ને લગનની તારીખ ઉતરાવી તેની વિગત ૧૯૪૬ ના વઈશાક સુદ-૨ ને વાર સોમવારના દિવસે કાંમગણેશ એટલે ચાક વધાવવાનું મુરત વઈશાક સુદ-૬ ને શુકરવાર (શુક્રવાર) ના દિવસે માંડવો ઘાલવાનું (સ્થાપના) મુહુર્ત હતું.

વઈશાક (વૈશાખ) સુદ-૮ વાર રવિવારના દિવસે મોટા ગણેશ બેસાડવા તથા ગ્રહશાંતી એટલે ગરો પૂજા કરવાનું તથા માણકથંભ ગાલવાનું વઈશાક સુદ-૧૨ ગુરુવારનું લગન રાત ગડીયું ગયા પછી વરગડિયાં પરકાવવા વઈશાક વદ-૫ ને શુકરવારની માંડવ રાત એણી રીતે લગન વધાવાં હતાં ને પછીથી ગોળ લાવીને વેચો હતો. કંકુતરી જોઈને આવનાર ઉપર લખેલા ભરામણાંને પાકું સીધું અપાયું હતું. બીજે દિવસે રહેવું પડું હતું તે દિવસે ખીચડીનું સીધું અપાવતા હતા પણ તે દિવસે પણ પાકું અપાયું હતું.[૧૪૩]

૧૪૩. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૩, પૃ. ૩૨૮

૧.૪.૧૬ ચાક વધાવાનો દિવસ :

વાર પછી (ત્યાર પછી) વઈશાક સુદ-૨ ચાક વધાવાની વખત આવી એટલે ગામમાંથી સરવે પાટીદારોના ઘેરથી બઈરાં (સ્ત્રીઓ) બોલાવવાને ૫ ભગતી હરિભાઈના ઘેરથી ચારણીમાં ઘઉં ૨, ના આશરે લીધા તથા ગોલ ૦૧ આશરે લીધોને સરવે લઈને કુંભાર પૂજા સળ્યાના ઘરનાઓને ચાકલાની પૂજા કરી તેમાં સોપારી ૧, ચાકલા પાસે મૂકી તેને કંકુના સાંટા પાડ્યા, પરંતુ રાવને ડાંગર ચડાવી તેની પાસે જઈ ૧ રોકડા અને સોપારીઓ મૂકી હતી. પૂજા કરી રહ્યા પછી ઘઉં તથા ગોલ તથા પઈસો કુંભાર લઈ ગયો ને ઘરમાંથી માટલી નં.૧ પા. ભગવતી હરિભાઈને ઘેર આપી. માટલી લઈને આવ્યા પછી સરવે બઈરાં (સ્ત્રી) વેરાઈ ગયાં. પછી વઈશાક સુદ-૬ માંડવો ઘાલવા. સરવેને ગામમાંથી બોલાવવાને કોઈ આવાને કોઈ નહી આવાને માંડવો ભરામણને બોલાવીને ગાલો તેમાં જમણી બાજુની થાંભલી ગાલતી વખતે જઈ-૧ તથા સોપારી નં.૧ મુકાવી પૂજા કરાવીને થાંભલી ઘલાવીને સરવે થાંભલીઓ પાસે ઘાલીને માંડવો ઊભો કરો. તાર પછી વઈશાક સુદ-૮ રવિવાર ગરોપૂજા તથા માણકથંભ તથા ગળોશ બેસાડવાનું મુહુર્ત હતું. તે દિવસે પરથમ (પ્રથમ) પંડા પરભુરામને બોલાવીને ગોતરજ કાઢ્યોને પચી ગરો પૂંજા કરવા સારું માટી લેવા સારું ગયાં તેમાં, એક કથરોટમાં જઈ-૧, સોપારી-૧, ઘઉં-૧| તથા કંકાવટીમાં કંકુ તથા ખારેક ૫, લઈને ગયા તે સાથે પંડા પરભુરામ હતા ને માટી લાવા તેની પેલી (ઓટલી આંગણામાં) કરી તેના ઉપર પરચૂરણ સામાન લાયા હતા. તે પેલી (ઓટલી) ઉપર રાખીને પસી (પછી) ગરો પૂજા કરાવી. પછીથી ગણેશની માટલી લેવા કુંભાર પૂજા સવાના ઘેર ગયો તેમાં એક ચારણીમાં ઘઉં ૨ ૧| તથા ગોલ ૦| તથા જઈ ૩, રોકડા લઈને જઈને માટલી લાવા તેની સાથે-સાથે માટલીમાં તેજ પરમાણે (પ્રમાણે) તે દિવસે પા. બાજી ભગવાનભાઈ આંસમસન તથા બહેચર અમીચંદ થઈને માણેકથંભ (સ્તંભ) જુદો પા. મોતી ભગવાનના ઘરે ઘામ્યો હતો તથા ગજ પૂજા કરી હતી ને પરથમ સાઠે (૬૦) ઘરનું ભેગું થતું તે પરમણે ભગવતી હરિભાઈના ઘેર કર્યું હતું. પસી વઈશાક સુદ-૧૧ ફૂલેકું કરું હતું. તેનું ભાણું નં.૧ હજામને વરના બાપે ઘર દીઠ એક ભાણું આપ્યું હતું. વઈશાક સુદને-૧૨ જાનો આવીને ભાગોળે (ગામના પ્રવેશ દ્વારે) ઊતરી હતી. પસે (પછી) સમાઈયું કરું હતું તે ખાંડનું પાણી પાવા ગયા હતા. તે વખતે એક ટકો વર દીઠ હજામને આપોપ તથા એક ટકો ભરોમતને આપો તથા એક ટકો મેરાઈને આપ્યો હતો. વરના બાપે પસે જાનવાસે આવતા હતા તથા ઊતતારો આપો. પીસી સુખડીની થાળી એક કના (કન્યા) તરફથી જાન વાસે હજામ સાથે મોકલી પસી (પછી) થાડી સુખડી લુણારીઓ કાડી લઈને પાસી આપીને હજામ લેઈ ગયો તે વખતે એક ટકો હજામને વરના બાપ તરફથી આપો હતો; પસે હજામને પીઠી કરવા મોકલ્યો હતો તે પીઠી કરી પોતિયું લઈ જતો પસે બોલાવાથી માંડવે આવા ને તોરણ આવા એટલે પુખાવાને વખતે એક ટકો ભરોમણને તથા હજામને આપો વરના બાપ તરફથી પછી ઘેર બોલાવીને બાજઠ ઉપર તથા માચી ઉપર બાદ પથાણું પાથરીને વર-કન્યાને બેસારાં પછી ગોરને ઉઘડા પૈસા આપવા નક્કી કરીને વરઘડીયાં પરણાવવા ચોરી બંધાવી. તેમાં કુંભારને ચોરી એકે ટકા બે પરમાણે લવરાંમણ તથા

મેળવામણના અપાયા તથા રૂ ૦॥ ચોરી બાંધામણ તથા ખોદામણના ભરોમણને અપાવા. બીજા રૂ. ૦૧ ગવીયા રાજારામને આપા રૂ. ૦૧ જાનીયાને આપો સરવે પઈસા વરના બાપ તરફથી આયા હતા. પસે પરણી ઉઠા પસી ગોતરીજ આગળ પગે લગાડીને સેંડા સોંડી નાખીને જેની વાસે (જાની વાસે) ગયા પસી હજામના બે ટકા પરથમ અપાયા હતા ને બે બાકી હતા તે આપા જ્યારે ટકા ૪ પરણી ઊઠતાં સુધી આપ્યા હતા.

બીજા ટકા બે મેરાઈને આપાને પરથમ ૧ આપો તો બીજો ટકો ૧ ગોરને આપો તે પરથમ બે આપ્યા હતા . તાર પછી લોકોના હકના પઈસા ચૂકવવાની વીગત.

૦॥ મેરાઈનો ૦॥ લવારનો નોમણદીવા પતરાના નાંગણખીવા ગોર ધોતી ૦॥ ૦॥ શીખનો આનો

૦॥ પોતીઆનો

૦॥ હજામનો ૦| વાજંતરીઓને

૦॥ શીખનો ૧, દરબારમાં ચોકી

૦| પોતીઆનો હકના મધે રૂ. ૦,૪,॥, હવાલદારને પણ ભેગો લઈ લીધો છે. સં ૧૯૩૬ની સાલ થે લેવરાંણા છે

૦॥ કુંભારનો

૦| પાણી ભરાંમણનો

૦| પોતીઓનો

૧, સુતારને બજોડ તથા માંચીનો ૧, ભાટ તથા ભરામણને તથા સરણમુંમાં ૦૧

૧, કુંભારને ચોરી ૧, ના

૦| માળીને આપ્યો ૦,૪॥ હજામને મહામાટલું બંધામણીનો

૦,૪॥ માધેવસન નાથજી

૦,૪॥ કોટવાળનો ૦,૪॥ | સેનમાના વાસલાને સુથીયું ૧, મહામાટલું બાંધવા લઈને.

૧.૪.૧૭ કરારનામું બ્રાહ્મણ સાથે :

સંવત ૧૯૪૬ના વૈશાખ સુદી ૧૫ પા. દ્રારકા ભગતી તથા ભાઈ જેસંગભગતી તથા ભાઈ હાથીભગતી તથા જેઠા ભગવાનદાસ જોગ પંડ્યા પરભુરામખુશાલ તથ પંડ્યા રાજારામ ખુશાલ તથા પંડ્યા સાંકળેશ્વર ઉમેદરામ જત આ સાલમાં તમારા વિવાહાન છે. તેના કન્યા એક ગોર ધોતીઆના રૂ. ૨| અંકે રૂપિયા સવાબે તથા શીખનો રૂ. ૦| અંકે આના ચાર પરણોમણનો રૂ. ૦॥ અંકે રૂપિયો અડધો અબોખા, ચલઉવા, સોમભઈઆનો એણી રીતે તોરણવ્હાર આના સવાબે માટે રૂ. ૩, =૧ અંકે રૂપિયા ત્રણ ને આંના સવા બે લઈને કન્યા પરણાવીએ. અહીંઆ સિવાય ઉપરની બાબત સિવાય જઈ એક લેવો નહીં" (વધુ લેવા નહિ.)

બાંધ્યા વિવાહમાં મુહૂર્ત આ પ્રમાણે ગણાતાં, કડવા કણબીના લગ્નના મુહૂર્તની હસ્ત પત્રિકા છૂટી વહેંચાઈ હતી.

બહેચરદાસ લશ્કરીના અવસાન બાદ ચાલેલ સુધારાની પ્રવૃત્તિનો દ્વારા. સુરત જિલ્લાના કડવા પાટીદારોએ જુદાં લગ્ન એ નામની હસ્તપત્રિકા ૧૦મી એપ્રિલ ૧૯૧૦ના 'ગુજરાતી પંચ'માં છપાઈ હતી તે નીચે મુજબ હતી.

સુરત જિલ્લાના કડવા પાટીદાર.

ઉમિયા માતાજીની મહેરબાનીથી કડવા પાટીદારોના લગ્ન, સભા વખતે તા. ૪ એપ્રિલ ૧૯૧૦ને રોજ મુકરર કર્યો તે.

શુભ મુહૂર્તની તિથિઓ નીચે મુજબ સંવત ૧૯૬૬

૧) શ્રી ગણેશ બેસાડવાના (કામા ગણેશ)	વૈશાખ સુદી ૫ને શુક્રવાર
૨) શ્રી માંડવા મુહૂર્ત (માણેક સ્થંભ)	વૈશાખ સુદી ૫ને શુક્રવાર
૩) શ્રી ગ્રહશાંતિક વરનું	વૈશાખ સુદી ૭ને રવિવાર
૪) મોટા ગળોશ અને ઉકરડી નોતરવાનું	વૈશાખ સુદી ૭ને રવિવાર
૫) મોટા લગ્ન કરવાની તિથિ	વૈશાખ સુદી ૮ને સોમવાર
૬) શ્રી જાન વિદાય કરવાનું મુહૂર્ત	વૈશાખ સુદી ૧૧ને ગુરુવાર
૭) શ્રી ઉકરડી ઉઠાડાવાનું મુહૂર્ત	વૈશાખ સુદી ૧૨ને શુક્રવાર

બીજું લગ્ન સંવત ૧૯૭૧ની સાલમાં સુરત જિલ્લાની પંચ એકત્ર મળી લગ્નતિથિ મુકરર કરશે.

પટેલ નરોત્તમદાસ વળારસી સોસેકવાળા

પટેલ બેચરભાઈ ભીખાભાઈ વસ્વારીવાળા

ઈ.સ. ૧૯૧૦ પછી પાંચ વર્ષ લગની આના મુહૂર્ત નીકળવા લાગ્યા અને છૂટા લગ્ન શરૂ થયા. વિવાહ માટે છોકરાનો બાપ વાત મૂકતો. મોટાભાગનાં લગ્નો બાળલગ્નો થતાં જાન ત્રણ કે પાંચ દિવસ રોકાતી. બાંધ્યા લગ્નની જાનો પંદર દિવસ રોકાતી અને પ્રસંગને અનુરૂપ ગીતો ગવાતાં તેની વિગતો આ પ્રમાણે હતી.

બાંધ્યા લગ્નની પ્રથા ઈ.સ. ૧૯૨૨ની સાલ સુધી ચાલુ રહી હતી. તા. ૨૧-૪-૧૯૨૨ના સ્પેશિયલ ઠરાવથી બરોડા સરકારે બાળલગ્ન પ્રતિબંધ ધારામાંથી કડવા પાટીદારોને છૂટછાટ આપી, જેથી સંવત ૧૯૨૨ની સાલનાં સામૂહિક લગ્ન પતી ગયાં.[૧૪૪]

૧૪૪. હિરાલાલ. વસંતલાલ, ઉપર્યુક્ત. પૃ.૧૨૭

પરંતુ તા. ૨-૫-૧૯૨૮ થી બાળલગ્ન પ્રતિબંધ ધારોનો ફરીથી અમલ કડવા પાટીદારો માટે થયો, જેથી દસ-બાર વર્ષ થતાં લગ્નો બંધ થયાં અને પુખ્તવયે છૂટક વિવાહ કરવાનો રિવાજ શરૂ થયો.

૧.૪.૧૮ ફટાણાનો ચાલ :

૧૯મા સૈકામાં દરેક જ્ઞાતિમાં ફટાણા ગાવાનો રિવાજ હતો પછી તે નાગર હોય કે વાણિયા પણ આ ચાલ તે સમયનો કુરિવાજ હતો.

કડવા કણબીઓની સ્ત્રીઓ પોતાને ઘેર લગ્ન પ્રસંગ આવે ત્યારે ભલભલાને કાનબંધ કરાવી દે તેવાં ફટાણાં ગાતી હતી. ફટાણાંની ખરી છોળતો વનરાજા કન્યાને માંડવે જાય ત્યારે ઊછળતી, અને એ છોળ વર, વરના બાય; વરની મા, કાકા, મામા, ભાઈ કે મિત્રોને છંટાતી હતી.[૧૪૫] નીચે આપેલ ફટાણા પરથી તે કુરિવાજના સંદર્ભે ખ્યાય વધુ સ્પષ્ટ થશે...

૧.

માંડવે મેલો રે સફેદો,
મગનને મહાકોરનો નિત્ય ફજેતો
માંડવે મેલોને રે કાતર,
જડાવતો જન્મારાની પાતર,
માંડવે મેલો રે મગ,
લલિતાને લઈ ગયા ગામના ઠગ.
દાળમાં નાખો રે રાઈ.
ગિરજા તો ગામના ગોલાને ગઈ

૨.

ડાભડો વેચીને વેવાઈ મોંઘો વેરો ભરિયો
દાતરડાં વ્યાજમાં ડૂબ્યાં ઓ નવલા વેવાઈ
આવો કસાલો તારો કમાણા ગામમાં દીઠો
છોકરાં તો વ્યાજમાં ડૂબ્યાં.

૧૪૫. ઈચ્છારામ, ભાઈચંદ, ભોજક, ફટાણા નિષેધ નિબંધ, અમદાવાદ, ૧૮૮૮. પૃ૪

ફટાણા ગાવાનો ચાલ હરેક કોમનું એક દૂષણ હતું પરંતુ 'જોરાવરસિંહ જાદવ' ના મત મુજબ ફટાણાએ સામાન્ય રીતે દૂષણ ન હોઈ એક સમૂહમાં આનંદ કરવાનો રિવાજ હતો. પણ અહિં નોંધવું ઘટે કે તે લગ્ન તેમજ શુભપ્રસંગે વિના પૂર્વગ્રહે આ ફટાણાનો ઉપયોગ ઉદાર રીતે થતાં જેમાં સામે પક્ષે માત્ર રમૂજ, આનંદનો ભાવ હતો. જો કે ગુજરાતમાં આર્યસમાજની અસર તેમજ સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્કાર મૂલક શિક્ષણ તેમજ અન્ય આધુનિક પ્રવાહોને કારણે આ ચાલમાં સમયાન્તરે અમુક અંશે સુધારા થયા છે. પરંતુ સંપૂર્ણ પણે નાબૂદ કંઈ શકાય નહીં.

શોધનિબંધને અનુરૂપ આપણે ઉપરોક્ત જે વર્ણન જે આધારભૂત સાધન દ્વારા કરેલ છે. તે સામાન્યત: ઉતર ગુજરાતના અને અમદાવાદમાં ફેલાયેલા કડવા કણબીઓનો ઉલ્લેખ કરેલ છે પરંતુ તે ઉપરાંત મધ્યપ્રદેશ, દક્ષિણ ગુજરાત અને કાઠિયાવાડના કડવા કણબીઓનો સંક્ષિપ્ત અભ્યાસ અનિવાર્ય બને છે.

* કણબી કડવા કસબે ઓલપાડ અને સુરતી.

આ ન્યાતમાં વિવાહની બાબતમાં કન્યાને બાપ વરવાળાને માગું મોકલતો હતો. વરને ઘેર જઈને વરને મસ્તકે ચાંલ્લો કરતો હતો. વર-કન્યાનાં સગાં અને ન્યાતગોર હાજર રહેતા. ચાંલ્લો થયા પછી પતાસાંનો પડો ૧ કન્યાવાળો વરવાળાને આપતો તે વિવાહ ગણાતો હતો. કન્યાના વિવાહ માટેની ઉંમર અવતરે ત્યાંથી કુળદેવીનો હુકમ થાય ત્યાં સુધીની ગણાતી હતી. છોકરીનો બાપ ન હોય તો તેનો સગાંવહાલાં લગ્ન કરાવતા હતા. કોઈ વિધવા બૈરીએ પોતાની દીકરીનો વિવાહ જ્યાં કર્યો હોય તે ફોક થઈ શકતા હતા. શારીરિક ખામી હોય તો વિવાહ તૂટી જતો. પણ કન્યાનો વિવાહ આ બાબતમાં તૂટી શકતો નથી. કારણ વિના કોઈ વિવાહ તોડે તેને ન્યાત ભારે સજા કરતી આ ન્યાતમાં સાટું કરવાની ચાલ ન હતો, અને કોઈ કરે તો તેનો બાધ ન હતો.[૧૪૬] આમ ઉપરોક્ત રિવાજ સુરત અને ઓલપાડ વિસ્તારના કડવા કણબીઓમાં હતા.

આ ન્યાતમાં પલ્લાના રિવાજની જગ્યાએ ઘરેણું આપવાનો ચાલ હતો. કન્યાનો બાપ વરને પરણતા પહેલાં ચાંલ્લાના કરીને રૂ. ૧૫ તથા રૂ. ૨૧ તથા રૂ. ૨૫ આપતો હતો. ત્યારે વરવાળો રૂ. ૨૦ થી ૫૧ સુધીનું ઘરેણું પલ્લાના અવેજમાં આપતો હતો. કોઈ વધારે આપે તો ખુશી ગણાતી હતી. કોઈ શખ્સને ચાંલ્લો ન મળે તો કંકુને કન્યા વાળે તેના પર ચાંલ્લાનો દાવો થતો ન હતો. આ ન્યાતમાં રૂપાનાં કલ્લાં તથા સોનાના વિટલા તથા કોટલી તથા સાંગળું જેને મળે તે શખ્સ એટલું પલ્લું આપતો હતો. રોકડા રૂપિયા પલ્લાના બદલામાં આપવાનો ચાલ ન હતો. ચાંલ્લો થવા પછી લગ્ન સુધીમાં જ્યારે વરના બાપને મરજીમાં આવે ત્યારે પલ્લું આપતો ને તે પલ્લાની જણસોને કન્યાને શરીરે બાપના ઘરમાં પહેરાવતો હતો. કોઈ શખ્સ પોતાની દીકરીને સકાંકણી બેસાડે તે બાપ પોતાની સંપત્તિ પ્રમાણે પલ્લાના અવેજમાં (બદલામાં) ઘરેણું આપતા. ત્યાર પછી સાસરિયાં કન્યાને ઘરેણું આપતા તે તેમની ખુશી ગણાતી હતી.

૧૪૬. ભગા જેઠા અને બીજા, સુરત જિલ્લાના કડવા કણબી પાટણવાડિયાના જ્ઞાતિના ધારો સુરત, ૧૮૮૮. પૃ.૪

આ ન્યાતમાં જે શખ્સ એક વખત પરણેલો હોય તે ફરીથી પરણતો નહીં, કેમ કે નાતરું કરવાનો ચાલ હતો. કોઈ શખ્સને મોટી ઉંમર સુધી કન્યા ન મળી હોય તો તે શખ્સ સમડીના ઝાડ સાથે પરણીને પછી નાતરું કરતો હતો. છોકરી મોટી થતાં પલ્લું હવાલામાં અપાતું. ધણી કે બાપને ઘેરથી લાવેલ ઘરેણાં પલ્લામાં ગણાતાં નહીં. જે પલ્લું સ્ત્રીને મળ્યું હોય તે ધણીની મરજી વિના કોઈને આપી શકતી નહીં. સ્ત્રી પાસેથી વાજબી કારણથી ધણી તેનું પલ્લું લઈ શકતો હતો સ્ત્રીને બીજાને ત્યાં નોતરે જાય અથવા પોતે ધણીને પાછું આપવું પડતું પત્ની પોતાના પિયરમાં મરી જાય તો તે પલ્લું બાપને ઘેર રહેતું સુરતના પટેલોમાં પણ પલ્લા માટેના આજ નિયમો હતા.૧૪૭ સ્ત્રીને રાજી કરીને પલ્લું લઈ શકાતું હતું. બળજબરી કરીને પલ્લું ઉતારી લેવાય નહીં.

આ ન્યાતમાં લગ્ન નક્કી કરવાનો દિવસ શાસ્ત્ર પ્રમાણે નહીં પણ કુળદેવીની આજ્ઞા પ્રમાણે થતો હતો. તે માટે ઉંમરનો કોઈ બાધ ન હતો. પોતાના ગોત્રમાં પરણી શકાતું નહીં. કોઈ શખ્સ પોતાની સ્ત્રીની બહેન સાથે લગ્ન કરે તો બાધક ન હતું. કન્યાદાન આપવાનો અધિકાર પ્રથમ પિતા તથા કાકા તથા દાદા, ભાઈ પછી મા; એ પ્રમાણે કન્યાદાનનો ચાલ હતો. માહેરામાં જે વખતે હાજર હોય તે કન્યાને પધરાવતો એક દિવસે બે કન્યા પરણે તો બંન્નેની ચોરી જુદી-જુદી બંધાતી હતી. એક બૈરી જીવિત હોય તો પણ બીજી પત્ની લાવવાનો ચાલ હતો. બેમાં જે બુધ્ધિશાળી હોય તે મુખ્ય ગણાતી હતી પહેલી સ્ત્રીની હયાતીમાં બીજી પત્ની કરવા માટે તો પહેલી પત્નીની રજા લેવી પડતી હતી. તે રજા ન આપે તો તે બીજી સ્ત્રીને જેટલું ઘરેણું આપે તેટલું પહેલીને આપવું પડતું હતું.૧૪૮ જે પત્ની અદારણી આવે તેનું મોસાળું કરવાનો ચાલ આ ન્યાતમાં ન હતો. બીજી પત્ની કરવા પાછળ કોઈ કારણ જરૂર ન હતું.

દીકરીનો તથા બહેનનો છોકરો લગ્ન કરે ત્યારે મોસાળું કરવાનો ચાલ હતો. છોકરી મોટી થયા પછી સાસરે રહેવાનું હતું. ટૂંકમાં બાંધ્યા વિવાહ સ્વીકાર્યા હતા.૧૪૯

૧૪૭. એજન. પૃ.૫
૧૪૮. એજન. પૃ.૬
૧૪૯. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૬૫

કડવા કણબી સુરત ન્યાતમાં પ્રથમ પટેલ ગંગારામ વંદરાવન હતા. જે વર્ષ તેમની કૂળદેવી ઉમિયા દેવીની લગ્ન માટેની આરતી થતી; ત્યારે ઊંઝાથી બ્રાહ્મણ લગ્નપત્રિકા લઈને પ્રથમ પટેલને ત્યાં આવતો ત્યાર પછી સર્વે મળીને લગનિયાને વાજતે-ગાજતે વીડીમાં લઈ જતા. તે જગ્યાએ લગ્ન પત્રિકાઓ વહેંચાતી અને પછી પાછા વાજતે-ગાજતે સુરતી પટેલને ઘેર આવતાને ત્યાં તોરણ બાંધતા હતા. આવેલા સર્વે લોકોને ધાણાગોળ વહેંચાતા હતા. પછી લગનિયાને વિદાય કરે ત્યારે તે રાંદરે જાય, તથા પરગામ લગ્ન અથવા નાતરું કરવા જાન લઈને તેને અસલથી સરકારની દાણ ચોકીની માફી હતી અને ન્યાત પર સરકારનો કોઈ પ્રકારનો કર ન હતો. કોઈ ગુનેગાર હોય તે પટેલ પાસે જાય, અને પટેલ ગોરને કરી ગામનો મેળો કરે ને પંચાયતના લોકો તેનો ઈન્સાફ કરે તે કબૂલ રાખતો હતો. સુરતી પટેલોમાં ન્યાત ગોર પાંચ હતા. તે કોઈથી બદલાઈ શકતા નહીં., તેને વિવાહ વખતે નાના ચાંલ્લામાં રૂ.૧ તથા લગ્નની ચોરીના રૂ. ૩॥ વરવાળો આપતો હતો.[૧૫૦]

કડવા કણબી મૂળ પ્રદેશ ઓલપાડ ઈત્યાદી પરાગણાંની ન્યાતના શિરસ્તાઓની માહિતી કે અભ્યાસ મિ. બારોડેલ કર્યો હતો. જેને લગતી માહિતીરૂપી પુસ્તક જે. બે ભાગમાં હતું તેને મંગળદાસ નથુભાઈએ અનુવાદ કરીને "બોરડેઈલ્સ ગુજરાત કાસ્ટ રૂલ્સ. પુ.૧, પુ.૨, ઈ.સ. ૧૮૮૪માં મુંબઈથી પ્રકાશિત કર્યું હતું.

કાઠિયાવાડના કણબીઓ

કાઠિયાવાડના ૧,૯૭,૦૦૦ કણબીઓ ગુજરાતના અન્ય કણબીઓ જેવા જ હતા, તેમનામાં પણ લેઉવા અને કડવા એવા બે મુખ્ય વર્ગ પટેલ હતા. આંજણા એવો પણ એક વર્ગ હતો. પણ તે જથ્થો ઘણો ઓછો હતો. ગુજરાતના કણબીની જેમ કાઠિયાવાડના કણબી પણ મહેનતુ અને ચતુર હતા. તેની જમીન સહુથી સરસ રીતે ખેડેલીને પશુનુ પાલન સારી રીતે કરતા હતા. કણબી પ્રામાણિક, કરકસર કરનારો તથા મહેનતુ હતો. મોટા પરોઢિયામાં ખેતરે જઈ છેક રાત પડલાં સુધી કામ કરતો હતો. કોઈ કુછંદમાં પડતો નથી. ને ગુનો પણ ભાગ્યે જ કરતો. દીકરો, ધણી કે બાપ એ સંબંધ એમની વર્તણૂકનો દાખલો લેવા લાયક હતા. એ માત્ર લગ્ન વખતે જ ઉડાઉ બનતા હતો. કાઠિયાવાડના કણબી પોતે ખેડેલી જમીનના ગુજરાતના કણબીની જેમ ખાતેદાર નહીં, પણ ગણોતિયા હતા.[૧૫૧]

---

૧૫૦. ભગા જેઠા અને બીજા. ઉપર્યુક્ત. પૃ.૧૩

૧૫૧. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૭૦

પાટડીના દેસાઈનું તથા ઢસા રાઈસાંકળીના દેસાઈનું કુટુંબ એ બે જ જમીનદાર હતાં.[૧૫૨] પાટડીની જાગીર અગાઉના વખતમાં વિરમગામમાં હક ભોગવેલા તે બદલે મરાઠાઓ પાસેથી મળેલી એ જાગીર પહેલાં ઝાલા રાજપૂતોના કબજામાં હતી, પણ મુસલમાનો એ તે પડાવી લીધી હતી. ઢસાની જાગીર પહેલાં કેટલાક કાઠી જમીનદારોના કબજામાં હતી, પણ તેમણે પોતાનો હકક ઈ.સ. ૧૮૬૧માં ખેડાના દેસાઈને આપી દીધાં હતા, ને એ જ કુટુંબે લીંમડીના ભાયાત પાસેથી રાઈસાંકળીનાં ગામો ઈ.સ.૧૮૦૮ માં લીધાં હતા. ધોરાજી તથા નવા નગરમાં વસતા ઘણા બધા કણબીઓ કિનખાબ વણવાનું કામ કરતા હતા. ઘણા હોશિયાર કારીગરો એક તોલામાંથી ૭૦૦-૮૦૦ વાર લાંબા ઘણા બારીક તાર કાઢતા હતા. એ તાર સ્ત્રીઓ ઝીણા રેશમ ઉપર ચઢાવતી. તે પછી તે કિનખાબ વખણાતું હતું.[૧૫૩] આંજણા કણબીઓ રજપૂતના વંશજ હોઈ ખાવાપીવામાં તથા પોશાકમાં રજપૂતને મળતા આવતા તેમનામાં પણ નાતરાનો રિવાજ અને કણબણો ખેતીના કામમાં મદદ કરી હતી. આંજણા કણબીઓ ધર્મે વૈષ્ણવો હતા.[૧૫૪]

❖ **કણબીઓમાં ખેતીવાડી સાથે જોડાયેલા તહેવારો** :

૧૯મા સૈકામાં લેઉવા, કડવા, આંજણા અને મતિયા કણબીઓનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. એટલે તેમના કેટલાક તહેવારો અને ગીતો ખેતી સાથે જોડાયેલા હતાં. હળોતરાનો તહેવાર ખાસ કરી અખાત્રીજના દિવસે અથવા ચોમાસાના પ્રથમ વરસાદ વખતે ઊજવતા હતા. આ દિવસે ખેતીનું મુહરત કરતા. ખેડૂત પોતાના બળદ શણગારતો અને અનાજની ફાંટ બાંધતો હતો. મુહરત હોય તે દિવસમાં જઈ નક્કી થયેલા ખેતરમાં પાંચ ચાસ પાડી આવતો હતો. આ પહેલાં સ્ત્રી બળદને ચાંલ્લો કરતી, ખેડૂતને ચાંલ્લો કરતી અને નીચે મૂકેલ ઠીકરા પર જમણો પગ મૂકી ખેડૂત જતો. બળદના છાણ અને સાથિયો પૂરેલી જવારમાંથી જવેરા વાવવામાં આવતા હતા. આ હળોતરા માટે હરિજન સૂતર આપી જતો હતો. હળ ન ધરાવનાર ખેડૂત બીજાના હળની સાથે કોદાળી લઈ જોડતો અને કોદાળી વડે શુકન કરતો. ભાત ઉપાડવાનો રિવાજ એક પ્રકારનો વનમહોત્સવ હતો. સુંદરભોજન બનાવી ગામની પાટીદાર સ્ત્રીઓ ગીતો ગાતી પોતપોતાના ખેતરે પહોંચી જઈને ચાસનું પૂજન કરવામાં આવતું હતું. તેમાં સોપારી અને જઈ મૂકવામાં આવતાં હતા. ખાસ કરીને કોઈવાર તહેવાર કે માતાજીના નિષેધ વખતે અને અમાસના દિવસે અણુજો પાડવામાં આવતો હતો. આ દિવસે બળદની ખાંધ પર ધૂંસરી મૂકવાની મનાઈ ફરમાવવામાં આવતી હતી. આની જાણ હરિજન વાસમાં આવી 'સાદ' પાડીને જણાવતો હતો. મધ્યપ્રદેશના પાટીદારો 'અણુજો' પાળતા હતા. વરસાદ સમયસર ન આવે તો જેઠ માસના ઊતરતાં માટીના દેવ "ઢૂંઢિયા બાપજી" બનાવવામાં આવતા હતા અને તે એક છાબડીમાં લઈ ઘેર ઘેર ફેરવવામાં આવતા હતા.

૧૫૨. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ.૭૦

૧૫૩. ભગવાનદાસ. સમંતરામ, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ઈ.સ. ૧૮૬૮. પૃ .૧૨૯

૧૫૪. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૭૧

સ્ત્રીઓ તેના પર પાણી રેડતી અને અનાજ આપતી હતી. આ અનાજ ચબૂતરે નાખવામાં આવતું હતું. બધાં ઢૂંઢિયાવાળાને પલાળી દેવામાં આવતા. ગોરમાનો તહેવાર પણ ખેડૂતબાળાઓ આનંદથી ઊજવતી હતી. ગોરમા માટીમાંથી બનાવવા અને પટેલો તે ગોરોની એક એક માસ સુધી પાછી વાળીને ઉજવતા હતા. ગામની બધી જ કોમની બાળાઓ જમતી. લેઉવા કણબીઓની બાળાઓ લાકડાની મોટી પૂતળી બનાવતી અને તેની ગોરમા તરીકે પૂજા કરતી હતી. બળેવના દિવસે ઘરનું ગોરપદું કરનાર બ્રાહ્મણ સાંજે ઘેર આવી રક્ષાબંધન કરી જતો તે જ સાંજે લાકડામાંથી તૈયાર કરેલું હળ અને માટીથી જોડેલા બે બળદો અને ચાર પાણીથી ભરેલા ઘડાઓ લઈ ખેડૂતો બલરામનું સ્મરણ કરી મહાદેવ જતા, તે પાણીના ઘડા ફોડવામાં આપતા અને શુકન જોવામાં આવતા હતા. ઉત્તર ગુજરાતમાં ઐઠોરના ગણપતિ (ઊંઝાથી પાંચ કિ.મી દક્ષિણે) ચોથના દિવસે શુકન જોવાનો રિવાજ હતો. બ્રાહ્મણવાડામાં શ્રાવણીઓની હરીફાઈ થતી. ભવાઈ દ્વારા પણ શુકન જોવામાં આવતાં હતા. બળેવિયાઓ ઘેર આવે ત્યારે મૌન પાળી ફૂટેલા ઘડાની ઠીકરે લઈ પોતાના અનાજના ભંડારમાં નાખતા જેથી ભંડારો ભરેલા રહેતા. તેવી માન્યતા ધરાવતા હતા. વસંતપંચમી ઉમિયામાતાનો તહેવાર ગણાતો હતો, અને તે દિવસે ઊંઝામાં મેળો ભરાતો હતો, છેકે ખાનદેશ, પેવલા અને નિમાડથી તેમજ કચ્છ અને કઠિયાવાડથી પાટીદારો આવતા હતા. દમણિયાં દોડ-ગલ્લા હરીફાઈઓ થતી હતી. અષાઠી બીજ જોવાનું મહત્વ હતું. પાંચમનું પણ મહત્વ હતું પૂનમ પણ જોવામાં આવતી.

અષાઠ સુદી પંચમી, જો ઝંબુકે વીજ
દાણાં સર્વ વેચીને, રાખો બળદને બીજ
અષાઠ સુદી પંચમી, વાળદ હોય ન વીજ
વેચો ગાડી બળદને, નિયજે કોઈ ન ચીજ.
અષાડે બુધ, ઉગમે, શુક્ર શ્રાવણે માસ
ભડળી હું તુજને કહું, કણબી ન પીએ છાસ.

સામાન્યત: ખેડૂતો જમીન, પાણી, વનસ્પતિના સંપર્કમાં હોવાના કારણે કોઠાસુઝથી ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, તેમજ પાણી અને વાવેતર અંગેનું વિશિષ્ટ જ્ઞાન હતું. તે સાચા અર્થમાં જગતનો તાત અને ભારતીય અર્થવ્યવસ્થાનો કરોડરજ્જુ હતો અને છે. શ્રી સચ્ચિદાનંદના મત્ મુજબ 'સમગ્ર' વિશ્વમાં 'સમાનતા' અને સમાજવાદનો ખ્યાલ કિસાનોએ આપેલ હતો. ઉપરોક્ત સામાજિક દૂષણો સંદર્ભે પાટીદાર જ્ઞાતિમાં જે હિલચાલ થઈ હતી તેના પ્રારંભિક સુધારકોમાં દરબાર શ્રી જોરાવરસિંજી, દરબાર ગોપાળદાસ તથા શેઠ શ્રી બહેચર દાસ લશ્કરી હતા. જેથી તેમની પ્રવૃત્તિ તથા સમાજ સુધારા સંદર્ભે તેમનો અભિગમ કેવો હતો, તેનો વિશ્વનીય સાધનો દ્વારા અભ્યાસ અનુગામી એકમમાં કરેલ છે.

૧.૫ કડવા પાટીદાર જ્ઞાતિના પ્રારંભિક સુધારકો :

ધી કન્સાઈસ ઓક્સફર્ડ ડિક્શનરીમાં (૯મી આવૃત્તિ) સુધારકના આપેલ અર્થ મુજબ સુધારક તે વ્યક્તિ છે જે વિશેષતઃ રાજકીય કે સામાજિક બાબતોમાં સુધારા લાવે- સમાજમાં રહેલ દૂષણો (Imperfections) ખામીઓ (Faults) અને દૂષકર્મોને (Malpractices) નાબૂદ કરવાનો સક્રિય પ્રયાસ કરે. પ્રત્યેક સમાજના વાડાઓને એમના પોતાના રીતે રિવાજો અને પરંપરાઓ હોય છે, જે પેઢીઓથી રૂઢ-સંસ્થાગત બની ગયેલ હોય છે.

“Traadition is a long-estabished custom and generally accepted custom ids handed down from generation to generation” પ્રથા અને રિવાજોને નાબૂદ કે પરિવર્તિત કરવાનું કાર્ય સરળ હોતું નથી.

આધુનિક ભારતમાં સામાજિક, ધાર્મિકક્ષેત્રે જે પુનઃઉત્થાન માટે જે નિર્ણાયક પરિબળો હતા. તેના અનુસંધાન રાજારામ મોહનરોયથી સહજાનંદ સ્વામી ઉપરાંત અન્ય સમાજ સુધારોના પ્રયત્નોના કારણે સમાજ પરિવર્તનના શ્રી ગણેશ થયા હતા. **તે જ પરિપેક્ષમાં હરગોવિંદદાસ કાંટાવાલા, અંબાલાલ દેસાઈ જેવા લોકોએ જ્ઞાતિ વ્યવસ્થાનાં આંતરિક કાર્યક્ષેત્રોમાં સુધારાની હિમાયત કરી એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે “નાતશાહી રિવાજ નાતશાહી બંદોબસ્તથી જ દૂર થઈ શકે. શ્રી કાંટા વાલાએ ગુજરાતના યુવકોને દર્દભરી અપીલ કરી કે “નાત એક નાના પાયા ઉપર પ્રજાસત્તાક રાજ્ય છે. નાતના આગેવાનો કાઉન્સિલના અધિકારે કે પાર્લામેન્ટના સભાસદ તરીકે એ રાજસત્તા ભોગવે છે. સરકાર પણ ન કરી શકે તેવી ભારે સજા અથવા કાળા પાણી કરતો પણ વધારે લાગે એવી સજા તેઓ કરી શકે છે. તમે (યુવાનો) સારા વિદ્વાનને સુધરેલ છો, તો આગેવાની પોતાને હસ્તગત કરવાને માટે શા માટે મહેનત કરતા નથી ? સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટાઈ જેટલો તમે દેશને લાભ કરી શકશો તેથી પણ દશગણો લાભ નાતની આગેવાની તમારા હાથમાં આવશે તો તમે કરી શકશો.**[૧૫૫]

આમ ઉપરોક્ત વર્ણનના અનુસંધાનમાં ગુજરાતમાં સમયાન્તરે વિવિધ જ્ઞાતિ સંગઠનો નૂતન સિધ્ધાંતો પ્રમાણે અસ્તિત્વમાં આવ્યા હતા, જેમાં કડવા પાટીદાર સમાજમાં રહેલ સંકૂચિતતા, વિસંગતા તથા કૂરિવાજો સામે બ્રિટિશ શાસનના પ્રભાવ તથા પરંપરાગત મૂલ્યોના પુનઃઉત્પન્નથી ઉદ્ભવેલ નવ મધ્યવર્ગના પ્રતિનિધિઓ દ્વારા કડવા પાટીદાર સમાજના ઉત્થાનમાં વિશેષ યોગદાન રહેલું હતું.

૧૫૫. નવલરામ, નવલગ્રંથાવલી. નાત સુધારા ભાગ-૨, પૃ.૨૯૬.

જે સંદર્ભે રાવ બહાદૂર બહેચરદાસ લશ્કરીનું કાર્ય અને નામ જ્ઞાતિ સુધારામાં પ્રથમ હરોળમાં હતું. તેથી જ તેમને કડવા પાટીદાર જ્ઞાતિના ઉત્થાનના અગ્રગણ્ય કહેવામાં આવતા. પરંતુ અહીં એ સમજ જરૂરી બને છે કે ૧૯મી સદીમાં સમાજ સુધારાની તરફેળ કે સમર્થ ન કરનાર અને વ્યવહારમાં તેને છોડી દેનાર પરંપરાનો પ્રથમ દાખલો દુર્ગારામ મહેતાજીના સમયથી જ શરૂ થઈ ગઈ હતી. તે વિધવા પુનર્લગ્નના ઉત્સાહી હિમાયતી હતા. પણ પોતે જ્યારે ફરી પરણ્યા ત્યારે એક નાની વયની છોકરી સાથે લગ્ન કરવા' એટલું જ નહીં, એવું વચન પણ આપ્યું કે તેઓ હવેથી ક્યારે વિધવાના પુનર્લગ્ન માટે પ્રચાર નહીં કરે.[૧૫૬] તેવી જ રીતે જ્યારે હિંદુશાસ્ત્રો પ્રમાણે વિધવા પુનર્લગ્નની પરવાનગી આપવાની જોગવાઈ વિશે જાહેર ચર્ચા કરવા નર્મદ વૈષ્ણવ આચર્ય મહારાજ પાસે ગયો ત્યારે ઉત્તર ભારતના એક પહેલવાન સિવાય સમાજ-સુધારકોમાંનું કોઈ તેની પાસે ગયું નહીં.[૧૫૭] તેવી જ રીતે દલપતરામ વગેરે જેવા સમાજ સુધારાકોના કિસ્સાઓમાં બન્યું હતું. પરંતુ તેની સાપેક્ષમાં બહેચરદાસ લશ્કરી તેમજ પાટડી દરબાર શ્રી જોરાવરસિંહનું આચાર અને વિચાર જ્ઞાતિ સુધારાના સંદર્ભ અદ્વિતીય હતા.

ઉત્તર વિભાગના રેવન્યુ કમિશ્નર મિ. જી. એફ. રોવર્ડ પાટીદારોમાં સમાજ સુધારો કરવામાં તથા અન્ય ઉદારવાદી અંગ્રેજ અમલદાર જે રસ દાખવ્યો તેથી પાટીદાર સમાજની એકતા વધી. પાટીદારો સામાજિક, ધાર્મિક પ્રસંગે સમૃધ્ધિમાં વધારો થયો. મિ. શેફર્ડ પાટીદારો વિશે પ્રવચન કરતા ડાકોરની સભામાં કહ્યું હતું તમારી જાતિ વિશે બોલતાં "એકંદરે એટલું તો જાણું છું કે ઉદ્યમ, સારી વર્તણૂંક અને નિરવ્યસનીપણામાં ગુજરાતના પાટીદારોથી ચઢિયાતો હિંદુસ્તાનમાં એકપણ વર્ગ નથી. તમારી જમીન ફળદ્રુપ છે. રીતભાતમાં સાદગી છે કેળવણીનાં જે સાધનો હાલ ઉપલબ્ધ છે તેનો લાભ લેવામાં તમે પાછળ રહ્યા નથી. આમ છતાં તમારી આસપાસના લોકો જેટલે અંશે આગળ વધ્યા છે. એટલે અંશે તમે વધ્યા છો તેમ કહી ન શકાય. તમારામાં હજારો લોકો હાલ ગરીબીમાં જીવે છે. તેનું કારણ લગ્ન સંબંધી તમારી હાલની રૂઢિઓ છે."[૧૫૮]

આમ કડવા પાટીદાર સમાજના ઉત્થાન સંદર્ભે બહેચરદાસ લશ્કરી અને પાટડી દરબારશ્રી જોરાવરસિંહ તથા દરબાર શ્રી ગોપાળદાસના પ્રદાન સંદર્ભે તેમના કાર્યોનો સંક્ષિપ્તમાં અભ્યાસ અનિવાર્ય બને છે.

૧૫૬. મહીપતરામ, દુર્ગારામચરિત્ર, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. પૃ.૯-૧૦.

૧૫૭, નર્મદ, મારી હકીકત, ઈ.સ. પૃ.૭૨-૭૩.

૧૫૮. પટેલ. ચંદ્રકાંત, ચરોતરના પાટીદારો; પૂર્વ ઈતિહાસ અને પ્રતિભાઓ, ૨૦૧૦, આણંદ

૧.૫.૧ સમાજ સુધારા સંદર્ભે જોરાવરસિંહજી નું પ્રદાન :

પાટડી સંસ્થાન કડવા કણબીઓના રાજવીનું સંસ્થાન હતું. વસો (પહેલા ઢસા હતું) લેઉવા કણબીઓનું તાલુકાદારી ગામ હતું. વીરમગામ દેસાઈ ભૂખણદાસથી જાણીતું બનેલું હતું.

પાટડી સંસ્થાનની સ્થાપના વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે. છતાં અણહિલવાડના ચાવડા અને સોલંકી રજપૂતો રાજાઓનાં નામ સાથે અહીંના કિલ્લાનો ઈતિહાસ જોડાયેલો છે. આ પ્રદેશ ઝાલાવાડ નામે ઓળખાતો હતો. બોમ્બે ગેઝેટિયર વો.૪, પાના. ૩૪૫ અને રાસમાળા-ભાગ-૧ તેમજ બોમ્બે ગેઝેટિયર, વો.૧ (અ.નં. ૩૩૭-૩૩૪ પર)આ અંગે માહિતી આપેલી છે. પાટડી સંસ્થાનના પ્રમુખ શાસક હરપાલ (ઈ.સ. ૧૦૯૦-૧૧૩૦) હતા.૧૫૯

દેસાઈશ્રી વખતસિંહજીની કારકિર્દી ઘણી ઊજળી હતી. ઈ.સ.૧૮૨૮ની લડાઈઓને કારણે પાટડી સંસ્થાન આર્થિક રીતે નબળું પડી ગયું હતું. ઈ.સ ૧૮૨૮માં કાશીપુરીની યાત્રાએ ગયા અને તેજ પવિત્ર સ્થળે પોતાનાં દેહ ત્યાગ કરી કૈલાશવાસે ગયા.૧૬૦

તેમના સ્વર્ગવાસ પછી કુંવર હરસિંહજી સં. ૧૮૮૫માં ગાદી પર આવ્યા. તેમણે ઈ.સ.૧૮૦૩માં ગાયકવાડી સેનાપતિ બાબાજીરાવ સાથે ચાલેલી લાંબી લડાઈથી તૂટી ગયેલો કિલ્લો તેમણે ઈ.સ. ૧૮૯૭માં સમરાવી મજબૂત કર્યો હતો. ઈ.સ. ૧૮૩૭માં તેમનું અવસાન થયું. તેમને પુત્રના હતા એટલે તેમના ભાઈ કુબેરસિંહજી ગાદી ઉપર બેઠા. જેમણે અઠાર ગામોની જાગીરમાં પોતાના નામથી કુબેરપટું વસાવી એકનો ઉમેરો કર્યો. તેમનું અવસાન ઈ.સ. ૧૮૪૫માં થયું હતું. તેમના અવસાન પછી દેસાઈ જોરાવરસિંહજી ગાદી ઉપર આવ્યા જે ધર્મપ્રિય, પ્રજાપ્રિય, શિક્ષણના હિમાયતી હતા.

આ સમયે કડવા પાટીદાર સમાજ વિવિધ કુરીતિઓ જેવી કે દૂધપીતિ કરવાની ચાલ, બાંધ્યા વિવાહ, કન્યાવિક્રય, ગોળપ્રથા, કુલિનશાહી જેવા કુરિવાજોને કારણે ગરીબ પાટીદારની કન્યાઓને વિશેષ ભોગવવું પડતું હતું. આ બધા દૂષણો જે એકબીજાના ઉદ્‌ભવમાં સહાયકરૂપ હતા. જેના મૂળમાં લગ્નના રિતરિવાજો અને લગ્નસંબંધી ખર્ચ હતા. તેથી ના. સરકારે એક જાહેરનામા દ્વારા લગ્ન ખર્ચના નિયમો ઠરાવ્યા હતા.૧૬૧

૧૫૯. મુગટલાલ. પો. બાવીસી (સં) ગુજરાત ઈતિહાસ સંદર્ભ સૂચિ ખંડ.૭ ગુજરાત ઈતિહાસ પરિષદ, અમદાવાદ, ૧૯૮૦, પૃ.૩૬

૧૬૦. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ.૯૮

૧૬૧. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૪, પૃ. ૩૨૯

જાહેરનામું પ્રસિધ્ધ કરી સર્વપ્રજાને ચેતવણી આપી તથા પોલીસ ઑફિસરોને પણ તેની ખબર રાખવા યોગ્ય સૂચનાઓ કરવામાં આવી. પરંતુ દૂર્ભાગ્યરીતે આ ધારાનું જાણવ જેવું પરિણામ મળી શક્યું ન હતો કેમકે અમુક વર્ગને જ જન્મથી કુળવાન ગણી તેમનાં ગમે તેવા લક્ષણો હોવા છતાં તેમને જ મોંમાગ્યા પૈસા અને પુત્રીઓ આપવાનું ભયંકર મિથ્યાભિમાન પ્રવર્તતું હતું.

ઈ.સ. ૧૮૬૦માં વિવાહ આવ્યા ત્યારે ઉપરોક્ત જાહેરનામે ધ્યાનમાં ન લેતા, બીજી વાર છોકરા પરણાવવાના બનાવો બન્યા. આવા પ્રસંગે પુષ્કળ પૈસા ખર્ચી પુત્રીઓને પરણાવનાર પિતાઓ ગુસ્સે થાય તે સ્વભાવિક હતું. તેમાંના એક વ્યક્તિએ મેજિસ્ટ્રેટને ત્યાં ફરિયાદ નોંધાવી એટલે પુરા વો પ્રયત્ન હોવાથી મેજિસ્ટ્રેટ સાહેબે વરના પિતાને તેના ગુના બદલ શિક્ષા કરી. તેના ઉપર, ધારા શાસ્ત્રીઓની સલાહ મળ્યા પ્રમાણે પુત્રના પિતાએ ડિસ્ટ્રિક્ટ જજ સાહેબને અપીલ કરી અને ત્યાં કાયદાના બારીક પુરાવાની ખામીને લીધે તેને થયેલી સજા રદ કરવામાં આવી. ન્યાયના દ્વારમાં પણ કણબી બાળાઓના નસીબ દૂબળાં સિધ્ધ થઈ ચૂક્યાં ! જજ સાહેબના આ ચૂકાદાથી દૂરોગામી પરિણામ આવ્યું, તે એકે અનેક મુશ્કેલીઓ વડે પાસ થયેલો આખો કાયદો કલમના એક ફટકાથી મૃત:પ્રાય થઈ પડવો; અને ફરીથી દશ વર્ષ સુધી તેને કોઈએ સંભાર્યો નહીં. ઈ.સ. ૧૮૪૮માં થયેલ ઠરાવોની ઈ.સ. ૧૮૬૦માં આ દશા થતાં, કોઈ પણ પ્રકારના બંધનને ગેરહાજરીમાં આખી જ્ઞાતિ કન્યાઓ આપવા-લેવામાં તથા પુરતની બાબતમાં તદ્દન નિરંકુશિત બની ગયા. કુળવાન કુટુંબમાં પુત્ર જો કુવારો રહેતો કુળને લાછંન લાગે તેથી પૈસાના બળે પુત્રોના લગ્ન કરાવવા પરંતુ કન્યાઓ તરફ તેવી લાગણી હતી નહીં, આથી મધ્યમ વર્ગના માણસો એ વિચાર કર્યો કે, જો આપણા જથ્થાની કન્યાઓ બહાર નહિ દેતાં આપણે બધા પરસ્પર આપીએ તો આ પરિસ્થિતિ ઊભી થશે નહીં, જેથી ચાણસ્મા વગેરે ગામો, પાટણવાડો, દેઢાવ્ય વગેરે દરેક સ્થળે ગોળ થઈ ગયા; પછી તો દશકોશી ભાલના પાટીદારોએ પણ પાછળથી વિચાર કરી કેટલીક છૂટછાટ સાથે પોતાનો ગોળ બાંધ્યો અને અંદરો-અંદર કન્યાઓ લેવા-દેવાની શરૂઆત કરી. અહિં એ નોંધવું જરૂરી છે કે ગોળ પ્રથા અને કન્યાવિક્રયથી એક જ તિથિએ લગ્ન કરનારી જ્ઞાતિના ગરીબ વરરાજાઅઓની સ્થિતિ કેવી હશે ? (ખરેખર)

આ ઉપરોક્ત સ્થિતિથી અવગત કરવા તથા તે સંદર્ભે સુધારાવાદી વલણ અખત્યાર કરવા માટે, માહિતી પાટડી દરબાર શ્રી જોરાવરસિંહ સાહેબને પહોંચાડવામાં આવી. અનુસંધાને તેઓ શ્રી એ ઈ.સ.૧૮૬૯નાં ફેબ્રુઆરી માસમાં પોતાના પાટનગર પાટડી મુકામે જ્ઞાતિના સઘળા વિભાગોમાં જ્ઞાતિબંધુઓને તેડાવ્યા હતા. લગભગ ચાલીસ હજાર માણસોની જંગી સભા મળી અને જ્ઞાતિ-સુધારના ઠરાવો કર્યો. જેનું સવિસ્તાર વર્ણન નીચે મુજબ છે.

પાટડીના દર બાર શ્રી જોરાવરસિંહને ત્યાં સમસ્ત કડવા પાટીદારો એકઠા થયા હતા. તે વખતે જે કામકાજ થયું તેનો રેકોર્ડ પાટડી સંસ્થાની લાઈબ્રેરીમાં સચવાયેલો છે જે પાછળથી તા. ૧ લી ફેબ્રુઆરી ૧૮૬૯માં બે ચોપડીઓ રૂપે છપાયો હતો, એકમો નામદાર જ્ઞાતિએ કરેલા ઠરાવો, અને બીજામાં કાઠિયાવાડના કડવા પાટીદારોએ જ્ઞાતિ સમસ્ત કરેલા ઠરાવો છાપવામાં આવ્યા હતા.

આ બંને ચોપડીઓ અમદાવાદના "રામશેર બહાદુર" છાપખાનામાં સંવત ૧૯૨૫માં છપાઈ હતી.૧૬૨

આમ પાટડી દરબાર શ્રી જોરાવરસિંહએ કડવા પાટીદાર સમાજમાં કન્યાઓના પ્રશ્ને પાટડી મુકામે જે સભા ભરી તેના પરીણામો દૂરોગામી હતા. સમયાન્તરે 'રાવબહાદૂર' બહેચરદાસ લશ્કરી કે જેઓ તે સભામાં હાજર હતા તેમના દ્વારા પણ સુધારાવાદી અભિગમો લેવામાં આવ્યા હતા.

વિષયને અનુરૂપ એ બાબતને નોંધવી જરૂરી છે કે કડીના અમીનો (ગોઝરિયાના અમીનો)માં મૂળ પુરુષ નંદલાલ પ્રેમજીભાઈ અમદાવાદમાં વજીપરામાં રહેતા હતા. બાબી સરકારે તેમને 'અમીન'નો ખિતાબ આપ્યો હતો. તેઓ સંવત ૧૮૧૩માં અવસાન પામ્યા. તેમના પુત્ર કલ્યાણજીમાં પિતાના ગુણ ઊતર્યા હતા. અને ગાયકવાડ સરકારમાં તેમની બોલ બાલા હતી. કડી પરગણામાં તેમની હાક હતી. શ્રીમંત આનંદરાવને તેઓએ મદદ કરી મલ્હારરવની સામે કડીનો કબજો મેળવવાનું આ યુધ્ધ થયું હતું. બીજી બાજુ અંગ્રેજ મુંબઈના ગવર્નર મે. ડન્કન પણ લશ્કરી મદદ લઈને આવ્યા. કલ્યાણજીભાઈની વ્યૂહરચનાથી તે ખુશ થઈ ગયા હતા. કડીનો કિલ્લો લેવામાં તેઓએ વીરતા બતાવી અને નામના મેળવી. આ રાજભક્તિ માટે તેમને ખૂબ ઈનામ અને ગામ મળ્યા. પોતાને ત્યાં લગ્ન હતાં ત્યારે શ્રીમંત સરકારને આમંત્રણ કરેલું તેથી દીવાન બાબાજી આપાજી પધાર્યા હતા. તે વખતે કલ્યાણજીએ પહેરામણીમાં એ માગ્યું કે અમારી જ્ઞાતિમાં લગ્નદીઠ રૂ. ૧| લેવામાં છે તે માફ કરો. તેથી તે કાયમી સ્વરૂપે માફ થયો.૧૬૩

આ ઉપરથી સુધારાની શરૂઆત કલ્યાણજી એ કરી તેમ કહી શકાય. આ વાત ઈ.સ.૧૮૧૧નાં અરસામાં બની હતી.

૧.૫.૨ સમાજ સુધારણા સંદર્ભમાં બેચરદાસ લશ્કરી નું પ્રદાન :

કડવા પાટીદાર જ્ઞાતિના ઉત્થાનમાં રાવ. બહાદુર બહેચરદાસનું પ્રદાન સીમાચિહ્ન સમાન હતું.

રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસનો જન્મ ઈ.સ. ૧૮૧૮માં અમદાવાદમાં થયો હતો તેઓ લશ્કરી અટકથી જાણીતા હતા. તેમના પૂર્વજોનું મૂળ વતન ગુજરાતમાં આવેલ "દેવરાસણ" હતું.

૧૬૨. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ઠ નં. ૫, પૃ. ૩૩૧
૧૬૩. પરીખ.પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ.૨૦૬

તેમણે શરૂઆતમાં ગુજરાતી કેળવણી ખાનગી શાળામાં અને અંગ્રેજી કેળવણી કેપ્ટન ક્રોયલીનના હાથ નીચે લીધી હતી. કારણ તે વખતે સરકારી શાળાઓની હસ્તી ન હતી. તેઓ મરાઠી, ઉર્દૂ અને સંસ્કૃત ભાષા પણ જાણતા હતા. તેમના પિતા શેઠ અંબાઈદાસ પુરુષોત્તમદાસ પેશ્વા, ગાયકવાડ અને બ્રિટિશ સરકારના લશ્કરના અમલદારોને નાણાં ધીરવાનું કામ કરતા હતા. તેથી તેઓ લશ્કરીનું ઉપનામ પામ્યા હતા.[૧૬૪] પાછળાથી લશ્કરને ઘાસ-દાણો પણ પૂરો પાડતા હતા. એમના પિતાના વેપારને લીધે જ શેઠ બેચરદાસે પોતાની રીતે ઉપરોક્ત ઉલ્લેખીત ભાષાઓનું જ્ઞાન મેળવ્યું હતું. અમરેલી, રાજકોટ, ભૂજ, ડીસા વગેરેમાં તેમના પિતાજીએ વેપાર કરેલો હતો. તેમનું મૃત્યુ ઈ.સ. ૧૮૪૬માં થયું હતું. શેઠ અંબાઈદાસનાં વડવાઓએ મુસલમાન સરકારની પવિત્રતાથી ચાકરી બજાવેલી, તેના બદલામાં તેમને "હાથી" એટલે 'હસ્તી મલ્લ'ના જેવા બહાદુર એ ઈલકાબ સાથે બે ગામ 'વડસર' અને 'ડીંગુચા' મળેલા હતા.

શેઠ બહેચરદાસ પોતાની હિંમત, ધીરજ અને ખંતથી આગળ વધેલા અને પોતાના વેપારમાં નામના મેળવી હતી. ઈ.સ. ૧૮૩૫ થી ૧૮૪૫ સુધી મિલીટરી ખાતાની અંગ્રેજી ક્લાર્કની જગ્યા તેમને મળી હતી ત્યાં નોકરી કરી ઈ.સ. ૧૮૪૬ માં તેમના પિતાશ્રીનું અવસાન થતાં નોકરી છોડી પિતાના વ્યવસાયમાં વ્યસ્ત થયા હતા. પંજાબની લડાઈના વખતમાં અને ઈ.સ.૧૮૫૭ના બળવા વખતે એમણે કોન્ટ્રેક્ટર તરીકે કિંમતી મદદ કરી હતી. વળી અંગ્રેજી અને દેશી અમલદારોને નાણાં ધીરનારનું કામ ચાલું રાખ્યું તે પછી યુરોપિયન પેઢીઓને નાણાં ધીરનાર દલાલ તરીકે કામ કરી કીર્તિ મેળવી હતી. ત્યારબાદ પોતાની પેઢીની શાખાઓ, નશીરાબાદ, ધોલેરા, વઢવાણ વગેરે સ્થળોએ સ્થાપી. રૂ. અનાજ વિગેરે બહારગામ મોકલવાનો તથા પરદેશથી ધાતુ, કાપડ વગેરે માલ મંગાવવાનો વેપાર ચલાવતા હતા. ઉપરાંત અમદાવાદમાં ઈ.સ. ૧૮૬૪માં કાપડ વણવાનું તથા કાંતવાનું કારખાનું સ્થાપ્યું. જે ઘણા લાંબા સમય સુધી "બહેચરદાસ સ્પિનિંગ અને વીવીંગ મિલ્સ" ને નામે ઓળખાતું હતું.

ઉમાસિંહ હઠીસિંગ સાથે અફીણનો ચીન ખાતે વેપાર શરૂ કર્યો હતો. માણેકચોકમાંથી તેમની હુંડિયો લખાતી હતી. અફીણની કમાણીમાંથી હઠીસિંગના દેરા બનાવ્યા હતા. જ્યારે લશ્કરીએ મોટા ભાગની કમાણી સમાજસેવાના કાર્યમાં વાપરી હતી. તેમણે ૨,૦૦,૦૦૦ રૂપિયાની સખાવત કરી તે સમયમાં ધર્મશાળા, દવાખાનું, મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ અને સદાવ્રત સ્થાપ્યા હતા. તેમજ સંસ્કૃત પાઠશાળા અને ગુજરાત કોલેજમાં દાનની મોટી રકમ આપી હતી. ઉપરાંત પ્રાર્થના સભાના મંદિરમાં પણ મોટું દાન આપ્યું હતું. પ્રાર્થના સભાના પ્રમુખ પણ બન્યા હતા. આમ સંસ્કૃત શાળા અને અમદાવાદ ફિમેલ ટ્રેનિંગ કોલેજની હયાતી તેમની ઉદારતાને આભારી હતી.

૧૬૪. વિનોદીની નીલકંઠ, ગુજરાતની અટકોનો ઈતિહાસ,ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૪૪. પૃ.૪૮

ઈ.સ. ૧૮૬૧-૬૫માં એમેરિકામાં આંતરવિગ્રહ ચાલતા ગુજરાતમા રૂના સટ્ટા થવા લાગ્યા હતા. પ્રેમચંદ રાયચંદ સટ્ટાબજારના નેપોલિયન ગણાતા, તેમની પણ પાંઘડી ઊડી ગઈ હતી. પ્રેમાભાઈ હીમાભાઈ, નર્મદ અને કવિ દલપત પણ આનાથી બાકાત ન હોતા, ત્યારે બહેચરદાસે પોતાની કુશાગ્ર બુધ્ધિનો ઉપયોગ કરી મિલ ઉદ્યોગ શરૂ કર્યો હતો. બેન્કિંગ અને વેપારમાં તે નિપૂણ હતા જ તે શેરમેનિયાની માયાજાળમાંથી દૂર રહ્યા હતા. તેમને ઉધોગો જમાવવા બેન્કની સ્થાપના પણ કરી હતી. નીચેના વર્ણન ઉપરથી ખ્યાલ આવે શકશે.

૧) અમદાવાદ બેન્ક

(શેઠ બહેચરદાસવાળા)

ઊભી કરનારાઓ શેઠ બહેચરદાસ અને શેઠ ઉમાભાઈ હઠીસિંગ વગેરે

નોમની થાપણ : ૨૦,૦૦,૦૦૦ તેના દર રૂપિયા, ૨૫૦ ના ૮,૦૦૦ શેરો કેટલા ભરાઉનું થાપણ દર શેરે રૂ. ૧૨૫ લેખે ૧૦,૦૦,૦૦૦

૨) બહેચરદાસ સ્પિનિંગ એન્ડ વીવીંગ કંપની

(બહેચરદાસનો ખાંચો)

ઈ.સ. ૧૮૬૭માં તેમને મીલમાં ૧૦ હજાર ત્રાકો, ૧૦૦ સાંચો, ૩૦૬ કારીગરો હતા. ઈ.સ. ૧૮૭૭ નાં તેમની મીલમાં ૧૫,૦૦૦ ત્રાકો, ૧૯૦ સાંચો, ૫૦૦ કારીગરો હતા. આ બાતાવે છે કે તેમને કેટલી પ્રગતિ કરી હતી.

ઈ.સ. ૧૮૬૨માં અમદાવાદ મ્યુનિસિપાલીટીના કમિશ્નર નીમવામાં આવ્યા હતા. ઈ.સ.૧૮૬૮ માં ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટની સત્તા આપવામાં આવી હતી. ઈ.સ. ૧૮૭૩માં તેમને હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરફથી રાવબહાદુરનો ખિતાબ આપવામાં આવ્યો અને મુંબઈ સરકારને બાળ હત્યા નિષેધ કરવાના કામમાં તેમણે આપેલ મદદના બદલામાં એક સોનાનો ચાંદ આપવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૭૦માં ફિમેલ ઈન્ફન્ટી સાઈટ બીલ એટલે કે 'યુગી રક્ષકનો કાયદો' લાદવામાં તેમનું વિશેષ યોગદાન હતું. રાજપુત, ભાટિયા અને પાટીદારો દીકરીને દૂધપીતિ કરતા હતા. તે રોકવામાં આવ્યું ઈ.સ. ૧૮૭૫માં મુંબઈની લેજીસ્લેટીવ કાઉન્સિલના મેમ્બર તરીકે મુંબઈ સરકારે નીમ્યા. કોટન ફ્રોડ બીલ રજુ કરી જબરી દલીલો કરી હતી. તેમનું ઈંગ્લિઅશ અપરકન્ટરીમાં બોલાય તે રીતનું હતું. અંગ્રેજોને પોતાની મીલોમાં રસ હોવાથી તેમનું બીલના મંજૂર થયું. સાબરમતીના કાંઠે તેમણે મીલ નાખી હતી. ખંભાતથી તરાયાઓ દ્વારા મીલના સંચાઓ અને માલ-સામાન લાવ્યા હતા. અમદાવાદનો વેપાર સીધો ખંભાત બંદરે જોડાય તે માટે તેમણે

સાબરમતીમાં ફેરી ચલાવવાનો પ્રસ્તાવ મૂકેલો પરંતુ સાબરમતી નદી છીછરી છે અતેવું બહાનું કાઢી અંગ્રેજોએ તેમના પ્રસ્તાવ ઉડાડી દીધેલો. કારણ આ વેપાર થાય તેમ હતું.૧૬૫

શેઠશ્રી બેચરદાસ અંબાઈદાસના સાંસ્કૃતિક કેળવણી વિષયક અને સેવાભાવી પ્રવૃત્તિથી ખુશ થઈ બ્રિટિશ સરકારે તેમને રાવબહાદુરનો ખિતાબ આપ્યો હતો. જે માટે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સભામાં શેઠ બેચરદાસના કાર્યનું અને તેમની પ્રવૃત્તિનું વૃત્તાંત ચિતાર સંદર્ભે વર્ણનની શબ્દશઃ આપવું યોગ્ય છે.

પરી. બેચરદાસ અંબાઈદાસને રાવબહાદુરનો ઈલકાબ. (ઈ.સ. ૧૮૭૩) *

એ ઈલકાબ આપવા સારું અહીંના કલેક્તર એ. બારોડેલ સાહેબે તા. ૨૬ એપ્રિલ શુક્રવારને રોજ પોતાની કચેરીના બંગલામાં દરબાર ભર્યા હતો, તેમાં જે, એફ. ફર્નાન્ડિસ સાહેબ, ડેપ્યુટી કલેક્ટર, સ્મોલકોઝ કોર્ટના જજ રાવબહાદુર ગોપાળરાવ હરિ દેશમુખ, સુરતના નવાબના સાહેબજાદા જુલફુકારખાન સાહેબ, રાવબહાદુર દિનશા પેસ્તેજી, સદર અમીન સાહેબ, રાવ. બાપુભાઈ દયાશંકર, પાટડીના દરબારના કુંવર હિંમતરાંગજી, પાદશાહી દીવાન ખાનબહાદુર ખરશેદજી પાલળાજી ઈન્સ્પેકિટંગ પોસ્ટમાસ્તર તથા કેટલા એક વકીલ, શાહુકારો તે સભામાં બિરાજ્યા હતા. સભાપતિની ખુરશીએ બિરાજીને મહેરબાન કલેક્ટર સાહેબે અંગ્રેજીમાં ભાષણ કર્યું પછી એમના શિરસ્તેદાર દ્વારકાદાસભાઈએ તે ભાષણનો તરજૂમો ગુજરાતીમાં વાંચી સંભળાવ્યો હતો.૧૬૬

ઉપરાંત તેમના કાર્યોની કદર કરી મહારાણી કેસરે હિંદ તરફથી 'ઓર્ડર ઓફ ધી કમ્પેનિયન ઓફ સ્ટાર ઓફ ઈન્ડિયા' (સી.એસ.આઇ) નો ખિતાબ મળ્યો હતો. પરંતુ અહિં એ નોંધવું ઘટે કે રણછોડલાલ છોટાલાલ અને કવિ દલપતરામ ડાહ્યાભાઈ ને સી.આઈ.ઈનો એટલે "કમાન્ડર ઓફ ધી ઈન્ડિયન એમ્પાયરનો ખિતાબ મળ્યો હતો. જે ઈ.સ. ૧૮૮૬માં પ્રાપ્તિ થયો હતો. પરંતુ બેચરદાસને લગભગ ૧૦ વર્ષ પહેલાં એટલે કે ઈ.સ. ૧૮૭૭માં પ્રાપ્ત થયો હતો. આ ખિતાબના સંદર્ભ 'બુધ્ધિપ્રકાશ' માં નોંધ્યુ છે કે

રા. લ. બેચરદાસ અંબાઈદાસ ગુ.વ.સો.ના લાઈફ મેમ્બર છે તેમની કેટલીક સખાવત અને ઔદાર્યતાથી ખુશી થઈને સરકારે તેમને "નાઈટ કમાન્ડર ઓફ ધી સ્ટાર ઓફ ઈન્ડિયા"નાં ખિતાબ આપ્યા, તે ઘણી ખુશી થવાની બાબત છે (કે.સી.એસ.આઈ) આવું માન પામનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા.૧૬૭

૧૬૫. પટેલ. મંગુભાઈ, ઉપર્યુક્ત. પૃ.૧૯૧
૧૬૬. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ઠ નં. ૬. પૃ. ૩૪૦
૧૬૭. બુધ્ધિપ્રકાશ. ૧૮૮૬.
* શ્રીમંત સખાવત કામની બહાદુરી બતાવે અથવા વિદ્યાભ્યાસમાં બહાદુરી બતાવે તેને સરકારથી રાવબહાદુર, રાવસાહેબ, ખાનબહાદુર, ખાનસાહેબ જેવા ખિતાબો મળતા, બુધ્ધિપ્રકાશ, ઈ.સ.૧૮૬૨. પૃ.૯૫

ઉપરાંત તે જ વર્ષમાં મુંબઈ યુનિવર્સિટીના ફેલો અને સેનેટની કમિટીના મેમ્બર નીમાયા હતા. તે ઉપરાંત મુંબઈ ગવર્નરે તેમને પોર્ટટ્રસ્ટિસના એક સભાસદ નીમી માન આપ્યું હતું. બી.બી.એન.સી.આઈ. રેલવે પણ સભાસદ રહ્યા હતા.

તેઓ બ્રિટિશ સરકાર તથા અનેક રાજવીઓના સ્નેહી બન્યા હતા. તેમણે ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યા હતા. ઈ.સ. ૧૮૮૨-૮૩માં ઊંઝા ખાતે આવેલ ઉમિયા માતાના સંસ્થાનના સંદર્ભે વિશેષ રસ દાખવ્યો હતો. સાથે-સાથે તેમણે ઈ.સ. ૧૮૮૫નાં માર્ચ મહિનામાં ધર્મશાળાઓ બંધાવી હતી. ત્યારે શેઠ બેચરદાસના મનમાં વિચાર આવ્યો કે ઉનાળામાં "મીરાંદાતાર"ના મેળામાં દર વરસે ઊંઝા થઈને સેંકડો મુસલમાનો ત્યાં જાય છે. તેઓના ઉપયોગ માટે, તેઓનાં ગાડાંઓ, ઢોરઢાંખર સારું દેવળની હદની બહાર ઉત્તર દિશાએ જુદી ધર્મશાળા બનાવવી યોગ્ય છે. કમિટીએ આ વિચારને અનુમોદન આપ્યું. સૌને પસંદ પડી અને ધર્મશાળા બનાવવામાં આવી હતી. ધર્મસહિષ્ણુ અને હિન્દુ-મુસ્લિમ એકતાનું એક વિશિષ્ટ પ્રતીક તેમણે રજૂ કર્યું હતું.

કેળવણી વિષય પ્રવૃત્તિઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, સંસ્કૃત પાઠશાળા, મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ, શાહપુર લાઈબ્રેરી, અમદાવાદ સરસ્વતી ઓઢવ, ગુજરાત કોલેજની તજવીજ, સ્વધર્મ સહિત કેળવણી આપવાની નિશાળ અંજુમન ઈસ્લામ શાળાની પ્રવૃત્તિ, ઈશ્વર પ્રાર્થના મંદિર વગેરે કાર્યમાં બેચરદાસ લશ્કરીની પ્રવૃત્તિ વિશેષ ધ્યાન યોગ્ય હતી.

સામાજિક કાર્યો સંદર્ભે રિલીફ ફંડ યોજના ઈ.સ. ૧૮૬૪ અને નિરાશ્રિત સભાની સ્થાપના ઈ.સ. ૧૮૭૦માં કરવામાં આવી હતી. જેમાં તે સભાસદ હતા. વર્તમાન સમયના તે ઘરડાઘર જેવી સંસ્થા હતી. તેમણે શાહપુરમાં ડિસ્પેન્સરે શરૂ કરાવી હતી. અને રૂ. ૫૦,૦૦૦ આ કામ માટે જુદા મુક્યા હતા. તેના વ્યાજમાંથી દર્દીઓને ખોરાક વગેરે મફતા આપવામાં આવતું હતું. ગરીબો માટે અથવા તેમની સવલતો માટે આ દેશમાં જ્યારે કાંઈ કાયદો ન હતો. ત્યારે માત્ર મનુષ્ય માત્રની સેવાના ખ્યાલથી રા.બ. બેચરદાસે આ દવાખાનું શરૂ કર્યું હતું. મેજર વેલ્સ બારેડોલ વગેરે તેમના આ કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી.[૧૬૮]

ઉપરાંત કાળુપુર દરવાજા બહાર અમદાવાદમાં બેચરદાસ ધર્મશાળા બંધાવવામાં આવી હતી. જેનું ખાતમુહૂર્ત અમદાવાદના આસિંટગ કલેકટર. એ. એ. બારોડેલ સાહેબ ઈ.સ. ૧૮૬૮ના જુલાઈ ૨૯, બુધવારના દિવસે કર્યું હતું.[૧૬૯] બાળ લગ્ન નિષેધ મંડળ, પુનઃવિવાહ ઉત્તેજન મંડળી. અમદાવાદ નગર પાલિકાના કાર્યો કડવા પાટીદાર કોમમાંથી એક તિથિના લગ્ન અટકાવ્યા. તથા લગ્નના ખર્ચાઓ નિયંત્રિત કરવા, પુત્રી રક્ષકનો કાયદો બનાવ્યો હતો. અમદાવાદનો જ્યુબીલી મહોત્સવ, દયારામ સરસ્વતીના વિવાદોને તેમણે અનુમોદન આપ્યું હતું. આર્યસમાજમાં સક્રિત રીતે સંકળાયેલા હતા.

૧૬૮. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૭, પૃ. ૩૪૩

૧૬૯. બુધ્ધિપ્રકાશ, અંક-૯ પૃ.૨૧૫-૨૧૬, સપ્ટેમ્બર ૧૮૬૮

માત્ર કડવા પાટીદાર સમાજ નહિ. પરંતુ માનવ કલ્યાણ સંદર્ભે કાર્ય કરનારા રા.બ. બેચરદાસનું અવસાન ૨૦ મી ડિસેમ્બર ૧૮૮૯ના રોજ થયું હતું. સરજોન લેબક લિખિત "USC of Life" અંગ્રેજી પુસ્તકનો ગુજરાતી તરજુમો શ્રીયુત છગનલાલ ઠકોરદાસ મોદી પાસેથી "બેચરદસના પુત્ર શેઠ શંભુપ્રસાદે રૂ. ૨૦૦ સોસાયટીને સ્વર્ગસ્થના નામનું એક સ્મારક પુસ્તક પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.[૧૭૦]

૧.૫.૩ સમાજ સુધારણાના સંદર્ભે દરબાર ગોપાળદાસ તથા ભક્તિલક્ષ્મી બા નું પ્રદાન

પાટીદાર જ્ઞાતિના અન્ય એક એવા શાસક, સામાજિક સુધારક, સ્વતંત્ર સેનાની એટલે ગોરધનભાઈ અંબાઈદાસ દેસાઈ. તેમનો જન્મ ૧૯-૧૨-૧૮૮૭ વસો ગામમાં થયો હતો.[૧૭૧] ઢસાની ગાદી પ્રાપ્ત કરતાં તેમણે દરબારશ્રી ગોપાળદાસ દેસાઈ નામ ધારણ કરી શાસનની શરૂઆત કરી હતી. ગ્રામવિકાસ, રચનાત્મક કાર્યક્રમ, અસ્પૃશ્યતા નિવારણ, સાર્વત્રિક શિક્ષણ જેવા અભિગમ દ્વારા સમાજ ઉત્કર્ષનાં શ્રી ગણેશ કર્યા હતા. પોતાના ગામ ઢસામાં અંત્યજ પરિષદ ભરી હતી. તત્કાલિન સમયમાં અસહિષ્ણુતા હજી ગઈ ન હતી. ત્યારે શ્રી ગોપાળદાસ દેસાઈએ પ્રેમપૂર્વક ઢસાના સવર્ણોને આ પરિષદમાં સક્રિય હિસ્સેદાર બનાવ્યા હતા. દરબારશ્રીના સમયમાં વેઠનો પ્રતિબંધ, માફકસર વિઘોટી, નબળી ઋતુમાં મહેસૂલ મુલતવી વગેરે જેવી યોજનાઓ અમલમાં મૂકી હતી.

મુંબઈ રાજ્યમાં ઋણ રાહત ધારો ઈ.સ. ૧૯૩૯ માં ઘડ્યો હતો. દરબારશ્રી તે પહેલાં વીસ વર્ષ ઉપર ખેડૂતોના દેવાની માફી કરી હતી.[૧૭૨] ઈ.સ. ૧૯૨૪માં કડી મુકામે ભરાયેલ કડવા પાટીદાર પરિષદમાં પણ દરબારશ્રી એ હાજરી આપી હતી અને દેશસેવા બદલ તેમના ત્યાગની નોંધ પરિષદ દ્વારા કરવામાં આવી હતી.

૧૭૦. એજન. પૃ. ૧૮૦
૧૭૧. જોષી. સુમન. મ, રાષ્ટ્રસેવક ત્યાગી રાજવી દરબારશ્રી ગોપાળદાસ દેસાઈ, રાજકોટ ૧૯૮૨, પૃ.૫
૧૭૨. એજન પૃ.૪

ગોવર્ધનભાઈના લગ્ન અગિયાર વર્ષની ઉંમરે સંવત ૧૯૫૫ની ચૈત્રે સૂદ પૂનમ, (ઈ.સ. ૧૮૯૯)ના દિવસે નડિયાદના દેસાઈ રણછોડભાઈ ગોકળભાઈના પુત્રી ચંચળબેન સાથે થયા હતા. પુત્ર સૂર્યકાન્તના જન્મ પછી ચંચળબાને ક્ષયની બીમાર થતા નાની ઉંમરે મૃત્યુ પામ્યા હતા. દરબારશ્રીના પુન:લગ્ન દિવાન અને ખેડા જિલ્લાના ગામ વિરસદના અમીન ઝેવરભાઈ નાથાભાઈનાં પુત્રી ભક્તિલક્ષ્મી સાથે થયા હતા. લગ્ન સંબંધિ રૂઢિઓના પ્રતિકારનો એક ઉત્તમ દાખલો તેમણે રજૂ કર્યો હતો. જેમકે... "વર્ષોથી વિરસદના અમીનોની કન્યાનો વ્યવહાર છ ગામના પાટીદારોએ બંધ કરેલો. એ લગભગ રૂઢિ જેવું ચુસ્ત બંધન બની ગયેલું. આ રૂઢિને તોડવાની શરૂઆત કોણ કરી શકે ? દરબારશ્રીના વડીલ સબંધુ ચતુરભાઈ પણ આવા રૂઢિભંડના પગલાની વિરુધ્ધ હતા. જે રૂઢિ પાછળ કોઈ તાર્કિક વિચાર નથી, જે રૂઢિની પાછળ માત્ર કોઈ ઘવાયેલ અહમ્ જ રહેલો છે, અને તેને પણ વર્ષો વીતી ગયા છે, છતાં તેને પકડી રાખવું એમાં કયું ડહાપણ છે ? દરબારશ્રી તેને તોડવાનો નિશ્ચય કર્યો. અને લીમડીના ઠાકોર સાહેબના પત્રનો સંમતિ સૂચક જવાબ લખ્યો હતો.

ઠાકોર સાહેબના આગ્રહથી ગોપાળદાસ અને તેમના મિત્ર લીમડી ગયા. તેઓ ઠાકોર સાહેબના મહેમાન બનતા. ભક્તિલક્ષ્મી બેનનો પરિચય કર્યો તેમના હાથની રસોઈ પણ જમ્યા હતા. અને પોતે જ વાગ્દાન વિધિ પતાવી વિવાહનું નક્કી કર્યું હતું. તેમના લગ્નમાં ભારતની ધારાસભાના પ્રથમ સ્પીકર "શ્રી વિઠ્ઠલભાઈ પટેલ તથા ગરાસિયા કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ મી. સ્પ્રીટ અને મીસીસ સ્પ્રીટ હાજર રહ્યા હતા.

દરબારશ્રીએ અમીન કુટુંબના વૈભવી જીવનનો તેમણે ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો હતો. જે આધુનિક સમય સાથે તાલબધ્ધ ન થાય તેવા હતા જેવા કે...

[૧] અમીન કુટુંબના નબીરાથી નોકર ચોપદાર વગર એકલા ઘર બહાર નીકળાય નહિ.

[૨] વહુવાહુઓએ પડદો રાખવો જોઈએ, અરે ઘરના મોટી ઉંમરના કામદારોનો પણ મલાજો કરવો જોઈએ.

[૩] સામાજિક તહેવારો, સારા-માઠા પ્રસંગોમાં પણ વર્ષોથી ચાલતા આવેલ રિવાજોમાં લેશ માત્ર ફેરફાર થઈ શકે નહિ.

[૪] ધાર્મિક-સામાજિક વિધિઓની ચુસ્તતા દા.ત – દરબાર સાહેબ અને ભક્તિબા લગ્ન બાદ પ્રથમ વસો ગયા ત્યારે હવેલીમાં પ્રવેશ માટે મુહૂર્ત ન હતું તેથી બગીચામાં રહી ત્રણ દિવસ સુધી મુહૂર્તની રાહ જોવી પદી. પછી પધ્ધતિસર હવેલીગૃહમાં પ્રવેશ કરવામાં આવ્યો. આ પ્રસંગમાં વફાદાર સેવક માણેકલાલનો ખાસ આગ્રહ હતો, જે ઉદારતાથી દરબાર સાહેબે સ્વીકાર્યો હતો.

[૫] પાટીદાર કોમની બહેનો પ્રસંગે બહારગામ જાય તો ચંપલ વગેરે પગમાં પહેરી ગામમાં નીકળી શકે નહિ (મોતીભાઈ અમીને આ પ્રથા સામે સ્વયંસેવક દળ ઊભું કરી સ્ટેશને ચંપલો પહોચાડીને "પગરખાંની પરબ" શરૂ કરી બહેનોને રાહત આપવાની યોજના કરી હતી. ધીમે ધીમે આ પ્રથા તોડી હતી)૧૭૩

સામાજિક રૂઢિઓના વિરોધમાં દરબારશ્રીએ પહેલ કરી હતી. પાટીદાર જ્ઞાતિમાં પૈઠણ-દહેજનો રિવાજ ખૂબ જૂનો હતો, જે લગ્નમાં પૈઠણ લેવાય તેમાં હાજરી ન આપવી, તેવો દરબાર સાહેબે નિર્ણય કર્યો. આ કારણે તેઓ તેમના મિત્રોને ઘરે પ્રસંગ હોય તો પણ ગેરહાજર રહેતા. ગામમાં કોઈને ત્યાં પ્રસંગ હોય ત્યારે છડીદાર-ચોપદાર સાથે જ બહાર જવાય, જમવાનું હોય ત્યાં તેમને માટે ખાસ અલગ વ્યવસ્થા-ગોઠવણ થાય એવો રિવાજ હતો આવી વિશિષ્ટ મહેમાનગીરીનો દરબારશ્રીએ ત્યાગ કર્યો હતો. દરબાર સાહેબના સૌથી મોટા પુત્ર સૂર્યકાન્ત અને બીજા પુત્ર મહેન્દ્રના લગ્ન પ્રસંગોની સાદાઈ એટલી હદે હતી કે સાદાઈમાં માનનારાઓને પણ તે વધુ પડતી લાગેલી. બંને લગ્નો સમયે કન્યા પક્ષ તરફથી એક પાઈ પણ પૈઠણની લેવામાં આવી ન હતી. જાન લઈને જવાના ખર્ચનો હીસ્સો., માટલાં વગેરે બાબતમાં પણ એક પાઈ પણ દરબાર સાહેબે સ્વીકારી ન હતી. પાછળથી સ્વીકારાય છે તેવું પણ દરબાર સાહેબે થવા ન દીધેલું. અંધશ્રધ્ધા અને પરાપૂર્વથી ચાલી આવતી કેટલીક અર્થહીન અને સંસ્કારહીન રૂઢિઓ પરત્વે દરબારશ્રીએ નારાજગી જાહેર કરી હતી. જેમકે "હવેલીનો જ એક પ્રસંગ છે. ભાઉ સાહેબની હવેલીમાં પેઢી દર પેઢીએ કૂળદેવી કાલિકા માતાનું સ્થાનક હતું, નિત્ય તેની પૂજા થતી હતી. આ કાલિકા માતાને રિવાજ પ્રમાણે નવરાત્રીના દિવસોમાં ખાસ બલિ અને મદ્ય પણ ધરાવવામાં આવતી હતી. જે દરબારશ્રીને પસંદ ન હતું તેથી તેમણે એક કિમિયો કર્યો.

"દેવીને કોઈ ન જુએ તેમ ઉઠાવ્યાં અને ઘરમાં જ રહેલી પાણીની ટાંકીમાં છૂપાવી દીધા." પૂજન વખતે પૂજારી પૂજાની ઓરડી ખોલીને જુએ તો મૂર્તિ ન મળતા, તમામ ચિંતામાં પડી ગયાં, હવેલીમાં કારભારી માણેકલાલ ચારેબાજુ શોધી વળ્યા, પણ ક્યાંય મળી નહિ. દરબાર સાહેબ પાસે વાત આવી તેમણે ઉદાસીનતા ધારણ કરીને જણાવ્યું કે "માતાજી નશામાં ક્યાંક ફરવા ઉપડી ગયા લાગે છે" માણેકલાલ વિદ્વાન હતા. દરબાર સાહેબના લાક્ષણિક વચનોથી એ સમજી ગયા. ખૂબ આજીજી કરી કુળદેવીનો કોપ ન વહોરાય-વગેરેની સમજણ આપી હતી. દરબારશ્રી જણાવ્યું કે, "મદ્ય-માંસના નૈવેધ ધરાવાય છે તેનું જ આ પરિણામ લાગે છે." તેમ કહ્યું "આપણે એ બંધ કરો." સૌએ સ્વીકાર્યું અને દેવી પુનઃ મંદિરમાં પ્રસ્થાપિત કર્યા ત્યારથી આવા નૈવેધનો રિવાજ બંધ થયો હતો.

૧૭૩. એજન પૃ.૩૬

ભારતના બંધારણે ઈ.સ. ૧૯૫૦માં ઠરાવ્યું કે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવું જેની પ્રથમ શરૂઆત વડોદરા દેશી રાજ્યમાં થઈ હતી. પરંતુ દરબારશ્રી ઈ.સ. ૧૯૨૦માં તેનો અમલ કર્યો એટલું જ નહી, પણ વિદ્યાર્થીઓને પાટી-પેન મફત મળે, વિદ્યાર્થીઓના પ્રસાવની પણ જોગવાઈ થાય તેવું ગોઠવ્યું હતું. દરબારશ્રીના રાજ્યમાં પશુપંખીની હિંસા પર પણ પ્રતિબંધ હતો. ઢસામાં બીડીનું વ્યસન ન ફેલાય નહીં તેની તકેદારી દરબાર સાહેબે રાખી હતી. બીડી વેચવા માટે ઈજારો ધરાવનાર એક જ વ્યક્તિ તે વેચી શકે તેવી યોજના બનાવી હતી.

ડૉ. મોન્ટેસરી, નામ તત્કાલિન ભારતમાં પ્રચલિત બન્યું ન હતું ત્યારે ભારતમાં મોન્ટેસરી બાલમંદિરનો પ્રારંભ દરબારશ્રી એ ૧-૧-૧૯૧૫માં કર્યો હતો. આ પધ્ધતિથી પ્રભાવિત થઈને ગિજુભાઈ બધેકાએ વકીલાતના વ્યવસાય કરતા બાળકેળવણીમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. શિક્ષણ વ્યવસ્થાના પાયામાં દરબારશ્રીના ગુરૂ મોતીભાઈ અમીનનો ફાળો મહત્વનો હતો.[૧૭૪]

દરબારશ્રીને મન ગામડાનો ખેડૂત ગામડાનો મુખ્ય આધાર હતો. તેને આબાદ અને સુખી બનાવવા માટે તેમણે પ્રયત્ન આદર્યો બ્રિટિશ હકૂમત નીચે ભારતના ખેડૂતો પાયમાલ થયા હતા. સરકાર અને શાહુકારના દેવાથી તે શોષિત બન્યા હતા. દરબારશ્રીએ ખેડૂતને તેના દેવામાંથી મુક્ત કરવા માટે પ્રયત્નો કર્યાં. તેમણે ગામના અને બહારના શાહુકારોને ભેગા કર્યા. તેમની પાસે જ ખેડૂતોના જે ખાતાં હતાં, તેને તેમણે તપસ્યાં ચોપડા તો શાહુકારો વ્યવસ્થિત રાખતા હતા, દર વર્ષે હિસાબ થાય, જમા-ઉધાર લખાય, બાકી ખેંચાય, વ્યાજ ચડાવાય અને ખાતેદારોના અંગૂઠા લેવાય. નિરીક્ષણ પછી તેમણે નક્કી કર્યું કે જે વેપારીઓને તેમની મુદ્દલ રકમ કરતાં પણ અનેક ગણી રકમ વ્યાજ પેટે મળી ગઈ છે તેમણે તેવાં ખાતાં સરભર કરવા તેમને તે પેટે એક પાઈ પણ ચૂકવાશે નહી. ઉપર્યુક્ત પ્રયત્નોના કારણે ખેડૂતોને રાજ્ય પ્રત્યે શ્રધ્ધા જાગી, જેથી સ્વાભાવિક રીતે જ ખેત ઉત્પાદનમાં ક્રમિક વધારો થયો હતો.

ગામમાં સ્વદેશી વ્રતનો પ્રચાર પણ દરબારશ્રી જાતે આચરણમાં મૂકતાં પોતાના બુટ ઢસાના મોચીના સીવેલા જ તેમણે પહેરવાનું શરૂ કરેલું હતું. ગામના કારીગરોને ઉત્તેજન મળવું જ જોઈએ, એવી તેમની ભાવના હતી ગ્રામોદ્યોગ ઉપર ગ્રામ જીવનનું અવલંબન હોય, સ્વદેશીની ભાવના તો જ વિકસે એમ તેઓ માનતા હતા.

૧૭૪. એજન પૃ.૪૫

તત્કાલિન સમય કડક બ્રિટિશ અમલદારશાહીનો હતો. દરબારશ્રીએ તાલુકાદારોની એક પરિષદ બોલાવી હતી. દરબાર ગોપાળદાસના નામની પ્રમુખ માટેની દરખાસ્ત થઈ, ટેકો આપવા કોઈ હિંમત કરે નહીં; છેવટે ટેકો મળ્યો અને દરબાર સાહેબના પ્રમુખપદે પરિષદનું કામ શરૂ થયું. તેમણે પ્રમુખપદેથી તુરંત જાહેરાત કરી, "આ સભામાંથી પ્રતિનિધિ સિવાયના લોકો બહાર ચાલ્યા જાય" પોલીસ તો એમને એમ ઊભા રહ્યાં, ખસ્યા નહીં; એટલે દરબાર સાહેબે પોતાના માણસો બોલાવી તેમને બહાર કાઢવાની ધમકી આપી, એટલે તેઓ ચાલ્યાં ગયા હતા. પરિષદમાં અગત્યનાં વહીવટી પ્રશ્નો તથા સામાજિક બાબતો ઉપર ચર્ચા થઈ,[૧૭૫] જે નીચે પ્રમાણે હતી.

૧) એજન્સી સાથે વહીવટી તકલીફો
૨) રાજકુમારોના શિક્ષણના પ્રશ્નો
૩) તાલુકામાં અને તાલુકાદારને હથિયારોના પરવાના અંગે
૪) પોતાના આવિષ્કારોની સ્પષ્ટતા
૫) વ્યસન-મુક્તિ
૬) દહેજપ્રથા નાબુદી
૭) સ્વદેશી વ્રત
૮) શિક્ષણને વેગ આપવો વગેરે

સ્વતંત્ર્યો ચળવળમાં દરબારશ્રીની ભાગીદારી સક્રિય પણે હતી. જેમકે અસહકાર આંદોલનમાં (આણંદ સત્યાગ્રહ છાવણી) તથા, નાગપુર ઝંડા સત્યાગ્રહ, બોરસદમાં "હેંડીયા વેરા" સંદર્ભેની લડત, ગુજરાતમાં ઈ.સ. ૧૯૨૭ નો રેલસંકટ, દાંડીકૂચ, બોરસદમાં ઈ.સ. ૧૯૩૫ માં પ્લેગ નિવારણ ઝુંબેશ, હરિપુરા કોંગ્રેસ અધિવેશન-૧૯૩૮ વ્યક્તિગત સત્યાગ્રહ-૧૯૪૦ વગેરે ચળવળમાં એક ઉમદ સત્યાગ્રહી, રાજવી, સ્વયસેવક તરીકે તેમની કામગીરી મહત્વની હતી.

સ્વતંત્ર ભારત સામે અગત્યના પ્રશ્નોમાં "દેશી રાજ્યોના વિલિનીકરણનો હતો પરંતુ દરબારશ્રીએ પોતાના રાજ્યનો ત્યાગ અસહકાર આંદોલન દરમ્યાન જ કરેલ છે જે એક નોંધવા યોગ્ય ઘટના ગણી શકાય.

રાજ્યના ત્યારબાદ પણ તેમનો ઢસા, રાયસાંકડી, વસો, નડીયાદ, આણંદ, રાજકોટ વગેરે સ્થળોએથી શિક્ષણ-કેળવણી તથા સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓના પ્રેરક રહ્યા હતા.

પ્રસ્તુત રાજવી, સ્વતંત્ર સેનાની, સત્યાગ્રહી, કેળવણીના પ્રચારકના પ્રયત્નોથી સમાજમાં બ્રિટિશ શાસનની વાસ્તવિક નીતિ તથા તેના પ્રત્યાઘાતો સંદર્ભે રૈયતને જાગૃત કરી હતી. જેથી સમયાન્તરે સામાજિક ક્રાંતિની પાર્શ્વભૂમિકા તૈયાર થઈ હતી.

૧૭૫. એજન પૃ. ૧૦૦

કડવા પાટીદાર સમાજના કુરિવાજો પ્રત્યે અંગ્રેજ અધિકારીઓનું ધ્યાન ઈ.સ. ૧૮૨૦થી કેન્દ્રિત થયું હતું. ઉપરાંત તે રિવાજો પ્રત્યે ઠોસ કામ કરનાર અધિકારીઓ તૈયાર થયા હતા. તેઓ એ અભ્યાસ કર્યો કે આ કોમમાં બાળલગ્નના કારણે જ તેઓની સ્થિતિ દયનિય બની છે. એટલું જ નહિ તેની અસર ખેત ઉત્પાદન પર પડી છે. ઉપરાંત કણબીના શારીરિક બળમાં ખામી આવી શરીર સંપત્તિ ઘટતી જતાં વીર પૂર્વજોના નામને લાંછન લગાડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. દેશ અને પ્રદેશનો ઉત્પાદનનાં મોટોભાગ તેના પર આધારિત હતો જે પરોક્ષ રીતે મુશ્કેલીમાં મુકાયો હતો. આમ ઉપરોક્ત પરિસ્થિતિ સંદર્ભે જે અધિકારીઓ એ પોતાની દીર્ઘ દ્રષ્ટિ સમાજ ઉત્કર્ષ સંદર્ભે રજૂ કરી હતી. તેવા, કાઠિયાવાડ આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ મેઝર એસ. એલ્ટન, ગુજરાતના જ્યુડિશિયલ કમિશ્નર સિવિલ સરવન્ટ મે. હટ, રેવ. જે. એમ. મીચલ, મિ. વેબ, જો, ફોસેટ, ના, પાટડી દરબારશ્રી જોરાવરસિંહજી, રા.બ. બહેચરદાસ લશ્કરી, અમીન જયસિંહભાઈ, મે. જેન્ડીન્સન, મે. બોરાડેલ, મં. જેમ્સ, કમિશ્નર મિ. શેયર્ડ, મિ. કુક, મેજર વેલ્સ, જે. એ. દલાલ, મિ. કુષ્ણલાલ, મિ. ડૉ. ધનશાહ, વડોદરાના દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ, રાવબહાદુર નાયબ દીવાન ગોવિંદભાઈ દેસાઈ, દીવાન શ્રી કૃષ્ણામાચારી, દીવાન ટી. માધવ અને નામદાર મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા વગેરેના દ્વારા ગુજરાતમાં માત્ર પાટીદાર સમાજ સુધી સંકુચિત ન રહેતા. સમાજ સુધારણાના શ્રી ગણેશ કર્યા હતા. શિક્ષિત આગેવાનોએ સમાયાન્તરે, સભાઓ, પરિષદો દ્વારા તથા સામાયિકો, પત્રિકાઓ દ્વારા સમાજના નીચલા સ્તરેથી સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જેનો અભ્યાસ પ્રથમ કક્ષાના સાધનો દ્વારા અનુગામી પ્રકરણમાં કરીશું.

પ્રકરણ - ૨ કડવા પાટીદાર પરિષદની સ્થાપના અને હેતુઓ

જ્ઞાતિ સુધારણા કેન્દ્ર તરીકે તત્કાલિન સમયે 'વિરમગામ' મુખ્ય એકમ હતું. જ્ઞાતિની સંસારિક સ્થિતિ સુધારવા વિરમગામમાં ઘણાં વર્ષોથી દેસાઈ નારણદાસ જોરાભાઈ મારફતિયા દ્વારા પ્રસંગો પાત વિવેચન કરીને અગ્રેસરોને પ્રભાવિત કરેલ હતા. તે સમયમાં અમદાવાદમાં પણ મણીલાલ દોલતરામ 'વિજય' નામનું માસિક પ્રસારિત કરી જન સમાજની સેવા કરવા માટે શરૂ કર્યું હતું. પરંતુ અપરિપક્વ હૃદય પર તેની યથાર્થ અસર થઈ ન હતી. છતાં સુધરકોએ પોતાના પ્રયત્નોમાં શિથિલતા આવવા દીધી નહીં જેથી જ મુંબઈ નિવાસી રા. હરજીવન ભગવાનદાસ ભાવનગરીએ પોતાના પુત્રને છૂટા લગ્ને પરણાવી 'વીર સુધારક' તરીકેની નામના મેળવી હતી.[૧]

ભારતમાં આ સમયે સામાજિક, ધાર્મિક જાગૃતિ માટે ઈ. સ. ૧૮૮૫ પછી વિવિધ જ્ઞાતિમાં અખિલ ભારતિય સ્તરે સામજિક પરિષદ જેવી સંસ્થાઓ જન્મી હતી.[૨] તે જ રીતે કડવા પાટીદાર જ્ઞાતિના યુવાનોમાં પણ જ્ઞાતિ સુધારા માટે જાગૃત થયા હતા. વિરમગામના કુમાર શ્રી લાલસિંહજી ભાઈએ સ્થાનિક જ્ઞાતિના પોતે પ્રમુખ હોવાથી તેમને કુરિવાજો પ્રત્યે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેથી દેસાઈ નારણદાસ જોરાભાઈ, તથા દેસાઈ કાલીદાસ હરજીવનદાસ વગેરે સર્વે અનુમોદન આપ્યું હતું. તેથી જ્ઞાતિની ઉન્નાતિ સંદર્ભે પોતાના દરબાગૃહમાં સંવંત ૧૯૬૩ના ફાગણ વદ ૧ ના દિવસે જ્ઞાતિની સભા બોલાવી હતી. જે સભામાં અમદાવાદથી મણિલાલભાઈ, પ્રા. જેઠાલાલભાઈ તથા રા. જીવણભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અને બીજા દિવસે શ્રી લાલસિહજીભાઈના આધ્યક્ષ પણા નીચે શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. પરંતુ સંકુચિત વિચાર ધરાવનારા વ્યક્તિઓના કારણે આ ભગીરથ કાર્ય અટકી પડ્યું. અને તેજ સમયે મણિલાલ દોલતરામનું આવસાન થયું હતું. જેથી તેમના દ્વારા પ્રચારિત 'વિજય' સામાયિક પણ બંધ પડ્યું હતું. પરંતુ વિરમગામના કેશવલાલ માધવલાલ તથા પુરુષોત્તમ લલુભાઈએ સં. ૧૯૬૩ શ્રાવન માસમાં "કડવા વિજય" નામનાં માસિકની શરૂઆત કરી. જાગૃતીનાં સંચાર કર્યો હતો.[૩] કડીના રા. અમીન ચતુરભાઈ રાઘાભાઈ તથા આમીન માણેકલાલ દ્વારા શ્રી કડી પ્રાંત ખેડુત પટેલ સમાજની સ્થાપના કરી હતી. જેની પહેલી બેઠક કડી મુકામે : તા: ૨૫/૧૨/૧૯૦૭નાં દિવસે મળી હતી.[૪]

૧. પરીખ. પુરષોત્તમ. લ, કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ શ્રી ઉમિયા માતાજીસંસ્થાન, ઊંઝા ,પૃ. ૧૭૧

૨. દેસાઈ. મગનભાઈ. ૫, રાજા રામમોહન રાવ થી ગાંધીજી, ગુજરાત વિદ્યાપીઠ. અમદાવાદ. ૧૯૫૭, પૃષ્ઠ ૨૪

૩. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૮, પૃ. ૩૫૪

૪. પરીખ. પુરષોત્તમ. લ, "કડવા વિજય અંક ૫, પૃ. ૩

તે સમયે અમદાવાદમાંથી 'શ્રી કડવા પાટીદાર સુધારક પત્ર' નીકળયું હતું. પરંતુ ટુંક સમયમાં તે બંધ થયું હતું. સાથે "શ્રી ઉમિયા વિજય' સામાયિક નીકળ્યું હતું. તે પણ પાંચ-છ માસ પછી બંધ પદી ગયું. સુરતમાં "શ્રી કડવા પાટીદાર સમાજ" નામની સંસ્થા સ્થાપાયી હતી.૫

નવચેતનાના આ સમયે ના. સર સયાજીરાવ ગાયકવાડ મહારાજે પોતાની રૈયતની શારીરિક તેમજ માનસિક સ્થિતિ સુધારવા તેમજ ઉન્નતિના શિખરે પહોંચાડવા "બાળલગ્ન પ્રતિબંધક નિબંધ' નામે કાયદો કર્યો હતો. તેથી ૯ અને ૧૧ વર્ષે મુકરર કરેલી એક જ તિથિએ ૪૫ દિવસથી મોટા તમામ કુંવારા બાળકોને લગ્ન કરાવવાની પ્રાચીન રૂઢિ દૂર કરવાના પ્રયત્નો થયા હતા. બીજી લગ્ન મુદ્દત આવતાં સુધીમાં ૧૨ વર્ષની વયની કન્યાની અને ૧૬ વર્ષની વય વરની ન થઈ હોય તેવા બાળકોને લગ્ન ન કરી શકાય તેવો પ્રતિબંધ મૂક્યો હતો. આ કાયદામાંથી મુક્ત થવા શ્રી કડી પ્રાંત 'ખેડુત પટેલ સમાજ' નામક સંસ્થાએ પ્રયત્ન કર્યો હતો. પણ તેમ કરતાં તે સંસ્થા પોતે જ અટકી પડી. આ સમયે વિરમગામનાં સુધારક એવાં શેઠ દ્વારકાદાસજી સંવંત ૧૯૬૪નાં વૈસાખ સુદ પાંચમના દિવસે સ્વર્ગવાસી થયાં હતાં.

સંવત ૧૯૬૪ની સાલમાં લેઉવા બંધુઓની ઉન્નતિ સંદર્ભે 'પટેલ બંધુ' નામક માસિક સિનોરમાંથી તથા 'પાટીદાર હિતેચ્છુ' ના સંયુકત નામાભિધાનથી પ્રસિધ્ધ થયાં હતા. જેના તંત્રી સ્વતંત્ર સેનાની કુંવરજીભાઈ હતા. કરાંચીથી "પાટીદાર ઉદય" પ્રસિધ્ધ થતું હતું.

ભાવનગર માંથી આ સમયે સંવંત ૧૯૬૫ના વૈસાખ માસમાં 'કડવા હિતેચ્છુ' માસિક પત્ર પ્રસિધ્ધ થયું હતું. અહી એ ધ્યાન યોગ્ય છે કે તમામ જ સામાયિક ઉદારવાહી કે સુધરાવાદી અભિગમ ધરાવતા ન હતા. જેમકે "બાળ લગ્ન પ્રતિબંધક નિબંધ"ના વિરોધમાં વડોદરાનાં પ્રા. ભગવાનદાસે સંવત ૧૯૬૭નાં અષાઢ માસમાં "શ્રી કડવા જ્ઞાતિ હિતેદર્શક' નામનું માસિક પ્રસિધ્ધ કર્યું હતું. જે ટૂંક સમયમાં બંધ થયું હતું. ૬

પ્રાદેશિક સ્તરેથી સુધારાના વાહકોના પ્રયત્નના કારણે તથા સામાજિક, ધાર્મિક, દુષણો પ્રત્યેની તરક-વિતર્કની માનસિકતાના સર્જનના કારણે ગુજરાતમાં કડવા પાટીદાર પરિષદોની રચના થઈ હતી. આ સંદર્ભે મહાદેવભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે "વહેમ મિશ્રિત ધર્મ ભીરુતામાં પણ પ્રતિજ્ઞાને પવિત્ર સમજીને તેને ગમે તે ભોગે પાળવાની શક્તિ ભળેલી છે. આવા લોકોમાં સત્યાગ્રહનું બીજ ઊગી નીકળે અને ફળે તેમાં આશ્ચર્ય નથી.' ૭

૫. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત પૃ ૧૭૩
૬. એજન પૃ. ૧૭૭
૭. દેસાઈ. મહાદેવભાઈ, ધી સ્ટોરી ઓફ્ બારડોલી નવજીવન, અમદાવાદ, ૧૯૨૯. પૃ. ૭-૮

જ્ઞાતિ સુધારણા માટે કડવા પાટીદાર પરિષદોનો ફાળો મહત્વનો રહ્યો હતો. ઉપરોક્ત સુધારકો, સામાયિકો, પત્રિકાઓ વગેરેના કારણે સંમેલનો, સભાઓ, પરિષદોની રચના કરવામાં આવી હતી. જે સમયાન્તરે વિવિધ પ્રદેશોમાં ભરવામાં આવી હતી.

આ સંદર્ભે 'વિજય' સામાયિકના પ્રથમ અંકમાં જણાવ્યું છે તેમ. "ભાઈઓના મનમાં એમ જ તર્ક થાય કે સભાથી શું થવાનું છે ? સભા શું કરી શકશે. ? આમ જ્યારે અર્થ કરો ત્યારે રેતની અંદર પાયો ચણવા જેવું થશે. કેમ કે સભામાં તો સમગ્ર ભાઈઓની ઐક્યતા થવાનો જ રહસ્ય રહેલો છે. અને તેમાં આપણી જ્ઞાતિમાં દુષણ શું છે. તથા તે દુષણથી જિંદગી સુધી અત્યંત દુ:ખ કેવી રીતે ભોગવો છો. અને તે દુ:ખ શી રીતે નાબુદ થાય. ! એ તમામ વિષય જોવાના, જોયા પછી સર્વેના એક મતે કરીને તે વિષે સુધારો કરવો. એ જ સભાનું સમગ્ર કામ છે........સભાથી જ ઉત્તમ પ્રકારના વિચાર જણાઈ આવે છે. .... આર્થાત સભાથી જે જે કાર્ય સુધરે છે તે એક સૂના વિચારથી કાંઈ સુધરી શકતું નથી. તો પછી તમારે તો સભા કરીને માત્ર પોતાની જ્ઞાતિ સુધારાને માટે જ આગળ પગ મૂકવાની જરૂર છે, તેમ જ્ઞાતિ સુધારાને માટે જ્યારે પણ મૂકશો ત્યારે મુખ્ય બાબતો તમારી નજરમાં આવશે ત્યારે તેને દુ:ખદાયક સમજી તમે ન છેદન કરશો."

કોન્ફરન્સ ભરવાની આગત્યતા સમજાવતાં જણાવ્યું છે કે "આજ કાલ દરેક નાની મોટી પોતાની ન્યાતમાં કોન્ફરન્સો ભરાય છે. તો આપણે પણ તેમનું અનુકરણ કરવું ઘટિત છે. કોઈ ધનાઢ્ય પુરુષ કામ માથે ઉપાડવાને આગળ નહી આવે તો પણ ન્યાતના સમજુ પુરુષોએ તેનો વિચાર કરવો જોઈએ, કારણ કે તેવી કોન્ફરન્સ ભરવાનાં વખત આવી લાગ્યો છે.૮

તા. ૧૬/૧૧/૧૯૦૫, અમદાવાદમાં ડબગરવાડે ઘાંચીની વાડીમાં કડવા પાટીદાર સુધારક સભા તરફથી જ્ઞાતિના પાસ થયેલા વિદ્યાર્થીઓને ઈનામ આપવાનો મેળાવળો રા. રા. ચંદુલાલ માધવલાલ શેઠના પ્રમુખ પણા નીચે સાંજના છ વાગે થયો હતો. મેળાવળામાં આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ અને જ્ઞાતિના ૨૦૦ ગૃહસ્થો અને અન્ય કોમના ગૃહસ્થો પણ હાજર હતા. આ શુભ પ્રસંગે સભાના હેતસ્વી હીરાલાલ વસંતરામ ગુડક માસ્તર સાબરમતીથી પણ પધાર્યા હતા. સભાના ઓન. સેક્રેટરી મિ. મણિલાલ દોલતરામે જ્ઞાતિમાં સંપ રાખવાની જરૂર અને કેળવણીથી થતા ફાયદા ઉપર બીજી જ્ઞાતિઓના દ્રષ્ટાંતો રજૂ કર્યા હતા. તદ્‌ઉપરાંત પ્રમુખ શ્રી એ જ્ઞાતિમાં કેળવણીમાં કુશળ થવાની જરૂર વિશે સચોટ અને બોધગમ્ય ભાષણ રજૂ કર્યું હતું. આમ સમાજના વિદ્યાર્થીઓને કેળવણીનાં સંદર્ભે પ્રોત્સાહન આપવા અને તે દ્વારા નૂતન વિચારોથી અવગત કરવા, શિક્ષિત આગેવાનોનો આ એક પ્રયાસ હતો.

૮. હિરાલાલ. વસંત, કડવા પાટીદારના લગ્નનું સાહિત્ય યાને મુર્ખાઓનું પ્રદર્શન, શ્રી કડવા પાટીદાર હીતવર્ધક મંડળ અમદાવાદ, ૧૯૨૩, પૃ. ૧૧૭

ત્યારબાદ અમદાવાદ દરિયાપુરમાં તા. ૧૨/૮/૧૯૦૬ના રોજ સાંજે ચારવાગે પ્રમુખ શેઠ શ્રી ચંદુલાલ માધવલાલના પ્રમુખપણા નીચે, કડવા પાટીદાર ફ્રી લાઈબ્રેરીનું ઉદઘાટન કરવામાં આવ્યું, જેમાં કડવા પાટીદાર સુધારક સભાના સેક્રટરી મિ. મણિલાલ દોલતરામ “કડવા પાટીદાર જ્ઞાતિમાં કેળવણીની ઉણપ અને તેથી ઉદ્ભવતા પ્રશ્નો અંગે સચોટ વ્યાખ્યાન આપ્યું હતું.

તદ્પરાંત મિ. મોહનલાલ ત્રિભોવનદાસે પણ કેળવણી સંબંધી અને લાઈબ્રેરીની જરૂરિયાત તથા તેના વિકાસ માટે જ્ઞાતિબંધુઓએ તન, મન, અને ધનથી મદદ કરવા આપિલ કરી હતી. ત્યારબાદ જેઠાલાલ ચિમનલાલે ઈંગલેન્ડ અને જાપાન વગેરે દેશોના દ્રષ્ટાંતો આપી પોતાના વિચારોને રજુ કર્યા હતા. લાઈબ્રેરીના સેક્રેટરી તરીકે મિ. છોટાલાલ ભૂદરલાલને નીમ્યા હતા. આસિસ્ટંટ સેક્રેટરી તરીકે મિ. રામલાલ દલસુખરામને નીમ્યા હતા.

અંતે મિ. મણિલાલે તથા રામદાસે તથા દરિયાપુરના યુવાનોએ પુર્ણ રીતે જે મહેનત કરી હતી. તેને વાસ્તે તેમનાં તથા પધારેલા ગૃહસ્થોનો આભાર માન્યો હતો. અને જણાવ્યું હતું કે કેળવણીની વૃધ્ધિ થતા સંદર્ભે દરિયાપુર જિલ્લાના લોકોએ પહેલ કરી છે. તે ઘણું ખુશ થવા જેવું છે. અને આશા રહે છે કે કોન્ફરન્સ જેવા કાર્યથી તેઓ પહેલેથી કરશે. મિ. મણિલાલ જ્ઞાતિ સુધારક કાર્યમાં વખતો વખત શ્રમ લઈને જે યત્ન કરે છે. તેને માટે તેમને ધન્યવાદ છે. ત્યારબાદ પાન-સોપારી લઈ મેળાવળો વિસર્જન થયો હતો.૯

“કડવા પાટીદાર સુધારક સભા”નો વાર્ષિક મેળાવળો સંવંત ૧૯૬૩ના કાર્તિક સુદને શુક્રવારે સાંજના પાંચ વાગતાં શ્રીયુત સાક્ષરોત્તમ શીઘ્ર કવિશ્વર નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવીના પ્રમુખ પણા નીચે ભોંયરાના મહાદેવની વાડી`માં કરવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત સદગૃહસ્થોએ સમાજમાં પ્રચલિત કુરિવાજો સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમાં શ્રીયુત બાપુજી જગન્નાથે જ્ઞાતિ સંબંધી પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ તે સંદર્ભે પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યારબાદ રેવાશંકર જગજીવનભાઈએ વરવિક્રય, કન્યાવિક્રય, નાતરાં કરવાં, તથા તેરમા કરવાના રિવાજોથી મુકત થવાના સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું.

૯. પટેલ. મણિલાલ. દ, વિજય, ૧૯૦૬, અંક-૨,પુસ્તક-૪, ૧૨/૮/૧૯૦૬ પૃ. ૪.

જેઠાલાલ ચિમનલાલ સ્વામિનારાયણ કે જેઓ લેજેસ્લેટિવ કાઉન્સિલમાં ૧૨ વર્ષ સુધી સભ્ય રહી ચુક્યા હતા. તેમણે જ્ઞાતિમાં વરાઓ (જમણવાર) કરવામાં જે ખર્ચ થાય છે તે કેળવણીના રસ્તે કરવો. ઉપરાંત ખેતીવાડી સ્કૂલ સંદર્ભે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે "પરદેશી માલને અટકાવવાનું શ્રેષ્ઠ સાધન દેશી કામદારોને કેળવણી આપી તેમની પાસેથી પરદેશી જેવો સાદો સુંદર અને ટકાઉ માલ બનાવવો તે સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા." ત્યારબાદ મોતીલાલ છોટાલાલે જણાવ્યું કે સાંસારીક, ધાર્મિક કે રાજદ્વારિક સુધારા કરવા માટે ઐક્યની આવશ્યકતા છે. તથા શહેરીજનોને સુધારાની શરૂઆત કરવી જોઈએ તથા જમણવારના હેતુ સંદર્ભે તથા લેઉઆ અને કડવા બંને કોમ સંયુકત રીતે સુધારાના વિચાર લક્ષપર લે તો શુભ પરિણામોનાં આભ્યુદય થયા વિના રહે નહી. તેમ તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ. બહેચરલાલે કેળવણીના સંદર્ભે જ્ઞાતિમાં સારા વકિલો ઓછા છે. તેમ તેમણે જણાવ્યું હતું. સાથે સાથે હિરાલાલ રણછોડદાસ મહેતાજીએ પણ કેળવણીની જરૂરિયાત સંદર્ભે જણાવ્યું હતું. નારણભાઈ જોરભાઈએ જણાવ્યું કે નાતરાં, નાતવરા, છેડા છૂટકા જેવા કુરિવાજો મોટા ગામડાવાલા કરશે તો પછી નાના ગામડા વાસ્તે શું કહેવું ? તેમ જણાવ્યું. મણિલાલ દોલતરામ જણાવે છે કે "જ્ઞાતિમાં કેળવણીનો અભાવ છે. અને જે શિક્ષિત છે તે સુધારાની પ્રવૃત્તિમાં કે સભામાં ભાગ લેતા નથી. જે પોતાનાં જ કલ્યાણ સંદર્ભે વિચારે છે. પરંતુ સમાજના નહીં." તે સંદર્ભે જ્ઞાતિના યુવાનોને ટકોર કરી હતી. જીવનલાલ અમરતલાલે સભામાં હાજર સભ્યોની સંખ્યા સંદર્ભે ખેદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી મિ. મણિલાલ જ્ઞાતિ સુધારા માટે જે પ્રયત્ન કરે છે તે ધન્યવાદને પાત્ર છે. મિ. મગનલાલ ચંદુભાઈએ જણાવ્યું કે સભામાં ઉપસ્થિત શ્રોતાઓએ જે ઉપસ્થિત વક્તાઓ પોતાના વિચારો રજૂ કરે છે તેને ધ્યાન પૂર્વક, ગંભીરતાથી ચિંતન, મનન કરવું જોઈએ.

અંતે પ્રમુખ શ્રી નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવીએ જણાવ્યું કે "આપણાં માતા-પિતા ઉમિયા શંકર છે. જેથી સમગ્ર કણબી લોકોનો મેળાવળો કે જમણવાર થાય ત્યારે તેને મહાજન કે કુંભ નહિ કહેતા "શંભુ મેળો" કહે છે. તેમણે કણબી શબ્દનો અર્થ કણ + બી એટલે "કણ – દાણા આથવા આનાજ તેનું બી" તે કણબી એટલે કે આનાજ વાવનાર અને પકવનાર જે લોકોના વડે રાજાથી રંક અને કીડીથી કુંજર સુધીના પ્રાણીઓનાં જીવન વ્યવહાર ચાલે છે તે લોકો કણબી કહેવાય છે." તેમ તેમણે જણાવ્યું હતું.૧૦

૧૦. પટેલ. મણિલાલ. દ, વિજય, પુસ્તક ૧લું, અંક .૮, ૧૯૦૩, પૃ.૨૮૦

તેમણે કણબીઓ ક્ષત્રિય છે તે સંદર્ભે જણાવ્યું કે, ટાઢ, તડકો અને વરસાદ વેઠીને ખેતી કરવી, સીમાડાનું રક્ષણ કરવું, દેહ કષ્ટ સહન કરી તેમ છતાં મન મજબૂત કરી નુકશાન સહન કરવું એવાં દ્રઢતા અને સહનશીલતાનો ગુણ ક્ષત્રિય સિવાય અન્યમાં ભાગ્યે જ હોઈ શકે. ખેતીવાડી અને પશુપાલનના વ્યવસાયમાં હોવાથી સમયાન્તરે ક્ષત્રિય સંસ્કારો દૂર થયા અને વૈશ્ય જાતિના સંસ્કારો ગુણ રહ્યા હતા. તેમણે જણાવ્યું કે વર્તમાન સમયમાં આપણાં કુરિવાજોના કારણે આપણી સ્થિતિ શૂદ્ર જાતિના સમાન થઈ છે "કષ્ટ વિના કીર્તિ નહિ અને સંપ વિના સંપત્તિ નહિ" કહેવતનાં આનુસંધાનમાં સચોટ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે કેટલાંક વ્યક્તિ કહે છે કે ભગવદ સ્મરણ ન કરીએ કે આવી પંચાતમાં પડીએ. તેના જવાબમાં તેમણે કહ્યું કે "પંચ એ જ પરમેશ્વર છે." વળી "નાત એ ગંગાનો પ્રવાહ છે."૧૧ તેમ સમજાવ્યું હતું.

ભગવદ ભક્ત મહાત્મા શ્રી સુરદાસજી કે જેમના સદબોધથી ઘણા બધા મનુષ્યના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. તે જ રીતે આપણી જ્ઞાતિમાંથી આજ્ઞાન દૂર કરી જ્ઞાતિસભ્યોને સભામાં ઉપસ્થિત રાખી, કેળવણી સંદર્ભે ચર્ચા-વિચારણા કરી જ્ઞાતિ હિતનાં કાર્યો કરવા જોઈએ. સાથે સાથે કેળવણીના સંદર્ભે તેમણે જણાવ્યું કે કેળવણી પશ્ચિમી રાષ્ટ્રો પ્રમાણે નહિ જે ભણીને આપણે "વંડી સાહેબ લોકો જેવા છટ- નોન્સેંસ કહેતા બનીએ. પરંતુ આપણો વ્યવહાર ચાલે અને ધર્મ અને કર્મ પ્રમાણેની કેળવણીની આવશ્યકતા સંદર્ભે જણાવ્યું હતું.* પોતાની ઉન્નત્તિ માટે શહેર સિવાયના બહાર ગામમાં નાતિલાઓ સાથે મળવા હળવાની જરૂર છે. અને તેમાં પણ કડવા અને લેઉઆનો ભેદ નહિ રાખતાં બધા કણબીઓ ભેગા મળે તો કામ ઘણું સંગીન થાય. 'બહું તાતણે બળિયું" કહેવત પ્રમાણે સમુહમાં જ્ઞાતિઉન્નતિ કાર્ય કરવાની અપિલ કરી હતી. તેમને સભામાં જણાવ્યું હતું કે "જે માણસ જ્ઞાતિ અને દેશની સેવા બજાવવામાં બેદરકાર રહે છે. તે આત્મદ્રોહી છે. તેથી દરેક શાણા વ્યક્તિએ જ્ઞાતિની સેવા બજાવવા માટે તન, મન, ધનથી તત્પર રહેવું, જેથી પ્રભુની પ્રસન્નતા અને સુખ શાંતિ પ્રાપ્ત થાય."

આભાર દર્શન માટે શેઠ ભોગીલાલ છગુલાલએ પ્રમુખ સાહેબનો આભાર માની ઉપસ્થિત સિવાય અન્ય સભ્યોની ગેરહાજરીના સંદર્ભે દિલગીરી વ્યકત કરી હતી. છેવટે તેમણે પ્રમુખ સાહેબ તથા પધારેલા ગૃહસ્થોનાં તથા મકાન વાપરવા બદલ વાડીના માલિકોનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

૧૧. એજન, પૃ. ૨૮૩

* સ્વાતંત્ર્ય આંદોલન દરમ્યાન મહાત્મા ગાંધીએ રાષ્ટ્રીય શાળા બુનિયાદી શિક્ષણ પધ્ધતિના અમલ ઈ.સ. ૧૯૧૫ પછી કર્યો હતો. જેની અસર પાટીદાર પરિષદમાં કેળવણી સંદર્ભે થતાંઠરાવો પરથી સમજી શકાય છે.

૨.૧ વિરમગામમાં થયેલા જ્ઞાતિ મેળાવળો : ઈ.સ. ૧૯૦૭

વિરમગામમાં તા. ૧ લી માર્ચ ઈ.સ. ૧૯૦૯ના રોજ કડવા કણબી જ્ઞાતિની કોન્ફરન્સ ભરવાનો વિચાર કરવા માટે દરબાર શ્રી રાયસિંહજી કેશવભાઈનાં દરબારમાં જ્ઞાતિનો મહાન મેળાવળો થયો હતો. તે પ્રસંગે અમદાવાદથી મણિલાલ દોલતરામ આધિપતિ "વિજય" તથા મિ. જીવણલાલ અમરતલાલ તથા જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ બી. એ પધાર્યા હતા.

નારાયણદાસ જોરભાઈએ જણાવ્યું કે "આપણી જ્ઞાતિમાં દિન પ્રતિદિન નિસ્તેજ, દુર્બળ અને નિર્ધનતાને પ્રાપ્ત થતી જાય છે. વિદ્યા, કેળવણી, અને ઉદ્યમમાં પછાત પડતી જાય છે. અને તેનો વિચાર કરાવા આપ સર્વે ભેગા થયા છે. અને તો પ્રભુ તમને સહાય કરે તેવી પ્રાથના કરું છું."

ત્યારબાદ જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ બી. એ. "કણબી શબ્દ કણ + બીજ થયેલો છે. તેમણે જણાવ્યું કે કેળવણીનાં વિહાસથી કૃષિક્ષેત્રે નવા ઉપાયો કરી શકાય છે. તે દ્વારા કૃષિ ઉત્પાદન વધારી શકાય છે. તેમણે કહ્યું કે ખેતીવાડીની પ્રજાએ આખી દુનિયા જીતેલી છે. વેપારવાળી પ્રજા ખેડુતપ્રજાથી હાર પામી છે. સાથે તદોપ્રાંત ખેતીવાડીના શિક્ષણ માટે થોડા માણસોને પૂના મોકલવાની જરૂર છે. ઉપરાંત તેમણે કહ્યું કે કોન્ફરન્સની અંદર લાપસી અને ઘીની જરૂર નથી. પણ સાદુ જમણ કરવાની જરૂર છે." ત્યારબાદ મિ. જીવણલાલ અમરતલાલે, મિ. નારાયણ ભાઈએ ઉપરોક્ત જણાવ્યું તે પ્રમાણે કેળવણી અને ખેતીવાડીના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત હોવું જોઈએ. તેમણે જ્ઞાતિ સુધારા માટે મિ. મણીલાલ દોલતરામને ધન્યવાદ આપ્યા. અને અમદાવાદના શેઠીયાઓની ટીકા કરી. ત્યારબાદ દરબાર સાહેબ અને જીભાઈ શેઠ તથા સમસ્ત મંડળ કોન્ફરન્સનો ઠરાવ કરશે. એવી હું આશા રાખું છું. તેમ જણાવ્યું હતું.

મિ. જીવનભાઈ લાલભાઈએ દરખાસ્ત મૂકી અને તે દરખાસ્તને દેસાઈ નારણાભાઈ જોરભાઈએ ટેકો આપતા સમસ્ત મંડળની અંદર પ્રમુખ સાહેબના મત સાથે કડવા કણબીની કોન્ફરન્સ વિરમગામમાં સંવત ૧૯૬૪નાં ઉનાળામાં ભરવાનો ઠરાવ કર્યો હતો. સર્વાનુમતે તાળીયોના નાદ સાથે ઘણા હર્ષ સાથે પસાર થયો હતો. ત્યારબાદ મિ. કાલીદાસ હરજીવનદાસે દરખાસ્ત કરી કે આ કોન્ફરન્સનું કામ કરવાને વાસ્તે સ્વાગત (Reception) કમિટી નીમવી. અને જરૂર પડે તેમાં વધારો કરવાની દરખાસ્ત કરી. તેને મિ. મણિલાલે ટેકો આપ્યો. નીચેના ગૃહસ્થોની કમિટી નીમવામાં આવી હતી.[૧૨]

ત્યારબાદ દેસાઈ કાલીદાસ હરજીવનદાસ, મિ. કેશવલાલ માધવલાલ, શેઠ ગોરધનદાસ એ કોન્ફરન્સની અંદર કેળવણી અને ખેતીવાડીને લગતા પ્રશ્નો મૂકવા અને કોન્ફરન્સને તન, મન, ધનથી મદદ કરવી એ આપણી ખાસ ફરજ સમજવી જોઈએ તેમ જણાવ્યું હતું.

૧૨. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ઠ નં. ૯, પૃ. ૩૬૨

મણિલાલ દોલતરામે જણાવ્યું કે મારી તબિયત સારી નહોતી છતાં જ્ઞાતિહિત ચાહવું એ દરેક જ્ઞાતિભાઈની ફરજ છે. એ સિધ્ધાંત અનુસરીને અહિં ઉપસ્થિત રહ્યો છું. તેમણે કહ્યું કે "હું આજ કાલ કરતાં કેટલાંક સમયથી જ્ઞાતિહિતના આર્ટિકલો નવ માસથી છાપવામાં આવે છે. અને તેના લીધે કેટલીક હિલચાલ ચાલતી થઈ છે. તે સંદર્ભે વિરમગામ નિવાસીઓએ કોન્ફરન્સ ભરવાની હિલચલની શરૂઆત કરી હતી. હું તથા સર્વ જ્ઞાતિબંધુઓ તમારા આભારી છીએ. તેમણે કોન્ફરન્સના કાર્ય માટે પૈસાની આવશ્યકતા સંદર્ભે જણાવ્યું. ઉપરાંત ગરીબ જ્ઞાતિબંધુઓને વસ્તે એક આશ્રમ શરૂ કરવું તે યોગ્ય છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે દરેક માણસે પોતાની જ્ઞાતિના હિત માટે પ્રયત્ન કરવો તે તેની મુખ્ય ફરજ છે. તે ફરજ મેં અદા કરી છે. તેમાં કાંઈ વધારે કર્યું નથી. અંતમાં વિરમગામ નિવાસીઓએ આ કાર્ય ઉપાડી લીધું છે તેને વાસ્તે હું તેમનો આત્યંત આભાર માનું છું." તેમ તેમણે જણાવ્યું હતું.

કુમાર શિવસિંહજી રાયસિંહજીનું ભાષણ ઉંમર ૧૪ વર્ષ

"તેમણે જણાવ્યું કે જ્ઞતિમાં કેળવણીના વિકાસથી જ્ઞાતિમાં કયા કયા કુધારા છે. અને કયા કારણોથી જ્ઞાતિમાં પડતી થાય છે. તે સમજી શકાય છે. કોન્ફરન્સ ભરવાના ઠરાવને કારણે હું અને મારા જેવા જ્ઞાતિના બાળકો આપ સઘળાઓનો આભાર માનીશું. ત્યારબાદ કુમાર શ્રી લાલસિંહજી રાયસિંહજી દેસાઈ અમદાવાદથી આવેલા ત્રણે બંધુઓનો આભાર માનવો જોઈએ તેમ જણાવ્યું. કોન્ફરન્સ ભરવા માટે રૂપિયાની જેટલી જરૂર હતી તેથી પણ વધુ પ્રાપ્ત થયા અને થશે તેમ જણાવ્યું હતું."

શરૂઆતમાં પ્રમુખ સાહેબની આજ્ઞાથી દેસાઈ નારાયનદાસ જોરભાઈએ મુંબઈથી શેઠ આશારામ ભગવાનદાસ, તથા શેઠ મંછારામ ઈચ્છારામ જરીવાળાનો તથા આમદાવાદથી પટેલ મણિલાલ "વિજય" સામાયિકના તંત્રી તેમજ બીજા એવા જ સ્થળોથી કોન્ફરન્સના કાર્ય તરફ અંત: કરણથી ખુશી બતાવતા મુબારક યાદીના પ્રમુખ ઉપર આપેલા પત્રો વાંચી સંભળાવવામાં આવ્યા હતા. ત્યારબાદ નારાયણદાસે પ્રસંગને અનુસરતું ઉપયોગી વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ પ્રમુખ દેસાઈ શ્રી રાયસિંહજી દેસાઈ નથ્થુભાઈ, દેસાઈ વજેસિંહ હરીભાઈ, શેઠ જીભાઈ કેવળદાસ, શેઠ ગોરધન દાસ, શેઠ ગીરધરલાલ હરીવલ્લભ, તથા દેસાઈ જુબેરભાઈએ, કુમાર શ્રી લાલસિંહજી રાવસિંહજી રણછોડભાઈ દેસાઈએ, તેમજ દેસાઈ કાળીદાસે પ્રસંગને લગતું ઉપયોગી વિવેચન કર્યું હતું.૧૩

૧૩. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય પુસ્તક ૧લું, અંક.૧, ૧૯૦૭, પૃ.૪

અંતે પ્રમુખ દેસાઈ શ્રી રાયસિહજી કેશવભાઈની દરખાસ્તને શેઠ જીભાઈ કેવળદાસના ટેકાથી તેમજ સર્વે ભાઈઓની સંમત્તિથી કડવા કોન્ફરન્સ સંબંધી સલાહ લેવા તેમજ બીજા એવા જ ઉપયોગી હેતુઓ માટે વિરમગામની કડવા પાટીદાર જ્ઞાતિના ૧૫ ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન પાટડી દરબાર શ્રી સૂર્યમાલસિંહજી જોરાવરસિંહજીને મળવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સંબંધી પાટડી દરબાર શ્રીને પત્રથી ખબર આપવા પ્રમુખ દેસાઈ શ્રીને સત્તા આપવામાં આવી હતી. ત્યારબાદ સભા બરખાસ્ત થઈ હતી.

❖ ઓલપાડ તાલુકાના કડવા પાટીદારોની રાંદેર નજીક શ્રી કુરુક્ષેત્ર મહાદેવમાં મળેલી સભાના ઠરાવો.

મહેરબાન કડવા વિજયના આધિપતિ તથા મેનેજર સાહેબ વીરમગામ.

ઓરપાડ તાલુકાના પાટીદારો પોતાની જ્ઞાતિમાં યોગ્ય સુધારાવધારા કરવા ઘણી મુદ્દતથી ચળવળ કરતા હત. પરંતુ કેટલીક હરકતો આવવાથી તે અટકી રહ્યા હતા. છેવટે ૧૯૬૪નાં મહાવદી ૯ને બુધવારે એક સભા મેળવી, તેનું પ્રમુખ સ્થાન અડાજણનાં પોલીસ પટેલ ઈચ્છારામ દલાભાઈને આપ્યું હતું. બાદ જૂની પધ્ધત્તિ મુજબ પંચને ન ચલાવાય. કેટલુક વિવેચન કરી સૂધરેલી ઢબ ઉપર સભાના બંધારણના કાનૂનો ઘડીને પ્રમુખ તથા બીજા યોગ્ય દસ હૃહસ્થોનું સલાહ કારક મંડળ સ્થાપ્યું અને બીજા યોગ્ય સુધારા કરી સભાનું સંગીનપણે બંધારણ કર્યું.

૧) વંશ પરંપરાથી ઊતરી આવેલા આગેવાનોએ પોતાના હોદ્દાનાં રાજીનામા આપ્યાં.

૨) સભામાં દરેકને બોલાવવાની છૂટ આપી.

૩) છોકરી કરતા છોકરો મોટો હોય તેની જ સાથે કુંવારી કન્યાનો વિવાહ કરવો.

૪) ઉતારબંધ કન્યા આપવાનો રિવાજ બંધ કરી આમનેસામને કન્યા લેવાદેવાનો ઠરાવ કર્યો.

૫) રસ્તામાં ઉઘાડી છાતીએ રોવા-કૂટવાનું બંધ કર્યું.

૬) એક જ મીતીએ બાળકો પરણાવી દેવાનો રિવાજ છે તેને બદલે કોઈ લગ્ન કરે તો તેને જ્ઞાતિ અને સભા તરફથી બિલકુલ પ્રતિબંધ નથી.

૭) ફૂલના દડા અને બાંયવર સાથે લગ્ન કરવા નહીં.

આ સિવાય પોતાનાં બાળકોને વિદ્યાભ્યાસમાં અનુકૂળતા કરવા રાંદેરમાં બોર્ડિંગ ખોલવાનો ઠરાવ થયો હતો. પરંતુ તેના ફંદની વ્યવસ્થામાં મતભેદ પદવાથી આવતી મીર્ટીગ ઉપર મુલતવી રાખી એક વ્યવસ્થાપક મંડળ તથા સેક્રેટરી નીમી સભા કરી વૈશાખ સુદ ૧૫ ઉપર મળવાનો ઠરાવ કરી બરખાસ્ત થઈ હતી. તા. ૨૬/૨ ૦૮

ગુજરાતી – ગુજરાત મિત્ર તા. ૮/૩/૦૮

લિ. સેવક

પુરુષોત્તમ ફકીરભાઈ

સેક્રેટરી – રાંદેર

તે જ અનુંસંધાનમાં વિજાપુર તાલુકાના દેલવાડા ગામના પાટીદાર વર્ગ જ્ઞાતિ ઉન્નતિ સંદર્ભે ઠરાવો કરાયા હતા. તેનો પત્ર નીચે મળે છે.

વિજાપુર તાલુકાના દેલવાડા ગામની કડવા પાટીદાર જ્ઞાતિ સમસ્તે કરેલા સ્તુતિપાત્ર ઠરાવો સંબંધી પત્ર અને તે ઉપર બે બોલ – ઈ.સ. ૧૯૦૯

રા. રા. શ્રી કડવા વિજય માસિકના આધિપતિ તથા તંત્રી સાહેબ. મુ. વીરમગામ વિનંતી સાથે આમો દેલવાડા ગામના આગેવાનો હનાવીએ છીએ કે, આધુનિક સમયમાં આપણી કોમમાં ખોટા રિવાજો નજરે પડે છે. તેથી દિન પ્રતિદિન આપણી દશા નબળી થતી જાય છે. તે સુધારાને ભવિષ્યમાં કોન્ફરન્સ ભરવાની હિલચાલ થઈ રહી છે. તે જાણીને અમો ઘણાં જ ખુશ થઈ આપણી જ્ઞાતિના વીરમગામના સુધારેલા આગેવાનોને ધન્યવાદ આપીએ છીએ. અમારા ગામમાં સર્વે ભાઈઓએ ભેગા થઈ સુધારાને માટે કેટલાંક ઠરાવો થવા વિદિત કરીએ છીએ.

૧) મરણ પાછળ બારમું કરવાનો રિવાજ બંધ કર્યો છે.
૨) મરણ પાછળ ચોરે ચૌટે કૂટવા – રોવાનો રિવાજ બંધ કર્યો છે.
૩) ખેતીવાદીના ધંધાથી બરાબર ન પદાતા આચાર વિચાર પાળવા સખત બંદોબસ કર્યો છે.
૪) મરણ પાછળ જમણવારમાં સગાં-વહાલાંને ત્યાં સાથ (રાવણું) લઈ જમવા જવાનો રિવાજ બંધ કર્યો છે.
૫) કરિયાવરની જણસો વેચતાં રજ આપવા લેવાનો ઠરાવ ચાલતો હતો તે બંધ કરી વાણિયા પાસે તોલ કરાવવાનું પણ બંધ કર્યું છે.

ઉપર લખ્યા પ્રમાણે રિવાજો પાળીને વળી આજુ બાજુના બીજા ગામોમાં પણ આમો બનતી મહેનત લઈ સદરુહ સુધારા દાખલ કરવા પ્રયત્ન કરીએ છીએ ને પ્રાંતિજ તાલુકાના રાપણીયા ગામે આવા સુધારા દાખલ કરવા આમારા સ્નેહીઓને આગ્રહ પૂર્વક કાગળ લખ્યો છે. એ જ વિનંતી.

આગેવાનો

પા. ગોપાળદાસ જીજીભાઈ — **પા. છગનલાલ નરશીદાસ**
પા. કાશીદાસ મોતીદાસ — **પા. રણછોડદાસ જોઈતનદાસ**
પા. છગનલાલ જીવીદાસ — **પા. હેરાલાલ જોઈતનદાસ**

'દેલવાડા. તા. વિજાપુર, તા. ૬/૩/૦૮'

કડવા પાટીદાર સમાજની સભા ૧૯૦૯ પસાર કરવામાં આવેલા ઠરાવો.

કડવા પાટીદાર સમાજની સભા તા. ૨૧ અને ૨૨ મી એ ઓલપાડ તાલુકાના સંગવા ગામે રા. ઈચ્છરામ દલાભાઈના પ્રમુખ પણા હેઠળ મળી હતી.

પ્રારંભમાં રિશેપ્શન કમિટીના પ્રમુખ મિ. કાળાભાઈ માવાભાઈએ સ્વાગત પ્રવચન કર્યું ત્યારબાદ સબ્જેક્ટ કમિટીના સભાસદ રા. ભુખણદાસ સખીદાસના મૃત્યુંના કારણે જ્ઞાતિને મોટી ખોટ ગયેલી જણાવી દિલગીરી જાહેર કરી હતી.

ત્યારબાદ તેમની જગ્યાએ રાંદેરવાસી રા. કલ્યાનજી રતનજી શાહની નિમણૂક કરવામાં આવી હતી. અંતમાં પ્રમુખ રા. ઈચ્છારામે સભાનું કામ શરૂ કરવા સુચવ્યાથી કેટલાક ઠરાવો પસાર કરવામાં આવ્ય હતા. જેમાના કેટલાક ઠરાવોનો ઉલ્લેખ પ્રકરનના આનુરૂપ ત્રન અને ચારમાં કરવામાં આવેલ છે. અને કેટલાંક ઠરાવોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે.

૧) આપણી જ્ઞાતિમાં કોઈ પણ મનુષ્ય ગુજરી જાય તેની ઉત્તરક્રિયા કરતી વખતે ગામ જમાડવાના વગેરેના રિવાજને તદ્દન બંધ કરવામાં આવે છે. ફક્ત ગામમાં પોતાનો વહેવાર ખવડાવે તો હરકત નથી. બહારગામ નોતરા કાઢવા નહીં.

૨) એ પછી મિ. કાળીદસ માવાભાઈએ એવી દરખાસ્ત રજૂ કરી કે આપણી કોમમાં કેળવણીનો વધારો કરવા તેમજ તેને ઉત્તેજન આપવા માટે એક મોટું ફંડ કરવાની આવશ્યકતા છે. તો આશા છે કે દરેક ગૃહસ્થ પ્રથમ ફંડ ઉઘાદતી વખતે ઓછામા ઓછી રૂ. ૧૦ની રકમ બે હપ્તે આપશે અને હંમેશાં નિભાવવાને માટે પોતાના ઉત્પાદન ઉપર દર ગાદી આનાજે પાંચ શેર આનાજ અને દર ભાર કપાસના ઉત્પાદન પર ચાર આના દર વરસે આપવા દરેક ગૃહસ્થને વિનંતિ કરવામાં આવે છે.

પરંતુ આ સભા એક આહત્યનો ઠરાવ એવો થયો જે વાસ્તવીક રીતે સુધારાના સંદર્ભ યથાર્થ હતો. જેમ કે "આપના સમાજે આજ સુંધી જે જે ઠરાવો પસાર કર્યાં છે તે અને હવે પછી જે ઠરાવો પસાર થાય તે સઘળા પાળવા પળાવવાને કોઈ જાતનો અંકુશ નથી. તેમજ અંકુશ મૂકવાનો કોઈ ઈરાદો નથી. પરંતુ કમિટી ઠરાવ વિરુદ્દ્ધમાં કૃત્યની નોંધ રાખશે અને તે જેનામાં આવશે તેઓએ સબ્જેક્ત કમિટી સૂચના આપસે અને યોગ્ય રસ્તે દોરવવા ભલામણ કરશે તથા યોગ્ય ગોઠવણ કરશે.[૧૪]

૨.૨ કડવા પાટીદાર સભા ઈ.સ. ૧૯૦૯

અમદાવાદ, કાળુપુર, મામુનાયકની પોળમાં જ્ઞાતિના કેટલાક ઉત્સાહી પુરુષોએ આ સભાની સ્થાપના કરી હતી. જ્ઞાનના પ્રચાર સંદર્ભે એક લાઈબ્રેરી શરૂ કરવામાં આવી હતી. જેનાં ઉલ્લેખ ઉપરોક્ત કરવામાં આવ્યો છે. તેને મદદ કરવા સારું મેનેજર સુરતથી 'દેશી નાટક કંપની' દ્વારા રામભક્ત "તુલસીદાસ"નો લોકપ્રિય ખેલ બતાવ્યો હતો. અને જ્ઞાતિની ભક્તિ, ઉન્નત્તિના સંદર્ભે પ્રયત્નો કર્યા હતા.

૧૪. એજન પૃ.૭

તા. ૨/૬/૦૯ની સભામાં કરેલા ઠરાવ ઉપરથી તા. ૧૦/૬/૦૯ નાં રોજ આ સભાનો એક જાહેર મેળાવળો સદરહુ પોળમાં કરવામાં આવ્યો હતો. સભાના સેક્રેટરી શ્રી જીવનલાલ આમૃતલાલે પધારેલા બંધુઓને આવકાર આપી સભાના ઉદ્દેશ જાહેર કર્યો હતો. ત્યારબાદ પધારેલા વિદ્વાન બંધુઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

મિ. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ એમ. એ. એ જ્ઞાતિની સાંપ્રત સ્થિતિ અને તેને સુધારવાનો યોગ્ય પ્રચાર વિશે ઘણું પ્રશંસનીય અને અસરકારક વિવેચન કર્યું હતું.

પુરાણી શ્રીયુત નાગેશ્વર જેષ્ટારામે આપણી જ્ઞાતિની ઉત્તમતા તથા આપણે ક્ષત્રિય છીએ તેવું આબિત કરી બતાવ્યું હતું, પરંતુ બાળલગ્ન, તેથી થતાં નાતરાં બે સ્ત્રીઓ અને છૂટા છેડા ઈત્યાદી રિવાજોથી શુદ્રની પંગતમાં ગણવા લાગ્યા હતા. તેમણે જણાવ્યું કે "બાળલગ્ન વિરુધ્ધ બોલનારા જ્ઞાતિમાં ઘણાં છે. પરંતુ તે પ્રમાણે કરી બતાવનારા નથી, અગ્રેસરોએ "બોલવા કરતાં કરી બતાવવું જોઈએ" ત્યારબાદ શ્રીયુત બાપુજી જગન્નાથે પણ આપણી હિન્દુ જ્ઞાતિઓના નઠારા રિવાજોનું દિગદર્શન કરાવતા આમદાવાદના ઐચિત્ય બ્રાહ્મણોનાં અઢી મહિના સુધી ભોજનો ચલાવવાનું દ્રષ્ટાંત આપ્યું હતું. અને જણાવ્યું હતું કે તેવાં ભોજનો કરતાં જો તે પૈસા તે જ્ઞાતિના બાળકોને વિદ્યાભ્યાસ કરાવવા પાછળ ખર્ચાયા હોય તો કેવું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય તે વિદ્વાનોને અજાણ્યું નથી. ઉન્નત્તિની ખરી આશા રાખનારાઓ એ જાણવું જોઈએ કે વિદ્યાભ્યાસ અને કેળવણી એ જ તેના ખરાં અસરકારક સાધનો છે. માટે જ્ઞાતિમાં વિદ્યા વધે તે ઉપાય પ્રથમ કરો."

ઉપરાંત રા.રા. ડાહ્યાભાઈ લક્ષ્મણદાસે (ગુજરાતી પંચના સબ એડીટર) જ્ઞાતિની આવદશા થવાનું ઘણું જોખમ તેના આગેવાનો ઉપર મૂક્યું હતું. આવા પરોપકારી અને જ્ઞાતિહિતના મેળાવળામાં મિ. પીતાંબરદાસ ડૉક્ટર તથા જ્ઞાતિના આગેવાન ચંદુલાલ માધવલાલની ગેર-હાજરી માટે પોતે ઘણી દિલગીરી દર્શાવી હતી.

મિ. પુરુષોત્તમદાસ નાનશા વકીલે દર્શાવ્યું હતું કે "નાંતરાંથી આપણી જ્ઞાતિમાં કુસંપ વધે છે. અને તેથી બે કુટુંબો વચ્ચે સંપ રહેતો નથી. આગેવાનો બિલકુલ આંખમિચામણાં કરે છે અને જ્ઞાતિનાં કર્યમાં ભાગ લઈ શકતા નથી તે દિલગીર થવા જેવું છે." તેમ જણાવ્યું હતું.

સેક્રેટરી મિ. જીવનલાલ અમૃતલાલ તેમણે જ્ઞાતિમાં જે કુસંપ પ્રવર્તે છે તેનું કારણ કેળવણીની ખામી તરીકે જણાવે છે. ઉપરાંત તેમણે પધારેલાં ગૃહસ્થ એવાં મિ. જેઠાલાલ એમ. એ જે આપણી જ્ઞાતિમાં સર્વે કરતાં અધિક વિદ્વાન છે અને વિદ્યાભ્યાસથી કેવું સારું પરિણામ આવે છે. તેનાં પોતે તાદર્શ દાખલો છે. તેથી પ્રમુખ સાહેબના હસ્તે તેમને પુષ્પમાલા પહેરાવી હતી. અંતમાં તેમણે વિદ્યા વૃધ્ધિ માટે એક ફંડની શરૂઆત કરવા માટે વિનંતી કરી હતી. જેથી ગરીબ બાળકોને મફત પુસ્તકો પૂરા પાડી શકાય.૧૫

૧૫. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત, પૃ.૪૩

ત્યારબાદ પ્રમુખ શેઠ કેશવલાલ છક્કડસીએ બ્રહ્મચર્યથી ગણાં ફાયદા થાય છે. તે સંદર્ભે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. છેવટે સેક્રેટરીએ શાસ્ત્રીજી નાગેશ્વરભાઈ મુરબ્બી બાપુજીભાઈ ચીનાઈવાળા, ડાહ્યાભાઈ તથા "રાજસ્થાન પત્રના અધિપતિ અત્રે તસદી લઈ પધારવા માટે આભાર માન્યો હતો. બાદ કુળદેવીની જય બોલાવી સભા વિસર્જન થઈ હતી.

૨.૩ પાટણ વાડીયા પાટીદારોની સભા. સુરત.

તા. ૩/૧૧/૦૯ ના રોજ સુરત જિલ્લાના પાટણ વાડિયા પાટીદારોની લગભગ અઢી હજાર માણસોની મોટી સભા સુતરનાં પા. ઈચ્છારામ ભિખારી દાસનાં આમંત્રણથી મળી હતી. તેમાં નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧) આ ભાગમાં આર્ય સમાજીઓની સંખ્યા લગભગ ૭૫ ની છે. તેઓએ બ્રાધાદિ કર્મ નહિ કરવાથી મૂર્તિઓની નિંદા કરવાથી. તથા મુસલમાનો, બૈધો અને જૈનોના વખતથી બંધ પડી ગયેલા ઉપવીત ધારણ કરવાના વેદશાસ્ત્ર સંપન્ન સર્વમાન્ય રિવાજોનો પુન:રોધ્ધાર કરવાથી તેઓ લોકોની નજરે ચડ્યા હતા. અને તેથી મળેલી સભાએ ઠરાવ્યું કે આ સભામાં આવેલા સમાજીઓ જો ધારણ કરેલી જનોઈ ઉતારી નાખે નહિ તો તેમણે જ્ઞાતિની પંગતથી દૂર બેસી જમવું. જો જમ્યા વિના ચાલ્યા જાય તો તેમને જ્ઞાતિ બહાર મૂકવા.

૨) સુરતમાં જ્ઞાતિનાં બાળકોને માટે બોર્ડિંગ સ્થાપવા તથા સ્કૂલની ફી તથા ચોપડીઓ વગેરે વિદ્યા વૃધ્ધિનાં સાધનો કમિટી તરફથી પૂરા કરવાં. આ બોર્ડિંગની સંસ્થાના નિભાવ માટે દરેક પાટીદાર પાસેથી દર વિઘા દીઠ ફાળો નોંધી દરેક ગામના આગેવાનો મારફત ઉઘરાવવા આ બાબતની વ્યવસ્થા કરવા ભરપાળા ગામે પા. દયાળભાઈ પૂંજાભાઈ, પ્રા. ઈચ્છારામ ભિખારીદાસ. પ્રા. ફકીરભાઈ રંછોળદાસ. પ્રા. મોતીભાઈ નાથાભાઈ, પા. મફતભાઈ ભગાભાઈ, પ્રા. કાળાભાઈ ગરિભાઈ, પ્રા. હીવનરંગપર તથા પ્રા. દલાભાઈ હીરાભાઈ વગેરે આગેવાનોની સભા દિવાળી પછી અનુકૂળ વખતે બોલાવવી અને ખૂલતી મોસમે બોર્ડિંગનું કામ શરૂ કરવું.

૪) શ્રીમંત ગાયકવાડ સરકાર સિયાજીરાવનાં સાજ્યમાં "બાળ લગ્ન પ્રતિબંધક" કાયદો અમલમાં છે. અને સં. ૧૯૬૬ની સાલમાં જો લગ્ન થાય તો કામરેજ, નવસારી અને વેળાછા તાલુકામાં વસ્તી પાટીદારોની સંખ્યા દંડાઈ જાય આવાં કારણોને ધ્યાનમાં લઈ આ સભા લગ્નની ચાલતી પધ્ધતિમાં ફેરફાર કરવાની અગત્ય જુએ છે. આગેવાનોએ લગ્ન સંબંધની રૂઢીમાં જે ઠરાવ કરવાં ધાર્યો છે. તે ઘણો જ સ્તુતિપાત્ર છે. આપણી જ્ઞાતિમાં દસ વર્ષે લગ્ન આવે છે. ત્યારે ગાયકવાડ સરકારનાં નિયમમાં દર્શાવેલી ઉંમરે આવેલાં બાળકો જ પરણાવવાં અને બાકી રહે તે બીજા આવતા પાંચમે વર્ષે લગ્નસરામાં પરણાવવાં આગેવાનોએ આ પ્રમાણે લગ્નની બાબતમાં કાયદાને અનુસરીને પાંચ વર્ષે લગ્ન કરવા ધાર્યું છે તે ઘણું જ સ્તુતિપાત્ર છે. આ કરવાથી જ્ઞાતિદંડ અને

સજામાંથી મુક્ત થશે. અને કજોડાં થતાં આટકશે. અને આગેવાનોનાં આશીર્વાદ મળશે. આશા છે કે જ્ઞાતિનાં દરેક આગેવાનો આ ઠરાવને અનુમતિ આપી અમલમાં મૂકશે.

આપ સમાજની વિરુધ્ધ થયેલા ઠરાવથી એ શું પરિણામ આવે છે તે જોવાનું છે. તેમના પર આવી પડેલી આફતને માટે આમો બહુ દિલગીર છીએ. સમાજી સ્વબંધુઓએ પોતાની સંખ્યા વધ્ય પછી શાંત અવરોધ ધારણ કરી સુધારો કરવા પ્રયત્ન કર્યો હોત તો બેશક તેઓઅ ફતેહમંદ થાય.

બોર્ડિંગની બાબતમાં આગેવાનો જો સુરત મુકામે બોર્ડિંગ ખોલી જ્ઞાતિનાં છોકરાઓને ભણાવવા પ્રયત્ન કરશે. તો તેનાં જેવું એક પણ પુણ્યપદ, ઉચ્ચ કાર્ય ગણાશે નહિ અને તેથી જ્ઞતિના આગેવાનોને મારી નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિમાં બારમાં, અધરણી તથા મામેરૂ વગેરે રિવાજો બંધ કરી આવાં વિદ્યાદાન કરી તમારી ભવિષ્યની પ્રજાને સુખી કરવાં પગલાં ભરસો.

અમો આશા રાખીએ છીએ કે રા. રા. પરભુભાઈ જેઓ જ્ઞાતિમાં પટેલોં જ મેટ્રિક્યુલેશન છે તેઓ આ કામમાં બોર્ડિંગ સ્થાપવાથી તથા ઉપર મુજબના કઢંગા રિવાજો બંધ કરવાથી થતાં ફાયદા આગેવાનોને સમજાવશે. તો આગેવાનોની કીર્તિમાં વધારો કરશે અને જ્ઞાતિનાં બાળકોનાં આશીર્વાદ મેળવશે. એ જ...

જગાભાઈ બહેચરભાઈ તા. ૧૦/૧૧/૦૯

પરંતુ ઉપરોક્ત ઠરાવ નં. ૧નાં વિરોધમાં કરવામાં અને જાગૃત વ્યક્તિઓ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. અને તેથી "કડવા વિજય" સામાયિકમાં તે સંદર્ભે ભૂલ સુધારવા અને એકત્રીત થઈ જ્ઞાતિ સુધારાના કાર્યો કરવા સુચવ્યું હતું.

ચાંદખેડા ગામમાં કડવા પાટીદારોમાં થયેલા સ્તુત્વ ઠરાવો.

અમદાવાદ જિલ્લાના દશકોઈ પરગણાના ચાંદખેડા (ચંદનક્ષેત્ર) ગામમાં તા. ૨૩/૬/૦૯, ના રોજ કડવા પાટીદારોની એક સભા મળી હતી. તેમાં વિરમગામવાળા દેસાઈ મિ. કાળીદાસ હરજીવનદાસનાં સુબોધથી કેટલાંક સ્તુત્ય ઠરાવો થયાં હતા.[૧૬]

"૪૦ વર્ષની અંદરનાં મનુષ્યના મરણ નિમિત્તે જમણ કરવું નહીં તથા કોઈ બાઈ રાંડે ત્યારે તેનો દાંતનો ચૂડો ભાંગી કૂવામાં નાંખી નહીં દેતાં તે આખો ને આખો જ ધરમાદામાં આપી દેવો. એવાં ઠરાવો તેમણે કેટલાયે વખત પહેલાં કર્યાં હતા. તેને ફરીથી તાજા કરીને તે પ્રમાણે આગ્રહથી વર્તવાને શ્રી ઉમિયામાતાનાં સોગંદ લીધા હતા."

૧૬. એજન પૃ.૪૬

"૪૦ વરષની ઉપરનાં મરનારનું મરણ નિમિત્તનું ખરચ ખાલ જે બારમે બારમું જ કરવામાં આવે છે. તેને મરણ તિથિથી એક મહિનાની અંદર કરવું નહીં. મહિના પછી ગમે તે સગવડ પડતે દિવસે કરવું. કારણ કે બાર દિવસમાં જ કરવાથી ખરચના રૂપિયા એકઠા કરવામાં ઘણી મૂશ્કેલી પડે છે. તથા કોઈ વખતે વધુ વ્યાજ આપીને રૂપિયા કરજે કહાડવા પડે છે. જેથી ખેડુત પાયમાલીના રસ્તે મુકાય છે. કારજ કરવાની મુદત લંબાવવાથી રૂપિયાની સગવડ કરવાનું તેને સહેલું થઈ પડશે." આ ઠરાવ પણ ઘણો જ સ્તૂત્ય છે અને તેમણે જણાવ્યું કે આને આશા રાખીએ છીએ કે તેને ચાંદખેડાના પાટીદારો આગ્રહથી અમલમાં મૂકશે.

આવો ઠરાવ સમાજ ઉત્કર્ષ સંદર્ભનો હતો. તેઓના સમજવામાં આવ્યું છે કે "બાલલગ્નથી હાની થાય છે. પણ બાળલગ્નની જડ ઘણી ઊંડી ઘાલેલી છે. તેને તોડતાં ઘણા આગ્રહયુક્ત પ્રયત્નની જરૂર છે. અને તે રિવાજમાં કોઈ પણ સુધારો કરી શકાય ત્યાં સુંધી છોકરાની લગભગ ૨૦ વર્ષની ઊંમર થાય ત્યાં સુધી પુખાણું કરવું નહીં. એવો ઠરાવ કર્યો હતો. આ ઠરાવ પણ સ્તૃત્ય છે. તેને પણ આગ્રહથી અમલમાં મૂકવા પાટીદારોએ અમારાં સમક્ષ કુળદેવી શ્રી ઉમિયા માતાનાં સોગંદ લીધા હતા."

પાંચમો ઠરાવ ત્યાંનાં સ્કૂલ માસ્તરના ઉપદેશથી પુંખણામાં દારૂખાનું લાવી પૈસામાં દેવતા મૂકવાનો ચાલ દેખા દેખીથી પડી ગયેલો છે. તેનો પ્રતિબંધ કરવાનો સઘળાએ એક મતેથી ઠરાવ કર્યો હતો.

આમ ઉપરોક્ત કડવા પાટીદાર સુધારા સભાઓ દ્વારા કેળવણી, જ્ઞતિની ઉન્નત્તિ, સ્ત્રી સમસ્યાને લગતા વિવિધ પ્રયત્નો થયા હતા. કૃષિને લગત વિવિધ પ્રશ્નોના સંદર્ભે સમાજના શિક્ષિત વ્યક્તિઓ, યુવાનો દ્વારા સમાજ ઉત્કર્ષને લગતા કાર્ય કરવામાં આવ્યા હતા. જેથી સમયાન્તરે વિસ્તૃત અને વિવિધ પ્રદેશોમાં સુધારાવાદી વાતાવરણે વિસ્તૃત અસર નિપજાવી હતી. જેથી જ્ઞાતિના શિક્ષિત વ્યક્તિઓ દ્વારા "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી. તે સંસ્થાના આરંભે સમગ્ર ગુજરાતનાં વિવિધ પ્રદેશોમાં સમયાન્તરે સભાઓ, પરિષદો દ્વારા સામાજિક, ધાર્મિક અને આર્થિક પરિસ્થિતિના વિષયક ચર્ચા, ચિંતન અને ઠરાવો કરવામાં આવતા હતા. અને તેનું યોગ્ય પાલન કરવા બાબતે એક સમિતિ દ્વારા તેનું મૂલ્યાંકન પણ કરવામાં આવતું હતું. કડવા પાટીદાર જ્ઞાતિના સામાયિકો તથા પત્રિકાઓ તથા આધારભૂત સાધનો દ્વારા કડવા પાટીદાર પરિષદોનો અભ્યાસ અનુગામી એકમમાં કરીશું.

૨.૪ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પહેલો મહોત્સવ.

વીરમગામ તા. ૨૮,૨૯,૩૦ ડિસેમ્બર ઈ.સ. ૧૯૦૯

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની પ્રથમ બેઠક, ઉપરોક્ત જણાવેલ દિવસોએ વિરમગામ મૂકામે ઐદિત્ય બ્રાહ્મણોની ભોજન શાળાનાં મકાનમાં થઈ હતી. જેમાં ગાયકવાડી તેમજ અંગ્રેજી રાજ્યના કડવા પાટીદારો ઘણા મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવનાં સ્વાગત કમિટીના ચેરમેન કુમાર શ્રી લાલસિંહજીએ જણાવ્યું કે "જ્ઞાતિની ઉન્નતિના સંદર્ભે અમદાવાદવાળા મિ. મણિલાલ દોલતરામ, શ્રી રાવસિંગજી, શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષના કાર્યોને બિરદાવ્યા હતા. ત્યારબાદ મિ. મણિલાલ દોલતરામનું પ્લેગના કારણે મૃત્યુ થવાથી "વિજય" નામનું માસિક પણ બંધ પડ્યું હતું. તેની જગ્યાએ વિરમગામમાં મિ. કેશવલાલ માધવલાલ તથા મિ. પુરુષોત્તમદાસ લલુભાઈએ "કડવા વિજય" નામનું માસિક શરૂ કર્યું હતું. જે જ્ઞાતિની સેવામાં કાર્યરત હતું. ત્યારબાદ કડવા પાટીદાર હિતવર્ધક મંડળના આગેવાન શેઠ દ્વારકાદાસ જીભાઈનો સ્વર્ગવાસ થતાં જ્ઞાતિના ઉધ્ધારક અને સાચા જ્ઞાતિભાતની ખોટ પડી હતી. તેમ તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ વિરમગામની જ્ઞાતિ તરફથી દેસાઈ નારણદાસ જોરાભાઈ, કાળીદાસ, હરજીવનદાસની કોન્ફરન્સની આવશ્યકતાના સંદર્ભે વિવિધ સ્થળે ભાષણો આપવા માટે નિમણૂક થઈ હતી. તેમણે કેટલાક સમયથી અમદાવાદમાં "ઉમિયા વિજય", "કડવા વિજય" નામના બે માસિકો પ્રસિધ્ધ કર્યાં હતા. અંતે તે ક. પા. હિ. મંડળના સ્તુતિપાત્ર પ્રયત્નથી છેવટે આ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની સ્થાપના થઈ હતી. જેનો ઉદ્દેશ કોન્ફરન્સના ઉદ્દેશથી વિશેષ હતો.

"શ્રી કડવા હિતેચ્છુ" નામનું સામાયિક ભાવનગરમાં મિ. મૂળજીભાઈ જેઠાભાઈ બી.એ. એલ.એલ.બી. ના તંત્રી પણા નીચે પ્રગટ થયું હતું. જે પણ જ્ઞાતિ સેવા બજાવે છે. સમાજની સ્થાપના પછી વ્યવસ્થાપકો વગેરે ઉત્સાહી પુરુષોના સતત પ્રયત્નોથી ઓછા સમયમાં સારી સંખ્યામાં સભાસદો જોડાયા હતા. જેમાના લગભગ ૫૦૦ અત્રે એકત્ર થયાં છે. જે જોઈ હું આપને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપું છું. અને એ જ્ઞાતિહિતના વિષયોનું વિવેચન કરવાનું સ્વીકારું છું."

તેમણે જણાવ્યું કે ભાઈઓ ! આપણામાં વિદ્વાનોનો ઘણો જ અભાવ છે. તેથી જ ખેતી જેવો ઉત્તમ ધંધો કરવા છતાં પણ પડતી દશામાં આવી પડ્યાં છીએ. "વિદ્વાન અને રાજા બંન્નેની સરખામણી કરતાં રાજાથી વિદ્વાન ચઢે છે. કારણ કે રાજા તો પોતાના દેશમાં જ પૂંજાય છે. પરંતુ વિદ્વાન સર્વત્ર પૂજાય છે."

કેળવણીનાં સંદર્ભે તેમણે અમેરિકા અને જાપાન દેશનું ઉદાહરણ આપીને જણાવ્યું કે તે પહેલાના સમયમાં નિમ્ન કક્ષાએ હતા. પરંતુ વિદ્યાના બળથી તેઓ દુનિયામાં સૌથી ઊંચી સ્થિતિ પર આવી ગયા છે. જ્યારે હિન્દુસ્તાન તથા ચીન મોટામાં મોટા દેશ છે. છતાં વિદ્યા વિના દુર્બળતામાં આવી ગયાં છે. કેળવણીથી માણસો સારાસારનો વિચાર કરી શકે છે. તેથી જ તેઓ કુધારાને પારખી તેનાં મૂળ શોધી કાઢી, વહેમોનું ખંડન કરી, સુધારાના શિખર પ્રાપ્ત કરે છે. ત્યારબાદ તેમણે સંસાર સુધારાના સંદર્ભે "જ્ઞાતિમાં બ્રહ્મચર્યના સંદર્ભે પોતાના ખ્યાલ સ્પષ્ટ કર્યા હતા. ત્યારબાદ જ્ઞાતિમાં હોકો અને અફીણના ઉપયોગથી થતાં નુકશાન સંદર્ભે જણાવ્યું હતું. સંપ (એકતા)ની અનિવાર્યતા સમજાવી: લગ્ન તથા મરણ પાછળ થતા ખર્ચ ઘટાડી તે ખર્ચનો ઉપયોગ જ્ઞાતિના નબળી સ્થિતિના વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરી તેમને વિદ્યાદાન દેવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.[૧૭]

ત્યારબાદ વિરમગામ નિવાસી દેસાઈ કાળીદાસ હરજીવનદાસે દરખાસ્ત મૂકી કે આપણી કોમમાં વહેમને તોળનાર, પરદેશગમન કરનાર, મરણ પાછળ ઉડાઉ ખર્ચનો વિરોધ કરનાર, બાળલગ્ન અટકાવનાર, પોતાને ત્યાં જ દાખલો બેસાડી પોતાની પુત્રીઓને મોટી ઉંમરે સંસારની ધંસરીમાં જોડનાર, સુધારા વિશે કહેવા કરતાં કરી બતાવનાર અમદાવાદના પ્રજાનિયુક્ત મ્યુન્સિપલ કાઉંસિલર અને કડવા પાટીદારમાં પહેલા ગ્રેજ્યુએટ ડૉક્ટર પીતાંબરદાસ કુબેરદાસ એલ.એલ.એમ. પ્રમુખ તરીકે વધાવી લેવા. આ દરખાસ્તને "કડવા વિજય"ના તંત્રી મિ. પુરુષોત્તમદાસ લલુભાઈએ અંત:કરણ પૂર્વક ટેકો આપ્યો હતો. તે દરખાસ્ત સર્વાનુમતે પાસ થઈ હતી. ત્યારબાદ પ્રમુખ સાહેબે પોતાનું ભાષન કર્યું હતું, જેનો સારાંશ નીચે મુજબ છે.

તેમણે જણાવ્યું કે "આપણી જ્ઞાતિનું ભલું કરવું, તે આપણું જ ભલું કરવાનું છે. તેથી તે આપણી પહેલી ફરજ છે. ઉપરાંત તેમને અંગુલિનિર્દેશ કર્યો કે આપણી કુમારીકાઓને અનહદ દ:ખો વેઠવા પડે છે. તે દૂર કરવાને આપણે એકત્ર થઈ પ્રયત્ન કરવો જોઈએ બીજા આચરણો ગમે તેવાં કરો પણ કન્યાઓને સુખી કરવા માટે આપણે તન, મન, અને ધનથી મહેનત કરવી જોઈએ. તેમણે જણાવ્યું કે દુનિયાભરમાં વિજય મેળવનાત રોમન લોકો પણ અસલના વખતમાં ખેડુતો જ હતા. હાલમાં આપણે પાટીદાર કહેવાઈએ છીએ તેનું કારણ એમ છે કે મુસલમાનોના સમયમાં આપણે લશ્કરી નોકરી કરવી પડતી હતી. ત્યારે આપણને પગાર પેટે અમુક જનીનની પાટી મળતી ત્યારથી આપણે ક્ષત્રિય મટી પાટીદાર કહેવાયા છીએ." તેમ જણાવ્યું હતું.

૧૭. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય પુસ્તક ૩, અંક.૧, ૧૯૦૯ પૃ.૩૧૩

ત્યારબાદ બાળલગ્નનાં સંદર્ભે જણાવ્યું કે "હિન્દુસ્તાનમાં ઉત્તમ રાજવંશી સયાજીરાવ ગાયકવાડ મહારાજે પોતાના રાજ્યમાં બાળલગ્નપ્રતિબંધ કાયદો ઘડી પોતાની પ્રજામાં ખાસ કરીને પાટીદાર જ્ઞાતિ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી નામદારને અંતઃકરન પૂર્વક ધન્યવાદ આપીએ છીએ. લગ્ન પધ્ધત્તિના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આપણે લગ્ન સમયે નાનામાં નાના ૪૦ દિવસનાં બાળકોને પણ પરનાવી દઈએ છીએ. પરંતુ તેમ કરવામાં માતાજીનો કોઈ હુકમ નથી; તે હુકમ તોડી નાના બાળકોને જ આપણે પરનાવીએ છીએ એ કેવી અજ્ઞાનતા છે ?"

આપણામાં છૂટા છેડા, નાતરાં, ફૂલનો દડો, અને બાહ્યવર જેવાં અધમ રિવાજો દાખલ થવાં પામ્યાં છે. તે બાળલગ્નને લીધે જ છે. તેમણે જણાવ્યું કે. આપણામાં લગ્ન થયેલાં ૧ હજાર બાળકોમાંથી પાંચ વર્ષની ઉંમરે આવતા પહેલાં જ ૪૭૯ બાળકોના મરણ થઈ જાય છે. એક ઉપર બીજી કરવાનો રિવાજ પણ આપણામાં વધી ગયો છે. તેનું કારણ પણ બાળલગ્ન જ છે. પ્રજોત્પત્તિ વગેરે કારણને લઈને બીજી સ્ત્રી કરવાની ખાયેશ થાય તેમણે પહેલી બાઈના ભરણપોષણનો બંદોબસ્ત કરીને બીજી સ્ત્રી કરવામાં આવે તો કંઈક ઠીક કરી શકાય. તેમ ઉપરોક્ત સમસ્યાના સંદર્ભે તેમણે પોતાના વિચાર રજુ કર્યા હતા.

ત્યારબાદ વિરમગામવાળા મિ. માણેકલાલ જેઠાલાલે ઉપપ્રમુખ તરીકે જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ (અમદાવાદ)ના નામની દરખાસ્ત મુકી; જેને મિ. કેશવલાલ માધવલાલ વકીલે ટેકો આપતાં ઉપપ્રમુખ તરીકે જેઠલાલ સ્વામીનારાયણે જણાવ્યું કે

"આપણે અહંકારને લીધે અધમ દશાને પ્રાપ્ત થયાં છીએ, જો દ્રઢ નિશ્ચય હશે તો. આપણી જ્ઞાતિ ઉન્નતિએ પહોંચતા સમય નહિ લાગે. તેમ જણાવી ચાર આશ્રમ વ્યવસ્થાના મહત્વ સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે "માતાજીનું અપમાન કરવાનું હું કહેતો નથી પણ માતા જ તો આપણા રૂડામાં (ભલા) માં જ હંમેશા રાજી રહે છે. પરંતુ કેટલાંક અજ્ઞાન અને સ્વાર્થી લોકોએ માતાજીના હુકમનો અનર્થ કરી, બાળલગ્નના રિવાજને પ્રોત્સાહન આપ્યું છે. તેમણે જણાવ્યું કે આપણા બાળકોનું ભવિષ્ય સુધારવાને તેમની યોગ્ય ઉમ્મર થાય ત્યાં સુધી વિદ્યાભ્યાસ કરાવવાં અને તે પછી તેમને લાયક કન્યા સાથે લગ્ન ગોઠવવાં જોઈએ. આવા સુધારા દાખલ કરીશું ત્યારે જ આપણો ઉદય થશે. તેમણે કડવા પાટીદારની માનસિકતા સંદર્ભે જણાવ્યું કે આપણામાં દિકરાના છોકરાં જોવાની અભિલાષા ઘણી હોય છે. તેથી છોકરાને નાની ઉંમરમાં જ સંસારમાં નાખવામાં આવે છે. કુમળી વયમાં ધારણ કરેલો ગર્ભ કાચો હોય છે. તેમાંથી ઉપ્પન્ન થયેલાં બાળકો નિર્બળ રહે છે. અને વહેલાં મરણ પામે છે. ઉપરાંત ખોટા ખર્ચાનો ત્યાગ કરી બાળકોને ભણાવવામાં જ પૈસાનો ઉપયોગ કરવો જોઈએ. વિદ્યાથી અલિપ્ત હોવાથી આપણને વાણીયા છેતરે છે. આપણે આપણો હિસાબ રાખી શકતા નથી. તેથી તેઓ ખોટો હિસાબ ગણી આપણને કરજ (દેવા)માં ડૂબતાં જ રાખે છે. જેથી પૈસાનો બચાવ કરી પોતાનાં બાળકોને બનાવવાનો અને સાથે બ્રહમચર્ય પડાવવાનો દ્રઢ નિશ્ચય કરો. તેમ જણાવ્યું હતું.

આપનાં ઘરમાં માનસ દીઠ એક એક પૈસો આપવાનો આપણે સંકલ્પ કરીએ તો દર વર્ષે ૨૦ હજારની રકમ ઉત્પન્ન થઈ શકે તેમ છે. માટે બાળકોને ભણાવવા માટે બોર્ડિંગ (વસતિગૃહ) સ્થાપવાના કાર્યની શરૂઆત કરવાની હું વિનતી કરું છું. તેમ જણાવી પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું.

ત્યારબાદ સાબરમતીના ચીફ ગડસ ક્લાર્ક મિ. હીરાલાલ વસંતદાસે "બ્રહ્મચર્ય:ના સંદર્ભે વિવેચન કર્યં હતું.૧૮

ત્યારબાદ ઉપપ્રમુખ મિ. જેઠાલાલભાઈએ જણાવ્યું કે આપણે જે જે ઠરાવો કરવાના હોય તે બધા બંધુઓની સમગ્ર રજૂ કરવા એક કમિટી નીમવાની જરૂર છે. છેવટે નીચેના સભાસદોને સબ્જેક્ટ કમિટીની રચના કરવામાં આવી હતી.૧૯

આમ ઉપરોકત બેતાળીસ સભ્યોની સબ્જેક્ટ કમિટી નિમાયા બાદ સમાજની વ્યવસ્થાપક કમિટીના મેમ્બર શેઠ કેશવલાલ હીરાચંદે જણાવ્યું કે સબ્જેક્ટ કમિટીમાં ઠરાવો પસાર થાય તે વખતે દરેક મેમ્બરને વિવેચન કરવાની છૂટ છે. માટે તેમાં ભાગ લેવાની જેની મરજી હોય તેણે પધારવું.

ત્યારબાદ બીજા દિવસે પ્રમુખ સાહેબે ઠરાવો પસાર કરવાની દરખાસ્ત મૂકી, જે દ્વારા સમાજની વિવિધ સમસ્યાઓ, પ્રશ્નો, જેમકે ખેતીવાડીના, પશુપાલનના, ખેડુતોની સ્થિતિના, જમણવારના, કન્યા વિક્રયના, લગ્નની ઉંમરના, સ્વદેશી વસ્તુઓ વાપરવા બાબત, બ્રહ્મચર્ય, કેળવણીના, રોવા-કૂટવાના રિવાજ, જ્ઞાતિમાં વિદ્વાન યુવાનોને અભિનંદન આપવા બાબત, વ્યસન દૂર કરવા વગેરે સંદર્ભના ઠરાવો કર્યાં હતા.

બાદમાં પ્રમુખ સાહેબે પોતાનું પૂર્ણાહુતિ કરનારું એક સચોટ ભાષણ કર્યું હતું.

૧૮. એજન પૃ.૩૧૭
૧૯. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ : ૧૦, પૃ. ૩૬૩

"માત્ર સ્થાનિક કક્ષાના પ્રશ્નો ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાજના સંદર્ભમાં તેમણે ઉદાહરણ આપતા જણાવ્યું કે "પૂર્વકાળમાં જાપાનમાં એવો ધારો (કાયદો) હતો કે કોઈ પુરુષ કાંઈ પણ કામે દેશાવર (પરદેશ) જતો રહે તો તેને ફાંસીએ લટકવવો. તેમ છતાં પણ "માર્ક્વીસ ઈટો" વહાણમાં છુપાઈને દેશ પાર ગયો. રશિયા, ઈંગ્લેંડ, જર્મની અને ફ્રાંસ જેવા મોટા દેશોમાં વસી ત્યાંની રણપંડીતાઈ, નૌકાબલ, તોપો તથા દારૂગોળા બનાવવાના કારખાનાં વગેરે મુદ્દાની બાબતો જોઈ, શીખી અને પોતાના દેશમાં આ હુન્નર શરૂ કરાવ્યાં હતા. અને જેના પરિણામે માત્ર ૩૦ વર્ષના સમયમાં જાપાન દેશ દુનિયા ભરની દ્રષ્ટિ આગળ રશિયા જેવા મહાન રાજ્યને હંફાવી મહાન બન્યો છે. તેમ જણાવીને તેમણે કહ્યું કે "આપણે પણ પ્રબળ પ્રયત્ન કરવાની જરૂર છે. માત્ર પૈસો ભેગો કરીને પણ છેવટે મદદ કરવી જોઈએ અને સુધારા વીરાઓએ પૂર્ણ શાંતિથી, સહનશીલતાથી, અને ખંતથી કામ કરવામાં પાછી પાની ના ભરવી જોઈએ." તેમ તેમણે જણાવ્યું હતું.૨૦

ત્યારબાદ કાશીનગરીના ગોરે પોતે જ્ઞાતિની બાબત પર થોડું વિવેચન કરી 'કજોડા'ના દુશપરિણમોના સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યાં હતા.

ત્યારબાદ ભાવનગરવાળા મિ. મૂળજીભાઈ જેઠાભાઈએ જણાવ્યું કે "થોડા વરસ પર આમારા ત્યાં છૂટાં લગ્નથી બે વરકન્યા પરણયા હતા. પરંતુ તેમની બાબતે આ ભાગમાં પાછળથી અજ્ઞાન લોકોએ એવી વાત ચલાવી છે કે તે જોડું મરી ગયું છે. પરંતુ તેમ નથી બંધુઓ ! તે દંપતી આજે જ્ઞાતિ સેવામાં મશહૂર છે. પરણનાર મિ. અમરતલાલ હમણાં જ કોલેજમાં પી. ઈ, ની પરીક્ષામાં પાસ થયો છે. શ્રી ઉમિયા માતાજીની તે બંને પતિ-પત્ની પર પૂર્ણ કૃપા છે. તન, મન, અને ધનથી બંને ઉન્નતિને પામતાં જાય છે."

ત્યારબાદ અમદાવાદવાળા રા. અમરતલાલ અચરતલાલ મોગરાએ સંપ વિશે પોતાનું વિદ્વત્તા ભર્યું ભાષણ કર્યું હતું.૨૧

અંતે સ્વાગત કમિટીના અધ્યક્ષ કુમારશ્રી લાલસિંહજીએ પ્રસંગોપાત પોતાના વિચારો રજૂ કરી, ઉપસ્થિત સર્વે વ્યક્તિઓનો આભારમાની સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

૨૦. એજન પૃ. ૩૨૧
૨૧. એજન પૃ. ૩૨૩

૨.૫ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ. બીજો મહોત્સવ, વડોદરા.

તા. ૨૪, ૨૫, અને ૨૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૦.

સમાજનો પ્રથમ મહોત્સવ વિરમગામ ખાતે મળેલ હતો. ત્યારબાદ બીજો મહોત્સવ નેક નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર સર સયાજીરાવ મહારાજ, સેના ખાસ ખેલ "સમશેર બહાદુર જી.સી. એસ. આઈ.ના પાટનગર વડોદરા મુકામે થયો હતો. સભામાં ઉપસ્થિત સભ્યોની સંખ્યામાં વધારાને કારણે પ્રથમ મુકરર 'લીલો મહેલ"ની જગ્યાએ શ્રી વાંકાનેર થિયેટરમાં સભા સ્થાન નિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ સભાનું ધ્યાન આકર્ષીત બાબત એ હતી કે ઘની બધી બહેનોએ પણ સભામાં હાજરી આપી હતી.૨૨

સ્વાગત કમિટીનાં ચેરમેન મે. પુરુષોત્તમદાસ હરગોવિંદદાસે જણાવ્યું હતું કે "ખેતીવાડીના વિકાસ માટે કેળવણીની આવશ્યકતા છે. અને તે દ્વારા ઉન્નત્તિના શિખરે પહોંચી શકાય છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે વિદ્યા પ્રાપ્ત કરવા માટે પ્રાથમિક આવશ્યકતા, બ્રહ્મચર્ય છે. આપણી જ્ઞાતિ અન્ય કોમો કરતાં તદ્દન પછાત છે. તેનું કારણ બાળલગ્નની રૂઢી જ છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે આપણી જ્ઞાતિમાં લગભગ ૭૦% દેવાદાર છે. જેમાંથી ૮૦-૮૫% તો આ લગ્નની અને મરણ પાછડનાં દુ:ખદ જમણોની રૂઢીનાં જ પ્રતાપે દેવાદાર થતાં હોય છે. તેમણે જણાવ્યું કે "સ્ત્રી કેળવણીની બાબતમાં ઘણાં કહે છે કે કન્યાઓને ક્યાં કમાવા જવું પડે છે. પણ કમાવા માટે જ ભણવું તેવું માનવું તદ્દન ભૂલ ભરેલું છે. વિદ્યારૂપી જ્ઞાનની પુરુષ તેમ સ્ત્રી બંન્નેને સરખી જરૂર છે.

ત્યારબાદ ડો. પીતાંબરદાસએ દરખાસ્ત મૂકી છે. આપણી જ્ઞાતિમાં રત્નસ્વરૂપ મે. કરશનદાસભાઈ દેસાઈ જંબુસર, સબ જજ સાહેબ છે. તેઓ આ વખતના મહોત્સવનું પ્રમુખપદ સ્વીકારી આભારી કરશે તેવી હું આશા રાખું છું. તેમ જણાવ્યું હતું. તે દરખાસ્તને "કડવા વિજય"નાં તંત્રી પુરુષોત્તમદાસે ટેકો આપતા સર્વાનુમતે તે દરખાસ્ત મંજૂર થતાં તાળીઓના અવાજ વચ્ચે મે. કરશનસદાસભાઈએ પ્રમુખ તરીકે પોતાની બેઠક લીધી હતી.

૨૨. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય પુસ્તક ૪ અંક.૨, ઈ.સ ૧૯૧૦, પૃ. ૨૭૨

ત્યારબાદ તેમણે જણાવ્યું કે "સભામાં એકઠા મળવાનું કંઈ વાજબી અને સંગીન પ્રયોજન છે? અને તેમ કરવાની આવશ્યકતા છે ? જેમ આપની જ્ઞાતિના કેટલાક બંધુઓ કહે છે તેમ માત્ર નાતાલની રજાઓમાં એકઠા મળી જમી રમી ગમ્મત કરી પૈસા ઉડાવી વિખરાઈ જવાનું જ છે. આ શંકાનું સમાધાન પ્રથમ થવું જોઈએ." તેમ જણાવ્યું હતું.૨૩

ત્યારબાદ સબજેક્ટ કમિટીના મેમ્બરો માટે સમાજનાં સિક્રેટરીએ તૈયાર કરેલં ખરડો રજૂ કર્યો હતો. જે વાંચતાં તેમાં સુધારો-વધારો કરી સર્વાનુમતે મંજૂર થતા નીચે મુજબ મેમ્બરોની સબ્જેક્ટ કમીટિ નિમાઈ હતી.૨૪

આ પ્રમાણે સબ્જેક્ટ કમીટી નિમાયા બાદ પ્રમુખના હુકુમથી પ્રથમ દિવસની સભા બરખાસ્ત થઈ હતી.

ત્યારબાદ બીજા દિવસે પ્રમુખ સાહેબે નીચે મુજબના ઠરાવ કરવાની દરખાસ્ત મૂકી હતી. જે સંદર્ભે પ્રથમ ઠરાવ, શહેનશાહ સપ્તમ એડવર્ડના સ્વર્ગવાસ પ્રતિનીદિલગીરી દર્શાવતો થયો હતો. ત્યારબાદ જ્યોર્જ પંચમ્ અને મહારાણી મેરીનું સહકુટુંમ્બ દીર્ધાયુષ્ય ઈચ્છી, દિલ્લી ખાતે રાજ્યાભિષેક થનાર હોવાથી અભિનંદન આપતો ઠરાવ. મે. પ્રમુખ સાહેબે રજૂ કર્યો હતો, જે સર્વાનુમતે મંજૂર થયો હતો.

ત્યારબાદ પ્રમુખ સાહેબે શ્રીમંત સરકાર સયાજીરાવ મહારાજ ગાયકવાડ સેના ખાસ ખેલ સમશેર બહાદુર જી. સી.એસ.આઈ.નું કુટુંબ પરિવાર સહ, દીર્ધાષ્ય સંદર્ભે ઠરાવ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ વિરમગામવાળા કુમારશ્રી લાલસિંહજીભાઈએ કેળવણીના સંદર્ભનો ઠરાવ રજૂ કરતા જણાવ્યું હતું કે દરેક મનુષ્યની માટે કેળવણી અગત્યનો વિષય છે. વિદ્યા સિવાય મનુષ્ય પશુતુલ્ય ગણાય છે. એટલું જ નહિ પણ વિદ્યા સિવાયના આભાવે તે પોતાની જાતને પોતાના કુટુંબને, પોતાના સ્નેહીઓને, લાગતા-વળગતાઓને નુકસાન કરે છે. વિદ્યા પ્રાપ્ત કરેલો મનુષ્ય પોતાની જાતને ફાયદો કરવા ઉપરાંત પોતાના સ્નેહીઓ તથા સર્વને લાભ આપી શકે છે. જ્યારે બિન-કેળવાયેલ મનુષ્યને તાબેદારી ભોગવવી પડે છે તથા લાચાર થવું પડે છે. જ્યારે કેળવાયેલ મનુષ્ય અન્ય પર ઉપરીપણું મેળવી સતા ભોગવી શકે છે. તથા સર્વનું ભલું કરી શકે છે. બિન કેળવાયેલ મનુષ્ય ગમે તેમ અસંબંધ વિચાર દર્શાવી હલકો પડે છે. જ્યારે વિદ્વાન મનુષ્ય પોતાના વિચાર વાજબી રીતે દર્શાવી પોતાને યોગ્ય ગણાવે છે.

૨૩. એજન પૃ.૨૭૫

૨૪. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૧, પૃ. ૩૬૫

ઉપરાંત તેમણે જણાવ્યું કે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જાપાન, જર્મની અને યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં ૯૦% કરતાં પણ વધારે લોકો લખી-વાંચી શકે તેવાં છે. અને ભાગ્યે ૧૦% લોકો બિન-કેળવાયેલ અભણ હશે, જ્યારે આપણાં દેશમાં ૧૦% જેટલા લહી, વાંચી શકે તેવા છે અને લગભગ ૯૦% જેટલા ભણ્યાં સિવાયના અભણ હશે. આ પ્રમાણ ઘણું જ દિલગીરી ઉપજાવે તેવું છે. તેમ જણાવ્યું હતું.[૨૫] ત્યારબાદ વિશ્વના વિવિધ દેશોમાં પ્રસિધ્ધ થતા વર્તમાન પત્રો અને તેના વાચકોની સભ્યના તુલમાત્મક અભ્યાસમાં માલુમ પડે છે કે હિન્દુસ્તાનમાં એવું એક પણ વર્તમાન પત્ર અગર ચોપાનીયું ભાગ્યે જ હશે કે એક લાખથી વધુ ગ્રાહકો ધરાવતા હોય છે અને આવા થોડા જ વર્તમાન પત્રો છે કે જે ૧૦ હજારથી વધુ ગ્રાહકો ધરાવે છે. ઉપરાંત જણાવ્યું કે કલકત્તામાં બંગાળી ગૃહસ્થને હાથે એક દૈનિક એટલે કે રોજિંદું વર્તમાન પત્ર પ્રગટ થાય છે કે જેને ૨૫,૦૦૦ પચીસ હજારથી વધુ ગ્રાહકો છે. મુંબઈમાં એક તથા પૂનામાં એક વર્તમાન પત્ર પ્રગટ થાય છે કે જે દરેકને ૨૦,૦૦૦થી વધુ ગ્રાહકો છે. તેમજ મુંબઈમાં ગુજરાતી નામક અઠવાડિક ગુજરાતી ભાષામાં પ્રગટ થાય છે કે જેને ૧૦,૦૦૦ ગ્રાહકો છે. અમદાવાદમાં "ગુજરાતી પંચ" નામે સાપ્તાહિક અઠવાડિક પ્રગટ થાય છે જે ગ્રાહકોની સારી સંખ્યા ધરાવે છે.

ગૃહસ્થો ! આ પ્રમાણે વાંચનની બાબતમાં પણ હિન્દુસ્તાન પછાત છે. અને તેમાં આપણી કોમતો ઘણી જ પછાત છે.

વિશેષમાં જણાવ્યું કે આપણી જ્ઞાતિના વિરમગામમાં "કડવા વિજય" નામે માસિક તથા ભાવનગરમાં "કડવા હિતેચ્છુ" નામે માસિક પ્રગટ થાય છે કે જેના માલિકોને પોતાના પાંચસો-પાંચસો ગ્રાહકો ટકાવી રાખવામાં મુશ્કેલી પડે છે. આમાં કંઈ નવાઈ જેવું નથી. તે સંદર્ભમાં તેમણે જણાવ્યું કે વિદ્યાનો પ્રચાર ઓછો તેમ વાંચનનો શોખ પણ ઓછો હોય. જેમ વિકસિત દેશોમાં કેળવણીનો પ્રચાર વધારે છે, તેમ વાંચનનો ફેલાવો વધારે હોય છે. તેમ જણાવ્યું હતું.

ઉપરોક્ત વ્યાખ્યાનને અનુમોદન આપતા પ્રા. જેઠાલાલએ જણાવ્યું કે કેળવણી માટે અતિ આવશ્યક પરિબળ, બ્રહ્મચર્ય છે. તેથી જ એમણે જણાવ્યું કે "વડોદરા રાજ્યની હોદ્દાવાળી જગ્યાઓમાં ૨૫ ટકા લેઉઆ ભાઈઓ નોકરી કરે છે કારણ કે તેઓ વિદ્વાન છે. આપણામાં ભણવાની ફરજ રહેતી નથી તેનું કારણ બાળલગ્ન છે.

૨૫. એજન પૃ. ૨૩૦

ઉપરાંત વિદ્યા વિના આપણામાં ભોળપણ (મૂર્ખાઈ) હોય છે, તેથી જ સાત વીસે સો ગણીએ છીએ. હિસાબ ગણતા આવડતું નથી, તેથી કેટલાક ઠગ વેપારીઓ "સાંઠ પંચા બાસીને બે મૂકવા છૂટનો ને થયા ચોરાસી" આવું કરે છે. ટૂંકમાં સમજીને હવે ખેડુતે વધુ નહિ તો ગુજરાતી છ ચોપડી સુધી અને શહેરના માણસોએ તો અંગ્રેજી વિદ્યા ભણાવવી જોઈએ, નાનપણમાં તમો તમારા બાળકોને ભણાવવા જે પૈસા ખરચી દેવું કરશે; તો તે બધા તે ભણ્યા પછી દશ ગણા વાળી આપશે. તેમ તેમણે જણાવ્યું હતું. ઉપરોક્ત વિચારોના અનુસંધાનમાં દે. અમરસિંહએ કેળવણીના સંદર્ભમાં વ્યાખ્યાન રજૂ કર્યું "જેમાં તેમણે જણાવ્યું કે" નિશાળમાં ભણ્યા એટલે કેળવણી લીધી એવી આપણી માન્યતા હોય તો તેમાં ભૂલ થાય છે. અને હું તેની વ્યાખ્યા કંઈક વિશેષ ચાહું છું. તેમણે જણાવ્યું કે આ લોક અને પરલોક બંનેને સુખ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકે છે. તેજ સાચી કેળવણી કહી શકાય." વિશેષમાં જણાવ્યું જે વ્યવહારિક કેળવણીની ખાસ આવશ્યકતા છે. જે આપણે બી.એ. કે એમ.એ સુધી ભણ્યા હોઈએ પણ વ્યવહારીક કેણવણી ન મળે તો તેને "વેદિઓ" ઉપનામ મળે છે.

વિશેષમાં સૂચન કરતાં તેમણે ભાષાના જ્ઞાનના ફાયદાના સંદર્ભે જણાવ્યું કે આપના પહેલા થઈ ગયેલા મહાત્મા, વિદ્વાનોના ભાષા જ્ઞાન વગેરેના વિચારોથી પરિચિત થઈ શકીએ છીએ તેમ તેમણે જણાવ્યું હતું. સાથે સાથે ગૃહ કેળવણીના લાભો જણાવ્યા હતા. તેમણે માનસિક કેળવણી શારીરિક કેળવણી, અને ધાર્મિક કેળવણીના મહત્વ સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.[૨૬]

બાળલગ્નના કુરિવાજોને કારણે આપણી જ્ઞાતિની પાયમાલી થઈ છે અને થાય છે. તેને નાબૂદ કરવાની સમાજના દરેક બંધુને ભલામણ કરવામાં આવી હતી.

જે સંદર્ભે પ્રા. સ્વામિનારાયણે તે વિષય પર વિસ્તૃત રીતે નીચે પ્રમાણે વિવેચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બાળલગ્ન શાસ્ત્ર વિરુધ્ધ છે. વૈદિક સાહિત્યની પુષ્ટી દ્વારા તેમણે જણાવ્યું કે

---

૨૬. એજન પૃ. ૨૩૪

શ્લોક :

ऊन पोडशवर्षयाम प्राप्त : पञ्चविंशतिम्
पद्याघते युमान गर्जां कुह्निस्थ : सविनश्यति
जातो वा नचिर जीवेज्जीवेद्रादुर्बलेन्द्रिय :
तस्मा दत्पन्न बालायां गर्जाधानं न कारपेत्

અર્થાત્ :

જો ૨૫ વર્ષની અંદરનો પુરુષ, સોળ વર્ષની અંદરની સ્ત્રીને વિશે ગર્ભાધાન કરે તો ગર્ભ ગર્ભાશયમાં જ નષ્ટ થઈ જાય છે. અને જો કદાચ મહા કષ્ટે પ્રસૂતિ થાય તો માતાના શરીરને અને છોકરાને ઘણી હાની થાય છે. ઘણું ખરું જન્મતી વખતે જ છોકરું મરી જાય છે. અથવા વધારે વખત જીવી શકતું નથી અને જીવે તો જિંદગી પર્યંત રોગી અને દુર્બળ રહે છે. તેથી નાની ઉંમરની કન્યાને વિષે ગર્ભધાન કરવું ન જોઈએ તે બાબતને પુષ્ટી આપતાં શ્રુતિમાં કહેલું છે.

षोडेशवर्षयां पच्चविंशति वर्षः युमान् युत्रार्थे यतेत् ॥

એટલે : પચ્ચીસ વર્ષના પુરુષે સોળ વર્ષની સ્ત્રીને વિષે પુત્રોત્પત્તિ કરવા માટે પ્રયત્નશીલ થવું.

ઉપરોક્ત વૈદિક સાહિત્યન અભ્યાસથી તેમણે જણાવ્યું કે આપણે વૈદિક ઉપદેશોને ત્યજીને તેમના જીવતરમાં ધૂળ મેળવીએ છીએ. તેને માટે આપણે ખરેખર શરમાવું જોઈએ. તેમ તેમણે જણાવ્યું હતું.

ઉપરોક્ત દરખાસ્તને વિરમગામવાળા કુમારશ્રી લાલસિંહજીએ અનુમોદન આપતા જણાવ્યું કે બાળલગ્નના ચાલતા નઠારા રિવાજોને લીધે આપણી દરેક રીતે પાયમાલ થઈએ છીએ. તેથી તે રિવાજને સદંતર નાબુદ કરવાને આ સમાજ દરેક બંધુને ભલામણ કરે છે. તેમ જણાવ્યું હતું.

બાળલગ્નથી આપણી કોમને ઘણું જ નુકશાન થાય છે. બાળલગ્ન કરનાર વડીલોને જ તેનો સંતાપ થાય છે તેમ નથી, પરંતુ તે લગ્ન કરનારને તથા પ્રજાને ઉત્તરોત્તર તેથી અનહદ નુકશાન થાય છે. અને જે આપને નજરે જોઈએ છીએ ઉપરાંત લગ્ન કરનાર લગ્નની વીટંબણામાં યોગ્ય વિદ્યાભ્યાસ નહિ કરી શકવાથી તે વિદ્યા-કેળવણી લઈ શકતો નથી એમ તેમણે જણાવ્યું હતું. ઉપરાંત તેમણે જણાવ્યું કે કોઈ પણ જ્ઞાતિની માઠી દશામાં આવવાના કારણોનું શોધન કરવામાં આવે તો તે માલૂમ પડશે કે તેમા મુખ્ય કારણ વિદ્યાનો અભાવ તથા બાળલગ્ન છે અને ખાસ કરીને આપણી જ્ઞાતિની અવદશા થવાનાં તે બે જ મુખ્ય કારણો છે તેમ જણાવ્યું હતું.[૨૭]

૨૭. એજન પૃ. ૨૩૭

ત્યારબાદ શ્રીમંત ગાયકવાડ સંપતરાવે જણાવ્યું કે અમારી મરાઠાની સભા તમારા કરતાં માત્ર બે વરસ જ મોટી છે અને જણાવ્યું કે તમારે કોઈ પણ કાર્યમાં નાસિપાત ન થવું જોઈએ નહિ. બાઈબલમાં એવું વાક્ય છે કે

"I can gave you light, but not sight"

હું તમને પ્રકાશ આપી શકું છું નહિ કે દ્રષ્ટિ, મહારાજ સાહેબે આ વાક્ય પ્રમાણે પ્રજાના લાભના કાયદાઓ ઘડ્યા છે, તેનો લાભ લેવા તમારા હાથમાં છે. તેથી તમારે કાયદાનો લાભ લેવો જ જોઈએ; જો તમે પાશ્ચાત્ય વર્ગમાંથી વિદ્યાભ્યાસ કરી સારા થશો તો મહારાજ શ્રી બીજાઓની માફક તમને પણ નોકરીમાં દાખલ કરશે. તેમ તેમણે જણાવ્યું હતું.૨૮

ત્યારબાદ ત્રીજા દિવસે રા.રા. હરજીવનદાસે (મુંબઈવાળા) પણ બાળલગ્નના ઠરાવને અનુમોદન આપતા નીચે પ્રમાણે વિચારો જણાવ્યા હતા. કે ઊંઝાના લગ્ન કાઢનાર આગેવાનો ભરવાડરૂપ બની આપણને ગાડર માફક આ વાદમાંથી બહાર નીકળવા દેતા નથી કેટલાક બહાર નિકળવાનો પ્રયાસ કરવા દેતા નથી. આ અજ્ઞાનનો પડદો તેઓ આપણી કૂળદેવી શ્રી ઉમિયા માતાના નામે આપણા પર નાખી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે મારા દેવી સાક્ષાત જગતની માતા છે. છતાં અજ્ઞાનીની કહે છે કે શાસ્ત્ર પ્રમાણે લગ્ન કરશો તો તે રાક્ષસણીની પેઠે તમારાં બાળકોને ખાઈ જશે ! અરે તમારી જનેતા શ્રી ઉમિયા દેવીને આવું કલંક લગાડી દેનારને ધિક્કાર છે.

આગેવાનો પોતાની સત્તા જતી રહેશે તેવા ભયના માર્યા, છૂટાં લગ્ન થશે તો માતાજી કોપાશે તેવી ભીતી બતાવે, પરંતુ ભાવનગરમાં સં. ૧૯૬૩માં લગ્ન થયાં હતા વરકન્યા કેળવણી જોઈ પરણાવ્યાં હતા. તેઓ બંને કુશળ અને સુખી છે. તેમણે જણાવ્યું કે આ માતાજીની કૃપા વિના બન્યું?

ઉપરાંત મોહનલાલ મનસુખરામે ખુલાસો કર્યો કે હું મોહનલાલ મનસુખરામ રહેનાર મોજે ચાણસ્મા, ગૃહસ્તોના પૂછવાથી મેં તેમને નીચે મુજબ જણાવું છું.

ઊંઝા મધ્યે માતા ઉમિયાદેવીનાં મંદિરમાં બહેચર લશ્કરીના લોકોએ લગ્ન નિર્ધારીત કર્યા હતા. મંદિરનાં દરવાજા બંધ થતાં પોલીસ પહેરામાં હતા. અને અઢીયાવાળા લોકો હજારોની સંખ્યામાં ત્યાં ગયાં હતા. તે લોકોને અટકાવ કરવાથી માતાના પ્રતાપે એક સિપાઈ તરત મરી ગયો અને સરકાર આંધળા થયાં હતા. અને ભાવનગરમાં બે ગૃહસ્થોએ પોતાના છોકરાઓને માતાનાં લગ્નનું અપમાન કરી પોતાની વર-વધૂ મૃત્યુ પામી, એક જોડાની કન્યા તથા એક જોડાનો વર મરણ પામ્યાં હતા.

૨૮. એજન પૃ. ૨૪૦

ઉપલી હકીકત કહેવા પછી અને સાચી નહી લાગવાથી તમોએ મને પૂરી પ્રતિજ્ઞાપૂર્વક બોલવા કહ્યું તે પરથી હું જણાવું છું કે અમો લોકો માતાનાં મહાત્મ્ય વૃધ્ધિ અને તે દ્વારા અમારી ચાલતી રોજીને હરકત ન થાય તે માટે હંમેશાં એવી જ વાર્તા કરી લોકોને ઠગવાનું કામ અમારા પૂર્વજો તેમજ કણબી પટેલનાં પૂર્વજો કરતા હતા..

આમ ઉપરોક્ત હકીકતને આધારે હરજીવનદાસે જણાવ્યું કે વાસ્તવિકતા રજૂ થઈ છે તેમ છતાં પણ અંધારામાં રહી, ગેરવાજબી વર્તશો તો તમો દોષિત છો તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ રા. રણછોડલાલ પ્રભુદાસ વિરમગામવાળાએ બાળલગ્નના સંદર્ભે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે જે પુરુષ કન્યાનો વિવાહ પોતાની ઈચ્છા અનુસાર કન્યાદાન દે છે તે કન્યાદાન, અને જે કન્યાને પશુ તરીકે વેચે એ કન્યા વિક્રય કરવા જેવું છે. તેમ તેમણે જણાવ્યું હતું.૨૯

આપણને જ્યારે વર મળતો નથી ત્યારે આપણે આપણી નિર્દોષ પુત્રીને ફૂલનો દડો કરી તે જડ પદાર્થની સાથે આખી દુનિયામાં કોઈ અજ્ઞાન પ્રજા પણ ન કરે તેમ લગ્ન કરીએ છીએ; અને જમાઈ કલ્પેલા તે દડાને કૂવામાં કે તળાવમાં નાખી દઈ જમાઈ હત્યાનું પાપ લઈએ છીએ, અને ઘોડીયામાં અજ્ઞાન પણે ઊંઘતી એક કન્યાને ક્ષણવારમાં કન્યા મટાડી વહુ અને તરત જ વિધવા કરીએ છીએ (શરમ ! શરમ !) કેવું પાપ ! કેટલી બધી શરમ ! ઉપરાંત ઘણીવાર ભાડાનાં વરલાવી તેની સાથે પુત્રીને પરણાવી પરઢેલી રકમ આપી તેની પાસે છૂટા છેડા લખાવી લઈએ છીએ, આ હા હા ! ઢોર જેમ એકને આપી બીજો વેચાતુ લે છે તેમ કરીએ છીએ; તેમ ઉપરોક્ત બોધગમ્ય વ્યાખ્યાન આપી જ્ઞાતિની સાચી વાસ્તવિકતાનાં સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ કડવા વિજયના તંત્રીએ મરણ પાછળના વરા શાસ્ત્ર વિરુધ્ધ અને ખર્ચાળું હોવાથી, તે સંદર્ભે વિવેચન કર્યું હતું.

મરણ પાછળનાં જમણવાર કરવાથી મરનારો સ્વર્ગ જાય છે. અને મરનાર માતાપિતા તે પામે છે, ત્યારે મને એક મહાન શંકા થાય છે. કે મારી મા મરી જાય; તેને હું બાળી દઉં, રાખ નદીના પવિત્રજળમાં પધરાવી દઈ અને પછી લાડુ જેવા મિષ્ટાનનો ઘન પદાર્થ તમારા પેટમાં પધરાવું, તે મારા માતૃશ્રીને તમે શી રીતે પહોંચાડી આવો છો તે હું સમજી શકતો નથી. પુણ્ય થશે. તેવો મામલો છે, તેમ તેમણે જણાવ્યું હતું. ઉપરાંત મરનારને કાંધે ઉઠાવી જનારને જમાડવાનો રિવાજ પડ્યો અને વધતા વધતા ભાઈ બંધ, દોસ્તદાર વગેરે વધ્યાને મૂળમાં આપણે પાટીદાર એટલે વિવેકનાં અને મમત્વનો પાર નહિ, એક કીધું તેનાથી બીજે તેનાથી ત્રીજો વર્ધાર્યુંને તેથી વાત પેઠી આખી નાત, સાંકડા મનના માણસોનાં મેણાથી આ તહેવાર પછી ફરજિયાત થયો; ને આ પરિસ્થિતિ ઊભી થઈ હતી. તેમ તેમણે જણાવ્યું હતું.

૨૯. એજન પૃ. ૨૪૨

ઉપરાંત આપણી જ્ઞાતિના લગભગ ૬૫ ટકા દેવાદાર દશા ભોગવે છે. જેમાનાં લગભગ ૮૦-૮૫ ટકા તો લગ્નોમાંને મરણ પાછળનાં કારજમાં જ દેવાદાર થયેલાં છે. તે સંદર્ભે વિવેચન કર્યું હતું. આ વિચારોને રા. પુરુષોત્તમ ફકીરભાઈ, છગનલાલ નરોત્તમદાસ, હરજીવન ભગવાનદાસ, મોહનલાલ ત્રિભોવનદાસ, છગનલાલ ત્રિભુવનદાસ વગેરે આગેવાનોએ ઉપરોક્ત વિચારોને અનુમોદન આપી ઠરાવ પસાર કરાવ્યો હતો.

સેક્રેટરી મિ. કાળીદાસે જ્ઞાતિના વિદ્યાર્થીઓના સગવડને ખાતર અમદાવાદમાં આપણે સ્થાપેલી બોર્ડિંગ હોવી આવશ્યક છે તે સંદર્ભ ઠરાવ રજૂ કર્યો હતો, જેને હિરાલાલ વસંતદાસ સેક્રેટરી પુરુષોત્તમ- લલ્લુભાઈ (બાવળા), હરજીવનદાસ ભગવનદાસ (મુંબઈ) નારણદાસ જોરાભાઈ દેસાઈ વગેરે જ્ઞાતિના બાળકોમાં કેળવણીના પ્રચાર સંદર્ભે આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

પ્રા. સ્વામીનારાયણે જણાવ્યું કે એક સ્ત્રીની હયાતીમાં કારણ સિવાય અને સ્ત્રીની પચ્ચીસ વર્ષની પહેલાં, બીજી સ્ત્રી કરવાના રિવાજ સંદર્ભ ઠરાવ રજૂ કરી વિવેચન કર્યું હતું. જેને મોહનલાલ ત્રિભુવનદાસે અનુમોદન આપતા જણાવ્યું કે, ઘણા લોકો પુત્ર પ્રપ્તિ માટે બીજી સ્ત્રી કરે છે. પણ તે ધારવું ખોટું છે. કારણ કે સંતાન થવું તે કુદરતના નિયમિત કાયદો છે, તેમ પોતાના વિચારો રજૂ કર્યાં હતા.

ત્યારબાદ, કન્યાવિક્રય, બાળલગ્ન પ્રતિબંધક નિબંધ અન્વયે સ્ટેમ્પ ફી અને દંડની રકમ કડવા પાટીદાર વિદ્યાર્થીઓને ખેતીવાડીની કેળવણી તથા ઉચ્ચ પ્રકારની કેળવણી આપવા માટે સ્કોલર્શિપ આપવા બાબતે ઠરાવ થયાં; જે સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ "કડવા વિજય" સામાયિકને સમાજ હસ્તક લેવા દરેક મેમ્બર તેના ગ્રાહક બને તે રીતનો ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

ઉપરાંત ન્યાયતંત્રમાં સરડતા ખાતર સૂચનપત્રમાં ન્યાયાધિશથી કાઢવા બાબતે શ્રીમંત મહારાજ સાહેબને અરજ કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો. તેથી પિતાંબરદાસ ભગવાનદાસે ઉપરોક્ત દરખાસ્ત મૂકી હતી. જેને ઉમેદભાઈ લાલદાસે અનુમોદન આપતા સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

ખેતીવાડી બાબતે જમીનનો મો બદલા બાબતે રા. ઉમેદભાઈ લાલદાસે દરખાસ્ત રજૂ કરી હતી જેને અંબારામ ઈચ્છાભાઈએ ટેકો આપતાં સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

ઉપરાંત હિન્દુસ્તાનના જુદા-જુદા ભગમાં વસતા કુર્મી ભાઈઓની પીલીભીત સંયુક્ત પ્રાંતમાં મળનારી સમસ્ત ભારતવર્ષીય "કુર્મી ક્ષત્રિય મહાસભા"ના પ્રેસિડેન્ટ સાહેબને તેમના કાર્ય પ્રત્યે સંપૂર્ણ દિલસોજી દર્શાવતો ઠરાવ પ્રમુખ સાહેબ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ શ્રીમંત સરકાર સર સયાજીરાવ ગાયકવાડ સેના ખાસ ખેલ સમશેર બહાદુર, શ્રીમાન સંપતરાવ ગાયકવાડ, કડી પ્રાંતના સુબાખાસરાવ જાદવ, સમાજમાં ઉપસ્થિત થવા બદલ આભાર માનતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રથમ મહોત્સવ પ્રસંગે સેવા કરનાર સ્વયં સેવકોએ રૂપાના ચાંદની બક્ષિસ આપવા બદલ શેઠ દુર્ગાપ્રસાદ ભાઈનો આ સમાજ આભાર માનતાં ઠરાવ કર્યો હતો.

અંતે પ્રમુખ કરશનભાઈ દેસાઈએ આભાર દર્શનમાં જણાવ્યું કે,

પહેલાં આપણી જ્ઞાતિમાં બાળલગ્નના વિચાર સંદર્ભે મતભેદ હતો પરંતુ એ તે બબતમાં એકમત જોઈ શકાય છે. તેમાં કૂળવાનો તરફ જે કાંઈ વિચારો રજૂ થાય છે તેના સંકૂચિત અર્થ ન લેવો તેમ તેમણે સ્પષ્ટતા કરી હતી.

ઉપરાંત વિશેષ નોધવા યોગ્ય બાબત તે હતી કે આ મહોત્સવમાં ગામની તથા બહારગામની બહેનોએ પણ ઉપસ્થિત હતી. એટલું જ નહિ, પણ તેમણે બોર્ડિંગ ફંડમાં રૂ. ૧૦૧ની રકમ આપી જ્ઞાતિમાં એક ઉમદા દાખલો બેસાડ્યો હતો. તે બાબતે તેમણે વિશેષ ધન્યવાદ ઘટે છે. ઉપરાંત સભાના કાર્યને ભૂલવું નહી તેમ જણાવી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૧૦માં ભરાવેલ કડવા પાટીદાર શુભેચ્છક સમાજની દ્વિતીય બેઠકમાં પસાર થયેલ ઠરાવોના અનુસંધાનમાં જે સુધારાવાદી વાતાવરણ તૈયાર થયું હતું તેના વિરોધમાં જૂના રિવાજને ટકાવી રખવા બાબતે મતભેદો થયા હતા; જેના સમાધાન સંદર્ભે રાજર્ષિ સૂર્યમલજીએ તા, ૨૨/૩/૧૯૧૨ પાટડી મૂકામે એક સભાનું આયોજન કરાવ્યું હતું.

જે સંદર્ભે તેમણે જણાવ્યું કે આપણામાં એક વર્ગ કે જેને આપણે સુધારાવાળાના નામથી ઓળખીએ છીએ તે ઊભો થયો છે, તેમની માન્યતા એમ છે કે આપણી લગ્ન રૂઢીથી ઘણી ક્ષતિઓ થાય છે. આ વર્ગની હિલચાલની અસરથી અમદાવાદમાં જે બે પક્ષ છે. તેમની પક્ષાક્ષીથી ગયા વિવાહ માટે કોઈ વખતે નહીં બનેલ એ પ્રમાણે બે લગ્ન તારીખો રજૂ કરવામાં આવી હતી. આથી જ્ઞાતિમાં કુસંપ અને વર્ગભેદ ઉત્પન્ન થવાથી ધાસ્તી લાગી હતી. ઉપરાંત તેમણે જણાવ્યું કે ભાગ્યે જ કોઈ ગામ એવું હશે કે જેમાં જૂની રૂઢીને વખોડનાર નહી હોય, મતલબ કે જુવાન વર્ગને તેમની જૂની રૂઢી પસંદ આવશે નહી તેમ તેમણે જણાવ્યું હતું, તે સંદર્ભે તેમણે સ્પષ્ટ અને સચોટ દ્રષ્ટાંત આપ્યું હતું કે, **સ્વ. બહાદુર રણછોડલાલ છોટાલાલ ભાઈએ પાણીના નળની યોજના કરી તે વખતે તેમના માથે કેવી પસ્તાળ પડી હતી અને તેમના તરફ કેટલાં બધાં તિરસ્કાર બતાવેલા તે આપણામાંના ઘણા ખરા જાણતા હશે પણ હવે તે બહાદુર અને પરોપકારી પુરુષની આગમ દ્રષ્ટિનું ફળ તેમને આશીર્વાદ આવે છે.**

ઉપરાંત જ્ઞાતિના વ્યક્તિઓને અપીલ કરી કે ચાલતું ચલાવવામાં ફાયદો નથી અંગત લાભોનો ભોગ આપવો પડે ત્યારે જ સુધારાના કાર્ય થઈ શકે, વિશેષમાં જણાવ્યું કે કડવા પાટીદાર સમાજ આશરે આઠ લાખની વસતી હોવા છતાં જ્ઞાતિની કુળદેવી માટે ઘટે તેવી સંસ્થાની ગોઠવણ નથી. ઉપરાંત આપણા ભાઈઓ, બીજા દેવ દેવસ્થાન બ્રાહ્મણો, સાધુ ફકીર વગેરે છૂટે હાથે દાન આપે છે; તો કુળદેવી માટે પછાત રહે એમ બને જ નહી, યોગ્ય હિલચાલના અભાવે જ આમ ચાલે છે; હલાવ્યા વિના દાઝે છે, તેમ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ કામદાર સાહેબે જણાવ્યું કે ચાલુ વિષય ઉપર જેમણે બોલવું હોય તે દરેક પોતાના નામ જણાવી બોલી શકે છે. જેનો સાર નીચે પ્રમાણે છે.

શેઠ ચંદુલાલ, અમદાવાદ

"તેમણે જણાવ્યું હતું કે ઉપરોક્ત દરખાસ્ત વિવિધ આગેવાનો દ્વારા કરવામાં આવી છે તે તરફ આપણે સૌએ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. સુધારાના સંદર્ભે જ્ઞાતિના બંધારણમાં પરિવર્તન લાવ્યું એ અનિવાર્ય છે, તેમ તેમણે જણાવ્યું હતું."

*શેઠ જીવાભાઈ સીતવાલા (સુરત) છે તેમણે જણાવ્યું કે આપણે જે કરવાનું છે તેના દરબાર સાહેબના ભાષણથી જણાઈ આવે છે. અને તે રીતે અનુશરવું જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું.

*શેઠ કેશવલાલ (લશ્કરીવાળાના જમાઈ)

તેમણે શેઠ ચંદુલાલની દરખાસ્તને અનુમોદન આપતા વિશેષમાં કહ્યું કે "બાળલગ્નના" રિવાજથી છોકરાઓના અભ્યાસમાં ઘણી અડચણ આવે છે. ઉપરાંત કજોડા, કન્યા વિક્રય જેવા દુષણો પ્રસરી રહ્યા છે. તેથી ના. દરબાર સાહેબ જે સલાહ આપી તે રીતે એકમત થઈ કાર્ય કરવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

*ડૉ. પિતાંબર દાસે જણાવ્યું હતું કે, આપણી જ્ઞાતિમાં બાળહત્યા થાય છે. એથી આજથી ૭૦ વર્ષ ઉપર મે. ફોસેસ્ટ સાહેબને કોઈએ ખબર આપતા પોતે દિલગીર થયા અને તેની તપાસ કરી હતી. દરેક ગામની વસ્તી ગણતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી જણાઈ. પોતાની તપાસમાં એવું જણાઈ આવ્યું કે ખર્ચના કારણને લઈને અને સાધનોના અભાવે પાટીદારો કન્યાને દૂધપીતી કરે છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે કન્યાના દૂઃખનું કારણ લગ્ન પ્રથા છે.તેમાં પરિવર્તન આવવું જરૂરી છે. તેમ તેમણે જણાવ્યું હતું. **પરંતુ અહિં એ બાબતની નોધ કરવી જરૂરી છે કે સભામાં ઉપસ્થિત દરેક બંધુઓ સુધારાવાદી વલણ ધરાવતા ન હતા. જેમ કે જીવણલાલ અમૃતલાલ (અઠીયા) અમદાવાદ. કે જેમણે પ્રચલિત લગ્ન વિધિમાં પરિવર્તન નહિ કરવાની હિમાયત કરી હતી. અને જણાવ્યું હતું કે કંઈક વિચાર્યા વગર હિલચાલ કરીશું તો તેનું પરિણામ ઈષ્ટ નહિ આવે, ઉપરાંત હઉસાભાઈ ધરમાદાસ, ડાહ્યાભાઈ મૂળચંદ – (અમદાવાદ) વગેરેએ જીવણભાઈની દરખાસ્તને ટેકો આપ્યો અને જણાવ્યું કે "લગ્નનો રિવાજ" તોડી નાંખવાની આખી જ્ઞતિ બગડી જશે અને તૂટી જશે, આ બધું કોટ પાટલૂનવાળાઓનું કામ છે. અને તેમને ધિક્કાર છે તેમ તેમણે જણાવ્યું હતું.**[૩૦]

૩૦. એજન પૃ. ૨૪૭

ત્યારબાદ પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ અમદાવાદે જણાવ્યું કે પ્રથમ દરબારશ્રીએ (જોરાવરસિંહજી) મોટું ખર્ચ કરી જ્ઞાતિને બોલાવી હતી અને આપણને સુખ ઉત્પન્ન થાય તે માટે ધારા ઘડ્યા હતા પરંતુ અફિણ ખાધું હોય તેને ઊલટી કરીને કાઢ્યા સિવાય બીજી દવાઓ આપવાથી માણસ જીવતું નથી, તેમ પિતાશ્રીએ ધારા ઘડ્યા પરંતુ ઝેર કહાડ્યું ન હતું તેથી ધારાઓ માન્ય થયા નહિં. આ પ્રસંગે સૂર્યમલસિંહજી પોતાના પિતાનું અનુકરણ કરવા લાગ્યા છે. અને કુધારાઓ કાઢી નાખવાનો પોતે ઉત્સાહ બતાવ્યો છે તેના મુખ્ય ઉદ્દેશ બાળલગ્ન કાઢી નાખવાનો છે.

ઉપરાંત તેમણે કુધારાને સમર્થન આપનાર વ્યક્તિઓનો વિરોધ કરી, પુન: વિચારવા અપીલ કરી હતી. જેમકે જીવનલાલે ઈ.સ.૧૯૦૯ના જૂનની ૧૦ મીએ મને (જેઠાલાલ) બાળલગ્ન વિરુધ્ધ ભાષણ કરવાની વિનંતી કરી લઈ ગયા હતા. આજે તે વિચારો ત્યજીને રૂઢીચુસ્ત વલણ અપનાવ્યું છે તે સમાજ માટે યોગ્ય ન કહેવાય.

તેમણે વિશેષમાં જણાવ્યું કે બાળલગ્નના કારણે કજોડા થાય છે. ઉપરાંત સંપતિ, મિલકત વગેરે વેચીને પણ કરિયાવર કે વ્યવહારો કરવા પડે છે. અને ઉપરાંત આ બધા પરિબળોના કારણે કન્યાઓને વિશેષ દુ:ખ ભોગવવું પડે છે. તે સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

મે. મૂળજીભાઈ (ન્યાયાધિશ – ગઢડા)

આપણામાં બાળલગ્ન છે તે ખોટાં છે. અને ઘણા દાખલા, પૂરાવા આપણને ઘણા ભાઈઓએ અપ્યા છે. અને આપણે સમજીએ છીએ ફક્ત એક-બે વ્યક્તિ તે સારાં છે એમ કહી ગયા, પરંતુ કેવી રીતે સારા છે તેના કોઈએ દાખલા આપ્યા નથી.

ઉપરાંત આપણાં બાળકોને કેળવવા માટે આપણે મોટાં ફંડો એકઠા કરવા જોઈએ, બાવા, અતીત, વગેરે આપણને લૂંટે છે પરંતુ એવાં ઓને આપેલા દાન તે ઉકરડામાં વાવવા સમાન છે. તે ઊગતું નથી માટે કેળવણી ફંડમાં મદદ કરશો, તેમ તેમણે જણાવ્યું હતું.

*મિ. બાપુલાલ વકીલ. કડી

તેમણે વિરોધ પ્રદર્શિત કરતાં જણાવ્યું કે અમદાવાદીઓ અને વિરમગામ નિવાસીઓ કાયદા અને કાનુનનું પાલન કરતા નથી. જેથી અમને દુ:ખ થાય છે તેમ તેમણે જણાવ્યું હતું.

*પા. છગનલાલ નરોત્તમદાસ. અઘાર (સુંવાળના આગેવાન)

તેમણે જણાવ્યું છે કે "શહેરમાં રહેનાર અમારા દુ:ખને જાણતા નથી અને ખેડૂતોની તેમને દરકાર પણ નથી. લગ્નનું બંધારણ હોવાથી અમારે ઘર, જમીન અને બળદો વેચી લગ્ન કરવાં પડે છે અને બંધારણ છે તે નુકશાન કારક છે. તેથી તેમાં પરિવર્તન લાવવું જરૂરી છે."

*પા. અમૃતલાલ માસ્તર, (બાવળા)

તેમણે લગ્ન પ્રથાના સંદર્ભમાં જણાવ્યું કે "આ રિવાજ કાયમ રહેશે તો આપણી જ્ઞાતિ બજાણીઓના જેવી થઈ જશે, એવું કહે છે કે સુધારકો મૂઠીભર છે, પરંતુ જ્યાં-જ્યાં તેમ જોશો

ત્યાં-ત્યાં મોટા ફેરફાર મૂઠીભર માણસોએ જ કર્યો છે. તેમની શિખામણ હઠીલા અમદાવાદીઓ માનતા નથી કારણ એટલું જ છે કે લાંબા વખત સુધી તેમણે ઝેર પીધું છે અને તેમનાં શરીર ઝેર જ થઈ ગયાં છે. એટલે સાકર ક્યાંથી પસંદ પડે" તે રીતે કટાક્ષમાં તેમણે રૂઢિ ચુસ્તોને યોગ્ય માર્ગે સમર્થન આપવા અપીલ કરી હતી."

*પા. ચતુરભાઈ ચાણસ્મા. (ગાયકવાડી વકીલ)

તેમણે બાળલગ્નને સમર્થન આપતા જણાવ્યું કે આપણામાં જે બાળલગ્નનો રિવાજ છે તે જૂન વખતનો એટલે કે સિધ્ધરાજ રાજાના સમયનો છે, અને માટે "લગ્ન માટે ના જે રિવાજો છે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી તેમ તેમણે જણાવ્યું હતું.

*મિ. પુરૂષોત્તમદાસ (વડોદરા).

તેમણે વિશેષમાં જણાવ્યું કે બાળલગ્નના કાયદાથી આપણી પ્રજા જે દટાઈ છે તે જોઈ અમને દુ:ખ થાય છે જેથી અમદાવાદીઓ બેસી રહે અને બાળ લગ્નનો રિવાજ કાયમ રહી જાય તે સારું નહિં કહેવાય. જો બાળલગ્ન બંધ થાય તો આપણે વિદ્યા, જ્ઞાન અને ખેતીવાડીમાં જરૂર આગળ વધીશું. તેમણે જણાવ્યું કે લેઉઆ આપણાં કરતાં ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યાં છે તેનું કારણ તેમણે બાળલગ્ન છોડી દેઈ વિદ્યા પ્રાપ્ત કરી છે માટે આપણે પણ તેનો અટકાવ નહીં કરીએ તો ઉન્નતિ થઈ શકવાની નથી તેમ તેમણે બાળલગ્નના દુ:શ પરિણામો જણાવ્યા હતા.

*પા. કાળીદાસ માવાભાઈ (સાંગવા).

આ રિવાજમાં ફેરફાર કરવાની ખાસ જરૂર છે. તેમ જણાવી કેળવણી માટે બોર્ડિંગમાં છોકરા રાખવા વિશે સૂચનો કર્યા હતા.

*પા. શિવલાલ પિતામ્બર ટીક્કર.

તેમણે કાઠિયાવાડના સંદર્ભમાં જણાવ્યું કે "અમારા કાઠિયાવાડમાં બાળલગ્નથી પુષ્કળ નુકશાન થાય છે કારણ કે તેઓ અજ્ઞાન છે. અમારા કાઠિયાવાડ, ઝાલાવાડ અને મચ્છુકાંઠાના ભાઈઓ તરફથી હું અરજ કરું છું, કે બાળલગ્નનો રિવાજ નાબૂદ કરી અમારું કલ્યાણ થાય તેમ કરશો.

*શ્રીયુત બહેચરભાઈ રાયજીભાઈ (ગણપતપુરા)

બાળલગ્નથી અમને ગણું નુકશાન થાય છે અને જો તે સંદર્ભે સરકાર જે કાયદો ઘડશે તેને માન આપી તેનું પાલન કરીશું, તેમ તેમણે સુધારાના સંદર્ભે સમર્થન આપ્યું હતું.

*શ્રીયુત ચુનીલાલ વનમાળીદાસ, (ભરૂચ)

તેમણે દેશની પ્રજાના લગ્નના રિવાજ સંદર્ભે જણાવ્યું કે "આપણા દેશની જ નહીં, કોઈ પણ મુલકની ખેતી કરનારી પ્રજામાં દશ વર્ષે લગ્ન કરવાનો રિવાજ નથી. આ સંદર્ભમાં તેમણે દ્રષ્ટાંત આપતાં જણાવ્યું કે મારા એક મિત્રને એક વ્યક્તિએ પ્રશ્ન પૂછ્યો કે, ના. ગાયકવાડ સરકારે અંત્યજ વર્ગને કેળવણી આપવા માડી છે; તો જાજરૂ કાઢવાનું કામ કોણ કરશે ? તેમણે જવાબ આપ્યો કે તમે અભણ રહેશો તો તે કામ તમારે કરવું પડશે ! માટે ભાઈઓ બાળલગ્નની રૂઢિ હશે

ત્યાં સુધી બાળકો વિદ્યાભ્યાસ કરી શકશે નહીં, ઉપરાંત તેમણે જણાવ્યું કે ૧૯ વર્ષની ઉંમર સુધીનું બાળક સગીર ગણાય છે, જડ વસ્તુઓનો વહીવટ કરવાનું કાર્ય પણ કાયદો તેમને સોંપતો નથી તો એવાં બાળકોને કન્યા જેવી નિર્દોષ ચૈતન્ય વસ્તુ કેવી રીતે સોંપી શકાય ?[૩૧]

મિ. પુરૂષોત્તમ તંત્રી. ક.વિ, વિરમગામ તેમણે સંકુચિત, રૂઢિચુસ્ત માનસ ધરાવનાર આગેવાનોનો વિરોધ કરીને જણાવ્યું કે "દિલગીરી સાથે કહેવું પડે છે કે જ્યારે આખી આલમ બાળલગ્નને ધિક્કારે છે ત્યારે આપણામાં બે-ચાર પુરુષો તેને પકડી રાખવાનો આગ્રહ કરે છે જેઓ હવે તેને પકડી રાખવાની તૈયારી કરે છે. તેઓ અગ્નિ ઝાલવાની જ તૈયારી કરે છે. તેમણે સમય પ્રમાણે સુધારાના અનુસંધાનમાં દ્રષ્ટાંત આપતાં જણાવ્યું કે "મનુભગવાને કાયદાઓ ઘડ્યા હતા, પરંતુ મહાત્મા યાજ્ઞવલ્કય અને પરાશર જેવા ઋષિઓ પણ સમયાન્તરે તેમાં ફેરફાર કરી જુદા-કાયદાઓ, સ્મૃતિઓ લખીને કર્યા હતા. તો પછી લગ્નનો રિવાજ જે ધર્મના કાયદા પર આધાર રાખે છે તેમાં ધર્મશાસ્ત્ર મુજબ ફેરફાર કરવામાં આવે તો નવાઈ શી છે ? તેમ તેમણે જણાવ્યું હતું.

ત્યારબાદ ના, દરબારશ્રીએ જણાવ્યું કે "આપણી રૂઢિમાં ફેરફાર કરવાની જરૂર છે તે ફેરફાર કેવી રીતે કરવો તેનો વિચાર કરવા આપણે જુદા-જુદા ભાગમાંથી આવેલા ભાઈઓની એક કમિટી નીમીએ, પરંતુ કમિટી માટેના સભ્યોની યાદીના સંદર્ભે વિવિધ આગેવાનો વચ્ચે મતભેદ થતાં; છેવટે નામદાર દરબાર સાહેબે જણાવ્યું કે

"અમે જે કાર્યને માટે બોલાવેલા તે અમે જોઈ શકીએ છીએ. અને અમારે જે કહેવાનું છે તે કહી દઈશું,"

ત્યારબાદ બીજા દિવસે ના. દરબારશ્રી અને યુવરાજશ્રીને પોતાની બેઠક લીધા બાદ, જુદા-જુદા ભાગમાંથી આવેલા ભાઈઓ તેમના હાથમાં અરજીઓ લઈ આવતા જણાયા. કામદાર સાહેબે તે સઘળાને અનુક્રમમાં પોતાના વિચારો રજૂ કરવા જણાવ્યું હતું.

"કોઈ પણ એક જ માણસ તરફની ખાનગી અરજી લઈ શકાશે નહીં, જે ભાઈઓને અમુક ગોળ કે જથ્થા સમસ્ત અરજીઓ આપવાની હોય તેમણે તક આપવી તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ ત્રીજા દિવસે. નામદારે જણાવ્યું કે "આપણી આગળ જે પ્રશ્ન છે તેનો અમે વિચાર કરી જોયો ઉપરાંત શ્રીમંત ગાયકવાડના મૂલકમાં વસતા જ્ઞાતિ બંધુના પ્રશ્નોને બારિકાઈથી વિચાર્યા બાદ; અમે પાછળથી નિર્ણય જણાવીશું તેમ જણાવ્યું બાદ જ્ઞાતિ ઉન્નતિ ફંડના સંબંધમાં અમે જે વિચારો આગળ બતાવ્યા છે તે બાબત ઠીક લાગે તો હાલ અત્રે વિચાર કરવાનું શરૂ કરશો.

૩૧. એજન પૃ. ૨૪૮ થી ૨૫૦

મે. કરશનદાસએ (સમાજના પ્રમુખ) જણાવ્યું કે "અન્ય જ્ઞાતિઓની સાથે આપણે જે હલકા દેખાઈએ છીએ તેનું કારણ આપણામાં કેળવણીનો અભાવ છે. ઉપરાંત કેળવણી બાબતે એક ચોક્કસ સંસ્થાની અનિવાર્યતા છે તેમ તેમણે જણાવ્યું હતું. જેથી શ્રી. ક. પા. હિતવર્ધક મહામંડળ શરૂ કરવામાં આવ્યું હતું. આ મંડળ દ્વારા આપણામાં જે અપંગ વ્યક્તિઓ હોય તેને ખોરાક આપવો, ઉપયોગી જણાય તેવાં અંગ્રેજી પુસ્તકોના ગુજરાતીમાં તરજુમાં કરાવી વહેંચવા, જૂજ કિંમતે ખેતીવાડીનાં સાધનો પૂરાં પાડી યુવાનોને કેળવણી આપવી મુખ્ય ઉદ્દેશ હતો.

આ પ્રમાણે થયેલું આપણી જ્ઞાતિનું પ્રતિનિધિ મંડળ ગણાશે અને ખેતી, વેપર, ઉદ્યોગોમાં આપણા ભાઈઓને મદદગાર થઈ પડશે; એમ કેળવણીના પ્રચાર અને ફાયદાના સંદર્ભે સચોટ વ્યાખ્યાન તેમણે આપ્યું હતું.

બપોર પછીની બેઠકમાં "કરસનદાસે" જણાવ્યું કે આપણો વહીવટ અને વ્યવસ્થા સારા પ્રકારની જોઈને ના. સરકારો પણ આપણને સારી મદદ કરશે, આપણને પૈસા આપી ખેતીવાડીનાં ઓજારો, કૂવાઓનાં બોરિંગ કામ વગેરે આપણી મારફત જ આપણી ઈચ્છા પ્રમાણે કરશે.

ઉપરાંત જ્યાં જ્યાં બોર્ડિંગો ખોલવાની જરૂર છે ત્યાં-ત્યાં તે ખોલવામાં આવશે, વિશેષમાં દેશ-પરદેશ કેળવણી લેવા માટે આપણા ફંડમાંથી વિદ્યાર્થીઓને મોકલી શકાશે, અને બીજી પેટા સંસ્થાઓ દ્વારા મદદ આપવામાં આવશે, તેમ તેમણે જણાવ્યું હતું.

વધારામાં જણાવ્યું કે માતાજીની સંસ્થા માટે એક ફંડ ખોલવાની જરૂર છે. લગ્ન વખતે દરેક ભાઈઓ સવા રૂપિયો લગ્ન દીઠ આપો તો તેમાંથી એકઠાં થયેલાં નાણાંની અરધી રકમ માતાજીની સંસ્થા માટે વપરાશે અને અરધાં નાણાં આપણા ફંડમાં લેવામાં આવશે એ પ્રમાણે બંને અર્થ સરશે તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ શ્રીયુત અમરસિંહભાઈએ સભામાં થયેલા ઠરાવોના આધારે જે વાતાવરણ તૈયાર થયું, તે સંદર્ભમાં જણાવ્યું કે "આપણા મગજ ઉપર માતૃભાષાની-પ્રેમની જે લાગણીઓ અત્યારે ઉત્પન્ન થઈ છે તે કાયમ રહેવી જોઈએ. ઘેર ગયા પછી ભુંસાઈ જવી જોઈએ નહીં, ત્યારબાદ તેમણે જણાવ્યું કે મંડળ દ્વારા કેળવાયેલા વિદ્વાનો ખેતીવાડીનો અભ્યાસ કરી આપણને પણ અભ્યાસ કરાવશે. કરી દેખાડશે તેમ થવાથી આપણે જલદી આગળ વધીશું. ખેતીવાડીને લગતાં સારા ઉપયોગી પુસ્તકો આપણને પૂરાં પાડશે અને તે વિશે દરેક માહિતી મળી શકશે એક જ બાળક જો ખેતીવાડીમાં નિરૂણ થશે તો એવા એકવીસ કરશે તેમ જણાવ્યું હતું.[૩૨]

ત્યારબાદ ના. દરબારશ્રીએ જણાવ્યું કે "ભાઈઓ ! જ્ઞાતિહિત, ઉન્નતિ માટે આપ અહિં એકત્રિત થયા છો તે ખૂબ ખુશીની બાબત છે, ઉપરાંત જ્ઞાતિ ઉન્નતિ માટેના ફંડમાં જે આશરે રૂ. ૭૦ હજારની રકમ ભરાઈ છે તે ખૂબ જ યોગ્ય છે.

૩૨. એજન પૃ. ૨૫૧

ઉપરાંત જ્ઞાતિ હિત માટે આપ સઘળાઓએ જે ઐક્યતા, ઉત્સાહ, પ્રેમ બતાવ્યો તે હંમેશાં બતાવશો એવી હું આશા રાખું છું,

ત્યારબાદ અમદાવાદના શેઠ ચંદુભાઈએ દરખાસ્ત મૂકી કે, નામદાર દરબાર સાહેબે જ્ઞાતિની ઉન્નતિ માટે જે પ્રયત્ન કર્યો છે તે સંદર્ભે તેમનો અહેશાન માનતી દરખાસ્ત આપની સમક્ષ મૂકું છું. જેને શેઠ મફતભાઈએ અનુમોદન આપ્યું હતું. ઉપરાંત શ્રીયુત અમરસિંહભાઈ, પા. જીવણલાલ અમૃતલાલ, મિ. પુરૂષોત્તમદાસ તંત્રીએ અનુમોદન આપ્યું હતું અને તેમ ના. દરબાદ રાજર્ષિ સૂર્યમલસિંહજી સાહેબનો આભાર માની દીર્ઘાયુષ્યમાન થાઓ તેવી પ્રાર્થના કરી હતી.

૨.૬ કડવા પાટીદાર શુભેચ્છક સમાજની ત્રીજી બેઠક :

તા-૨૮,૨૯,૩૦ ડીસેમ્બર ઈ.સ. ૧૯૧૨, બાવળા.

ઈ.સ. ૧૯૦૯માં જ્યારે “શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની સ્થાપના થઈ ત્યારે વિરમગામ, પાટડી અને અમદાવાદ ના આગેવાન ગણાતા પુરુષોએ જ્ઞાતિ ઉન્નતિના પ્રયાસો કર્યા હતા જેથી રૂઢિચુસ્તોને ભય હતો કે કદાચ આપણી લગ્ન પધ્ધતિ તૂટી જાય તો તેવા સમયે વિરમગામ ની જ્ઞાતિએ અનુભવ્યું અને સત્યાગ્રહની લડત ચલાવનાર જ્ઞાતિના બાળકો (?) ને નાત વહેવાર અને કુટુંબ બહાર મૂકવા સુધીના પ્રયત્નો થઈ ચૂક્યા હતા. સુધારાની હિલચાલ કરનારા યુવકો ઘોડિયામાં સૂતેલાં બાળકો ન હોતાં વડીલોમાં પૂજ્યતા ટકાવી રાખી, સત્યાગ્રહ અને ધર્મયુધ્ધમાં પોતાની તમામ શક્તિઓ જ્ઞાન નિચોવી નાંખવું એ તેમનો મહામંત્ર હતા. આપણી જ્ઞાતિ ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરવા-કરવાનો સમજુ આગેવાનોની સહકારી સદ્‌ભાવના હતી. તેથી જ “બાંધ્યા વિવાહ”ની જગ્યાએ છૂટા લગ્ન, મરણ પાછળનાં જમણો ફરજિયાત પ્રેતભોજનો વગેરે જેવા દુષણો દૂર થઈ રહ્યાં હતા.[૩૩]

ઈ.સ. ૧૯૧૧નાં ડિસેમ્બરમાં દુષ્કાળ પડવાથી, સાથે-સાથે લગ્ન પધ્ધતિના બંધારણ સંદર્ભે પાટડીમાં મેળાવળો ભરાયો હતો જેથી “સભાનું ત્રીજું વર્ષ નકામું ગયું ગણાય નહીં,

ત્રીજી પરિષદની ધ્યાન યોગ્ય બાબત એ હતી કે રૂઢિચુસ્તો તેનો દુ:ષપ્રચાર કર્યો હતો જે “ગુજરાતી પંચ” માં છેલ્લી ઘડી સુધી પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો, જેથી સભામાં સભ્યોની સંખ્યા વધારવા અને પ્રમુખ પસંદ કરવાનું કાર્ય અગવડ ભરેલું થઈ પડવાથી સેક્રેટરી પુ. લ. પરીખે, વાસ્તવિક માહિતી પ્રસિધ્ધ કરી હતી; ઉલ્લેખીત સભ્યોને નિયત તારીખ ૮-૧૨-૧૨ રવિવારે બપોરના એક વાગે જરૂર પધારશો તેવી વિનંતી કરવામાં આવી હતી.[૩૪]

૩૩. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય, પુસ્તક ૬ અંક.૧, ઈ.સ. ૧૯૧૨, પૃ. ૨

૩૪. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૨, પૃ. ૩૬૭

ઉપરોક્ત દરખાસ્ત બાદ, બહારગામથી બોલાવેલા ભાઈઓ પૈકી માત્ર ત્રણ-ચાર બંધુઓએ જ હાજરી આપી હતી; આ બેઠકનું પ્રમુખ પદ કામકાજની અનિવાર્યતાના કારણે શેઠ ચંદુલાલભાઈ સ્વીકારી શક્યા નહોતા; પરંતુ ઉત્તર હિન્દુસ્તાનની યાત્રાથી પરત ફરેલ શેઠ રતીલાલભાઈને વિનંતી કરી ને સમાજના કામકાજમાં આવેલી મુશ્કેલીઓથી તેમને વાકેફ કરવામાં આવ્યા હતા ત્યારબાદ જ્ઞાતિહિ અર્થ તેમણે પ્રમુખ પદ સ્વીકારવાની મહેરબાની કરી હતી અને ત્યારબાદ વ્યવસ્થાપકોની સૂચના અનુસાર નીચે જણાવેલા સૂચના પત્રો પ્રસિધ્ધ કરી સમાજના સભ્યોવાળા જ્ઞાતિના તમામ વિભાગોમાં મોકલી આપવામાં આવ્યા હતા.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજના મેમ્બરોને સૂચના

જ્ઞાતિ ઉન્નતિ અર્થે પ્રયાસ કરવા ઈચ્છતા દરેક સભાસદોને આ ઉપરથી ખબર આપવામાં આવે છે કે સમાજની આવતી બેઠક તા. ૨૮-૨૯-૩૦મી ડિસેમ્બર ૧૯૧૨ના દિવસે બાવળા મુકામે થવાની છે. તે દરેક કાર્ય કરવા માટે સમાજની વ્યવસ્થાપક કમિટીએ સુરતવાળા શેઠ રતીલાલભાઈ સીતવાળાને પ્રમુખ તરીકે પસંદ કર્યા છે, અને પ્રમુખપદ સ્વીકારવાની તેમણે મહેરબાની કરી છે

અમારા જાણવા પ્રમાણે કેટલાક વિઘ્નસંતોષી માણસોએ એવી ખબર ફેલાવી છે કે "સમાજમાં મતભેદ છે, કોઈ માણસો ભાગ લેવાના નથી પરંતુ આ અફવા તદ્દન ખોટી છે. અને જૂઠી છે, સમાજનું કાર્ય ઉત્સાહભેર ચાલે છે અને મતભેદ જેવું કોઈ જ નથી.

પાટડી, વિરમગામ, અમદાવાદ, ધ્રાંગધ્રા, ભાવનગર, વડોદરા, ભરૂચ, સુરત અને મુંબઈ વગેરે શહેરોમાંથી તેમજ દશકોશી, ભાલ, કડીપ્રાંત, કાઠિયાવાડ, ચુંવાળ, ઝાલાવાડ, કચ્છ, માળવા વગેરે દરેક વિભાગોના સભાસદો આ બેઠકોમાં ભાગ લેનાર છે.

ઉપરોક્ત ખોટી અફવાને લીધે મેમ્બરો થવાની મુદ્દત છેલ્લી તારીખ સુધી લંબાવવામાં આવી છે.

વિરમગામ — **હુકમથી**
તા. ૧૭-૧૨-૧૯૧૨ — **પુરૂષોત્તમ લલ્લુભાઈ**
સેક્રેટરી.

આમ ઉપરોક્ત સૂચના પત્રો દ્વારા સમાજના સભ્યોને જાગૃત કરી, સમાજ સુધારાની પ્રવૃત્તિના સંદર્ભે પ્રેરિત કર્યા હતા. તેથી ધી બાવળા વ્યાપાર ઉત્તેજક જીનિંગ કું. લિ ના ચેરમેન શેઠ બાલભાઈ કિશોરદાસે પોતાના જીનનું કમ્પાઉન્ડ અને કેટલાંક સરસામાન સમાજના ઉપયોગ માટે વાપરવા આપ્યો હતો. ત્યારબાદ નીચે જણાવેલા ઉત્સાહી સ્થાનિક બન્ધુઓની એક રિસેપ્સન કમિટી, સન્માન કારિણી સભા-નીમવામાં આવી હતી.[૩૫]

૩૫. એજન પૃ.૩

પહેલા દિવસે સમાજના સેક્રેટરી મો. પુરુષોત્તમ દાસ તંત્રીએ સભાના સંચાલન સંદર્ભે માહિતી આપી હતી. ત્યારબાદ સભામાં પ્રવેશતા પ્રમુખ, શેઠ રતીલાલભાઈ, શેઠ દુર્ગાપ્રસાદ ભાઈ, કુમારશ્રી લાલસિંહજી, શેઠ ગોરધનભાઈ, મે. ડોક્ટર સાહેબ વગેરે પધારતા તેમનું સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારે સેક્રેટરી મિ. પુરુષોત્તમ તંત્રીએ ઉમાદેવીની સ્તુતિ સંગીતના સાજ સાથે ગાઈ સંભળાવી હતી.[૩૬]

સ્તુતિબાદ સ્વાગત કમિટીનાં ચેરમેન મિ. પુરુષોત્તમદાસે જણાવ્યું કે અન્ય દેશો કરતા આપણે ખેતીવાડીમાં પછાત છીએ તેનું કારણ કૃષિ કેળવણીનો અભાવ છે. ઉપરાંત આપણે છોકરાને ખુશીથી પરણાવીએ છીએ, જ્યારે છોકરીને ફૂલના દડા સાથે. જેથી કન્યા વિક્રય થાય છે. અને વિશેષમાં કજોડાં તો ખરા. તેમણે જણાવ્યું કે વર-કન્યા વચ્ચે પાંચ સાત વર્ષનાં તફાવત હોવાં જોઈએ.

ત્યારબાદ વ્યવસ્થાપક કમિટીના અધ્યક્ષ કુમારશ્રી લાલસિંહજીભાઈએ જણાવ્યું કે "દરેક જ્ઞાતિઓના મેળાવળા, સભાઓમાં તેમજ ધાર્મિક કાર્યોની પ્રવૃતિમાં પણ અધ્યક્ષ કે પ્રમુખ નીમવાની જરૂર પડે છે. અને તે સિવાય કાર્યની મહત્તા સચવાઈ રહેતી નથી," તે સંદર્ભે તેમણે માહિતી આપી હતી.

ત્યારબાદ રા. કાળીદાસભાઈએ જણાવ્યું કે શેઠ રતીલાલભાઈ ગૃહસ્થો તેમજ સાધારણ વર્ગમાં પણ જાણીતા છે. સુધારણાની હિલચાલને તેમણે શરૂઆતથી જ મદદ કરી છે. ઉપરાંત સુધારા એટલે સુધારા, સારા ધારા, સારા રીત રિવાજ એનું નામ સુધારો. જમાનામાં જેમ જેમ ફેરફાર થાય છે તેમ તેમ ધારાઓ એટલે કે રીત રિવાજોમાં પણ ફેરફાર થાય છે. તેમણે જણાવ્યું કે જગતનું સ્વરૂપ પણ રૂપાંતર પામે છે. તમે જોશો કે પહાડ ત્યાં નદી, અને નદી ત્યાં પહાડ, ઉજ્જડ જમીનોમાં મકાનો અને મહેલો બંધાવેલા નજરે પડે છે. એટલે કે પરિવર્તનએ કુદરતનાં જ નિયમ છે. તેમણે જણાવ્યું કે આપણને અડચણ કરતાં જે જે સારા ધારા-સુધારા કરવાની જરૂર છે તે કરવા જ જોઈએ. ત્યારબાદ મે. પ્રમુખ સાહેબ એક બોધદાયક ટૂંકુ પણ ઉપયોગી ભાષણ આપી જ્ઞાતિબંધુઓના હૃદય પ્રદેશ ઉપર ઉમદા છાપ પાડી હતી.

ત્યારબાદ સમાજના સેક્રેટરી મિ. પુરુષોત્તમ તંત્રીએ એક ઘટના તરફ ધ્યાન દોરતા જણાવ્યું કે દિલ્હી ખાતે વાઈસરોય લોર્ડ હાર્ડિજ ઉપર જે બોમ્બ નાખવાનો બનાવ બન્યો છે તેની નિંદા કરતાં ઠરાવ સમાજ કરે છે.

"this samaj views wiws thae indi gnation and abhorrence the abominabie attempt made on the life of our noble viceroy at delhi and congratulates our beloved lord and lady hardings for the escape; and expressos its hatred towards such fanaticish. The samaj also prary to the Almights for the speedy recovery of our kind Excellence."

૩૬. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૩, પૃ. ૩૬૮

મિ. પુરુષોત્તમ તંત્રીએ રજૂ કરેલાં ઉપરના ઠરાવ એક અવાજે તાળીઓના અવાજ વચ્ચે પસાર થયા બાદ, તે નામદારને મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠરાવ પસંદ કરવા માટે નીચેના મેમ્બરોની એક સબ્જેક્ટ કમિટી નીમવામાં આવી હતી.[૩૭]

બીજા દિવસે મે. પ્રમુખ દ્વારા નીચે મુજબના ઠરાવ પસાર કરાયા હતા. આ સમાજ આપણા ના શહેનશાહ અને શહેનશાહબાનુનું દીર્ઘાયુષ્ય ઈચ્છે છે.

ત્યારબાદ દેસાઈ શ્રી લાલસિંહજીભાઈએ કેળવણીના સંદર્ભે ઠરાવ રજૂ કર્યો હતો જે ને રા. હરિલાલ રણછોડદાસ માસ્તરે અનુમોદન આપતા જણાવ્યું કે માત્ર ભણવું એનો જ અર્થ કેળવણી લેવી એવું નથી. કેળવણીનો અર્થ ઘણો ઊંડો છે. મારા સ્કૂલ સુપરવાઈઝર તરીકેનો અનુભવ ઉપરથી હું કહું છું કે સાત ચોપડી ભણેલાં એવાં હજારો છોકરા મેં જોયા છે પણ તે કેળવાયેલા છે. એમ કહેવાશે નહિ. ભણવું અને ગણવું એ બંને હોય ત્યારે કેળવણી લીધી છે. એમ કહેવાય, તેમ જ કેળવણીથી જે મુખ્ય ફાયદા થાય છે તેનું વિગતવાર બયાન નીચે જણાવેલ દશ મુખ્ય ફાયદાઓ હોય છે. તેમ તેમણે જણાવ્યું હતું.

૧) તેનાથી પૈસા પેદા કરતા થવાય છે.
૨) શરીર સાચવતાં આવડે છે.
૩) ફાયદા અને ગેરફાયદાઓ સમજવાની શક્તિ આવે છે.
૪) હૃદય હિમ્મતવાળું દ્રઢ અને સાહસિક થાય છે.
૫) કેળવણીથી જ સુખ મળે છે.
૬) સંતતી સારી ઉછરે છે.
૭) વ્યવહારમાં વિવેક કરતાં આવડે છે.
૮) ઠાવકાઈ આવે છે.
૯) ચાલાકી આવે છે.
૧૦) મન વિશાળ થાય છે.

ઉપરોક્ત ફાયદા જણાવ્યા બાદ તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.[૩૮]

દેસાઈ શ્રી લાલસિંહજીભાઈએ ગોખલેના પ્રાથમિક કેળવણીના બિલને આ સમાજ સંપૂર્ણપણે ટેકો આપે છે. ઉપરાંત આપણી કોમ કેળવણીમાં ઘણી પાછડ હોવાથી તેમને પ્રાથમિક કેળવણી મફત અને ફરજીયાત આપવાની, ના. દયાળું સરકારને વિનંતી કરવાનાં આ સમાજ ઠરાવ કરે તેમ જણાવ્યું હતું.

૩૭. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૪, પૃ. ૩૬૯
૩૮. એજન પૃ. ૫

ઉપરોક્ત ઠરાવ રજૂ કરતાં તેમણે જણાવ્યું કે પ્રાથમિક કેળવણીનો ખરડો ના. વાઈસરોયની કાઉન્સિલમાં આપણા દેશભક્ત મિ. ગોખલે રજૂ કર્યો હતો. પરંતુ સ્થાનિક સરકારના અભિપ્રાય જાણવા માટે મુલતવી રાખ્યો હતો. તેમજ સ્થાનિક સરકાર પણ જ્ઞાતિઓના અભિપ્રાય જાણ્યા સિવાય તે સંદર્ભે ચોક્કસ મત આપી શકે તેમ નથી, જેથી તે ઠરાવને આપણે સર્વાનુમતે પસાર કરવો જોઈએ.

પ્રસ્તુત ઠરાવને મિ. કેશવલાલ માધવલાલ વકીલ કુમાર શ્રી લાલસિંહજી, મિ. જીવણલાલ અમૃતલાલ વગેરે અનુમોદન આપતા ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. ત્યારબાદ "કૃષિ" બાબતને લગતા ઠરાવ ગોંડલ સ્ટેઈટના કૃષિ ઉપદેશક રા. ગોકુળદાસ કાનજીભાઈ ઉપલેટાવાળાએ રજૂ કર્યો હતો. જેને રા. શિવલાલભાઈ, તુલસીદાસ ગોપાળદાસ, ખુશાલદાસ વેલજીભાઈ શેઠ ગોરધનભાઈ મોહનલાલ, શેઠ માણેકલાલ કેશવલાલ વગેરે સર્વાનુમતે ટેકો આપી ઠરાવ પસાર કર્યો હતો.[૩૯] મરણ પાછળનાં જમણો શાસ્ત્રો તેમજ નીતિ વિરુધ્ધ અને ખર્ચાળ હોવાથી તેનો બને તે રીતે અટકાવ કરવા આ સમાજ સઘડા જ્ઞાતિબંધુઓને ભલામણ કરે છે. ઉપરોક્ત ઠરાવ. રા. કાળીદાસ હરજીવનદાસે રજૂ કર્યો હતો. જેને અમદાવાદ શેઠ કાળીદાસ મોહનલાલ અને બાબુ જમનાદાસે અનુમોદન આપ્યું હતું. રા. છગનલાલ પિતાંબરદાસે ઠરાવને વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું હતું કે "કલોલના એક પાટીદારે રૂ. ૧૪૦૦ ખર્ચીને તેમા મા-બાપ પાછળ ખરચ કર્યું હતું. તેને પરસોત્તમ હરગોવન નામના વાણીયાએ તે લેણું વસૂલ કરવા માટે તેને જેલમાં પુરાવ્યો હતો ! કહો હવે શું બાકી છે ? ઉપરાંત કેટલાક કહે છે કે મા એ મોટા કર્યાં માટે તેનું ખરચ કરીને તેની પાછળ મોકલવું જોઈએ ભાઈઓ ! આ બધું ખોટું છે. ઢોંગ છે. કેટલાંક લોકો પોતાના સ્વાર્થ સાધવા માટે આવું ઊંધું સમજાવે છે, પારકું રડેલું ખાવાની દાનત રાખવી તે સારું નથી. તેથી તો નરકમાં જવાય છે.

ત્યારબાદ મિ. પુરુષોત્તમ દાસે પણ તે જ સંદર્ભનું વિવેચન કર્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

તા. ૩૦/૧૨/૧૨ છેલ્લા દિવસે લાડોલવાળાએ રા. જેશિંગભાઈએ કન્યાવિક્રયના રિવાજને સદંતર નાબૂદ કરવાના સંદર્ભે ઠરાવ રજૂ કર્યો હતો. રા. મોતીલાલ ખાનદાસ કઠલાલવાળાએ ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતા જણાવ્યું કે કન્યા વિક્રયથી મહાપાપ લાગે છે. અને તે એક અધર્મ છે; તે જ પ્રમાણે વરવિક્રય કરવો એટલે પૈસાની ખાતર પોતાના પુત્રને લાયક નહી હોય તેવી કન્યાઓ સાથે લગ્નની ગોઠવણી કરવી તે પણ એક પાપ છે.

૩૯. એજન પૃ. ૭

રા. ગોકળદાસ કાનજીભાઈ ઉપલેટાવાલાએ ઉપરના ઠરાવને વિશેષ અનુમોદન આપતા કહ્યું કે "ગંગામાં નહાવાથી પાપ જતું રહે છે પરંતુ કન્યા વિક્રયનું પાપ નાશ પામતું નથી. ઉપરાંત તેમણે જણાવ્યું કે દીકરો અને દીકરી એક જ પેટે જન્મે છે, ત્યારે દીકરીના ઘરમાંથી લઈ દીકરાને આપવું તે પણ એક જાતનો અધર્મ છે. ઘણી જગ્યાએ દીકરાંઓ મા-બાપને હેરાન કરે છે. પુરું ખાવા પણ આપતા નથી, પરંતુ દીકરીઓ તો મા-બાપની ચાકરી કરતી તેમનામાં વિશેષ ભક્તિભાવ રાખે છે. માટે દીકરીને અન્યાય કરવો તે પરમાત્માને છેતરવા જેવું છે, જેથી દીકરીના પૈસા લેવા નહિ; તેની આપણે ચોક્કસ પ્રતિજ્ઞાઓ લેવી જોઈએ.

ત્યારબાદ રા. દીનસાભાઈ જંકણદાસ ભગત, શિવલાલભાઈ પિતાંબરદાસ વગેરે ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ મે. ડોક્ટર સાહેબે "બાલલગ્ન" કરવાં તે તદ્દન નુકશાન કારક અને અધર્મ યુક્ત છે. માટે શાસ્ત્રોક્ત રીતે મોટી ઉંમરે લગ્ન કરવાનો આ સમાજ ઠરાવ કરે છે. તે સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આપણે વિદ્યા પ્રાપ્ત કરી શકતા નથી તેનું કારણ બાળલગ્નનાં રિવાજ છે. તેમણે જણાવ્યું કે કેળવણીથી ખેતીવાડીનું જ્ઞાન વધશે અને એક ઉપર બીજી સ્ત્રી કરવાના દોષને દૂર કરી, ઘર, જમીન તથા શાહુકારના અયોગ્ય હિસાબથી બચી શકીશું. તેમ જણાવ્યું હતું.

ઉપરાંત પ્લેગ અને કોલેરાના સમયમાં માણસોએ કાળજી રાખવી જોઈએ તથા ઢોરનાં રોગ સંબંધી કેટલું જ્ઞાન શ્રોતાઓને આપ્યું હતું. ત્યારબાદ ઉપરોક્ત ઠરાવને ટેકો આપતા. રા. મોહનલાલ ત્રિભોવનદાસે પણ બાળલગ્નનાં રિવાજ સંદર્ભે વિવેચન કરતા જણાવ્યું કે આ રિવાજ નાબૂદ કરવા અને તમારી જ્ઞાતિનું કલ્યાણ થાય તેવાં કાર્યો કરવામાં તમે ગાળો ખાઓ અને સહન કરો તો મનુષ્યમાંથી દેવ બનશો, વલ્લભાચાર્ય અને સહજાનંદે ઘણું સહન કર્યું હતું. તેમ તેમણે જણાવ્યું હતું.

રા. લક્ષ્મણભાઈ ભીખાભાઈ રા. ચતુરભાઈ હીરદસ વકીલે ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતા, તે પસાર થયો હતો. મે. પ્રમુખ સાહેબે બાળલગ્ન પ્રતિબંધક નિબંધની ૮ મી કલમની પેટા કલમ 'ક' નો અપવાદ કાઢી નાખવા અને તે કાયદો કોમને અન્ય કોમની માફક સંપૂર્ણ રીતે લાગુ કરાવવા, માટે ના. વડોદરા સરકારને અરજ કરવાનો ઠરાવ કર્યો હતો, જે સર્વાનું મતે પસાર થયો હતો.[૪૦]

ત્યારબાદ બાળલગ્ન પ્રતિબંધ નિબંધ અન્વયે સ્ટેમ્પ ફી અને દંડની જે રકમ વસૂલ કરવામાં આવી હોય તેમાંથી કડવા પાટીદાર વિદ્યાર્થીઓને ખેતીવાડીની કેળવણી તથા ઉચ્ચ પ્રકારની કેળવણી આપવા માટે ના. વડોદરા સરકારને નમ્રતા પૂર્વક અરજ કરતો આ સમાજ ઠરાવ કર્યો હતો.

૪૦. એજન પૃ. ૯

ત્યારબાદ જ્ઞાતિમાં ઉચ્ચ કેળવણી લઈ પાસ થયેલા નીચે જણાવેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

મિ. પોપટલાલ શિવલાલ ટીક્કર. બી.એ. એલ.એલ.બી.

મિ. શંભુલાલ ખોડીદાસ. : બી.એ.

મિ. નારનદાસ ગોપાળદાસ : બી.એ.

મિ. નગીનભાઈ વ્રજલાલ : મેટ્રો-Ex

મિ. લલ્લુભાઈ સોમનાથ : મેટ્રિ – Ex

ત્યારબાદ એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીની ૨૫ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના રિવાજને આ સમાજ ધિક્કારે છે. જે ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ મે. ડોક્ટર સાહેબે સભાસદોને ઉદ્દેશી જણાવ્યું કે અમદાવાદ નિવાસી રા. રણછોડલાલ કે જેઓ જાણીતા ખાનદાન કુટુંબના સદગૃહસ્ત છે. તેમણે બેઠકના કામને લગતી સેવા કરનાર સ્વંય સેવકોને તેમના તરફથી 'યુવાવસ્થાનાં શિક્ષક' નામે પુસ્તક ઈનામ સ્વરૂપે આપવા ઈચ્છા દર્શાવી હતી. તે પુસ્તકના મૂળ લેખક વિલિયમ કાર્બેટ હતા. જે પુસ્તકનું નામ "એડવાઈઝ યંગ મેન" હતું તેનું ભાષાંતર વૈધ જટાશંકર લીલાધરે કર્યું હતું.

તે જ રીતે પુરુષોત્તમ તંત્રીએ પ્રસિધ્ધ કરેલ "કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ" નામ પુસ્તકની ઉપયોગિતા સંદર્ભે જણાવ્યું કે "આખી કોમની ઉત્પતિ અને ઈતિહાસ જેવું આ પુસ્તક આપણને જ નહિ, પરંતુ ભવિષ્યની પ્રજાને તેમજ અન્ય ઈતિહાસકારોને પણ ઉપયોગી થઈ પડશે એવી મારી ખાતરી છે. તેમ તેમણે જણાવ્યું હતું.

ઉપરોક્ત પુસ્તક સંબંધી વિવેચન કર્યા બાદ મે. ડોકટર સાહેબે જણાવ્યું કે આવા ઉપયોગી પુસ્તકો આપણી જ્ઞાતિના બાવળાની સ્કૂલમાં અભ્યાસ કરતાં, સમજી શકે તેવા બાળકો-બાળકીઓને આપવાની દરખાસ્ત મે. રતીલાલભાઈએ કરી હતી. જે સંદર્ભે ચેરમેન બનતી ગોઠવણ કરશે. તેમ જણાવ્યું હતું.[૪૧]

અંતે પ્રમુખ સાહેબે જણાવ્યું કે જ્ઞાતિ બંધુઓ !

આપણે પોતે જે કાંઈ સાંભળ્યું છે તે આપણા માટે જ નહિ પરંતુ આખી જ્ઞાતિને માટે બોલાયું છે.એટલે પોત પોતાના સ્થળે ગયા પછી અન્ય બંધુઓને આ ઉત્તમ કાર્ય અને ઠરાવોથી વાકેફ કરશો તો તમારી ફરજ કેટલેક અંશે પરિપૂર્ણ થયેલી ગણાશે. તેમણે ખાસ વિનંતી કરતા જણાવ્યું કે આપણી લગ્ન પધ્ધતિ એ જ આપણી અવનિતિનું કારણ છે. ઉપરાંત મરણ પાછળના પ્રેત ભોજનોમાં ઉડાઉ ખરચો કરી આપણે કંગાલ થઈ પડ્યાં છીએ તેમ તેમણે જણાવ્યું હતું.

૪૧. એજન પૃ. ૧૧

વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે માત્ર થોડા જ વખતનાં આપણા પુરુષાર્થથી આપણી માનસિક સ્થિતિમાં ફેરફાર થયા તેને લઈને કેટલાંક રીત રિવાજો પ્રત્યે આપણાં મનની જે અંધશ્રધ્ધા જોવાની વૃત્તિ તે ઘણે અંશે નષ્ટ થતી જાય છે. તેમણે ધ્યાન દોર્યું કે સમાજની પૈસા સંબંધી સ્થિતિ ઘણી જ કંગાલ છે.આપણા જેવા સભાસદો છતાં સમાજનાં ફંડમાં કાંઈ ન મળે ! આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. તેમ જણાવ્યું હતું. ત્યારબાદ દેસાઈ અમરસિંહજીભાઈએ જણાવ્યું કે આપણા સમાજ તરફથી "કડવા વિજય" નામનું માસિક નીકળે છે તેની ઊપજ ખરચ આ સમાજમાં મળે છે. ગઈ બેઠક વખતે વડોદરા મુકામે આપણાં મિ, પુરુષોત્તમદાસ પાસેથી "કડવા વિજય" લઈ લેવામાં આવ્યું હતું. તે એટલાં માટે કે ગ્રાહકને સસ્તે લવાજમે આપી શકાય. પણ ક્યારે ! ગ્રાહકોની સંખ્યા વધવાની વાત તો બાજુએ રહી, પતંતુ ચઢેલું લવાજમ પણ વસૂલ થયું નથી. માસિકની આ વસ્તુસ્થિતિ દરેક ભાઈઓ ધ્યાનમાં રાખશો. એ અમારી અરજ છે.

અંતે પ્રમુખ સાહેબે દરખાસ્ત કરી કે ના. દરબારશ્રીના પ્રમુખ પણા નીચે સ્થપાયેલા મહામંડળમાં જેમણે નાણા મળ્યાં છે તે ભરી દેશો અને મદદ કરશો. તેમ દરખાસ્ત કર્યા બાદ સભા વિસર્જિત થઈ હતી.

૨.૭ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ : ચોથો મહોત્સવ – વિરમગામ.

તા. ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૩.

કડવા પાટીદાર જ્ઞાતિની સર્વાંગીક સ્થિતિ સુધારવાના શુભ હેતુસર સ્થપાયેલ આ સંસ્થાએ પાંચ વર્ષથી જ્ઞતિ સુધારવાનું ઉત્તમ કાર્ય કરેલ હતું. તે સર્વે બંધુઓને સુવિદિત હતું. જો કે એ સંસ્થાએ જ્ઞાતિની ઉન્નતિમાં મહાન વિઘ્નરૂપ રીત રિવાજો ને દૂર કરવામાં વિશેષ કામ કર્યું હતું. તેમ છતાં પણ તે નઠારા રિવાજો શિથિલ થયા હતા પરંતુ તેના મૂળ ફરીથી દ્રઢ ન થાય તે હેતુ માટે જ્ઞાતિના શુભેચ્છકોએ આગેવાનો પ્રમાદવશ થતા જેનો ભોગ જ્ઞાતિ સમૂહના યુવાનો બનતા હતા. જેમની સ્થિતિ ગાડરિયાપ્રવાહ જેવી હતી. જેથી તેમને એક ય બીજા રૂપમાં નિયમિત રીતે પ્રબંધવામાં ન આવે તો ટૂંક સમયની થયેલી તત્કાલિન અસર મંદ પડી જાય અને હલાવ્યા વિના દાજી જાય તેવી સ્થિતિ ઉદ્ભવે તેમાં શંકા નથી. તે સંદર્ભની સ્થિતિનો ચિતાર જ્ઞાતિના આગેવાનો દ્વારા સમયાન્તરે રજૂ કરવામાં આવતો હતો.

ઉપરાંત તે વર્ષ ગુજરાતમાં "કુર્મી ક્ષત્રીય" મહાસભાની બેઠક અમદાવાદમાં મળવાની હતી. જેથી તેના નેતાઓએ એવી ઈચ્છા દર્શાવી હતી, કે શુભેચ્છક સમાજની નિયમિત વાર્ષિક બેઠક તે વર્ષે બંધ રાખી હતી. મહાસભામાં ભાગ લેવો તેમ જણાવ્યું હતું પરંતુ ઉપરોક્ત દરખાસ્તને સમજના નેતાઓ ચર્ચા વિચારણા દ્વારા એવા નિર્ણય પર આવ્યાં કે સમાજની નિયમિત બેઠક અટકાવવી ઈષ્ટ નથી. તેથી ગુજરાતમાં મળનારી ક્ષત્રિય સભાને અડચણ ન આવે તે રીતે તા.

૨૪,૨૫,૨૬ ડિસેમ્બર સમાજની બેઠક વિરમગામ મુકામે નિશ્ચિત કરવામાં આવી હતી.[૪૨]

ઉપરોક્ત તારીખે વિરમગામ મુકામે સભા મળી હતી. ચોથી બેઠકમાં અમદાવાદ, ગુજરાત કોલેજના ગણિત શાસ્ત્રનાં પ્રોફેસર રા. જેઠાલાલ સ્વામીનારાયણ એમ. એ. પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતા. પ્રમુખ તરીકેની દરખાસ્ત સ્વાગત મંડળનાં પ્રમુખ કુમાર શ્રી લાલસિંહજીભાઈએ કરી હતી. જેને અનુમોદન સેક્રેટરી પુરુષોત્તમ દાસે આપ્યું હતું.

ત્યારબાદ સમાજના ઉપપ્રમુખ તરીકે ટીક્કરવાળા રા. પોપટલાલ શિવલાલ એલ.એલ.બી.ને પસંદ કરવા સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે દરખાસ્ત મૂકી જેને ગોંડલ ઉપલેટાવાળા. રા. ગોકળદાસે વિશેષ અનુમોદન આપ્યું અને દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ એટલે રા. પોપટલાલભાઈ પોતાની ઉપપ્રમુખ તરીકેની બેઠક લીધી હતી.

ત્યારબાદ સેક્રેટરીએ સબ્જેક્ટ કમિટીના સભ્યોની નિમણૂંક કરી હતી.[૪૩]

બીજા દિવસે : તા : ૨૪/૦૧/૧૫ ને રવિવારે આ સમાજ આપણા ના. શહેનશાહ પંચમ જ્યોર્જ અને ના. મહારાણી મેરી તરફ સંયુક્ત ભક્તિભાવથી લાગણીથી જુએ છે. અને તેમનું દીર્ઘાયુષ્ય ઈચ્છે છે. અને ઈંસાફના ખાતર યુરોપના ચાલુ વિગ્રહમાં ઊતરવું પડ્યું છે. તેમાં તેમને જલદીથી સંપુર્ણ વિજય પ્રાપ્ત થાય તે માટે પરમેશ્વરને પ્રાર્થના કરે છે.

ઉપરોક્ત ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ પ્રમુખ દ્ધારા વાઈસરોય લોર્ડ હાર્ડિજના પુત્રના મરણ માટે આ સમાજ પોતાનો શોક પ્રદર્શિત કરે છે, અને તેમના તરફ દિલશોજી દર્શાવે છે, તે સંદર્ભે ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં અવ્યો હતો.

ના. સેના ખાસ ખેલ સમશેર બહાદુર શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ સરકારે "ફરજીયાત કેળવણી" તથા "બાળલગ્ન પ્રતિબંધક નિબંધ" ના કાયદા ઘડી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેથી આ સમાજ તેઓ શ્રીનું દીર્ઘાયુષ્ય ઈચ્છે છે. આ ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

પાટડીના જ્ઞાતિ શિરોમણી સ્વર્ગસ્થ દરબાર સાહેબના સ્વર્ગવાસથી આ સમાજ પોતાની ઊંડી લાગણી જાહેર કરે છે.

ઉપરોક્ત ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુંમતે પસાર થયો હતો.

પાટડીના જ્ઞાતિ શિરોમણી શ્રી દરબાર શ્રી દોલતસિંહજી સાહેબના તખ્તનશીન શુભ પ્રસંગને આ સમાજ ગણા આનંદથી અભિનંદન આપે છે.

ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

---

૪૨. મહેતા. કુંવરજી. વિ, **पटेलबन्धु**, પુસ્તક ૨, દિવાળીનો ખાસ અંક, પાટીદાર યુવક મંડળ, સુરત, ઈ.સ.૧૯૧૩, પૃ. ૩૧૮

૪૩. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૫, પૃ. ૩૭૧

"વિદ્યા વૃધ્ધિ અને કેળવણી"ની સંસ્થાઓના વિકાસ સંદર્ભે દરેક બંધુઓને આ સમાજ આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

આ ઠરાવ રા.હીરાલાલ વસંતદાસે રજૂ કર્યો હતો. તેને અનુક્રમે અછારણવાળા રા. મકનજીભાઈ તથા દેત્રાંજવાળા માસ્તર મોહનલાલ બાપુજી તથા અમદાવાદવાળા મિ. માણેકલાલ ગોવિંદલાલે અનુમોદન આપ્યું. અને ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.[૪૪]

"બાળલગ્ન પ્રતિબંધક નિબંધ"ની આઠમી કલમનાં 'ક' અપવાદ દૂર કરી સદરુહ નિબંધ સંપૂરણ રીતે આપણી જ્ઞાતિને લાગુ પાડવા નેક નામદાર સેના ખાસ ખેલ સમશેર બહાદુર શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ મહારાજને આ સમાજ આતુરતા પૂર્વક પ્રાર્થના કરે છે.
આ ઠરાવ પ્રમુખ સહબે રજૂ કરતાં તે સર્વાનુમતે પાસ થયાં હતા.

"ધાંગધ્રાના નામદાર રાજા સાહબે જ્ઞાતિના માણસો માટે પટેલ હાઉસ તથા બોર્ડિંગ હાઉસ કરવા માટે મફત જમીન આપી. પોતાની ઉદાર લાગણી દર્શાવી છે તે માટે આ સમાજ તે નામદારનો આભાર માને છે; અને ફરજેયાત કેળવણીનો તથા બાળલગ્ન અટકાવવાનો કાયદો કરવા તે નામદારને નમ્રતાપૂર્વક અરજ કરે છે."

આ ઠરાવ પ્રમુખ સાહેબે રજૂ કર્યો અને તે સર્વાનુમતે મંજૂર થયો હતો.

ના. ગાયકવાડ સરકાર, ના. વાંકાનેર રાજ સાહેબ ના. લીમડી ઠાકોર સાહેબ, વગેરે પોતાના રાજ્યમાં બાળલગ્ન અટકાવવાના કાયદા કરી આપણી જ્ઞાતિ પર મહાન ઉપકાર કર્યો છે. તે પ્રમાણે બાળલગ્ન અટકાવવાનો કોઈ કાયદો કરવા ના. ઈડર સરકારને આ સમાજ નમ્રતા પૂર્વક વિનતી કરે છે.

આ ઠરાવ પ્રમુખ સાહેબે રજૂ કર્યો, જે સર્વાનુમતે મંજૂર થયો હતો.

બાળ લગ્નના ચાલતા અયોગ્ય રિવાજ પ્રતિ આ સમાજ સંપૂર્ણ તિરસ્કારને દ્રષ્ટિથી જૂવે છે. અને તેને નાબૂદ કરવા દરેક બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

આ ઠરાવ આદ્રજવાળા પ્રા. ધનશા જેકળાદાસે રજૂ કર્યો તેને, સરઢવવાળા પ્રા. છગનલાલે તથા દેત્રાજવાળા પ્રા. મોહનલાલ બાપુજીએ અનુમોદન આપતા તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્રીજા દિવસે ૨૫/૦૧/૧૫ સોમવારે "ખેતીવાડીએ દેશના તથા આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો હોવાથી ગુજરાતી ભાષામાં ખેતીવાડીની કેળવણી આપણને ગુજરાતમાં કોઈ મધ્યસ્થ સ્થળે ખેતીવાડીની કોલેજ સ્થાપવા આ સમાજના સરકારને વિનતી કરે છે."

આ ઠરાવને ઉપલેટાવાળા કૃષિ ઉપદેશક રા. ગોકળદાસ કહાનજીભાઈએ રજૂ કર્યો તેને સરઠવાળા રા. છગનલાલ પિતામ્બરદાસે અનુમોદન આપ્યું અને તે પાસ થયો હતો.

---

૪૪. એજન પૃ. ૩૧૯

ત્યારબાદ પ્રમુખ દ્વારા "કન્યાવિક્રય"ની નાબૂદીના સંદર્ભનો ઠરાવ રજૂ થયો હતો. જે સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ પ્રમુખે : એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના નઠારા રિવાજને આ સમાજ વખોડી કાઢે છે. તે સંદર્ભનો ઠરાવ પસાર કર્યો હતો. જે સર્વાનુમતે પસાર થયો હતો.

આ વર્ષની પરીક્ષામાં નીચે મુજબ જ્ઞાતિના વિદ્યાર્થીઓના ઉચ્ચ કેળવણી લેતાં પાસ થયા છે. તેમને આ સમાજ અભિનંદન આપતો ઠરાવ સક્રેટરી મિ. પુરુષોત્તમદાસે રજૂ કર્યો હતો. જે સર્વાનુમતે પાસ થયો.

અતલસવાળા પા. શંભુપ્રસાદ ખોડીદાસ, પહેલી એલ.એલ.બી. અમદાવાદ.

અમીન રામચંદ્ર જમનાદાસ. ગોઝારિયા, પહેલા વર્ષની આર્ટ. પી.ઈ. પરીક્ષા

પા. મણિલાલ, અમદાવાદ. મેટ્રીક.

મિ. માણેકલાલ ગોવિંદલાલ, અમદાવાદ. મેટ્રીક.

પા. બાપુલાલ વિઠ્ઠલદાસ ગામી, પાટણ. મેટ્રીક.

પા. બી. કે. પટેલ, સીથાણ. મેટ્રીક.

પા. કાનજીભાઈ શિવલાલ, ચાણસ્મા. મેટ્રીક.

દે. હીરાભાઈ રણછોડભાઈ, પાટડી. મેટ્રીક.

પા. ગણેશભાઈ હરજીવનદાસ, ગુંજાળા. સ્કૂલ ફાઈનલ.

મરણ પાછળનાં જમણો શાસ્ત્રોક્ત તેમજ નીતિ વિરુધ્ધ અને ખર્ચાડ હોવાથી તેનો બને તે રીતે અટકાવ કરવા તથા રડવા કુટવાના હાસ્યજનક રિવાજને પણ નાબૂદ કરવા આ સમાજ સઘડા જ્ઞાતિ બંધુઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

આ ઠરાવ દેસાઈ કાળીદાસ હરજીવનદાસે રજૂ કર્યો અને તેને અછારવાળા રા. મકનજીવાભાઈએ અનુમોદન આપ્યા બાદ આ ઠરાવની પૂર્તિમાં ધાંગધ્રાવાળા દેસાઈ અમરસિંહજીએ મરણ પાછળનાં જમણો, વગેરેના કેવા ભયંકર પરિણામ લાવે છે. તેનો આબેહૂબ હૃદયભેદક ચિતાર આપવા "માધના પિતાનું પ્રેત ભોજન" નામક આખ્યાન રજૂ કર્યું હતું. સમાજનું ત્રણે દિવસનુ કામ કુનેહથી સંતોષકારક રીતે ચલાવવા માટે તથા પોતાના કીંમતી વખતનો ભોગ આપી પધારવા માટે આ સમાજ મે. પ્રમુખ સાહેબ રા. જેઠાલાલભાઈ તથા મે. ઉપપ્રમુખ સાહેબ રા. પોપટલાલભાઈનો ઉપકાર માનતો ઠરાવ દેસાઈ કાળીદાસ હરજીવનદાસે રજૂ કર્યુ હતું.[૪૫]

અંતમાં પ્રમુખ સાહેબે પૂર્ણાહૂતિમાં સંક્ષિપ્તમાં વિવેચન કરી સમાજનું કામ પૂર્ણ થયેલ જાહેર કરી કુળદેવી શ્રી ઉમિયામાની જય ઘોષ વચ્ચે સભા વિસર્જન કરી હતી.[૪૬]

૪૫. એજન પૃ. ૩૨૩

૪૬. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૬, પૃ. ૩૭૨

૨.૮ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પાંચમો મહોત્સવ. ધાંગધ્રા.

તા. ૨૫,૨૬ અને ૨૭ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૫.

સમાજનો પાંચમો મહોત્સવ ઝાલાવાડ પ્રાંતના ના.મહારાજા રાજા સાહેબ શ્રી ઘનશ્યામસિંહજી બહાદુરના આશ્રય નીચે ધાંગધ્રા મુકામે મળ્યો હતો.

સુધારાના હિમાયતી એવા ના. રાજા સાહેબ તથા તેઓશ્રીના દીવાનજી સાહેબે બેઠકને લગતું ખર્ચ સ્ટેટ તરફથી આપવાની ઉદાર કૃપા દર્શાવી હતી.

ઉપરાંત ત્યાં કામ કરનારા કાર્યદક્ષ પુરુષોમાં મે. રતીલાલ સીતવાળા એકાઉન્ટંટ જનરલ, બાવળાની બેઠકના પ્રમુખ, મે. પોપટલાલ એલ.એલ.બી. સર ન્યાયાધિશ વિરમગામની બેઠકના ઉપપ્રમુખ દે. કાળીદાસ હરજીવનદાસ, વગેરે મુખ્ય હતા.[૪૭]

આ સમાજની બેઠકને બનતી રીતે ફૂળપ્રદ બનાવવા અને કૃષિ કરોની ઉન્નતિના હેતુસર ને. ના. રાજસાહેબે તથા ના. દીવાનજી પોતાના પાદરથી લખતર, વઢવાણ, વાંકાનેર, મોરબી, લીંબડી, ચુડા, સાયલા, પાટડી, બજાણા વગેરે સ્ટેટમાં પણ લખાવી ત્યાં વસતા કડવા કણબી જ્ઞાતિના આગેવાનોને આમંત્રણ આપ્યા હતા. જેથી ઝાલાવાડ અને બીજા જુદા જુદા સ્ટેટમાંથી ૫૯૬ સભ્યો તથા બીજા સ્ટેટ્ના પ્રેક્ષકો વગેરે મળી લગભગ બારસોથી વધુ વ્યક્તિ હાજર રહ્યાં હતા. અત્યાર સુધી નહિ અનુભવાયેલી સંખ્યાએ લાભ લીધો હતો. નવાજીન પ્રેસના વિશાલ કમ્પાઉન્ડમાં ત્રણ દિવસ લાભ લીધો હતો.

સન્માનકારિણી સભાના ચેરમેન મે. રતીલાલભાઈએ પોતાનું ભાષણમાં જણાવ્યું કે મહારાજા સાહેબે ધાંગધ્રા નરેશ શ્રીમાન ઘનશ્યામસિહજીએ સમાજ ભરવા સંદર્ભે સર્વાધીક મદદ કરી હતી. તે માટે તેમનું નામ "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક" સમાજના ઈતિહાસમાં સૂવર્ણ અક્ષરથી અંકિત કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે આપણી જ્ઞાતિનો પાંચમો મહોત્સવ છે. આજથી પાંચ છ વર્ષ પૂર્વે એટકે સમાજની ઉત્પત્તિ થઈ તે પૂર્વે આપણી કોમ તદ્દન અંધકારનાં અઘાત કૂવામાં પડેલી હતી. અને ઝેરના કીડાની માફક આપણે કેવી હાલતમાં અને કંગાલ જીંદગી જીવતા હતા. એ સમજવાનું પણ ભાન ન હતું. આ પાંચ વર્ષમં સમાજના સદ્દુપદેશથી આપણે સમજ્યાં, શિખ્યા કે અંધરાના ઊંડા કૂવામાં આપણે પડેલ છીએ એટલું જ નહિં પણ આપણે તેમાંથી બહાર નિકળવાનો રસ્તો શોધ્યો છે.

---

૪૭. મહેતા. કુંવરજી. વિ, **पटेलबन्धु**, પુસ્તક ૮ અંક. ૩, ઈ.સ. ૧૯૧૬, પૃ. ૩૭૨

અને બહાર નીકળવાને માટે ઘણાં બંધુઓ પ્રયત્ન કરે છે. કેળવણી સંદર્ભે વિચાર રજૂ કરતા જણાવ્યું કે "લાખો માણસોની સંખ્યાવાળી કણબી કોમમાં ફક્ત સાત કે આંઠ ગ્રેજ્યુએટ છે ! જ્યાં સુધી આપણામાં આપણી કોમની સંખ્યાના પ્રમાણમાં સારા વિદ્વાનો ન હોય ત્યાં સુધી આપણી અવદશાના કારણો આપણને કોણ બતાવી શકે ? અને જ્યાં સુધી આપણી અવદશાનાં કારણો આપણે જાણી શકીએ નહીં, ત્યાં સુંધી આપણે ઉન્નતિનાં માર્ગ શી રીતે ગ્રહણ કરી શકીએ ? ઉપરાંત તેમણે કન્યા કેળવણીની અગત્યતાનાં સંદર્ભે વિવેચન કર્યું હતું.૪૮

ઉપરાંત તેમણે કૃષિ સંદર્ભે કેળવણીની આવશ્યકતા, જરૂરિયાત, ઉપરાંત જણાવ્યું કે આપણી સ્થિત તદ્દ્ન કરુણાજનક અને શોચનિય છે કે તેનું કારણ બાળલગ્ન, જમણવાર વગેરે દૂષણો છે. તેમ તેમણે જણાવ્યું હતું.

ત્યારબાદ પારડીના દેસાઈ નારણસિંહજીએ વિરમગામના કુમાર શ્રી લાલસિંહજીભાઈ જે આઠ વર્ષથી સુધારાની રંગભૂમિ પર પોતાના તન, મન અને ધનના ભોગે ઘૂમી રહ્યા છે તેમને પ્રમુખ તરીકે પસંદ કરવા દરખાસ્ત મૂકી હતી. તેને અમદાવાદવળા શેઠ કેશવલાલ છક્કડસીએ અનુમોદન આપ્યું હતું. ત્યારબાદ. પ્રમુખ નીચે મુજબ ભાષણ શરૂ કર્યું હતું.

ભાઈઓ આ વખતે આપણી સમાજની પાંચમી બેઠક મળી છે. આજ સુધીમાં કોમ ને સુધારા અને કેળવણીની બાબતમાં શા શા લાભ થયા છે. તે ટુંકમાં દર્શાવવાની જરૂર છે.

સમાજની હિલચાલ શરૂ થયાં પહેલાં જ્ઞાતિના ચંચળ બાળકોને વિદ્યાર્થીગૃહના અભાવે આગળ અભ્યાસ ચલાવવામાં અનેક મુશ્કેલીઓ નડતી હતી. તે હવે વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ હાઉસ) અમદાવાદમાં સ્થાપના થવાથી દૂર થઈ છે. આ એક પહેલો લાભ છે.

બીજો લાભ એ થયો છે કે સ્વ. ના. પાટડી દરબારશ્રીની આગેવાની નીચે લગભગ રૂ. ૧૦૦૦૦૦ (એક લાખ)ના ફંડ સાથે શ્રી કડવા પાટીદાર હિતેચ્છક મહામંડળની સ્થાપના થઈ છે. અને તે દ્વારા કેળવણીની બાબતમાં જ્ઞાતિને લાભ મળવો શરૂ થયો છે.

ત્રીજો લાભ એ થયો છે કે, આપણી કોમમાં લગભગ બાર વર્ષ લગ્ન આવે છે. તે તેથી બાળ લગ્ન થાય છે. તે રિવાજમાં સમયને અનુસરીને સુધારો કરવાની આપણી જ્ઞાતિના મોટા ભાગની ઈચ્છા થઈ છે. અને દર પાંચ વર્ષે લગ્ન કરવાનો રિવાજ દાખલ થાય તો સારું. એમ કહેતા થયા છે.

ચોથો લાભ કરજ કરીને મરણ પાછળનાં કારજ કરવાં તે ઘણું જ ખોટું છે. એમ ઘણા ભાઈઓ સમજતા થયા છે.

પાંચમો લાભ એ છે કે આપણી સુધારાની હિલચાલે નામદાર ગાયકવાડ સરકાર તથા નામદાર ઝાલાવાડ સરકારની સહાનુભૂતિ મેળવી છે. આ પ્રમાણે સુધારાની હિલચાલથી મુખ્ય લાભ થાય છે. અને નાના લાભ તો અનેક થયાં છે. તેમ તેમણે જણાવ્યું હતું.

---

૪૮. એજન પૃ. ૩૭૫

વિશેષમાં તેમણે સુધારાનાં સંદર્ભે વિવેચન કરતા જણાવ્યું કે એકંદરે જોતાં જ્ઞાતિહિતની હિલચાલથી સારો લાભ થાય છે. પરંતુ જે ઉગ્ર સુધારકો છે. તેઓને કદાચ આ લાભ નજીવો લાગતો હશે. તેમજ જે દ્રઢ જૂના વિચારવાળા છે તેમને એથી કોમને નુકશાન થયું એમ પણ લાગતું હશે પરંતુ તે બંને ખોટા કહેવાય, કેમ કે સમયને અનુસરી ધીમા પણ મક્કમ સુધારાની જ હાલમાં જરૂર છે. કારણ જે વખતે રિવાજો પડેલા તે વખતે મુસલમાની રાજ આમલમાં હતો. અને તે સમયમાં તે રિવાજોની જરૂર ન હતી. પરંતુ જૂના વિચારવાળાઓએ ડહાપણ વાપરી સમયને ઓળખવાની જરૂર છે. અને નવા વિચારવાળાઓએ આકળા (ગુસ્સે) નહિ થતાં ધીમા પણ મક્કમ સુધારા કરાવવાની તેમજ જ્ઞાતિબંધુઓને તીખા નહિ પણ મીઠાં શબ્દોથી શુભ પંથે વાળવા પ્રયત્ન કરવાની જરૂર છે. તેમ સભા વચ્ચે સ્પષ્ટતા કરી હતી.૪૯

ઉપરોકત વિવેચન બાદ જ્ઞાતિ સુધારાના સંદર્ભે તેમણે સાત વિચારો રજૂ કર્યાં હતા. જેમકે,

૧) પહેલું પગથિયું : "બ્રહ્મચર્ય"

તે સંદર્ભે તેમણે જણાવ્યું કે બંધુઓ ! વીર્યનું રક્ષણ કર્યા સિવાય શરીરનું રક્ષણ થઈ શકતું નથી અને શરીરની મજબૂતી વિના ખેતી, વેપાર ધંધાનું રક્ષણ થઈ શકતું નથી. ખેતી આદિનુ રક્ષણ કર્યા સિવાય પોતાના કુટુંબનુ રક્ષણ થઈ શકતું નથી, પોતાના કુટુંબ આદિનું રક્ષણ કર્યા સિવાય મન શાંત રહી શકતું નથી અને મનની શાંતિ વિના મોક્ષ મળી શકતો નથી. જ્યારે મોક્ષ મળી શકતો નથી ત્યારે મનુષ્યજન્મ એળે જાય છે. તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ તેમણે કેળવણીની આવશ્યકતાના સંદર્ભે જણાવ્યું કે "બીજી કોમો કરતાં આપનામાં કેટલાક વિચિત્ર રિવાજો છે. તેનું કારણ બીજું કાંઈ નહિ, પણ આપણે અભણ છીએ તે જ છે. તો એ આપણે આળસનો ત્યાગ કરી આપણ બાળક-બાળકીઓને બની શકે તેટલી કેળવણી આપવા નિર્ણય કરવો જોઈએ અને તેમ થશે ત્યારે જ આપણે ફરજ બજાવી ગણાશે.

કૃષિ સબંધી વિવેચન બાદ તેમણે "કડવા પાટીદાર જ્ઞાતિ"ના યુવાનોમાં જોવા મળતા વ્યસનોના સંદર્ભે વિવેચન કરતાં જણાવ્યું કે વ્યસનની બાબતમાં જૂના વિચારવાળા તથા નવા વિચારવાળા બંને સરખા દૂષિત છે. કારણ કે જ્યારે જૂના વિચારવાળા જૂના પ્રકારના વ્યસનોમાં સપડાયા ત્યારે નવા વિચારવાળા નવા પ્રકારના વ્યસનોમાં સપડાયા છે. ભણેલા બીડી પીવે, અને વગર ભણેલા અફીણ પીએ, એ બંને ભૂલો સરખી ગણાય. વ્યસનની બાબતમાં તમામ વ્યસનવાળાઓએ શરમાવા જેવું છે. કારણ વ્યસન કરવાથી તન, મન અને ધનની ખરાબી થાય છે. તેમજ વ્યસનીની પદવી પ્રાપ્ત થાય છે. આશા છે કે દરેક જ્ઞાતિ બંધુઓ આ વાત લક્ષમાં લેશે અને વ્યસનના દુર્ગુણોથી પોતે દૂર રહી પોતાના બાળકોને પણ દૂર રાખશે.

૪૯. એજન પૃ. ૩૭૬

ત્યારબાદ વ્યાપાર હુન્નર અને ઉદ્યોગ સંદર્ભે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે જે જ્ઞાતિજનો કૃષિના ઉત્તમ ધંધામાં પડી ન શકે તેઓએ વ્યાપાર, હુન્નર અને પરચૂરણ ઉદ્યોગમાં પડવું જોઈએ અને તેમાં પણ ખંત રાખી સફળ થવા પ્રયત્ન કરવાં જોઈએ. સામાન્ય થાય એવો છે કે જો શુધ્ધ બુધ્ધિથી કોઈ પણ ધંધો કરવામાં આવે તો તેમાં પણ લાભ મળે છે.

ત્યારબાદ સંપ એકતાના સંદર્ભમાં કહ્યું કે ઉપરોક્ત પાંચે પગથિયાઓનું અનુસરણ કરીએ પરંતુ છઠ્ઠું પગથિયુ સાધ્ય ન કરીએ ત્યાં સુધી દરેક વિચાર નિરૂપયોગી છે. તેમ જણાવ્યું હતું. એટલે કે જ્ઞાતિના વિકાસ અને સુધારાના સંદર્ભે સંપ એ અતિઆવશ્યક પરિબળ તરીકે તેમણે જણાવ્યું હતું. સાથે સાથે ધર્મ સંદર્ભે વિવેચન કર્યું હતું.

આમ તર્ક વિતર્ક દ્વારા સમગ્ર ભૂમિકા સમજવી હતી અને ઉપરોક્ત વિચારોને ધ્યાનમાં લઈ જ્ઞાતિ સુધારાની પ્રવૃત્તિ કરવી તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ તેમણે કરજ કરી (દેવું) કારજ (જમણવાર) ન કરવા વિશે, તેમજ કન્યાવિક્રય સંદર્ભે સ્પષ્ટ અને સચોટ વિવેચન કરી તેના કારણો અને તેની અસરોની ચર્ચા કરી હતી.

ત્યારબાદ સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે સબ્જેક્ટ કમિટીના મેમ્બરોનું લિસ્ટ વાંચી સંભળાવ્યું હતું.[૫૦]

સબ્જેક્ટ કમિટીના મેમ્બરોનાં નામો રજૂ કર્યા પછી મે. પ્રમુખ સાહેબે પહેલાં દિવસનું કાર્ય સમાપ્ત થયેલ જાહેર કર્યું હતું.

રાત્રે દેસાઈ અમરસિંહજીએ મરણ પાછળનાં ભોજનો કેવાં હાનીકારક છે તેનો આબેહૂબ ચિતાર રજૂ કરવા માટે "પ્રેત ભોજનનું આખ્યાન" રજૂ કર્યું હતું.

બીજા દિવસે તા: ૨૬/૧૨/૧૫ રવિવારે મે. પ્રમુખ સાહેબે ઠરાવ રજૂ કર્યો કે આ સમાજ ના. શહેનશાહ પાંચમા જ્યોર્જ તથા શહેનશાહ બાનું મેરિનું દીર્ધાયુષ્ય ઈચ્છી બ્રિટીશ તાજ પ્રત્યેની પોતાની સંપૂર્ણ વફાદારી જાહેર કરે છે. અને ચાલતા યુરોપીય મહાવિગ્રહમાં ન્યાય અને નીતિના ખાતર તેમને ઊતરવું પડ્યું છે. તેમાં મિત્ર રાજ્યો સહ તેમને સત્વરે વિજય પ્રાપ્ત થાય તે માટે અંત: કરણપૂર્વક પરમાત્માને પ્રાર્થના કરે છે.

ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. આ સમાજને ના. ખુદાવીંદ રાજા સાહેબ શ્રી ઘનશ્યામસિંહજી બહાદુરનું દીર્ધાયુષ્ય ઈચ્છે છે. અને સ્ટેટના ખર્ચે સમાજને અત્રે બોલાવવા બદલ માનવપત્ર આપવાનો ઠરાવ કરે છે.

આ ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયાં હતા.

૫૦. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૭, પૃ. ૩૭૪

ના.સેના ખાસ ખેલ સમશેર બહાદુર શ્રીમંત સરકાર સર સયાજીરાવ ગાયકવાડે, મફત ફરજિયાત કેળવણી તથા બાળલગ્ન પ્રતિબંધક નિબંધના કાયદા ઘડી આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેથી આ સમાજ તેઓ નામદાર શ્રી નું દીર્ઘાયુષ્ય ઈચ્છી તેઓ નામદાર સાહેબને બાળલગ્ન પ્ર.નિ.ની ૮ મી કલમ 'ક' અપવાદ રદ કરવા આતુરતા પૂર્વક વિનંતી કરે છે.[૫૧]

આ ઠરાવ પણ મે. પ્રમુખે રજૂ કરતા સર્વાનુમતે પસાર થયો હતો.

ધાંગધ્રા સ્ટેટના દીવાનજી મહેરબાન માનસિંહજીભાઈએ આ સમાજ સ્ટેટના ખર્ચે ભરવા બદલ માન પત્ર આપવાનો આ સમાજ ઠરાવ કરે છે.

બાળલગ્ન વિષે રા. રા. પોપટલાલ શિવલાલ. એલ.એલ.બી. સર ન્યાયાધિશ ધાંગધ્રાવાળાએ ઠરાવ રજૂ કર્યો હતો. અને જણાવ્યું હતું કે, આપણા ભોળા હૃદયના અને સરળ બુધ્ધિના બંધુઓ મનને સહજમાં અસર કરનાર સ્વાર્થ લંપટ પણ અક્કલવાન દીર્ગદર્શી બ્રાહ્મણોએ આવી વિચિત્ર લગ્ન પધ્ધતિ કલ્પી કાઢી અને આપણી પધ્ધત્તિ માટે અને ઉન્નત્તિ માટે માટે જૂઠા તર્ક ગપગોળા ચલાવી દેવ-દેવીઓને નામે બુધ્ધિ પૂર્વક તે સાચી માનવી આમ તર્ક વિતર્કની શક્તિના આભાવે આ પરિસ્થિતિ સર્જાઈ હતી, પરંતુ સમયાન્તરે "ધાર્મિક વિધિ" માન્યતાને લગતા પોકળો ખુલ્લા પાડ્યાં અને એકજ દિવસે લગ્ન થવાની વિચિત્ર અને અશાસ્ત્રીય અધર્મ પધ્ધત્તિજાહેર થઈ હતી.

આ લગ્ન પધ્ધત્તિના કારણે બાલલગ્ન થતાં, તેના કારણે જ ફૂલના દડાનો, બાંધ્યવરનો રિવાજ ઊભો થયો હતો. તે સંદર્ભે વિવેચન કર્યું હતું.

આ ઠરાવને અમદાવાદવાળા પ્રો. સ્વામીનારાયણે અનુમોદન આપતાં જણાવ્યું કે જ્યારે ઊંઝાના પટેલો બાળલગ્નનું ડુગડુગિયું વગાડે છે. ત્યારે તે નાચવા લાગે છે. તેમ જણાવ્યું હતું.

મૂળજીભાઈ જેઠાભાઈએ આ ઠરાવને વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે "તમો ખેડુતો રાજ્યના સ્તંભ છે, છતાં કંગાલ છો, કારણ કે, બાળલગ્ન એક જ તિથિ કરો છે. તેથી તમો બ્રહ્મચર્ય પાળી શકતા નથી. તેથી કન્યાવિક્રય અને વર વિક્રય બંને વધ્યાં છે. વિદ્યામાં પણ બીજી કોમો કરતાં ઘણાં પછાત છે, કારણ કે આપણામાં આઠ-દસ વિદ્વાનો જ છે. છૂટા લગ્ન માટે માતાજીનું બહાનું રજૂ કરવામાં આવતું હતું. પણ તમે જ લગ્ન કરતી વખતે ગમે ત્યારે ઊંઝા જઈ માતાજી પાસેથી રજા માંગી શકો છે. લગ્ન માટે શા વાસ્તે બીજા પર આધાર રાખવો પડે છે.

કોઈ કહે તો અમે કરીએ તેવા વાદ લેવાનીએ શી જરૂર છે. તે ઉપરાંત બાળલગ્નના દુષ પરિણામો સંદર્ભે તેમણે વિવેચન કર્યું હતું.[૫૨]

ઉપરાંત ઠરાવને વિશેષ અનુમોદન આપતાં બાવલાવાળા, પા. નાથાભાઈ છગનલાલે વિશેષ અનુમોદન આપ્યું હતું.

---

૫૧. એજન પૃ. ૩૮૦

૫૨. એજન પૃ. ૩૮૧

ઉપરોક્ત ઠરાવને રા. નગીનદાસભાઈ વ્રજલાલે તથા શેરથાવાળા પા. પુરુષોત્તમદાસ લલુભાઈએ જણાવ્યું કે, "આ અગત્યના વિષયમાં ઘણું કહેવાઈ ગયું છે. છતાં કહેવાનો મને ઊમંગ થાય છે. કે બાળલગ્નના નઠારા રિવાજોને નાબૂદ કરવાની વર્ષોથી આવશ્યકતા હતી. અને છે. પરંતુ તેને માટે વ્યવસ્થાપૂર્વક કાર્ય શરૂ કરવા કોઈ પણ ગામમાંથી હિલચાલ થઈ ન હતી. તેવા સમયે વિરમગામમાં જ્ઞાતિબંધુઓએ બાલલગ્નનો વિરોધ કરી છૂટાં લગ્નનો વિરોધ કરી છૂટાં લગ્ન કરી બતાવી એક ઉમદા દ્રષ્ટાંત રજૂ કર્યું હતું. તેમ તેમણે જણાવ્યું હતું."

આ ઠરાવને નારણપૂરવાળા પા. દ્વારકાદાસ સોમનાથ, તથા ટીક્કરવાળા. પા. શિવલાલ પીતાંબરદાસે વિશેષ અનુમોદન આપ્યું હતું.

આ ઠરાવ સંદર્ભે અમદાવાદવાળા રા. સોમનાથ હરગોવિંદદાસે 'બાળલગ્ન' અને તેના ખર્ચ સંદર્ભે દાખલા-દલીલ દ્વારા સુંદર વિવેચન કરવું હતું.

ચાણસ્માવાળા રા. કાનજીભાઈ પટેલે પાટીદારની ઉત્પત્તિ સંદર્ભે પ્રચલિત દંત કથાઓ સંદર્ભે જણાવ્યું કે **"આપણે પૂતલામાંથી ઉત્પન્ન થયાં છીએ તે વાતનો ગપગોળો ફૂટી ગયો છે. આપની ઉત્પત્તિ માટે તમો 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસનું પુસ્તક વાંચો તમને જણાશે કે આપણાં પૂર્વજો વિદ્યાને માન આપતા, ને પછી લગ્ન કરતા, નાનપણમાં ભણવું જોઈએ તે વયે પુંખી લેવાથી પછી ભણવાનું ને રળવાનું બે કામ સાથે થતાં નથી. માટે બાળલગ્ન બંધ કરવાં જોઈએ," ત્યારબાદ આ ઠરાવને સર્વાનુમતે પાસ થયેલાં મેં. પ્રમુખ સાહેબે જાહેર કર્યો હતો.**

આ સમાજ લખાણાં (છૂટા છેડા)ના શરમ ભરેલા અને ત્રાસદાયક નઠારા રિવાજ પ્રતિ સંપૂર્ણ તિરસ્કારની નજરથી જુએ છે.

ઉપરોક્ત ઠરાવ રજૂ કરતાં વાંકાનેરના પા. લક્ષ્મીચંદ દેવચંદે જણાવ્યું કે "છૂટા છેડાની વાતો બાળપણમાંથી ઘરમાં સાંભળી મોટા થયો હોય તો તેમાં શી નવાઈ ? વિશેષમાં જણાવ્યું કે અનેક સંકટમાં પણ અસલનો સ્ત્રી વર્ગ પતિથી વિમુખ થતાં નહી, પત્ની સિવાય પતિ કાંઈ ધાર્મિક કાર્ય કરી શકતો નથી. પણ આપણામાં ગૃહિણીઓજ ક્યાં છે ? અને ગૃહો પણ ક્યાં છે ? અંગ્રેજીમાં કહેવત છે કે

"We have no wives but women; We have no homes but houses," એમાં અક્ષરે અક્ષરે સત્ય છે. જ્યારે ઘર કે ગૃહિણી નથી ત્યાં ગૃહ સંસારનું સુખ ક્યાંથી મળે ? વહુ સમજણી થઈ એકાદ-બે આણાં સાસરે ગઈ ને સાસું સાથે ન બન્યું, કે પોતાના વર સાથે ના બન્યું કે પછી ઘરમાંથી ગમે તેની જોડે ન બન્યું કે સમયાન્તરે છૂડાછેડા થવાના, આ લક્ષણોથી કદી ઉચ્ચ સ્થિતિ પામી શકાય નહીં. શું સ્ત્રીઓના આત્મસંતોષ રહી શકે ? મનુ ભગવાન કહે છે કે "યત્ર નાર્યસ્યું પૂજ્યંતે તત્ર રમન્તે તત્ર દેવતા." જ્યાં સ્ત્રીઓનું સન્માન હોય છે તે ઘર દેવ મંદિર સમાન હોય છે." તેમ તેમણે 'બાળલગ્ન' અને છૂટાછેડા તથા તત્કાલિન સમયની સ્ત્રીઓની સ્થિતિ સંદર્ભે વિવેચન કર્યું હતું.[૫૩]

૫૩. એજન પૃ. ૩૮૩

આ ઠરાવને બાવળાવાળા પા. પુરુષોત્તમદાસ લલ્લુભાઈએ અનુમોદન આપતા જણાવ્યું હતું કે "છેડાછૂડાએ ગંભીર સ્થિતિનું સર્જન કર્યું હતું. કેટલાંક કહેવાતા કુલીનો સ્ત્રીઓના નાના દોષને મોટા ગણી પૈસા લેવાને ખાતર હેરાન કરે છે. પૈસા લઈ છૂટકા આપે છે. કેટલાક તો એક, બે, ત્રણ અને ચાર ચાર સુધી છૂટકા આપે છે. અને તેના પૈસા લઈ જાણે ગુજરાન ચલાવે છે. તેવા કસબ કરે છે. આપના એક ઢોરને વેચવા જેટલો વિચાર થાય છે. તેટલો વિચાર પોતાની સ્ત્રીને છોડતા કરતાં નથી.

આ બધી સમસ્યાઓન કારણો જ ખાનદાન બાળાઓ અકળાય છે, અને આત્મહત્યા કરવા પ્રેરાય છે. કોઈ કૂવામાં પડે છે તો કોઈ હઠીભાઈની વાડીના કૂવે પડે છે. તો કોઈ ઝેર ખાઈ મરે છે. આમ સમાજમાં તત્કાલિન સ્ત્રીઓની સ્થિતિ અને તેના કારણો વગેરે સંદર્ભે વિવેચન કર્યું હતું. "ગામડાના માણસોને જલદીથી સુધારી શકાય છે. પણ સ્વાર્થી, કુલાભિમાનીઓને સમજાવવા બહુ મુશ્કેલ છે. તેમ જણાવ્યું હતું."

ઉપરોક્ત ઠરાવને ભીમગઢવાળા પા. છગન કલ્પાણભાઈ, તથા અમદાવાદવાળા રા. નગીનદાસે અનુમોદન આપ્યા બાદ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"કન્યા વિક્રય" ના સંદર્ભે ઠરાવને ઉપલેટાવાળા ગોકળદાસ કહાનજીભાઈએ આનુમોદન આપતા કન્યા વિક્રયને બંધ કરવા પ્રતિજ્ઞા લેવા સંદર્ભે વિવેચન આપ્યું હતું. આ ઉપરથી કાઠિયાવાડના કેટલાક પટેલોએ પ્રતિજ્ઞા લીધી હતી.[૫૪]

મરણ પાછળના જમણો શાસ્ત્ર વિરુધ્ધ, અપયુક્ત, અતિ ખર્ચાળ અને દુર્દશા એ પહોંચાળનાર હોવાથી તેને નાબૂદ કરવા સઘળા જ્ઞાતિબંધુઓને આગ્રહ પૂર્વક ભલામણનાં સંદર્ભે ઠરાવ કર્યો હતો.

સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસ લલ્લુભાઈએ જણાવ્યું કે મરણ પાછળના જમણને "કાંધીઆ" કહે છે, મરનારને સ્મશાનભૂમિ સુધી ઉપાડી જનારાં માણસો પ્રત્યે મરનાર ઋણી થાય છે, તે ઋણમાંથી મુક્ત કરવા તેને કાંધે ઉઠાવી જનાર કાંધીયાને ભોજનાદિથી તૃપ્ત કરવામાં આવતા તેમાંથી કાંધીયાના જમણના દિવસે પોતાનું કુટુંબ તથા ગામમાં રહેતી દીકરીઓ, ભાણેજો પણ હોય. પછી ઉદારતાથી કરે તો દુરના સગાં પણ હોય, ત્યાર પછી સ્નેહીઓ ત્યાં બેસતા હોય તેમના સંતાનો હોય. ક્યારે મરનાર વૃધ્ધ હોય તો પોતાના સ્નેહીઓને મોટા વિસ્તારમાં કહેવાનો ધારો પડ્યો અને વધતાં વધતાં આજે આવા અતિ ખર્ચાળ ઊંમર ભરની કમાઈ તાણી જનાર યા વંશ પરંપરાના દેવામાં ડુબવનાર "વરા"નો ધારો પડી ગયો. વિશેષમાં આ કુરિવાજના સંદર્ભમાં જણાવતા કહ્યું કે, હવે મરનારનું તો બિચારાનું માત્ર નિમિત જ ગણાય છે. લ્હાણનો ગડદો લેવોં ન દેવો એવું છે. જમણ કરનાર કહે છે કે મરનાર બિચારો શું પામી ગયો ? તે પામવા જમાડવામાં

૫૪. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૮, પૃ. ૩૭૮

આવે છે. જમનાર કહે છે કે શું છે ? ક્યાં ન્યાલ કરે છે ? અરે ભાઈઓ ! જુઓ આ લ્હાણનો ગદદો ! ક્યાં રહ્યું હવે પામવા – પમાડવાનું. થયો વ્યવહાર ! આમ મરણ પાછળના જમણની સમગ્ર ઐતિહાસિક ભૂમિકા સંદર્ભે તેમણે વિવેચન કર્યું હતું.[૫૫]

આ ઠરાવને ઉપલેટાવલા રા. ગોકળદાસએ અનુમોદન આપતા જણાવ્યું કે "જીવતા મા-બાપને મારે છે ડંડા ને મૂઆ પછી પહોંચાડે છે ગંગા. જીવતા પાસેર ઘીનો શીરો ખવડાવે નહિ ને મૂઆ પછી તેને પમાડવા ઘીની રેલ ચલાવી નાત જમાડી ! શું તે પામનાર છે. ? મરણ પાછળના જમણવાર સંદર્ભે પોતાના વિચારો રજૂ કરતા, તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ પ્રમુખ સાહેબે, વિદ્યા એ ઉત્તમોત્તમ શક્તિ હોવાથી નામદાર ગાયકવાળ સરકારે પોતાના રાજ્યમાં જેમ પ્રાથમિક કેળવણી મફત અને ફરજિયાત કરી આમારી જ્ઞાતિને ઉન્નતિના માર્ગ તરફ દોરી છે, તેવી જ રીતે નેક નામદાર ખુદાવિંદ મહારાજ સાહેબ શ્રી ઘનશ્યામસિહજી બહાદુરને પોતાના રાજ્યમાં ફરજિયાત કેળવણીના કાયદો કરવા આ સમાજ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરતો ઠરાવ રજૂ કર્યો હતો. જે સર્વાનુમતે પસાર થયો. હતો.

ત્રીજા દિવસે તા. ૨૭/૧૨/૧૫ સોમવાર "વિદ્યા એ ઉત્તમ શક્તિ છે" તે પ્રાપ્ત કરવા સમાજ આગ્રહ પૂર્વક વિનંતી કરે કરતો ઠરાવ રજૂ થયો હતો.

આ ઠરાવ સંદર્ભે રા. જેઠાલાલભાઈ સ્વામીનારાયણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેમકે આ વર્ષ મેટ્રિકના પરિણામમાં પટેલોના મેં બહું નામ જોયાં ત્યારે મને આનંદાશ્ચર્ય થયું કે ઓ હો હો ! મારા જ્ઞાતિભાઈઓ ખૂબ ભણવા લાગ્યા પણ તપાસતાં જાણ્યું કે તેમાં ૯૯ ટકા તો આપણા લેઉઆ બન્ધુઓનાં નામ હતા. વધુમાં તેમણે જણાવ્યું કે પહેલાં વિદ્યા ભણો પછી ધન કમાઓ અને પછી લગ્ન કરવા; પરંતુ આપણે તો લગ્ન કર્યા પછી છોકરાને ભણવાનું કહીએ છીએ. આમ સમાજમાં બાળકોને ક્યારે અને કઈ રીતે શિક્ષણ પ્રાપ્ત કરવું, તે સંદર્ભે કયા કયા અવરોધ હોઈ શકે તે બાબતે તેમણે વિવેચન કર્યું હતું.

ઉપરોક્ત ઠરાવ સંદર્ભે રા. મુળજીભાઈ જેઠાભાઈ, દેસાઈ ચીમનલાલ ભાવસિંહજી વગેરેએ અનુમોદન આપતા ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઉપરાંત વ્યસનમાંથી મુક્ત થવાના સંદર્ભે ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ મરણ પાછળ રોવા-કૂટવાના શાસ્ત્ર વિરુધ્ધ રિવાજ તરફ અણગમો જાહેર કરી તેને બને તે રીતે ઓછો કરવા દરેક જ્ઞાતિબંધુને ભલામણ કરતો ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતા સર્વાનુમતે પસાર થયો હતો.

ઉપરાંત જ્ઞાતિમાં ઉચ્ચ કેળવણી લઈ પાસ થનાર જ્ઞાતિબંધુઓને અભિનંદન આપતો ઠરાવ. પ્રમુખ દ્વારા રજૂ થયો હતો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ વ્યક્તિઓના નામ નીચે મુજબ છે.

---

૫૫. એજન, પૃ. ૩૮૪

રા. શંભુપ્રસાદ ખોડીદાસ અતલસવાળા. બી.એ. એલ.એલ.બી. અમદાવાદ.

રા. અમૃતલાલ હરજીવનદાસ ભાવનગર. એમ.બી.બી.એસ. ભાવનગર.

રા. વિઠ્ઠલદાસ ભીમજીભાઈ બી. એ.

મિ. વ્રજલાલ ગીરધરલાલ, મેટ્રિક શાહપુર (જૂનાગઢ)

મિ. ગોવિંદલાલ ત્રિકમલાલ મેટ્રિક અમદાવાદ.

મિ. જેઠાલાલ ચુનીલાલ મેટ્રિક અમદાવાદ.

મિ. આત્મારામ નારણભાઈ મેટ્રિક અમદાવાદ.

ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

લગ્ન પ્રસંગે કન્યા પક્ષ પાસેથી ફરજિયાત રકમ લેવાના રિવાજ વિરુધ્ધ આ સમાજ તિરસ્કારની દ્રષ્ટિ રાખતો ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતા સર્વાનુમતે પસાર થયો હતો.

એક સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલા બીજી સ્ત્રી કરવાના નઠારા રિવાજોને આ સમાજ વિરોધ કરતો ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

ત્યારબાદ પ્રો. સ્વાનીનારાયણે લગ્ન, કૃષિ સંદર્ભે પ્રાસંગિક વિવેચન કર્યું હતું. ત્યારબાદ, મિ. પુરુષોત્તમદાસ સેક્રેટરીએ જણાવ્યું કે 'બાળલગ્ન' 'કન્યા વિક્રય' 'લખાનાં' વગેરે અધમ રિવાજોને તજવા યુવક વર્ગ ઉત્સુક છે. પણ આગેવાનોની વિરુધ્ધતા આડે આવે છે., તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ સભામાં ઉપસ્થિત એવાં ના. મહારાજશ્રી રાજા સાહેબને સભા તરફથી માનપત્ર આપવામાં આવ્યા હતા. જે સંદર્ભે તેમને પ્રત્યુત્તર આપતા તત્કાલીન સમયમાં કૃષિની સ્થિતિ તથા સામાજિક રીત રિવાજોના કારણે જે આર્થિક નુકશાન થયું હતું તે સંદર્ભે તેમણે વ્યાખ્યાન આપ્યું હતું..

તેજ રીતે દીવાનજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. તેના પ્રત્યુત્તરમાં તેમણે ખેડુતોની અર્થકરણમાં ભાગીદારી તથા કન્યા વિક્રય, કેળવણી વગેરે સંદર્ભે વિવેચન કર્યું હતું.[૫૬]

ત્યારબાદ વ્યવસ્થાપક મંડળ તથા સ્વયંમ સેવકોના કાર્ય બદલ આભાર પ્રગટ કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

અંતે પ્રમુખ દ્વારા પ્રાસંગીક વિવેચન કરતા જણાવ્યું કે જ્ઞાતિહિત માટે જરૂરી છે કે, જેટલા ઠરાવો થયા તેને આમલમાં મૂકવા તથા વિશેષમાં કચ્છ અને માલવાથી પધારેલ જ્ઞાતિ બંધુઓને ધન્યવાદ આપતાં, મિ. પુરુષોત્તમદાસે સભા વિસર્જન થયેલ જાહેર કરી હતી.

૫૬. એજન, પૃ. ૩૮૮

૨.૯ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ છઠ્ઠો મહોત્સવ પાદરા.

તા. ૩૦, ૩૧ ડિસેમ્બર ૧૯૧૬ તથા ૧ લી જાન્યુઆરી ઈ.સ. ૧૯૧૭, શનિ, રવિ અને સોમ

જ્ઞાતિબંધુઓની સાર્વાંગીક સ્થિતિ સુધારવા તત્કાલિન સમય કરતા ૮ વર્ષ પહેલા સ્થપાયેલ સંસ્થા દ્વારા જ્ઞાતિમાં પ્રચલિત નઠારા રિવાજો નાબૂદ કરવા, જન સ્વભાવમાં કેળવણીનો પ્રચાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સવંત ૧૯૬૭ની સાલમાં વડોદરા મુકામે સભા મળી હતી. તેના છ વર્ષ પછી તેજ પ્રદેશના પાદરા ગામ મુકામે જ્ઞાતિના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.[૫૭]

ઘણા વર્ષથી પ્રચલિત સંકૂચિત રિવાજોને નિર્મૂળ કરવા જ્ઞાતિ શુભેચ્છકોએ સતત પ્રયાસ કર્યા હતા. તેથી જ પ્રચલિત રિવાજોની વસ્તુસ્થિતિથી પ્રજા સમુહને વાકેફ કરવાની સતત જરૂરિયાત હતી.

ઉપરોક્ત વર્ણનના સંદર્ભે સેક્રેટરી પુરુષોત્તમદાસ લલ્લુભાઈએ જણાવ્યું કે “બંધુઓ ! આપણે આટલું પણ કાર્ય કરવામાં કેટલું કેટલું સહન કર્યું છે ? વૃધ્ધાવસ્થા વાસ્તે લક્ષ્મી જમાવી રાખવાનો યુવાનીનો આપણો અમૂલ્ય અવસર જ્ઞાતિની હૈયા વરાળ કાઢવામાં વિતાવીએ છીએ; તેમણે જણાવ્યું કે અજ્ઞાન લોકોની દ્રષ્ટિમાં કલહ-કુસંપ કરનારા લેખાઈએ છીએ પરંતુ યશ, અપયશનું જમા ઉધાર પાંસુ કીરતારના દરબારમાં જોવાશે એ નક્કી છે. તેમ સભામાં ઉપસ્થિત સભ્યોને નવીન વિચારોથી વાકેફ કરી, તેમ કરવા જણાવ્યું હતું.

સમાજનો છઠ્ઠો મહોત્સવ વડોદરા પ્રાંતમાં વસતા કડવા પાટીદારોના સત્તવીશના નામે. ઓળખાતા ગોળમાં ઉપરોક્ત તારીખે, આમદાવાદના સુપ્રસિધ્ધ લશ્કરી કુટુંબના શેઠ દુર્ગા પ્રસાદ શંભુ પ્રસાદના પ્રમુખ પદે મળ્યો હતો. સભામાં કચ્છ અને માળવાનાં બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ વિશેષ ધ્યાન સૂચન બાબત તે હતી કે સભામાં સ્ત્રીઓની ઉપસ્થિતિ તથા તેમના માટે અલગ બેઠક વ્યવસ્થા હતી.

ત્યારબાદ રિસેપ્શન કમિટીના પ્રમુખ. પા. તુલજાભાઈએ પ્રસંગોચિત પોતાનું વક્તવ્ય રજૂ કરતા જણાવ્યું હતું કે,

સભાના પ્રમુખ તરીકે અમદાવાદવાળા શેઠ દુર્ગાપ્રસાદભાઈ સંદર્ભે દરખાસ્ત રજૂ કરી હતી. આ દરખાસ્તને અનુમોદન આપતા સમાજમાં સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે જણાવ્યું કે,

૫૭. મહેતા. કુંવરજી. વિ, **पटेलबन्धु**, પુસ્તક ૯, અંક. ૪ ઈ.સ. ૧૯૧૭ પૃ. ૧૦૧

જ્ઞાતિની ઉન્નત્તિ માટેના સમાધાન માટે તેઓશ્રી ના પિતામહ સ્વ. શેઠ બેચરદાસ લશ્કરીએ પ્રયત્નો કરેલા, અને તે મહાયજ્ઞ ૫૦ વર્ષ પર આરંભ્યો અને પોતાની જિંદગી સુધી તેને ચલાવ્યો હતો. તેમના પછી તેમના પુત્ર અને સ્વ. શેઠ શંભુ પ્રસાદે પણ હિલચાલને કાર્યરત રાખી હતી; તેમના સ્વર્ગવાસ પછી એ હિલચાલ શેઠ સાહેબના ફુવા, શેઠ કેશવલાલે જાળવી રાખી હતી. ઉપરાંત તેમણે જણાવ્યું કે ઉપરોક્ત સમાજ સુધારાના વારસામાં વર્તમાન પ્રમુખ પણ બે-ત્રણ વર્ષથી જ્ઞાતિ સેવાના યજ્ઞમાં પ્રવૃત્ત છે. જેથી તેઓએશ્રીને પ્રમુખ પદે સ્વીકારવા મુકાયેલ સરખાસ્તને હું અનુમોદન આપું છું. તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ પ્રમુખે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉપરાંત ચાલુ વ્યાખ્યાનમાં વડોદરાનાં મે. સૂબા સાહેબ માણેકલાલભાઈ. એમ. એ પધાર્યા હતા. તેમણે પણ સભાને ઉદ્દેશીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ પ્રમુખે જણાવ્યું હતું કે “વર્તમાન સમય કેળવણીનો છે, તેમણે વિશેષમાં જણાવ્યું કે આપણે જાણવું જોઈએ કે “ On charday baging at homes” ધર્માદાનાં અને બીજા-ત્રીજા રસ્તે આપણું ધન તણાઈ જાય છે. પરંતુ તે બધાનાં જ્ઞાતિ ઉધ્ધાર માટે વિધ્યા ભણાવવા આપણે કરવો જોઈએ ઉપરાંત તેમણે જણાવ્યું કે ના. મહારાજ સાહેબ ફરજિયાત કેળવણી અને બાળલગ્ન પ્રતિબંધક એ બે હકારાત્મક પગલાં ભર્યા છે. જેના શુભ પરિણામો ભવિષ્યમાં પ્રાપ્ત થશે. ઉપરાંત ફરજીયાત દંડમાંથી પાંચ ટકા બાદ જતાં બાકીના ૯૫ ટકા તેઓના મહારાજાશ્રીએ કેળવણીમાં વાપરવાનો ઠરાવ કર્યો છે. ત્યારબાદ તેમણે બાળલગ્નના દુષ પરિણામો સંદર્ભે વિવેચન કર્યા બાદ પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું.”[૫૮]

ત્યારબાદ ધારાસભાના સભાસદ રા. રા. વ્રજભાઈ વાઘજીભાઈ પટેલે પણ સમયાંચિત ઉપદેશ આપ્યો હતો. તેમણે ‘બાળલગ્ન’ હટાવવા માટે મારાથી બનતા પ્રયત્નો ધારા સભામાં કરીશ. ઉપરાંત બાળલગ્ન નાબૂદીની ઝૂંબેશ માટે સુબા સાહેબે “બાળલગ્ન નિષેધક મંડળ”ની રચના કરી છે તેમાં તેમને સભ્ય થવા હું તમને આમંત્રન આપ્યું છે; તેમ જણાવ્યું હતું.[૫૯]

અંતે સેક્રેટરી નીચે મુજબના સબજેક્ટ કમિટીના નામો જણાવ્યાં.

દ્વિતીય દિવસે, તા.૩૧, ૧૨, ૧૬ ના રોજ પ્રમુખ દ્વારા ને. ના. શહેનશાહ પાંચમા જ્યોર્જ અને શહેનશાહબાનું. મેરીનું દીર્ઘાયુષ્ય ઈચ્છી; બ્રિટીશ તાજ પ્રત્યેની પોતાની સંપૂર્ણ વફાદારી જાહેર કરે છે. તે વો પ્રથમ ઠરાવ, ત્યારબાદ ને. ના. સેના ખાસખેલ સમશેર બહાદુર શ્રીમંત સરકાર સર સયાજીરાવ મહારાજે ફરજીયાત કેળવણી, તથા “બાળલગ્ન પ્રતિબંધક નિબંધ” ના કાયદા સંદર્ભે ઉપકાર માનતો, ઠરાવ પ્રમુખ દ્વારા રજૂઆત થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

૫૮. એજન, પૃ. ૧૦૩

૫૯. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૧૯, પૃ. ૩૮૦

ત્યારબાદ બાળલગ્નના અદ્વિતીય નઠારા રિવાજ પ્રતિ આ સમાજ સંપૂર્ણ તિરસ્કારની નજરથી જૂએ છે. અને તેને દરેક રીતે નાબૂદ કરવા સઘળા જ્ઞાતિ શુભેચ્છકોને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

આ ઠરાવ વડોદરા જેલ સુપ્રરિન્ટેન્ડેન્ટ ડૉ. ધનજીશાહે રજૂ કર્યો હતો. ઉપરાંત તેમણે બાળલગ્નની સમસ્યાના સંદર્ભમાં "બાળલગ્નની બદી નામનું પુસ્તક પણ લખેલું હતું."૬૦

ઉપરોક્ત ઠરાવને કડીવાળા ધનશા, જેકરદાસ પટેલે અનુમોદન અપતા પોતાના વિચારો રજૂ કર્યા અને જણાવ્યું કે "આપણી નિર્બળ આર્થિક પરિસ્થિતિ માટે બાળલગ્ન જવાબદાર છે. તેમ જણાવ્યું હતું. આ ઠરાવને સરઢવના પા. છગનલાલ પીતાંબરદાસે, તથા આસંસ્થાના પા. નાથાલાલ છગનલાલે વિશેષ અનુમોદન આપ્યું હતું."

આ ઠરાવને અંતે અનુમોદન આપતા સમાજના સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે "બાળલગ્ન'ના સંદર્ભે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા તત્કાલિન સ્થિતિનો તુલનાત્મક રીતે અભ્યાસ કરી, બાળલગ્ન શાસ્ત્ર વિરુધ્ધ છે તેમ જણાવ્યું હતું. ઉપરાંત પિતા અને બાળકોના સંબંધમાં સુબોધક વ્યાખ્યાન આપતા જણાવ્યું કે,

"બંધુઓ ! તમને પ્રભુએ બાળકોના પિતા કર્યા એટલે શું તે તમારી ખાનગી મિલકત થઈ ગઈ કે ? ના, જેમ, એક ગૃહસ્થ પોતાની મિલકતનું વીલ કરી આબરુદાર સારા માણસને તેનો ટ્રસ્ટી બનાવી સોપે છે; તેમ તમને પ્રભુએ પોતાના બાળકો રૂપ મિલકત સારા માણસ ધારી વહીવટ કરવા સોંપી છે. તેને તમારા મમત્વને ખાતર જો દુરુપયોગમાં વાપરશો, તો પ્રભુના ટ્રસ્ટનો ભંગ કર્યાનું મહપાપ લાગશે, જેના પરિણામે પુનર્જન્મમાં વાંઝિયા થવું પડશે. આમ બાળકો પ્રત્યે પિતાની ફરજના સંદર્ભે તેમણે વિવેચન કર્યું હતું.૬૧

ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનના પ્રત્યુત્તરમાં મે. ન્યાયમંત્રીએ જણાવ્યું કે, બાળલગ્ન પ્રતિબંધક નિબંધમાં જે 'ક' અપવાદ મૂકવામાં આવ્યો છે. જે. તમો એવી માગણી કરશો કે તેવો અપવાદ દૂર થાય તો. ના. મહારાજસાહેબ તે અરજ સ્વીકારશે; અને 'ક' અપવાદ નાબૂદ કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

અંતે સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે સ્વમાજ તરફથી મે. ન્યાયમંત્રી, તથા ડો. ધનજીશાહે વગેરેની હાજરીના સંદર્ભે "અંત:કરણ પૂર્વક આભાર માન્યો હતો.

આ ઠરાવને પ્રમુખ સાહેબે સર્વાનુમતે પાસ થયેલ જાહેર કર્યો હતો.

---

૬૦. એજન, પૃ. ૧૦૪
૬૧. એજન, પૃ. ૧૦૫

આ સમાજ બાળલગ્ન પ્રતિબંધક નિબંધની ૮ મી લકમનો 'ક' અપવાદ દૂર કરી સદરહુ ધારો અન્ય જ્ઞાતિઓની માફક આપણી જ્ઞાતિએ પણ સંપૂર્ણ રીતે લાગુ કરવા, તથા પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી બેઠકના ઠરાવ પ્રમાણે; છઠ્ઠી બેઠકમાં પણ ને. ના. શ્રીમંત સરકાર સર સયાજીરાવને આતુરતા પૂર્વક પ્રાર્થના કરે છે.

આ ઠરાવ પ્રમુખ દ્વારા રજૂ થતા સર્વાનુમતે પસાર થયો હતો.

આ સમાજને ના. ધાંગધ્રાના મહારાજ શ્રી ઘનશ્યામસિંહજી બહાદુરને 'બાળલગ્ન', 'કન્યા વિક્રય', 'લખાણા', 'દેવું કરીને જમણ', 'વરા' વગેરે એ કડવા પાટીદાર સમાજની પાયમાલી કરી રહેલા રિવાજને નાબૂદ કરી કેળવણી ફરજીયાત કરવા, ગઈ બેઠક વખતે માનપત્ર દ્વારા કરેલી અરજ પ્રમાણે કાયદા ઘડવાને આતુરતા પૂર્વક પ્રાર્થના કરે છે.

આ ઠરાવ ઉપરાંત, કન્યા વિક્રયની નાબૂદીનાં એક ઉપર બીજી સ્ત્રી નહિ કરવાનો લગ્ન કરતા વર કન્યાની ઉંમર નક્કી કરતો અને વિશેષમાં સ્વતંત્ર રીતે લગ્ન કરનારા સાચા શુભેચ્છકોને ધન્યવાદ આપવા, વગેરે ઉપરોક્ત ઠરાવો પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયા હતા.

કેળવણીના સંદર્ભમાં ઠરાવના અનુમોદનમાં ભરુચવાળા રા. ચૂનીલાલ વનમાલીદાસે જણાવ્યું કે, "કેળવણીમાં આપણી જ્ઞાતિ ઘણી પછાત છે. ગ્રેજ્યુએટ આપણાંમાં માત્ર સાડાત્રણ જેટલાં જ છે. આપણને અજ્ઞાન ભાઈઓ કહે છે કે ખેતીવાડી આપણો ધંધો છે. તેથી કેળવણી લેવાનો આપણને સમય મળતો નથી, લેઉઆ, પાટીદારો પણ ખેતીવાડી કરે છે, અને દરેક રીતે આપણા જેવા છે, છતાં તેઓ વિદ્યાભ્યાસ કરી આપણાંથી ઘણા આગળ વધ્યા છે. નિશાળમાં પણ ભણનાર છોકરાઓમાં કડવા કરતા લેઉઆ પાટીદારના છોકરા વહેલા શાળા છોડી જાય છે. દરેક ધંધામાં કેળવણીની જરૂર પડે છે. તેથી તે ખેતીવાડીમાં પણ કેળવણીની જરૂર હોય છે ઉપરાંત અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે. તેમ જણાવ્યું હતું.[૬૨]

આ ઠરાવને વિશેષ અનુમોદન પા. જેઠાભાઈ વનમાલીદાસે આપ્યું હતું. તતારપુરવાળા યુવાનબંધુ, પટેલ શામળદાસ પુરુષોત્તમદાસે અનુમોદન આપતા નીચે પ્રમાણે વિવેચન કર્યું હતું. કે,

અભણ રહેવાથી આપણને બહુ નુકશાન થાય છે. આપણે ખેતીવાડી કરીએ છીએ. રડીએ છીએ પણ આપણા ખાતાવાળા વાણિયા ૧૬ × ૫ = ૮૨ મૂક્યા છૂટના થયા, ૮૪ – એ પ્રમાણે હિસાબ ગણાવી ખાતામાં ચડાવી પૈસા પડાવે છે. આપણું ઉત્પન્ન કરેલું બધુય એ રીતે વાણીયાના હાથમાં જાય છે. તે સંદર્ભે તેમ જણાવ્યું હતું.

આ ઠરાવને અનુમોદન આપતો પાટડીના વતની પરીખ માણેકલાલ ગોવિંદલાલે જણાવ્યું કે, "જ્યારે આપણે પોતે જ અજ્ઞાન છીએ ત્યારે કન્યાઓને કેળવાનો તો આપણને વિચાર ક્યાંથી આવે ? પરંતુ સ્ત્રી કેળવણી પર દેશની ચડતી પડતીનો આધાર છે; તો પછી સ્ત્રી કેળવણી ઘર સંસારની ચડતી સ્થિતિ માટે કેટલી બધી જરૂરની છે. તે માટે વિશેષ કહેવાની જરૂર નથી."

૬૨. એજન, પૃ. ૧૦૮

ઉપરાંત કેળવણીની બાબતમાં યુવક પર દોષ મુકવા કરતાં હું દરેક રીતે વડીલોને દોષિત માનું છું. તેમની રીતભાત સારી ન હોવાથી છોકરા પણ સારાં થતાં નથી. આપ જૂઓ કે દેશના ઉધ્ધાર માટે સ્ત્રીઓની કેળવણી માટે એક મોટી સંસ્થા સ્થાપવામાં આવી છે. પૂનામાં પ્રોફેસર કર્વે મહાભગીરથ યત્ન કરી રહ્યાં છે. બંધુઓ ! આગળ વધતા પુત્ર –પુત્રીઓ બંનેને કેળવણી લેવાની કેટલી બધી જરૂર છે. તે આપ સમજી શક્યા હશો. તેમ જણાવ્યું હતું.

પાદરા નિવાસી ર. મણિલાલ મોહનલાલે ખેતીવાડીના વિકાસ માટે ઉચ્ચ અને શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યકતા, તથા તે ધંધાને ખીલવવા માટે ગૌપાલન કરવા માટેનો ઠરાવ રજૂ કર્યો હતો.

ત્રીજા દિવસે તા.૧/૧/૧૭ ના રોજ વિરમગામના દરબારશ્રી સરદાર રાયસિંહજીભાઈને ના. બ્રિટીશ સરકારે સરદારનો માનવંતો ખિતાબ અર્પિત કર્યો હતો. તે માટે આ સમાજ તેઓશ્રીને મુબારકબાદી આપવાનો ઠરાવ કરે છે.

ઠરાવના પ્રત્યુત્તરમાં કુમારશ્રી લાલસિંહજીભાઈએ જણાવ્યું કે "જ્ઞાતિની સેવા કરવા માટે અમે જે કાંઈ સ્વલ્પ પણ કર્યું છે. તે અમારી ફરજ બજાવી છે. તેને વિશેષ માની શકાય નહિં. છતાં પણ તમે જ્ઞાતિ ભાઈઓ અમારા પૂજ્ય પિતાશ્રી પ્રત્યે જે માનની લાગણી જાહેર કરો છો તે માટે હું ઉપકાર માનુ છું." મરણ પાછળના જ્ઞાતિ ભોજનના રિવાજને નાબૂદ કરવા માટે ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો.

આ ઠરાવ સંદર્ભે વિરમગામવાળા દેસાઈ કાળીદાસ હરજીવનદાસ એ જણાવ્યું કે મરણ એ મહાશોકનો પ્રસંગ છે. તેમ એક બાજુ મરનારના વૈવિધ્ય પણે વખાણ કરતા બૈરાએ છાતી ફાટ રુદન કરી રહ્યાં હોય અને પ્રસંગને વિપરિત રીતે મિષ્ટાન ભોજન કરવા તે યોગ્ય નથી. વિશેષમાં આર્થિક પાયમાલી તો ખરી જ તેમ તેમણે જણાવ્યું હતું.

આ ઠરાવને વિશેષ અનુમોદન આપતાં ભરૂચવાળા બંધુ રા. ચુનીલાલ વનમાળીદાસે જણાવ્યું કે "મરણ પાછળના જમણોનો ફરજીયાત અટકાવ કરવો જોઈએ તથા તેવી માનસિકતા ત્યજવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું."[૬૩]

સમાજ તરફથી પ્રગટ થતા કડવા વિજય માસિકને તન, મન અને ધનથી બનતી મદદ કરવા સઘળા જ્ઞાતિ શુભેચ્છક બંધુઓને આ સમાજ ભલામણ કરે છે.

આ ઠરાવને રજૂ કરતા પા. છગનલાલ નરોત્તમદાસે સૂચન કર્યું કે જ્ઞાતિમાં બિલકુલ અંધારા કૂવા જેવું હતું. ઉપરાંત માસિકની અગત્યતાના સંદર્ભે વિવેચન કર્યું હતું. આ ઠરાવને અનુમોદન આપતાં વિરમગામવાળા દેસાઈ અમરસિંહજીએ વિશેષમાં જણાવ્યું કે બીજી બધી જ્ઞાતિઓમાં માસિકો કેવાં મજાનાં ચાલે છે. આ વખતે લડાઈને લીધે કાગળો ખરીદવા મુશ્કેલ છે તેથી ઘણા પેપરો બંધ થયા હતા. પણ આપાણું ધીમે-ધીમે ચાલે છે. ઉપરાંત તેમણે સૂચિત કર્યા કે, આપણી આળસમાં માસિક બંધ થઈ ગયા પછી તેને બેઠું કરવાનું કેટલું મુશ્કેલ છે. તેનો વિચાર કરવો જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

૬૩. એજન, પૃ. ૧૧૧

સમાજના સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે જણાવ્યું કે સંસ્થાના નિભાવમાં આર્થિક સમસ્યાઓના સંદર્ભે અપીલ કરી હતી. સમાજના ઉદ્દેશ્ય અને થયેલા ઠરાવોના જ્ઞાતિનાં ગામોનાં પ્રચાર અને અમલ કરવા જુદા જુદા ગામોમાં ઉત્સાહી બંધુઓમા પેટા મંડળો સ્થાપવાનાં આ સમાજ ઠરાવ કરે છે. આ ઠરાવને રજૂ કરતાં પા. શામલદાસ પુરુષોત્તમદાસે દ્રષ્ટાંત દ્વારા જણાવ્યું કે ઝેમ ઝીણી કીડીઓ સાપને તાણે તેમ આણે ઘણાં યુવક સુધારક બંધુઓએ એકત્ર થઈ કુધારા રૂપી સાપને દૂર કરવો. તેમ જણાવ્યું હતું. ઉપરાંત પ્રમુખ દ્વારા રજૂઆત કરવામાં આવી કે આગ્રા ખાતે મળેલી "ઓલ ઈન્ડિયા કુમી ક્ષત્રિય મહાસભા"ની દરેક પ્રકારે આ સમાજ પ્રગતિ અને ફતેહ ઈચ્છે છે. આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો. સાથે શાથે જૂનાગઢ ખાતે મળનારી પાટીદાર પરિષદની આ સમાજ દરેક રીતે ફતેહ ઈચ્છે છે. તેવો ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો હતો. ત્યારબાદ માળવા- નિમાળવાડા રા. રા. રામચંદ્ર વ્યાસને મે. પ્રમુખ સાહેબે બે બોલ કહેવાની રજા આપી હતી. તેમણે જે સદબોધ આપ્યો તેનો સાર નીચે મુજબ છે.

જ્ઞાતિ એવી વિશાળ છે કે તે ધારે તો સંપ કરી મહાન કાર્ય સાધી શકે, સ્થિતિ ગરીબ થઈ ગઈ છે. એ વાત સાચી, તેમ છતાં રાસલીલા, રામલીલા ભવાઈ વગેરેમાં દાન ઉદારતાથી કરતા આવા નિરુપયોગી દાન કરવા કરતાં ખેતીવાડી અને કેળવણી માટેનો ફંડ ઊભાં કરી તેમાં દાન આપો. જ્ઞાતિની વસ્તીના પ્રમાણમાં જો દરરોજ દરેક એક એક પૈસા આ ફંડમાં આપતો એક વરસમાં રૂ. ૭૮,૦૦,૦૦૦ જેવી મોટી રકમ થઈ જાય. એ રીતે જો કરી એતો વિચાર કરો કે આપણે કેવી મોટી સંસ્થા ઊભી કરી શકીએ ? ને કેટલા વહેલા આગળ વધી શકીએ ? ભાઈઓ ! આપણે ધંધાના અર્થે ટાળ, તાપ, વરસાદ, શરદી વગેરે વેઠી મહાન તપ કરીએ છીએ, જેના પ્રભાવે અન્ય જ્ઞાતિઓના પ્રમાણમાં આપણો ઘણા વહેલાં અભ્યુદય થવો જોઈએ. પરંતુ મિથ્યાભિમાન અને ખોટા મમત્વમાં આપણે સ્થિતિ કરતાં વધારે ખરચાં કરી પાયમાલ દેવાદાર બનીએ છીએ, તો તેવા મમત્વને અભિમાન જ્ઞાતિ સુધારા તરફ રાખો તો આપણો અને સાથે સમસ્ત જ્ઞાતિનો પણ ઉધ્ધાર કરી શકીએ છી. તેમ થતું હાલ જણાતું નથી. તેને બદલે તો જ્ઞાતિમાં અનેક કુધારા જણાય છે. તેમ જ્ઞાતિની ઉન્નતિ માટે કેળવણી, ખેતીવાડીમાં સુધારા કરવા વગેરે સંદર્ભે પોતાના વિચારો જણાવ્યાં હતા.[૬૪]

ત્યારબાદ બાળલગ્નના ભયંકર પરિણામનું ચિતાર આપનાર "મહાલક્ષ્મીનું મહાકષ્ટ" નામક આખ્યાન બાહોશ વક્તા દેસાઈ અમરસિંહજીએ રજૂ કર્યું હતું. જેની દુરગામી અસર શ્રોતાજન પર પડી હતી.

---

૬૪. એજન, પૃ. ૧૧૪

અંતે સેક્રેટરી મિ. પુરુષોત્તમદાસે દરખાસ્ત રજૂ કરી કે, પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી સમાજનું પ્રમુખ પદ સ્વીકારી ત્રણ દિવસ પૂર્ણ કુનેહથી સંતોષકારક ઠરાવ પસાર કર્યો હતો. જે સર્વાનુમતે પસાર થયો હતો. ઠરાવના પ્રત્યુત્તરમાં પ્રમુખને જણાવ્યું કે ત્રણ દિવસથી આપણા વિદ્વાનોએ જે સુધારક ઉપદેશ આપ્યો છે તેને ઘેર જઈ ભૂલી ન જતાં, બને તેટલા પ્રમાણમાં તેનો પ્રચાર કરવાનો છે. ઉપરાંત તેમણે દેસાઈ અમરસિંહજી દે. નારાયણદાસ દેસાઈ કાળીદાસ વગેરે વિરમગામવાળાઓએ જે સમાજની સેવા કરી છે તે બદલ તેમનો આભાર માન્યો હતો. સમાજ ભરવા માટે દેસાઈ શામળભાઈ થોભણભાઈએ જે પરિશ્રમ ઉઠાવ્યો હતો, તે માટે તેમનો પણ આભાર માન્યો હતો. ઉપરોક્ત શિષ્ટાચાર બાદ પ્રમુખે સભા બરખાસ્ત જાહેર કરી હતી.

૨.૧૦ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ શેરથા.

તા. ૧૮, ૧૯, ૨૦ મે. ઈ.સ. ૧૯૧૮

સમાજની સાતમી બેઠક કડી પ્રાંતના શેરથા ગામે સંવંત ૧૯૭૪ ના વૈશાખ સુદ ૮, ૯, ૧૦ શનિ, રવિ અને સોમવારે નિર્ધારિત થઈ હતી. રિવાજ પ્રમાણે ગયા ડિસેમ્બર માસમાં ચુવાળ પ્રદેશના આગેવાન ગામ અધારના સ્ટેશન ભેંકોડા (વિરમગામથી ૫ માઈલ) રાખવાનું નક્કી થયું હતું. તે માટે અધારવાળા જ્ઞાતિભક્ત શેઠ છગનલાલભાઈએ સક્રિય પ્રયત્નો પણ કરેલા પરંતુ તે અરસામાં ગુજરાતમાં પ્લેગનુ જોર ભયંકર રીતે અસ્તિત્વમાં હોવાથી ગુજરાતના સેંકળો ગામના લોકો નાશભાગ કરવાની સ્થિતિમાં જઈ પડ્યા હતા. વિરમગામ, અધાર વગેરે ફરતાં તમામ ગામોમાં પ્લેગ પૂર્ણ જોશમાં ફાટી નિકળવાથી સ્ટેશન જેવા ગામથી દૂર ભાગમાં પણ સમાજ ભરવાનું સાહસ કરવુંએ નહીં ઈચ્છવા યોગ્ય હોવથી સમાજની બેઠક મુલતવી રાખવામાં આવી હતી.

પ્લેગની શાંતિ થતાં સમાજ ભરવાનાં પૂર્ણ ઉત્સાહ અને જોશમાં સમાજના સુકાની સદગત જ્ઞાતિભક્ત ભાઈ પુરુષોત્તમદાસ મુંબઈથી પોતાના સ્થળે વિરમગામ આવ્યા હતા. પરંતુ તાવની બીમારી લાગુ પડતા તેમનું મૃત્યુ થતાં જ્ઞાતિમાં વીર સુધાર પુરુષની ખોટ પડી હતી. તેમની સુધારાની પ્રવૃતિ અવિરત સક્રિય રહે તે માટે એક્ટિંગ સેક્રેટરી તરીકે મિ. લલ્લુભાઈ અને કુબેરદાસના નામો દુર્ગા પ્રસાદ તરફ મોકલવામાં આવ્યા હતા.[૬૫]

તેજ વિચારોથી પ્રેરિત અમદાવાદવાળા યુવક બંધુઓ પૈકી મિ. નગીનભાઈ તથા છબીલભાઈ વગેરે જ્ઞાતિના સુપુત્રો જ્ઞાતિ સેવાના અર્થ શેરથા ગામે કરેલી સમાજની પ્રથમ માંગણી વિશે તપાસ કરી હતી.

૬૫. પરીખ. પુરષોત્તમદાસ, કડવા વિજય, પુસ્તક ૮, અંક. ૨, કડવા પાટીદાર હિતવર્ધક મંડળ, ઈ.સ. ૧૯૧૮ પૃ. ૨૧૭

શેઠ મફાભાઈ તથા દેસાઈ અમરસિંહજી વગેરે જ્ઞાતિ માટે કેળવણીની ચળવળને જરા પણ નિષ્ક્રિય થવા દીધી નહિ. અને તેમના પ્રયત્નોના કારણે કુમાર લાલસિંહજીભાઈને પ્રમુખ તરીકેની સર્વાનુમતે નિયુક્તી કરવામાં આવી છે.

સામાન્યત: સમાજની બેઠક ડિસેમ્બર માસમાં ભરવામાં આવતી હતી. પરંતુ સાતમી બેઠક મે. માસમાં એટલે ઉનાળામાં ભરવામાં આવી હતી. તેમ છતાં પણ સ્વયંમ સેવકોના પ્રય્ત્નોના કારણે, સભ્યોની સંખ્યા લગભગ સાદા ચારસો જેટલી થઈ હતી.

તા. ૧૮, પહેલા દિવસ એ સમાજના સેક્રેટરી મિ. લલ્લુભાઈએ પ્રમુખ સાહેબની ગેર હાજરી અને કાર્યની શરૂઆત સૂચવનારું વિવેચન કર્યા બાદ સામાન્ય કારિણી સભાના ચેરમેન મિ. રણછોડભાઈ શ્રી ભાઈદાસે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. જેનો સાર નીચે પ્રમાણે છે.

તેમણે જણાવ્યું કે "આપણે કોણ છીએ ? આપણી હાલ શી દશા છે ? આપણી પડતી થવાના શા શા કારણો છે ? આપણી ઉન્ન્નતિ શી રીતે થઈ શકે ? આવી ઘણી બાબતોનો વિચાર કરવાને અત્રે આપણે ભેગા થયેલ છીએ," તેમ જણાવ્યું હતું.

સવિશેષ ભાર આપતા તેમણે જણાવ્યું હતું કે, આપણે જે બાબતોનો વિચાર કરવાનો છે તેને માટે પોતાના તન, મન અને ધનનો જીવન પર્યંત ભોગ આપનાર પરમ જ્ઞાતિ ભક્ત સ્વર્ગસ્થ પુરુષોત્તમભાઈની ખોટ સમાજને ઘણી સાલે છે. તેમનો પ્રભાવ એવો હતો કે જો તે આજે હયાત હોય તો આપણો ઉત્સાહ આથી સો ગણો હોત અને આપણું કાર્ય કંઈ ઓર જ થાત. જે કાર્ય કરવાને આપણે મળ્યા છીએ તે ભાઈ પુરુષોત્તમદાસનું જીવન હતું. તેમનું સર્વસ્વ હતું. તેઓ એક વીર પુરુષ હતા. બોલવા કરતાં કરી બતાવવું વધારે ઉત્તમ છે. એમ તેઓ માનતા એટલું જ નહિ પણ તે પ્રમાણે વર્તતા હતા.[૬૬] કહ્યું છે કે,

"કહેણી મીસરી ખાંડ છે, કરણી વાત લોહ;
કહેણી કથે રહેણી રખે, એસા વીરલા કોક."

સ્વર્ગસ્થ પુરુષોત્તમના કાર્યની યાદ કર્યા બાદ, તેમણે સમાજના મુખ્ય દૂષણો વિશે જણાવ્યું કે બાળલગ્ન એ આપણો પ્રથમ દુશ્મન છે. તે દુશ્મનને આપણા બીજા દુશ્મનોને, આપણે ખરાબ કરવામાં ઘણી મદદ કરી છે. આપણા દુશ્મન બાળલગ્નને આપણા બીજા દુશ્મનો જેવા કે અવિદ્યા, ગરીબાઈ, અપમાન, બીક વગેરેને ઘણી જ સહાય કરી છે, અને તે બધાએ જ્ઞાતિને પાયમાલ કર્યા છે.

બાળલગ્નને મદદરૂપ તિથિનાં અને નવ અને અગિયાર વર્ષે આવતાં લગ્ન છે, એટલે જ કહેવત પડી ગઈ છે કે, "દોઢ છાણું ને ડાંકિલી ઘી, કડવો પરણે રાત ને દી." આપણા લગ્ન આવે ત્યારે બધી ચીજોના ભાવ ત્રણ-ચાર ગણા થઈ જાય છે. ઉપરાંત તેમણે જણવ્યું કે આપણને રંક

૬૬. એજન, પૃ. ૨૧૮

બનાવનાર આપણો એક બીજો શત્રુ "નાતવરા કે મરણ પાછળનાં જમણ" છે. તે આપણને ગરીબ બનાવે છે. એટલું જ નહિ પણ તે એક ત્રાસદાયક રૂઢિ છે. જે વખતે શોક હોય તે વખતે સારાં સારાં જમણ શી રીતે ભાવે ?

આપણી જ્ઞાતિમાં ઘણાને કન્યા નથી મળતી તેનું એક કારણ એ પણ છે કે ઘણા એક ઉપર વધુ સ્ત્રીઓ કરે છે આ ચાલ ખરાબ છે. નીતિવિરુધ્ધ છે. બે સ્ત્રીઓનો પતિ સુખી થતો નથી.

વળી આપણે કન્યાવિક્રયની સામે થવાનું છે. તે રિવાજ આપનાંમાં પહેલાં ન હતો. પણ થોડા સમયથી પ્રચલિત બન્યો છે. કન્યાવિક્રય એક મહાપાપ છે.૬૭

ઉપરાંત તેમણે ખેતીવાડીના વિકાસ માટે હુન્નર ઉદ્યોગની કેળવણી લેવી જરૂરી છે. તેમ જણાવ્યું હતું.

પ્રમુખ નિમવા માટે દરખાસ્ત કે અનુમોદનની જરૂર ન હતી. તેમ છતાં પણ વિવેક ખાતર દેસાઈ કાળીદાસભાઈએ દરખાસ્ત રજૂ કરી હતી જેને મગનલાલ એન્જિનિયરે તે દરખાસ્તને ટેકો આપતા. કુમાર શ્રી લાલસિંહજીની પ્રમુખ તરીકે વરણી થઈ હતી. ત્યારબાદ સેક્રેટરી મિ. લલ્લુભાઈએ સબજેક્ટ કમિટીએ ઠરાવો ઘડવાનું કામ કર્યું હતું.૬૮

તા. ૧૯ મીનાં બીજા દિવસે પ્રમુખ, કુમાર શ્રી લાલસિંહજીભાઈએ મુદ્દાસર પોતાનું ભાષણ શરૂ કર્યું. જેમાં તેમણે સમાજનો ઉદ્દેશ લક્ષમાં રાખી, સદગત તંત્રીના અવસાનથી શરૂ કરી, ભ્રહ્મચર્ય , કેળવણી, પ્રેત ભોજન, વ્યસન, બાળલગ્ન અને ખેતીવાડીના પ્રશ્નો તેમણે સમજાવ્યા હતા. જેથી શ્રોતાના મન ઉપર કંઈક અસર થઈ હતી.

ત્યારબાદ સબજેક્ટ કમિટીમાં પસાર થયેલા અને પોતા તરફથી રજૂ થવાના ઠરાવો પૈકી પહેલો, બીજો, અને ત્રીજો ઠરાવ વાંચી સંભળાવ્યો ન હતો. સદગત તંત્રીના મૃત્યુંનો શોક પ્રગટ કરનારો ચોઠો ઠરાવ સભાના દરેક-દરેક મેમ્બરોએ ઊભાં થઈને અંત: કરણની ઊંડી દિલગીરી સાથે પસાર કર્યો હતો. જાહેર પ્રજામાં સાહિત્યનો શોખ ફેલાવી, તેમનું જીવન ઉચ્ચ બનાવવાન ઉદ્દેશ માટે પ્રયત્ન કરતાં પાટીદાર બંધુ અંબાલાલભાઈ અને દેશની તમામ પાટીદાર કોમને એકત્ર કરી તેમની ઉન્નત્તિઓ અર્થે સ્થપાયેલી કુર્મી ક્ષત્રિય મહાસભાના સંચાલક બાબુ રામાધિનસિંહના અકાળે થયેલાં અવસાનનો શોક પ્રદર્શિત કરી તેમના આત્માને શાંતિ બક્ષવા માટે પ્રભુ પ્રાર્થના કરનારો પાંચમો ઠરાવ પણ સભાની ગમગીનીને વચ્ચે પસાર કરવામાં આવ્યો હતો.૬૯

ત્યારબાદ ૬ઠ્ઠો ઠરાવ પાટીદાર જ્ઞાતિમાં રત્ન રૂપે પ્રકાશી રહેલા ભારતમાતાના સુપુત્ર ઑ. વિઠ્ઠલભાઈ પટેલ પોતાની બાહોશી ભરેલી કાર્યદક્ષતાના પરિણામે ના. વોઈસરોયની ધારાસભામા પ્રજા પક્ષના મેમ્બર તરીકે પસંદગી પામવાથી તેમને મુબારકબાદી આપવાનો ઠરાવ પ્રમુખ સાહેબે રજૂ કર્યો અને તે સર્વાનુમતે પસાર થયો હતો.

૬૭. એજન, પૃ. ૨૧૯
૬૮. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૦, પૃ. ૩૮૧
૬૯. એજન, પૃ. ૧૨૧

સમાજના જ્ઞાતિમા મહોત્સવમાં યુવક મંડળની રચના કરવામાં આવી હતી, કે જે ભવિષ્યમાં ભારતના સ્વતંત્ર સંગ્રામમમાં સક્રિય રીતે જોડાવાનું હતું. યુવક મંડળના પ્રમુખ તરીકે દેસાઈ અમરસિંહને નિમાણૂક કરવા યુવકોએ પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમના સૂચનથી મુંબઈવાલા નારાયણભાઈ મિસ્ત્રીની વરણી થઈ હતી.

યુવક મંડળની બેઠક ૪ વાગે પૂર્ણ થતા, તે જ સમયે સબ્જેક્ટ કમિટી મંડપમાં મળવાની હતી, પરંતુ દે. અમરસિંહની તબિયત બીમાર હોવાને કારણે તે હાજર રહી શક્યા ન હતા; પરંતુ પ્રમુખ અને અન્ય સભ્યોની સલાહથી દેસાઈજી ના ઉતારે જ કમિટી મળવાનું નક્કી કરી ૧૪ થી ૨૩ સુધીના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. "મહામંડપ સંબંધી ૨૨ મા ઠરાવે કમિટીનો વધુ સમય લીધો હતો. તે સંદર્ભે સેક્રેટરી દ્વારા આ ઠરાવ રજૂ થતા. દે. કાળીદાસભાઈએ જણાવ્યું કે "મહામંડળ એક ખાનગી સંસ્થા છે, તે તમારી સૂચના મુજબ ચાલવા બંધાયેલી નથી અને તેના કાર્યની ટીકા કરવાનો આપણને અધિકાર નથી" સભાના અન્ય સભ્યોએ તેમનો વિરોધ કર્યો હતો. જેમાં દે. અમરસિંહજી અને મિ. કેશવલાલ વકીલે જણાવ્યું કે "આપણે મહામંડળને હુકમ કરતા નથી અને તેમ કરવાની સત્તા પણ નથી, વિનંતિ કે ભલામણ સ્વરૂપે રજૂઆત કરી શકીએ છીએ."

ઉપરાંત પ્રો. જેઠાલાલભાઈએ તે વખતે બોર્ડિંગની વ્યવસ્થા અને વહીવટ વિશે પોતાના અનુભવ કહેતા જણાવ્યું કે "આ ઠરાવ કરી મહામંડળના દરેક મેમ્બરોની જાણપર આ હકીકત લાવવાની જરૂર છે. કારણ કે જેઓ વ્યવસ્થાપક અને બોર્ડિંગ કમિટીનું કામ કરે છે તે તો બંધુ જાણે છે, છોકરાઓની વાજબી ફરિયાદોનો યોગ્ય ન્યાય થતો નથી."

ઉપરોક્ત દલીલોના જવાબમાં દે. કાળીદાસભાઈએ જણાવ્યું કે "કોઈ માણસ ધર્મશાળા બંધાવે અને તેનો ગમે તેવો વહીવટ કરે તેમાં બીજાને માથું મારવાનો શો હકક છે ?

ઉપરોક્ત દલીલના અનુસંધાનમાં મિ. મગનભાઈ એન્જિનિયરે જણાવ્યું કે "કાળીદાસભાઈની કંઈક સમજફેર થતી લાગે છે. કોઈ સંસ્થા ભલે રજિસ્ટર હોય પણ જ્ઞાતિહિત કરવાનું તે માન ધરાવતી હોય તો તેની વાજબી ટીકા કરવાનો દરેકને હકક છે, તો આ સમાજ જેથી જ્ઞાતિના પ્રતિનિધિઓની સભા આવો ઠરાવ કરી શકે તેમાં કાંઈ નવાઈ નથી.

સભામાં ઉપસ્થિત એક સભ્યે જણાવ્યું કે "જો મહામંડળ જેવી સંસ્થાના કામ વિશે આવો ઠરાવ લાવી શકાય નહિ તો જે ગૃહસ્થો પોતાના બાપની પાછળ ગાંઠના પૈસા ખર્ચ કરી કારજવરા કરે છે. તેમની ટીકા કે તે બંધ કરવાના ઠરાવોનો આ સમાજ કયા હકકથી કરી શકશે ? તે કાળીદાસભાઈ જણાવશે કે ઉપરોક્ત ચર્ચા વિચારણાના અંતે દે. કાળીદાસભાઈએ ઠરાવ પ્રત્યે પોતાની સંમતિ આપવાથી તકરારનો ઉકેલ આવ્યાથી કમિટીએ તે ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.૭૦

પ્રો. જેઠાલાલભાઈએ "બાળલગ્ન નહી કરવા વિશે ઠરાવ રજૂ કરતા બાળ લગ્નના કારણે ઊભા થતા નવા દૂષણોના સંદર્ભે જણાવ્યું હતું.

૭૦. એજન, પૃ. ૨૨૨

આ ઠરાવને મિસ્ત્રી નારાયણભાઈએ ઠરાવને અનુમોદન આપતા. જણાવ્યું કે "બાળલગ્નને આખી દુનિયા ધિક્કારે છે. એટલે તેના વિરુધ્ધ જેટલું બોલીએ તેટલું થોડું છે. અન્ય જ્ઞાતિઓમાં ૧૪-૧૫ વર્ષના બાળકના લગ્નને કયા પ્રકારનાં લગ્ન કહેવા જોઈએ ? તેમ જણાવ્યું હતું.

તરસાળીવાળા પા. જેઠાભાઈ વનમાળીદાસે વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે "એક તિથિ લગ્ન કરવાથી ખર્ચાઓમાં વધારો થાય છે. જ્યારે છૂટાં લગ્ન કરવાથી ખર્ચ ઓછું થાય છે. તેમ જણાવ્યું હતું. અમદાવાદવાળા પા. સોમનાથભાઈ હરગોવિંદદાસે જણાવ્યું કે છોકરાને બાળપણમાં પરણાવાથી જ વેવિશાળ થઈ જાય છે એ વાત ખોટી છે. બીજી જ્ઞાતિઓમાં બાળકો કેમ કુંવારાં રહેતાં નથી ? તેમ જણાવ્યું હતું. ઉપરાંત તેમણે છૂટક લગ્ન કરવા બાબતે અનુમોદન આપ્યું હતું."

ત્યારબાદ બાળલગ્નના કાયદાના "क" અપવાદમાંથી જ્ઞાતિને દૂર કરવાનો શેરથાવાળા પા. નાથાલાલ છગનલાલે રજૂઆત કરી હતી જેને સરઢવના પા. છગનલાલ, પાદરા પા. તુજાભાઈ ગણપતપુરા, પા. બેચરભાઈ તેમજ તરસાળીવાળા ઈશ્વરભાઈ વગેરે અનુમોદન આપતા ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

સાંજનો સમય થતા સભા બરખાસ્ત થયેલી જાહેર કરવામાં આવી હતી. પરંતુ સ્ત્રી વર્ગની જિજ્ઞાસાના કારણે "મહાલક્ષ્મીના મહાકષ્ટ" નું આખ્યાન સાંભળવા માટે દે. અમરસિંહને આગ્રહ કર્યો હતો. પરંતુ તેમની તબિયત નાદુરસ્ત હોવાના કારણે મિ. માણેકલાલને વિનંતી કરી, જે દ્વારા તેમણે આખ્યાનનાં પૂર્વરંગ સમાપ્ત કર્યો હતો. તબિયત નાદુરસ્ત હોવા છતાં દે. અમરસિંહ સભામાં હાજર થઈ બાકીનું આખ્યાન ગાઈ સંભળાવ્યું હતું.

તા. ૨૦મી, ત્રીજા દિવસે સમાજની બેઠકમાં ગરીબ બંધુઓને ખર્ચનો બોજો ઓછો થાય અને જ્ઞાતિગત વિશેષ પ્રમાણમાં કેળવાય અને આ સંસ્થાનો ઉદ્દેશ ત્વરાએ બર આવે તે ખાતર આ ઠરાવ લાવી જ્ઞાતિહિતનું કાર્ય વહેંચી નાંખવાની યોજના દે. અમરસિંહજી વગેરે તરફથી ઘડવામાં આવી હતી, જે સંદર્ભ કમિટીના દરેક સભ્યોની મંજૂરી હતી.

ત્યારબાદ રા. ત્રિકમલાલ દલપતરામે એક ઉપર બીજી સ્ત્રી નહી કરવાનો ઠરાવ રજૂ કરતાં, લગ્નની મહત્તા સમજાવી સ્ત્રીઓમાં કેવા પ્રકારના ગુણો હોવા જોઈએ તેનાં દ્રષ્તાંતો આપ્યાં હતા.

આ ઠરાવને વાસણાવાળા પા. મણિલાલે અનુમોદન આપતા, ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

તેજ પ્રમાણે શેરથાવાળા. પા. નાથાલાલે "છેડા છૂટાકાનો અધર્મ યુક્ત રિવાજ નાબુદ કરવાનો" ઠરાવ રજૂ કર્યો હતો; જેને શ્રીયુત્ ચંદુલાલ દેસાઈએ અનુમોદન આપતા સર્વાનુમતે પસાર થયો હતો.

"કન્યાવિક્રયની નાબૂદીનો ઠરાવ" સરઢવવાળા. છગનલાલભાઈએ રજૂ કર્યો હતો. જેને પા. ચુનીલાલ મગનલાલે ટેકો આપતા સર્વાનુમતે પસાર થયો હતો.

કેળવણીને લગતો ઠરાવ. પ્રાં. જેઠાલાલભાઈએ રજૂ કર્યો હતો; જેને ચુનીલાલ મગનલાલ,

લલ્લુભાઈ અને શામળભાઈએ અનુમોદન આપતાં ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

મરણ પાછળના રિવાજો સંદર્ભનો ઠરાવ દે. કાળીદાસભાઈએ રજૂ કર્યો હતો જેને તુળજાભાઈ, જેઠાભાઈ, છગનલાલભાઈ અને નારણભાઈ મિસ્ત્રીએ અનુમોદન આપતાં સર્વાનુમતે પસાર થયો હતો.

સહકારી મંડળ વિશેનાં ઠરાવ રજૂ કરતાં તુળજાભાઈએ તેની જરૂરીયાત સંદર્ભે જણાવતાં કહ્યું કે "ખેડુત મંડળો સ્થાપી સુધરેલી ઢબે ખેતી કરવાથી સારા ફાયદા મળી શકે છે. નવીન પધ્ધતિએ ખેતી કરવા માટે નાણાંની વધારે પ્રમાણમાં જરૂર પડે છે. તે પૂરા પાડવા માટેના નિયમ પ્રમાણે ગામેગામ સહકારી મંડળી દ્વારા નાણાં પૂરા પાડવામાં આવે છે. સહકારી મંડળીઓ સ્થાપવાથી ખેતીના ધંધાની ખીલવણી સાથે સભાસદોમાં નૈતિક ગુણો પણ આવે છે. સસ્તે વ્યાજે નાણાં મળે છે. તેની સાથે પેદાશ પણ વધે છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે સભાસદો કરકસર કરતાં શીખે છે. અને પરસ્પરની મદદથી સંપ અને વિશ્વાસ વધે છે. ભારે વ્યાજના દેવામાંથી ખેડૂતો મુક્ત થાય છે, પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખી જિંદગી સુખમાં ગાળે છે. અને અપોતાના વારસોને સુખી કરી શકે છે. તેમ જણાવ્યું હતું. ત્યારબાદ પા. છગનલાલ પૂંજાભાઈએ ઠરાવને ટેકો આપતાં પસાર થયો હતો."**૭૧**

મંડળની મિટીંગમાં વાર્ષિક સભ્યોનો એક અને લાઈફ (જીવનપર્યંત) સભ્યોના બે મત ગણાય છે. રૂ. એક હજાર આપનારના ૨૦ મત અને દસ હજારા આપનારના ૨૦૦ મત ગણાય છે. મતલબ કે રૂ. પ્રમાણમાં વોટ રાખી સંસ્થાનું બંધારણ રજિસ્ટર કરવામાં આવ્યું હતું અને મૂડીના વ્યાજમાંથી સંસ્થાનું ખર્ચ કરવાનો એટલે મૂડી ટકી રહે અને સંસ્થા કાયમ રહે. તે સંદર્ભનો ઉદ્દેશ હતો. આ ઠરાવને અનુમોદન આપતાં પાટડીના દે. પ્રાણજીવનભાઈએ જણાવ્યું કે "કોઈ પણ જાતના હકકથી આ ઠરાવને ટેકો આપવા હું તૈયાર થયો નથી. પરંતુ તે ફંડના નાણાંનો છૂટથી ઉપયોગ કરવા માટેની વિનંતી કરવાનો આ ઠરાવ છે. આપણે વિનંતી કે ભલામણ કરી. પાટડીમાં તે સંસ્થાની સ્થાપના થઈ તે વખતે જ્ઞાતિહિતનાં કાર્યોનો મોટો ઉદ્દેશ રખાયો હતો, પરંતુ ખેતીવાડી જેવા ઉપયોગી વિષય વિશે પણ તે સંસ્થાએ અત્યાર સુધી બિલકુલ વિચાર કર્યો નથી. વિદ્યા પ્રાપ્ત કરતાં બાલકોને માટે ફક્ત અમદાવાદમાં એક બોર્ડિંગ ઉઘાડવામાં આવી છે, લાયક વિદ્યાર્થીઓને નાસીપાત થવું પડે તેવા અનેક પ્રસંગો બન્યાં છે.' એ મહા અફસોસની વાત છે.

---

૭૧. એજન, પૃ. ૨૨૫

નાણાં ભરી આપવા કરતાં તેનો છૂટથી વ્યય કરવા માટે આપણે ભલામણ કરવી જોઈએ, નહીં તો આપણે ઘણા પછાત જ રહી જઈશું. મહામંડળ પાસે આજે ૮૦ હજાર જેટલી રકમ છે. જ્યારે એક જ બોર્ડિંગ ચલાવે છે. પરંતુ આ સમાજ પાસે જ્યારે રૂ. બે હજાર જ હતા ત્યારે આપણી બોર્ડિંગ ઘણી સારી ચાલતી હતી, આ સંસ્થાને આશ્રય દાતાઓએ માત્ર પૈસા આપીને પોતાની ઉદરતા બતાવી છે, પરંતુ વિદ્યાર્થીઓને કેવી અગવડો અને દુ:ખો છે તેની કોઈએ તપાસ કરી નથી. કોલેજના વિદ્યાર્થીઓને કેમ અગવડો પડી છે. તેની તેમણે જાતે તપાસ કરી હોય તો બોર્ડિંગ ખોલવાના હેતું કોઈક બર આવત. તેમ જણાવ્યું હતું. ઉપરાંત તેમણે વિશેષ ભારમૂકતાં જણાવ્યું કે બોર્ડિંગના વિદ્યાર્થીઓ પૈકીનો હું એક હતો. મને તેનો સારો અનુભવ છે. અને વિદ્યાર્થીઓની ફરિયાદોનો ભાગ્યે જ ન્યાય મળે છે. તેમ જણાવ્યું હતું.૭૨

જ્ઞાતિમાં સ્થપાયેલા યુવકમંડળને આ સમાજે તન, મન અને ધનથી મદદ કરવાનો ઠરાવ પસાર થયો હતો. અને તે વખતે યુવક મંડળના કેટલાક સભ્યોને બે શબ્દો બોલવા માટે રજા આપવા પ્રમુખ સાહેબને વિનંતી કરવામાં આવી હતી. તેમની તરફથી બે મિનિટનો વખત મળતાં યુવકોના આગેવાન બંધુ મિ. માણેકલાલે, પ્રમુખ સાહેબે માત્ર બે જ મિનિટ આપી છે. એમ કહેતાં જણાવ્યું કે તમારા સમાજના કામના અગત્યના કલાકોને કલાકો ચાલ્યા જાય છે. પરંતુ અમારી જે ઉપયોગી જિંદગીનો વખત જાય છે. તેનો વિચાર કરી અમને બોલવાનો વખત આપશો એવી મારી નમ્ર વિનંતી છે. આ પ્રસંગનો લાભ યુવકોએ એટલી ચાલાકી અને દીર્ઘ દૃષ્ટિથી લીધો હતો કે તે બેઠકની પ્રસંશાને પાત્ર થવાથી લગભગ ૧૫ મિનિટ જેટલો વખત તેમણે લેવા છતાં પ્રમુખ સહેબને તેમને અટકાવવા કોઈ પણ જાતની સૂચના કરી નહોતી. ઉપરાંત સભામાં ઉપસ્થિત સભ્યો સામે પોતાની ટોપી ઉતારીને યથાશક્તિ-દાન આપવા જણાવ્યું હતું. તેમનો આગ્રહ માત્ર એક પૈસો નાંખવા માટે હતો.

ત્યારબાદ સમાજની આવતી બેઠક પોતાના સ્થળે રાખવા માટે નીચે મુજબ બંધુઓ તરફથી માગણી કરવામાં આવી હતી.

મિસ્ત્રી નારાયણભાઈ દ્વારા મુંબઈ માટે, રા. બેચરભાઈએ ગણપતપુરા માટે, અમદાવાદ માટે રા. મોતીલાલભાઈ દ્વારા, રૂપાલ ગામે (કડીપ્રાંતામાં) આવતી બેઠક રાખવા માટે "પા. જગજીવનભાઈ ગોપાળદાસ તથા મોહનલાલ ગિરધરભાઈ દ્વારા માંગણી કરવામાં આવી હતી.

માંગણીના વિશે પ્રત્યુતર આપતાં પ્રમુખે જણાવ્યું કે સમયને અનુસરી વ્ય. મંડળ દરેક ભાઈની માંગણીનો વિચાર કરશે અને જે સ્થળે બેઠક રાખવાનું નક્કી કરવામાં આવશે તેની જાણ કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું. ત્યારબાદ મહાલક્ષ્મીનું મહાકષ્ટનો બીજો ભાગ રાત્રે દેસાઈજી કહી બતાવશે એમ જણાવી સમાજની સાતમી બેઠકનું કાર્ય નિર્વિઘ્નને પૂર્ણ થયેલું જાહેર કરતાં, સભા બરખાસ્ત કરવામાં આવી હતી.૭૩

૭૨. એજન, પૃ. ૨૨૬
૭૩. એજન, પૃ. ૨૨૭

રાત્રે દેસાઈ અમરસિંહે આખ્યાન કર્યું હતું. સ્ત્રી અને પુરુષવર્ગને છૂટથી ભાગ લેવાની રજા હોવાથી શ્રોતા વર્ગની હાજરી વિશેષ હતી, આખ્યાનમાં મહાલક્ષ્મીને સાસરે વળાવતાં સુધી કેવા સંસ્કારો હતા; ત્યાં સુધીનો ભાગ મોડી રાત સુધી કરી બતાવ્યો હતો અને બીજે દિવસે સવારમાં તેને સાસરે વળાવ્યા પછી કેવું કષ્ટ પડે છે. અને છેવટે આપઘાત કરવાનો પ્રસંગ ખાનદાની માબાપની પુત્રીઓને આવે છે. તેનો ચિતાર એવો સચોટ રજૂ કર્યો હતો કે શહેર ના કેટલાક કુળવાન ગૃહસ્થોના ઘરસંસારનું ચરિત્ર જાણે પ્રત્યક્ષ જ ખડું થયું હોય.

શેરથા ગામના લોકોના આગ્રહને કારણે વધુ એક દિવસ રોકાઈ તેમની મહેમાન ગતિનો સ્વીકાર કરવાની વિનંતી, પ્રમુખ સામે કરવામાં આવી હતી. જેથી પ્રમુખે મંજૂરી આપતા સભા ચાર દિવસ સુધી ચલાવવામાં આવી હતી, સમાજમાં જે નિરાશા હતી તે સાતમી બેઠકમાં "યુવક મંડળની રચના અને તેના ઉદ્દેશ્યોથી વિજયવતી થઈ હતી.

અહીં એ બાબતનો ઉલ્લેખ કરવો અનિવાર્ય છે કે "કડવા વિજય" માસિક જે પુરૂષોત્તમ લલ્લુ પરીખ દ્વારા પ્રકાશિત કરવામાં આવતું હતું. જે હવે "કડવા પાટીદાર હિતવર્ધક મંડળ" દ્વારા પ્રકાશિત થશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

૨.૧૧ કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો આઠમો મોહત્સવ :

સામાન્યત કડવા પાટીદાર શુભેચ્છક સમાજની પ્રવૃત્તિઓ "કડવા પાટીદાર વર્ગ અને ગુજરાત પ્રદેશ પુરતી સિમિત હતી. પરંતુ આઝાદી પૂર્વે ગુજરાતનો અન્ય પ્રદેશો સાથે આર્થિક, સામાજિક વ્યવહાર હોવાના કારણે ગુજરાત ઉપરાંત અન્ય પ્રદેશોમાં પણ તેની સભાઓ, બેઠકો, પરિષદો નક્કી કરવામાં આવતી હતી.

ક. પા. શુભેચ્છક સમજની "આઠામી અને ખાસ બેઠક, મુંબઈ, ઈ.સ. ૧૯૧૮, ડિસેમ્બર તા. ૨૮,૨૯,૩૦ના રોજ ભરવામાં આવી હતી. જેથી જ કચ્છ, નિમાડ, માવળા, ખાનદેશ વગેરે સ્થળોએથી જ્ઞાતિ બંધુઓ હાજર રહી શકે, ઉપરાંત તેમણે ગુજરાતની બેઠકોમાં મહદ્અંશે ભાગ લીધો હતો.

શેરથાની ગઈ બેઠક વખતે ગરમી અને ચાલુ મોસમની હાડમારીને લીધે ઘણા ગૃહસ્થ અને વિદ્વાનો આવી શક્યા ન હોતા. પરંતુ મુંબઈ બેઠકમાં ઉપરોક્ત સ્થિતિ સંદર્ભે અનુકુળ વાતાવરણ હોવાથી સર્વ સભ્યોને હાજર રહેવાની અપિલ કરવામાં આવી હતી.

સભાનું પ્રમુખ સ્થાન સ્વીકારવા ધ્રાગંધ્રાના સર ન્યાયાધિશ મે. પોપટલાલભાઈ બી., એલ.એલ.બી ને વિનંતી કરવામાં આવી હતી. તેમણે સ્વીકારી હતી.[૭૪]

૭૪. પરીખ. પુરષોત્તમદાસ, કડવા વિજય, પુસ્તક ૮, અંક. ૩, કડવા પાટીદાર હિતવર્ધક મંડળ, ઈ.સ. ૧૯૧૮, પૃ. ૩૧૩

निमाडी ओर मालविय भाईओ के लिए समस्त कडवा ज्ञाति की महासभा मुंबई में मुकरर हुई।

डिसम्बर ता-28-29-30 मार्गशीर्ष कृष्णपक्ष, 10-11-12 शनि, रवि, सोम
पत्रव्यवहार और आनेवाले का ठीकाणा ।
भाई रामचंद्र लक्ष्मण व्यास
कडवा सभा संचालक
कसरावद - (पो मंडलेससर - इंदोर स्टेट)
देशाई चंदुलालजी मणीलालजी
हीरामाणेक बिल्डींग, चौथा दादर, दादीशेठ अगीयारी लेन,
नवीवाडी, गीरगांव, मुंबई[૭૫]

જ્ઞાતિના કેટલાક જાગૃત વ્યક્તિઓ દ્વારા જ્ઞાતિ ઉન્નતિ અર્થે સતત પ્રયત્નો કરેલા હતા. જેનાં પરિણામે કેટલાક અધર્મયુક્ત અને હાનિકારક રિવાજો સમાયાન્તરે દૂર થયા હતા અને તેના વિરુધ્ધ લોકમત કેળવાયો હતો; કડવા પાટીદાર જ્ઞાતિ ગુજરાતમાં જ નહિ પરંતુ કચ્છ, નિમાડ, માળવા અને મધ્યદેશ જેવા દૂર દૂરના વિભાગોમાં વસેલી હતી, સમસ્ત જ્ઞાતિના આગેવાનોની એક સંસ્થા જે શ્રી કડવા પાટીદાર સમાજના નામે ઓળખાતી હતી. જેની સાતમી બેઠક કડી પ્રાંતના શેરથા ગામમાં મળી હતી. તે પ્રસંગે કચ્છ-મુંબઈ વિભાગના બંધુઓએ મુંબઈ ખાતે આવતી બેઠક રાખવી એવી માંગણી કરી હતી. જે ઉપરથી સમાજની વ્યવસ્થાપક કમિટીએ દુષ્કાળ વગેરે કારણોને લઈ અન્ય સ્થળની માંગણી મુલતવી રાખી મુંબઈવાસીઓની સ્વીકારી હતી.

જ્ઞાતિહિત સાધનારી આ સંસ્થા સામે જેમને પ્રથમથી જ વિરોધ લીધો હતો એ વો અજ્ઞાન વર્ગનો એવો ખ્યાલ હતો કે "આ હિલચાલ માત્ર કેટલાક સુધરેલા-વિચારનારાઓ જ કરે છે. તેઓ ઘણા જૂજ છે અને તે કંઈ સમસ્તનાત તરફ ની નથી ! પરંતુ મુંબઈમાં જે પરિષદ ભરવામાં આવી હતી તેથી સમસ્ત જ્ઞાતિની આ સભા નથી એમ કહેનારાઓ અશંત: પરાજય થયો હતો.

આ બેઠકના મહદ્અંશે સ્વયંસેવકો કચ્છી યુવકો હતો અને તેમના કેપ્ટન "મિસ્ત્રી નાથાભાઈ હતા.

સભાની શરૂઆતમાં સ્વાગત કમિટીના ચેરમેન શેઠ કુબેરદાસ ખોડીદાસે સઘળા બંધુઓને આવકાર આપતાં જણાવ્યું કે "બંધુઓ અને બહેનો !

---

૭૫. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૧, પૃ. ૩૮૩

"આપણી સમસ્ત જ્ઞાતિ કચ્છ, નિમાડ, માળવા, ખાનદેશ, કાઠિયાવાડ અને ગુજરાતના પ્રદેશમાં રહે છે તે દરેકને આવવાના મધ્ય સ્થળ તરીકે મુંબઈ શહેર યોગ્ય જગ્યા છે. એમ અમારું માનવું હતું, અને તે અત્રે દરેક વિભાગમાંથી પધારેલા ભાઈઓની હાજરી ઉપરથી આપ જોઈ શકશો કે અમારી નેમ ઘણે અંશે પાર પડી છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે કુટુંબની સંભાળ રાખનારી સન્નારીઓ પણ આવી સભાઓમાં ભાગ લે તે અમને વધારે ઈષ્ટ લાગવાથી અમે તેમને પણ આમંત્રિત કર્યા છે અને કેટલાક ભાગોમાંથી અત્રે જે બહેનોએ પધારી અમારા ઉત્સાહમાં વધારો કર્યો છે તે માટે અમને ઘણો જ આનંદ થાય છે. તેમણે જણાવ્યું કે સંસ્થાની સ્થાપનાથી જ્ઞાતિની સંસારિક સ્થિતિ સુધારવા તરફ ખાસ લક્ષ આપવામાં આવ્યું છે. પરંતુ ઘરસંસાર સુખરૂપ નીવડે, કજોડાં અને છૂટાછેડા કે એક ઉપર બીજી સ્ત્રી કરવાના પ્રસંગોનું પુનરાવર્તન ન થાય તે સંદર્ભે ઘણું કરવાનું બાકી છે. વિશેષમાં સૂચન કરતા તેમણે જણાવ્યું કે "અજ્ઞાન વર્ગ ગાડરિયા પ્રવાહની માફક દોરાઈ જાય નહિ તે માટે યોગ્ય ગોઠવણો કરવાની આપણા માટે બાકી જ છે એ તરફ હું આપનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર સમજું છું. બાળલગ્નોના સંદર્ભમાં જણાવ્યું કે અન્ય પ્રજા કરતાં આપણે શારીરિક, આર્થિક, માનસિક કેળવણીની બાબતમાં પણ આપણે પછાત છીએ; જણાવ્યું કે "ઘરમાં વહુ આવે કે છોકરો નિશાળે જવાનું છોડી દે છે. ભણવામાં તેનું ચિત્ત ચોટતું નથી. એક બે વર્ષ બાળાઓ નિશાળે જાય છે. બાળપોથી કે પહેલી ચોપડી પૂરી કરે એટલામાં તો તેમની માતાને લાગે છે કે પુત્રી મોટી થઈ ગયેલી લાગે છે ! આ સ્થિતિ કેટલી દુ:ખ દાયક અને નુકસાન કરનારી છે. તેનો ખ્યાલ માબાપ કરી શકતા નથી કારણ કેળવણીના ફાયદાથી તેઓ તદ્દન અજ્ઞાન હોય છે. વેપાર કે ગુમાસ્તી કરનાર પસ્તાય છે. આપણે ઈંગ્રેજી ભણ્યા હોય તો બહુ સારું થાત ![૭૬] સ્ત્રી કેળવણીના સંદર્ભે તેમણે જણાવ્યું કે, જે બાળાઓ ભવિષ્યની પ્રજાની માતાઓ અને ધર્મપત્નીઓ થવા સરજાયેલી હોય છે. તેમને ઉત્તમ ચારિત્ર્યવાન બનાવ્યા આપણે ઘણું કરવાનું છે તે માટે જ્ઞાતિની બાળાઓને શિક્ષણ આપવું જરૂરી છે. તેમ તેમણે જણાવ્યું હતું. જ્ઞાતિના કુરિવાજોના કારણે આર્થિક દુર્દશાના સંદર્ભે જણાવતા તેમને કહ્યું કે મરણ પાછળ અયોગ્ય ખરચામાં આપણી કોમની મોટી પેદાશ વપરાઈ ગઈ છે. દીકરીઓને સુખી થયેલી જોવ માટે પણ આપણે પુષ્કળ પૈસા તેમની પાછળ ખર્ચ્યા છે. પરંતુ સંતાનોને કેળવવા પાછળ કોઈ ખરચ કર્યું નથી એ જ કારણ આપણી નબળી સ્થિતિને લાવનારું છે. જેઓ કંઈક સમજતા થયા છે. તેઓ અયુક્ત ખરચો કરતાં ડરે છે, પણ જેમને પોતાના લાભ-હાનિનું કંઈ ભાન જ નથી તેઓ એકબીજાથી શ્રેષ્ઠ થવાની લાલસાએ પૈસાનો દુરુપયોગ કરે છે. કેટલાક તો કરજે કરીને પણ પોતાનું ઊંચું રાખવા ચૂકતા નથી ! આ સ્થિતિ આપણી ગરીબ દશાને ખેંચી લાવનારી છે. તેનો આપ અવશ્યે વિચાર કરશો. વધારે કમાવવાની લાલચે ઘણા બંધુઓ આવા શહેરોમાં દેશ છોડી ચાલ્યા આવે છે, પણ વિદ્યા અને વિચાર શક્તિથી ખામીવાળા માણસોને તો મજૂરી જ કરવી પડે છે, શહેરોનો ખરચ પણ મોટો હોય છે.

૭૬. એજન, પૃ. ૩૧૪

એટલે મોટા શહેરોમાં પણ જે ભાઈઓ દેશ છોડી ચાલ્યા આવે તેમને ધંધો-રોજગારે વળગાડવા અને તે દરમિયાન તેમના માટે આશ્રયસ્થાન અને નિભાવ અર્થે પણ કંઈક ગોઠવણો મોટાં શહેરોમાં થવાની જરૂર છે.

ઉપરોક્ત વિવેચન દ્વારા તેમણે જ્ઞાતિની વાસ્તવિક્તા આર્થિક સ્થિતિ ચિતાર રજૂ કર્યો હતો.

ઉપરોક્ત વ્યાખ્યાન પૂર્ણ થતાં, વ્યવસ્થાપક કમિટીના સભ્ય દેસાઈ અમરસિંહજીએ મે. પોપટલાલભાઈને પ્રમુખસ્થાન લેવા માટે વિનંતી કરી હતી, જેને સંસ્થાના જ. સેક્રેટરી મિ. કેશવલાલ વકીલે ટેકો આપ્યો હતો. જેથી સભાના પ્રમુખ તરીકે મે. પોપટલાલભાઈએ બોધદાયક વ્યાખ્યાન આપ્યું હતું.૭૭ જે નીચે પ્રમાણે છે.

"તેમણે સ્પષ્ટતા કરી કે સમાજનો અર્થ એક વર્ષમાં ત્રણ દિવસ ભાષણ આપવા અને તે પછી પોતપોતાને ત્યાં જઈ જ્ઞાતિની કે કોઈની પરવા રાખ્યા સિવાય અંશ-આરામમાં દિવસો ગુજારવા એવો થતો નથી, વધુમાં તેમણે જણાવ્યું કે "સમાજ અને તેના પ્રત્યેક મેમ્બરની ફરજ છે કે અંતિમ હેતુને માટે આપણે કટિબધ્ધ થઈએ, અને સક્રિય પણે જ્ઞાતિ સેવામાં જોડાઈએ."

ઉપરાંત તેમણે જ્ઞાતિ સુધારાના સુકાની, જાગૃત વિદ્વાન, સમાજ સેવક એવા પુરુષોત્તમદાસના કાર્ય સમાજ સેવાના ઉદ્દેશો પ્રજા સમક્ષ રજૂ કરતાં, તેમને પ્રવૃત્તિની નોંધ લીધી હતી.

કડવા પાટીદાર જ્ઞાતિની તતકાલિન સ્થિતિના સંદર્ભે જણાવ્યું કે તેમની અર્થોપાજનની પ્રવૃત્તિ માન અને પ્રતિષ્ઠા ફેલાવે તેવી છે, તેમ છતાં તેઓ તદ્દન કંગાલિયત સ્થિતિમાં બીજાની ગુલામગીરી કરતાં નજરે પડે છે; જો આવી સ્થિતિમાં પણ તેઓ પોતાને સુખી માનતા હોય, તો તે વિષકૃમી ન્યાય છે. એટલે કે (ઝેરનો કિડો ઝેરમાં જ જીવે તેવી સ્થિતિ)

કૃષિ ઉપજ અને મહેસૂલના સંદર્ભે જણાવતા કહ્યું કે "તેમના ઉપર મહેસૂલનું પ્રમાણ કેટલે છે. ઉપરાંત અયોગ્ય મહેસૂલા સામે કેવી રીતે લડાઈ ચલાવવી તેની તેઓની કેળવણીની ખામીને લઈને સમજી શકતા નથી.

રાજ્યની તેમજ બ્રિટિશ સલ્તનતની પેદાશોનો ઘણોખરો હિસ્સો તેઓ પૂરો પાડે છે અને તેમના વગર રાજ્યની તેજોરીની તેમજ રાજ્ય વ્યવસ્થાની શું દશા થાય તે સ્પષ્ટ છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે "શિક્ષણના અભાવને કારણે વેપારીઓ સાહુકારો તેમને છેતરે છે, અને ખરી મહેનતથી કરેલી કમાણી તેઓને ત્યાં જ સમર્પિત કરવામાં આવે છે.

બાળલગ્નના અતિ સોચનીય રિવાજને પરિણામે પતિપત્ની વચ્ચેના પ્રેમને આપણી જ્ઞાતિમાં વિકટ પ્રશ્ન છે. તેમણે જણાવ્યું કે હજારો કજોડાં થાય છે. છેડા છૂટકાનો પણ કાંઈ પાર નથી. એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી સ્ત્રીઓ કરવાના ઘણા પ્રસંગો ઉદ્ભવ્યા હતા.

૭૭. એજન, પૃ. ૩૧૬

ઉપરાંત તેમણે જણાવ્યું કે જ્ઞાતિના સંકુચિત માણસોના સ્વાર્થ અને મમત્વના કારણે જ્ઞાતિ સુધારણાના કાર્યમાં તે અવરોધ ઉભા કરતા હતા. તેમણે વિદ્વાન દેશભક્તોના દ્રષ્ટાંતો આપતા જણાવ્યું કે સંકુચિત માણસોનું ફલક સિમિત છે, **દેશભક્ત દાદાભાઈ નવરોજી, શ્રીમાન ગોખલે** જેવા વિદ્વાન વ્યક્તિઓનું કાર્યક્ષેત્ર અતિવિશાળ અને દેશહિત સંદર્ભનું છે. તેમ તેમણે સૂચનો કર્યા હતા. સાથે-સાથે વિદ્વાન વ્યક્તિઓને સભામાં હાજર રહી, જ્ઞાતિ સુધારાના કાર્યમાં પ્રવૃત થવા સંદર્ભે સૂચનો કર્યા હતા.

તેમણે જણાવ્યું કે જ્ઞાતિની સોચનીય સ્થિતિ માટે ઘણાં કારણો હતા પરંતુ મુખ્ય અને પ્રથમ કારણ 'કેળવણીની ઉણપ છે. વિશેષમાં જણાયું કે કડવા અને લેઉવા પાટીદારો ભાઈઓ જ છે. એક જ પિતાના પુત્રો છે, છતાં તેમની અને આપણી સ્થિતિમાં વિશેષ તફાવત છે; એટલું જ નહી કેટલીક વ્યક્તિઓ તરફ આપ માનની નજરથી જુઓ છો તેમજ તેમણે કહેલી હકીકત પ્રત્યુત્તર વાળવાની ઈચ્છા વગર સ્વીકારો છો તેનું શું કારણ ? તેના મૂળમાં કેળવણીનો અભાવ છે.૭૮ ઉપરાંત તેમણે શારીરિક, માનસિક, આધ્યાત્મિક કેળવણીના સંદર્ભે સચોટ વિવેચન કરવું હતું.

કૃષિ-પશુપાલન ઉપરાંત તેમણે મહામંડળની પ્રવૃત્તિ, વિશેષમાં બાળલગ્નના ઉદ્ભવ તથા જ્ઞાતિની ઉત્પતિના સંદર્ભમાં પ્રચલિત કથાઓના સંદર્ભે તર્ક-વિતર્ક દ્વારા વિવેચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે "જો છૂટાલગ્નની પ્રથા હવે અખત્યાર કરવામાં આવે તો ગોળને પરિણામે ઉંમરના કજોડાં વર-વહુ વચ્ચે થવાનો સંભવ ઓછો રહે, પરંતુ સ્વભાવ અને બુધ્ધિકક્ષામાં કજોડાં તો રહેશે. જેથી સંકુચિત વૃત્તિનો ત્યાગ કરી જ્ઞાતિની ઉન્નતિ માટે સંપ થવાની આવશ્યકતા હોવાથી ગોળના બંધારણને તિલાંજલી આપવાની અપીલ કરી હતી.૭૯

બાળલગ્ન પ્રતિબંધ નિબંધની ૮ કલમની "क" * કલમ રદ કરવા સંદર્ભે તેમણે ના.ગાયકવાડ સરકારને વિનંતી કરી હતી."

પ્રમુખનું ભાષણ પૂર્ણ થતાં સબજેક્ટ કમિટી નીમવામાં આવે હતી.૮૦

ઉપરોક્ત કમિટી નીમવાનો ઠરાવ મંજૂર થયા બાદ તે બેઠકમાં જે જે ઠરાવો લાવવાના અને તે ઉપર ચર્ચા કરવા માટે સભ્યોને અપીલ કરવામાં આવી હતી રાત્રે, દેસાઈ અમરસિંહજીએ "માધાના પિતાનું પ્રેતભોજન" નામક મરણ પાછળના જમણોથી થતી પાયમાલીનું આખ્યાન રજૂ કર્યું હતું, સાંજના સાત વાગે પહેલા દિવસની બેઠકનું કાર્ય પૂર્ણ થયેલું જાહેર થયું હતું. રાતના આઠ વાગ્યાથી સાડાબાર વાગ્યા સુધી સબજેક્ટ કમિટીએ ઠરાવો ઘડવાનું કાર્ય કર્યું હતું.

૭૮. એજન, પૃ. ૩૧૮ થી ૩૨૦

૭૯. એજન, પૃ. ૩૨૨

૮૦. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટનં. ૨૨, પૃ. ૩૮૫

બીજા દિવસની બેઠક લગભગ બપોરના એક વાગે મળી હતી. મે. પ્રમુખ સાહેબે કામકાજની શરૂઆત કરતાં ઠરાવો રજૂ કરવાની વાત જણાવી હતી અને નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કારવામાં આવ્યા હતા.

ના. શહેનશાહ પંચમ જ્યોર્જ અને મહારાણી મેરીનું સહકુટુંબ દીર્ઘાપુષ્પ તથા બ્રિટિશ તાજ પ્રત્યે પોતાની વફાદારી; તથા સ્વાતંત્ર્ય, ન્યાય અને આત્મનિર્ણયના સિધ્ધાંતો વડે જગદ્વ્યાપી યુધ્ધમાં પ્રદર્શિત કરતો ઠરાવ રજૂ કર્યો હતો.

શ્રીમંત મહારાજા સયાજીરાવ તથા તેમના સહકુટુંબનું દીર્ઘાપુષ્પ ઈચ્છતો ઠરાવો, તથા ખેડૂત પ્રજાના હિતાર્થ મફત અને છઠ્ઠા ધોરણ સુધીનું ફરજિયાત કેળવણીનું ધોરણ બનતી ત્વરાએ દાખલ કરી દેશના આધારરૂપ આ પછાત જ્ઞાતિનું હિત વિચારવા ના. બ્રિટિશ સરકાર અને દેશી રાજા-મહારાજાઓનું માનસહિત ધ્યાન પ્રદર્શિત કરતો ઠરાવ રજૂ કર્યો હતો.

દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ ખેડૂત પ્રજાનાં સંતાનોને માતૃભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરીકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પાછળ ન રહી જાય, તે ધોરણ પર તેમના માટે ખાસ નિશાળો અને કોલેજોની રચના કરી ખેડૂત પ્રજાનું હિત સાચવવા દરેક રાજા મહારાજા અને ના. બ્રિટીશ સરકારને આ સમાજ આગ્રહપૂર્વક અને માનપૂર્વક વિનંતી કરતો ઠરાવ રજૂ કર્યો હતો.

બાળલગ્નના અધર્મયુક્ત અને હાનિકારક રિવાજને સત્વર નાબૂદ કરવા આ સભા દરેક જ્ઞાતિ બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે, અને શાસ્ત્રોક્ત રીતે યોગ્ય ઉંમરે કરવામાં આવેલાં ફરજમંદો અને છૂટક તારીખે લગ્ન કરાવનાર માબાપોને ધન્યવાદ આપતો ઠરાવ રજૂ કર્યો હતો.

દેશના જુદા-જુદા ભાગોમાં રહેતા કડવા પાટીદારોની સમસ્ત જ્ઞાતિની આ સભા શ્રીમંત વડોદરા સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે કે “બાળલગ્ન પ્રતિબંધક નિબંધની કલમ ૮ ની પેટા કલમ ર નો અપવાદ “क” ને નાબૂદ કરવા તથા બાળલગ્નના દંડના રૂપમાં પ્રાપ્ત કરેલી રકમ જ્ઞાતિના સંગઠનોને કેળવવા માટે વાપરવા શ્રીમંત મહારાજા સાહેબને આતુરતાપૂર્વક માંગણી કરતો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો.

એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના અને છૂટાછેડાના રિવાજો આ સભા વિરોધ કરતો ઠરાવ રજૂ કર્યો હતો. આ ઠરાવ સંદર્ભે સ્વામી હરિહારાનંદજી પરમહંસે બાળકોની લગ્નવય અને શાસ્ત્રોક્ત લગ્ન પધ્ધતિ ઉપર બોધદાયક વિવેચન કર્યુ હતું.૮૧

ઉપરોક્ત ઠરાવો સર્વાનુમતે પસાર થયા બાદ દેસાઈ અમરસિંહજીએ “મહાલક્ષ્મીનું મહાકષ્ટ” નામક આખ્યાન રજૂ કરી પાટીદારસમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું હતું.

૮૧. એજન, પૃ. ૩૨૪

ત્રીજા દિવસે "મહામંડળ" સંબંધી ઠરાવ રજૂ કરવા અને ટેકો આપવા માટે કેટલાક યુવક વિદ્યાર્થીઓ તરફથી માગણી કરવામાં આવી હતી પરંતુ છેવટે પ્રમુખ સાહેબ તરફથી જ તે રજૂ થતા, તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

આ ઠારાવે સબજેક્ટ કમિટીમાં વિશેષ સમય લીધો હતો અને "મહામંડળ" ના કાર્ય સંબંધી સારી ચર્ચા થવા પામી હતી, પરંતુ મહામંડળની આવતી જનરલ મિટીંગમાં વિદ્યાર્થીઓની અગવડો દૂર થઈ શકશે અને નાણાંનો છૂટથી ઉપયોગ કરી દરેક વિદ્યાર્થીઓને સગવડ કરી આપવામાં આવશે એવી ગોઠવણ થવાની છે. એવો મેં ડૉક્ટર સાહેબ તથા અન્ય સદ્‌ગૃહસ્થોએ ભરોષો આપ્યો હતો જેથી દરેકને સંતોષ માનવાનું કારણ મળ્યું હતું.

મરણ પાછળનાં જમણ શાસ્ત્ર વિરુધ્ધ અયુક્ત, ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનારા હોવાથી તેને નાબૂદ કરવા સમાજ દરેક જ્ઞાતિબંધુએ ને આગ્રહ પૂર્વક ભલામણા કરતો ઠરાવ પસાર કરવો હતો.

વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તે પ્રાપ્ત કરવા કરાવવા પોતાનાં પુત્ર પુત્રીઓને બને ત્યાં સુધી દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપવા આ સમાજ દરેક જ્ઞાતિબંધુને વિનંતી કરતો ઠરાવ તથા જ્ઞાતિમાં ખેતીવાડી, કેળવણીના વિકાસ સંદર્ભે સ્થપાયેલ "શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ નામની સંસ્થાએ નીચે પ્રમાણે ગોઠવણ કરી હતી.

અ) જ્ઞાતિના વિદ્યાર્થીઓ કેળવણી લેવા માટે પાછળ ન રહી જાય તે સંદર્ભે તેવા વિદ્યાર્થીઓને છૂટથી મદદ કરવાની તથા હાઈસ્કૂલ તથા કોલેજમાં અભ્યાસ કરતા જ્ઞાતિના દરેક વિદ્યાર્થીઓને બોર્ડિંગનો લાભ મળે તેવી ગોઠવણ કરવામાં આવી હતી.

બ) ઉપરોક્ત ઉદ્દેશ્ય માટે મહામંડળના સદ્‌ગૃહસ્થોની દિલસોજી પ્રાપ્ત કરતો ઠરાવ પસાર થયો હતો. ખેતીવાડી જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય હોવાથી તેનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરવા તથા ગૌપાલન કરવા સંદર્ભનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સદ્‌ગત જ્ઞાતિભક્ત ભાઈ પુરુષોત્તમદાસની જ્ઞાતિ સેવાની કદર કરી તેમનું સ્મારક કરવા સંબંધી ગઈ બેઠક વખતે કરવામાં આવેલા ઠરાવ નં. ૩૦ માનો સત્વર અમલ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

જ્ઞાતિ સુધારાક, રા. રા. વલ્લભદાસ નરોત્તમદાસે જે ઉત્તમ હેતુથી સમાજને રૂ. ૨૦૦૦ સમાજના નિભાવને માટે અને રૂ. ૨૦૦૦ સમાજના કેળવણી ફંડમાં મોટી રકમ અર્પણ કરેલ હતી. તે કડવા અને લેઉવા પાટીદાર વચ્ચે ઐક્યની પ્રતીતિ કરાવે છે.[૮૨]

જ્ઞાતિ સભાની આઠમી બેઠક ભરવામાં અવરોધો હોવા છતાં શેઠ કુબેરદાસ અતલસવાળા, રા. નારાયણભાઈ મિસ્ત્રી તથા દેસાઈ ચંદુલાલુભાઈ વગેરેનું તથા સ્વયંસેવકોએ કરેલ કાર્ય માટે આભાર પ્રગટ કરતો ઠરાવ રજૂ કરી; સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

૮૨. એજન, પૃ. ૩૨૭

આઠમી સભામાં "યુવક મંડળનના" **બંધુઓએ** જ્ઞાતિસેવાના સંદર્ભ વિશેષ પૂર્વભૂમિકા તૈયાર કરી હતી. જે અનુગામી સમયમાં સમાજ સુધારાના નવા સ્વરૂપમાં પ્રગટ થવાની હતી.

૨.૧૨ શ્રી કડવા પાટીદાર પરિષદ: નવમો મહોત્સવ. મુ. મોખાસણ, તા. કલોલ.

તા. ૨૭-૨૮-૨૯ ડિસેમ્બર ઈ.સ.૧૯૧૯

આ પરિષદના પ્રમુખ તરીકે ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ એલ. એમ. એન્ડ એસ. પસંદ કરવામાં આવ્યા હતા. સ્વાગત મંડળના પ્રમુખ મિ. મોહનલાલ ઈશ્વરદાસે પ્રમુખને તથા સ્વામીજી હરિહરાનંદજીને હારતોરા પહેરાવ્યા હતા. ત્યારબાદ અનુક્રમે સ્વાગત મંડળના પ્રમુખે તથા પરિષદના જનરલ સેક્રેટરીએ ભાષણ કર્યું હતું.

જનરલ સેક્રેટરી મિ. કેશવલાલે જણાવ્યું હતું કે પ્રમુખ તરીકે ડૉ. પીતાંબરાદાસ અતદ્દન લાયક પુરુષ છે. તેમને માટે દરખાસ્ત કરું છું જેઓ વિરમગામ મુકામે સંસ્થાની પ્રથમ બેઠકના પ્રમુખ તરીકે પસંદગી પામ્યા હતા. ઉપરોક્ત દરખાસ્તને વિરમગામવાળા- મિ. લલ્લુભાઈ સોમનાથે તથા મિ. રતીલાલ અંબારામે ટેકો આપતાં "પ્રમુખે પોતાનું અનુભવજન્ય ભાષણ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે ચારિત્ર્ય, નૈતિકતા જીવનના અગત્યના મૂલ્યો છે. તે સંદર્ભ જણાવ્યું કે

"એક ધનવાન પિતા હોય તે પોતાના પુત્રને વારસામાં અનેક રિધ્ધિ સિધ્ધિવાળી સુશોભિત મનોહર કિંમતી વસ્તુઓ મૂકી જાય, પરંતુ જો પુત્રને સદ્‌વિવેકી બનાવવો ભૂલી ગયો હશે એને પરિણામે પુત્ર મૂર્ખ કે દુરાચારી હશે તો પૈસાની અસદ્‌ગતિ થયેલી હોવાના અનેક દ્રષ્ટાંતો પ્રચલિત છે; એટલે કેળવણીના અભાવે ભવિષ્યની પરિસ્થિતિના સંદર્ભે તમારા બાળકો તમને શ્રાપ આપશે કે "ભાઈ અમે શું કરીએ, અમારા બાપે અમને ભણાવ્યા નહિ; તેવો શ્રાપ તમારા તરફ મળશે તેમ જણાવ્યું હતું."

ઉપરોક્ત બ્રહ્મચર્યના મહત્વ તથા બાળલગ્નના કારણો સર્જાતી સમસ્યાઓના સંદર્ભ જણાવ્યું કે "આપણે બાળકોને તો ભણાવીશું પરંતુ જ્યાં સુધી છોકરાની ઉંમર ૨૦ વર્ષની થાય નહિ, જ્યાં સુધી તે ઓછામાં ઓછું બી. એ. કે તેના જેવી બીજી કોઈ પરીક્ષા પાસ કરે નહિ, જ્યાં સુધી તે પોતાના પગ ઉપર ઊભો રહી શકે તેવી સ્થિતિમાં આવે શકે નહિ. ત્યાં સુધી તમે મહેરબાની કરી તેને માથે લગ્નનું બંધન જકડશો નહિ. કારણ આવો પુરુષ પરણીને ૧૯-૨૦ વર્ષની ઉંમર દરમિયાન પ્રજાત્પતિ કરી, પોતાના માથે ફોકટ ભાર ઊભો કરવા સિવાય બીજું કાંઈ જ કરતો નથી. તેથી પ્રજા નિર્માલ્ય બને છે અને વિશેષમાં હેરાનગતીમાં વધારો કરે છે. જેથી જ શ્રીમંત ગાયકવાડ સરકારે કરેલી મફત અને ફરજિયાત કેળવણીનો સંપૂર્ણ લાભ લઈ માધ્યમિક શાળાઓમાં અને આગળ કોલેજની કેળવણી માટે તમારા પુત્રોને મોકલવામાં તમારો પ્રથમ ધર્મ સમજતા, જેમ જલ્દી થશો તેમ આપણું કલ્યાણ નજીક છે. પરંતુ અફસોસની વાત એ છે કે તે સઘળું કરવા પુરતું

આપણામાં ઐક્ય ક્યાં છે ? ઉત્સાહ ક્યાં છે ? કેળવણીની જરૂર સરખી આપણને સમજતાં વાર લાગે છે. તેમણે જણાવ્યું કે "બંધુઓ ! યાદ રાખજો, જેટલા આપણે પાછળ રહેવાના તેટલી જ વધારે ઠોકરો ખાવી પડશે. ઉઠ્યા, જાગ્યા સિવાય છૂટકો તો નથી જ. જમાનાના વહાણમાં બેઠા સિવાય ચાલશે જ નહીં છતાં પણ જો આપણે હઠીલા થઈશું તો પછી જમાનાના વહેણમાં તણાવું પડશે અને ડૂબવાનું જોખમ સહન કરવું પડશે.

ઉપરાંત તેમણે યુવાનોના વિકાસ સંદર્ભે જણાવ્યું કે "યુવકોના અભ્યાસ માટે સગવડો કરવી આવશ્યક છે. વિવિધ સ્થળે બોડિંગો હાઉસો, લાયબ્રેરીઓ શરી કરી, તે દ્વારા ખેતીનું બી અને ખાતર વગેરે મફ્ત વહેંચવા જોઈએ. તે સંદર્ભે સભામાં સ્પષ્ટતા કરી હતી."૮૩

મરણ પાછળના મોટા જમણવાર સંદર્ભે શાસ્ત્રોમાં માત્ર મૃત્યુ પામનારની પાછળ તેના કુટુંબીજનોએ માત્ર શ્રાધ્ધ આદિ કર્મ કરી જમવું જોઈએ; તેવો ઉલ્લેખ છે. પરંતુ જ્ઞાતિમાં સમયાન્તરે આ રિવાજ દ્રઢ થતાં દૂષણમાં પરિણમ્યો હતો, જેથી ઘણા કુટુંબના વ્યક્તિઓએ ઘર, ઘરેણાં, ગીરવી મૂકીને પણ કારજવરા કર્યા સિવાય સ્થિર થયા ન હતા. આ ખોટી માન્યતાએ જ્ઞાતિમાં ઘણાં કુટુંબોને નિરાધાર, ગરીબ હાલતમાં, ખેતર વગેરે વેચી હલકી નોકરી કરતાં કરી નાંખ્યા હતા. જે આર્થિક બાબતોના અભ્યાસ પરથી સમજી શકાય છે.

રચનાત્મક પ્રવૃત્તિના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે "જ્યારે ગામમાં રોગચારોનો પ્રવેશ થાય ત્યારે આરોગ્યના સઘળા નિયમો તમે પાળશો જ. પાણી ઉકાળીને પીશો એવી મારી વિનંતી છે. પ્લેગના સમયમાં પ્લેગના ઊંદરવાળું ઘર, ઢોરો માટે ગામ બહાર જુદો વાડો બાંધી તેવાં રોગી ઢોરોને ત્યાં જ રાખવાં. ગરીબ માણસના છોકરાઓ ભણે તે ખાતર ગામ દીઠ ઠરાવ કરો કે દરેક ઘરવાળાએ ૧૦ શેર દાણા વર્ષે આપવા જ. તમારાં છોકરાંને ભણાવવામાં તમારું હિત છે. તમારી છોકરીઓને વીસરી જશો નહિ. વિલાયતની સ્ત્રીઓએ કરેલા કામનું દ્રષ્ટાંત લેશો. તેમ જણાવ્યું હતું.૮૪

તેમણે સમાજમાં પ્રચલિત કુરિવાજો, પ્રથાઓ, માન્યતાઓને, તર્ક, કાર્યકારણના સંદર્ભે સમજવા અનુરોધ કર્યો હતો કે "જે સત્ય વસ્તુનું તમને જ્ઞાન થયું છે તેને તેમના (સુધારાના વિરોધીઓ) કહેવથી મૂકી દઈ તેમની આજ્ઞાને વશ થઈ જશો નહિ. તેમને ધીમેથી શાંત રાખી તમારી વાત સમજાવશો. દ્રષ્ટાંતો દ્વારા તેમના મગજમાં સત્ય વસ્તુનું સત્ય સ્વરૂપ તેમને ઓળખાવશો. તેમનો મત મેળવવા ખાતર કે તેમને રીઝવવા ખાતર એક તસુ સરખા અપણ ડગશો નહી. કારણ સત્ય વસ્તુ ઉપર નકામો ઢોળ ચઢાવી તમે તે ઝળકાવી શકશો નહી. તેમજ જે સત્ય

૮૩. પરીખ. પુરષોત્તમદાસ, કડવા વિજય, પુસ્તક ૯, અંક. ૧, કડવા પાટીદાર હિતવર્ધક મંડળ, ઈ.સ. ૧૯૧૯ પૃ. ૧૧
૮૪. એજન, પૃ. ૧૩

વસ્તુ છે તેમાં કોઈ જાતની સમજાવટ જેને "Compromise" કહે છે. તેવા પ્રકારનું કાંઈ જ કરતા નહી. કારણ તેથી કરીને સત્યના સિધ્ધાંતોને મહાન આંચ આવે છે, એટલું જ નહી. પણ જ્યારે જ્ઞાતિમાં તમારા જેવા નામાંકિત પુરુષો પાલનમાં કચાસ કરશે તો; સાધારણ પુરોષોની તો આશા જ શી ? પ્રસ્તુત વિવેચનમાં મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના સિધ્ધાંતોની અસર સ્પષ્ટ જણાતી હતી.

સમાજ સુધારાના સંદર્ભમાં જણાવ્યું કે માત્ર લેખ લખી કે ભાષણો કરી કોન્ફરન્સો ભરી ત્રણ દિવસ લાંબાં લાંબાં ઠરાવોનાં ફરફરીયાં વાંચી જઈ સુધારાનું હિત આપણે સહેજ પણ સધી શકીશું નહી.

રાજકીય બાબતોમાં સુધારકોને જે સહન કરવું પડે છે તેથી કાંઈ ઓછું, એક સમાજિક સુધારકને પડતું નથી. સુધારાના કાર્ય ઘણી વાર કુટુંબ તુટવાનો પ્રસંગ ઉભો થાય છે. ઘરનાં કુટુંબમાં આપણે અળખા તો થઈએ પણ કેટલીકવાર સત્યને આંચ આવે નહી તે ખાતર ગામ અકે નાત બહાર રહેવાનું જે સીતમ આપણે માથે આવી પડે છે તે સહન કરી લેવા આપણે હંમેશાં તૈયાર જ રહેવું જોઈએ. આવા કસોટી કરાવે તેવા પ્રસંગો ઊભાં થતાં જો આપણને સુધારાને નામે લાગણી હશે, તો સત્યને બદલે અસત્ય સ્વીકારી શકવા આપણે અસમર્થ હઈશું, તેથી જ સત્યાગ્રહી બની ગમે તે સહન કરીશું. ત્યારે જ સમાજ સુધારણાનાં કાર્ય સાધી શકાશે.૮૫

પ્રમુખ મહાશયનું ભાષણ પુરું થવા બાદ વિષય નક્કી કરનારી કમિટી નીમવવામાં આવી હતી. તેમાં નીચેના સભ્યો હતા.૮૬

સબજેક્ટ કમિટી રાત્રે મળી હતી અને તેણે પોતાનું કામકાજ રાતના ૯ વાગતાં પૂરું કર્યું હતું, અને ત્યારબાદ દેસાઈ અમરસિંહજીએ "મહાલક્ષ્મીનું મહાકષ્ટ" એ નામનું આખ્યાન રજૂ કર્યું હતું. રસિક વ્યાખ્યાન કારે તેના પૂર્વરંગમાં જ બે કલાક પસાર કર્યા હોવાથી આખ્યાનને શરૂઆતથી અધૂરું મૂકવું પડ્યું હતું.

બીજા દિવસે પ્રમુખે નીચેના ઠરાવો સભા સમક્ષ રજૂ કર્યા હતા અને તેમને પાસ થયેલા જાહેર કર્યા હતા.

૮૫. એજન, પૃ. ૧૫

૮૬. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૩, પૃ. ૩૮૮

શહેનશાહ પંચમ જ્યોર્જ અને મહારાણી મેરીનું સહકુટુંબ દીર્ઘાયુષ્ટ ઈચ્છતો અને બ્રિટીશ તાજ પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરી સ્વતંત્રતા, ન્યાય અને આત્મનિર્ણયના સિધ્ધાંતની અંતિમ સિધ્ધિ માટે પ્રભુ પ્રાર્થના કરતો તથા શ્રીમંત મહારાજા સયાજીરાવનું સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઈચ્છતો અને ફરજિયાત કેળવણી તથા બાળલગ્ન અટકાવવા પ્રજાહિતાર્થ અનેક યોજનાઓ ઘડી શ્રીમંત મહારાજાને હાથે તેમનું કલ્યાણ થાય તે માટે પ્રાર્થના કરતો તથા શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યકુટુંબમાં અતિખેદજનક યુવાન ઉંમરે થયેલા પદ્માવતીબાઈ તથા કુમારશ્રી શિવાજીરાવના સ્વર્ગવાસ માટે આ પરિષદ પોતાની અત્યંત દીલગીરી જાહેર કરતો ઉપરોક્ત ઠરાવો સમાજવતી સર્વાનુમતે પસાર થયા હતાં.૮૭

મિ. રામચંદ્ર જમનાદાસ અમીને વિદ્યાએ સર્વોત્તમ શક્તિ હોવાથી તે પ્રાપ્ત કરાવવા પોતાનો પુત્ર, પુત્રી બને ત્યાં સુધી દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપવા આ પરિષદ દરેક જ્ઞાતિબંધુને આગ્રહપૂર્વક વિનંતી કરતો ઠરાવ રજૂ કર્યો હતો. વિશેષમાં જણાવ્યું કે "શ્રીમંત સરકારે પ્રાથમિક કેળવણી આપણને મફત અને ફરજિયાત કરી આપી છે, છતાં પણ આ બાબતમાં માત્ર સરકારથી કાંઈ થઈ શકતું નથી. સ્ત્રી કેળવણીના અભાવે આપણને કેટલું શોષવું પડ્યું છે. તે જાહેર છે.

આ ઠરાવને અનુમોદન આપતાં તોરણાવાળા રા. મગનલાલ શ્રીધરભાઈએ કીર્તિદાન નહી કરતાં, વિદ્યાદાન કરવાની જરૂર જણાવી હતી. રા. અંબાલાલ મોહનલાલે તે ઠરાવને વિશેષ અનુમોદન આપતા તે પસાર જાહેર કરવામાં આવ્યો હતો.

બાળલગ્નના અધર્મયુક્ત અને હાનિકારક રિવાજને સત્વર નાબૂદ કરવા આ સભા દરેક જ્ઞાતિબંધુઓને વિનંતી કરે છે.

તે સંદર્ભે સ્વામીજી હરિહરાનંદજીએ ઠરાવ કરતાં જણાવ્યું કે "તમારી નાતમાં તો એક ફૂલનો દડો કરીને કન્યા પરણાવી તેના હાથથી મંગળ આભૂષણોનું ખંડન કરી માતા-પિતા તેને વિધવા બનાવે છે. શાસ્ત્રોમાં તો આવું ધોરણ ક્યાંય નજરે પણ ચઢતું નથી. ફૂલના દડાની સાથે લગ્ન કર્યું, ફૂલના દડાને પુરુષ બનાવ્યો, તેને કૂવામાં નાંખ્યો, તેને મારી નાખ્યો. આ શું કહેવાય છે ? આ કેટલો બધો અધર્મ ! અથવા તો બાહ્યવર એ પણ કંઈ ઓછો અધર્મ છે ? ધર્મશાસ્ત્રને અનુસરી વિદ્વાનોના કહેવા પ્રમાણે વર્તવું તેમ તેમણે જણાવ્યું હતું.

ત્યારબાદ સરઢવવાળા પા. છગનલાલ પીતાંબરદાસે તે ઠરાવને અનુમોદન તથા રા. નારણજીભાઈ મિસ્ત્રીએ ઠરાવને વિશેષ અનુમોદન આપતા જણાવ્યું કે "દરેક જ્ઞાતિ પુત્રપુત્રીઓને યોગ્ય વયે લગ્ન કરાવે છે ત્યારે આપણે ૪૦-૪૦ દિવસનાં બાળકોનાં લગ્ન કરીએ છીએ; તે શું આપણે ડાહ્યા અને બીજા બધા મૂર્ખ"

૮૭. એજન, પૃ. ૧૭

ઉપરોક્ત સભાની ચર્ચામાં નોંધવા યોગ્ય બાબત એ હતી કે "કોઈ ગામનાં એક બ્રાહ્મણ રા. મોહનલાલ અંબારામ, પોતે ગોરપદું કરતાં હતા છતાં પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી હતી કે, "જ્યાં બાળલગ્ન કરવાનું કાર્ય કરવા મને અમારા ગામવાસીઓ કે અન્ય કોઈ ગૃહસ્થો તરફથી બોલાવવામાં આવશે ત્યાં હું જઈશ નહી. તેવા લગ્નોમાં ભાગ લેવો એમાં હું અધમ પાપ સમજું છું.[૮૮]

ત્યારબાદ પ્રમુખે રજૂઆત કરી કે જેઓ ચુસ્ત સુધારકો હોય તેમણે અહીં જ નક્કી કરી લેવું જોઈએ એ અમે કદાપી બાળલગ્ન કરીશું જ નહી. આ વિનંતીનો યોગ્ય પ્રત્યુત્તર ત્યાં જ ઉપસ્થિત વિજાપુર ગામના આગેવાન વ્યક્તિઓએ ઘણી જાહેર હિંમતથી આપ્યો હતો. તેમણે ગોળ તરફથી જેપુરના પટેલ ઝવેરભાઈ ભગવાનદાસને બાળલગ્ન અટકાવવા ગોળ કરેલા ઠરાવની કોપી સહીઓ સાથેની લઈ પરિષદ સમક્ષ રજૂ કરવા મોકલ્યા હતા.

ઉપરોક્ત ઠરાવને અમીન રામચંદ્ર જમનાદાસે તેને વિશેષ ટેકો આપતા સર્વાનુમતે પસાર થયો હતો.

જ્ઞાતિના બાળકોને વિદ્યા પ્રાપ્ત કરવાના સાધન સરળ કરી આપવાના હેતુથી "શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ"ની સ્થાપના થઈ છે. જેને અન્ય ગામના પંચો પણ સમર્થન આપે તે સંદર્ભનો ઠરાવ રજૂ થયો હતો. આ ઠરાવ રજૂ કરતાં પા. છગનલાલ પીતાંબરદાસ સરઢવવાળાએ જણાવ્યું કે "કડી પ્રાંતમાં ઘરદીઠ વર્ષ ૧૦ શેર દાણા બોર્ડિંગના નિભાવ અર્થે આપવામાં આવે તો લગભગ ૪૦૦ છોકરાં ભણી શકે તેવી યોજના ઘડી શકાય તેમ છે. તે દરખાસ્તના અનુસંધાનમાં બેતાલીશના ગોળના ભાઈઓએ ઘર દીઠ ૧૦ શેર દાણા આપવાનો ઠરાવ કર્યો છે. તેનું અન્ય આગેવાનોએ અનુકરણ કરવું જોઈએ. ઉપરોક્ત ચર્ચા વિચારણા બાદ રા. નગીનભાઈ વ્રજલાલે ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતા પ્રમુખ દ્વારા પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો હતો.

ત્રીજા દિવસે સ્વામી હરિહરાનંદજીએ "મરણ પાછળનાં જમણ શાસ્ત્રા વિરુધ્ધ, અયુક્ત, ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનાર હોવાથી તેને નાબૂદ કરતો ઠરાવ રજૂ કર્યો હતો.

ઉપરોક્ત ઠરાવના અનુસંધાનમાં કટાક્ષ કરતા અમરસિંહએ જણાવ્યું કે "દીકરીની સગાઈ કરવા આવનાર હવે શું પૂછે છે ? કારજ કર્યું તે તો ખરું પરંતુ ઘરમાંથી પૈસા કાઢીને કે દેવું કરીને ? અને (મરણ પાછળ) તેથી જ તેમણે કહ્યું કે "પાટીદારના છોકરાઓ આજે મીલમજૂરી અને ઘાટીનું કામ કરતા થયા છે. ઉપરાંત શિક્ષણના અભાવે કેવી નિમ્ન કક્ષા ભોગવવી પડે છે તેનું જીવંત દ્રષ્ટાંત રજૂ કરતાં "મોહનભાઈ દેવીદાસ પટેલ સ્ટેજ ઉપર જણાવ્યું કે "અમારા ગામની મોજણી કરવા સરવેયર તરીકે એક અત્યંજ કામદાર આવ્યો હતો. જ્યારે તેની સરભરામાં અત્યંજવાસમાં જુદું ઘર આપવાનું નક્કી કર્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે "હું અત્યંજવાસમાં રહીશ નહીં. હું તો અત્યંજનું પાણી પીતો નથી." એટલે અમે શું કરીએ ? અમારે હાથે તેને જુદું ઘર બાંધી આપવું પડ્યું હતું.

૮૮. એજન, પૃ. ૧૮

અમરસિંહભાઈએ પ્રશ્ન પૂછ્યો કે 'જ્યારે માપણી કરતો ત્યારે તમે શું કરતા હતા ? "મોહનભાઈ પટેલે જવાબ આપ્યો કે "માપવા માટે ઝંડા પકડવાનું તેણે અમને કહ્યું અને અમારી પકડવા પડ્યા, શું કરીએ ?"૮૯

૧) પટેલ ઉમેદભાઈ પુરુષોત્તમે જણાવ્યું કે,

"બાળલગ્ન નહિ કરવા, બારમા નહિ ખાવા, પાડા નહિ મારવા અને દીકરીને ઘેર અન્ન નહિ ખાવાની હું આજથી પ્રતિજ્ઞા લઉં છું. ઉપરુક્ત જાહેરાતને સભામાં ઉપસ્થિત અન્ય વ્યક્તિઓ પણ અનુમોદન આપતા પ્રતિજ્ઞા લીધી હતી કે "મરણ પાછળ ખર્ચ નહીં કરવા, નહીં ખાવા અને બાળલગ્ન નહીં કરવા, જહેરાત કરી હતી." ૨૫ પ્રતિજ્ઞાઓ લેનાર વ્યક્તિઓના નામ નીચે મુજબ છે.૯૦

ત્યારબાદ પ્રમુખ દ્વારા નીચેના ઠરાવો રજૂ થયા હતા.

વડોદરા રાજ્યમાં પાટીદાર કોમ એક અગત્યની અને મોટી સંખ્યાવાળી હોવા છતાં નામદાર વડોદરા સરકારની ધારાસભમાં અત્યાર સુધી કડવા પાટીદાર જ્ઞાતિનિઓ એક પણ સભાસદ નીમવામાં આવ્યો નથી, માટે આ પરિષદ સદરહું કોમમાંથી ધારાસભામાં સભાસદ નીમવાની શ્રીમંત સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ધારાસભાના પ્રતિનિધિ ચૂંટવાનો હકક ધરાવનાર આપણાં જ્ઞાતિબંધુઓને આ પરિષદ આગ્રહ પૂર્વક ભલામણ કરે છે કે તેમણે આપણી જ્ઞાતિના લાયક અને કેળવાયેલા ઉમેદવારોને જ મત આપી પસંદ કરવા બાબતે તથા વેઠધારાનો કાયદો ખેડૂત પ્રજાને ગુલામ ગીરીનું ભાન કરાવે છે, તથા ખેતીવાડીમાં નુકસાન કરે છે. માટે તે કાયદો સદંતર નાબૂદ કરવા માટે અને હાલના સંયોગોમાં ખેડૂત પ્રજાને ચોમાસામાં આ નિયમને આધારે જે અસહ્ય સંકટ સહન કરવું પડે છે. તેથી દરેક સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ઉપરાંત સભામાં ઉપસ્થિત એવા માધવજી અંબાઈદાસે જણાવ્યું કે "બારમાં પાછળ અમારા પૂર્વજોએ ૧૦૦ મણ ઘી વાપરેલું, હવે હું મારા પિતા પાછળ કારજ નહિ કરતાં રૂ. ૧૦૦૦, એક હજાર પોતાના ગામમાં નિશાળ શરૂ કરવા ખાતર આપવાનું જાહેર કર્યું હતું.

ઉપરાંત પ્રમુખ દ્વારા રજૂઆત કરવામાં આવી કે દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ ખેડૂત પ્રજાના સંતાનોને માતૃભાષામાં મળી શકે, તેમજ એક શહેરી પ્રજા તરીકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પાછળ ના રહી જાય તે ધારણ પર તેમના માટે ખાસ નિશાળો અને કોલેજો શરૂ કરી ખેડૂત પ્રજાનું હિત સાચવવા માટે દરેક રાજા, મહારાજાને અને નામદાર બ્રિટીશ સરકારને અને શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારને વિનંતી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. ખેતીવાડી

૮૯. એજન, પૃ. ૨૦

૯૦. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૪, પૃ. ૩૯૦

જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય હોવાથી તેનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરવા તથા ગૌપાલન કરવા આ પરિષદે ઠરાવ પસાર કર્યો હતો. ઉપરાંત ડેરીમાં દૂધ નહિ વેચવા માટે તથા પોતાનાં પશુઓને હંમશને માટે આ દેશમાંથી જાય તેવી રીતે નહિ વેચવા કે આપવા સંદર્ભનો ઠરાવ સર્વાનુભવે પસાર કરવામાં આવ્યો હતો. પરિષદમાં સુધારાના સંદર્ભે 'વિજાપુર' તાલુકા અને બેતાળીશના ગોળના વ્યક્તિઓએ લીધેલ પ્રતિજ્ઞાઓ માટે પરિષદે તેમને ધન્યવાદ આપતો ઠરાવ પસાર કર્યો હતો.૯૧

આ ઠરાવ પસાર કરતી વખતે પ્રમુખ તરફથી સૂચના થતાં રા. કેશવલાલભાઈએ જણાવ્યું "ભાઈઓ પ્રમુખસાહેબ પોતાના તરફથી જાહેર કરે છે કે હું રૂ. ૧૨૫ શ્રી. ક.પા. હિ. મહામંડળને તમારા ગામમાં કેળવણીના હિત ખાતર આપીશ. તેનું જે વ્યાજ ઉત્પન્ન થશે તે પૂરતી સ્કોલરશીપ ૬ઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી મોખાસણ ગામની કોઈ પણ પ્રથમ પંક્તિની બાળાને ઈનામની ચોપડીઓ દ્વારા આપવામાં આવશે. જો તે ધોરણમાંની બાળા નહિ મળે તો પાંચમાં ધોરણની બાળાને અને તે નહિ મળતાં ચોથા ધોરણની પહેલા નંબરે પસાર થનાર બાળાને અને તે પણ જો નહિ મળી આવે તો મેટ્રિક ક્લાસમાં ભણતાં મોખાસણ ગામના છોકરાને આપવામાં આવશે, અને જો તે પ્રમાણે આપવાનું વિદ્યાર્થીઓના અભાવથી નહિ બનશે તો તે રકમનું વ્યાજ જમા થઈ એકઠું થશે અને જ્યારે તેવી બાળા કે છોકરો મળી આવશે ત્યારે તેને સઘળી જમા થયેલી રકમમાંથી ચોપડીઓ અથવા સ્કોલરશીપ આપવામાં આવશે" તેવી જાહેરાત કરવામાં આવી હતી.૯૨

અંતમાં પ્રમુખએ જણાવ્યું કે "સમાજ પ્રચલિત કુધારાથી સુધારા તરફ પ્રવૃત્તિ કરવી જોઈએ તથા બાળલગ્નો તો તત્કાલિન નાબૂદ થવા જોઈએ જ, ઉપરાંત સમાજની પ્રથાઓ, રિવાજોને તર્કની કસોટીથી તપાસી ત્યારબાદ સ્વીકારવા અનુરોધ કર્યો હતો, જે સંદર્ભે **મહાત્મા ગાંધી**ના વિચારોને ધ્યાનમાં લેવા; તેમ જણાવ્યું હતું.

---

૯૧. એજન, પૃ. ૨૧ થી ૨૨

૯૨. એજન, પૃ. ૨૪

૨.૧૩ શ્રી કડવા પાટીદાર પરિષદ. કડી

દશમાં મહોત્સવમાં કડી, ૧૩-૧૪ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૪

શ્રી કડવા પાટીદાર પરિષદનો દશમાં મહોત્સવમાં "કડી કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ"ના ઉપક્રમે નક્કી કરવામાં આવ્યો હતો. **પરિષદમાં દરબાર શ્રી ગોપાળદાસ** તથા ચંદુલાલ મણીલાલ દેશાઈ જેવા જ્ઞાતિ સુધારક ઉપસ્થિત રહ્યા હતા. પરિષદના કાર્યોમાં મદદરૂપ થવાના ઉદ્દેશ્યથી અમદાવાદ મહામંડળ બોર્ડીંગના, મોડાસા પાટીદાર આશ્રમના, વસઈ બોર્ડિંગના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પરિષદમાં ૮૦૦ સભાસદો અને ૨૫૦ પ્રેક્ષકો તથા બહાર ગામથી ભાગ હોવા માટે ૧૦૦ ઉપરાંત સ્ત્રીઓ હાજર રહી હતી. પ્રમુખ, ચંદુલાલભાઈ, દરબાર શ્રી ગોપાળદાસ, શેઠશ્રી લશ્કરી, શેઠશ્રી સાંમનપભાઈ, ચીમનલાલ, ગોકળદાસ, એન્જિનિયર, પ્રભુદાસ ભાવસીંગભાઈ, પ્રા.કાંર્તાન્તિક, વગેરે પ્રતિષ્ઠિત ગૃહસ્થો પ્રવેશતા, પરિષદનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું. સ્વાગત મંડળના પ્રમુખ શ્રીયુત ચતુરભાઈ રાધાભાઈ અમીને સભા નક્કી કરવાના હેતુ સંદર્ભે વ્યાખ્યાન આપ્યું હતું. જે નીચે મુજબ છે.

"સમાજ સુધારણા જ્ઞાતિ બંધારણનો ઉપયોગ કરી, જ્ઞાતિની થતી અધોગતિને અટકાવવા એક્ય, સદાચાર, ધર્મ અને નીતિના ઉત્તમ હેતુ. સિધ્ધ કરવા સમગ્ર જ્ઞાતિનું સંમેલન ભરવાનું વિચાર્યું હતું. જેના પરિણામે સંવત ૧૯૬૩ માં કડી મુકામે "કડી પ્રાન્ત ખેડુત સભા" બોલાવવામાં આવી હતી.તે પછી સંવત ૧૯૬૪માં સરઢવ મુકામે અને સંવત ૧૯૬૫માં વિસનગર મુકામે સભા ભરવામાં આવી હતી અને સાંસારિક વ્યવહારને કારણે રાજ્યતંત્રમાં ખેડુતોને થતી અડચણો, દુર કરવા કેટલાક ઠરાવો કરવામાં આવ્યા હતા. સંવત ૧૯૬૬માં દ્રઢ નિશ્ચયવાળા કેટલાંક શુભેચ્છક આગેવાન બંધુઓએ, કડવા પાટીદાર શુભેચ્છક સમાજની સ્થાપના કરી, અને તેવા મહોત્સવ કડવા પાટીદાર પરિષદ નામથી મળતી હતી, અર્થાત્ કાર્યકર્તાઓનો પ્રયત્ન અઢાર વર્ષથી સતત પ્રવૃત છે. તેમ જણાવ્યું હતું."[૯૩] પ્રશ્ન એ થાય છે કે સમાજે, અઢાર વર્ષ સુધી સમય અને પૈસાનો અમુલ્ય ભોગ આપીને પ્રત્યક્ષ શો લાભ મેળવ્યો છે? સંમેલનમાં પસાર થયેલા ઠરાવો કોઈ વ્યક્તિ અથવા જ્ઞાતિ વિભાગ ને બંધન કર્તા છે કે કેમ? એ ઠરાવોને અમલમાં મુકવા પરિષદ પાસે શી સત્તા છે?

૯૩. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર, વર્ષ ૧, અંક. ૧, આણંદ, ઈ.સ. ૧૯૨૪, પૃ. ૧૩

 વિશેષમાં તેમણે જણાવ્યું કે સંમેલનથી અનેક લાભો થાય છે, વિશેષત: ભ્રાતૃભાવ, સ્વાભિમાન, સદ્‌વૃતિ વગેરેનો વિકાસ થાય છે.

લોકજાગૃતિ ફેલાવાના સંદર્ભમાં જણાવતા કહ્યું કે" દરેક મુખ્ય મુખ્ય ગામોમાં પ્રાંતિક પરિષદ ભરી લોકમત કેળવી સમાજના ઠરાવોની ઉપયોગિતા સમજાવવી.આ માર્ગ તરફ કોઇ પણ વહેવારુ પગલાં લેવાવાં હોય તેમ દેખાઇ આવતું નથી માત્ર ઠરાવો કરી આપણે આપણને કૃત કૃત્ય ન માનતા ઠરાવો અમલમાં મુકવાનાં પ્રયાસ કરવો જોઇએ.૯૪

ઉપરોક્ત હેતુ માટે જ્ઞાતિહિત ચિંતકે પોતાના પ્રાંતમાં વસતા બંધુઓની સ્થિતિનું બારીકાઈથી અવલોક્ન કરવું ઘટે છે. જ્યાં સુધી આમ ન થાય ત્યાં સુધી સુધારાના કોઇ પણ યોગ્ય માર્ગો નિર્ધારિત થઈ શકતો નથી. ક્યા સુધારામાં, ક્યા અને કેટલો અવકાશ છે, અને ક્યા બંધુઓ સહન કરી શકશે તે જાણવા જ્ઞાતિનું એક વસ્તીપત્રક તૈયાર કરવામાં આવે તેમાં બાળક, સ્ત્રી-પુરુષો સંખ્યાં, વર્તમાન સ્થિતિ, ઉદ્યોગ, વેપાર, ઇત્યાદિની પુરતી માહિતી આપવામાં આવે તો દરેક બંધુને પોતાના સમાનશીલ વ્યવસ્થાવાળા જ્ઞાતિબંધુઓની માહિતી મળે અને કાર્યમાં સુલભતા થાય. એટલું જ નહિ પણ કોઇપણ વિભાગની આર્થિક સ્થિતિ નબળી હોય અથવા તેના બાળકો સાધનના અભાવે અથવા અન્ય કોઇપણ કારણે કેળવણીમાં પાછળ હોય તો તેમની ખરી સ્થિતિ ખ્યાલમાં આવતાં કોઇપણ ઉદારચિત પુરુષ પોતાની ઉદારતાનો લાભ અન્ય બંધુને આપી શકે. તેમણે પરિષદમાં ચર્ચાતા પ્રશ્નોના સંદર્ભમાં જણાવ્યું કે, પ્રથમની પરિષદોમાં બાળલગ્ન, કન્યાવિક્રય, અયોગ્ય કારણે એક ઉપર બીજી નિષેધતાના પ્રશ્નો ચર્ચાતા હતાં,તેમણે જણાવ્યું કે "કુદરતના અનુકુળ સંજોગોને લઇ જે બાળલગ્નો કરવાની તરફેણમાં હતા તે જ છુટાંછવાયા લગ્નો કરે છે, એ ઇચ્છા જોગ પરિણામ કહેવાય."

ઉપરાંત તેમણે જણાવ્યું કે "કુચાલો નૈતિક અને ધાર્મિક કેળવણીથી કેટલેક અંશે દુર થઇ શકશે. પરંતુ હાલની સરકારી શાળાઓમાં અપાતી કેળવણી આ તરફ ધાણું દુર્લક્ષ કરે છે, જો કે કેટલીક શાળામાં ધાર્મિક કેળવણી અપાતી હશે, તો પણ ધર્મનું શિક્ષણ માત્ર ઉપદેશ કરતાં તેના ઉપદેશના વર્તનથી અને ચારિત્ર્યથી વધુ સારી અસર માતા-પિતા તરફથી અપાયેલા સદ્‌ઉપદેશથી પ્રાપ્ત થઈ શકશે પરિણામે બાળકોનું ભાવી જીવન અવશ્ય સુધરે અને અધમ રિવાજિને દૂર કરતા સમયાન્તરે બીજાને તેમ કરતાં અટકાવશે."

૯૪. એજન, પૃ. ૧૫

તેમણે તત્કાલિન શિક્ષણ પધ્ધતિના સંદર્ભમાં જણાવ્યું કે હાલની જે પધ્ધતિની કેળવણી છે. તે અપરિપક્વ, અયોગ્ય શિક્ષકો દ્વારા એ બાળક બાળકીઓને સરકારી શાળાઓમાં આપવામાં આવે છે. તેનું પરિણામ યોગ્ય આવતું નથી. શાળામાંથી ઉત્તીર્ણ થઇ નીકળ્યાં કે લીધેલી કેળવણીનો ઉપયોગ નોકરી સિવાય બીજો સુઝતો નથી, ઉપરાંત તેમણે જણાવ્યું કે બ્રિટિશ સરકારમાં પણ ભાગ્યે જ સ્થાન મળતું હોય, અને મહેનત કે નસીબના જોરે જો સ્થાન મળેતો અન્ય નોકરશાહીની આંખમાં ખુચ્યાં કરે, અને તેને દુર કરવા પ્રયત્ન કરે છે. વિશેષમાં તેમણે ધ્યાન દોરતા જણાવ્યું કે "આપણી જ્ઞાતિ રાજ્યને મોટા ઉત્પાદનોનો હિસ્સો આપનાર હોવા છતાં રાજ્યમાં તેના માટે સ્થાન નહિ, અને સ્થાન ન હોવાના કારણે અયોગ્ય કાયદાઓ ઘડાઇ, જેથી અસહ્ય બોજો આવી પડે છે."૯૫

ઉપરાંત તેમણે સચોટ અનુભવજન હકિકત રજુ કરતા જણાવ્યું કે "શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજા સાહેબે કૃપાવંત થઇ, **હુજુર હુંકમ નંબર એ ૪૨ તા.૨૫-૧-૧૯૧૦**થી આ કામે બાળલગ્ન કરવાની પરવાનગી મેળવવાની અરજની લાગતાના રૂ-૨ /-ના સ્ટોપની થતી રકમ પરત આપવા સંબંધમાં હુકમ કરેલો,જે સંબંધેમાં રૂબરૂ ડેપ્યુટેશન લઇ આવ્યા અનુકૂળ તારીખે મળવા નામદાર મનુભાઇ દીવાન સાહેબ, જે નાગર ગ્રહસ્થ હતા. તેમને લેખીત વિનંતી કરી, પણ તેમને ના કહેવાની પણ ફુરસદ મળી નહી.આ કેટલું આશ્ચર્ય ભેદ છે.! તાત્પર્ય એટલો જ કે જ્ઞાતિમાં અજ્ઞાનતા છે. એટલે તેની દરકાર નોકરશાહી ઓછી કરે છે. જાગ્રત થવાનો માર્ગ કેળવણી સિવાય નથી.

જેથી સંવત ૧૯૭૬માં શ્રી કડવા પાટીદાર આશ્રમ સ્થાપના કરવામાં આવી હતી. સંવત ૧૯૭૮માં આશ્રમ અંગે વિદ્યાલય સંપાદન કર્યું છે. જેનો લાભ પાટીદાર વિદ્યાર્થી ૧૦૦ તથા અન્ય જ્ઞાતિના ૫૦ને મળ્યો હતો. આ સંસ્થા માત્ર નોકર ઉત્પન્ન કરવા સ્થપાયેલ નથી, પણ ધાર્મિક, નૈતિક, વ્યવહારું અને ઉપયોગી જ્ઞાન આપવા માટે સ્થાપન કરી છે.* પરંતુ તેના નિભાવ માટે ઘણા અવરોધ ઉપસ્થિત છે.

---

૯૫. એજન, પૃ. ૧૮

* પ્રસ્તુત અભિગમમાં ગાંધીવાદી બુનિયાદી શિક્ષણની અસર આશ્રમના વિદ્યાર્થીઓ પર જણાતી હતી.

અંતે તેમણે સૂચન કરતા જણાવ્યું કે સંસાર સુધારા કરવાનો પાપો આદર્શ કેળવણી ઉપર રહેલો છે.

સ્વાગત મંડળનાં પ્રમુખશ્રીનું વ્યાખ્યાન પુર્ણ થતા રા. છગનલાલ પીતામ્બરદાસે પ્રમુખ તરીકે શ્રીમાન ચંદુલાલ મણીલાલ દેસાઇનું નામ રજુ કરયું હતું જે દરખાસ્ત ને રા. ચતુર ભાઇ હિરાદાસ, રા. જેઠાલાલ લાલદાસ, રા.પ્રભુદાસ ભાવસીંગદાસ વગેરે ગૃહસ્થો તરફથી અનુમોદન મળતા, પ્રમુખ તરીકે ચંદુલાલભાઇને પસંદ કરવામાં આવ્યાં હતાં. તે સંદર્ભે તેમણે અસરકારક વ્યાખ્યાન સભા સમક્ષ રજુ કરયું હતું.જે નીચે મુજબ છે.

તેમણે જણાવ્યું કે "કડવા વિજય કાર્યાલય તરફથી પરિષદ ભરવાની હિલચાલ કડી મુકામે બે માસ અગાઉ થયેલી હતી.નવમો મહોત્સવ સને ૧૯૧૯ ના ડિસેમ્બર માસમાં મોખાસણ મુકામે ઉજ્વવા હતો જેને આજે પાંચ વર્ષ પુરાં થાય છે. તે દરમિયાન કોઇએ આ કાર્ય હાથ ધર્યુ નહિ. પરિદષના કાર્યવાહકોની સભા કે મિટિંગ કોઇએ બોલાવી છે કે નહિ તે મારા ખ્યાલમાં નથી, અને જે સભા ભરવાનું નક્કી થયું તે પણ પરિષદના કાર્યવાહકો તરફથી નહિ. પરંતુ કડી કડવા પાટીદાર વિધાર્થી આશ્રમના કાર્યવાહકો તરફ થી તે ભરાઇ હતી.

તેમણે વિશેષ માં ઉલ્લેખ કરતા જણાવ્યું કે જ્ઞાતિ ઉન્નતિ સંદર્ભે મૃત્યુપર્યંત તનતોડ મહેનત કરનાર, પોતે કુળવાન કુટૂંબના હોવા છતાં કુળવાના મિથ્યાભિમાનનો તેઓમાં અંશ પણ ન હતો તેવા, શ્રી પુરુષોતમદાસ લલ્લુભાઇના કાર્યને યાદ કરી તે સંદર્ભે તેમણે વિવેચન કર્યું હતું, ઉપરાંત એના એક જ્ઞાતિ સુધારક દેસાઇ અમરસિંહજીના કાર્ય શેરથા મુકામે તથા મુંબઇ અને મોખાસણ પરિષદમાં શારીરિક સ્થિતિ અપ્રતિકુળ હોવા છતાં જ્ઞાતિ સેવાના કાર્ય તેમણે જે સક્રિયતાથી કરેલા તેમની નોંધ લીધી હતી.૯૬

ઉપરોક્ત બન્ને સુધારકોના મૃત્યુબાદ સમાજ સુધારાની પ્રવૃતિ કરનાર અગ્રણી એવા, મગનલાલ ગોવિંદલાલ ઈજનેરના અકાળે થયેલા સ્વર્ગ વાસથી, જ્ઞાતિ સુધારાના કાર્ય સંદર્ભે પ્રશ્નાર્થ ચિન્હ સમાન સ્થિતિ ઉપસ્થિત હતી.* તેવી જ પ્રમુખ દ્વારા રજુઆત કરવામાં આવી કે "કોઇ પણ જાતની શિથિલતા વગર એક સંપથી અધમતા અને અવદશાને પહોંચાડનાર રીતિ રિવાજોથી મુક્ત કરવા પ્રયત્નો કરવા જોઇએ, તેમ જણાવ્યું હતું."

૯૬. એજન, પૃ. ૧૮

* શ્રી પુરુષોતમદાસ લલ્લુભાઇ પરીખ, દેસાઇ અમરસિંહજી તથા મગનલાલ ગોવિંદલાલ કે જેઓ કડવા પાટીદાર જ્ઞાતિના પ્રથમ પંક્તિના સુધારકો હતા. સામાન્યત: પરિષદની સર્વાંગીક પ્રવૃત્તિ તેઓના નેતૃત્વ નીચે નિર્ધારિત થતી હતી. જેથી તે સર્વેના અવસાનથી પરિષદ ક્યારે, કેવી રીતે ભરવી, તે તત્કાલીન કડવા પાટીદાર જ્ઞાતિનો મુખ્ય પ્રશ્ન હતો.

ઉપરાંત તેમણે જણાવ્યું કે જ્ઞાતિમાં કેળવણીની ખામીને લઇ આપણે કશું કરી શકતા નથી. આપણા ઉપર રાજ્યના શા શા હકો છે, આપણે કેવા કર ભરવા અને કેવા ન ભરવા તે જાણવાની આપણે પરવા કરતાં નથી, રાજ્યની પેદાશોનો મુખ્ય હિસ્સો ખેતીવાડીનો છે, રાજ્યોને ન હોય તો રાજ્યવ્યવસ્થાનું પણ શું થાય એ સમજાય તેવું છે. છતાં રાજ્યના હલકામાં હલકા નોકરો અયોગ્ય રીતે આપણાને હેરાનગતિથી નજર અંદાજ કરે છે. તેનું કારણ મુખ્યત્વે કેળવણીની ઉણપ છે. તેમણે જણાવ્યું કે જ્ઞાતિ સુધારાની હિલચાલ જ્યારથી શરૂ થઇ છે ત્યારથી ઘણી સભાઓ, મિટિંગો ભરવામાં આવી હતી તેમ છતાં પણ જોઇએ તેવું કાર્ય થયું નથી, જ્ઞાતિહિતના વિચારો કરી ના. પારડી દરબાર ભવ્ય જ્ઞાતિમેળાવડો કરેલો, તેમાં ખેતીવાડી સુધારા અને કેળવણી વધારવા એક મોટું ફંડ કરેલું, જેમાં જ્ઞાતિનાં થોડા બાળકો લાભ લે છે, તે સિવાય અમદાવાદમાં કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ સ્થાપના કરવામાં આવી હતી. તે ઉપરાંત પાદરા, ભરૂચ, વડોદરા, મોડાસા તથા અન્ય સ્થળે પણ કેળવણીને માટે પ્રયત્નો થયા હતાં, પરંતુ જ્ઞાતિના કમનસીબે હજુ આ સંસ્થાઓ પગભર થઇ નથી. તેમણે જણાવ્યું કે અત્યારનો સમય કટોકટીનો છે, દુનિયાની સર્વ પ્રજાઓ યુધ્ધના મેદાનમાં ઉતરી છે. તેમાં જે ભાનપુર્વક આગળ આવશે તે જ જીતશે. બાકી જે પ્રજા આળસુ, પ્રમાદી,અજ્ઞાન અને ખોટા રીત-રીવાજો ને વળગી રહેવાની હઠ કરશે તે પ્રજા અસહ્ય દુ:ખ અને ગરીબાઇમાં સપડાશે તેમાં જરાં પણ શક નથી, એટલું જ નહિ, પણ એવી અજ્ઞાન પ્રજાની આ જમાનામાં હયાતિ પણ રહેશે કે કેમ એ પણ વિચારવા જેવું છે.૯૭

૯૭. એજન, પૃ. ૨૦

કેળવણી શારીરિક, માનસિક, ધાર્મિક, અને આર્થિક ઉન્નતિ સંદર્ભની હોવી જોઇએ, વિદ્યાર્થીઓનું શરીર તંદુરસ્ત બનાવે, મન અને વિચારો ઉત્તમ થાય તે રીત ની હોવી જોઇએ, પરંતુ તત્કાલીન સમયમાં તેથી ઉલટૂં પરીણામ લાવે છે. હાલની કેળવણી નોકરિયાત ગુલામો જ પેદા કરે છે. ફક્ત પરીક્ષાઓ જ પાસ કરવાનું વિદ્યાર્થીઓને લક્ષ હોવાને લીધે અમુક પરીક્ષાઓ પાસ કર્યા પછી શું કરવું એવા અયોગ્ય વિચારો જ કર્યા કરે છે. મેટ્રીક કે બી.એ થતા કાં તો સરકારી નોકરી મેળવવા પ્રયત્નો કરે છે. અથવા કોઇ પચાંસ, સાઠ કે સો રૂપિયાના પગારે બીજી કંઇ નોકરી કરવા માટે ફાંફા મારે છે. કોઇક વકીલાત કે ડોકટરી ધંધો તરફ નજર દોડાવે છે. અર્થાત અત્યારની કોઈપણ પ્રકારની કેળવણી સ્વતંત્રતા વેચી પરતંત્ર બનાવવામાં કારણભુત થાય છે. આપણી જ્ઞાતિમાં પણ ખેડુત મટીને નોકારીયાતની સંખ્યાં વધતી જાય છે.જેથી હાલની કોલેજોમાં સરકારી નિશાળોમાં અપાતી કેળવણી કોઇ પણ રીતે અનુકુળ છે જ નહિ, એમ અમારું તેમજ બીજા ઘણાં અનુભવી વિદ્વવાનોનું માનવું છે. તેમ તેમણે જણાવ્યું હતું.* ઉપરાંત તેમણે વિષેશ અન્ય બાબત તરફ ધ્યાન દોરતા જણાવ્યું કે "ધાર્મિક કેળવણીની પણ અન્યપ્રકાર ની કેળવણી ની જેમ અગત્યની અને મહત્વની છે.હિન્દુ જ્ઞાતિઓમાં સર્વ હિન્દુ ધર્મના નામે કેટકેલે ઠેકાણે ધર્માતંરની પ્રવૃતિઓ ચાલે છે. અમદાવાદ પાસે પીરાણા નામે ગામ છે. ત્યાં ઘણાં વર્ષો પુર્વે સૈયદ ઈમામશાહે પીરાણા સતપંથ નામે એક પંથની સ્થાપના કરી હતી.નવસારીમાં નુરસનગોર નામના પીરે પણ તેવો જ પંથ ચલાવ્યો હતો અને ત્રીજા આગાખાની પંથ, એ પણ સતપંથના નામથી ઓળખાતો હતો. ઉપરોકત પંથોથી હિન્દુઓ ધર્માતંર પ્રવૃતિ કરવા લાગ્યા હતા.જેમાં તેમણે પવિત્ર દેવતાઓ અને પૂજનીય મહાત્માઓના નામો જોડીને તે પંથની મહંતા વધારવા ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા છે. અને એ મુસલમાની ધર્મ નથી એવું દેખાડવા માટે એ ધર્મ જુનો અને સારો હોવાની ખાતારીમાં ભોળા હિંદુઓને કહેવામાં આવે છે કે રાજા હરિચંદ્ર, તારામતી, રોહિદાસ પણ એ ધર્મ પાળતા હતાં. ધ્રુવ, પ્રહલાદ પણ એ જ ધર્મ માનતાથી તપો છે. પાંડવોનો ઉધ્ધાર પણ એ જ પંથને માનવાથી થયો હતો. આવી જુઠી અને બનાવટી વાતો જોડી ભોળા અને અજ્ઞાની હિંદુઓને ફસાવી પોતાની યુક્તિઓમાં તે સફળ થાય છે તેમ તેમણે જણાવ્યું હતું.૯૮

૯૮. એજન, પૃ. ૨૩

* પ્રસ્તુત વિચારમાં ઈ.સ. ૧૯૨૦-૨૨ના અસહકાર આંદોલન તથા બ્રિટિશ સરકારી સ્કૂલોના વિરોધમાં બુનિયાદી શાળા (રાષ્ટ્રીય શાળા)નો ખ્યાલ રહેલ હતો. જે સંદર્ભનો અભિગમ પરિષદના આગેવાનો જાણતા હતા તે તેમના કેળવણીના ખ્યાલથી સમજી શકાય છે.

ઉપરાંત શુધ્ધિ આંદોલન સંદર્ભે જણાવ્યું કે કચ્છમાં તે પ્રવૃતિસારી ચાલે છે. હજારોની સંખ્યામાં, જ્ઞાતિ સુધારકો મહેનત કરતા હતા. અન્ય એક દુષણ તરફ ધ્યાન દોરતા તેમણે જણાવ્યું કે "ભરૂચ જિલ્લામાં પાટીદાર જ્ઞાતિમાં દિયરવટુ થાય છે. આ અધર્મ પ્રથાથી જ્ઞાતિની ઘણી નિંદા થાય છે. જેનું મુખ્ય કારણ ધાર્મિક કેળવણી નો અભાવ જ છે

ઉપરાંત તેમણે, બાળલગ્ન, એક ઉપર બીજી સ્ત્રી કરવી, મૃત્યુ બાદ થતા જમણવારો વગેરે સંદર્ભે વિવેચન કર્યું હતું.

અંત માં તેમણે સચોટ, પરંતુ ઐતિહાસિક વ્યાખ્યાન રજૂ કરતાં જણાવ્યુ કે

"નિયમિત પુરુષાર્થ વડે કાયમી ફંડ એકઠું કરી મોટાં વિદ્યામંદિરો સ્થાપ્યાં, ગામે ગામ ઉપદેશકો મોકલવા, ગરીબ અને દુ:ખી જ્ઞાતિજનો ને મદદ કરવી, પરસ્પર સહાય કરનારી મદદરૂપ સંસ્થાઓ ઉભી કરવી, ઓછા વ્યાજે કટોકટીના સમયે જ્ઞાતિ ભાઈઓને પૈસા ધીરનારી સંગીન બેંક ઊભી કરવી, ગરીબ જ્ઞાતિ બાળકોને માટે મુખ્ય મુખ્ય સેન્ટરો માં બોર્ડિંગો બોલવી, ઊંચા પ્રકારની કેળવણી માટે ખેતી, હુન્નર ઉદ્યોગ, વ્યાપાર અને વ્યાવહારિક શિક્ષણ માટે ખાસ પાઠ શાળાઓનો ઉપયોગ કરવો."

યાંત્રિક મદદથી સુધરેલી ઢબની ખેતી વડે આર્થિક સ્થિતિ સુધારવવા માટે નામના ભાડાથી અથવા તો મફત, જ્ઞાતિના ખેડુતભાઈઓને વાપરવા મળી શકે એવી યોજના કરવી, તેમજ જ્યાં જ્યાં તેમજ જ્યાં ત્રુટિ કે જરૂર જણાય ત્યાં ત્યાં સેવા, સંપતિ કે અન્ય સાધનો દ્વારા સેવાનું પુણ્ય કાર્ય સંપાદન કરી શકાય એવા અનેક ઉપાયો કરવા જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.[૯૯]

પ્રમુખ શ્રી નું અસરકાર વ્યાખ્યાન પૂર્ણ થતાં વિષય વિચારિણી સમિતિના સભ્યોની ચુંટણી થઈ હતી.

દ્વિતીય દિવસે વિષય વિચારિણી સમિતિમાંથી રાત્રે પસાર થયેલા ઠરાવો એક પછી એક નીચે પ્રમાણે રજુ થયા હતા.

આ પરિષદ શ્રીમંત સરકાર મહારાજા સાહેબ સર સયાજીરાવ મહારાજનું સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઈચ્છે છે.

૯૯. એજન, પૃ. ૨૫

પ્રમુખ શ્રી દ્વારા ઉપરોકત ઠરાવ રજૂ થતાં સર્વાનુમતે પસાર થયો હતો.

કેળવણી એ ધાર્મિક, માનસિક અને આર્થિક ઉન્નતિ કરનાર શક્તિ છે. એટલું જ નહિ પરંતુ આ કટોકટી, હરીફાઇના જમાનામાં અનિવાર્ય છે. તેથી પોતાના સંતાનોને કેળવણી આપવાને દરેક જ્ઞાતિબંધુને આ પરિષદ આગ્રહ પૂર્વક ભલામણ કરતો ઠરાવ રજૂ થયો હતો .

જે સંદર્ભે ચાણસ્માના વકીલ અંબાલાલ શીવલાલ પટેલે જણાવ્યું કે ડિગ્રીઓ લેવામાં કે અક્ષર જ્ઞાન મેળવવામાં માત્ર જ ખિતાબો કે દ્રવ્ય મેળવવામાં કેળવણીનો સમાવેશ થતો નથી, પરંતુ મનુષ્યજીવન ખીલેઅને મુક્તિનો માર્ગ સુઝી આવે એ જ કેળવણી પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. મહાત્માજી એક જ મહામંત્ર બતાવે છે. કે (**सा विधा या विमुक्तये**) જેનાથી હિમંત, ચારિત્ર્યબળ, આત્મોન્નતિ વગેરે લાભો મળી શકે, પ્રકારની કેળવણીને જ ખરી કેળવણી કહી શકાય છે. ઉપરોક્ત ઠરાવને અનુમોદન આપતાં અંબાલાલ. એમ. પટેલે જણાવ્યું કે “કેળવણીનો હેતુ અત્યારે નોકરી કે વ્યાપારમાં સમાઇ ગયો છે.આવો સંકુચિત અર્થ ન થવો જોઇએ. પાશ્ચાત્ય કેળવણી ના પ્રભાવે માણસ ખેડુત મટી નોકરીયાત થતાં શીખ્યા છે. પરંતુ હવે એમાર્ગ બદલાવો જોઇએ.”

શ્રીપુત વસંતે અનુમોદન આપવા જણાવ્યું કે કેળવણીનો હેતુ શક્તિ ઓના વિકાસકરવો તે છે. હાલનો ગ્રેજ્યુએટ પુસ્તકો, પોથા વાંચી-મોંઢે કરે પણ જગતરૂપી યુધ્ધમાં એ જ્યારે સંડોવાય છે ત્યારે મુઝાય છે. બ્રહ્મચર્યના પ્રતાપ વિનાનો યુવક કેળવણી લઇ ને રહે ઉકાળે ? ઉપરાંત તેમણે ધ્યાન દોરતા જણાવ્યું કે **લોર્ડ મેકોલે** જેવા માણસ પણ કહી ગયો છે કે આ કેળવણીનો હેતુ ફક્ત કલાર્ક –કારકુનો તૈયાર કરવાના છે.

ઉપરાંત તેમણે કડી કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમને “વશિષ્ઠાશ્રમ કહ્યો છે. કેમ કે સ્વરાજ્યનો અહીં પાયો તૈયાર થયો હતો. ૩૩ કરોડ હિંદુવાસીઓ ગુલામ નથી તેવા સ્વાભિમાનનું સિંચન કર્યું હતું.”

ઉપરાંત જગતમાં અત્યારે સૌમ્યવાદ ચાલે છે. યુધ્ધો ન થાય, સંપ થાય, મનુષ્ય પશુ મટીને દેવ થાય, આવા પડઘાઓ અત્યારે દરેક દેશમાં ચાલી રહ્યાં છે તે જ પ્રમાણે આ આશ્રમને સંભાળો, પોષો કારણ કે તેમ કરવાની તમારી ફરજ છે. ઉપરાંત તેમણે દ્રષ્ટાંત આપતા જણાવ્યું કે ૬૦ વર્ષ પૂર્વે જાપાન જાગ્યું. મીકાડોએ વિચાર્યું કે અંધકારમાં મારી પ્રજા અથડાય છે. ત્યારે તેણે ઈ.સ ૧૮૯૩માં એવો ઠરાવ કર્યા કે મારા દેશનું એક પણ બાળક અજ્ઞાન ન રહેવું જોઇએ. જેથી તે દેશ આજે ઉન્નતિની ટોચે છે. વર્તમાન સમયમાં એ દેશમાં એક પણ બાળક અજ્ઞાની નથી, એમ તેમણે જણાવ્યું હતું.૧૦૦

૧૦૦. એજન, પૃ. ૨૭ થી ૨૮

 સ્વાશ્રય ના સંદર્ભે જણાવ્યું કે 'ખેડુત ઉદારતામાં, દાન આપવામાં, એટલો વિશાળ હૃદય નો છે કે કરજ કરી ને પણ કાર્યો કરે છે. અત્યારે તે ખેડુત મટી વેપારીઓના નોકર બન્યો છે, હવે એ સ્થિતિ દૂર થવી જોઇએ; કેળવણીને અભાવે આપણે બીજા દેશોમાં જંગલી, અસભ્ય વગેરે ઉપનામોથી પંકાઇએ છીએ ; ઉપરોક્ત વિવેચન બાદ ઠરાવ સર્વાનુમતે મંજુર થયો હતો.

પરિષદ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો કે શુભ પ્રસંગે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ફંડને મદદ કરવી તથા દરેક ગામમાં જ્ઞાતિબંધુઓને આગ્રહ પૂર્વક વિનંતી કરતો ઠરાવ પસાર કર્યો હતો.

સંવત ૧૯૬૬ ની સાલે કડવા પાટીદાર કોમના વર્ષ ત્રણ ઉપરાંત ના બાળકો ને બાળલગ્ન પ્રતિબંધક નિબંધ ની કલમ ૧૧(ક) માંથી મુક્ત મે.રા.રા. ખાશીરાવ જાદવ કડી પ્રાંત ના સુબા સાહેબે ફોજદારી દફતરેથી ટીપ્પણ નં-૧૫ તા,૧૭-૧૨-૨૦૦૯ નું કરેલું તે વિશિષ્ટ ન્યાયાધિશ ના અભિપ્રાય સાથે હજુર માં રજૂ થતાં શ્રીમંત મહારાજા સાહેબ કૃપાવંત થઈ નં-હુ.કા.ક. મુ.ખા.હુ..હુ નં-A/૪૨ તા. ૨૫-૦૧-૨૦૧૦ થી હુકમ કર્યો છે કે

His highness will consider after wards probably before long whether the two rupees stomp fee should be returned to the parties concerned as a nature of graee and only for the oceostion

આ ધોરણે આ કોમને સ્ટાંપ રૂ.૨/- ઉપર લગ્ન કરવા માટે માંગેલી પરવાનગીની રકમ બે લાભ રૂપિયા લગભગ થાય છે. જેથી કડી પ્રાંતમાં કડી મુકામે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ સ્થાપના થઇ તે અંગે કડવા પાટીદાર વિદ્યાલય અને આશ્રમ, ખેતીવાડી વર્ગ, વણાટ વર્ગ, હુન્નર ઉદ્યોગ વર્ગ, વગેરે સ્થપના કરવામાં આવી હતી તેથી તેના નિભાવ અને બહોળો પ્રચાર માટે ઘણી મોટી રકમની જરૂર છે તેથી જ્ઞાતિની કેળવણીના હિતની ખાતર ઉપરની રકમ અમને મળવી જોઇએ એવી આ પરિષદના ગાયકવાડ સરકારને ખાસ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.જે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.**૧૦૧**

૧૦૧. એજન, પૃ. ૩૦

કડી પ્રાંતના ખેડુત વર્ગના બાળકોને ખેતીનું ઉત્તમ શિક્ષણ આપવાના હેતુથી ફાર્મની રચના કરવામાં આવી છે. પણ તેનો લાભ બિલકુલ લેવાતો નથી. જ્યારે કડી મુકામે કડવા પાટીદાર વિદ્યાલયમાં અંગ્રેજી અભ્યાસ ક્રમ જોડેલો હોઇ સર્વ કોમના વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે, પરંતુ સાધનોના અભાવને લઇ ને ખેતીવાડીનો અભ્યાસ પુરતી રીતે ખીલવી ન શકાય એ સ્વાભાવિક છે. તેથી જગુદન ફાર્મને ત્યાંથી ખસેડી કડી મુકામે પાટીદાર વિદ્યાલયમાં લાવવામાં આવે તો તે વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ આ ફાર્મનો લાભ લઇ શકે અને સરકારનો હેતુ. તે સંદર્ભની વિનંતી પરિષદ દ્વારા વડોદરા સરકારને કરવામાં આવતી હતી.૧૦૨

ત્યારબાદ ના. ગાયકવાડ સરકારના રાજ્યમાં પાટીદાર જ્ઞાતિ ની વસ્તી બીજી જ્ઞાતિઓની વસ્તીના પ્રમાણમાં ઘણી જ મોટી સંખ્યામાં હોવા છતાં તેમજ રાજ્યની તિજોરીમાં સૌથી વધારે મહેસુલ આપતી હોવા છતાં રાજ્યની ઊંચી નોકરીઓમાં પાટીદાર જ્ઞાતિનું સ્થાન નિમ્ન હોવાથી આ પરિષદ પોતાની ઊંડી દિલગીરી પ્રદર્શિત કરે છે. ઊંચી કેળવણી લીધેલા અમારી જ્ઞાતિના યુવકોને રાજ્યની ઊંચી નોકરીઓનો લાભ આપવા તેમજ રાજ્યની ઊંચી નોકરીના અમુક ટકા અમારી જ્ઞાતિના કેળવાયેલા યુવકો માટે અનામત રાખવા આ પરિષદ શ્રીમંત મહારાજ સાહેબને આગ્રહ પૂર્વક વિનંતી કરતો ઠરાવ પસાર કરવો હતો.

આ પરિષદમાં મરણ પાછળ રોવા-કુટવાના અને મોટી સંખ્યામાં કાણમોકાણ જવાનો શાસ્ત્ર વિરુધ્ધ બેઅદબી અને નુકશાનકારક રિવાજને તજી દેવા આ પરિષદ સર્વ બંધુઓને આગ્રહપૂર્વક ભલામણ કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઉપરાંત તત્કાલિન ગાંધીયુગ અસરના કારણે પરિષદમાં રજુઆત થઇ કે હિંદની વધતી જતી ગરીબાઇ અટકાવવાનોને તે માથી મુક્ત થવાનો તેમજ સ્વરાજ્ય મેળવવાનો એકલો અને મુખ્ય ઉપાય “સ્વદેશી પ્રવૃતિનો સહૃદયપૂર્વક અંગીકાર કરવો” તે છે, ને તેથી જેમ બને તેમ બધી વસ્તુઓ સ્વદેશની બનેલી અને ખાસ કરીને કાપડ શુધ્ધ-સ્વદેશી વાપરવાનો તેમજ રેંટીયો ચલાવવાને દરેક જ્ઞાતિ બંધુને આ પરિષદ આગ્રહ પુર્વક વિનંતિ કરતો ઐતિહાસિક ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

વહિવટી સુધારાના સંદર્ભ પરિષદ દ્વારા શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજાને વડોદરા રાજ્યની ધારાસભાને વિસ્તૃત કરવા આગ્રહ પૂર્વક વિનંતી કરે છે કે...

૧) દરેક મહાલ માટે નિદાન એક સભાસદ દાખલ કરવો.

૨) સભાસદની ચુંટણી “direct from Elnise” સીધી રીતે મતાધિકારીઓના મતથી કરવી જોઇએ અને બ્રિટિશ રાજ્ય ની પધ્ધતિ પ્રમાણે પોલિંગ કરવું જોઇએ.

---

૧૦૨. એજન, પૃ. ૩૨

૩) ધારાસભાને સલાહકાર મંડળને ગણતાં તેણે કરેલા ઠરાવોનો અમલ કરવો જોઈએ

હાસ્યપ્રદ એવા ફુલના દડા, બાંહ્યવર જેવા જ્ઞાતિમાં ચાલતા ખોટા રિવાજને આ પરિષદ ધિક્કારે છે. એવા રિવાજોનો સદંતર દૂર કરવાના દરેક જ્ઞાતિ બંધુને ભલામણ કરતો ઠરાવ રજૂ થયો હતો .

ઉપરાંત એક ઉપર બીજી સ્ત્રી કરવાના ચાંલ્લાના, કન્યા વિક્રયના સાટાં, ત્રેખડા, ફેરા વગેરે પાપ યુક્ત રિવાજોને ત્યજી દેવાનો દરેક જ્ઞાતિ બંધુઓને અનુરોધ કરતો ઠરાવ પસાર થયો હતો.

ત્યારબાદ નાના બાળકોને લગ્ન કરાવવા તે ધાર્મિક, આર્થિક, નૈતિક અને શારીરિક દ્રષ્ટી એ તદ્દન નુકશાનકારક છે. નાના બાળકોને નહિ પરણાવવા ઉપરાંત છેડા છુટકા અને લખાણાના નામથી પ્રચલિત અધર્મયુક્ત, શાસ્ત્ર વિરુધ્ધ રિવાજને આ પરિષદ તિરષ્કાર છે અને તેને દરેક રીતે અટકાવવા દરેક જ્ઞાતિ બંધુને અનુરોધ કરે છે.

વિશેષમાં જ્ઞાતિ ઉન્નતિ અર્થે ઉતમ કાર્ય કરનાર અને પરિષદ માટે ભારે ત્યાગ આપનાર સ્વર્ગસ્થ જ્ઞાતિબંન્ધુ પુરુષોત્તમદાસ લલ્લુભાઈની મૃત્યુ તિથિને તેમની સંવત્સરીના દિવસ તરીકે ઉજવવાની, પરિષદ સર્વે જ્ઞાતિબંધુને ભલામણ કરી દરખાસ્ત મંજુર થઈ હતી.

ત્યારબાદ રાવ સાંકળીના ના.દરબાર શ્રી ગોપાળદાસે પોતાનાં ત્યાગ, વિરતા અને દેશ ભક્તિથી જ્ઞાતિને દેપાવી છે. ને દેશના આઝાદીની લડતમાં મહાન ભોગ આપ્યો છે તેને માટે આપણી જ્ઞાતિ મગરૂર છે. તેઓ શ્રી સભામાં પધારી પોતાની હાજરીથી પરિષદના કાર્યમાં જે ઉત્સાહ પ્રેર્યો છે. તેને માટે તેઓ શ્રીનો પરિષદના ઉપકાર માને છે. તે સંદર્ભની નોંધ લેવામાં આવી હતી.[૧૦૩]

અંતમાં પરિષદના કાર્યમાં સહાનુભુતિ દર્શાવનાર વડોદરા રાજ્યના અમલદાર વર્ગનો તેમજ સહાનુભૂતિ દર્શાવનાર અન્ય સર્વ બંધુઓનો તથા શ્રી કડવા પાટીદાર બોર્ડિંગના સ્વયંસેવકો વગેરેનો ઉપકાર માન્યો હતો.

૧૦૩. એજન, પૃ. ૩૪

૨.૧૪ શ્રી કડવા પાટીદાર પરિષદનો અગિયારમો મહોત્સવ, જાન્યુઆરી ઈ.સ. ૧૯૨૬- સોનાસણ

તા. પ્રાંતિજનાં સોનાસણ મુકામે તા-૮-૯-૨૦૧૦ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૬ના રોજ શ્રી કડવા પાટીદાર અગિયારમાં મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ અગિયારમાં મહોત્સવ ભરૂચના મહાન સુધારક અને કેળવણીકાર ચુનીલાલ વનમાળીદાસ ભરૂચવાળાના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. મહોત્સવની વિશિષ્ટતા એ હતી કે આ મહોત્સવમાં સ્ત્રીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમની પાસેથી કોઈપણ પ્રકારની સભ્ય ફી લેવામાં આવી ન હતી. આ સભામાં ઘણી સ્ત્રીઓએ હાજરી આપી હતી તે સુધારકોને મન આનંદની બાબત હતી. આજ સભામાં શ્રીમતી અનસુયાબેનના પ્રમુખપદેથી અલગ સ્ત્રીઓની સભા ભરવામાં આવી હતી.

સોનાસણમાં (તા-પ્રાંતિજ) ભરાયેલ પરિષદ મહિલા પરિષદ પણ હતી. તે પરિષદ શ્રીમતી અનસુયાબેન ના પ્રમુખપદે ભરાઈ હતી. જેમાં મરણ પાછળ રોવા-કુટવાનું બંધ કરવા અને કેળવણીનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો,ત્યારે પછી ઘણી સ્ત્રીઓ પરિષદોમાં હાજરી આપતી થઈ હતી.[૧૦૪]

આ પૂર્વે ભરાયેલ દસ મહોત્સવોમાં મોટે ભાગે સ્ત્રીઓને લગતા ઠરાવો રજૂ થયા હતા. તેનું પરિણામે સ્ત્રી જાગૃતિ દ્વારા અગિયારમાં મહોત્સવમાં જોઈ શકાતું હતું. કારણ કે આ સભામાં સ્ત્રીઓની જે હાજરી અગાઉની પરિષદોની ફળશ્રુતિ ગણાવી શકાય, પરંતુ કમનસીબે આ સભાનો અહેવાલ તૈયાર થયો હતો. તે અપ્રાપ્ય હોવાથી તત્કાલીન જ્ઞાતિ પત્રમાં માત્ર તેનો ઉલ્લેખ જ છે તેમજ તેનો ઠરાવ પણ અપ્રાપ્ય છે. તેની છુટક નોંધને આધારે કહી શકાય કે અન્ય પરિષદોમાં જે જાગૃતિનો સંચાર થયો હતો તેના કારણે તોરણા (તા.પ્રાંતિજ) મુકામે શ્રી કડવા પાટીદાર સભા મંડળનાં તૃતીય મહોત્સવ જે વલ્લભભાઈ ઝવેરદાસ પટેલના પ્રમુખપદે તા-૩૦-૩૧ ઓક્ટોમ્બર ૧૯૨૦ના રોજ યોજાયો હતો. આ મહોત્સવનો અહેવાલ પણ દુભાગ્ય પૂર્ણ અપ્રાપ્ય છે. પરંતુ છુટક નોંધના આધારે કહી શકાય કે તેમણે વિદ્યાર્થીઓને ભણવા માટે છાત્રાલય શરૂ કરવા પર ભાર મુકયો હતો, ઉપરાંત કપડવંજમાં વિદ્યાર્થી આશ્રમ ખોલવામાં આવ્યો તે પણ વલ્લભભાઈની પ્રેરણાથી તેમજ કડી સંસ્થાના કાર્યકરોનો સાથ મળી રહ્યાં હતો. આમ ઈ.સ. ૧૯૨૦ પછી આ પ્રદેશમાં સારી એવી જાગૃતિ આવી હતી. જેનું પરિણામ સોનાસણની પરિષદમાં પ્રગટ થતું હતું. વલ્લભભાઈ એ સામાજિક સ્થિતિ સુધારવાની તેમજ કુરિવાજો નાબુદ કરવાની વાત કરી હતી. કુલીનશાહી નાબુદ કરી વરા અને લગ્ન પાછળ થતાં ખર્ચાઓ બંધ કરવાની શીખ આપી હતી.[૧૦૫]

૧૦૪. પટેલ. બબાભાઈ. રા, ચેતન, વર્ષ ૨, અંક. ૨, અમદાવાદ, ઈ.સ. ૧૯૨૮, પૃ. ૧૦૨
૧૦૫. એજન, પૃ. ૧૦૪

 પરિષદને લગતા અહેવાલ કે ઠરાવો ન મળતા, પરિષદના પ્રમુખ એવા સ્વ. શ્રી ચુનીલાલ વનમાળીભાઇ ના પાટીદાર જ્ઞાતિના સુધારા સંદર્ભના વિચારો સમજવા અનિવાર્ય બને છે.

ક્યારે થશે ? એ શીર્ષક સાથે "-પટેલ, માસિક તેમણે સમાજની તત્કાલિન પરિસ્થિતિનું નિરૂપણ કર્યું છે. તેમણે જણાવ્યું કે

૧) અત્યારે આપણાં ગામડાં કે જ્યાં ભરમોસમે પણ શહેર ના ધોળા બગલા (ઉજળીપરજ- મુડીવાદી) ના હિત માટે રૂ-કપાસના વાવેતર વિના કંઇ થતુ જ નથી. એવાં વેરાન ગામડાંને બદલે જ્યાં રાનીપરજ – મંજુર વર્ગના બાળકો બારેમાસ ખાઇ-પી કલ્લોલ કરે એવા વાડી, ઝાડી, વાડ અને વેલા અન્ન, જળ, ફળ, અને ફુલથી સમૃદ્ધ ખેતરોવાળા ગામડા ક્યારે થશે ?

૨) અત્યારે જ્યાં ગામના દુધ – છાશનાં ટીંપા તો શું પણ ચોકા માટે ગોબર કે ગૌમુત્ર પણ મળતું નથી તેવા વેરાન ગામડાને બદલે શ્રી કૃષ્ણ પરમાત્માની વાનરસેના ને માખણ લુંટવાનું આગ્રહપૂર્વક આમંત્રણ આપે એવો ગૌધનથી સમૃધ્ધ ગામડા ક્યારે થશે ?[૧૦૬]

૨.૧૫ કડવા પાટીદાર પરિષદનો બારમો મહોત્સવ, ડરણ. ઈ.સ. ૧૯૨૯

કડી તાલુકાના ડરણ ગામમાં પરિષદની બારમી બેઠક ભરવામાં આવી હતી. આ પરિષદમાં **સ્વ. પુરુષોત્તમદાસ, મહાત્મા ગાંધીજી અને શ્રીમંત સયાજીરાવની છબીઓ શણગારવામાં આવી હતી.** પૂર્વ તૈયારી માટે કડી આશ્રમના જુગલભાઇ અને સહમંત્રી બબાભાઇ બે દિવસ અગાઉ ડરણ પહોંચી ગયા હતાં.

પ્રથમ દિવસ, શનિવાર, માગશર વદ ૧૪\૧૯૮૫ના રોજ પ્રમુખ શ્રી રામચંદ્રભાઇ અમીન, તથા પ્રો. સ્વામિનારાયણ પધારતાં, સ્વાગત પ્રમુખ શ્રી જીવાભાઇ શામળદાસે પોતાના વિચારો સભા સમક્ષ રજૂ કરતા જણાવ્યુ કે

"આપણી જ્ઞાતિની ઉન્નતિ મુખ્ય આધાર ખેતી ઉપર છે, કારણ કે આપણી જ્ઞાતિનો મોટો ભાગ ખેડુત વર્ગ જ છે પરંતુ તત્કાલિન સ્થિતિ શરમજનક છે ઉપરાંત સમાજની અદ્યોગતિના કારણ તરીકે તેમણે બાળલગ્ન, ન્યાતવરા, ખોટી રૂઢિઓ, કન્યાવિક્રય વગેરેના ત્યાગ કરવો તે સંદર્ભે

---

૧૦૬. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૫, પૃ. ૩૯૧

સૂચનો કર્યા હતા. સમાજની ઉન્નતિ સંદર્ભે કેળવણી, ખેડુત બેંક, સંગઠન, ગોપાલન, કુરિવાજોનો ત્યાગ, શારીરિક શિક્ષણ, સ્વદેશીનું પાલન,ખેતીમાં સુધારો, અને વિશેષતઃ જે બોલીએ તે પ્રમાણે વર્તવુંતે સંદર્ભે સચોટ વિચારો સભા સમક્ષ રજૂ કરવાના હતાં."

પ્રથમ દિવસના અંતે પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ એ જણાવ્યું કે "રાજકારણમાં આપણે ભાગ લઈ શું તો જ સામાજિક સુધારો થવાનો છે. સરકારે કાયદો કર્યો ત્યારે સંસાર સુધારો થયો. માટે વિચાર કરો. આ કરવા ઘૂંટડા છે. જો તમે નહિ પીઓ તો તમારો રોગ જવાનો નથી. જો તમે જાગશો તો આપણી કોમ શિરોમણી હતી તે શિરોમણી થશે તેમ જણાવ્યું હતું.૧૦૭

બીજે દિવસે રવિવાર માગશર વદ ૧૪ ના રોજ પ્રો જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણ ઠરાવ રજૂ કરતાં જણાવ્યું કે જે માણસ પોતાની પુત્રી-પુત્રને ભણાવતો નથી તે તેમનો શત્રુ છે. બાર લાખમાં બાર છોકરાઓ કડીમાં ભણે, અમદાવાદમાં ૫૦ છોકરાંઓ પણ શાંતિથી ભણી શકે નહિ એ ખરેખર શરમાવા જેવું છે. ચરોતરમાં એક એક તાલુકે ત્રણ ચાર હાઈસ્કુલ છે."

ઉપરોક્ત ઠરાવને ર.છગનલાલ પીતામ્બરદાસ અનુમોદન આપતાં જણાવ્યું કે આપણી જ્ઞાતિના શેઠિયાઓ તથાં પારસીઓ વગેરે જે મહત્તમ ભોગવી રહ્યા છે તે કેળવણીનાં જ પ્રતાપ છે તેમ જણાવ્યું હતું.

રા. પુરુષોત્તમદાસ રણછોડદાસ વકીલ જ્ઞાતિનું માસિક "ચેતન"ના પ્રચાર સંદર્ભે ઠરાવ રજૂ કર્યો હતો જેને ડૉ. માણેકલાલ છગનલાલ અનુમતી આપતા પસાર થયો હતો.

સ્વદેશી અને ખાસ કરીને ખાદીના પ્રચાર સંદર્ભે રા, કૌશિક પ્રસાદ ચંદુલાલે સ્વદેશી માલને ઉત્તેજન આપવા અને ખાસ કરી શુધ્ધ ખાદી પહેરવા સર્વે ને વિનંતિ કરી હતી.

રા.પોપટલાલ ગુલાબદાસ અનુમોદન આપતા જણાવ્યું કે આપણી સ્થિતિ જે નબળી થઈ ગઈ તેને સુધારવાનો આ ઉતમ ઉપાય છે. આપણી દરેક જાતની આબાદી આપી સાધી શકાશે. પરદેશીયોના પગ નીચે આપણે ચગદાઈ રહ્યા છે. તેમનો કાંડાં ઢીલાં કરવાનો ઉપાય ખાદી અને સ્વદેશી ચીજોનો પ્રચાર કરવામાં જ છે. જો આપણે આટલું નહિ સમજી એ તો એવું જ કહો કે અમારે સ્વતંત્રતા જોઈતી જ નથી. વિલાયતથી આવેલી વસ્તુ કદાચ દેખીતી રીતે સસ્તી હશે તો પણ આપણે તેને લેવાની નથી. આપણે ખાદી વાપરી એ તો આપણા પૈસા આપણા દેશમાં જ રહે છે. આપણા જ કારીગરોને પોશીએ છીએ,માટે સ્વદેશી વસ્ત્ર અને માલ વાપરવા મારી સૌને ભલામણ છે.૧૦૮

૧૦૭. પટેલ. બબાભાઈ. રા, ચેતન, અંક. ૧૨, અમદાવાદ, ઈ.સ. ૧૯૨૯, પૃ. ૨૨૩
૧૦૮. એજન, પૃ. ૨૨૪

કન્યાઓના પ્રશ્નો રા. પુરુષોત્તમ વકીલે અનુમોદન આપતા જણાવ્યું કે આપણે છોકરાં (બાળકો) ઉછેરી એ તે તેને સુખી કરવા નહિ કે તેને કસાઇને ત્યાં આપવાં તેમણે જણાવ્યું કે લગ્ન પુર્વે ઘર જોયા કરતા વર જોવા તરફ ધ્યાન હોવુ જોઇએ, જેટલું બળદ ખરીદતાં ધ્યાન આપીયે છે. એટલું તો વર (પુરુષ) શોધતા ધ્યાન આપવુ જોઇએ જ.

રા. પ્રભુદાસ ભાવસંગે જણાવ્યું કે દરેક ગામમાં થોડા માણસો તો એવા હશે કે જેઓ સુધારા તરફ સહાનુભુતિ ધરાવતા હશે. પરંતુ ગોળ ના બંધન તથા ઉંચનીચના ભેદ આડે આવે તો એ તોડવા સૌએ કમર કસવી જોઇએ.

વિશેષમાં રા. પોચાલાલ જીવાભાઇ (મુબંઇ) એ અનુમોદન આપતા જણાવ્યું કે દેનાર માણસ લેનાર કરતાં ઊંચો છે. ઊંચનીચના ભેદના પરિણામે તમારાં પાપી આચરણ વિરુધ્ધ તમારા છોકરાં છોકરીઓ યોગ્ય બંડ જગાડશે. કુળવાન ક્યાંથી પાક્યાં ? કોઇ ખેતરમાંથી કે આભમાંથી ? માટે કોઇ કુળવાન કે કૂળહીન નથી સૌ સરખા છે.

ઠરાવના અંતમાં રા. ધનશા જેકણદાસે જણાવ્યું કે ઐતિહાસિક દ્રષ્ટીએ આપણે સૌ સરખા જ છીએ. નજીકના ભવિષ્યમાં જ્ઞાતિને એ ભેદ તોડવો જ પડશે.૧૦૯

યુવાનોમાં જાગૃતિ લાવવા સંદર્ભે રા. પ્રાણજીવન વ્રજલાલે (પાટડી) યુવકોને ઉદ્દેશી જણાવ્યું જો તમે તમારી ફરજ સમજતા હો તો દરેક ગામે દરેક યુવકે પોતાનાથી બનતી સેવા કરવા યુવક મંડળ સ્થાપવું જોઇએ.

ઉપરોક્ત દરબારને સહકારી અધિકારી રા. પવાર સાહેબે અનુમોદન આપતાં જણાવ્યું કે શ્રીમંત ગાયકવાડ સરકાર લગભગ ૫૦ વર્ષથી સમાજ સુધારા પ્રયત્ન કરી રહેલ છે.પરંતુ તેનો જોઇએ તેવો અમલ થયેલો નથી તે જોઇને દિલગીરી થાય છે. દરેક કુધારો શરૂઆતમાં સુધારો જ હોય છે.પરંતુ રૂઢિના પંજામાં સપડાઇને એ જ સુધારો કુધારો થઇ જાય છે. કુદરત નો નિયમ છે કે કોઇ પણ વસ્તુ સર્વદા એની એ જ સ્થિતિમાં રહી શકે નહી. માટે દરેક વસ્તુ સ્થિતિમાં સુધારાને અવકાશ સર્વદા હોય છે.

અમદાવાદમાં બોર્ડીંગની જરૂરિયાતના સંદર્ભે રા. છગનલાલ પીતાંબરદાસે તથા પ્રો જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કૃષિના વિકાસ સંદર્ભે રા. જેઠાલાલ લાલદાસે (મહેસાણા) લેન્ડ માર્ટગેજ બેન્ક સ્થાપવાના ની આવશ્યકતા જણાવી તથા આર્થિક સ્થિતિ મજબુત કરવા બાબતે સુચનો કરવા હતા.૧૧૦

૧૦૯. એજન, પૃ. ૨૨૬
૧૧૦. એજન, પૃ. ૨૨૮

 ધાર્મિક ક્ષેત્રે અંધશ્રધ્ધા ફેલાવનાર પાખંડી પુજારીઓના પ્રયત્ન સંદર્ભે, રા. સાંકળચંદ વનમાળીદાસ રા, પુરુષોત્તમદાસ વકીલે, રા. છગનલાલ પીતાંબરદાસ વગેરે લોકોને જાગૃત થવા તથા તેમનો ત્યાગ કરવાના સંદર્ભે સૂચનો કર્યા હતા.૧૧૧

અમદાવાદની બોર્ડીંગમાંથી ભણતા તત્કાલીન સમયમાં બધા વિદ્યાર્થીઓ નીકળી જવાના કયા કારણો છે તે તપાસ કરવા માટે અંક તપાસ સમિતિ નીમવી તે સાથેની દરખાસ્ત પુરુષોત્તમદાસ લાલુભાઇ એ રજુ કરી જેને શ્રી પ્રા.ગમજીભાઇ વ્રજલાલે અનુમોદન આપતાં દરખાસ્ત સર્વાનુમતે પસાર થઇ હતી.૧૧૨

ગોપાલનની અગત્યતા સંદર્ભે રા. પોપટલાલ ગુલાબદાસે ઠરાવ રજૂ કર્યો. જેને રા. છોલાલાલ મગનલાલે કડી અનુમોદન આપતા સર્વાનુમતે પસાર થયો હતો.

સ્ત્રી જાગૃતિના સંદર્ભે સભાઓ ઉપસ્થિત સ્ત્રીઓમાં પ્રથમ સંબોધન શ્રીમતી પાર્વતી બેહેન જણાવ્યુ કે "અબળા" શબ્દનો અર્થ બળ વિનાની સ્ત્રીઓ થાય છે. ઉપરાંત શ્રીમતી લક્ષ્મીબહેન સામાજિક કુરૂઢિઓ જેમ કે 'બાળ લગ્ન' તથા બારમાં વગેરે માટેના કારણો સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

અંતમાં શ્રીમતી સવિતાબહેન સ્ત્રીઓની માનસિકતા સંદર્ભમાં જણાવ્યું કે 'માણસ મૃત્યુ પામે ત્યારે આપણે છાતીઓ કુટી કુટીને રોઇએ છીએ અને જ્યારે બારમાં કે તેરમાં દિવસ આવે એટલે શીરો જમીએ છીએ આ તે કેવો રિવાજ ક્યાં જતાં હશે શોક ?

ત્રીજા દિવસે, સોમવારે પ્રો સ્વામીનારાયણ એ 'ખેડતોની સમસ્યાઓના સંદર્ભે જણાવ્યું કે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હિમ, તીડ વધારે મહેસૂલ વગેરેના નિવારણ સંદર્ભનો ઠરાવ રજૂ કર્યો હતો. જેને શ્રી પુરુષોત્તમ રણછોડદાસે અનુમોદન આપતા જણાય કે, ખેડુતોના હિતની સાથે સરકારનું તેમજ અન્ય પ્રજાનું હિત સંકળાયેલુ છે,પરંતુ ખેડુતો ઉપર જ્યારે અન્યાય થાય ત્યારે તેમણે ઘડીભર સહન કરવું ન જોઇએ. પોતાને થયા અન્યાય માટે બારડોલી પંથે પડવું જોઇએ,પરંતુ સવિનયને રસ્તે જવું જોઇએ. તેમ તેમણે જણાવ્યું હતું.

૧૧૧. એજન, પૃ. ૨૩૧
૧૧૨. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૬, પૃ. ૩૯૩

વર્તમાન પત્રો પરના પ્રતિબંધના સંદર્ભે પુરુષોત્તમદાસ રણછોડદાસે જણાવ્યું કે ખેડુતોના પ્રશ્ને હરહંમેશ તત્પર રહેનાર **"નવ ગુજરાત"** અઠવાડિકને સરકારે તેને બંધ કરવાનો હુકમ કર્યો છે. તો આવી પરિસ્થિતિમાં આપણે "નવ ગુજરાત" તથા તેવાજ અન્ય વર્તમાન પત્ર **"સૌરાષ્ટ્ર"** વગેરેમાં સહાયમાં આપણે રહેવું જોઈએ તેમ જણાવ્યું હતું.[૧૧૩]

પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રમુખજીએ ડરણવાસીઓ તથા સર્વ સભ્યોનો આભાર માન્યો હતો. અંતમાં 'વંદે માતરામ' રાષ્ટ્રગીત ગાઈ સભા વિસર્જન થઈ હતી.

૨.૧૬ શ્રી કડવા પાટીદાર પરિષદની તેરમી બેઠક

શ્રી કડવા પાટીદાર પરિષદની તેરમી બેઠક ઈ.સ.૧૯૩૬ના મે માસમાં સાણંદ મુકામે ભરવામાં આવી હતી. આ પરિષદના પ્રમુખ તરીકે શેરદલાલ શેઠશ્રી નંદુલાલ મંછારામ હતાં. આ પરિષદમાં પણ સ્ત્રીઓને લગતા પ્રશ્નો જેવા કે બાળ લગ્ન, કન્યાવિક્રય, ફુલને દડે પરણાવાનો રિવાજ, કન્યા કેળવણી, રોવા-કુટવાના રિવાજ વગેરે ઉપર ચર્ચા થઈ હતી. અને તેને લગતા ઠરાવો પણ રજૂ થયા હતા. આ સમયગાળામાં એક લોકોદય (ઈ.સ. ૧૯૩૫-૩૭) માસિક, જેના તંત્રી વેણીભાઈ ઉજમશી પટેલ અને ભાઈલાલ. જી. પટેલ હતા. એમાં આ પરિષદનો ઉલ્લેખ નથી. તથા: ચેતન" ઈ.સ. ૧૯૨૫-૩૫ સુધી અને પટેલ ઈ.સ. ૧૯૩૭-૩૯ સુધી જ ટક્યું એટલે આ પરિષદની માહિતી અન્ય સહાયક દ્વિતિય કક્ષાના સાધનો દ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ પાટડી મુકામે મળેલ ચૌદમી પરિષદ, ઈ.સ. ૧૯૩૮માં તેનો ઉલ્લેખ મળે છે.

---

૧૧૩. એજન, પૃ. ૨૩૪

૨.૧૭ પાટડી પરિષદ, ચૌદમાં મહોત્સવ, પાટડી, ઈ.સ. ૧૯૩૮

પરિષદની આ બેઠક વખતે કેટલેક સ્થળેથી ઉત્સાહજનક સમાચાર આવે છે. અને પ્રચાર માટે મદદ કરવાનું જણાવે છે. અને કેટલેક સ્થળે નિરાશાના સુર જણાતા હતા. જેમકે પરિષદે કશું કર્યુ નથી. પરંતુ જે માનવા જેવી વાત નથી કેમ કે અન્ય જ્ઞાતિ સંસ્થાઓની તુલનામાં પાટીદાર પરિષદ તેના આરંભના દશકામાં પ્રશંસનીય કાર્ય કરવું હતું. પરંતુ તેના ભુલવું જોઈએ કે અમુક એવા સંકૂચિત માનસના કારણે પરિષદની શાખ ઝાંખી પડેલ હતી.

કડવા પાટીદાર જ્ઞાતિની પ્રવૃતિના સંદર્ભે પાટડીનું અગત્યનું સ્થાન હતું બાળલગ્ન, કેળવણીના પ્રશ્નોના વિચાર કરવા માટે ત્રણ–ચાર વાર તેણે જ્ઞાતિને પોતાને આંગણે નોતરી હતી. “મહામંડળ”ની સ્થાપના કરી જ્ઞાતિમાં સક્રિય કાર્યના શ્રી ગણેશ પાટડી મૂકામે થયા હતાં.૧૧૪

- **પાટડી પરિષદની કાર્યવાહી**

તા.૪-૧૧-૧૯૩૮ના રોજ. બપોરના ૧૧ વાગ્યાની ગાડીએ પ્રમુખ શ્રી નંદુભાઈ પાટડીના સ્ટેશને પધાર્યા હતા. સ્ટેશન પર તેમને “ગાર્ડ ઓફ ઓનર” આપ્યું અને ગ્રામ્યવાજીંત્રોથી તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો.

રાત્રે ૮ વાગ્યે કાર્યવાહક સમિતિની બેઠક મળી અને તેણે પરિષદની બેઠકમાં મુકવા માટેના ઠરાવો નક્કી કર્યા હતા.

બપોરે ૩ વાગ્યે પરિષદની ખુલ્લી બેઠકવાડીમાં બાંધેલા અને સુંદર રીતે શણગારેલા મંડપમાં મળી હતી. વંદેમાતરમનું ગીત શરૂ થયું. દરબારશ્રી થી લઈ દરેક વ્યક્તિ ઊભા થયા અને તે ગીતને ગંભીરતાપૂર્વક ઝિલ્યું ત્યારબાદ પ્રાર્થના પછી દરબારશ્રીએ પરિષદની બેઠક ખુલ્લી મુકતું નાનકડું મંગળ પ્રવચન કર્યું. ત્યાર પછી સ્વાગત પ્રમુખશ્રી બળદેવભાઈએ પોતાનું ભાષણ વાંચ્યું અને તે પછી પ્રમુખશ્રી નંદુભાઈએ પોતાનું પ્રવચન વાંચી સંભળાવ્યું હતું.

ભાષણ વાચ્યાં પછી પરિષદનો વિજય ઇચ્છતા સંદેશાઓની નોંધ લઈ વિષયવિચારિણી સમિતિની ચૂંટણી થઈ અને તે દિવસે સભા મૂલતવી રહી હતી.

રાત્રે ૮ વાગ્યે દરબાર હોલમાં વિષયવિચારિણી સમિતિની સભા મળી ત્યા વ્યવસ્થાપક મંડળે તૈયાર કરેલા ઠરાવો રજૂ થયા. તે સરળતાથી પસાર થયા હતા.

---

૧૧૪. પટેલ. મગનભાઈ. ર, પટેલ, વર્ષ ૩, અંક. ૧, ઈ.સ. ૧૯૩૯, પૃ. ૭

તા.૬-૧૧-૧૯૩૮ના રોજ સવારે ૮ વાગ્યે પરિષદની ખુલ્લી બેઠક ફરી મળી, ઠરાવો મુકાયા અને તે સારી રીતે પસાર થયા.

બપોરે ૨ વાગ્યે વ્યવસ્થાપક મંડળની બેઠક મળી અને નવા આપેલા ઠરાવો પર ચર્ચા કરી વિષય વિચારિણી સમિતિમાં મુકવા માટે તૈયાર ક્યા અને ચાર વાગ્યે પરિષદની ખુલ્લી બેઠક મળી અને ઠરાવો પસાર કર્યા હતા.

તા.૭-૧૧-૧૯૩૮ના રોજ સવારે ૮ વાગ્યે પરિષદની ખુલ્લી બેઠક મળી અને નવા ઠરાવો પસાર કર્યો તેમાં યુવકોનો એક સુધારો સ્વીકારાયો. બીજો ઠરાવ ઉપરાંત હેવાલ અને હિસાબ મંજુર થયા. ત્યારબાદ વ્યવસ્થાપક મંડળના મંત્રીની તથા ઓડીટરની ચૂંટણી કરવામાં આવી હતી.

અંતે પ્રમુખ શ્રી એ પ્રેરણાત્મક ઉપસંહાર કર્યો. પરસ્પર આભારવિધિ થયા પછી શ્રી બેન્જામીન સાહેબે ના. રાજમાતા તથા દરબારશ્રી તરફથી આશીર્વાદ આપ્યા બાદ પરિષદના ચૌદમાં અધિવેશ બેઠક પૂરી થઇ હતી.

પરિષદનું અધિવેશન ખુલ્લુ મુક્તી વેળાનું ના. દરબાર શ્રી રઘુવીરસિંહજીનું ભાષણ.

પરિષદ ના પ્રમુખ સાહેબ, સન્નારીઓ તથા સદ્‌ગૃહ

શ્રી કડવા પાટીદાર પરિષદનું ચૌદમું અધિવેશન અમારા પાટડી ગામે ભરાય છે તે અમારા માટે આનંદની વાત છે. અને તે શુભ પ્રસંગે આપે અધિવેશન ખુલ્લું મુકવાનું જે બહુમાન અમને આપી અમારા વડવાઓએ યથાશક્તિ જ્ઞાતિની જે સેવા કરેલ હોય તેની કદર કરેલ છે. માટે અમે આપ સર્વનો આભાર માની એ છીએ, એટલે આપણી પરિષદે જે મહત્વના સવાલોનો નિર્ણય કરવાનો છે તે સંપૂર્ણ રીતે સમજવા તથા તેનો નિર્ણય કરવાની શક્તિ અમારામાં ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ અમે આશા રાખીએ છીએ અને ખાસ ઇચ્છીએ છીએ કે આવ સર્વે અત્રે ભેગા થયેલ જ્ઞાતિજનો હાલના જમાના ને અનુસરી ને અને જ્ઞાતિનું ગૌરવ વધે તેવી તેવી રીતે જ્ઞાતિના મહત્વના પ્રશ્નોના યોગ્ય નિકાલ લાવશો અને તેનો યોગ્ય અમલ થાય તે માટે યોગ્ય કાર્યક્રમ નક્કી કરી તે દ્વારા જ્ઞાતિ હિતનું કાર્ય આગળ ધપાવશો.આપના શુભકાર્યને દરેક પ્રકારે યશ તથા વિજય પ્રાપ્ત થાય તેવી અમારી અંતઃકરણ યુવકની પ્રાર્થના છે. અને તે શુભ આશિષ સાથે આ પરિષદનું અધિવેશન અમે ખુલ્લુ મુકીએ છીએ; અને આપ સર્વે એ અમારા કરેલ સન્માન માટે આપનો ફરીથી અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.[૧૧૫]

૧૧૫. એજન, પૃ. ૧૧

સ્વાગત પ્રમુખશ્રી બળદેવભાઈ દેસાઈનું ભાષણ.

કડવા પાટીદાર જ્ઞાતિમાં પાટડીનું સ્થાન અનોખું છે. પાટડી ને આપણી જ્ઞાતિ માનની નજરે જોવી આવેલ છે કારણ કે કડવા પાટીદાર કોમમાં ફક્ત એક જ પાટડીનું રાજ્ય હોવાથી તેનાગાદીપતિ તરફ આખી જ્ઞાતિ હંમેશા સન્માન ધરાવે છે. તેથી આપણી જ્ઞાતિમાં અત્યાર સુધીમાં થયેલ અનેક આંદોલનોથી પાટડી વિમુખ રહેલ નથી. એટલું જ નહિ પણ તેમાં અહીંના ગાદીપતિ તથા અન્ય જ્ઞાતિબંધુઓએ યથા શક્તિ ફાળો આપ્યો છે.

વર્તમાન સમયમાં કેટલાક જ્ઞાતિબંધુઓ તરફથી આપણી પરિષદની ઉપયોગિતા સંબંધી શંકાઓ ઉઠાવવામાં આવે છે. અને જણાવવામાં આવે છે કે પરિષદે અત્યાર સુધીમાં શું ઉપયોગી કાર્ય કર્યું.અને હવે તેની શી જરૂર છે ? પરિષદની શરૂઆતથી તે અત્યાર સુધીની કાર્યવાહીનો જેણે બરાબર અભ્યાસ કરેલો હશે તેને સેજ જણાશે કે પરિષદે જ્ઞાતિહિતમાં ઘણો ઉપયોગી ફાળો આપેલો છે.

ઉપરાંત તેમણે જણાવ્યું કે સમય ઝડપ થી બદલાતો જાય છે અને દરેક સમાજ માં વિચારોનો અજબ પલટો માલુમ પડે છે. તેવા પ્રગતિના જમાનામાં જ્ઞાતિ તથા દેશની લોકોપયોગી સંસ્થાઓ એ કાળ ને અનુસરીને ઝડપી પ્રગતિ સાધવી જોઇએ તેના કાર્યનો શિથિલતા ચાલી શકે નહિ. અત્યારના ફેરફારના સમયમાં જીવનના દરેક વિભાગમાં નવસર્જન કરવાની જરૂર છે. અને તેને તેવું નવસર્જન સામુદાયિક કાર્ય અને સરકાર માટે આવી પ્રતિનિધિત્વ ધરાવાતી સંસ્થાઓની ખાસ જરૂરિયાત છે તેમ જણાવ્યું હતું.

વિશેષમાં તેમણે જણાવ્યું કે જો આપણે આપણી જ્ઞાતિની પ્રગતિ સાધવી હોય અને આપણે હાલના સમાજમાં આપણાં જ્ઞાતિ યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે તેવી આપણી ઇચ્છા તથા ઉત્કંઠા હોય, તો આપણે આપણી પરિષદ જેવી જ્ઞાતિનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા તરફ ઉદાસીન વૃતિ નહિ સેવતો, તેના કાર્યક્ષેત્રને વિશાળ કરવું જોઇએ અને તેને હંમેશાને માટે કાર્ય કરતી જીવતી સંસ્થા બનાવવી જોઇએ.

ઉપરાંત તેમણે જણાવ્યું કે સમાજમાં રાજકીય જાગૃતિ કેટલીક અગત્યની છે. તેમણે જણાવ્યું કે આપણા સમાજ જીવનના જુદાજુદા વિભાગ છે. જેવા કે રાજકીય, સામાજિક, આર્થિક વગેરે રાજકીય જીવનનું ઘડતર રાજકીય સંસ્થાના હાથમાં છે. અને તે સમાજના પ્રત્યેક અંગ માટે એકસરખુ હોય તે બાબત જ્ઞાતિવાર ભેદ પાડી શકાય નહિ. આપણા દેશમાં આપણા રાજકીય જીવનનું ઘડતર મહાસભા જેવી રાજકીય સંસ્થાના હાથમાં છે અને હાલમાં તેણે પ્રાપ્ત કરેલ સત્તા તથા શક્તિ જોતાં આપણું રાજકીયજીવન તેના હાથમાં સહીસલામત કહી શકાય એટલે આપણી રાજકીય બાબતમાં તેણે નિશ્ચિત કરેલ ધ્યેય કબુલ રાખી તેના આદેશનો વફાદારીથી અમલ કરવો તે આપણી ફરજ બને છે.

ઉપરાંત લગ્ન સંબંધી રીત-રીવાજ ના વિરોધમાં તેમણે જણાવ્યું કે જ્ઞાતિમાં ઉચ્ચ ગણાતા વર્ગોમાં પોતાની દીકરી દેવા જ્ઞતિજનો લલચાય છે. અને જ્ઞાતિની નીચી પંક્તિમાં કન્યા આપવા તરફ અણગમો થાય છે. તેથી તેવી નીચી પંક્તિમાં કન્યાની અછ્ત જણાય છે. પરિણામે જ્ઞાતિની તે પંક્તિના લોકોને કન્યા મેળવતાં પૈસા આપવા પડે છે. અને ઉચ્ચ વર્ગમાં જ્યાં કન્યા અછ્ત હોય છે. ત્યાં ઉતરતા વર્ગની કન્યાના બાપે તેની કન્યા માટે ઉચ્ચ વર્ગમાથી મુરતિયો મેળવવાં મોં માગ્યા (પૈસા) આપવા પડે છે. કન્યાના વેચાણને કન્યાવિક્રય તરીકે ઓળખાવમાં આવે છે. અને મુરતિયાના વેચાણ ને વરવિક્રય કહેવામાં આવે છે. સિધ્ધાંતની દ્રષ્ટિ જોતા બન્ને બાબતો મનુષ્યવિક્રય હોઈ નિષેધને પાત્ર છે. બંને એક સરખા પાપમય અને તિરસ્કાર ને યોગ્ય છે આવા પ્રગતિમય જમાનામાં આવી જંગલી પ્રથા અસ્થિત્વ ધરાવે છે. જનસમાજની દરેક સભ્યવ્યક્તિ માટે શરમજનક બાબત છે.

ઉપરાંત સ્ત્રીઓની સ્થિતિના સંદર્ભ પરિષદમાં જણાવ્યું છે. જે જ્ઞાતિમાં સ્ત્રીઓ દુઃખી હોય તે જ્ઞાતિનો ઉત્કર્ષ થઈ પડે નહિ. પૈસાના લોભમાં અગર કુલીનતાના ખોટા તોરામાં એક ઉપર બીજી સ્ત્રી કરવાનો ઘણા દાખલા આવા ઉચ્ચ ગણાતા વર્ગમાં જોવામાં આવે છે.અને અગાઉની પરણીત સ્ત્રીને કોઈપણ જાતના યોગ્ય ભરણ પોષણનું સાધન આપ્યા સીવાય ત્યજવામાં આવે છે. અને પરિણામે તે સ્ત્રી તથા તેના માતાપિતાની સ્થિતિ ઘણી દયા જનક થાય છે. આવી સ્થિતિ જલદી ઈલાજ માંગે છે. તે જણાવતા ઘણો આનંદ થાય છે કે સ્ત્રીઓની સ્થિતિની સુધારા માટે પ્રત્યેક ધારાસભા તથા મધ્યસ્થ ધારા સભામાં લોક નિયુક્ત સભાસદો તરફથી બિલો રજૂ કરવા પ્રબંધ કરવામાં આવ્યો છે. અને તે બીલોને ટેકો આપી તેને જલદીથી કાયદાનું સ્વરૂપ મળે અને તે કાયદાનો અસરકારક અમલ થાય તે માટે પરિષદે બનતો પ્રયાસ કરવો જોઈએ.

ઉપરાંત જ્ઞાતિના ખર્ચાળ રીત-રિવાજોનો નિષેધ કરવા સંદર્ભ તથા વિશેષતા પરિષદના કેન્દ્રબિંદુ સમાન યુવાનોને સબોધતા જણાવ્યું કે યુવાનો સમાજની કિમતી મિલકત છે. અને તેમના ઉપર જ્ઞાતિ ના ભાવિનો આધાર છે. એટલે જો તેઓ તેમની હાલની સ્વચ્છંદતા અને આદર્શ તરફની ઉદાસીનતા તથા અંગત સ્વાર્થ તજી જ્ઞાતિ સેવાના કાર્યમાં જોડાઈ પરિષદને સાથે આપશે તો પરિષદનું કાર્ય વધારે સરળ બનશે તેમ જણાવી પોતાના વ્યાખ્યાનને વિરામ આપ્યો હતો.[૧૧૬]

---

૧૧૬. એજન, પૃ. ૧૭

શ્રી કડવા પાટીદાર પરિષદના પ્રમુખ શ્રી નંદુલાલ ચંદનલાલનું ભાષણ.

સમાજ સુધારાના સંદર્ભે તેમણે જણાવ્યુ કે "અત્યારના જમાનામાં જ્યારે જ્ઞાતિ અને જ્ઞાતિબંધનો ફટાફટ તુટતી જાય છે. અને જ્ઞાતિમાંથી રાષ્ટ્રીય ભાવનામાંથી આંતરરાષ્ટ્રીયભાવના વિશાળ દ્રષ્ટી એ કેળવાતી જાય છે.તે વખતે આવી જ્ઞાતિઓની પ્રવૃતિઓનું સ્થાન શું એવા સવાલો ઘણાઓ ને ગુંચવતા હશે, એટલે આ સવાલનો જવાબ આપવા માટે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ. આજે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીયભાવના ખીલતી જાય છે એ એક આપણુ ઉજ્જ્વળ ચિન્હ છે. પણ તે વિશાળ ભાવના કાલ્પનીક છે કે સમૃધ્ધ છે? તેવી પારાશીશી સમાજના સામાજિક અને વ્યક્તિગત જીવનના ધોરણો પર આધાર રાખનારી છે પ્રેમની ખીલવણી અને તેની ઉન્તિ પ્રાપ્ત કરવાની અને ટકાવી રાખવાની શક્તિ ન્યાય અને જાગૃત સામાજીક રચના ઉપર જ સ્વવલંબે છે એટલે જે સમાજ પોતાની સામાજીક સુધારણામાં બેદરકાર રહે છેતે ગમે તેટલી સમૃધ્ધિ મેળવે અગર રાજકીય સત્તાઓ પ્રાપ્ત કરે તે પણ કાળે કરી ને ગુમાવી બેસે છે.અને સામાજીક સુધારણા માટે જાગૃત રહેતો સમાજ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ પોતાનું સત્ય જાળવી શકે છે. આ બાબત પર બેદરકાર બન્યે ચાલી શકે તેમ નથી. એટલે આવી ધોધમાર રાજકીય અને આર્થિક ચળવળોમાં પણ સમાજ સુધારણાની પ્રવૃતિઝાંખી પડવી નહિ જોઇએ .આવી સામાજીક સુધારણા માટે અત્યારે આપણી સમાજ વ્યવસ્થાની દ્રષ્ટી એ બીજી રીતો કરતાં આવી જ્ઞાતિની ચળવળો વધારે અનુકુળ છે. એટલે તે જો સંકુચિત ન બને તો સદાય આવકારદાયક રહેવાની

ઉપરાંત તેમણે જણાવ્યું કે પરિષદની શરૂઆતની બેઠકોમાં જ્ઞાતિના બે પ્રશ્નો મુખ્ય બન્યા હતા. એક બાળલગ્ન નિષેધ અને બીજો કેળવણીનો ફેલાવો બાળાલગ્નને હટાવવા માટે તે વખતે થોડા મુઠ્ઠીભર માણસોએ એ જમાનામાં જે પ્રયત્ન કર્યો હતો તે જોઈ આપણને જરૂર ગૌરવ લેવા જેવું થાય. દસ વરસે એક સામટા વિવાહ કરવાની પ્રથાની વિરુધ્ધ કોઈ એક શબ્દ ઉચ્ચારે તો ચારે બાજુથી તોપના ગોળાની પેઠે ગાળોનો વરસાદ તૂટી પડતો. એ જમાનામાં આ વીરોએ જે કાર્ય કર્યું હતું તે અત્યારે આપણને પ્રેરણા આપી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે ઉપરોક્ત પ્રયત્નો કરતાં સમાયાન્તરે પરિષદની બેઠકો આગળ ધપતી હતી તેવામાં નવો ગાંધીયુગનો પવન વાયો. ચારે બાજુ રાજકીય જાગૃતિના જુવાળ આવ્યા અને આપણી પ્રવૃત્તિઓ તેમાં ઢંકાઈ ગઈ. એવી પ્રવૃત્તિઓ ઢંકાવા છતાં તેની સાચી જરૂરિયાત હોવાથી વચ્ચે-વચ્ચે પરિષદની બેઠકો દેખાવ દીધો, અને અત્યારે પણ પરિષદની પ્રવૃત્તિઓની અવશ્યક્તા છે, એવી જરૂરીયાત સિધ્ધ કરતી આ બેઠક મળે છે. પરિષદે શું કર્યું છે. એવા નિરાશામય ઉદ્ગારો કાઢનારની દ્રષ્ટિનો દોષ છે, એવું મારે દિલગીરી સાથે જણાવવું પડે છે.

સમાજ સુધારણા માટે જ્ઞાતિ પત્રો અને પ્રચાર માધ્યમના સંદર્ભમાં જણાવ્યું કે સાણંદની પરિષદ પછી એમ લાગ્યા કરતું હતું કે એકાદ પત્ર તો હોવું જોઈએ. "કડવા વિજયે" એ જમાનામાં

સારી ખ્યાતિ મેળવી હતી તે તો આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. ત્યાર પછી "ચેતન" આવ્યું, તેણે આઠ વર્ષ સુધી કામ કર્યું. સાણંદની પરિષદની બેઠક પછી "પટેલ" પ્રકાશિત થયું તેણે અત્યારના સમાજનો સળગતો પ્રશ્ન ઉગ્રતાથી ઉપાડ્યો. પરિષદના અગત્યના ઠરાવનો ખૂબ જોરથી પ્રચાર કર્યો અને તેને લીધે આપણી જ્ઞાતિના કેટલાક ભાગમાં વાતાવરણ ગરમા-ગરમ થઈ ગયું. લોકોનું ચિત્તએ માસિક તરફ આકર્ષાયું અને તેના ગ્રાહકો ઝપાટાબંધ વધી ગયા અને આર્થિક દ્રષ્ટિએ તે કેટલેક અંશે પગભર થયું.

જેમ "કડવા-વિજયે" બાળલગ્નને પોતાનો પ્રશ્ન બનાવ્યો હતો. અને "ચેતન" કારજ-વરાનો તેમ "પટેલે" અનેક પત્નીત્વનો નિષેધ, તરછોડાયેલી ખોરાકી પ્રશ્ન પોષાકી માટે વલખાં મારતી બહેનોનો પ્રશ્ન, તેમજ ઊંચનીચના ભેદ તોડવાનો પ્રશ્ન પોતાનો બનાવ્યો છે. અને સમાજ સુધારણાના પ્રશ્નોમાં એ પ્રશ્નોને મોખરે લાવી દીધાં છે તેમ માસિક પત્રોના કાર્યોની નોંધ લીધી હતી.

સમાજ સુધારણાના પ્રશ્નના સંદર્ભે તેમણે જણાવ્યું કે "આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ફેરફારીમાં સમાજ સુધારણાનો પ્રશ્ન જરાક પાછળ પડી ગયો છે, પણ વીસરાયો નથી. અત્યારે મધ્યસ્થ અને પ્રાંતિક સરકારોમાં જુદાં-જુદાં બિલો રજૂ થયાં છે. તે ઉપરથી ભવિષ્યની આપણને ઝાંખી થાય છે. અત્યારે દેશ રાજકીય સ્વતંત્રતા પૂરેપૂરી મેળવી નથી, તેથી રાજકીય કાર્યક્રમ મોખરે રહે તે સ્વાભાવિક છે, પણ તેની ભીતરમાં સામાજિક સુધારણાનો કાર્યક્રમ ઘણાં જ જરૂરી છે એ ભાન નવી સરકારો ભૂલી નથી. તે તો નવાં બિલોના પગરણથી જ જણાશે. [૧૧૭]

અંતે તેમણે રાજકીય જાગૃતિ સંદર્ભે માણસા વિસ્તારાના ખેડૂતોના પ્રશ્ને લડતમાં ભાગ લેનાર કડવા પાટીદાર ભાઈ-બહેનો છે. તેમણે આપણો મોભો વધાર્યો છે. તેમને અંત:કરણપૂર્વક અભિનંદન આપું છું તેમ જણાવ્યું હતું.[૧૧૮]

---

૧૧૭. એજન, પૃ. ૨૧

૧૧૮. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૭, પૃ. ૩૯૪

૨.૧૮ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પંદરમો મહોત્સવ, ઊંઝા ઈ.સ. ૧૯૪૯

ડૉ.ગણપતરામ ગોકળદાસના પ્રમુખસ્થાને તાઃ૧૪-,૧૫ મે ઈ.સ. ૧૯૪૯માં મળેલ પંદરમી ક.પા.પરિષદ નોંધપાત્ર રહી હતી. ઊંઝાના રૂઢિચુસ્ત આગેવાનોના મગજમાં ખાસ પરિવર્તન આવ્યું ન હોતું. કાઠી ધોઇ કાદવ કાઢવા જેવો નથી, છતાં ત્યાનાં યુવાનોમાં સુધારા માટેની ચેતના જાગી હતી તે સત્ય હકીકતની અવગણના થઈ શકે તેમ નથી. સુધારકોએ ઊંઝામાં મળેલ સંમેલનોમાં બતાવેલી હિંમત પણ દાદ માંગી લે તેવી હતી. ઊંઝાનાં મુખી ઈશ્વરદાસ, બીજા આગેવાનો સાથે વિરોધ રજૂ કરયો હતો પરંતુ પુરુષોત્તમ.ર. પટેલે (દાસકાકાએ) સમાધાન કરાવ્યું હતું.[૧૧૯]

ઊંઝાના આ પંદરમાં અધિવેશનમાં સ્વ.પીતાંબર પટેલે કન્યા કેળવણીને વેગ આપવા ઠરાવ મુક્યો હતો અને તેના પરિણામે માતાજીનાં સાંનિધ્યમાં૮-૬-૧૯૫૩થી કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૫૦ તાઃ ૨૨,૨૩, એપ્રિલના રોજ શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસનાં પ્રમુખપદે જોટાણા મુકામે ક.પા સોળમી પરિષદ મળી હતી. તાઃ ૨૯, ૩૦ એપ્રિલ ઈ.સ.૧૯૫૧ના રોજ કડી મુકામે શેઠશ્રી મણિલાલ હરજીવનદાસ લેંગ્લીના પ્રમુખપદે ૧૭મી ક.પા.પરિષદ મળી અને તેમના જ પ્રમુખપદે ક.પા. પરિષદની અઢારમી બેઠક લાંભા મુકામે તાઃ ૧૯,૨૦ મે ઈ.સ. ૧૯૫૫ના રોજ મળી હતી. શ્રી લેંગ્લી મુંબઇના ઉદ્યોગપતિ હતા, ઈ.સ. ૧૯૫૫ પછી પરિષદો કે સંમેલનો કે ક.પા. સંગઠનો નામશેષ થયા હતા. જે નવા સ્વરૂપમાં પરિવર્તીત થયા હતા.[૧૨૦]

ઈ.સ ૧૯૫૫ પછી જે કોઇ પરિષદો ભરાઇ તે માત્ર ધંધાદારી ‘એવાર્ડ માન્યતા મંડળી’ ને નામે પાટીદાર રત્નોની લહાણી કરનાર દેશ-વિદેશમાં પરિષદો સ્થપાઇ હતી. નવા સ્વરૂપે આવતા કુરિવાજો અટકાવવા સક્રિય રીતે પ્રયાસો થયા ન હતા.[૧૨૧]

---

૧૧૯. લશ્કરી. ચંદ્રવદન. દુ. ધરતી, અમદાવાદ, ઈ.સ. ૧૯૪૯, પૃ. ૮
૧૨૦. પટેલ. ઈશ્વરભાઈ. હ. શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ, ઊંઝા, ઈ.સ. ૧૯૮૩, પૃ. ૧૪૮
૧૨૧. એજન, પૃ. ૧૫૦

ઈ.સ. ૧૯૫૦માં જોટાણામાં મળેલ સોળમી પરિષદ વખતે બહેનોની સંખ્યા ધ્યાન ખેંચે તેવી હતી. અત્યાર સુધી મળેલ પરિષદોમાં સુધારાની આબોહવા ઠીક-ઠીક જામી હતી. સયાજીરાવ ગાયકવાડે બાળલગ્ન પ્રતિબંધક કાયદો કર્યો ત્યાર પછી, જે પરિષદો મળતી તેવા મંચ પર બેનરો લગાડવામાં આવતાં **" બાળલગ્ન, બાળો જ્ઞાતિવરાટાળો, કન્યાવિક્રય કાઢો, વિદ્યા વધારો" અગાઉની પરિષદમાં ત્રણ" બ" ને બાળવાની વાત ચાલતી બાળલગ્ન, બનિયા ને બારમાનો' "બ" ની વાત હતી.**[૧૨૨]

સોળમી પરિષદના પ્રમુખ તરીકે ૩૧ વર્ષના યુવાન એવા શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ તથા શેરદલાલ શ્રી નંદુલાલ મંછારામ, આંખના જાણીતા તબીબી ડૉ. ગણપતરામ પટેલ, હરિભાઈ પટેલ, શ્રી પીતાંબર પટેલ, શ્રી ઈશ્વર પેટલીકર અને શ્રી રામચંન્દ્ર અમીન ઉપસ્થિત હતા.

જયકૃષ્ણ હરિવલ્લભદાસ બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર હતા. સુધારા સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે " આવી પરિષદ દ્વારા જ્ઞાતિ-સુધારણાનું કાર્ય આપણે વેગીલું બનાવી શકીએ. કન્યાવિક્રય અને વરવિક્રયની સામાજિક બદીને આપણે વહેલામાં વહેલી તકે નાબુદ કરવી જોઈએ. લગ્ન પ્રસંગે ખોટા ખર્ચા સત્વરે બંધ કરવા જોઈએ. જ્ઞાતિમાં સુખી અને આગળ પડતા કુટુંબોએ આ બાબતમાં પહેલ કરવી જોઈએ. જ્ઞાતિમાં સુખી અને આગળ પડતા કુટુંબોએ આ બાબતમાં પહેલ કરવી જોઈએ એમ હું ભાર પૂર્વક કહીશ.[૧૨૩]

તેમણે આધુનિક ખેતી તથા ગ્રામ પંચાયતો દ્વારા યુવાનોમાં સિવિલ સર્વિસ વગેરે સંદર્ભે માહિતગાર કરવા જણાવ્યું હતું.

શ્રી જયકૃષ્ણભાઈએ પ્રવચનમાં જે મુદ્દાઓ રજૂ કર્યા તેનું અમલીકરણ કરવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા. સમાજલક્ષી પ્રવૃત્તિઓ, ઉદ્યોગક્ષેત્ર,, સાંસ્કૃતિકક્ષેત્ર વગેરેમાં તેઓ હંમેશાં અગ્રેસર હતા. તેઓ આમ આદમીમાંના એક હતા. ખેડૂત, મજૂરોના પ્રશ્નોને તે વધૂ પ્રાધાન્ય આપતા હતા. પ્રભાસ પાટણના સોમનાથ મંદિરના ચેરમેન, અમદાવાદના મેયર, ગુજરાત ફર્ટિલાઈઝર કંપનીના સ્થાપકને વિધાન સભાના સભ્ય જેવાં અનેક પદો પર રહી સમાજ સેવાના કાર્ય કર્યા હતા.

કડવા પાટીદાર પરિષદનું સત્તરમું અધિવેશન સર્વ વિદ્યાલય કડી પાટીદાર આશ્રમના પ્રાંગણમાં મળ્યું હતું. જેના પ્રમુખ શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ (મુંબઈ) હતા. જેઓ ઈ.સ. ૧૯૫૫ની લાંભા પરિષદના પ્રમુખ પણ હતા.

---

૧૨૨. એજન, પૃ. ૧૫૨
૧૨૩. એજન, પૃ. ૧૫૪

ઉપરોક્ત પરિષદોના અભ્યાસ પરથી અનેક બાબતો સ્પષ્ટ થાય છે કે, કડવા પાટીદાર પરિષદનું કોઈ ચોક્કસ બંધારણ પ્રારંભિક સમયમાં ન હતું. તેથી જ તે નિયમિત દર વર્ષ ભરાતી નહતી. પરંતુ સામાન્યત: તે દર વર્ષના અંતે ડિસેમ્બર માસમાં ભરાતી હતી. પરંતુ અનિવાર્ય કારણોસર અન્ય માસમાં પણ પરિષદની બેઠકો યોજાતી હતી. જેમાં પરિષદના પ્રમુખની વરણી થતી તથા સ્વાગત મંડળના પ્રમુખ તથા કમિટીના સભ્યોની વરણી કરવામાં આવતી. કમિટી દ્વારા સમાજના અવિવિધ અગત્યના પ્રશ્નો સંદર્ભે-ચર્ચા-વિચારણા થતી અને આમંત્રિત વિદ્વાન વ્યક્તિઓ દ્વારા તેના સમાધાન સંદર્ભે સૂચનો કરવામાં આવતા હતા, જેનો ઉલ્લેખ ભવિષ્યમાં મળનારી પરિષદમાં તેના પરિણામોના સંદર્ભ અભ્યાસ કરવામાં આવતો હતો, ઉપરાંત વિવિધ સમસ્યાઓ, પ્રશ્નો સંદર્ભે ઠરાવો રજૂ થતાં હતા, પરંતુ અહીં એ બાબતની નોંધ કરવી જરૂરી બને છે કે પાટીદાર સમાજમાં મહદ્અંશે શિક્ષણના અભાવના કારણે પરિષદમાં રજૂ થતાં વિવિધ પ્રશ્નો, ઠરાવો, સંદર્ભો રૂઢિચુસ્ત માનસ ધરાવનારાઓ તથા નૂતન વિચારાધારા ધરાવતા વ્યક્તિઓમાં મતભેદ પ્રવર્તતો હતો, પરંતુ નિ:સંદેહ પણે પરિષદ દ્વારા "યુવાનોમાં સમાજ સુધારાના પ્રવાહો સંદર્ભે માહિતગાર કરાવવા અને આદર્શ સમાજના ખ્યાલ રજૂ કરાવ્યા હતા.

ઈ.સ. ૧૯૧૫ સુધી પરિષદની પ્રવૃત્તિ બ્રિટિશ સરકાર, ગાયકવાડ સરકારના સામે નરમપંથી, તરફદાર તથા સેવક તરીકેની હતી. પરંતુ તેના સ્વરૂપમાં મહાત્મા ગાંધીના ભારતીય રાજકારણમાં પ્રવેશતા સમયાન્તરે પરિવર્તન આવ્યું હતું. જેથી જ પરિષદની બેઠકોમાં સ્વદેશી પ્રવૃત્તિ, ખાદીનો ઉપયોગ, બુનિયાદી શિક્ષણ, વિદેશી વસ્તુનો બહિષ્કાર, સત્યાગ્રહ તથા અન્યાય મહેસૂલી દર સામે થતાં ઠરાવો પરથી જાણી શકાય છે. ઈ.સ. ૧૯૨૬ પછી પરિષદના પ્રારંભે તથા પૂર્ણાહૂતિમાં "વંદેમાતરમ્" રાષ્ટ્રગીત રજૂ કરવામાં આવતું હતું. જેથી જ સમયાન્તરે રાષ્ટ્રીય ચળવળના વિવિધ પ્રસંગોએ પાટીદાર યુવાનો, યુવતીઓ જોડાયા હતા.

સમયાન્તરે પરિષદના ઠરાવોમાં પણ પરિવર્તન જોવા મળતું જેમકે "પ્રારંભિક પરિષદોમાં સ્ત્રીઓના પ્રશ્ન, બાળલગ્નનોના પ્રશ્નો મુખ્ય હતા, પરંતુ રાષ્ટ્રીય જાગૃતિના પ્રભાવ હેઠળ વિષય, પ્રશ્નો વગેરેમાં પરિવર્તન જોઈ શકાય છે જેનો અભ્યાસ ઉપરાંત પ્રકરણમાં આપણે કરેલ છે.

પરિષદની પ્રારંભિક પ્રવૃત્તિના કેન્દ્રબિંદુમાં મહદ્અંશે "સ્ત્રીઓની સ્થિતિ, સાથે સંકળાયેલા પ્રશ્નો હતાં જેથી હવે પછીના પ્રકરણમાં પરિષદમાં વ્યક્ત થતા સ્ત્રીઓના પ્રશ્ન વિશે આધારભૂત દસ્તાવેજો દ્વારા અભ્યાસ અનુગામી પ્રકરણમાં કરીશું.

પ્રકરણ - ૩

કડવા પાટીદાર પરિષદોમાં સ્ત્રીઓ પ્રત્યેનો અભિગમ :

૩.૧ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પહેલો મહોત્સવ, વીરમગામ ઈ.સ.૧૯૦૯

૩.૨ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બીજો મહોત્સવ, વડોદરા ઈ.સ.૧૯૧૦

૩.૩ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ત્રીજો મહોત્સવ, બાવળા ઈ.સ ૧૯૧૨

૩.૪ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચોથો મહોત્સવ, વીરમગામ ઈ.સ. ૧૯૧૩

૩.૫ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પાંચમો મહોત્સવ, ધ્રાંગધ્રા, ઈ.સ. ૧૯૧૫

૩.૬ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો છઠ્ઠો મહોત્સવ, પાદરા, ઈ.સ. ૧૯૧૬

૩.૭ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ, શેરથા, ઈ.સ. ૧૯૧૮

૩.૮ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો આઠમો મહોત્સવ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૮

૩.૯ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો નવમો મહોત્સવ, મોખાસણ, ઈ.સ ૧૯૧૯

૩.૧૦ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો દસમો મહોત્સવ. કડી, ઈ.સ. ૧૯૨૪

૩.૧૧ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો અગિયારમો મહોત્સવ, સોનાસણ, ઈ.સ. ૧૯૨૬

૩.૧૨ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બારમો મહોત્સવ, ડરણ, ઈ.સ. ૧૯૨૯

૩.૧૩ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો તેરમો મહોત્સવ, સાણંદ, ઈ.સ. ૧૯૩૬

૩.૧૪ **સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે,** શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચૌદમો મહોત્સવ, પાટડી ઈ.સ. ૧૯૩૮

વિશ્વના કોઈ પણ સમાજ અને સંસ્કૃતિનાં ઉચ્ચતા, પ્રગતિ અને સંસ્કારિતા અન્ય કેટલાક મુદ્દા સાથે તે સમાજ, સંસ્કૃતિએ સ્ત્રીને આપેલા વાસ્તિક દરજ્જા પરથી જાણી શકાય છે. સમાજમાં સ્ત્રી પુરુષના સમકક્ષ, સમોવડી અને સમાન સન્માનની અધિકારી, તેટલો તે સમાજ આગળ એમ સમાન્યતયા કહી શકાય. ઉપરોક્ત સિધ્ધાંતને આધારે બે સમાજ અને સંસ્કૃતિના તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે. ઉદાહરણ તરીકે "રોમન સંસ્કૃતિએ બીજી ગમે તે સિધ્ધિઓ મેળવી હોય, પરંતુ તે સમાજમાં સ્ત્રીનો દરજ્જો ગુલામને સમાન ગણાયો છે. તેને લીધે સંસ્કૃતિના વિકાસમાં જ તેના અધ:પતનનાં બીજ પહેલાં હતા," આની સાપેક્ષમાં ભારતીય સમાજે તેના પ્રાચીન યુગમાં સ્પષ્ટ કહ્યું હતું કે **"न स्त्री स्वातन्त्रयमर्हति"** તેથી રોમન સંસ્કૃતિ કરતાં ભારતીય સંસ્કૃતિમાં નારીનો દરજ્જો વધારે સારો હતો તે કારણે તે સંસ્કૃતિ અસ્તિત્વમાં રહી હતી. આથી અન્ય કારણો સાથે નારીનો સામાજિક દરજ્જો, સમાજ અને સંસ્કૃતિનાં પ્રગતિશીલ કે અવગતિશીલ હોવાનો એક માનદંડ બની રહે છે.[૧]

ઓગણીસમી સદી પહેલાંના ગુજરાતનું સામાજિક માળખું સામાન્યત: ધર્મમૂલક, પરંપરાગત સિધ્ધાંતોના પાયા ઉપર અવલંબેલું હતું. જ્ઞાતિ, કુટુંબ અને સ્ત્રીઓનું સ્થાન વગેરે પરંપરા પ્રમાણે નિર્ધારિત થયેલાં હતાં અને તે બધાનો પરલૌકિક ખ્યાલ સાથે સંબંધ હતો. સમાજમાં પ્રતિષ્ઠાનો પાયો જન્મ અને કુળ પ્રમાણે હતો નહિ કે સિધ્ધિ પ્રમાણે કુટુંબમાં પણ, ઉંમર અને સ્થાન પ્રમાણે સત્તા ચાલતી દા.ત. એક શરમાળ નવવધૂ તરીકે ગૃહપ્રવેશ કરતી સ્ત્રી ધીમે-ધીમે સાસુપદ પામી પોતાની સાસુ જેવું જ વર્તન દાખવતી હતી. પોતાની ભૂતકાળમાં વિતેલ કથા ભૂલી જતી હતી.

* "Again, the male is by nature superior, and Female inferior; and one roles and the other is ruled; this principle of necessity extends to all Mankind" - Aristotle

ઓગણીસમી સદીના પહેલાંના ગુજરાતના સામાજિક માળખામાં વ્યક્તિની વગ બહુ ઓછી હતી. સામાન્ય વ્યક્તિ અવાજ ઊંચો કરી શકતો નહિ અને અમુક નિર્ણયને અનુમોદન કે અસ્વીકૃતિ આપવાની તેને સ્વતંત્રતા ન હતી કારણ કે તેની ફરજ રિવાજ અને પરંપરાના આદેશોને અધીન રહેવાની હતી. પરિણામે લોકો જે કંઈ બનતું તે સ્વીકારી લેતા. ફરિયાદ કરવી નિરર્થક હતી. કારણ બધું જ સ્થાયી અને શાશ્વત મનાતું. અસ્પૃશ્ય કે વિધવાનું નસીબ વિધિએ જ નિર્માણ કર્યું ગણાતું, તેથી તેઓનાં દુ:ખદર્દના નિવારણ માટે કંઈ કરવાનું હતું નહિ, સામાજિક સંસ્થાઓ દ્વારા એવો ઉપદેશ અપાતો કે ઐહિક જીવનનું એક માત્ર લક્ષ્ય જન્મદત્ત કામો સારી પેઠે કોઈ પણ

૧. બેટાઈ. રમેશભાઈ. ભારતની પ્રાચીન સામાજિક સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પૃ.૨૧૨

જાતનો અસંતોષ વ્યક્ત કર્યા સિવાય બજાવવાના જેથી આ ભવના સત્કર્મોને પરિણામે આવતે ભવ (જન્મ) વધારે સારાં ફળ ચાખવા મળે. વ્યક્તિના સંબંધો પોતાના કુટુંબ કબીલા સાથે બળવત્તર રહેતો તેથી ભાગ્યે જ કોઈ સ્વૈચ્છિક મંડળો સ્થપાતાં. વ્યક્તિઓ કુટુંબમાં અને જ્ઞાતિમાં જ જીવતા અને આ બન્ને સંસ્થાઓ સ્વૈચ્છિક સંગઠનો હતી નહિ.૨

ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપના થતાં પહેલાંનું સામાજિક માળખું પરંપરા અને જન્મદત્ત સ્થાન ઉપર આધારિત હતું અને બિન ઔપચારિક મોઢા મોઢાના નજીકનાં સંબંધીઓ સુધી સીમિત આંતર સંબંધ ઉપર રચાયેલું હતું.

ભારતમાં બ્રિટિશ રાજ અમલના આગમન સાથે રાજકીયતંત્ર, નવું આર્થિકતંત્ર તથા નૂતન વિચારસરણી ભારતમાં પ્રવર્તમાન બની હતી. આ નવા પ્રવાહો ભારતની કુટુંબ પ્રથા, લગ્ન પ્રથા, ગ્રામસમુદાયને સ્પર્શી હતી. જેની અસર સ્ત્રીઓના સામાજિક દરજ્જા ઉપર પડ્યા વિના રહે નહિ એ સ્વાભાવિક હતું. ઓગણીસમી સદીની નવી પરિસ્થિતિમાં, નવો શિક્ષિત વર્ગ, ભારતના સામાજિક માળખામાં તથા સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન આણવા પ્રયત્નો કર્યા હતા. આ સદીનાં સામાજિક દરજ્જામાં પરિવર્તન આણવ પ્રયાસો કર્યા હતા. કારણ કે તેઓ યુરોપના નવજાગૃતિના ખ્યાલ તથા સામાજિક ક્ષેત્રે વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાનતાવાળી વિચારસરણીના રંગથી રંગાયેલા હતા.

રાજા રામમોહનતોય નવજાગૃતિના પ્રતિભાશાળી પ્રતિનિધિ બન્યા હતા. તેઓએ અંગ્રેજી કેળવણીના સમર્થક હતા. તેમની સ્ત્રી-વિષયક પ્રવૃત્તિમાં સૌથી ધ્યાન ખેંચે તેવી પ્રવૃત્તિ સતીની પ્રથા સામેનો વિરોધ હતો. ઈ.સ. ૧૮૨૯માં લોર્ડ બોન્ટિકની મદદથી સતી પ્રથા વિરુધ્ધ કાયદો પસાર કરાવ્યો હતો. જેની સામે રૂઢિચુસ્તોએ વિરોધ કર્યો હતો પરંતુ બ્રાહ્મો સમાજ દ્વારા વિવિધ સમાજ સુધારણાના કાર્યો સક્રિય પણે થતા રહ્યા હતા. સામાજિક ક્ષેત્રે કાયદા દ્વારા સુધારણા કરવામાં આ પ્રથમ પ્રયાસ હતો. આ ઉપરાંત સ્ત્રીના મિલકત હકક અને કુલીનશાહીનાં દૂષણોને દૂર કરવા અંગે સૂચનો કર્યા.

રાજા રામમોહનરાયે વિધવાને અગ્નિસ્નાન કરતી અટકાવી અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા સ્ત્રીને લગ્ન કરવાની કાયદેસર પરવાનગી આપવા પ્રયત્ન કર્યા હતા. રાજા રામમોહનરાયે શરૂ કરેલ વિધવા ઉન્નતિના કાર્યને વિદ્યાસાગરે આગળ ધપાવ્યું હતું. વિદ્યાસાગરના અથાગ પ્રયત્નને પરિણામે ઈ.સ. ૧૮૫૬માં "વિધવા વિવાહ" અંગેનો કાયદો પસાર થયો હતો. એમના આ કાર્યને રાનડે, કર્વે, નર્મદાશંકર અને મહિપતરામ વગેરે એ સાથ અને સહકાર આપ્યો હતો. કુલીન પ્રથાને દૂર કરવા વૈજ્ઞાનિક પધ્ધતિ અજમાવી તથા કુલીનપ્રથાનાં દૂષણો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. વિધવા વિવાહનાં પ્રશ્ન સભાનતાથી, સમજણથી અને દલીલ દ્વારા ઉકેલવાનો પ્રયત્ન કર્યો હતો.

૨. દેસાઈ. નીરા. અ. ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૩, પૃ.૬૨

તત્વત: સ્ત્રીઓની સમસ્યા પરત્વે જાગૃતિ કેળવવામાં અને કંઈક અંશે ઉકેલવામાં તેમનો ફાળો હતો. સ્ત્રી શિક્ષણ અને સ્ત્રીને આર્થિક હકક આપીને તેમના સામાજિક દરજ્જામાં પરિવર્તન લાવી શકાય તેમ તેમનું માનવું હતું.૩ ઓગણીસમી સદીના ઉત્તરાધમાં બંગાળામાં સ્ત્રીઓની જે સ્થિતિ હતી તેનું ચિત્ર વિદ્યાસાગરે રજૂ કર્યું હતું. તેજ સમયે ગુજરાતમાં પણ કન્યાવિક્રય, સતીપ્રથા, બાળકીને દૂધપીતિ કરવાનો ચાલ વગેરે અનેક દૂષણો પ્રચલિત હતા. મહદ્અંશે તમામ જ્ઞાતિઓમાં કન્યાવિક્રયની બદી ફેલાયેલી હતી આવું કાર્ય જ્ઞાતિના ગોર કે અગ્રગણ્ય વ્યક્તિ મારફતે થતું હતું.૪

બાળલગ્ન અને બાળવિવાહ સંદર્ભે **બહેરામજી મલબારી**એ જણાવ્યું કે "તે પ્રશ્નો પરસ્પર સંકળાયેલા છે. તેમનું માનવું હતું કે સામાજિક કુરિવાજોને દૂર કરીને સ્ત્રીઓનો દરજ્જો ઊંચો લાવી શકાય તેમ છે. અને આ માટે શિક્ષિત વર્ગ અને મરજિયાત મંડળોએ મદદ માટે આગળ આવવું જોઈએ."૫ બાળલગ્ન અટકાવવા સરકાર કાનૂન ઘડે તે માટે ઈ.સ. ૧૮૮૪ થી ઈ.સ. ૧૮૮૯ સુધી દબાણ લાવવા પ્રયત્નો કર્યા હતા. ઈ.સ. ૧૮૯૦માં ઈંગ્લેન્ડ જઈ બાળલગ્નના પ્રશ્નની ચર્ચા કરી. પરિણામે લગ્ન વય કંઈક અંશે ઊંચી થઈ હતી તેમાં ભારપૂર્વક માનતા કે બાળલગ્નથી લગ્નજીવન નિષ્ફળ નીવડે છે. વિધવા વિવાહ અંગે અગાઉ થયેલા કાયદા અંગે કહ્યું છે કે જ્યાં સુધી સરકાર ચાંપતી નજર નહિ રાખે ત્યાં સુધી વ્યવહારમાં સફળતા મેળવી શક્ય નથી, આમ તેઓ કાયદાની વાસ્તવિક સફળતામાં માનતા હતા. ઉપરાંત મહાદેવ ગોવિંદ રાનડે તથા સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રીમતી એનિબેસન્ટ તથા મહાત્મા ગાંધીજી વગેરે રાષ્ટ્રીય, પ્રાદેશિક સ્તરે સ્ત્રીઓના પ્રશ્નોના નિવારણ માટે પ્રયત્નો કરેલા હતા.

બ્રિટિશ તાજના શાસન સમય દરમ્યાન પણ સમાજ સુધારણા તથા સ્ત્રી વિષયક પ્રશ્નો સંદર્ભે અનેક પ્રયત્નો અંગ્રેજ અમલદારો દ્વારા કરવામાં આવ્યા હતા.

સરકારી અમલદારોના પ્રયાસોને લીધે દીકરીને દૂધપીતી કરીને મારી નાખવાની, સતી થવાની અને ગુલામોના વેચાણની કુરૂઢિ દૂર થઈ હતી. કચ્છ, સૌરાષ્ટ્રમાં જાડેજા, રજપૂતમાં તથા ઉત્તર ગુજરાત, ખેડા તથા ભરૂચ જિલ્લાઓમાં લેઉવા પાટીદારોમાં દીકરીઓને જન્મજાતવાર દૂધ ભરેલ વાસણામાં ડુબાડી મારી નાખવાનો રિવાજ હતો. કર્નલ વોકરે ખંડણીનો બંદોબસ્ત કરતી વખતે (ઈ.સ. ૧૮૦૭) આ દુષ્ટ રિવાજ બંધ કરાવવા સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. ઈ.સ. ૧૮૦૭ના ડિસેમ્બર માસમાં તેમણે જમીનદારો પાસે એમની હદમાં દૂધપીતિ નહિ થવા દેવાની લેખિત કબૂલાત લીધી હતી. જાડેજા હાથીજીના કુંવર ભોજરાજજીએ સને ઈ.સ. ૧૮૦૮માં સૌરાષ્ટ્રના જાડેજા તથા જેઠવા ઠાકોરો વતી ઉપરોક્ત કબૂલાત આપી હતી. કચ્છમાં ર'દેશળજીએ ઈ.સ. ૧૮૪૧માં આ રિવાજ ઉપર પ્રતિબંધ મૂલ્યો હતો. ગરીબ લોકોને દીકરી પરણાવતી વખતે ૪૦૦ કોરી મદદ પેટે આપવામાં આવતી હતી. જાડેજા રજપૂતોનાં બાળકોના જન્મ-મરણની નોંધ રાખવા માટે ખાસ

૩. રાવ. મહેન્દ્ર, તથા અન્ય, ભારતનાં સામાજિક ઈતિહાસ, અખિલહિંદ પ્રકાશન, અમદાવાદ ૧૯૬૮, પૃ.૨૭૭

૪. દલપતરામ ડાહ્યાભાઈ. કવિ, જ્ઞાતિ વિશેનો નિબંધ, પૃ.૧૧૯

૫. રાવ. મહેન્દ્ર, તથા અન્ય, ઉપર્યુક્ત પૃ.૨૭૭ થી ૨૭૮

એક મહેતાજીની નિમણૂંક કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૪૭માં ગણપતરાવ ગાયકવાડે ઉત્તર ગુજરાતના લેઉવા પાટીદારોને દૂધપીતીનો રિવાજ બંધ કરવા આદેશ આપ્યો હતો, ઈ.સ. ૧૮૪૮માં અમદાવાદના કલેકટર ફોસેટે અને ખેડાના કલેકટર જોન વેબે આ રિવાજ બંધ કરવા લેઉવા અને કડવા કણબીઓના આગેવાનો પાસે સમાન કુળમાં કન્યા આપવા માટે ઠરાવ કરાવ્યો હતો, જેથી પેઠણ તથા લગ્નવરાના ખર્ચમાં બચત થાય. આ પગલાઓને કારણે દૂધપીતી કરવાનું પ્રમાણ ઘટી ગયું હતું. દૂધપીતીઓ રિવાજ રાજકોટ રાજ્યમાંથી ઈ.સ. ૧૮૫૭માં દૂર કરવા માટે કંપની સરકારે રાજકોટના ઠાકોર મેરામણજીની પ્રશંસા કરી હતી.૬

ઈ.સ. ૧૮૨૯માં ભારતનાં ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકે સમગ્ર ભારતમાં સતી થવાના દુષ્ટ રિવાજ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. ઈ.સ. ૧૮૩૩ના ઓગસ્ટ માસમાં ૪૨ વર્ષની વયે ઈડરના રાજા ગંભીરસિંહજી મૃત્યુ પામ્યા. તેમની સાત રાણીઓ, બે રક્ષકો, એક નોકર અને ચાર દાસીઓ તેમની પાછળ બળી મર્યા હતા. તેમાંની એક રાણી માત્ર ૨૦ વરસની હતી અને તેના લગ્નને એક જ વરસ થયું હતું. મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ અર્સકીને ઈદરના ઠાકોર મૃત્યુ પામ્યા ત્યારે આવો બનાવ ન બને તે માટે તકેદારી રાખી હતી. પણ રજપૂતોએ કિલ્લાની દીવાલમાં ગાબડું પાડી રાણીઓને પરાણે ઘસડી લઈને રાજાના શબ સાથે બાળી મૂકી હતી.૭

કન્યા બાર વરસની થાય તે પહેલાં એનો ધણી (પતિ) લગ્નના હક ભોગવી શકે નહિ એમ ઠરાવી બાળલગ્નની પ્રથા સામે કાયદો કરી સરકારે તે બંધ કરાવવા પગલાં ભર્યા હતા. જ્ઞાતિ બહાર જવાથી વારસાનો હક જતો નથી. તેમજ પુનર્લગ્ન કરવાથી વિધવાને પોતાના આગલા ધણીના સીધા વારસા સિવાયના બીજા હકો રદ થતા નથી, એમ કાયદો કરીને વિધવા વિવાહને પ્રોત્સાહન અપાયું હતું. વિધવા વિવાહનો કાયદો સરકારે ઈ.સ. ૧૮૫૬માં પસાર કર્યો હતો.

આમ ઈ.સ. ૧૮૦૦ થી ઈ.સ.૧૮૫૬ના ગાળામાં સામાજિક અને ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ થઈ હતી. અજ્ઞાનમાં સબળતા અને કુરૂઢિનો ભોગ લોકો ન બને તે માટે સરકારા તથા સમાજ સેવકો તરફથી વિવિધ પ્રયત્નો થયા હતા, જેથી સમયાન્તરે સામાજિક, ધાર્મિક સુધારણા આંદોલન દ્વારા ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિના પગરણ થયા હતા.

ઓગણીસમી સદીમાં તથા વિસમી સદીના પૂર્વાર્ધમાં કડવા પાટીદાર સમાજમાં સ્ત્રી સમસ્યાના સંદર્ભે અગત્યનો પ્રશ્ન બાળલગ્ન હતો, બાળલગ્નોની પ્રથા અને તેની સાથે સંકળાયેલા અનેક પ્રશ્નોએ બ્રિટિશ તાજની સરકાર, પાટડી તથા ગાયકવાડ જેવી રિયાસતો દ્વારા વિવિધ પ્રયત્નો થયા હતા. જે પ્રયત્નો થકી સમાજમાં સામાજિક પરિવર્તનની જે પ્રક્રિયા થઈ તેનું

૬. રાજગોર. શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૪ પૃ.૩૦

૭. શાસ્ત્રી. હરીપ્રસાદ. ગં, પરીખ. પ્ર. ચિ, (સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, બ્રિટિશકાલ, ગ્રંથ-૮, ૧૯૮૪, પૃ.૧૨૦

પ્રતિબિંબ કડવા પાટીદાર પરિષદોમાં સ્ત્રી પરત્વેના પ્રશ્નો તથા તે અંગેની સભાનતામાં જોઈ શકાતા હતા. કડવા પાટીદાર સમાજમાં સામાજિક દૂષણોના મૂળમાં તેમની લગ્ન પરંપરા હતી. ઈ.સ. ૧૮૩૦ના લગ્ન સમયે શહેરમાં કન્યાઓમાં સગપણ કરવા આવનાર ઉમેદવારોની લાયકાત-કન્યા લાયક છે કે નહી, તે તપાસવાની જગ્યાએ કુળવાનોએ પોતાનો વધુમાં વધુ પૈસા કેવી રીતે મળે. એટલે કે જે વધારે પૈસા આપે તે વર ઝડપી જાય ! આ વિવાહ પ્રસંગે વરના બાપે તે ઉમેદાવારો-કન્યાનાં મા-બાપ પાસેથી રૂ. ૨૦૦ થી રૂ. ૪૫૦ સુધી માગ્યા; અને તેમને મળ્યા પણ ખરા ![૮] પરંતુ કેટલાક કન્યાના પિતા તે રકમ આપવા માટે સમર્થ ન હોવાથી પુત્રીને "ફૂલના દડા" અને "બાહ્યવર" જેવા શરમ-ભરેલા રિવાજની શરૂઆત થઈ હતી. કોઈ આબરૂ જાળવવા આ વિવાહ સમયે દેવું કરી, દોઢ માસની હોય તો પણ પુત્રીને પરણાવે, ત્યારે બીજા વિવાહ વખતે તે જ કન્યાનો સાસરો પોતાના દીકરાને બીજે પરણાવી પુરત તથા કર-કરીઆવરથી પોતાની કોથળી ભરે ! પહેલાં પરણાવેલી બાળક કન્યાને ન તો તેડે, કે ન તો છૂટકો આપે કે ન તો ખોરાકી આપે ! પરંતુ રડવા, રખડાવી જિંદગીભર હેરાન કરે, ત્યારથી છૂટકો માગવાનો તથા આપવાનો ખરેખરો અનાચારી રિવાજ શરૂ થયો હતો.

દશ વર્ષ પછી ઈ.સ. ૧૮૪૦માં પુનઃવિવાહ સમયે વરની પુરતનો આંકડો રૂ. ૨૦૦થી વધી રૂ. ૬૦૦ સુધી વધી ગયો હતો. જેની વિપરીત અસર પાટીદાર કુટુંબોમાં પુત્રીના જન્મ સંદર્ભે ઊભી થઈ; જેથી સમયાન્તરે પુત્રીનો જન્મ અનેક આફતોની આગાહીરૂપ મનાવા લાગ્યો હતો. જેથી જાણે-અજાણે બાળકીઓની સંખ્યામાં ઘટાડો થવા લાગ્યો હતો, જન સમાજમાં પુત્રીઓને દૂધપીતિ કરવાનો રિવાજ શરૂ થયો હતો. બાળકી હત્યાની અનેક ચર્ચાઓ ના. સરકારના જાણવામાં પણ આવી હતી.

ઈ.સ. ૧૮૩૯માં ગુજરાતના જ્યુડિશિયલ કમિશનર સિવિલ સરવન્ટ મે. હટ હતા. તેમની કચેરીમાં બાળકીઓની હત્યાઓ થવાના કેટલાક કેસ આવ્યા હતા. તે ઉપરથી જ્યારે તેઓ ડિસ્ટ્રિક્ટમાં ફરવા ગયેલા ત્યારે તપાસ કરતાં, જુદી-જુદી જ્ઞાતિના લોકોને પૂછતાં, બાળકી-હત્યાઓ થવાની બિનાઓ મળી આવી હતી. પરંતુ સ્વાભાવિક રીતે જ તેવી હત્યાઓ પુરવાર થાય તેમ નહોતું. ઈ.સ. ૧૮૪૦માં 'પશ્ચિમ હિંદુસ્થાનમાં બાળકી હત્યા દાબી દેવાનો ઈતિહાસ' 'History of the Suppression of Infanticide in western India' નામના પુસ્તકના લેખકને કાઠીયાવાડના આસિસ્ટંટ પોલીટીકલ મે. મેજોર એચ. એસ્ટન સાહેબે બાળકી-હત્યાઓ થવાની વાત પહેલવહેલી કરી હતી, જે ઉપરથી તેઓ જાતે તથા રેવરન્ડ જે. એમ. મિચલ સાહેબ બંને કડી તાલુકામાં જાતે ગયા. ત્યારે અમીન જેસીંહભાઈને મળી તેમની સાથે રહી તપાસ કરતાં તે સંબંધી વિશેષ હકીકત મળી આવી હતી. મિ.વેબ સાહેબે પણ આ વિશે તપાસ કરી સત્ય પ્રતિપાદન કર્યું હતું. આ વગેરે ઉપરથી અમદાવાદ અને ખેડા જિલ્લાના ખેડૂતવર્ગમાં આવો

૮. પરીખ. પુરષોત્તમ. લ, કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઈતિહાસ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા, ૧૯૧૨, પૃ.૧૨૪

બાળકી-હત્યાનો ભયંકર છૂપો રિવાજ ચાલે છે તેમ જાણી ભયમીત થઈ ના મુંબઈ સરકારે ઈ.સ. ૧૮૪૮ની વીસમી સપ્ટેમ્બરે સદર અદાલતના જજોને જણાવ્યું કે, પોતાના તાબાના મેજિસ્ટ્રેટોને આ સંબંધી તપાર કરી રિપોર્ટ કરવા હુકમ કરવો, આ તપાસમાં રા.બ.શેઠ બહેચરદાસ લશ્કરીએના સરકારને ખાસ મદદ કરી હતી, તે પછી છોકરા અને છોકરીઓની ગણતરી કરવાઅનું કાર્ય શરૂ થયું અને શકમંદ કોમના અમુક વિભાગમાં ૭૧,૪૭૦ છોકરા અને ૫૧,૭૦૩ છોકરીઓની સંખ્યા માલૂમ પડી. વળી અમદાવાદના કલેકટર મે. ફોસેટ સાહેબ મારફત પણ તપાસ ચાલી, તે વખતે છોકરીઓના જન્મમરણના આંકડાનો રિપોર્ટ નીચે પ્રમાણે હતો.૯

પરગણું	**ઈ.સ. ૧૮૪૬**		**ઈ.સ. ૧૮૪૭**		**ઈ.સ. ૧૮૪૭**	
	જન્મ	**મરણ**	**જન્મ**	**મરણ**	**જન્મ**	**મરણ**
દશકોઈ	૧૧૫	૧૦૯	૧૩૪	૧૦૬	૧૩૬	૮૭
જેતલપુર	૫૯	૩૯	૬૮	૩૯	૭૩	૨૭
ધોળકા	૭૯	૭	૭૦	૧૫	૧૧૩	૨૨
કુલ	૨૫૩	૧૫૫	૨૭૨	૧૬૦	૩૩૨	૧૩૬

ઉપર મુજબના રિપોર્ટ અને જુદા-જુદા યુરોપિયન ઓફિસરોનાં લખાણો પરથી તથા કન્યાઓનું મરણ-પ્રમાણ અજાયબી ઉત્પન્ન કરે તેવું હોવાથી ના. સરકારનો શક મજબૂત થયો અને તેથી તેણે અમદાવાદ જિલ્લાના કલેકટર મે. ફોસેટ સાહેબને તે વિશે તપાસ ચલાવવાનું ફરમાવ્યું. આ ઉપરથી સને ૧૮૪૮ ના જાન્યુઆરી મહિનામાં તે વિશે તપાસ કરી રિપોર્ટ કરવા માટે મે. ઠાકરસી પૂંજાભાઈ મેજિસ્ટ્રેટ સાહેબની નિમાણૂંક કરવામાં આવી અને કામ શરૂ થયું હતું.૧૦

પ્રથમ દશકોઈ તાલુકાનાં ગામોના કણબીઓને બોલાવ્યા અને તા. ૨૮-૧-૧૮૪૮ના દિવસે તેમની જુબાનીઓ લીધી, જેમાં નીચે પ્રમાણે હકીકત માલૂમ પડી હતી.

"ઊંઝામાં અમારી કુળદેવી ઉમિયા માતા છે. તેમની આગળ દર દશ વર્ષે ચિઠ્ઠીઓ નાખી જે તારીખ આવે તે દિવસે જ અમારી જ્ઞાતિનાં લગ્ન થાય છે, જેથી એક મહિનાથી મોટી ઊંમરનાં તમામ બાળકોને પરણાવી દેવા પડે છે. અમદાવાદમાં અમારી જ્ઞાતિનાં પાંચથી છ હજાર ઘર છે. તેઓ અંદરોઅંદર કન્યાઓ લે છે દે છે, પણ પાટડી, વિરમગામ, દશકોઈ, દહેગામ, જેતલપુર, ધોળકા વગેરે તાલુકાના લોકો પોતાની કન્યાઓ શહેરમાં આવે છે. ચાલીશ વર્ષ પેહલાં વરના બાપને રૂ. ૭૫,૧૦૦, ૧૫૦ અને ૨૦૦ સુધી ચાંલ્લો મળતો, પણ હાલ તો રૂ. ૨૫૦, ૪૫૦, અને ૬૦૦ સુધી ચાંલ્લો આપવો પડે છે. રૂ. ૧૦-૨૦ નાળિયેર વહેંચવાના, રૂ. ૭૫ કન્યાને સાસરે

૯. History of the Suppression of Infanticide in western India. PP.421, 27
૧૦. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૮, પૃ. ૪૦૪

મોકલવાનું મુહુર્ત આપે તેના અને બાકી ભેટ-બક્ષિસોના ઘણા રૂપિયા આપવા પડે છે. આટલું રોકડ ખર્ચ ઉપરાંત જમવા-જમાડવાનું ખર્ચ પણ જુદું થાય છે. આ બધું ખર્ચ કન્યાના બાપને થાય છે, જ્યારે વરના બાપને તો ફક્ત આશરે રૂ. ૨૫ ના વરઘોસાનું ખર્ચ થાય છે, તે સિવાય અતેને બીજું કાંઈ પણ ખર્ચ થતું નથી. શહેરનો કુળવાન ગણાતો ઘણો-ખરો વર્ગ વણવાને લગતો કે ગુમાસ્તાગીરીનો ધંધો કરે છે થોડાક જ વેપાર કરતા હશે, ગામડાંના અમે લોકો આટલું ભારે ખર્ચ ઉપાડી શકીએ તેવી સ્થિતિમાં નથી, જેથી કોઈને બે-ત્રણ પુત્રીઓ હોય ત્યારે મહા પશ્ચાતાપ થાય છે. આવાઓથી પૈસે ટકે પહોંચી વળી શકાય તેમ ન ભયથી તેઓ પોતાની દીકરીઓ ઉપર સારું દિલ દેતા નથી. અમારાથી જે ઠેકાણે દીકરીઓ દેવાય છે તે સિવાય બીજે દેવાય નહીં, એટલે રૂ. ૪૦૦ તો ચાંલ્લો ના જ ભરવા પડે છે. કદાચ રૂ. ૧૦-૨૦ ખર્ચી કોઈ બાહ્યવર કરે, પણ તેવું કામ આબરૂદારથી થતું નથી. એટલે દીકરીઓની પરવરિશ થતી નથી, આવું મોટું ખર્ચ કરી બે-ત્રણ મહિનાથી હોય તો પણ દીકરીઓને પરણાવીએ છીએ, પરંતુ બીજો વિવાહ આવે છે વરનો બાપ પોતાના દીકરાને પૈસાની લલચે રો. ૫૦૦-૬૦૦ લઈને બીજે પરણાવે છે; પ્રથમની પરણેત્તરને ખોરાકી-પોશાકી આપતા નથી અને રખડાવે છે. આવાં અનેક દુઃખોને લીધે દીકરીઓ ઉપર કોઈનું સારું દિલ રહેતું નથી. માટે અમારી સઘળાની અરજ છે કે રૂ. ૧૦૦-૨૦૦ સુધી ચાંલ્લો ઠરાવી બીજાં ખર્ચ કમી કરાવી આપો અને પ્રથમની પત્નીની ૩૦ વર્ષની વય થયા છતાં ફરજેદના થાય (લૂલી, લંગડી કે અપંગ હોય તો છૂટ) ત્યારે જ બીજી ઓરત કરી શકે; તથા તે પ્રમાણે બીજી કરે તો પ્રથમની પત્નીને તેના બાપે જે ચાંલ્લો ભર્યો હોય તેટલા પૂરતા તેને પહેરવા દાગીના અને ગરીબ હોય અતાઓ ઓછામાં ઓછા દર વર્ષે ખોરાકીના રૂ.૩૨ આપે, ચાંલ્લો વગરની કન્યાને રૂ. ૧૦૦ સુધીનું જેવરઘરાણું અને ધાનલૂંગડાં આપે તેવો બંદોબસ્ત કરી આપો. અમારામાં સંપ નથી તેથી સરકારની મદદ વિના અમે કોઈ ઠરાવ કરીને પાળી શકીએ તેમ નથી, હાલમાં ચાંલ્લાની રકમ રૂ. ૨૦૦ સુધી ઠરાવી હશે તો પણ ચાલશે."

ઉપર જણાવેલા દશક્રોઈ તાલુકા ઉપરાંત જેતલપુર, ધોળકા વગેરે તમામ પરગણાનાં મોટાં-મોટાં ગામોના કણબીઓને બોલાવી તેમની જુબાનીઓ લેવામાં આવી હતી, જે દરેક ગામના લોકો ઉપરની હકીકતને સર્વાંશે મળતા થયા હતા; અને વધારામાં જણાવ્યું હતું કે, **"અમારામાં કોઈને વધારે પુત્રીઓ જન્મે અને પૈસા સંબંધી સ્થિતિ સારી ન હોય તો, કોઈ દીકરીને હાથે કરીને મારી નાખતું નથી પણ અજેમ ભેંસને પાડી આવે છે. તો તેને દૂધ પાઈને લોકો ઉછેરે છે પણ પાડો આવે છે તો કોઈ ધવરાવતો નથી, તેમ પુત્રીઓનું પણ કરે છે, જેથી ઘસારે મરી જાય છે, વિવાહ આવે ત્યારે બાળકો પરણાવવા જ પડે ! કુંવારા તો રખાય નહીં ! ફૂલનો દડો કે બાહ્યવર ગરીબ લોકો કરે, પણ તે નાલેશી ગણવાથી કોઈ તેમ કરતું નથી. વિવાહ વખતે પુત્રીઓ વધારે હોય તો પણ બાપથી પહોંચે ત્યાં સુધી ઘરબાર કે જમીન વગેરે તમામ મિલકત વેચીને પણ પરણાવે છે અને છેવટે લાચાર સ્થિતિ ભોગવે છે. ઘણા પાટીદારો આ પ્રમાણે તૂટી ગયા છે અને ભીખ માગતા થઈ ગયા છે. પ્રથમની પરણેલી કન્યાઓને સાસરિયાં તેડતા નથી, ખોરાકી આપતા નથી, મારઝૂડ કરી**

રખડાવે છે, આવી ફરિયાદો લઈ કોર્ટમાં આવવું અમને ઘટતું લાગતું નથી. આવી બધી આફતોને લીધે દીકરીઓ ઉપર દિલ રહેતું નથી. માંદી થાય ત્યારે કોઈ દવાદારૂ કરતા નથી. માટે જેઓને અમે કન્યાઓ આપીએ છીએ તેમની પાસે બંદોબસ્ત કરાવો અને અમે પણ કરીશું."

"તા. ૩૧-૧-૧૮૪૮ ના દિવસે અમો અસારવા, જેતલપુર, કનીજ, સરખેજ, લાલી, રખીઆલ. નરોડા, બાવળા, સાણંદ, આંબલીઆરા, કેળીઆવાસણા વગેરે ગામોના પાટીદારો લખી આપીએ છીએ કે, ના.સરકારે રૂ. ૨૦૦ ચાંલ્લો ભરવાનું ઠરાવ્યું છે તે અમારે કબૂલ છે. કરીઆવર વિશેના ઠરાવ કર્યો તે પ્રથમ કરતાં ઓછો છે. પણ અમને હજુ રૂ. ૨૦૦ ચાંલ્લો વધુ પડશે; તેથી અમો અંદરોઅંદર કન્યાઓ લેવા-દેવાનાં વિચાર કરીએ છીએ. ખર્ચ ઘણું ઓછું રાખીશું. પણ આ વિશે કડી દેસાઈઓ અને અમો મળીને અલાયદો ઠરાવ કરી આપને જાહેર કરીશું.[૧૧]

આ પ્રમાણે અમદાવાદ આસપાસનાં દશકોઈ-ભાલનાં મુખ્ય મુખ્ય ગામોના આગેવાનોને તથા શહેર તળના લોકોને પોળવાર બોલાવી, જુબાનીઓ લઈ, તપાસ કરી, તેમની સહીઓ સાથેનો રિપોર્ટ મે. ઠાકરશીભાઈ મેજિસ્ટ્રેટ અમદાવાદના કલેકટર મે. એડવર્ડ ગાર્ડિન ફોસેટ સાહેબ ઉપર મોકલી આપ્યો હતો.[૧૨]

ઉપરોક્ત ચળવળ થઈ હોવા છતાં બાળકીઓની સ્થિતિ દયાજનક હતી, તેમના મરણનું પ્રમાણા સતત વધી રહ્યું હતું જે સંદર્ભે તપાસ કરતા ના.સરકારને જણાવ્યું કે લગ્ન સંબંધી ખર્ચ ઓછાં થવા જોઈએ, આ વિષયને સઘળા કણબીઓએ અનુમોદન આપ્યું, તેથી ના.સરકાર એક જાહેરનામા દ્વારા લગ્ન ખર્ચના નિયમો ઠરાવ્યા હતા.

ઉપર પ્રમાણે જાહેરનામું રજૂ કરી સર્વ પ્રજાને ચેતવણી આપી તથા પોલીસ ઓફિસરોને પણ તેની ખબર રાખવા યોગ્ય સૂચનો કરવામાં આવ્યા હતા; પરંતુ આ ધારાનું જાણવા જેવું કંઈ સંગીન ફુળ આવ્યું ન હતું. કારણ કે ઈ.સ. ૧૮૬૦માં લગ્ન આવતા ઉપરોક્ત ઠરાવની કોઈ પરવા ન કરતા બીજી વાર છોકરા પરણાવવાના બનાવ બન્યા હતા, તેમાંના એક વ્યક્તિએ મેજિસ્ટ્રેટને ત્યાં ફરિયાદ નોંધાવી, એટલે પુરાવો પ્રત્યક્ષ હોવાથી મેજિસ્ટ્રેટ સાહેબે વરના પિતાને તેના ગુના બદલ શિક્ષા કરી તેના ઉપર ધારાશાસ્ત્રીઓની સલાહ મળ્યા પ્રમાણે પુત્રના પિતાએ ડિસ્ટ્રિક્ટ જજ સાહેબને અપીલે કરી અને ત્યાં કાયદાના બારીક પુરાવાની ખામીને લીધે તેને થયેલી સજા રદ કરવામાં આવી. તેથી ઉપરોક્ત કાયદો મૃત:પ્રાય થયો હતો. ઈ.સ. ૧૮૪૮માં થયેલ ઠરાવોની ઈ.સ. ૧૮૬૦માં આ દશા થતાં, કોઈ પણ પ્રકારના બંધનના ગેરહાજરીમાં આખી જ્ઞાતિકન્યાઓ આપવા-લેવામાં તથા પુરતની બાબતમાં તદ્દન નિરંકુશિત બની ઉપરાંત કુળવાનના ખ્યાલમાં પુત્ર જો કુંવારો રહે તો કુળને ખરેખર લાંછન લાગે અને હજારો રૂપિયાના ખર્ચે જમાવેલી બાપદાદાની આબરૂ એક જ સપાટે ધોવાઈ જાય તેથી જ પુત્રોના પિતા તરફથી કન્યાઓના બાપને માંડવા-

૧૧. પરીખ. પુરષોત્તમ. લ, ઉપર્યુક્ત. પૃ.૧૨૭ થી ૧૨૮

૧૨. એજન, પૃ.૧૨૯

ખર્ચના નામે રૂપિયા આપવા માંડ્યા અને તે કન્યાઓના પિતાઓએ છૂપા-છૂપા સ્વીકારી પુત્રીઓ પરણાવીને પશ ખાટવા માંડ્યા, આવી રીતે ભયંકર "કન્યાવિક્રય" ની પ્રથા શરૂ થઈ હતી.

અહિં ધ્યાન દોરવા બાબત એ છે કે મધ્યમ વર્ગના માણસોએ વિચાર કર્યો કે, જો આપણા જથ્થાની કન્યાઓ બહાર નહિ દેતાં આપણે અંદરો-અંદર આપીએ તો આ દશા ભોગવવી પડે નહીં, આથી ચાણસ્મા, પાટણવાડઓ, દંઢાવ્ય વગેરે દરેક સ્થળે ગોળ બનવા લાગ્યા હતા; ત્યારબાદ દશકોશી-ભાલના પાટીદારોએ પણ પાછળથી વિચાર કરી કેટલીક છૂટછાટ સાથે પોતાનો ગોળ બાંધ્યો અને અંદરો-અંદર કન્યાઓ લેવા-દેવા શરૂ કરી હતી. જ્ઞાતિની સ્થિતિનો અભ્યાસ કરનારા સહેજે સમજી શકશે કે, આવા ગોળ થઈ જવાથી તથા કન્યાવિક્રય ચાલથી એક જ તિથિએ લગ્ન કરનારી જ્ઞાતિના ગરીબ વરરાજાઓની કેવી દશા થઈ હશે ?

ગોળ પ્રથાના પ્રયોજન દ્વારા ઉલટાનું વિપરીત પરિણામ આવ્યું કેમકે ગરીબ-કુટુંબના સંતાનોના સંબંધ બાંધવા કરેલા ગોળથી કન્યાવિક્રયમાં વધારો થયો, પરંતુ ધનવાન કુટુંબના પુત્રોના જ લગ્ન થયા, અને ગરીબના અપરણિત (વાંઢા) રહ્યા હતા. તેથી આ આફતનો સમસ્ત જ્ઞાતિને ભયંકર અનુભવ થયો હતો. જેથી ઈ.સ. ૧૮૪૮ના ફેબ્રુઆરી માસમાં પાટડી દરબાર શ્રી જોરાવરસિંહજીના નેતૃત્વમાં પાટડી મુકામે ચાલીસ હજાર માણસોની સભા બોલાવી, ઠરાવો કરવામાં આવ્યા હતા. જે આપણે પૂર્વના પ્રકરણમાં અભ્યાસ કરેલ છે.

પાટડી મુકામે મળેલ સભાની સકારાત્મક પરિણામ આવ્યું ન હતું કારણે કુલીન કુટુંબો ઉપરોક્ત ઠરાવની પરવા ન કરતાં યથેચ્છ વર્તાણૂંક કરતાં હતા. જેથી રા. બ. શેઠ બહેચરદાસની આગેવાની હેઠળ અમદાવાદ શહેર અને આસપાસનાં ગામડાંઓના લોકો સાથે મળી ઈ.સ. ૧૮૪૮માં થયેલા તથા પાટડીમાં નક્કી કરેલા જ્ઞાતિહિતના ઠરાવો પાળવા-પળાવવા માટે જંગી હિલચાલ ઊભી કરી હતી અને ૨૪-૩-૧૮૬૯ ના દિવસે ૫૦ રૂપિયાના સ્ટેમ્પ કાગળ ઉપર, પોતાની હિલચાલથી સંમત એવા સઘળા પાટીદારોની સહી કરાવી. તેમાં અમદાવાદ તળ અને ગામડાંઓના કુલ મળી લગભગ ૬-૭ હજાર માણસો હતા. સદરહું દસ્તાવેજ એવી મતલબનો હતો કે...

૧] ઈ.સ. ૧૮૪૮ ના તેમ જ પાટડીના મેળાવડા વખતે થયેલા ઠરાવો પ્રમાણે વર્તવું.

૨] સદરહું ઠરાવો પ્રમાણે ચાલવા સંમત આ દસ્તાવેજમાં સહીઓ કરનારાઓમાં જ કન્યાઓ દેવી-લેવી.

૩] આ દસ્તાવેજમાં સહીઓ કરનારાઓમાં કામકાજ ચલાવવા અને થયેલા બંદોબસ્ત પર દેખરેખ રાખવા એક કમિટી નીમવી.

૪] દસ્તાવેજમાં સહીઓ કરનારાઓમાંથી ઠરાવ વિરુધ્ધ વર્તન ચલાવનાર માણસ રૂ. ૭૦૧ સુધી આપે.

ઉપરોક્ત દસ્તાવેજ કાયદેસર રજિસ્ટર કરાવવામાં આવ્યો અને સારી રીતે બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.૧૩

રા. બ. શેઠ બહેચરદાસ લશ્કરીની આ હિલચાલ ના વિરોધમાં લગ્ન સમયે કન્યાઓ આપવા આવનાર વર્ગને સવિયારો, આપવા, જેઓએ રા. બ. શેઠ બહેચરદાસ લશ્કરીના દસ્તાવેજમાં સહીઓ કરી ન હોતી તેઓ એ એક વિરુધ્ધ હિલચાલ શરૂ કરી અને સંવત ૧૯૨૭ના માગશર વદ ૧ ને શુક્રવાર, તા. ૯-૧૨-૧૮૭૦ના દિવસે સ્ટેમ્પ ઉપર એક દસ્તાવેજ કરી સુધારો કરવાનો આડંબર કર્યો, જેનો સાર એવો હતો કે,

૧) ચાંલ્લાની રકમ રૂ. ૧૯૯ કરતાં વધારે લેવી નહીં.
૨) પ્રથમની સ્ત્રીની ૨૫ વર્ષની વય થવા પહેલાં બીજી સ્ત્રી કરવી નહીં.
૩) બીજી સ્ત્રી કરવામાં આવે ત્યારે પ્રથમની સ્ત્રીનું યોગ્ય રીતે પાલન, પોષણ કરવું.
૪) કર-કરીઆવરને નામે લેવાતા પૈસામાં યોગ્ય ઘટાડો કરવો.

ઉપરોક્ત ઠરાવ પર અમદાવાદના લગભગ તમામ કુલીન ગૃહસ્થોએ સહી કરી હતી.

રા. બ. શેઠ બહેચરદાસ લશ્કરી પ્રતિપક્ષીઓની ઉપરોક્ત હિલચાલથી ચલિત ન થતા ઉપરાંત પ્રતિદિન વધુને વધુ ઉત્તેજિત થતા ગયા. તેમણે જ્ઞાતિના આવા નઠારા રીત-રિવાજોના પરિણામે બાળકી-હત્યાઓ થવાનો સંભવ બળવત્તર થતો જાય છે તે આધાર પર જ્ઞાતિહિતના પોતાના કાર્યમાં નામદાર સરકાર તરફથી પણ યોગ્ય મદદ મેળવવાનો પ્રયત્ન કર્યા હતા. તે સમયના અમદાવાદ વિભાગના કલેકટર મે. બોરોડેલ સાહેબને તેમણે આ હકીકતથી વાકેફ કરી તેમની દિલસોજી સંપાદન કરી હતી. તે અરસામાં હિંદુસ્થાન સરકારની ધારાસભામાં બાળકી-હત્યા અટકાવવાના બિલ-ધારાનો ખરડો આવ્યો જે પરથી સરકાર તરફથી મદદ મળવાની તે વીર સુધારકને સારી આશા ઉત્પન્ન થઈ અને તેના શુભ પરિણામની તેઓ આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા. ઈ.સા. ૧૮૭૦ માં કેટલાક સુધારાવધારા સાથે તે બિલ પસાર થઈને કાયદાના રૂપમાં જાહેર થયું હતું.૧૪

અહીં એ બાબત નોંધવા યોગ્ય છે કે આ કાયદો સમગ્ર ભારતમાં લાગુ પડતો ન હતો, જેથી આ કાયદો કડવા પાટીદારો સમાજમાં અમલ કરવા સંદર્ભે શેઠ બહેચરદાસ લશ્કરીએ ના. મુંબઈ સરકારની ધ્યાન દોરતી અરજી તા. ૨૪મી જૂન ઈ.સ. ૧૮૭૦ના દિવસે તૈયારી કરી, વસ્તીની ગણતરીના આધારે જેમાં બાળકીઓની દયાજનક સ્થિતિમાં ચિતાર રજૂ કરી.

---

૧૩. એજન, પૃ. ૧૪૫
૧૪. વધુ વિગત માટે જુઓ પરિશિષ્ટ નં. ૨૯, પૃ. ૪૦૫

ઉપરોક્ત કાયદો અમલમાં મૂકવાની રજૂઆત કરી હતી. જે નીચે મુજબ છે.

* ચાર કુળવાન પોળો તથા ગામડાંઓનાં બાળકોની સંખ્યા.

	છોકરા	છોકરી
પહેલી પોળ	૫૦	૩૨
બીજી પોળ	૬૧	૪૮
ગોમતીપુર	૧૦૩	૭૫
વાડજ	૬૫	૫૦
મીઠાખળી	૭૫	૩૯
હઠીપુરા	૩૦	૨૦
અમરાઈ	૬૨	૪૧
મોઢેરા	૬૦	૨૪
ત્રીજી પોળ	૭૧	૪૨
ચોથી પોળ	૨૯	૨૪
અસારવા	૬૭	૩૩
નવરંગપુરા	૩૫	૧૩
માદલપુર	૩૫	૧૫
વછરાલ	૨૮	૧૮
અચીઅર	૨૯	૧૫
	૮૦૦	૪૮૯

આ પ્રમાણે અરજી કરી એવી દાદ માગવામાં આવી હતી કે :-

૧] જ્ઞાતિનો ઈન્સાફ કરવા સરકારી અમલદારના અધ્યક્ષપણા નીચે ત્રીસ પટેલોની એક કમિટી નીમવી.
૨] કરેલી સગાઈ તોડવી નહિ.
૩] રૂ. ૧૦૦થી વધારે ચાંલ્લો લેવો નહિ.

૪] કરકરીઆવરમાં ઘણાં ઘટાડો કરવો.

૫] સ્ત્રીની ૨૫ વર્ષની વય થયા છતાં જો ફરજંદ ન થયું હોય તો અથવા તે પહેલાં, શારીરિક ખામી કે અશક્તિ હોય તો, પ્રથમની સ્ત્રીને તેના બાપે જેટલો ચાંલ્લો ભર્યો હોય તેટલું ઘરાણું તથા માસિક રૂ. ૪ થી રૂ. ૧૫ બિલકુલ ચાંલ્લો ન ભર્યો હોય તેને રૂ. ૧૦૦ સુધીના દાગીના તથા યોગ્ય ખોરાકી-પોશાકી ઠરાવીને પછી બીજી સ્ત્રી કરવી.

૬] જ્ઞાતિ પંચના સર્ટિફિકેટ વિના કોઈએ સ્ત્રીને છોડવી નહીં,

૭] જ્ઞાતિફંડ માટે સગાઈ થાય ત્યારે રૂ. ૦॥ વરપક્ષ અને રૂ. ૦॥ કન્યાપક્ષ તરફથી લેવો નાતરામાં તથા ચાંલ્લો ભરાતી વખતે તેથી બમણી રકમ લેવી.

આ પ્રમાણે લગ્ન ખર્ચાઓમાં ઘટાડો કરી બાળકીઓનું રક્ષણ કરવા સને ૧૮૭૦નો ૮ મો એક્ટ ગુજરાતમાં લાગુ કરી કરવો, એવી માગણી કરી હતી. હજારો માણસોની સહીઓ સાથેની આ અરજી લઈ શેઠ બહેચરદાસ લશ્કરી જાતે ઈ.સ. ૧૮૭૦ના ઓગસ્ટ મહિનામાં ના. ગવર્નર સાહેબ સર સાયમોર ફિટ્ઝરાલ્ડને મળવા પૂના ગયા અને રૂબરૂમાં જ્ઞાતિની બાળાઓની સ્થિતિનો ચિતાર આપ્યો હતો. તેના પરિણામે ઈ.સ. ૧૮૭૦નો ૮માં એક્ટ (બાળકી હત્યાનો કાયદો) તે જ વર્ષના ડિસેમ્બર મહિનામાં લાગુ કરવામાં આવ્યો અને ગુજરાતના કડવા-લેઉવા માટે કાયદો ઘડી ના. મુંબઈ સરકારે પસાર કરી, સને ૧૮૭૧ના એપ્રિલ મહિનામાં ના. હિન્દ સરકારની મંજૂરી મેળવી હતી.

ઈ.સ. ૧૮૭૧ની પંદરમી એપ્રિલે ગવર્નમેન્ટ ગેઝેટ જનરલ ડિપાર્ટમેન્ટમાં નિયમો જાહેર થયા હતા. તેથી તે લગ્નસરા વખતે પુત્રીઓ પાછળ થતાં ખર્ચ કમી થયો. પાસ થયેલા નિયમોમાં એક નિયમ એવો હતો કે, કોઈ છોકરી મરી જાય તો તેનું મરણ કુદરતી રીતે થયું છે કે "તેનાં માતા-પિતાની તેને ઉછેરવાની બેદરકારીથી થયું છે કે તેની ખાતરી તરીકે નજીકના પોલીસ અધિકારી અને રજિસ્ટ્રાર તપાસ કરી ફી લઈ લેખિત પરવાનગી આપે ત્યાર પછી તેને અવલમંજિલે પહોંચાડવી." આ નિયમથી મરણ પ્રસંગે મરનારના કુટુંબમાં, સગાંવહાલાંમાં અને સ્મશાને જવા આવેલ લાગતાં-વળગતાંમાં ભારે અગવડ અને બેદિલી ફેલાતી હતી. જેથી તે તકનો લાભ લઈ, જે લોકો પોતાના દીકરાની ભારે પુરત- પહેરામણી લેવાની ઈચ્છા ધરાવતા હતા તેથી ઉપરોક્ત બહાના હેઠળ અજ્ઞાન લોકોની સહીઓ લઈ, લગ્નમાં ચાંલ્લા-પુરત વગેરેનાં ખર્ચ ઘટાડવા ના. સરકારે મંજૂર કરેલા ઠરાવો વિરુધ્ધ એક અરજી કરી. જેથી વારંવાર અરજીઓ થવાથી ના. મુંબઈ સરકારને આ ધારાની લોકપ્રિયતા સંદર્ભે શંકા થઈ, જેથી ઈ.સ. ૧૮૭૩ની ઓગણત્રીસમી જુલાઈએ ગવર્નમેન્ટ રેગ્યુલેશન નં. ૨૬૪૨ થી કેટલોક મહત્વનો ફેરફાર કરી મુલતવી રાખ્યા હતા.

ઈ.સ. ૧૮૮૦માં બીજા વિવાહ આવતા, રા. બ. શેઠ બહેચરદાસે (તા.૧૩-૨-૧૮૭૯) એક વર્ષ અગાઉથી ના. મુંબઈ સરકારને અરજી દ્વારા પ્રથમના નિયમો ફરીથી અમલમાં મૂકવા, ચાંલ્લા-પુરતની રકમ વધારેમાં વધારે રૂ. ૧૦૦ સુધી આંકવા, જન્મ-મરણની બિલકુલ ફી લીધા સિવાય નોંધ રાખવી, મરણ પ્રસંગે પોલીસ તરફથી થતી દરમિયાનગીરી બંધ કરવી અને લગ્નો ફરજિયાત

રીતે રજિસ્ટ્રાર કરાવવા માગણી કરી હતી. ઉપરાંત, તે અરજીમાં દર્શાવ્યું હતું કે, લગ્નખર્ચ ઘટાડવાના નિયમોથી ગરીબ લોકોને ઘણી રાહત મળી છે. તેવા નિયમોના યોગ્ય બંદોબસ્તની ગેરહાજરીમાં એક વર્ષ પછી અમારા વિવાહ આવવાના છે. તેમાં લગ્ન કરનાર પુત્ર-પુત્રીઓનો જે અત્યાચારથી સગપણ થાય છે તેમાં રૂ. ૯૦૦-૯૦૦ સુધી પુરત ચાંલ્લાનાં સાટાં થવા લાગ્યા છે અને આ રકમ ઉપરાંત લગ્નનાં જમણોનું ખર્ચ તો અલગ, ઉપરાંત આર્થિક વિટબંણાઓ સાથે બાળકી હત્યા થવાની શંકાટાળી શકાય નહોતી. માટે બાળકીઓના મરણ પ્રસંગે પોલીસ તરફથી વેઠવી પડતી અગવડને લઈને, ઉત્પન્ન થયેલ અસંતોષને લીધે જે નિયમો અસલ સ્વરૂપમાંથી મુલતવી રાખવામાં આવ્યા છે તે ફરીથી અમલમાં મૂકવાની જરૂર છે. વગેરે વગેરે...

બાદ ત્રણ દિવસ પછી એટલે કે તા. ૧૬-૨-૧૯૭૯ એ ફરીને ના. મુંબઈ સરકારને રા. બ. શેઠે એક બીજી અરજી કરી. જેથી ઈ.સ. ૧૮૮૦નાં લગ્ન અમદાવાદના કલેકટર મે. બોરોડેલ સાહેબને કાયદાનો ખરડો કરી સુધારા-વધારા માટે રા. બ. શેઠ બહેચરદાસને પૂછાવ્યું ત્યારે સદરહું શેઠ સાહેબે જન્મ-મરણ, સગપણ, લગ્ન, પુનર્લગ્ન વગેરે ફી લીધા સિવાય નોંધવા, બાળકીનાં મરણ પ્રસંગે અગવડ ન કરવી અને સો રૂપિયાથી વધારે ચાંલ્લો નહિ લેવો વગેરેના સુધારા દર્શાવ્યા અને વધારામાં એ પણ વિનંતી કરવામાં આવી હતી કે નવ, દશ અથવા અગિયાર વર્ષની લાંબી મુદતે એક જ તારીખે થતાં લગ્નના બદલે અન્ય જ્ઞાતિઓની જેમ મરજી પડે ત્યારે છૂટાં લગ્ન કરવાનો કાયદો ઘડવા માટે અભિપ્રાય પૂછવા અમદાવાદ, પાટડી, વિરમગામના દેસાઈઓ વગેરેનો મેળાવડો કરવા કૃપા કરવી જોઈએ, તેમ જણાવ્યું હતું.

સને ૧૮૮૯ના લગ્ન પ્રસંગે અમદાવાદ જિલ્લાના કલેકટર મે. જેમ્સ હતા, રા. બ. શેઠે તેમને જ્ઞાતિની સ્થિતિઅનો ચિતાર આપવા અરજી કરી હતી. આ અરજી પરથી કલેકટર સાહેબ મે. જેમ્સ સાહેબે વાત ઉપાડી લીધી અને આવતી લગ્નસરા સમયે પોતાનાથી બને તેટલું કરી, કણબીઓની કન્યાઓનાં સંકટ ટાળવા તા. ૧૮-૨-૧૮૮૮માં ઉત્તર વિભાગના કમિશ્નર મે. શેપડના અધ્યક્ષપણા નીચે કણબીઓની એક જંગી સભા ભરવાનું નક્કી કરી પાટડી, વિરમગામ, કડી વિભાગ, દશકોઈ, ભાલ, દંઢાવ્ય, પાટણવાડો, કાનમ વગેરે તમામ વિભાગમાં વસતા કણબી આગેવાનોને પોતાના નામથી આમંત્રણ પત્રિકાઓ મોકલી અમદાવાદ તેડાવ્યા હતા. જેની પ્રાથમિક બેઠક તા. ૧૫-૨-૧૮૮૯ ના. પાટડી દરબારશ્રી ના અધ્યક્ષપણા નીચે અમદાવાદમાં મળી હતી જેમાં લગભગ ૨૦૦ આગેવાનોએ ભાગ લીધો હતો. શરૂમાં રા. બ. શેઠ બહેચરદાસે ઠરાવો કરાવવાનો તૈયાર કરી રાખેલો કાચો મુસદ્દો સહુની સમક્ષ વાંચી સંભળાવ્યો. અમદાવાદ શેઠ છગુલાલ સોમનાથ, શેઠ માધવલાલ, શેઠ મણીલાલ ચુનીલાલ વગેરે ગૃહસ્થોએ કેટલાક વ્યવહારુ સુધારા-વધારા કરાવી તે મુસદ્દોને સર્વાનુમતે મંજૂર કર્યો. ફરી બે દિવસ પછી એટલે કે તા. ૧૭-૨-૧૯૮૯ એ બહારગામથી આવેલા બીજા લગભગ એક હજાર આગેવાનોની મે. કલેકટર સાહેબના અધ્યક્ષપણા નીચે અને તેમના બંગલે એક સભા મળી, જેમાં તા. ૧૫-૨-૧૯૮૯ એ થયેલા ઠરાવોનો ખરડો ફરીથી વાંચવામાં આવ્યો અને તે સહુએ સર્વાનુમતે પાસ કર્યો. બીજે દિવસે તા.

૧૮-૨-૧૯૮૯ એ કલેકટર મે. જેમ્સ સાહેબના બંગલે કમિશ્નર સાહેબ મે. શેયર્ડ સાહેબના અધ્યક્ષપણા નીચે લગભગ પાંચ-છ હજાર માણસોની જંગી સભા મળી, જેમાં ઊંઝાના લગ્ન પ્રચારિત કરનાર પહેલો, બ્રાહ્મણો, માતાજીના પૂજારીઓ, લગ્ન જાહેર કરનારાઓ અને વડોદરા રાજ્યના મોટા અધિકારીઓ વગેરે ઉપસ્થિત હતા. સભાના કામની શરૂઆતમાં તા. ૧૫-૨-૧૮૮૯ એ ઘડાયેલાં અને તા. ૧૭-૨-૧૮૮૯ એ મંજૂર થયેલા સઘળા ઠરાવો વાંચાવામાં આવ્યા હતા. લગ્ન-મુદત પાંચ-પાંચ વર્ષ ઠરાવવાની વિરમગામવાળા શેઠ જીભાઈ કેવળદાસની દરખાસ્ત તથા મરણ પાછળના જમણો બંધ કરવાની અમદાવાદવાળા વકીલ પુરુષોત્તમ નાનશા વગેરેની લેખિત અરજીરૂપે દરખાસ્ત આવી હતી. તે બન્નેને અપ્રાસંગિક ગણી મુલતવી રાખી અને છેવટે નિયમો પાસ થયા હતા. તે નિયમોનો સાર નીચે પ્રમાણે છે.

૧] સગાઈમાં ૧ રૂપિયો અને ૭ સોપારી આપવાં
૨] લગ્નમાં ચાંલ્લો રૂ. ૧ થી ૧૯૯ સુધી લેવો-દેવો
૩] લગ્નના વરઘોડાનાં નાળિયેરના રૂ. ૧ થી ૧૦ સુધી આપવા.
૪] મોસાળન રૂ. ૧ થી ૧૦ સુધી આ પવા.
૫] લગ્ન વેળા છેડો-ઝલામણના રૂ. ૨ વરને આપવા.
૬] મહીમાટલાના રૂ. ૧ થી ૫ સુધી આપવા.
૭] પુરત રૂ. ૧ થી ૫ સુધી આપવા.
૮] સાસુને પગેપપણાના રૂ. ૧ થી ૭ સુધી આપવા.
૯] પચીસ માણસનું એક એવાં પાંચ જ દસૈયાં જમાડવા
૧૦] પરગામ જતી જાનને રૂ. ૩૦ સુધી ખર્ચ આપવું અને પાંચ દિવસ સુધી પચીસ પચીસ માણસ જ રોજ જમાડવા.
૧૧] પહેલા બાળકને તેડી સાસરે જતાં રૂ. ૧ થી ૧૧ વરપક્ષને આપવા. લૂગડાં-ઘરેણાં કરવા કન્યાના બાપને છૂટ છે.
૧૨] નાતરાંનો ચાંલ્લો પણ રૂ. ૧૯૯ સુધી આપવો. તેનું કન્યાને ઘરાણું કરાવવું, જે જીવતાં લગી તે પહેરે અને તેના મરણ પચેહે તેના ધણીના કબજે જાય.
૧૩] કન્યાના બાપે વરપક્ષ પાસેથી કન્યાના બદલે કાંઈ લેવું નહિ.
૧૪] હરકોઈ પ્રસંગે જમાઈ તેડે ત્યારે રૂ. ૨ સુધી આપવા અને પાંચ માણસોથી વધુ સાથે લાવવાં નહિ.
૧૫] ખાવાનું આપવાની છૂટ છે. વરકન્યા જુદું ઘર માંડે ત્યારે કન્યાનો બાપ ગમે તે મદદ આપે, પણ તેની માગણી થઈ શકે નહિ, તેમ જ તેવી મિલકત વરપક્ષના (અન્યના) કોઈ ઉપયોગમાં લઈ શકાય નહિ.
૧૬] કન્યાની વય ૨૫ વર્ષની થયા પછી બીજી સ્ત્રી કરવી. પ્રથમની સ્ત્રી લૂલી-આંધળી હોય તો આગેવાનોની સંમતિ લઈને જ બીજી સ્ત્રી કરવી.

૧૭] વિવાહ-સગાઈ કર્યા પછી યોગ્ય કારણ વિના તોડવી નહિ.

૧૮] ખાસ કારણ વિના કન્યાને ફૂલના દડે કે બાહ્યવરથી પરણાવવી નહિ.

૧૯] પોતાની સ્ત્રી બદચાલની ના હોય તો કોઈએ છોડવી નહિ.

૨૦] પોતાને માટે ૨ રૂપિયા સુધીનાં કપડાં આપવાં

૨૧] મૃત્યુવેરો સોળ દિવસ પછી અને સવડ આવે ત્યારે કરવો.

(સહી) ત્રિકમલાલ દીનાનાથ
ચિટનીસ તા. ૧-૩-૧૮૮૯

(સહી) એચ. ઈ. એમ. જેમ્સ
કલેકટર, અમદાવાદ

આ પ્રમાણે પાસ થયેલા ઠરાવોની છપાવેલી નકલો તથા કણબી જનસમાજના સ્વતંત્ર અભિપ્રાય જાણવા સારું સહીઓ કરવામાં ફોર્મ ગામે ગામના મુખી-તલાટીઓ પર મોકલી આપ્યો, જેમાં નીચે મુજબ અભિપ્રાય હતા.[૧૫]

કુલ સહીઓ થઈ	૨૫,૬૩૦
સહીઓ કરવા ના પડી	૫,૩૭૭
ગેરહાજર	૫,૫૧૭
થયેલ ઠરાવો ૧ થી ૧૯ સુધી મંજૂર	૨૨,૩૮૨
રૂ. ૧૯૯ ચાંલ્લો રાખવા ઈચ્છનાર	૫,૬૦૬
રૂ. ૧૦૦ ચાંલ્લો રાખવા ઈચ્છનાર	૧૭,૫૪૯
મરણનાં જમણ ચાલુ રાખનાર	૧૬,૬૬૨
મરણનાં જમણ અટકાવનારા	૧૪,૦૩૫

૧૫. એજન, પૃ. ૧૫૭ થી ૧૫૯

 ઉપરોક્ત અભિપ્રાય તથા થયેલ ઠરાવનો અહેવાલ કલેકટર દ્વારા મુંબઈ સરકાર તરફ મોકલી આપવામાં આવ્યો હતો, તેમ છતાં ઉપરોક્ત ઠરાવના વિરોધમાં વિવિધ વ્યક્તિઓએ અરજીઓ કરી હતી; જેમકે

કોઈએ ચાંલ્લાની રકમ રૂ. ૧૯૯ રાખવા.

કોઈએ બે સ્ત્રીઓ કરવાની છૂટ રાખવા અને

કોઈએ મરણ પાછળનાં જમણો પર અંકુશ નહિ મૂકવા માગણીઓ કરી, એક અરજી તો વિરમગામ, પાટડી અને અમદાવાદના કુલીનોએ ખાસ ૧૮૭૦ નો આઠમો એક્ટ (કાયદો) જ લાગુ નહિ કરવા કરી હતી.

જેના વિરોધમાં બહેચરદાસની આગેવાની નીચે અરજીઓ કરી હતી. ઉપરોક્ત અરજીઓ ઉપર પુખ્ત વિચાર કરી ના. મુંબઈ સરકારે લોકોને તા. ૨૮-૧૧-૧૮૮૯ ના રોજ ગવર્નમેન્ટ ગેઝેટ જનરલ ડિપાર્ટમેન્ટમાં નં. ૪,૯૩૪ થી પ્રત્યુત્તર આપ્યો હતો કે

"અમદાવાદ શહેરના અને જિલ્લાના કેટલાક લોકો, જેઓ જ્ઞાતિમાં ઊતરી આવેલી ખાનદાન શાખાનાં ફરજંદો છે, જેઓને ચાંલ્લાનાં વધારે નાણાં લેવાની લાલસા છે, જેઓએ લગ્નનાં ખર્ચ ઘટાડવા થયેલા નિયમોથી પોતાની કિંમત ઘટેલી માની છે અને જેઓ ચાંલ્લો લીધા વિના પોતાના પુત્રોના લગ્ન સંબંધ કરવા નારાજ છે તેઓ પાસ થયેલા નિયમોની વિરુધ્ધ છે તે સ્વાભાવિક છે. તેમની છાપેલી અરજીમાં બતાવેલ વાંધા અને ફેરફાર બિનજરૂરી છે. દરેક પાટીદાર કણબી છે, પણ દરેક કણબી પાટીઅદાર નથી; માટે કણબી શબ્દથી આખી જ્ઞાતિનો સમાવેશ થાય છે. ચાંલ્લાના દર બાબતમાં વધારે મતે ચાંલ્લો ઘટાડી દીધો છે. બાકીનાં વાંધા-અટકણો, જે ઉપાધિ ઘટાડવાને ડ્રાફ્ટ તૈયાર કર્યો છે તેને વધારે તેવી છે માટે ધ્યાન આપવા જેવાં નથી. ઉત્તરક્રિયાના ખર્ચના બંદોબસ્ત વધુ મતે તજી દેવામાં આવ્યો છે વગેરે વગેરે..."

એ પ્રમાણે તા. ૧૮-૨-૧૮૮૯ ના રોજ થયેલા ઠરાવો તથા તે ઉપર આવી ગયેલા કણબી પ્રજાના જાહેર અભિપ્રાયો સાથે મે. કલેકટર સાહેબે મોકલેલો તુમાર તથા પાછળથી તેને અનુમોદન આપનારા અને વિરુધ્ધ પડનારાઓની અરજીઓ વગરે પર વિચાર કરી, કણબી જ્ઞાતિમાં લગ્નને લગતાં ખર્ચ કમી કરી, બાળકી-હત્યા થવાનો ભય દૂર કરવાના. મુંબઈ સરકારે તા. ૨૧-૧-૧૮૯૦ ના પોતાના હુકમ નં. ૩૦૮ થી જે નવા ઠરાવો બહાર પડ્યા તેમાં તા. ૧૮-૨-૧૮૮૯ ના રોજ થયેલા ૨૧ ઠરાવોમાં નીચે પ્રમાણે ફેરફાર કર્યો.

૧] પહેલા ઠરાવમાં પ્રથમના ૨૧ નિયમોનો એવી રીતે સમાવેશ થયો હતો કે

૧} નિયમ અસલ મુસદ્દા મુજબ મંજૂર

૨} અસલ મુસદ્દામાં ચાંલ્લાના રૂ. ૧૯૯ રાખ્યા હતા તે આવેલા અભિપ્રાયો જોતાં બહુ મતે ઘટાડીને રૂ. ૧૦૧ ઠરાવ્યા.

૩ થી ૧૫. નિયમો અસલ મુસદ્દા મુજબ મંજૂર.

૧૬, એક સ્ત્રીની હયાતીમાં બીજી કરવાને જે ઊંમરની મર્યાદા બતાવી હતી. તે કલમ રદ કરી તેના

બદલે ઠરાવ્યું કે, દરેક વિવહ, લગ્ન અને નાતરાની દરેક માણસે તલાટીને ખબર આપવી; ફી લીધા સિવાય તે નોંધશે; પરંતુ ચાંલ્લાની જે રકમ મુકરર કરવામાં આવી હોય તે, તે જ વખતે જાહેર કરવી.

૧૭ થી ૨૧. અસલ મુસદ્દા મુજબની તમામ રદ કરી અને તેના બદલે.

૨] હવેથી દરેક તલાટી નીચે મુજબ રજિસ્ટર રાખશે અને તે કોરા કાગળ ઉપર લખશે; કડવા કણબીની જ્ઞાતિમાં વિવાહ, લગ્ન તથા ચાંલ્લાઓનું રજિસ્ટર

ગામ - # #

૧) અનુક્રમ નંબર; ૨. જે તારીખે ખબર આપવામાં આવી હોય તે તારીખ ૩; વરનું તથા તેના બાપનું નામ ૪; વરના બાપ કે વાલીનું ગામ અને તાલુકો; ૫; કન્યાનું તથા તેના બાપનું નામ ૬; કન્યાના બાપ કે વાલીનું ગામ અને તાલુકો ૭; કન્યાનાં સગાં તરફથી ચાંલ્લો આપવાનો તેનો આંકડો; ૮; ઉપરની હકીકત નોંધનાર શખ્સનું નામ.

૩) જ્યારે જ્યારે વિવાહની ગોઠવણ થાય ત્યારે કન્યાના બાપ અથવા તો વાલીએ અડતાલીસ કલાકમાં ચાંલ્લાની કેટલી રકમ ઠરી તે બાબત તલાટીને ઉપરની હકીકત સહિત ખબર આપવી. નોંધ બાબત કોઈ પણ ફી લેવાની મના છે, તેથી તલાટી અતેવી દરેક નોંધ મફ્ત રાખશે.

૪) કોઈ પણ નિયમ તોડવામાં આવશે તો છ મહિનાની કેદ અને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે; પણ ઉમેદ રાખવામાં આવે છે કે કોઈ પણ કડવો કણબી સદરહુ નિયમોમાંનો કોઈ પણ નિયમ તોડી કાયદા વિરુધ્ધ ચાલશે નહિ. આવતી લગ્નસરા વખતે તે કાયદાનો અમલ ચોક્કસ રીતે કરવામાં આવશે.

૫) આ નિયમોની અવગણના કર્યા બાબત કોઈ પણ હકીકત તલાટીની જાણમાં આવે તો તેણે મામલતદરને એકદમ તે બાબત ખબર આપવી.

ઉપર પ્રમાણે નિયમો ઠરાવી જાહેરનામાં બહાર પાડ્યાં. તેમાં એક ઉપર બીજી સ્ત્રી કરનારાઓ માટે અંકુશ તરીકે અસલ મુસદ્દામાં જે દર્શનીય કલમ હતી તે દૂર કરાવામાં આવી હતી, તેથી તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. ના. સરકારમાં તે બાબત ઘણી અરજીઓ કરવામાં આવી, જેમાં અરજદારોએ એવું જણાવ્યું હતું કે- માત્ર પૈસાની લાલચને લીધે લોભી મા-બાપ પોતાના બાળક-પુત્રને એક વખત પરણાવી પૈસા ખાઈ જઈ અને પછી તેને બીજા વિવાહ વખતે બીજી સ્ત્રી પરણાવી પ્રથમની કન્યાને રખડતી મૂકે છે, જેથી અનાથ બાળાઓ મહાસંકટમાં આવી પડે છે. જનસમાજના આવા પોકારથી છેવટે ના. સરકારે નીચે મુજબ નવો સરક્યુલર બહાર પાડ્યો હતો.

૧૬. વધુ વિગત માટે જૂઓ પરિશિષ્ટ નં. ૩૦, પૃ. ૪૦૯

ઉપરોક્ત સંશોધિત પરિપત્રમાં પૈસાના લાભે બીજી સ્ત્રીઓ કરનારને દાબમાં રાખવા ચાંલ્લાના માત્ર પાંચ જ રૂપિયા ઠરાવ્યા હતા. પરંતુ તેથી તે બદી ને નિયંત્રિત કરી શકાઇ ન એટલું જ નહિ પણ ઈ.સ. ૧૮૪૮ થી અત્યાર સુધીમાં ખર્ચ કમી કરવા ઘડાયેલા સઘળા નિયમો ઉઠાવેલ પરિશ્રમ પ્રમાણેમાં યથાર્થ કામ કરી શકયા હોય તેમ લાગતું ન હતું. તત્કાલિન સમયમાં આ પ્રકારની વસ્તુ સ્થિતિ હોવાને લીધે પુત્રીઓના હિતની ખાતર ઉભય પક્ષને અંકુશમાં મુકવા જ્ઞાતિની સ્થિતિનો ઊંડો અભ્યાસ કરનારાઓએ ગુનાની પ્રત્યક્ષ પ્રતિતી થાય તેવી બીજી સ્ત્રી કરવાની વય ઈ.સ. ૧૮૪૮માં ૩૦ વર્ષની, ઈ.સ.૧૮૬૯માં ૨૫ વર્ષની અને ઈ.સ. ૧૮૮૯નાં મુસદ્દામા પણ ૨૫ વર્ષની નિર્ધારિત કરી હતી; તેમ છતાં સંવત ૧૯૪૬ના વિવાહ સમયે કલેક્ટર મે. જેમ્સ અને અન્ય અધિકારી વર્ગ ખાસ કાળજી રાખી હતી; છતાં પણ ઉભેય પક્ષની છુપી સંમતિથી મરજી વડે તેટલાં નાણા આપાયો–લેવાયાં, તેમાં અધિકારી વર્ગ ફરિયાદ પક્ષના તથા પુરાવાના અભાવને લીધે શું કરી શકે ? તેમ છતાં દસૈયાનાં જમણોમાં નિયમ કરતાં વધારે માણસો જમવા-જમાડવાના ગુના માટે ઘણા વ્યક્તિઓ પકડાયા અને દંડ કરવામાં આવ્યો હતો

પાટડી,વિરમગામ, વડોદરા વગેરે જેવા દેશી રાજ્યોના શાસકો, જાગૃતિ જ્ઞાતિબંધુ દ્વારા તથા બ્રિટિશ હુકુમત દ્વારા પાટીદાર જ્ઞાતિના અને વિશેષતઃ સ્ત્રીઓના ઉત્થાન માટે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેથી જ વીસમી સદીની પ્રથમ પચ્ચીસીમાં ગુજરાતમાં વિવિધ સ્થળે પાટીદાર પરિષદો મળી હતી જેમાં મુખ્યત્વે સ્ત્રીઓના પ્રશ્ને વિવિધ, ઠરાવો ચર્ચા કરવામાં આવી હતી. જેનો અભ્યાસ પ્રથમ કક્ષાના સાધનો દ્વારા અનુગામી એકમમાં કરીશું.

૩.૧ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પહેલો મહોત્સવ, વીરમગામ ઈ.સ.૧૯૦૯

કડવા પાટીદાર શુભ્ચ્છક સમાજનો પહેલો મહોત્સવ વિરમગામ તાઃ ૨૮, ૨૯, ૩૦ ડિસેમ્બર. ઈ.સ. ૧૯૦૯.

પ્રથમ મહોત્સવ વિરમગામ મુકામે ઔદિચ્ય બ્રાહ્મણોની ભોજન શાળામાં મળ્યો હતો. મહોત્સવની સમગ્ર રૂપરેખા, તથા તેના પ્રમુખ, તથા પ્રવચનો વગેરેનો ઉલ્લેખ અગાઉના પ્રકરણમાં વિસ્તૃત રીતે કરવામાં આવેલ છે. જેવી તેનું પુનરાવર્તન ન કરતા, મુખ્યત્વે સ્ત્રીઓને લગયા ઠરાવો, અભિગમનો અભ્યાસ કરીશું.

આ મહોત્સવમાં અનેક ઠરાવો થયા હતા. જેમાં સ્ત્રીને લગતાં મહત્વના ઠરાવો રજૂ થયા હતા. જેમ કે ઠરાવ નં.૬ ચુંવાળના બોંતેર ગામોના આગેવાન પા. છગનલાલ નરોત્તમદાસે ઠરાવ રજૂ કર્યો હતો " આ સમાજ જ્યાં જ્યાં કન્યા વિક્રય થતો હોય ત્યાં તેનો અટકાવ કરવા દરેક જ્ઞાતિબંધુને ભલામણ કરે છે.૧૭ આ ઠરાવને સાણંદના પા. આશારામ ઈચ્છાભાઈ અને બાળવાના પા. પુરૂષોત્તમ લલ્લુભાઈએ અનુમોદન આપ્યો હતાં. અને તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

સાબરમતીના ચીફ ગુડઝ ક્લાર્ક ર. હીરાલાલ વસંતદાસે વરની ઉંમરમાં સગપણ કરતી વખતે ઓછામાં ઓછો ચાર વર્ષનો વધારો રાખવો. આ ઠરાવને સુરતવાળા રા.મોહનલાલ ત્રિભોદનદાસે ટેકો આપી ઘણુ અસરકારક વિવેચન કર્યું હતું. જેથી તે ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

અમદાવાદ મામુનાયકની પોળવાળા પા. જીવણલાલ અમરતલાલે ઠરાવ રજૂ કર્યો કે કોઈ પુરુષે એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી કરવી નહીં પરંતુ પ્રજોત્પતિ, અસાધ્ય રોગ, ઈત્યાદિ વ્યાજબી કારણસર બીજી સ્ત્રી કરવી પડે તો પ્રથમની સ્ત્રી પચીસ વર્ષની થયા બાદ તેની ખોરાકી પોશાકીનો પ્રથમ બેદોબસ્ત કરી બીજી કરવી"

આ ઠરાવને અમદાવાદવાળા શેઠ ચંદુલાલ અચરતલાલ વડોદરાવાળા પા. પુરુષોત્તમદાસ હરગોવિંદદાસે તેમજ વિરમગામવાળા દેસાઈ ઝીણાભાઈ મગનલાલે વિશેષ અનુમોદન આપ્યું.

ત્રીજા દિવસની બેઠક ૨૦-૧૨-૧૯૦૯ના દિવસે મળી. તેમાં નામદાર ગાયકવાડ સરકારે બાળલગ્ન પ્રતિબંધક નિબંધ પાસ કર્યો હતો અને પ્રજાનું કલ્યાણ ઈચ્છયું હતું. તેમજ અમદાવાદમાં વિદ્યાર્થીઓ માટે "બોડીંગ હાઉસ"ની સ્થાપના કરવા માટેની કમિટી પણ નીમવામાં આવી હતી.૧૮

વિરમગામવાળા દેસાઈ કાળીદાસ હરજીવનદાસે ઠરાવ રજૂ કર્યો હતો. 'આ સમાજ મરણ પાછળના અઘટિત અને શાસ્ત્ર વિરૂધ્ધના રોવા કુટવાના રિવાજ તરફ તથા માંગલિક પ્રસંગો એ ફટાણા ગાવાના રિવાજ તરફ અણગમો પ્રદર્શિત કરે છે અને તે રિવાજને ઓછો કરવા ભલામણ કરે છે." આ ઠરાવને વિશેષ અનુમોદન આપતા સર્વાનુમતે પાસ થયો હતો".

૧૭. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય, પુસ્તક ૩, અંક ૧, વીરમગામ, ઈ.સ. ૧૯૦૯, પૃ. ૧૫
૧૮. એજન, પૃ. ૧૭

૩.૨ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બીજો મહોત્સવ, વડોદરા, ઈ.સ.૧૯૧૦

તા. ૨૪- અને ૨૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૦૯ના રોજ "શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બીજો મહોત્સવ "નેક નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર સર સયાજીરાવ મહારાજ, સેનાખાસ ખેલ સમશેર બહાદુર, જી.સી.એસ.આઈ. ના પાટનગર વડોદરા મુકામે થયો હતો. સમાજના આગળ પડતા જ્ઞાતિબંધુઓમાં ભરૂચવાળાશેઠ ભીખાભાઈ, પાદરાવાળારા, તુલજીભાઈ, તરસાળીવાળા આગેવાન પાટીદારો, વિરમગામવાળા કુમારશ્રી લાલસિંહજી, શીવસિંહજી તથા દેસાઈ વિજેસિંહજી તેમજ પાટડી સંસ્થાનના શ્રીમાન નારાયણસિંજી, શ્રીયુત મગનલાલભાઈ, ભાયાત વર્ગમાંથી દેસાઈ જાલીમસિંહજીભાઈ વગેરે આવ્યા હતા.[૧૯]

આ મહોત્સવના પ્રમુખ તરીકે મે. કરસનદાસભાઈ દેસાઈ જંબુસર સબ જજ સાહેબ હતા. તેમણે પોતાના ભાષણમાં કર્યું. જો આ સૃષ્ટિમાં સુખી રહેવું હોય તો આપણે હંમેશા જાગૃત, ગતિમાન રહેવું જોઈએ. જો તે પ્રમાણે ગતિમાન એટલે જાગૃત રહેતાં ચુસ્ત થઈએ. આસપાસની બદલાતી વસ્તુ સ્થિતિને અનુકુળ ના થઈએ તો દુઃખી થઈ જઈએ, તે જગતના કહેલા નિયમોનું સ્વાભાવિક પરિણામ છે. ...જે પ્રમાણે કોઈ વેપારી વર્ષ આખરે પોતાના વેપારથી થતો નફો-નુકશાનનો હિસાબ તપાસે છે. તે જ પ્રમાણે મનુષ્ય, દરેક સમાજે અને દરેક રાષ્ટ્રે અમુક વખતને અંતરે પોતાનું સરવૈયુ તપાસવું એ અવશ્યનું છે.

તેમણે જણાવ્યું કે" બ્રહ્મચર્યનો ભંગ મુખ્યત્વે કરીને બાળલગ્નથી અને બાળપણમાં ગૃહસ્થાશ્રમથી થાય છે.

"બાળલગ્નનો રિવાજ હાલમાં ચાલુ રાખવા કોઈ કારણ નથી. તે યુક્તિ, અનુભવ અને શાસ્ત્રથી પણ મંજુર રહી શકે તેમ નથી. પુંખવાની ક્રિયા આપણા વડીલોના સમયમાં ઘણી મોટી ઉંમરે કરવામાં આવતી હતી. ઘણું કરી સત્તર અઢાર વર્ષની ઉંમરે તે ક્રિયા થતી હતી. કન્યા માત્ર થોડા દિવસ સાસરે રહેતી અને પછી પીઅર તરફના માણસો આવીને પાછી તેડી જતાં. બે વર્ષ સુધી ત્યાં જ રહેતી, પછી એકાદ બે માસ સાસરે રહી પાછી દોઢેક વર્ષ પીઅર રહેતી. એ પ્રમાણે સ્ત્રી-પુરુષોની લગભગ પચીસ-ત્રીસ વરસની ઉંમર થતા સુધી ચાલતું અને તેટલી ઉંમર સુધી ગૃહસ્થાશ્રમ જેવી સ્થિતિ રહેતી નહી. હાલમાં તેથી વિપરીત રિવાજ ચાલે છે. દશ, અગિયાર અને બાર વરસની ઉંમરમાં તો પુંખવાનું કરી નાખે છે. કન્યાને પોતાના ત્યાં ભારથી રાખવા લાગ્યા છે...

---

૧૯. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક ૪, અંક. ૨, ઈ.સ. ૧૯૧૦, પૃ. ૨૭૫

એકી વખતે લગ્નના રિવાજથી ગમે તેટલી લાયક કન્યાને અયોગ્ય વર મળ્યાના દાખલા પ્રાપ્ત થાય છે. પહેલા તદ્દન સાદી જિંદગી હતી. મઝીઆરે (સંયુક્ત) રહેવાનો અને એકઠા ધંધો કરવામાં આવતો, તેથી કરે ને તેમનામાં દુઃખ સહન કરવાની ટેવ પણ વધારે હોવાથી કજોડાંથી ઉત્પન્ન થતાં દુઃખ હાલ જેટલા ન હતાં. અને જે હતાં તે સહન કરી શકતા હતા. મઝીઆરા કુટુંબમાં એક માણસ અસ્થિર હોય તો પણ તેની સ્ત્રીને બીજી સ્ત્રીઓ પ્રમાણે ઘરમાં અધિકાર મળતો હતો. હાલમાં મઝીઆરાનો રિવાજ લગભગ નીકળી ગયો છે. જુદા રહેવાનો રિવાજ પ્રચલિત બનવા લાગ્યો. કન્યાનો સુખ દુઃખનો આધાર અંતે તેના પતિ પર જ રહેવા લાગ્યો છે... આમ હોવાથી એક સારી રીતે કેળવાયેલો વર તદ્દન અજ્ઞાન અને જ્ઞાન ગ્રહણ ન કરી શકે તેવી કન્યા સાથે જોડાવામાંગે નહી, અને તેની ઇચ્છા વિરુધ્ધ જોડાય તો બને દુઃખી થાય તેજ પ્રમાણે રૂપ, ગુણથી યુક્ત અને કેળવાયેલી કન્યાને તદ્દન અજ્ઞાન અને ગુણહીન વરને આપવામાં આવે તો પણ દુઃખી થવાની... તેમણે કેળવણી પર લોકોને ભાર મુકવા જણાવ્યું કે કેળવાયેલા સંતાનોને યોગ્ય જીવનસાથી મળે છે. વળી પ્રથમ આખા કુટુંબની સ્થિતિ અને આબરૂ ધ્યાનમાં લઈ લગ્ન કરતા હતા અને વર અયોગ્ય હોય તો કુંટુબના અન્ય સભ્યો તેની જવાબદારી લેતા ન હતા, તો પછી ભરણપોષણની વાત જ ક્યાં ?

તેમણે પોતાના ભાષણમાં ખાસ કરીને બાળલગ્નના રિવાજોથી જે અનિષ્ટો ઉભા થાય છે તેનો કોઈપણ ભોગે દુર કરવા જોઈએ એમ જણાવ્યું હતું. બાળલગ્ન બંધ કરવા ઉપરાંત વય અને ગુણ લક્ષમાં રાખીને લગ્ન કરવા. કેળવણી પ્રાપ્ત કરીએ તો જ સુધારાને માટે નવા વિચારો ઉદ્ભવે. જે જ્ઞાતિમાં વરના મા-બાપ કેળવાયેલી કન્યા સાથે જ પોતાના પુત્રના લગ્ન કરવા, એમ આગ્રહ કરવા લાગ્યા છે તેથી જ્ઞાતિઓમાં પુત્રીઓને કેળવવાની ફરજ મા-બાપને માથે પડે છે તે પ્રમાણે જે જ્ઞાતિઓમાં પુત્રીના મા-બાપ પોતાની પુત્રીને યોગ્ય ગુણવાળા વર મળે તેને માટે તેના મા-બાપ પણ પૂર્ણ કાળજી રાખે છે. નાગર, પારસી વગેરે કોમમાં તેમને એવા દાખલા મળી આવશે જો કેળવણી પ્રાપ્ત કરીએ તો જ તેમાં સુધારો શક્ય બનશે, તેમણે સમાજના બંધુઓને કેળવણી પ્રાપ્ત કરવા માટે ખાસ ભાર મુક્યો.[૨૦]

તાઃ ૨૫-૧૨-૨૦૧૦ના રોજ બીજા દિવસની બેઠકમાં કેટલાંક ઠારાવો રજુ કરવામાં આવ્યા હતા. વિરમગામગાળા કુમાર શ્રીલાલસિંહજીભાઈએ ઠરાવ રજુ કર્યો કે "વિદ્યા એ સાચુ ધન અને મોટામાં મોટી શક્તિ હોવાથી દરેક બંધુએ પોતાના પુત્ર-પુત્રીને અવશ્ય કેળવણી આપવી એવો સમાજ ઠરાવ કરે છે. આ ઠરાવને પ્રો. જેઠાલાલભાઈ, તેમજ દે. અમરસિંહજીએ તેને વિશેષ અનુમોદન આપી કેળવણી અંગે પોતાનું ભાષણ આપ્યું હતું.

---

૨૦. એજન, પૃ. ૨૭૭

પ્રો.સ્વામીનારાયણે જણાવ્યું કે, "બાળ લગ્ન ના ચાલતા નઠારા રિવાજોને લીધે આપણી હરેક રીતે પાયમાલી થઇ રહ્યાં છીએ તેથી તે રિવાજને સદન્તર નાબુદ કરવામાં આ સમાજ દરેક બંધુને ભલામણ કરે છે." ઉપરાંત તેમણે જણાવ્યું કે, પચીશ વર્ષની અંદરનો પુરુષ, સોળ વર્ષની અંદરની સ્ત્રીને વિષે ગર્ભાધાન કરે તો ગર્ભ ગર્ભાશયમાં જ નષ્ટ થઇ જાય છે.અને જો કદાચ મહાકષ્ટે પ્રસુતિ થાય તો માતાના શરીરને અને છોકરાંને ઘણી હાનિ થાય છે. ઘણુ ખરૂ જન્મતી વખતે જ છોકરું મરી જાય છે અથવા વધારે વખત જીવી શકતુ નથી અને જીવેતો જિંદગી પર્યંત રોગી અને દુર્બળુ રહે છે. તેથી ઘણી નાની ઉંમરની કન્યાને વિષે ગર્ભાધાન કરવુ ન જોઇએ આ બાબતને પુષ્ટિ આપતાં શ્રુતિમાં કહેલ છે કે "પચીસ વર્ષના પુરુષે સોળ વર્ષની સ્ત્રીને વિષે પુત્રોત્પતિ કરવા માટે પ્રયત્નશીલ થવું પણ આવા વૈદિક ઉપદેશોને કોરણે મુકી આપણે મનસ્વી પણે નાના નાના બાળકોને પરણાવી દઇ તેમના જીવતરમાં ધૂળ ભેળવીએ છીએ તેને માટે આપણે ખરેખર શરમાવું જોઇએ"

"સોળ વર્ષ પહેલા જે કન્યા ગર્ભધારણ કરે છે તે કન્યા સુવાવડમાં ઘણુ દુઃખ ભોગવે છે.અને ઘણી વખત મરી જાય છે.તેથી જ મા-બાપ તેમની દિકરીને સોળ વર્ષ પહેલા પરણાવે છે. તેઓ ને તેમની દિકરીના ખુની સમજવા જોઇએ...તેથી ઋતુ પ્રાપ્તિને મહત્વ આપ્યા વિના કન્યાને સોળવર્ષ સુધી અવિવાહિત રાખવી એ અત્યંત ઈષ્ટ છે. અંતે તેમણે બાળલગ્નોના નઠારા રિવાજને નાબુદ કરવાને સમાજના દરેક બંધુને ભલામણ કરી હતી. ઉપરોક્ત ઠરાવને કુમાર લાલસિંજી રાયસિંહજી એ અનુમોદન આપતા પસાર થયો હતો.૨૧

પ્રો. સ્વામીનારયણે ઠરાવ ૮ મો રજુ કરતાં કહ્યુ કે "એક સ્ત્રીની હયાતીમાં ખાસ ખરેખરા કારણ સિવાય અને સ્ત્રીની પચીસ વર્ષની વય પહેલા બીજી સ્ત્રી કરવાના રિવાજને આ સમાજ ધિક્કારી કાઢે છે.

ઉપરની દરખાસ્તને રા.રા.મોહનલાલ ત્રિભુવનદાસે અનુમોદન આપતાં જણાવ્યું કે "ઘણા લોકો પુત્ર પ્રાપ્તિ માટે બીજી સ્ત્રી કરે છે, પણ તે અયોગ્ય છે કારણ કે સંતાન થવું તે કુદરત નિયમિત કાયદો છે."

પ્રા. જેઠાલાલ સ્વામીનારયણ શાસ્ત્રોનો આધાર આપતાં કહ્યું કે, "૧૬ વર્ષ પહેલાનું લગ્ન શાસ્ત્ર વિરુધ્ધ છે. પાંચ વર્ષની કન્યાનું લગ્ન પણ શાસ્ત્ર વિરુધ્ધ છે... જુની રૂઢિવાળાઓનું કહેલું માનવું કે પછી, શાસ્ત્રો માનવા? આપણે ભગવાનને કે પોતાના સ્વાર્થ ખાતર આપણને ઘસડી જતા પુરુષોના વચન પ્રમાણે ચાલવું?.... કેટલાંક છોકરાનાં મા-બાપ કન્યાના બાપને પૈસા આપી આવતા હતા. કારણ કે તેઓ મિથ્યા આબરૂ જાળવી રાખવા માંગતા હતા. પરંતુ મોટી ઉંમરે જ્યારે છુટક લગ્ન થશે ત્યારે જ સુખ થશે, કન્યાઓ મળશે અને એક ઉપર બીજી સ્ત્રીઓ કરવાની

૨૧. એજન, પૃ. ૨૭૯

કરજ પડશે નહીં... આપણામાં સ્ત્રીઓ ઉપર ક્રુરતા કરવામાં આવે છે તે વેદશાસ્ત્ર વિરુધ્ધ રિવાજ છે. માતાજીની એવી આજ્ઞાથી અને બાળલગ્ન નહીં કરવાથી કોપાયમાન થાય તેમ સમજવું નહીં.

ઉપરાંત ના. દરબારશ્રીને મે. મુળજીભાઇ, મી. બાપુલાલ વકીલ કડી પા. ગોકળદાસ શ્રીધરદાસ, લાલી, પા. છગનલાલ નરોત્તમદાસ, પા. અમૃતલાલ માસ્તર બાવળા, મી. પુરૂષોત્તમદાસ વડોદરા, પા. કાળીદાસ માવાભાઇ સોગવા. પા. શીવલાલ પિતાંમ્બર ટીક્કર, શ્રીયુત બહેચરભાઇ રાયજીભાઇ, ગણપતપુરા, શ્રીયુતચુનીલાલ વનમાળીદાસ ભરૂચ, પરી વીઠાભાઇ પાટડી, પા. અચરતલાલ પાટડી, મિ. પુરૂષોત્તમ તંત્રી ક. વિ. વિરમગામ જેવાઓએ તેમના વિચારોને અનુમોદન આપ્યુ હતું.૨૨

૩.૩ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ત્રીજો મહોત્સવ, બાવળા, ઈ.સ ૧૯૧૨

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની ત્રીજી બેઠક બાવળા મુકામે ૨૮, ૨૯, ૩૦, ડિસેમ્બર આ બેઠકના પ્રમુખ તરીકે શેઠ રતીલાલભાઇ હતા. પ્રથમ દિવસની બેઠકમાં પોતાની જ્ઞાતિની આર્થિક સ્થિતિ કેવી છે અને એ પરિસ્થિતિ કેવી રીતે ઉભી થઇ છે? તે સમજાવ્યું.

તેમજ જ્ઞાતિમાં થતા લગ્નના કુરિવાજ સંદર્ભે જણાવ્યું કે "છોકરાઓ પરણાવવાને દરેક માણસો ખંત ધરાવે છે. પરંતુ છોડીઓ (છોકરીઓ) ફુલના દડે પરણાવે છે. પરિણામે કન્યાવિક્રય થાય છે. ફુલના દડા દૂર કરી નાખીને, જો યોગ્ય ઉંમરે મરજી આવે તે વખતે લગ્નકરવાનો રિવાજ હોય તો આપણી સ્થિતિ સુધરે અને ગોળ કરવાની બિલકુલ જરૂર પડે નહીં" એ ઉપરાંત બાળલગ્ન થી જે ગેરફાયદા થાય છે તેના વિશે માહિતી આપવામાં આવી હતી.૨૩

ઠરાવ ૭માં 'આપણી જ્ઞાતિના જુદા જુદા વિભાગોમાં ચાલતા કન્યાવિક્રયના રિવાજને સદંતર નાબુદ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે' લાડોલવાળા રા. જેશીંગભાઇ એ આ ઠરાવ કરતાં તેને વિશેષ અનુમોદન મળતાંતે ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

મે. ડૉ. સાહેબ ઠરાવ ૮માં રજૂ કર્યો કે "બાળલગ્ન કરવા તે તદ્દન નુકાશાનકારક અને અધર્મયુક્ત છે, માટે શાસ્ત્રોક્ત રીતે અને યોગ્ય એટલે મોટી ઉંમરે લગ્ન કરવાનો આ સમાજ ઠરાવ કરે છે અને સમસ્ત જ્ઞાતિબંધુઓને આગ્રહપૂર્વક સુચના કરે છે. આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો ત્યારે પછી પ્રમુખશ્રીએ કેટલાંક ઠરાવો રજૂ કર્યા.

૨૨. એજન, ૨૮૧

૨૩. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક ૬, અંક. ૨, પૃ. ૧૧૬

ઠરાવ ૯માં. "બાળલગ્ન પ્રતિબંધક ૮મી કલમના પેટા કલમ 'ક'નો અપવાદ દૂર કરવું અને તે કાયદો આપણી કોમને અન્ય કોમોની માફક સંપૂર્ણ રીતે લાગુ કરાવવા માટેના વડોદરા સરકારને અરજ કરાવાનો આ સમાજ ઠરાવ કરે છે."

૧૮માં. "એક સ્ત્રીની હયાતીમાં ખાસ, ખરેખરા કારણ સિવાય અને સ્ત્રીની ૨૫ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના રિવાજ ને આસમાજ ધિક્કારે છે."[૨૪]

૩.૪ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચોથો મહોત્સવ, વીરમગામ, ઈ.સ. ૧૯૧૩

કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચોથો મહોત્સવ ૨૩-૨૪-૨૫ની જાન્યુઆરી અને ઈ.સ. ૧૯૧૫ના વિરમગામમમાં મૂકરર થયો હતો.

વિરમગામ મહોત્સવના પ્રમુખ તરીકે અમદાવાદ ગુજરાત કોલેજના ગણિતશાસ્ત્રના પ્રોફેસર રા.જેઠાલાલભાઈ સ્વામીનારાયણ હતા. પ્રસ્તુત મહોત્સવમાં જ્ઞાતિના જુદા-જુદા પ્રદેશમાંથી આગ્રહી શુભેચ્છકોએ ભાગ લીધો હતો.

બીજા દિવસની બેઠકમાં જે ઠરાવો પસાર થયા,તેમાં ઠરાવ ૭માં બાળલગ્ન પ્રતિબંધક નિબંધની આઠમી કલમનો 'ક' અપવાદ દુર કરી સદરહુ નિબંધ સંપૂર્ણ રીતે આપણી જ્ઞાતિને લાગુ પાડવા નેક નામદાર સેના ખાસખેલ શમશેર બહાદુર શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયાકવાડ મહારાજને આ સમાજ આતુરતા પૂર્વક પ્રાર્થના કરે છે." આ ઠરાવ પ્રમુખશ્રીએ રજુ એ કરતાં તે સર્વાનુમતે પસાર થયો હતો. ઠરાવ ૨૦માં "બાળલગ્નના ચાલતા બુરા રિવાજ પ્રતિ આ સમાજ સંપૂર્ણ તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે અને તેને નાબુદ કરવા દરેક બંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે." આ ઠરાવ આદ્રજવાળા પા. ઘનશા જેકણદાસે રજુ કર્યા તેને સરઢવવાળા પા. છગનલાલ પિતામ્બરદાસે તથા શેરથાવાળા પા. નાથાભાઈ તથા દેત્રોજવાળા પા.મોહનલાલ બાપુજીએ અનુમોદન આપ્યા બાદ ધાંગધ્રાવાળા દેસાઈ અમરસિંહજીએ બાળલગ્નના ચિતાર આપવાને પોતાનું બનાવેલું "મહાલક્ષ્મીનું મહાકષ્ટ" નામક આખ્યાન સંગીતના સાજ સાથે કરી બતાવ્યું હતું જેની શ્રોતાઓ ઉપર સચોટ અસર થઈ હતી.[૨૫]

ત્રીજા દિવસની બેઠકમાં કન્યાવિક્રયના રિવાજને નાબુદ કરવાનો તેમજ સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના નઠારા રિવાજ સામેના ઠરાવો રજૂ થયા હતા.

---

૨૪. એજન, પૃ. ૧૧૭

૨૫. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૨, પાટીદાર યુવક મંડળ સુરત, ઈ.સ. ૧૯૧૩, પૃ. ૧૨૫

૩.૫ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પાંચમો મહોત્સવ, ધ્રાંગધ્રા, ઈ.સ. ૧૯૧૫

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ નો પાચમો મહોત્સવ ધાંગધ્રા ખાતે તા. ૨૫-૨૬ અને ૨૭ ડિસેમ્બર ઈ.સ ૧૯૧૫ રોજ થયો હતો. પાટીદાર જ્ઞાતિના આગેવાનો એ તેમાં ભાગ લીધો હતો. પ્રમુખ માટે પાટડીવાળા દેસાઈ નારણસિંહજીભાઈ દ્વારા, વિરમગામના કુમાર શ્રીલાલસિંહજીભાઈને પ્રમુખ તરીકેની દરખાસ્ત રજૂ કરી હતી. તેને અમદાવાદવાળા શેઠ કેશવલાલ છકડસીભાઈએ અનુમોદન આપ્યું હતું.

પ્રમુખ તરીકે તેમણે ભાષણમાં જણાવ્યું કે, "આપણી જ્ઞાતિમાં સુધારાની હિલચાલ શરૂ થઈ છે. તેનાથી કેટલાંક લાભ થયા છે. આપણી કોમમાં લગભગ બાર વર્ષે લગ્ન આવે છે ને તેથી બાળલગ્ન થાય છે, તે રિવાજમાં સમયને અનુસરીને સુધારો કરવાની આપણી જ્ઞાતિના મોટાભાગની ઈચ્છા થઈ છે અને દર પાંચ વર્ષે લગ્ન કરવાનો રિવાજ દાખલ થાય તો સારું એમ કહેતા થયા છે" ત્યાર પછી તેમણે સુધારાની સીડીના મુખ્ય સાત પગથિયા સંબંધી પોતાના વિચારો જણાવ્યા હતા.૨૬

બાળલગ્ન સંદર્ભે રા. રા. પોપટલાલ શિવલાલ, એલ. એલ. બી. સર ન્યાયાધીશ ધાંગધ્રાવાળાએ ઠરાવ રજૂ કરતા જણાવ્યુ કે

ઠરાવ '૫' મો

"શાસ્ત્ર વિરૂધ્ધ અને સાંપ્રત સમયે જ્ઞાતિની પાયમાલી કરનાર બાળલગ્નના નઠારા રિવાજ પ્રતિ આ સમાજ સંપૂર્ણ તિરસ્કાર ન દ્રષ્ટિથી જુએ છે અને તેને દરેક રીતે નાબુદ કરવાનો ઠરાવ કરે છે" ત્યારબાદ આ ઠરાવ ને વિશેષ અનુમોદન મળતા પ્રમુખશ્રીએ ઠરાવ ને સર્વાનુમતે પાસ થયેલો જાહેર કર્યો.

ઠરાવ ૬ઠો

"આ સમાજ લખણા (છુટા છેડા)ના શરમ ભરેલો અને ત્રાસદાયક નઠારા રિવાજ પ્રતિ સંપૂર્ણ તિરસ્કારની નજરથી જુએ છે" આ ઠરાવને વાંકાનેરના પા. લક્ષ્મીચંદે, બાવળાવાળા પા.પુરૂષોત્તમ લલ્લુભાઈએ તેમજ ભીમગઢવાળા પા. છગન કલ્યાણભાઈ, અમદાવાદવાળા રા. નગીનદાસે વિશેષ અનુમોદન આપતા, પ્રમુખે ઠરાવને સર્વાનુમતે પસાર થયેલો જાહેર કર્યો.

---

૨૬. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૮, અંક. ૩, ઈ.સ. ૧૯૧૬, પૃ. ૩૭૪

ઠરાવ ૭ મો;

"કન્યાવિક્રયના પાપયુક્ત અને શાસ્ત્રવિરૂધ્ધ હોવાથી આપણો ગૃહસંસાર તદ્દન શોચનીય સ્થિતિએ પહોંચેલ છે તેથી તેને નાબુદ કરવા આ સમાજ દરેક બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે" આ ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો.

ઠરાવ ૧૫ મો;

"જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે કન્યાપક્ષ પાસેથી ફરજિયાત રકમ લેવાના ચાલતા રિવાજ પ્રતિ આ સમાજ તિરસ્કારની નજરથી જુએ છે"

ઠરાવ ૧૬ મો;

"એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીની ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના નઠારા રિવાજને આ સમાજ વખોડી કાઢે છે" ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે પસાર થયેલા જાહેર કર્યા અને સભા વિસર્જન પામી હતી.૨૭

૩.૬ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો છઠ્ઠો મહોત્સવ, પાદરા, ઈ.સ. ૧૯૧૬

૩૦-૩૧ ડિસેમ્બર અને ૧ લી જાન્યુઆરી ઈ.સ. ૧૯૧૭ના રોજ શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો છઠ્ઠો મહોત્સવ પાદરા મુકામે, અમદાવાદના સુપ્રસિધ્ધ લશ્કરી કુટુંબના શેઠ દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદના પ્રમુખપદે યોજાયો હતો.

પ્રથમ દિવસની બેઠકમાં વડોદરાના મે. સુબા સાહેબ માણેકલાલભાઈ એમ.એ.પધાર્યા હતા. તેમણે કેળવણી અંગે તેમજ બાળલગ્નનો જે નઠારો રિવાજ છે તે દુર કરવા માટે સુચન કર્યું હતું. તેમણે 'બાળલગ્ન નિષેધક મંડળ'ની સ્થાપના કરી છે. પોતે તેના પ્રમુખ હતા.૨૮

૨૭. એજન, પૃ. ૩૭૫

૨૮. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૯, અંક. ૪, ઈ.સ. ૧૯૧૭, પૃ. ૧૦૩

વડોદરા જેલના સુપરીટેન્ડન્ટ પ્રસિધ્ધ વક્તા ડૉ. ધનજીભાઈ શાહે ઠરાવ રજુ કર્યો કે "ધર્મ અને વેદક શાસ્ત્ર વિરૂધ્ધ" પાપયુક્ત અને જ્ઞાતિ ના તન, મન અને ધનની પાયમાલી કરી રહેલા બાળલગ્નના અદ્વિતીય નઠારા રિવાજ પ્રતિઆ સમાજ સંપૂર્ણ તિરસ્કારની નજરથી જુએ છે અને તેને હરેક રીતે નાબુદ કરવા સઘળા જ્ઞાતિ શુભેચ્છકોને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે. "તે ઉપરાંત તેમણે જણાવ્યું કે બાળલગ્નથીજે કજોડા થાય છે તેમજ ગેરલાભ થાય છે તેમ પણ સમજાવ્યું. એક તિથિના જે લગ્ન થાય છે તેના કારણો પણ કેટલાંક પ્રશ્નો ઊભા થાય છે. તેથી જો આવા કુરિવાજોને જડમુળથી દુર કરવા જોઈએ.

ફરજિયાત કેળવણી કરવા, બાળલગ્ન, કન્યાવિક્રય, લખાણાં, દેવું કરીને જમણવાર વગેરે તથા કડવા પાટીદાર કોમની પાયમાલી કરી રહેલા રિવાજને નાબુદ કરવા, કાયદા ઘડવા માટે ધાંગધ્રાના મહારાજશ્રી ઘનશ્યામસિંહજી બહાદુરને પ્રાર્થના કરી હતી. તાળીઓના અવાજ વચ્ચે પ્રમુખશ્રીએ રજૂ કરેલ ઠરાવ સર્વાનુમતે પસાર થયો.૨૯

"આપણી જ્ઞાતિમાં લગ્ન, પુર્નલગ્ન અને અન્ય પ્રસંગોમાં કન્યા પક્ષ પાસેથી ચાંલ્લા અને કર કરીયાવર આવનારની ફરજિયાત રકમ લેવાનો રિવાજ પ્રતિ આ સમાજ પોતાના અણગમો પ્રદર્શિત કરે છે.

"લગ્ન, સંબંધ કરતાં કન્યાની વયથી વરની વય ઓછામાં ઓછી ચાર વર્ષ મોટી રાખવાની આ સમાજ સઘળા જ્ઞાતિબંધુઓને ભલામણ કરે છે.

ભરૂચવાળા રા. ચુનીલાલ વનમાળીદાસે જણાવ્યું કે, "કેળવણીમાં આપણી જ્ઞાતિ ઘણી પછાત છે.. નિશાળમાં પણ ભણનાર છોકરીઓમાં કડવા કરતાં લેઉવા પાટીદારના છોકરાં ઘણા હોય છે, આનું કારણ તપાસતાં માલુમ પડ્યું કે લેઉવા કરતા કડવા જ્ઞાતિના બાળકોના લગ્ન નાની ઉંમરે થાય છે તેથી તે કેળવણી લઈ શકતા નથી. માટે વિવિધ સ્થળોએ બોર્ડિંગ સ્થાપવી જોઈએ. તેમના ઠરાવને વિશેષ અનુમોદન આપતાં પ્રમુખશ્રીએ તે સર્વાનુમતે જાહેર કર્યો.૩૦

ત્રીજા દિવસની બેઠકમાં મરણ પાછળ ના જ્ઞાતિ ભોજનના નઠારા રિવાજને નાબુદ કરવા જ્ઞાતિબંધુઓને આગ્રહ પુર્વક ભલામણ કરી હતી. ખેતીવાડી તેમજ જ્ઞાતિની પ્રગતિ માટેના કેટલાંક ઠરાવો રજુ કરવામાં આવ્યા હતા.

---

૨૯. એજન, પૃ. ૧૦૮
૩૦. એજન, પૃ. ૧૧૧

શેઠ દુર્ગાપ્રસાદભાઈએ પ્રમુખપદેથી પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે, "છોડીઓને (કન્યા) પણ છોકરાની માફક વિદ્યા ભણાવવી જરૂર છે અને તેમણે પણ છોકરીઓને માફક વિદ્યા પ્રાપ્ત કરાવી જ જોઈએ. માટે આપણે જેમ છોકરાઓને ભણાવવાના છે તેમ છોડીઓને પણ ભણાવવાની એ વાત ખાસ ધ્યાનમાં રાખવી... વિદ્યા ભણવાથી પુરુષ કે સ્ત્રી કોઈ વંઠી જતુ નથી પણ એથી ઉલ્ટુ સદાચરણી થાય છે. વિદ્યાભણવાથી સ્ત્રીઓ નિર્લજ્જ ન થતાં સલજ્જ બને છે અને ઘરકામ કરવામાં ઘણી જ કુશળ થાય છે.

ઉપરાંત તેમણે જણાવ્યું કે આપણા કેટલાંક ભાઈઓ એક સ્ત્રી જીવતી હોય અને બીજી, ત્રીજી એમ કેટલીક સ્ત્રીઓ કરે છે. આવું કૃત્ય કરવું એ માણસાઈ, ધર્મશાસ્ત્રથી વિરુધ્ધ છે અને અતિ દુઃખ કરે છે...

તેમણે પોતાના ભાષણમાં મુખ્યત્વે સ્ત્રીઓની સમાજમાં કેવી દયનીય અને શોચનીય પરિસ્થિતી છે? તે અંગે લોકો માહિતગાર કર્યા હતા. બાળલગ્નને કારણે જે દુષ્ટ રિવાજો ઉભા થયા છે તેને કારણે સ્ત્રીઓની સ્થિતિ કેવી થઈ છે તે અંગે સમજાવ્યું અને આવા કુરિવાજો દુર કરવા જણાવ્યું હતું.

૩.૭ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ, શેરથા, ઈ.સ. ૧૯૧૮

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમાં મહોત્સવ શેરથા મુકામે ઈ.સ. ૧૯૧૯માં નિર્ધારિત થયો હતો.

આ મહોત્સવના પ્રમુખ દરબાર શ્રી લાલસિંહજી રાયસિંહજી હતા.

આ મહોત્સવના પહેલાં દિવસની તેમજ બીજા દિવસની બેઠકમાં કેટલાંક ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ મહોત્સવની વિશેષતા એ હતી કે સ્ત્રીઓએ પણ આ સભામાં હાજરી આપી હતી. આ સભામાં મોટે ભાગે બાળલગ્ન, મરણ પાછળ થતો ખર્ચ વગેરે કુરિવાજો પર ચર્ચા થઈહતી. તેમજ તે અંગે ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા.[૩૧]

બાળલગ્ન વિષે ૧૧ મો ઠરાવ પ્રો.જેઠાલાલભાઈએ રજુ કરતા જણાવ્યું "આપણામાં દર દશ વર્ષે એક જ વખત ગૃહસ્થાશ્રમનું દ્વાર ખુલતું હતું એ કેટલું બધુ નુકશાનકારક ગણાય? એક સ્ત્રીએ મારે તો છોડી નથી પરણાવવી અત્યારથી તે કોણ તાવ લે !

૩૧. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક. ૮, અંક. ૨, ઈ.સ. ૧૯૧૮, પૃ. ૨૧૮

બાળલગ્નનું દુઃખ જોઈને શહેરીજનોએ સિધ્ધાંત પકડી લીધો છે કે છોકરા પરણાવવા અને છોડીઓ કુંવારી રાખવી! ન પરણાવવાથી વશ (?) કન્યા કહેવાય માટે ફુલના દડાનો રિવાજ આપણી નાતમાં પડી ગયો છે. સારો લાયક વર અને ઘર જોઈ મોટી થાય ત્યારે ફુલના દડા ની કન્યાનો સંબંધ કરવા માં આવે છે. ..... વળી કન્યાના પૈસા જેને લેવા છે.તેને વિવાહમાં છોડી (કન્યા) પરણાવવાની વાત કરસો તેને જરૂર તાવ ચડશે. કન્યા ન પરણાવે અને છોકરા પરણાવાય તો જરૂર કન્યાવિક્રય થાય જ, એટલા માટે છોકરાના બાપે પણ ધિરજ રાખીને તેને ભણાવીને મોટો થાય ત્યારે પરણાવવો જોઈએ, કન્યા મોટી થાય પછી તેના માટે ઈષ્ટ વર શોધીને સંબંધો થશે ત્યારે જ આપણા દુઃખનો અંત આવશે. આ ઠરાવનો આશય એવો હોય કે નાના બાળકો પરણાવવા નહીં. ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબ વર કન્યાની લાયકાત જોઈ યોગ્ય ઉંમરે પરણાવવા તેમ કરવાથી બાળલગ્નનો કાયદો પણ સચવાશે ત્યારે જ તમારા બાળકોનું કલ્યાણ થશે.

આ ઠરાવને મિસ્ત્રી નારાયણભાઈએ ટેકો આપ્યો હતો. તેમજ રૂપાલવાળા. પા. મગનલાલ રઘુભાઈએ તરસાળીવાળા પા. જેઠાભાઈ વનમાળીદાસે અનુમોદન આપતાં બાળલગ્ન અંગેના વિચારો વ્યક્ત કર્યા હતા.

ત્યારબાદ ઠરાવ ૧૩મો બાળલગ્નના કાયદાના અપવાદમાંથી આપણને દુર કરવાનો શેરથાવાળા પા. નાથાલાલ છગનલાલે રજુ કર્યો જેને સરઢવના પા. છગનલાલ પાદરાના પા. તુજાભાઈ તથા ગણપતપુરાના પા. બેચરભાઈ તેમજ તરસાળીવાળા ઈશ્વરભાઈ એ કવિતાગાઈને અનુમોદન આપ્યા બાદ સર્વાનુમતે પસાર થયો હતો.[૩૨]

૩.૮ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો આઠમો મહોત્સવ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૮

તારીખ ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૮ના રોજ મુંબઈ ખાતે શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની આઠમી બેઠકના પ્રમુખ સ્થાને ધાગધ્રાના સર ન્યાયાધિશ મે. પોપટલાલભાઈ એલ. એલ. બી હતા.[૩૩]

સ્વાગત કમિટીના ચેરમેન શેઠ કુબેરદાસ ખોડીદાસે પોતાના પ્રવચનમાં બાળલગ્ન જેવા કુરિવાજો સામે લોકોને જાગૃત તથા "શારીરિક સિવાય આર્થિક અને માનસિક કેળવણીની બાબતમાં પણ આપણે દરેક પ્રજા કરતાં પછાત છીએ તેનું કારણ પણ બાળલગ્નનો રિવાજ છે એમ સમજાયા વિના રહેતુ નથી. ફરજિયાત કેળવણીનું ધોરણ દાખલ થતું જાય છે તો પણ જ્યાં સુધી કુમાર-કન્યા નિશાળ જતી હોય ત્યાં સુધી સંસાર માંડવો નહીં છોકરાઓ સાથે દીકરીઓને કેળવણીની

૩૨. એજન, પૃ. ૨૨૧

૩૩. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક ૮, અંક. ૩, ઈ.સ. ૧૯૧૮, પૃ. ૩૧૫

જરૂરિયાત હજી સુધી જે પ્રજા ને સમજાઈ ન હોય તેમના માટે આજે દેશના નેતાઓ આંસુ પાડે છે?

ત્યાર પછી પ્રમુખ શ્રીએ પોતાના ભાષણમાં આધુનિક સ્થિતિ અંગે જણાવતા કહ્યું કે, બાળલગ્નના અતિ શોચનીયરિવાજને પરિણામ પતિ-પત્નિ વચ્ચે ના પ્રેમનું આપણી જ્ઞાતીમાં શુન્ય છે. હજારો કજોડા થાય છે. છુટા છુટકા નો પણ કાઈ પાર નથી એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી સ્ત્રીઓ કરવાના ઘણાં પ્રસંગો આપણે જોયા છે અને જેને પરિણામે કંકાસ વગર આપણી નજરે કાઈ આવતું જ નથી. આપણી બેન દીકરીઓની કુળવાન સાસરીમાં થતી અવદશા આપણા મન ડગમગાવે છે"

તેમણે સ્ત્રી કેળવણી પર ભાર મુકતા જણાવ્યુંકે "સ્ત્રી કેળવણીનું જ્યાં વધારે પ્રાલબ્ધ છે તે દેશો અને જ્ઞાતિનીપ્રવૃતિ અને સ્થિતિ આશ્ચર્યકારક રીતે આપણું ધ્યાન ખેંચી રહી છે. રાજ્યના વિદ્વાજ્ઞ પુરુષો ગમે તે કહે તા હોય પણ સ્ત્રી કેળવણીની વધારે આવશ્કતા તથા તેના દેશ તથા જ્ઞાતિની ઉન્નતિ થાય છે. તે અમારા અજ્ઞાન ભાઈઓના ખ્યાલમાં આવી શકે તેમ નથી. તેમણે વધુમાં જણાવ્યું કે પુરુષ કેળવણી કરતાં સ્ત્રી કેળવણીની વધારે આવશ્યકતા છે. એટલે આપણી જ્ઞાતિમાં ભલે બાળકોની કેળવણીનું હજી મંગળાચરણ થાય પણ સ્ત્રી કેળવણીનો સવાલતેની સાથે સાથે વધારે આગળ ધરાવો જોઈએ.. આપણો ગૃહસંસાર સુખરૂપ નીવડે તે માટે સ્ત્રીઓની વ્યવહારીક અને ધાર્મિક કેળવણી તરફ વધારે લક્ષ અપાવવું જોઈએ... આપણી જ્ઞાતિમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી દયાજનક છે. બાળલગ્નના રિવાજની પરિણામે નાનાપણથી જ તેને સાસરે મોકલવામાં આવે છે. અને ૧૪-૧૫ વર્ષની વયમાં તે માતૃત્વ ધારણ કરે છે. આવી અજાણ તથા પોતે જ બાળ અવસ્થાવાળી હોવાથી પોતાના સંતાનોમાં કેવી જાતના સંસ્કારો મૂકે ! અને આ બાળકો મોટા થઈ દેશનો તથા જ્ઞાતિનો શું ઉધ્ધાર કરે ! આપણી જ્ઞાતિમાં આધ્યાત્મિક કેળવણીના અભાવને લઈ સ્ત્રીઓનો શું દરજ્જો છે તેનો કોઈ ને ખ્યાલ નથી. તેમ જણાવ્યું હતું.

આપણી જ્ઞાતિમાં તો સ્ત્રીઓની સ્થિતિ એક દાસી કરતા પણ અધમ છે... જો તમે સુખી થવા માંગતા હો, જો તેમને તમારી ઉન્નતિ દરકાર હોય તો સ્ત્રીઓને કેળવણી આપવી આવશ્યક છે.

તેમણે બાળલગ્નના કુરિવાજ સામે જણાવતા કહ્યું કે, " કન્યાને ઋતુ ૧૩ વર્ષની વયે પ્રાપ્ત થાય તો પછી ત્રણ વર્ષ સુધી રાહ જોઈ ૧૬ વર્ષ કન્યાના લગ્ન કરવા જોઈએ. શાસ્ત્રનું ફરમાન છતાં મહિના બે મહિનાના નાના બાળકોને પરણાવી દેવાને આ ઘાતકી રૂઢિની હિમાયત કરનાર, બાળલગ્નના નુકશાનકારક અને સંસારને વિષમ બનાવનાર પરિણામને ભોગવે છે. છતાં પોતાના સ્વાર્થ અને મમતાની ખાતર બાળલગ્નની તરફેણમાં કારણો આપે છે.[૩૪]

૩૪. એજન, પૃ. ૩૨૧

ઠરાવ ૭મો. એક સ્ત્રીની હયાતીમાં ખાસ કારણ સિવાય અને સ્ત્રીના ૩૦ વર્ષની વય પહેલાં બીજી સ્ત્રી કરવાના અને છૂટાછેડાના રિવાજને આ સભા વખોડી કાઢે છે.

ઠરાવ ૮મો. કન્યા વિક્રય, વરવિક્રય અને બંને પક્ષો વચ્ચે તકરાર વખતે કન્યાઓને વર અને કન્યાના મા-બાપ પાસેથી લઈને ગોળના આગેવાનો કન્યાને ગોળની ઠરાવી લઈ બીજે સ્થળે ઠામ બેસાડી કન્યાવિક્રય જેવા પાપી રિવાજને ઉત્તેજન આપે છે તે પધ્ધતિને સંપૂર્ણ નાબૂદ કરવા જ્ઞાતિની આ સભા દરેક બંધુને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ. ૧૦મો. વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તે પ્રાપ્ત કરાવવા પોતાના પુત્ર-પુત્રીઓને બને ત્યાં સુધી દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપવા આ સમાજ દરેક જ્ઞાતિબંધુને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

પ્રમુખ તરીકે ભાષણ આપતાં જણાવ્યું કે, નાના બાળકોનાં લગ્ન કરતાં તેને હિન્દુ ધર્મનું શાસ્ત્ર કાંઈ પણ રીતે સંમતિ આપતું નથી... શાસ્ત્રમાં પુરુષની ઉંમર સ્ત્રી કરતાં ઓછામાં ઓછી પાંચ વર્ષથી ઓછી નહીં જોઈએ એવો લેખ છે. તો તે પ્રમાણે આવા બાળલગ્નથી સાચવી શકાય નહિ. કારણ કે પાંચ વર્ષની ઉંમરના વરને પાંચ વર્ષની નાની કન્યા કેવી રીતે મળી શકે ? તે અસંભવિત છે. વળી, નાની ઉંમરમાં પરણાવવાથી આપણી દીકરીઓ બીજી જ્ઞાતિ કરતાં વિધવા ઘણી થાય છે. વળી નાનપણમાં મરણ પ્રમાણ વધારે થવાથી પરણાવવાના તમામ ખર્ચો નકામાં જાય છે અને પાછા મોટી ઉંમરે વળાવવાના ખર્ચો ફરીથી કરવા પડે છે. વળી નાની ઉંમરમાં લગ્ન થવાથી વિધવાઓ ઘણી થાય છે અને તે વિધવાઓને મોટી ઉંમરે વળાવતી વખતે પ્રથમ ધણીના સગા-વહાલાંમાં અગર તે ગામોમાં લગ્ન ન થાય તેથી તેનો સંબંધો શોધવામાં ઘણી અડચણો પડે છે.

કન્યાવિક્રય અંગે કહ્યું કે, "આપણા શાસ્ત્રોમાં કન્યાને દાનમાં આપવા કહેલું છે. એટલે કન્યાદાન કરવાનું કહેલું છે. પણ કન્યાવિક્રય કરવાનું ક્યાંય કહેલું નથી. કન્યાના પૈસા લેવા જેવું મહાપાપ એકે નથી. પોતાની ગમે તેવી સ્થિતિ હોય, તો ભીખ માંગવી સારી પણ, કન્યાના પૈસા લેવા એ મહાબુરૂ છે... તે ઉપરાંત તેમણે એક સ્ત્રી જીવતાં બીજી સ્ત્રી કરવા સંબંધી, રોવા કુટવાનો ચાલ, એક તિથિના લગ્નો વગેરે રિવાજો બંધ કરવા જણાવ્યું હતું. આ પરિષદના ૫માં ઠરાવમાં બાળલગ્નના અધર્મયુક્ત અને હાનિકારક રિવાજને સત્વરે નાબૂદ કરવા આ સભા દરેક જ્ઞાતિબંધુઓને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે. અને શાસ્ત્રોક્ત રીતે યોગ્ય ઉંમરે આવેલા ફરજંદોને છૂટક તારીખોએ પરણાવવાનાં અને પરણાવનાર માબાપને અંત:કરણપૂર્વક મદદ કરવા આ સભા સર્વાનુમતે ઠરાવ કરે છે.[૩૫]

---

૩૫. એજન, પૃ. ૩૨૪

૩.૯ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો નવમો મહોત્સવ, મોખાસણ, ઈ.સ ૧૯૧૯

શ્રી કડવા પાટીદાર પરિષદનો નવમો મહોત્સવ તા. ૨૭-૨૮-૨૯ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૯. મુ. મોખાસણ, તા- કલોલ.

મહોત્સવના પ્રમુખ ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ એલ.એમ.એન્ડ એસ. હતા.

ડૉ. પીતાંબરદાસ કુબેરદાસે પ્રમુખપદેથી ભાષણ આપતાં "સ્ત્રીઓને કેળવણી ન આપવાથી તેમજ બાળલગ્ન કરવાથી કેવી પરિસ્થિતિ સર્જાય છે તે અંગે જણાવતા કહ્યું કે, "આપણી રંક બાળાઓ અજ્ઞાન અવસ્થામાં ગૃહસંસારની સર્વ ફરજો અને કામકાજનો બોજો માથે પડવાથી સંસારા માંડવાને તદ્દન અશક્ત હોવાથી તેમના જીવનના જે હાલ થાય છે તે વર્ણવી શકાય જ નહીં. આને માટે પુરુષા જાતિ જવાબદાર છે." તેમની બચપણમાં આપણે જે સંભાળ રાખવી જોઈએ. તેમના ઉપર આપણે જે ઉત્તમ પ્રકારના સંસ્કારો પાડવાની આપણી ફરજો આપણે ભૂલી જઈ બીનકાળજીમાં તેમને જેમ તેમ મોટી કરી માથેથી કન્યારૂપી પુત્રીને સાસરે વેળાવી નાંખવા ઉપરાંત આપણે ભાગ્યે જ બીજું કાંઈ વધારે કરીએ છીએ. ભાઈઓ અને બહેનો ! તમારી પુત્રીઓ ઉપર પ્રેમભાવ રાખી તેમનું સાચું હિત સમજી તેને ભવિષ્યમાં ચિરંજીવ સુખ અને આનંદ કેવી રીતે તમે મેળવી આપો તે ખાતર તમારે નાનપણથી જ તેમના શરીરની સંભાળ રાખી, તેમને સારો વિદ્યાભ્યાસ કરાવરાવી, ઘરવ્યવહારની કેળવણી આપી, કુશળ બનાવો, દીકરીઓને નિશાળે મોકલતાં બિલકુલ ખચકાંશો નહિ, તમારા કુટુંબમાં જ્યાં સુધી સ્ત્રીઓ કેળવાયેલી નહી હોય ત્યાં સુધી પોતાના દરેક દરેક કુટુંબીજનોને સ્વભાવની પરીક્ષા કરતા તેમને આવડતું નથી અને આપણા ઘરમાં કલેશ થવાનું આથી કારણ બને છે.

તેમણે જણાવ્યું કે "કન્યાઓને તમે ખાસ કરી ૧૩-૧૪ વર્ષ સુધી નિશાળે મોકલશો જ અને તમાર કુટુંબને અનુકુળ પડે તેવી ગૃહ કેળવણી નીતિ અને ધર્મના સંબંધ સાથ હંમેશા આપજો. હું વેદકના મારા બહોળા જ્ઞાન અને અનુભવને આધારે કહી શકું છું કે ૧૬ વર્ષની કન્યાને ૨૪ થી ૨૫ વર્ષની ઉંમરે યોગ્ય પતિની શોધ કરી કન્યાદાન કરવું પુણ્ય છે. તેમને છોકરાને ૨૫ વર્ષની વયે અને છોકરીને ૨૦ વર્ષની વયે થયે જ વિવાહિત કરવાનો તમારો ધર્મ છે તેમ જણાવ્યું હતું.[૩૬]

૩૬. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક. ૯, અંક. ૧, ઈ.સ. ૧૯૧૯, પૃ. ૧૩

૩.૧૦ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો દસમો મહોત્સવ, કડી, ઈ.સ. ૧૯૨૪

શ્રી કડવા પાટીદાર પરિષદનો દસમો મહોત્સવ, મુ. કડી.

આ મહોત્સવના પ્રમુખ ચંદુલાલ મણિલાલા દેસાઈ હતા. તેમણે જણાવ્યું કે "મારા વિચાર પ્રમાણે દીકરાઓની કેળવણી કરતાં પણ પુત્રીઓની કેળવણીની વિશેષ જરૂર છે. વળી આપના ધર્મ શાસ્ત્રોમાં પણ જાહેર કરેલું છે કે એક મતા એ હજારો શિક્ષકોની ગરજસારે છે. દેશની ઉન્નત્તિનો આધાર સ્ત્રીઓની શક્તિ ઉપર છે.

બાળલગ્નના પ્રતાપે હજારો કજોડાં થાય છે. અને કજોડાંના પ્રતાપે છૂટા છેડાનો પણ કાંઈ પાર નથી. એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી કરવાના ઘણાં દાખલાઓ આપણી જ્ઞાતિમાંથી મળી રહે તેમ છે. તે ઉપરાંત તેમણે બાળલગ્નોથી થતાં કજોડાં, એક તિથિએ થતા લગ્ન વગેરે પર પ્રવચન આપ્યું હતું.૩૭

ઠરાવ : ૨જો..

કેળવણીએ ધાર્મિક, માનસિક અને આર્થિક ઉન્નત્તિ કરનાર શક્તિ છે. એટલું જ નહિ પણ આ કટોકટીની હરિફાઈમાં જમાનામાં અનિવાર્ય છે. જ્ઞાતિબંધુને આ પરિષદ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ : ૭મો...

વડોદરા રાજ્યની કન્યા શાળાઓમાં પુરુષ શિક્ષકોનું પ્રમાણ ઘણું મોટું છે. અને એ શિક્ષકોમાંનો ઘણો મોટો ભાગ ફક્ત છટ્ઠું ધોરણ પાસ થયેલો યુવાન વર્ગ છે. અને તેથી કન્યા કેળવણીનો હેતુ પાર પડતો નથી. એટલુ જ નહી, પરંતુ એવા શિક્ષકોથી કન્યાઓના ચારિત્ર્યને મોટું નુકશાન પહોંચવા સંભવે છે. તો કન્યાઓમાં ખાસ સ્ત્રી શિક્ષણ શાસ્ત્રનું જ્ઞાન ધરાવતી શિક્ષિકાઓ નિમવા આ પરિષદ શ્રીમંત સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૨૧મો...

હાસ્યાસ્પદ એવા ફૂલના દડા, બાહ્યવર જેવા જ્ઞાતિમાં ચાલતા ખોટા રિવાજને આ પરિષદ ધિક્કારે છે અને એવા રિવાજોનો સદંતર ત્યાગ કરવાનાં દરેક જ્ઞાતિબંધુને ભલામણ કરે છે.

ઠરાવ : ૨૨મો...

એક ઉપર બીજી સ્ત્રી કરવાનો, કન્યાવિક્રય, સાટાં-ત્રેખડાં, વગેરે પાપયુક્ત રિવાજોને આ પરિષદ તિરસ્કારે છે અને તેવા રિવાજોને ત્યજી દેવા દરેક જ્ઞાતિબંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

---

૩૭. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ. ૧, અંક. ૩, ઈ.સ. ૧૯૨૪, પૃ. ૧૮૫

ઠરાવ : ૨૪ :

છેડા છટકા અને લખણાના નામથી પ્રચલિત અધર્મયુક્ત અને શાસ્ત્ર વિરુધ્ધ રિવાજને આ પરિષદ તિરસ્કારે છે. અને તેને દરેક રીતે અટકાવવા દરેક જ્ઞતિબંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે. સ્ત્રીઓને લગતા ઉપરોક્ત ઠરાવો પસાર કરવામાં આવ્યા. આ પરિષદમાં ખાસ મહત્વનો બનાવતો એ હતો કે લગભગ સો સ્ત્રી સભ્યોએ દૂર દૂરના ગામોમાંથી આવી આ સભામાં ભાગ લીધો હતો.૩૮

૩.૧૧ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો અગિયારમો મહોત્સવ, સોનાસણ, ઈ.સ. ૧૯૨૬

સોનાસણ : (તા. પ્રાંતીજ) મુકામે તા. ૮-૯-૧૦ જાન્યુવારી ઈ.સ. ૧૯૨૬ના રોજ શ્રી કડવા પાટીદાર પરિષદનો અગીયારમો મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવના સમય દર્મિયાન પાટીદાર સ્ત્રીઓની સભા ભરવાનો પણ ખાસ પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ અગિયારમો મહોત્સવ ભરૂચના મહાન સુધારક અને કેળવણીકાર ચુનીલાલ વનમાળીદાસના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. આ અગિયારમાં મહોત્સવની વિશિષ્ટતા એ હતી કે આ મહોત્સવમાં સ્ત્રી માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત તેમની પાસેથી કોઈ પણ પ્રકારની સભ્ય ફી લેવામાં આવી ન હતી.

પૂર્વે મળેલ દસ મહોત્સવોમાં મોટા ભાગે સ્ત્રીઓને લગતા ઠરાવ રજૂ થયા હતા. અગિયારમાં મહોત્સવમાં તેનું પરિણામ જોઈ શકાતું હતું. કારણ કે પાટીદાર સ્ત્રીઓની સભાએ ઈ.સ. ૧૯૨૬માં મળે તે ખરેખર અગાઉની પરિષદોની ફળશ્રુતિ ગણાવી શકાય. પરંતુ કમનસીબે આ સભાનો અહેવાલ ગુમ થવાને કારણે અપ્રાપ્ય બની ગયો હતો. તત્કાલીન જ્ઞાતિ મુખપત્રમાં પણ તેનો માત્ર ઉલ્લેખ મળે છે. પરંતુ સંપૂર્ણ વિગતો મળતી નથી તેમજ તેના ઠરાવો પણ અપ્રાપ્ય છે. પણ તેની છૂટક નોધને આધારે એમ કહી શકાય કે બીજી પરિષદો કરતાં આ પરિષદમાં વધુ જાગૃતિ જોવા મળી હતી. તેમજ આ પરિષદની અંદર વલ્લભભાઈ પટેલ ખાસ હાજરી આપી હતી. તે પોતે લેઉઆ જ્ઞાતિના હોવા છતાં તેમણે જ્ઞાતિ ભેદની કોઈ વાતો કરી ન હતી. તેમણે માત્ર સ્ત્રીઓનો ઉધ્ધાર કરવાની, તેમની સામાજિક સ્થિતિ સુધારવાની, કુરિવાજો નાબુદ કરવાની, કુલીનશાહી નાબુદ કરવાની અને આંધળા ખર્ચાઓનો મોહ જતો કરવાની અપીલ કરી હતી. સોનાસણ એ એક નાનકડું ગામ હોવા છતાં પ્રાંતિજના પટેલોએ પણ આ પરિષદ માટે ઉત્સાહ બતાવ્યો હતો. આ પરિષદ બાદ ઘણી ખરી પરિષદોમાં સ્ત્રીઓ હાજરી આપતી થઈ હતી અને શિક્ષણ લેવાનું પણ શરૂ કર્યું હતું.૩૯ જે નોંધવા યોગ્ય પરિણામ ગણી શકાય.

---

૩૮. એજન, પૃ. ૧૯૦

૩૯. પટેલ. છગનલાલ. કા, કેળવણી (ત્રિમાસિક), અંક. ૧, ઈ.સ. ૧૯૨૬, કડી, પૃ. ૨૩

૩.૧૨ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બારમો મહોત્સવ, ડરણ, ઈ.સ. ૧૯૨૯

શ્રી કડવા પાટીદાર પરિષદનો બારમો મહોત્સવ કડી તાલુકાના ડરણ ગામે ડીસેમ્બરની તા. ૨૮-૨૯-૩૦, ૧૯૩૦ના રોજ શ્રીયુત રામચંદ્ર જમનાદાસ અમીન બી. એ. એલ. એલ.બી. વડોદરા રાજ્ય ધારાસભાના પ્રમુખ પણા નીચે ભરાયો હતો.

સ્વાગત પ્રમુખ શ્રી જીવાભાઈ શામળદાસે તેમનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. જેમાં તેમણે સમાજની અધોગતિ કેવી રીતે થઈ તેનાં કારણો દર્શાવતા બાળલગ્ન, ન્યાતવરા, ખોટી રૂઢીઓ તેમજ કન્યાવિક્રય જેવા રિવાજોને દૂર કરવા જણાવ્યું હતું. તેમજ સમાજને અધોગતિમાંથી કેવી રીતે ઉન્નત્તિનો પંથ દોરી જવાઈ તે માટેનાં ઉપાયો પણ દર્શાવ્યા હતા.[૪૦]

ત્યારબાદ પ્રમુખ શ્રીએ પોતાનું ભાષણ આપ્યું હતું. બીજા દિવસની બેઠકમાં પ્રો. જેઠાલાલ ચીમનલાલે પુત્ર-પુત્રીઓને કેળવણી આપવાને લગતો ઠરાવ મૂકતા સ્વામીનારાયણે જણાવ્યું કે, "જે માણસ પોતાના પુત્ર પુત્રીઓને ભણાવતા નથી તે તેમનો શત્રુ છે. બાર લાખમાં બાર છોકરાઓ કડીમાં ભણે છે. અમદાવાદમાં પણ છોકરાઓને પણ આપણે ઘટતી કેળવણી પણ ફરજીયાત કરી છે તેનો લાભ લેવા ચુકવું ન જોઈએ.

રા. મગનલાલ રણછોડદાસે (દેત્રાજ) ઠરાવ રજૂ કરતાં જણાવ્યું કે... કુળવાનો કન્યાઓના અજીર્ણથી પીડાય છે અને મધ્યમવર્ગ કન્યાના અભાવથી પીડાય છે. કન્યાઓ કુળવાનોને ત્યાં શોક્યોથી (અન્ય સ્ત્રી) પીડાય છે. ગોળને આપો આપ તોડવા માટે ઉચ્ચનીચનો ભેદ દૂર કરવો એ વિના આપણી જ્ઞાતિની ઉન્નત્તિ સંભવ નથી. તેમ જણાવ્યું હતું.

રા. પુરુષોત્તમ વકીલે અનુમોદન આપતાં જણાવ્યું કે આપણે છોકરાઓને ઉછેરીએ છીએ. તેને સુખી કરવાને, નહિ કે તેને કસાઈને ત્યાં આપવા. કુળવાન એ દીવો છે તેમાં આપણે કન્યારૂપી પતંગીયા હોમીએ છીએ, આપણું ધ્યાન ઘર જોવા કરતા વર જોવા તરફ રહેવું જોઈએ.

આ સભામાં સ્ત્રીઓ માટેની ખાસ બેઠક રાખવામાં આવી હતી. જેમાં ગામની તમામ વર્ણની સ્ત્રીઓ આવી હતી. સ્ત્રીઓની સભાની શરૂઆત શ્રીમતી પાર્વતીબેને કરી હતી. તેમણે જણાવ્યું કે, આપણું નામ અબળા છે તેનો હાલ અર્થ બળ વિનાની સ્ત્રીઓ થાય છે.....જસમા જેવા નીતિવાળા, રાણક જેવાં ટેકીલા અને શિવાજીની માતા જેમ જ્યારે આપણે થઈશું તો જ આપણે 'સબળા નામને લાયક ઠરીશું. તેમ જણાવ્યું હતું.

---

૪૦. પટેલ. બબાભાઈ. રા, ચેતન, અંક. ૧૨, ઈ.સ. ૧૯૨૯, અમદાવદ, પૃ.૨૩૬

"શ્રીમતી લક્ષ્મી બહેને સામાજિક રૂઢીઓ વિષે બોલતા જણાવ્યું કે નાના બાળકોને પરનાવવાથી તેમની જિંદગી રોળાઈ જાય છે. તેમની દશા લાકડે માંકડું વળગાળવા જેવી થાય છે. બાળલગ્નના ભોગ થનાર કોઈ બેનને પૂછશો તો આ વાત તરત સમજાશે. રોવા જવાનો રિવાજ પણ આપના માટે હાનિ કરતા છે. બારમા પણ આપણાં દુ:ખનુ મૂળ છે."[૪૧]

અંતે સવિતાબેને જણાવ્યું કે, આપણામાં લાજ કાઢવાનો રિવાજ ઘણો વધી ગયો છે. તે આપણને અડચણ કરતા નથી ? આપણું મન જ શમા જેવું નિર્મળ હોય, રાણકબાઈ જેવું ટેકીલું હોય તો પછી લાજની કોઈ જરૂર નથી.

આ સ્ત્રી સભાનો મુખ્ય હેતુ એ હતો કે સ્ત્રીઓને માટે અલગ સભા કરવી જેથી તે પોતાના વિચારો સ્વતંત્ર રીતે રજૂ કરી શકે. જે કાંઈક અંશે ફળીભૂત થયો હતો. જો કે સભા વસ્તુ જ સ્ત્રીઓ માટે નવી હતી. એટલે તેમના આ પ્રથમ પ્રયાસમાં વધુ આશા રાખી શકાય નહીં.

ઠરાવ : ૧ : કેળવણીના અભાવે કડવા પાટીદાર સમાજમાં ઘણી જ પછાત હોવાથી અને કેળવણી દરેક પ્રકારને ઉન્નત્તિ સાધવાનું અમૂલ્ય સાધન હોવાથી તથા ચાલુ, જમાનાની આ મુશ્કેલી ભર્યુ હોવાથી, આ પરિષદ સર્વ જ્ઞાતિબંધુઓને પોતાના પુત્રોને અને ખાસ કરીને પુત્રીઓને કેળવણી આપવાની તથા કેળવણીની સંસ્થાઓને યથાશક્તિ મદદ કરવા આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ : ૫ : બાળલગ્નના જેટલાં જ બલકે તેથી વધારે આપણી સામાજિક અધોગતિ કરનારો રિવાજ કન્યાની લેવડ-દેવડમાં ઊંચનીચના ભેદ મુખ્ય છે અને અત્યારે આપણા સમાજમાં પ્રવર્તેલા નીચ અને હલકા રિવાજો, કન્યાવિક્રય, વરવિક્રય, ફરજીયાત ચાંલ્લા, સાટાં ત્રેખડા, ગોળ તેમજ મધ્યમ વર્ગમાં કન્યાની અછત વગેરેનો કારણભૂત આજ રિવાજ છે. આ રિવાજ તોડવા જ્ઞાતિ સેવકોને વ્યવહારૂ યોજના ઘડવા વિનંતી કરે છે.

ઠરાવ : ૧૯ : આપની જ્ઞાતિમાં અસ્તિત્વ ધરાવતા નીચેના કુરિવાજોને નાબુદ કરવા આ પરિષદ દરેક પાટીદાર બંધુને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

૧) એક જીવતી સ્ત્રીએ બીજી સ્ત્રી કરવાના.
૨) કન્યા વિક્રય.
૩) સાટાં – ફેર
૪) હદ કરતા વધુ માણસો લઈ રાવનામાં અને જાનમાં જવાના
૫) આગાખાની પીરણા કે મોટા પંથી આદિને હિન્દુ ધર્મ વીશે સમજાવાના.
૬) એક તિથિના લગ્ન

૪૧. એજન, પૃ. ૨૩૮

છેલ્લા ઠરાવમાં પરિષદનું બંધારણ ઘડવામાં આવે છે. આ પરિષદનો ઉદ્દેશ કડવા પાટીદાર કોમની ઉન્નત્તિ સાધવી, કુરિવાજોને નાબૂદ કરવા તેમજ જ્ઞાતિની અર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્નો કરવાનો હતો.[૪૨]

ઈ.સ. ૧૯૩૦માં ગાંધીજીના પ્રભાવથી ગુજરાતમાં રાષ્ટ્રીય ચેતનાની સાથે-સાથે અને તેમાંય ખાસ કરી બહેનોમાં આવેલી જાગૃતિનો પડઘો આ પરિષદોમાં પણ પડ્યો હતો. પાટીદાર કોમની સ્ત્રીઓ પોતાના મંતવ્યો સ્પષ્ટ પણે રજૂ કરી શકે તે નોંધ પાત્ર ગણી શકાય.

ઉપલા વર્ગની વિધવાઓને બાદ કરીએ તો બાકીના વર્ગની વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ છે. પણ આ છૂટનો વિધવાનો બાપ અગર વાલી દૂરઉપયોગ કરે છે. સ્ત્રી જાતિ સ્વતંત્ર નથી એટલે તેના પુર્નલગ્નનો સંબંધ તેના બાપ કે વાલીને આવેલી ગરીબાઈ દૂર કરવા, કે દેવું ભરવા કે બીજા નવાં ખોટા ખર્ચ કરવામાં માંગ્યા પૈસા લઈ વિક્રય કરે છે અને રોકડા રૂપિયા પડાવે છે. વધારામાં પંટું-સારું પુર્નલગ્ન કરી સુખી થવા ઈચ્છા રાખતી વિધવાની આથી કફોડી સ્થિતિ થાય છે. અને તેને ઉલમાંથી ચુલમાં પડવા જેવું થાય છે. પુર્નલગ્ન કરવાથી ઉલતાનું વિધવાને દુઃખ વધે છે. પતિએ કરેલું દેવું ભરવું પડે છે. અને બીજી અનેકવિધ અડચણો ભોગવવી પડે છે. વિધવા વિક્રય દાખલ થવાથી વિધવાને પુર્નલગ્નની છૂટનો કશો અર્થ નથી.

આપની જ્ઞાતિમાં કન્યાવિક્રય અને સાટાં ત્રેખડાં વધી પડ્યાં છે. તેને અંગે શરાફ બજારની માફક કન્યારૂપી પાકના ઉપર પણ વાયદાના વેપાર ચાલે છે. પરિણામે એટલું જ આવ્યું છે કે તેમાંથી ગણા કજીયા કંકાસ ઉત્પન્ન થયાં છે. વળી કન્યાવિક્રય કરી પાપી પેટ ભરવા ખાતર અને છોકરીના વેચાણના પૈસા ઉપર તાગડધિન્ના (આનંદ) કરનાર કસાઈથી પણ ભૂંડા મા-બાપ દીકરીને સાઠ વર્ષના વૃધ્ધ સાથે લગ્ન કરાવવામાં પાછી પાની કરતા નથી.

એક ઠેકાણે કોઈ કવિએ ભલું ગાયું છે કે....,

હાલો ડોસાભાઈની જાનમાં
ડોસે માંડ્યાં ધમસાણ રે !
મોંઘા સાટાં ડોસે મુલવ્યાં ,
દીધાં દસ ગણાં દામ રે !
કન્યાં નવની ને ડોસો સાંઠના
એના લટકે છે ચામ રે....

૪૨. એજન, પૃ. ૨૪૧

કડીની બોર્ડિંગના એક મેળાવડા વખતે બહેન પાર્વતીએ ભાષણ દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું હતું કે, આપણી જ્ઞાતિમાં ખેડુતો અજ્ઞાનતા છે. જ્ઞાતિનો મોટો સમૂહ ખેડૂત છે. ખેડૂતો અજ્ઞાનતાને લીધે કરજમાં (વ્યાજ) ડૂબેલાં છે. કરજદાસ હોવાથી દીકરીઓને ભણાવી શકતા નથી તો પણ દીકરીઓ કે દીકરાની વહુને ભણાવવાની આશા છે જ નહિ. બાળલગ્નના પ્રતાપે ગુણ, કર્મ, સ્વભાવના, રૂપરંગના ઉંમરના અને શારીરિક કદના કજોડાં થતાં હતા, તેમાં હાલમાં વિધવાનું કજોડું થવા લાગ્યું છે. અનેક વિધવા માતાઓએ કષ્ત વેઠીને દીકરા-દીકરીઓને ઉછેરી મોટાં કર્યા છે. વિદ્યાભ્યાસ કરાવ્યો છે, પણ વિધુર પિતાએ તો બીજી સ્ત્રી કરી જૂની સ્ત્રીના બાળકોને રઝળતા મૂક્યાં છે. આપણી કોમની અજ્ઞાન વિધવા માતાઓ મહેનત મજૂરી કરી બાળકોને ઉછેરી મોટાં કરે છે. પણ જ્ઞાનદાન આપી શકતી નથી. છતાં કદાચ કોઈ માતા, સ્વાર્થવશ થઈ દીકરાને ભણાવે છે. **પણ દીકરીઓને તો નહીં જ.**[૪૩]

૩.૧૩ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો તેરમો મહોત્સવ, સાણંદ, ઈ.સ. ૧૯૩૬

શ્રી કડવા પાટીદાર પરિષદની તેરમી બેઠક ઈ.સ. ૧૯૩૬ના મે માસમાં સાણંદ મુકામે ભરવામાં આવી હતી. આ પરિષદના પ્રમુખ તરીકે શેર દલાલ શેઠ શ્રી નંદુલાલ મંછારામ હતા. આ પરિષદમાં પણ સ્ત્રીઓને લગતા પ્રશ્નો જેવાં કે, બાળલગ્ન કન્યાવિક્રય, ફૂલને દંડે પરણવાનો રિવાજ, કન્યા-કેળવણી, રોવા-કૂટવાના રિવાજ વગેરે પ્રશ્નો પર ચર્ચા થઈ હતી અને તેને લગતા ઠરાવો પણ રજૂ કરવામાં આવ્યાં હતાં.

૪૩. એજન, પૃ. ૨૪૫

૩.૧૪ સ્ત્રીઓના પ્રશ્ન સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચૌદમો મહોત્સવ, પાટડી, ઈ.સ. ૧૯૩૮

તા. ૪-૧૧-૧૯૩૮ના રોજ કડવા પાટીદાર પરિષદનો ચૌદમો મહોત્સવ પ્રમુખ શ્રી નંદુભાઈ મંછારામના પ્રમુખ સ્થાને પાટડી મુકામે યોજાયો હતો. તેમણે પ્રમુખપદેથી ભાષણ આપતાં જણાવ્યું કે પરિષદની શરૂઆતની બેઠકોમાં જ્ઞાતિના પ્રશ્નો મુખ્ય બન્યા હતા. તેમાં બાળલગ્ન નિષેધ અને બીજો કેળવણીનો ફેલાવો કરવાનો. આવા પ્રયત્નો કરતાં-કરતાં આપણી પરિષદ બેઠકો આગળ ધપતી હતી, તેવામાં ગાંધીયુગનો પ્રભાવથી ચારે બાજુ રાજકીય જાગૃતિના જુવાળ આવ્યા અને આપણી પ્રવૃતિઓ તેમાં નિષ્ક્રિય થઈ હતી. તેમ છતાંય સમાયાન્તરે પરિષદની બેઠકો ભરાઈ હતી. અત્યારે પણ પરિષદની પ્રવૃત્તિઓની આવશ્યકતા છે, એવી જરૂતિયાત સિધ્ધ કરતી આ બેઠક મળે છે... સાણંદની પરિષદ પછી એમ લાગ્યા કરતું હતું કે જ્ઞાતિનું એકાદ પત્ર તો હોવું જોઈએ જેમ "કડવા વિજય"એ બાળલગ્નને પોતાનો પ્રશ્ન બનાવ્યો હતો. 'ચેતને' કારજવરાનો, 'પટેલ' એ અનેક પત્નીત્વનો નિષેધ, તરછોડયેલી ખોરાકી પોષાડી માટે વલખાં મારતી બહેનોનાં પ્રશ્નો, તેમજ ઊંચનીચના ભેદ તોડવાના પ્રશ્ન પોતાનો મુખ્ય વિષય બનાવ્યો હતો. સાણંદની પરિષદની બેઠક પછી તો એટલા બધા ઝાપટાબંધ બનાવો રાજકીય દ્રષ્ટિએ બન્યા હતા. અને તેની અસર આપણી સમાજ વ્યવસ્થા પર થઈ હતી.[૪૪]

અત્યારની ધારાસભામાં રજૂ થયેલાં સામાજિક સુધારાના બિલોની સમાલોચના પર વિચાર કરતાં અત્યાર સુંધીમાં પસાર થયેલાં બે બીલો નજરે પડે છે. એક તો વિધવાને મિલકતમાં ભાગ મળી શકે તેવી જોગવાઈ કરતું "શ્રી દેશમુખનું બીલ" આપણા હિન્દુ કાયદામાં એક નવી દિશા ઉઘાડે છે. તેથી તે ઝટ સક્રિય બની શકે તેવું નથી. વળી આપણી અજ્ઞાનતા પણ તેવ કાયદાને લાભ લેવા દે તેમ નથી, તેમ છતાં તે કાયદો કોઈ નવી દિશા ઉઘાડતો હોવાથી ભવિષ્યમાં સ્ત્રીઓના વારસા હક્ક સંબંધમાં નિશ્ચિત કાયદા ઘડવા માટે નિર્દેશક બનશે તેમ જણાવ્યું હતું, શ્રી દાસનો શારદા કાયદાએ બાળલગ્નો અટકાવ્યા અને તેની અસર બીજી કોમો કરતાં આપણી કોમમાં સૌથી વધુ થઈ છે. તેનાથી એક તિથિના લગ્ન અને તેને અંગે હાસ્યજનક ઉત્પન્ન થયેલી રૂઢીઓ જેવી કે બાંહ્યવર, ફૂલનો દડો, પાણીના બેડે પરણાવવું, વગેરે રૂઢીઓ નાશ પામી છે... આપણી કોમમાં બાળલગ્નો ઘણાં અંશે ઓછા થવા છતાં સદંતર નાબૂત નથી થયાં, તેના ઘણાં કારણોમાં કેટલાક એવા કારણો છે કે જે બીજી બાબતો સાથે સંબંધ રાખે છે. જ્યાં જ્યાં કન્યાઓની અછત છે તે જગ્યાએ સાટાં-ત્રેખડાં, કન્યાવિક્રય વગેરે હશે તેમ જણાવ્યું હતું.

---

૪૪. પટેલ. મગનભાઈ. ર, પટેલ,વર્ષ. ૩, અંક. ૧, ઈ.સ. ૧૯૩૯, પૃ. ૧૫

આપણી સમાજ વ્યવસ્થાને સૈથી વધારે અસરકારક થઈ પડે એવાં બીલો તો શ્રી ગોવિંદલાલ શેઠ, શ્રીમતી સુમનરોય અને શ્રીમાળી મુનશીના બિલો છે. તે એકની હયાતીમાં બીજી પત્ની કરવાના રિવાજને મૂળથી જ છેદી નાખે છે. આ બિલો પસાર થાય તો આપણી કોમના ઘણાં પ્રશ્નો એક સાથે ઉકેલાઈ જાય, અનેક પત્નીત્વના રિવાજથી પીડાતો ઉપરનો કહેવાતો વર્ગ છે, તેમની અને તેમની કન્યાઓની હાળમારી જાય, ત્યજાયેલીઓના પ્રશ્નો, ત્યજાયેલીઓ ન રહે તો ક્યાંથી રહે ? ખોરાકી પોષાકીના પ્રશ્નો પણ રહે નહીં, એટલું જ નહીં પણ અત્યારે કન્યા દેવાનો એક બાજુ ધસારો થઈ રહેલો છે તે એકદમ થંભી જાય અને થોડા વખતમાં જ ઊંચનીચના ભેદની આખી પ્રથા શિથિલ થઈ જાય. તેના પરિણામે ગામડામાં જે જે જગ્યાએ કન્યાની અછત છે તે અછત ઓછી થતાં કન્યા વિક્રય ઓછો થઈ નામશેષ થતો જાય. જરાક પ્રયત્ન કરતાં સાટાં-ત્રેખડાં પણ જતા રહે અને ગોળ બાંધવાની આવશ્યકતાઓ બિલકુલ રહેશે નહિ. આમ એક જ બિલ આપણી સામાજિક અવસ્થાને એકી ઝાપટે અસર પહોંચાડી આપણા કેટલાયે પ્રશ્નો ઉકેલી નાખે છે. છેવટે તેમણે આવા બિલોને આવકારવા તેમજ બિલો રજૂ કરનારને મદદ કરવી તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. ભારતમાં આ સમયગાળો ગાંધીયુગ તરીકે ઓળખાવા લાગ્યો હતો. ઉપરોક્ત ભાષણમાં પણ રાષ્ટ્રીય જાગૃતિનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવતો હતો. આ સમયગાળામાં સ્ત્રીઓને લગતા ત્રણ મહત્વના બિલો ચર્ચાના મુખ્ય વિષયો બન્યા હતા. તેમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાનો ઉદ્દેશ હતો, સ્ત્રીના ઉધ્ધારનો અભિગમ ધ્યાનમાં રાખી પાટડી પરિષદમાં ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાને લગતા ઠરાવો ખાસ મહત્વના હતાં જેવાં કે,

આ પરિષદ, શ્રીમતી લીલાવતી મુનશી તરફથી મુંબઈની ધારા સભામાં શ્રીમતી સુબાનરાય તરફથી વડી ધારાસભામાં તથા શેઠ ગોવિંદલાલ તરફથી રાજ્યસભામાં અનેક પત્ની નિષેધક ખરડા રજૂ કરવા નોટીસો આપવામાં આવી છે, તે ખરડાઓના સિદ્ધાંતને હાર્દિક ટેકો આપે છે.

નગીનભાઈ વ્રજલાલ પટેલે આ ઠરાવ રજૂ કરતા કહ્યું કે, પરિષદ, શ્રી ભોગીલાલ લાલાએ મુંબઈની ધારાસભામાં તેમજ શ્રી દેશમુખે વડી ધારાસભામાં હિન્દુ સ્ત્રીઓને ચોક્કસ સંજોગોમાં કાયદેસર છૂટા છેડા મેળવવાના હક્કને લગતા ખરડા રજૂ કર્યાં છે. તેના સિદ્ધાંત સાથે પોતાની સંપૂર્ણ સહાનુભૂતો અને સંમતિ જાહેર કરે છે તથા તેમના પ્રયાસ બદલ તેમને અભિનંદન આપે છે.

પરિણીત સ્ત્રીઓને ખાસ કરીને ત્યજાયેલી સ્ત્રીઓને તથા તેમના બાળકોને ખોરાકી પોષાકી મેળવવામાં જે સહન કરવું પડે છે. તે આપણા સમાજને શરમાવનારું છે. આપણી જ્ઞતિમાં ઉચ્ચ મનાતા કુટુંબો તથા શહેરોમાં આ બદી મોટા પ્રમાણમાં છે તે વધારે શોચનીય છે. તેથી આ પરિષદ (૧) સમાજની આવી દુઃખી બહેનો અને બાળકોને બનતી બધી રીતે મદદ કરવી એ પોતાનું આવશ્યક કર્તવ્ય સમજે છે. (૨) ખોરાકી પોષાકી મેળવવામાં અત્યારના કાયદામાં જ્યાં જ્યાં અગવડો હોય તે દૂર કરવી કે તેમાં સુધારા વધારા કરવા પ્રયત્ન કરવા (૩) શ્રી ભોગીલાલ લાલાએ મુંબઈની ધારાસભામાં આ મતલબનો જે સુધારો રજૂ કર્યો છે તેને આ પરિષદ વધાવી લે છે.

આ પરિષદ બાળલગ્નોનો નિષેધ કરતા શારદા કાયદામાં શ્રી દાસના જે સુધારા સ્વીકારાય છે. તેને આવકારે છે. અને નવા સુધારેલા કાયદાનો સંપૂર્ણ કડક અમલ સરકારને કરવાનું વિનવે છે.

વિશેષમાં જ્યાં જ્યાં આવાં બાળલગ્નો થાય ત્યાં ત્યાં તેની ફરિયાદ કરવાની જવાબદારી કોઈ પણ સ્થાનિક સરકારી અમલદાર ઉપર નાંખવી જોઈએ તેવો સદરુહ કાયદામાં સુધારો કરવા મધ્યસ્થ સરકારને આ પરિષદ ભલામણ કરે છે.

આ પરિષદ વરવિક્રય, કન્યાવિક્રય, સાટાં-ત્રેખડાં અને ફેરની બદી આપણા સમાજમાં વ્યાપક છે તે મનુષ્ય જાતને ન શોભે તેવી અને નીચું જોવરાવનારી છે. એવું જાહેર કરે છે.

લગ્ન તેમજ અનેક સારા માઠા પ્રસંગે કન્યા પક્ષ તરફથી વર પક્ષને કંઈક આપવાની પ્રથા છે. તે હંમેશા કલેશ કંકાસ ઉત્પન્ન કરે છે. ઉપરાંત તે કારણોને લીધે જ સ્ત્રી પક્ષ હલકો મનાતો થયો છે. એવો અભિપ્રાય આ પરિષદ જાહેર કરે છે.

આપણી જ્ઞાતિમાં લગ્ન સંબંધે કન્યા વિક્રય તથા વર વિક્રય તેમજ તેને લગતા આપ-લે ના વ્યવહારો થાય છે. અને તેમાં અત્યારે મર્યાદા રહી નથી. આ પ્રથા આર્થિક દ્રષ્ટિએ ઈચ્છવાજોગ નહિ હોવાથી તે જેમ બને તેમ જલદી નાબુદ થાય તેવો આ પરિષદ આગ્રહ રાખે છે.

આ દ્રષ્ટિએ સદરુહ બાબતમાં વ્યાજબી અંકુશ મુકાય તે માટે અગાઉ આ જ્ઞાતિના આગેવાનોએ કરેલા પ્રયાસોના પરિણામે આવા વ્યવહારોની હદ નક્કી કરતો મુંબઈ સરકારનો ઠરાવ નં: ૯૮૬ થયેલો, અને તેની જનતામાં જાણ કરવા માટે સરક્યુલરો પણ પ્રકાશિત કરવા આવ્યાં હતા.

ઉપર મુજબના સરકારી ઠરાવથી લગ્ન સંબંધના વ્યવહારોની હદ નક્કી થયેલી છે, અને તે ઠરાવ હજી કાયમ છે, છતાં તેનો વ્યવહારમાં બિલકુલ અમલ થયો નથી, માટે જ્યાં સુધી કન્યા વિક્રય અને વર વિક્રય નાબૂદ કરવા સરકાર તરફથી યોગ્ય કાયદા ઘડવામાં ન આવે ત્યાં સુધી સરકારના ઉપરોક્ત ઠરાવનાં કડક અમલ થાય તેવો પ્રબંધ કરવા અને તે માટે યોગ્ય પગલા લેવા, લાગતા વળગતા અધિકારીઓને તાકીદ આપવા આ પરિષદ સરકારને વિનંતી કરે છે.

આ પરિષદની અસરને કારણે ચાણસ્મા, વિરમગામ, રાંદેર, સુરત, ભરૂચ, વડોદરા, સરઢવ, માણસા, વિસનગર, મહેસાણા, રાધનપુર અને ઉપલેટામાં સુધારાવાદી મંડળો સ્થપાયા હતા. મોટા ભાગના મંડળો અને પરિષદોમાં સ્ત્રીઓને સ્થાન આપવામાં આવ્યું હતું. ઘણી પરિષદોમાં તો સ્ત્રીઓની સંખ્યા વધારે આવે તે માટે તેમને આર્થિક ખર્ચની મુક્તિ આપવામાં આવતી હતી. કચ્છ કડવા પાટીદાર સમાજના અધિવેશનમાં, મુંબઈ ઘાટ કોપરમાં ઘણી કચ્છી સ્ત્રીઓને હાજરી આપી હતી. મુંબઈમાં મળેલ આઠમાં કડવા પાટીદાર શુભેચ્છક સમાજમાં સ્ત્રીઓની હાજરી માટે જાહેરાતો કરવામાં આવી હતી. અને લલિતા ગૌરીએ તેમાં ભાગ લીધો હતો. બાવડા પરિષદમાં પાર્વતીબેને ૮૦૦ એક સ્ત્રીઓનું અધિવેશન કર્યું હતું. સ્ત્રીઓમાં આવેલ જાગૃતિ કડવા પાટીદાર પરિષદને આભારી હતી. એ સત્યની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. સામાજિક સુધારણાનું કામ આ પરિષદ દ્વારા થયું હતું. સાથે સાથે ખેતી સુધારના અને શિક્ષણનો વિકાસ થાય પણ ખાસ કરીને

કન્યા કેળવણી વધે તે માટે કડી સંસ્થામાં કન્યા કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવી હતી. તે જ રીતે વડોદરા કેળવણી મંડળ, ભરૂચ કેળવણી મંડળ અને ખેતી વિષયક સમાજો સ્થપાવા લાગ્યા હતા. જેના કારણે આ કોમમાં માત્ર સામાજિક નહિ પરંતુ રાજકીય, આર્થિક, કૃષિ વિષયક અને અન્ય પ્રકારનું ભણતર મળતા તેમનો સર્વાંગીક વિકાસ થયો હતો.

આ પરિષદની અસરને કારણે બહેનોમાં રાજકીય જાગૃતિ પણ આવી હતી. ઈ.સ. ૧૯૩૦ની લડત વખતે આ કોમની અનેક બહેનો જેલમાં પણ ગઈ હતી. એટલું જ નહિ પરંતુ અમદાવાદમાં જે કુલીનશાહીના નામે અને મોટાઈ બતાવવાના નામે જે ન્યાત વરાઓ થતાં તેની સામે વિરોધ કરવામાં આવતો હતો. ૩જી મે ઈ.સ. ૧૯૩૧માં અમદાવાદના કડવા પટેલ રહીશોએ મોટો વરો કરવાનું નક્કી કર્યું. તેની સામે ૧૦૫ ભાઈ બહેનો એ ઉપવાસ આદર્યો હતો. જેમાં ૩૬ બહેનો હતી. જે ૩ દિવસના ઉપવાસ પર ઉતરી હતી. આ પણ પરિષદની અસર જ ગણી શકાય. સ્ત્રીઓની આવી પ્રગતિથી સુધારાવાદીઓ સક્રિય બન્યા હતા.

ઈ.સ. ૧૯૪૫માં ઊંઝામાં કડવા પાટીદાર પરિષદના રૂપે નહીં પરંતુ કેટલાંક આગેવાનોએ ભેગા મળી સમાજ સુધારા માટે એક પ્રદશન ભર્યું હતું. તેમાં બાળલગ્નો બંધ કરવાના, મરણ પાછળના જમણવારો બંધ કરવા જેવા રિવાજોને લગતા પોસ્ટરો અને સૂત્રો બનાવ્યા હતા. [૪૫]

ઉપરોક્ત પ્રકરણમાં પરિષદો દ્વારા સ્ત્રી વિષયક પ્રશ્નો, સમસ્યાના સંદર્ભે અભ્યાસ કર્યા બાદ, પરિષદમાં ખેડૂતોના પ્રશ્ને જે ચર્ચાઓ, ઠરાવો, થયાં હતા તેનો પ્રથમ કક્ષાના સાધનો દ્વારા અભ્યાસ હવે પછીના પ્રકરણમાં કરીશું.

૪૫. એજન, પૃ. ૧૭ થી ૨૦

પ્રકરણ - ૪

કડવા પાટીદાર પરિષદોમાં કિસાનો પ્રત્યેનો અભિગમ :

સામાન્યત: ભારતવર્ષ, એ કૃષિપ્રધાન દેશ તરીકે ગણવામાં આવતો હતો, અને છે. ભારત વર્ષમાં કૃષિ-કરનાર વર્ગ પ્રતિષ્ઠત ગણાતો હતો. જેનો ઉલ્લેખ અનેક ઐતિહાસિક ગ્રંથ થયો હતો. તામ્રપાષાણ યુગ (The Chalcolithic Age) માં લોકોએ કૃષિ- અને પશુપાલનની શરૂઆત કરી હતી. અને સમયાન્તરે કૃષિ, ઉત્પાદનનાં સાધનો તથા ખેત ઉત્પાદનની નવિન પધ્ધતિ દ્વારા કૃષિનો વિકાસ કર્યો હતો.[૧] ઐતિહાસિક યુગમાં કૃષિ-ઉત્પાદન એ રાજ્યના આવકનો સૌથી અગત્યનો સ્ત્રોત હતો. વિવિધ રાજવંશોના સમયગાળા દરમિયાન ભારતવર્ષની કૃષિ અને કૃષિકાર સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ હતા.

મધ્યકાલીન ભારતમાં અર્થવ્યવસ્થા સામાન્ય: કૃષિપ્રધાન હતી. જનસમાજમાં સામાન્યત: કૃષિકાર્ય સાથે સંકળાયેલો હતો. ખેડૂત દ્વારા થયેલ અધિશેષ ઉત્પાદનની વહેંચણી મુખ્યત્વે પાદશાહ, જમીનદાર અને જાગીરદાર વચ્ચે થતી હતી, પ્રશાસનના સંચાલન માટે મહેસૂલની પૂર્તિ, ખેરાઝ, ઝકાત, ખમ્સ વગેરે કરો દ્વારા કરવામાં આવતી હતી. આવકનો સૌથી મોટો ભાગ ખરાઝ અથવા ભૂ-કર હતો, જે ભૂમિમાંથી ઉત્પાદન થયેલ ઉપજના પ્રમાણમાં હતો.[૨] મુગલ અર્થવ્યવસ્થામાં ગામનું મહત્વપૂર્ણ સ્થાન હતું. ગામડાંની કૃષિ યોગ્ય જમીનની માલિકી ખેડૂતોને હતી. જે સંદર્ભે મુગલ સમ્રાટની અનુમતિ પ્રાપ્ત હતી. પરંતુ ખેડૂત તે જમીનનો દુરપયોગ કરી શકતો નહીં. કિસાન ખુદકાશત (પોતાની જમીન ઉપર કૃષિ કરનાર) પાહીકાશ્ત (અન્ય ગામમાં કૃષિ કરવા જનાર) અને મુઝારિયાન એમ વર્ગીકૃત કરી શકાય છે.[૩] મુગલકાલીન કિસાન, તથા ગામડાં સ્વાયત અને સ્વાવલંબી હતા. સામાન્યત: મુગલકાલીન ખેડૂતની સ્થિતિ, સમૃધ્ધ અને વિકસિત હતી.

ઈ.સ. ૧૬૦૦માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના દ્વારા તથા ઈ.સ. ૧૭૫૭માં પ્લાસી યુધ્ધ તથા ઈ.સ. ૧૭૬૪ના બક્સર યુધ્ધ દ્વારા ભારતમાં કંપનીનો રાજકીય હસ્તક્ષેપ થતો ગયો હતો. જેની દુરાગામી અસર ભારતીય અર્થવ્યવસ્થા ઉપર પણ થઈ હતી, ભારતમાં કંપની માત્ર એક વિદેશી કંપની હતી અને જેનો ઉદ્દેશ્ય ભારતમાંથી કોઈપણ પ્રકારે આર્થિક લાભ પ્રાપ્ત કરવાનો હતો. જે અનુસંધાનમાં ભારતીય કૃષિ વ્યવસ્થા તથા તેના લક્ષણોમાં કંપની શાસન કારણે દુરોગામી પરિવર્તનો થયેલા હતા. જેથી ભારતીય ગ્રામીણ સમૂદાય, તેની સ્વાયત્તા, આત્મનિર્ભરતા ગુમાવી ચૂક્યો હતો.

---

૧. **मिश्र. वाताम्यज, प्राचीन भारत का नवीन मूल्यांकन, टाटा मेग्रोहील्र्स, न्यु दिल्ली २००८, पृ.**३०

૨. IRFAN HABIB, MEDIEVAL INDIA, THE STUDY OF A CIVILIZATION, NATIONAL BOOK TRUST INDIA, 2007, P-136

૩. SATISH CHANDRA, HISTORY OF A MEDIVAL INDIA CORIENT BLACKSWAN, 2007, P-299

ઈ.સ. ૧૮૧૮માં ગુજરાત ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નિયંત્રણ હેઠળ આવ્યું હતું. જેથી ગુજરાતના કિસાનો પર પણ તેની વિકૃત અસર વર્તાઈ હતી. જે સંદર્ભે ઈ.સ ૧૮૨૧ની સાલની ગુજરાતની વિગત પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે. ભરૂચ જિલ્લામાં મહેસૂલ એક વરસમાં રૂ. ૪૧૨ લાખ વધ્યું હતું. સામાન્ય નિયમે પાકના ૫૦ ટકા મહેસૂલ પેટે લેવાનો હતો. અમદાવાદ જિલ્લામાં ગામડાંઓમાં હરાજી થવાથી અને કોઈ કોઈ સ્થળે ખેડૂતની સૂચનાથી પંચાયતે વિઘોટી વધારવાથી મહેસૂલ ઘણું વધી ગયું હતું. **સુરત અંગે એલ્ફિન્સ્ટને લખેલું કે "લોકોને પૂરતું ખાવાપીવાનું અને પહેરવાનું મળતું નથી. કેટલાક ભાગોમાં ખૂબ પાકે છે. ત્યારે કેટલાંક ભાગોમાં ખેતી ઘણી પછાત છે. મહેસૂલની આકારણી અસમાન છે અને મહેસૂલનો દર ભારે છે."**

બિશપ હેબરે ઈ.સ. ૧૮૨૬માં અંગ્રેજ તથા દેશી સત્તા હેઠળના પ્રદેશો જોઈને લખ્યું કે "કોઈ દેશી રાજા આપણે જેટલું મહેસૂલ ઉઘરાવીએ છીએ તેટલું ઉઘરાવતો નથી. કર્નલ બ્રિગ્ઝે ઈ.સ.૧૮૩૦માં લખ્યું કે "અત્યારે હિંદુસ્તાનમાં મહેસૂલના જે દર છે, તે યુરોપ કે એશિયાના કોઈ પણ રાજ્યમાં કદી જાણવામાં આવ્યો નથી આ દર ભારે તેમજ અનિશ્ચિત છે. પરદેશમાં પ્રજા સમૃધ્ધ બને એ જોવાની રાજતંત્ર ખેવના રાખે છે અને તેમાંથી થોડો હિસ્સો રાજતંત્રના ખર્ચ માટે માગે છે. અહીં સરકાર જમીનમાંથી પ્રાપ્ત થતી આવક વચ્ચેથી પડાવી જાય છે."

સરકાર આમ ત્રીસ વરસને અંતે મેહસૂલ માટેની પોતાની માંગણી વધારતી જતી હતી અને તેથી ગુજરાતનો ખેડૂત કાયમને માટે ભિખારી રહેતો હતો. આમ મહેસૂલ પધ્ધતિ શોષણના કારણ રૂપ અને શાપિત હતી. રૈયતવારી પધ્ધતિ ઉપરાંત મલૈકી, મેવાસી, નરવાદારી, બારખલી, વતન કે ઈનામદારી જેવા તેનાં અન્ય પ્રકારો હતા. દેશી રાજ્યોમાં પાકનો ત્રીજો કે ચોથો ભાગ લેવાની 'ભાગબટાઈ' પધ્ધતિ હતી. ખળામાંથી સરકારનાં ભાગ લેવાયા પછી ખેડૂત તેનો પાક ઘરે લઈ જઈ શકતો હતો.[૪]

ગોકળદાસ પરીખના જણાવ્યા પ્રમાણે **"ગુજરાતમાં પાંચ એકર સુધી ખેતી કરનાર ખેડૂતો સાધારણ વર્ષમાં પણ સુખેથી મહેસૂલ ભરી શકે તેટલું પકવી શકતા ન હતા. દસ એકર સુધીની જમીનવાળો પણ ખેતીનું ખર્ચ કાઢીને પોતાનો બરાબર નિર્વાહ કરી શકે તેટલું પકવતો ન હતો. ગુજરાતમાં બંગાળ કરતાં બે ગણું મહેસૂલ હતું. ઈ.સ. ૧૮૬૬માં વધારવામાં આવેલ મહેસૂલ ભરપાઈ કરવા પ્રાંતની અડધી જમીન વેચાઈ જાય તો પણ મહેસૂલ વસૂલ કરી શકાય તેવી સ્થિતિ ન હતી."**

વડોદરા રાજ્ય તથા અન્ય દેશી રાજ્યોમાં મહેસૂલનો દરભારે હતો મોટાભાગના રાજ્યોમાં મહાલોને ઈજારે આપવાની પધ્ધતિ હતી. અને ખેડૂત પાસેથી રોકડમાં લેવાને બદલે ઉપજમાં અર્ધોભાગ વિઘોટી તરીકે લેવાતો હતો. માત્ર કેટલાક મેવાસી ગામો કે જમીનદારી ગામોમાંથી ચોક્કસ રકમ મહેસૂલ તરીકે ઉઘરાવવામાં આવતી હતી. આવા ગામો આંકડિયા ગામો તરીકે

૪. રાજગોર. શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨, પૃ.૪૨

ઓળખાતાં હતાં. તેમનું મહેસૂલ નામનું હતું. નવરાદારી પધ્ધતિ અને મલકી પધ્ધતિ થોડા વિસ્તારમાં જ અમલમાં હતી અને આ ગામોમાંથી પણ સરકારને મહેસૂલની રકમ ઓછી મળતી હતી ઉપરાંત મહેસૂલનો આ બોજો અસહ્ય છે કે નહિ તેની ખાતરી દર વરસે મહેસૂલ ન ભરી શકનારાઓ ઉપરથી થઈ શકે છે. ઈ.સ. ૧૮૯૨માં અમદાવાદ જિલ્લામાં આવા દાખલાઓને સંખ્યા ૨૫ હતી. તે ઈ.સ. ૧૮૯૮માં વધીને ૨૪૩ થઈ હતી. ભરૂચમાં ૧૮૯૨-૯૩ માં આ સંખ્યા ૧૬ હતી. તે વધીને ઈ.સ. ૧૮૯૮માં ૫૯૯ થઈ હતી.[૫]

આ ઉપરાંત આ બોજો કેટલો હતો તે જાણવા માટે જમીન છોડી જનારની સંખ્યા પ્રમાણરૂપ છે, તેની વિગત નીચે પ્રમાણે છે :

વર્ષ	અમદાવાદ	ખેડા	ભરૂચ
૧૮૯૬-૯૭	૨૫૬૭૬	૬૫૪૯	૪૩૫
૧૮૯૭-૯૮	૧૩૯૩૫	૪૭૧૬	૪૫૪
૧૮૯૮-૯૯	૧૦૦૯૯	૪૫૯૭	૯૭૪

આ જિલ્લાઓમાં ગીચ વસ્તી અને જમીન ઉપર દબાણ ખૂબ હોવા છતાં મોટી સંખ્યામાં જમીન છોડી દેવાઈ, તે મહેસૂલના અસહ્ય બોજાનું સૂચક છે. ત્રણ જિલ્લાઓ પૈકી અમદાવાદ જિલ્લામાં ગરીબીનું પ્રમાણ ખૂબ છે તે ઉપરનાં આંકડા સૂચવે છે.

તત્કાલિન ગુજરાતમાં કૃષિવિષયક ઉપરોક્ત પરિસ્થિતિ હોવાના કારણે ખેડૂત વર્ગ તથા તેને લગતી વિવિધ સમસ્યાઓ વધુ વિકૃત બનતી હતી. પરંતુ પશ્ચિમી શિક્ષણ, નૂતન વિચારો, વર્તમાનપત્રોનો વગેરેના કારણે કડવા પાટીદાર સમાજના બૌધ્ધીક વર્ગ દ્વારા કડવા પાટીદાર પરિષદમાં તે સંદર્ભે વિસ્તૃત ચર્ચાઓ, ઠરાવો, સંમેલનમાં કર્યા હતા. જે ના. ગાયકવાડ સરકાર તથા બ્રિટિશ સરકાર તેમના પ્રશ્નોને આંશિક રીતે ધ્યાનમાં લેતા થતા તેમ કહી શકાય. કૃષિ અને ખેડુત સંદર્ભે કડવા પાટીદાર પરિષદનો અભિગમ કેવા પ્રકારનો હતો તેનો આધારભૂત સાધનો દ્વારા અભ્યાસ અનુગામી એકમમાં કરીશું.

૫. એજન, પૃ.૧૬૪

૪.૧ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પહેલો મહોત્સવ, વીરમગામ ઈ.સ.૧૯૦૯

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પ્રથમ મહોત્સવ વીરમગામમાં તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ઈ.સ. ૧૯૦૯ માં મળેલ હતો. મહોત્સવના સ્વાગત કમિટીના ચેરમેન કુમાર શ્રી લાલસિંહજીએ કૃષિ સંદર્ભ જણાવ્યું કે, “જ્ઞાતિભાઈઓ ! જો આપણી જ્ઞાતિનો ઉધ્ધાર થયો હોય તો આપણામાં સાધન વિનાના બાળકોને ભણાવવા સારું સારી જોગવાઈ કરી આપવી જોઈએ. “ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ નોકરી” આ કહેવત પર આપણે અભણ હોવાથી પૂરો વિચાર કરતા નથી અને તેથી તેનો આજે ઊલટો અર્થ પડ્યો છે. ખેતીના ધંધામાં ખેડૂતનું પોષણ થાય છે તે ઉપરાંત આખી દુનિયાનું પોષણ થાય છે માટે ખેતીમાં બીજા ધંધા કરતા વધારે લક્ષ આપી વધારે લાભ લેવાની જરૂર છે. ખેતીવાડીનું જ્ઞાન મેળવવાથી આપણે ખેતીમાંથી વધારે ઉત્પન્ન કરી શકીશું. હિંદુસ્તાન આવી કટોકટીના વખતમાં પણ ઠીક ઠીક ટટ્ટાર રહ્યું છે તે પણ ખેતીનો જ પ્રતાપ છે અને તેથી જ જો આપણી ખેતી સુપરે તો આખો દેશ સુધરે તેમાં નવાઈ શી ? આપણે પુરાણી ઢબથી ખેતી કરતાં ફાવતું નથી તો અનુકૂળ પડતો તેમાં સુધારો કરી લેવો જોઈએ. અમેરિકાએ તેનાં પાકમાં દસગણો વધારો કર્યો છે. ત્યારે આપણે ફક્ત બમણો જ વધારો કર્યો છે. આપણે ખેતીના સુધારા માટે નવી પધ્ધતિના ઓજારો પણ દાખલ કરવાં જોઈએ, જેમ કરવામાં ગૃહસ્થોએ દ્રવ્યનો ઉપયોગ કરવા ઉદારતા બતાવવી જોઈએ. ઉપરાંત વ્યાપાર હુન્નર અને ઉદ્યોગની પણ જરૂર છે.

ત્યારબાદ મહોત્સવના પ્રમુખ ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ એલ. એલ. એમ કૃષિ અને ખેડૂતના મહત્વ સંદર્ભ જણાવ્યું કે “દુનિયા ભરમાં વિજય મેળવનાર રોમન લોકો પણ અસલના વખતમાં ખેડૂત જ હતા. હાલમાં આપણે પાટીદાર કહેવાઈએ છીએ તેનું કારણ એમ છે કે મુસલમાનોના વખતમાં આપણે લશ્કરી નોકરી કરવી પડતી હતી ત્યારે આપણને પગાર પેટે અમુક જમીનની પાટી મળતી ત્યારથી આપણે ક્ષત્રિય મટી પાટીદાર કહેવાયા છીએ. હવે આપણા ઉત્તમ ધંધા-ખેતી વિશે સમજાવવાની રજા લઉં છું. પહેલાંની માફક ખેતી કરવાથી હવે લાભ મળતો નથી એમ કહેવામાં આવે છે. જેથી અમેરિકામાં જેમ ખેડૂતો રસાપણ તથા કૃષિશાસ્ત્ર જાણીને ખેતી કરે છે તેમ આપણે પણ કરવું જોઈએ. ગુજરાતમાં ખેતીવાડીમાં દાખલ કરેલાં નવા સુધારા પ્રમાણે ઘણી કોમોને ધારા સભામાં પોતાનાં મેમ્બરો મોકલવાનો ખાસ હક મળ્યો છે. તેથી જે જ્ઞાતિ, સરકારને મહેસૂલનો મોટો ભાગ આપે છે. તેવી આપણી જ્ઞાતિ વિશેષ જ્ઞાન ગુજરાતી ભાષામાં મળે તેને માટે ખેતીવાડીની કોલેજ સ્થાપવા તથા પ્રયોગોને માટે ખાસ ખેતરો બનાવવાના સરકારને અરજ કરવી જોઈએ. કેળવણીમાં આપણી જ્ઞાતિ તદ્દન પછાત છે. ખેતીની કેળવણીની જરૂર છે. એ વાત હું પ્રથમ કહી ગયો છું. આપણી જ્ઞાતિમાં હજારો બાળકો વિદ્યા ભણી શકે તેવા છે. પરંતુ

પૈસાની તંગીને લીધે તેઓ ભણી શકતા નથી. માટે વિદ્યાભ્યાસ માટે આપણે ખાસ જોગવાઈ કરવી જોઈએ. આપણી જ્ઞાતિમાં સેંકડે ૯૦ ટકા જેટલા માણસો અભણ અને અજ્ઞાન છે. ઉપરાંત તેમણે પશુપાલન સંદર્ભે જણાવ્યું કે, "ખેતીમાં બળદ મુખ્ય સાધન છે. પણ આપણે ગાયોનું પાલન કરતા નથી, એ દીલગીરી ભરેલું છે. ઘણી ગાયો કસાઈને ત્યાં વેચાય છે. તેનો વધ થવાથી બળદોની મોંઘવારી થઈ છે. માટે ભેંસને બદલે આપણે ગાયો પાળવી જોઈએ. વિદેશી માલ વાપરવાથી આપણી અને આપણા દેશની ગરીબાઈ વધી છે. એમ સાબિત થયું છે, તો આપણને ઘટે છે કે દેશી માલ ખરીદીએ આપણે વાપરવો જોઈએ. તે ઉપર વિચાર કરી મારી દલીલ ધ્યાનમાં લેવાની વિનંતી કરું છું.

મહોત્સવના બીજા દિવસે સભાના પ્રમુખ દ્વારા ઠરાવ નં.૩ ખેતી આપણો મુખ્ય ધંધો હોવાથી તેનું જ્ઞાન સંપાદન કરવું અને તે જ્ઞાન વધારવા ઈચ્છતા બંધુઓને સમાજ તરફ બનતી મદદ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે. તે સર્વાનુમતે પસાર થયો હતો.[૬]

ત્યાર બાદ "કડવા વિજય" ના તંત્રી મિ. પુરુષોત્તમદાસે દરખાસ્ત મૂકી કે,

"ઠરાવ નં.૪ આ સમાજ ના. સરકાર દ્વારા ખેતીવાડીના ઉત્કર્ષ માટે જે ખેત ધરાવે છે તે માટે તેમનો આભાર માની નીચે પ્રમાણે માંગણીઓ કરે છે."

૧) ના. સરકારે ખાસ મહેરબાની કરી પ્રાથમિક શાળાઓમાં ખેતીવાડીનું શિક્ષણ આપવાની બનતી ત્વરાએ કોશિશ કરવી અને ગ્રાન્ટ-ઈન-એઈડમાં જેવી રીતે કસરત, ડ્રીલ તથા ડ્રોઈંગ એ વિષયો ફરજિયાત દાખલ કીધા છે (કરેલ છે) તેમ ખેતીવાડીનો વિષય દાખલ કરવો.

૨) દરેક તાલુકાઓમાં ખેતીવાડીનું દાર્શનિક જ્ઞાન આપવા માટે પ્રાયોગિક ખેતરો સ્થાપવા.

૩) માજી સર્વે કરતાં રિવિઝન સર્વેમાં જે દર વધાર્યો છે. તેની સંવત ૧૯૫૬ ના દુષ્કાળ પછીથી તે હાલ સુધીના સરકાર સૌએ સો ટકા છૂટ આપે છે પણ તે છૂટની મુદત આવતા વર્ષથી પૂરી થાય છે તે ના. સરકારે જૂથને માટે આપવા કૃપા કરવી.

૪) પૂના ખેતીવાડીની કોલેજ જેવી ગુજરાતના ખેડૂતોના લાભ માટે ગુજરાતમાં યોગ્ય સ્થળે એક કોલેજ સ્થાપવી.

૫) કૃષિશાસ્ત્રના નિયમ પ્રમાણે જમીનનો કસ ઘટી ન જાય તે માટે વર્ષે બે વર્ષે જમીન પડતર રાખવી જોઈએ તે પ્રમાણે હાલ થતું નથી, કારણ કે પડતર જમીન ઉપર પણ સરકાર ધારો લેવાય છે માટે જે વર્ષમાં જમીન પડતર રાખવામાં આવી હોય તે વર્ષમાં ના. સરકારે ધારો માફ કરવો.

૬) હિન્દની ખેતીવાડીમાં બળદો એ મુખ્ય સાધન છે તેની સંખ્યા દિન પ્રતિદિન ઘટતી જાય છે. તેથી બળદો તથા ઢોરોની ઓલાદો સુધરે અને તેમની સંખ્યામાં વધારો થાય તેવી ના. સરકારે યોજના કરવા મહેરબાની કરવી.

---

૬. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય, પુસ્તક. ૩, અંક. ૧, વીરમગામ, ઈ.સ. ૧૯૦૯, પૃ. ૧૭

૭) વરસાદના અનિયમિતપણાથી તથા નહીં પડવાથી ખેતીને પુષ્કળ નુકસાન થતું અટકાવવા પાણી પૂરું પાડવાની યોજના કરવી.

ઉપરાંત તેમણે જણાવ્યું કે," આપણી જ્ઞાતિનો ૭૦ થી ૭૫ ટકા જેટલો ભાગ ખેતીવાડી ઉપર આધાર રાખે છે. તેની ઉન્નતિ માટે સતત પ્રયત્ન કરવો આવશ્યક છે. ખેતીવાડી રાજાપ્રજા બેઉને (બન્ને) આધારરૂપ છે તે વિશે અનેક તરેહના પોકારો પાર્લામેન્ટમાં થયા છે તેમજ આપણે આ ઠરાવ અંગે રજૂ કરી ના. સરકાર તરફ મોકલી આપીશું તો આપણે તેનો લાભ મેળવી શકીશું તેમાં કોઈ શંકા નથી. અમેરિકા જેવા દેશની ધનાઢ્ય સ્થિતિ ખેતીને લઈને થયેલી છે અને આપણા દેશમાં તેજ ધોરણે ખેતીનું કામ હાથ ધરવામાં આવે તો કહી શકાય કે આખી પૃથ્વીમાં એક વખતે જે દેશ ઉજ્જવળ કીર્તિ સંપાદન કરી રહ્યો હતો તે દેશ તેવી જ સ્થિતિને પાત્ર છે. આપણા ખેડૂતો કેવા પાયમાલ અને ગરીબ થઈ ગયા છે તે અત્રે લંબાણથી કહી આપણા અમૂલ્ય વખતનો વધારે ભોગ આપવાની જરૂર નથી. કારણ કે તે વાત સર્વમાન્ય થઈ ગઈ છે. કેટલાક ખેડૂતો એવું કહે છે કે ખેતીમાં વિદ્યાની જરૂર નથી પણ તે શીખવાનું એક મોટું શાસ્ત્ર છે અને તેનો અભ્યાસ કરી આખા દેશ ઉપર કીર્તિ ફેલાવનાર અમેરિકાની પ્રજા પ્રખ્યાત છે. આપણા ખેડૂતો એક-બે ચોપડી શીખી ઊઠી જાય છે. એ ઘણું જ દિલગીરી ભરેલું છે અને તેથી વ્યવહારિક કામોમાં તેઓ હંમેશાં પછાત રહે છે. ખેતીવાડીની કોલેજમાં દાખલ થવાની લાયકાત ઓછામાં ઓછી મેટ્રીક પછી પી.ઈ. ની પરીક્ષા પાસ કર્યા બાદ થાય છે. આટલું ભણતા લગભગ બે હજાર રૂપિયા ખર્ચ થાય છે. આપણા ગરીબ બંધુઓ આ પ્રમાણે પૈસાનો ભોગ આપી તેનો લાભ લઈ શકે તેવી સ્થિતિમાં નહીં હોવાથી, બેકિંગ દ્વારા એ પૈસાની મદદ કરવાની જરૂર છે. આપણા ખેડૂત પૈકીના ૭૦ ટકા જેટલા દેવાદાર હોય છે તેનું કારણ આપણી પછાત સ્થિતિ છે અને તે માટે ના. સરકાર આપણા ઠરાવ ઉપર લક્ષ આપી મદદ કરશે એવી આશા રાખું છું.

ત્યારબાદ અમદાવાદ જિલ્લાની જનાવરોની હોસ્પિટલ (પશુદવાખાનું) ના સરકારી ડૉક્ટર રા. જગન્નાથભાઈએ જણાવ્યું કે મિ. પુરુષોત્તમભાઈએ રજૂ કરેલા ઠરાવના પેટાભાગ છઠ્ઠાને અવલંબી વિવેચન કરવાની આપ સમક્ષ રજા માગું છું. આ ઠરાવ ઢોરોની ઓલાદ સુધારવા વિશેનો છે. આપણા ગુજરાતના લોકો પ્રમાણમાં ૯૦ ટકા ભેંસો અને ૧૦ ટકા જેટલી ગાયો રાખે છે કારણ કે તેથી દૂધ વગેરેમાં તાત્કાલિત ફાયદો પડે છે. પણ તેને બદલે ગાયો રાખવામાં આવે તો મોટા પ્રમાણમાં લાંબા વખતે પણ ફાયદો થાય. આપણા ભાગમાં તાપને (ગરમી) લીધે પાડા જેવાં જનાવરો (પશુ) શ્રમ કરતાં જલદી થાકી જાય છે અને જે ભાગમાં પાડાથી ખેતી વગેરેનું કામ કરવામા આવે છે ત્યાંની હવા આપણા કરતાં ઠંડી છે અને તેમને અનુકૂળ હોય છે, ભેંસો કરતાં ગાયો રાખવાની ઘણી જ જરૂર છે. અત્રે પધારેલા બન્ધુઓ પૈકી ૯/૧૦ જેટલો ભાગ ખેડૂત વર્ગનો એકઠો થયો છે તેમણે જનાવરોની જે ઓલાદ ખેતીના કામોમાં ઉપયોગી હોય તેવે પ્રજા ઉછેરવી જોઈએ. મનુષ્ય વર્ગમાં જેમ પ્રજોત્પતિનો આધાર માબાપ ઉપર છે તે જ પ્રમાણે જનાવરોમાં પણ

છે. તલબદી ગાય અને કાંકરેચી આખલાથી ઉત્પન્ન થયેલી પ્રજા ઘણે ભાગે સારી જ થાય છે. ઓલાદ ઉત્પન્ન કરનારાં જનાવરો જુવાન જોઈએ. ગાય ઘરડી હોય તો પણ આખલો તો મજબૂત અને જુવાન હોવો જ જોઈએ."

ત્યારબાદ પા. છગનલાલ નરોત્તમદાસે કૃષિ અને પશુપાલનનો ઠરાવ રજૂ કરતા જણાવ્યું કે "ગાયોનું પાલન કરવામાં ધર્મ અને અર્થ બેઉ કામ સાધી શકાય છે. તમે ગાયોનું પાલન કરશો તો દર વર્ષે તમે સારી સંખ્યામાં બળદો મેળવી શકશો, જેની તમને તમારી ખેતીમાં ઘણી જ જરૂર છે અને તે તમારે હાલ વેચાણ લાવવા પડે છે. આ ઠરાવને બાવળના મુખી પા. કેવળદાસ દેસાઈભાઈ, આદ્રજના પા. ધનશા જેકણદાસ ભગત, અમદાવાદના શેઠ બેચરદાસ લશ્કરીના પૌત્રોના માસ્તર. રા. રા. ડાહ્યાભાઈ બી.એ, તથા રાંદરવાળા પા. પુરુષોત્તમદાસ ફકીરભાઈએ અનુમોદન આપ્યાં હતા અને તે ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.૭

મહોત્સવના અંતિમ દિવસે વિરમગામવાળા પુરુષોત્તમદાસ લલ્લુભાઈ ઠરાવ રજૂ કરતાં જણાવ્યું કે, "હાલમાં ના. સરકારના નવા સુધારા મુજબ નવી કાઉન્સિલો થઈ છે તેમાં જે કોમો પછાત પડી છે તેમના તરફથી તેમના હકો જળવાઈ રહે તે માટે તેમનો એક મેમ્બર તેમાં દાખલ કરવા ઠરાવ થયો છે. ગુજરાતમાં કડવા કણબી ખેડૂતોની ઘણી સંખ્યા છે અને તેઓ કેળવણીમાં ઘણા પછાત છે તેથી તેમનો એક મેમ્બર કાઉન્સિલોમાં દાખલ કરવા ના. સરકારને અરજ કરવા આ સમાજ ઠરાવ કરે છે. ભાઈઓ ! આપ જાણો છો કે આપણી જ્ઞાતિને વસ્તી ૧૪ લાખ માણસની છે અને મુખ્યત્વે કરી ધંધો ખેતીવાડીનો છે. જેમાંથી રાજ્યને મોટામાં મોટી મહેસૂલ આવે છે. છતાં પણ આપણા હકો અને લાભો જાળવવા સારું ના. ગવર્નરની સભામાં આપણે મેમ્બર ન હોય તે શું ઈચ્છવા જોગ છે ? આપ સર્વે જાણો છે કે માગ્યાં વિના મા પણ પીરસતી નથી માટે આપણી આવી વાજબી માંગણી આપણે ના. સરકાર પાસે અરજ કરીને કરવી જોઈએ, કારણ કે ખેડૂતોની દશા સુધારવા ના. સરકાર પ્રયત્ન કરે છે તેવા વખતમાં આપણે આપણી વાજબી અરજી મોકલી તો તેથી બેશક આપણે ફાયદો થશે. આ ઠરાવને વીરમગામવાળા શેઠ કેશવલાલ હીરાચંદે અનુમોદન આપ્યું અને ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.૮

૭. એજન, પૃ. ૧૯

૮. એજન, પૃ. ૨૩

૪.૨ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બીજો મહોત્સવ, વડોદરા, ઈ.સ.૧૯૧૦

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો દ્વિતીય મહોત્સવ વડોદરા મુકામે તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૦માં થયો હતો.

રિસેપ્શન કમિટીનાં ચેરમેન મે. પુરુષોત્તમદાસ હરગોવિંદદાસ એ જણાવ્યું કે, "ખેતીવાડીએ આપણો ધંધો હોવાથી તેને માટે જમીન ખેડે, ખાતર અને પાણી વગેરે બાબતનું જ્ઞાન સંપાદન કરવા શ્રીમંત સરકારે પ્રાયોગિક અને દાર્શનિક ક્ષેત્રો સ્થાયી આભારી કર્યો છે પણ આ સંબંધીનું જ્ઞાન જે પુસ્તકોરૂપી ભંડારમાં ભરી રાખ્યું છે તે સમજવા આપણે પ્રથમ તો કેળવણીની અનિવાર્ય આવશ્યક્તા છે. તેમ જણાવ્યું હતું.

સભાના અંતિમ દિવસે પ્રો. જેઠાલાલભાઈ એ જણાવ્યું કે, "ગામડાંનાં ખેડૂતો પર આધાર રાખનારા વાણિયા શેઠ બની ગાડી દોડાવે છે. ત્યારે તેમના આધાર આપણે એમની ગાડી હાંકતાં હોઈએ તે કેળવણીનો જ મહિમા છે. વિદ્યા વિના આપણામાં ભોળાપણું (મૂર્ખાઈ) હોય છે. તેથી જ સાત વીસે સો ગણીએ છીએ. હિસાબ ગણતા આવડતું નથી. તેથી કેટલાંક ઠગ વેપારીઓ સોળ પંચા બાસીને બે મૂક્યાં છૂટનાં ને થયા ચોરાસી આવું કરે છે. ટૂંકામાં સમજીને હવે ખેડૂતે વધુ નહિ તો ગુજરાતી છ ચોપડી સુધીને, શહેરના માણસોએ તો ઈંગ્રેજી વિદ્યા ભણાવવી જોઈએ. દે. અમરસિંહજીએ કેળવણી દ્વારા કૃષિ વિકાસ સંદર્ભે જણાવ્યું કે આપણા ખેડૂત ભાઈઓને પૂછીએ છીએ તો જવાબ આપે છે કે ભણીશું ત્યારે ખેતી નહિં થાય; ભણીશું પાયા વિનાના પ્રશ્નોત્તર કરે છે. અમેરિકાનાં ખેડૂતો ભણીને ખેતી કરે છે તેમની જ્ઞાતિ આજે જગતમાં કેવી ઊંચી થઈ છે ? આપણા દેશની ભૂમિ ખેતી ઘણી રસાળ છે. છતાં આપણે સમજીને ખેતી કરતા નથી એ આપણામાં કેળવણીની ખામી છે.૯

સભાના અંતિમ દિવસે રા. ઉમેદભાઈ લાલદાસે ઠરાવ રજૂ કરતાં જણાવ્યું કે

ગીરો વેચાણના દસ્તાવેજો નોંધાયા સિવાય જમીનનો મો બદલો થતો નથી અને તેથી ખેડૂતોને હરકત પડે છે માટે નવસારી પ્રાન્તના ઘાણકા લોકોની માફક રૂ. ૭૫ સુધીના ગીરો વેચાણના દસ્તાવેજ અરજી ઉપર નોંધાવવાનું ઠરાવી તેની નોંધ ગ્રામ્ય પંચાયતમાં રાખવાનો હુકમ કરવા શ્રીમંત સરકારને અરજ કરવા આ સમાજ ઠરાવ કરે છે. જેને રા. અંબારામ છગનભાઈએ ટેકો આપતાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૯. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય, પુસ્તક. ૪, અંક. ૨, વીરમગામ, ઈ.સ. ૧૯૧૦, પૃ. ૨૭૬

પાટડીમાં જ્ઞાતિના આગેવાનોની સભા, તા. ૨૨-૩-૧૯૯૨ના રોજ મળેલ હતી. ના. દરબારશ્રી સૂર્યમલસિંહજીએ કૃષિ સંદર્ભે જણાવ્યું કે, "આપણો મુખ્ય ધંધો ખેતીનો છે. શાસ્ત્રોમાં ખેતીના ધંધાને શ્રેષ્ઠ ગણ્યો છે છતાં હાલ તેની અધોગતિ થઈ ગયેલી છે. જનસમુહમાં ખેતીકારનો દરજ્જો ઊંચો છતાં હાલ નીંચામાં ગણતરી થઈ ગઈ છે અને ઘણા બીજા ધંધામાં વળે છે (જાય છે) આપ જોશો તો અમેરિકા વગેરે દેશોએ, ખેતીને આપણા શાસ્ત્રોમાં કહ્યા મુજબ ઊંચી પંક્તિમાં લાવી મૂકી છે. ત્યાં ખેતીના ધંધામાં લોકો માન સમજે છે. ખેતીથી લાખ્ખો (લાખો) કરોડોની સમૃધ્ધિ મેળવે છે, તો પછી આપણે અહીં તેમ કેમ ના થઈ શકે ? આપણી ભૂમિ તેમનાથી ઓછી વિશાળ છે ? ના, તેમ પણ નથી. પણ અમેરિકાના લોકોએ જે રીતથી ખેતીને ઉત્તમ બનાવી તે રીતે આપણે પણ કામ લેવાની જરૂર છે

ત્યારબાદ શ્રીયુત્ અમરસિંહભાઈ –ધાંગધ્રા ખેડૂત મંડળ સંદર્ભે જણાવ્યું કે, "આજે યોજના કરવાની છે તેનો એક લાભ એ છે કે આપણે સર્વેભાઈઓ પ્રસંગોપાત્ત એકઠા થઈ શકીશું આપણા એકબીજાના વિચારો આપ-લે કરી શકીશું. આપણા દુ:ખ સુખ એકબીજાની જાણમાં આવશે અને જેજે ભાગના ભાઈઓને જે જે પ્રકારનાં દુ:ખ હશે તેનો વિચાર થઈ શકશે, આ મંડળથી ખેડૂત વર્ગમાં મોટો ફાયદો થશે. આ નાણાંનો મોટો ભાગ ખેતીનાં જ કાર્ય માટે ખરચવાની (ખર્ચ) ઈચ્છા છે. અમેરિકાના ખેડૂતોના ઉદ્યોગમાં તેઓનો મોટો આધાર આવા પ્રકારના મંડળોનાં જ છે. આપણે ખેતીવાડીની જે પધ્ધતિ લઈ બેઠા છીએ તે છોડતા નથી. તેમાં સુધારા કરવાની આપણને ઈચ્છા થાય છે, પરંતુ સાધનો-જ્ઞાનના અભાવે આપણે કરી શકતા નથી. એક કરે એમ બીજા કરે છે. કરી દેખાડવા માટે જ આ મંડળની મોટી જરૂર હતી અને આપણને ખેતીવાડીની ઉત્તમ પધ્ધતિ ઉપરના આ મંડળ ચડાવશે એવી વક્કી રાખવી જોઈએ.

આ મંડળ તરફથી કેળવાયેલા વિદ્વાનો ખેતીવાડીનો અભ્યાસ કરી આપણને પણ અભ્યાસ કરાવશે. કરી દેખાડશે અને તેમ થવાથી આપણે જલદી આગળ વધીશું. ખેતીવાડીને લગતાં સારા ઉપયોગી પુસ્તકો આપણને પૂરાં પાડશે અને તે વિશે દરેક માહિતી મળી શકશે. એક જ બાળક જો ખેતીવાડીમાં નિપૂણ થશે તો એવા એકવીશ કરશે.૧૦ તેમ જણાવ્યું હતું.

---

૧૦. એજન, પૃ. ૨૮૩

૪.૩ કૃષિ-વિષયક પ્રશ્નો ના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ત્રીજો મહોત્સવ, બાવળા, ઈ.સ ૧૯૧૨

કડવા પાટીદાર શુભેચ્છક સમાજની ત્રીજી બેઠક તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ઈ.સ.૧૯૧૨, બાળવા મુકામે મળી હતી. સભાના પ્રથમ દિવસે સ્વાગત કમિટીનાં ચેરમેન મિ. પુરુષોત્તમદાસે જણાવ્યું કે, "ભાઈઓ ! આપણી આર્થિક સ્થિતિ ઘણી જ નબળી થઈ જવાનાં મુખ્ય કારણો એ છે કે આપણે કેળવણીમાં ઘણા જ પછાત છીએ. અન્ય દેશોના ખેડૂતોની માફક આપણે ખેતીવાડીનો જોઈએ તેવો બદલો (ઉત્પાદન) લઈ શકતા નથી, કારણ કે ખાતર, ખેડ, બી, પાણી વગેરે પ્રકારનાં જે મુખ્ય સાધનો છે તેના અભાવે અને તે વાપરવાના યોગ્ય જ્ઞાનની ખામીઓને લીધે આપણે નિર્ધન રહ્યાં છીએ. અજ્ઞાનતાને લીધે આપણે કેટલું કેટલુંક ખર્ચ નકામું જાય છે અને બીજું પણ એ કારણ છે કે આપણી ગરીબ સ્થિતિને લીધે આપણી પાસે જમીનો રહી નથી. પા અને અડધા વીઘા જેટલા જમીનના ટુકડાઓના માલિક થઈ જવાથી આપણને ખેતીવાડીમાં વિશેષ ખર્ચ આવે છે. અને કદાચ મોટા પ્રમાણમાં જમીનો હોય તો સાધનોના અભાવે તેટલી જમીન નહીં સાચવી શકાવાનાં કારણોને લઈને આપણી સ્થિતિ સુધારી શકાતી નથી, એટલે કે ખેતીવાડીમાં આપણે જે ખર્ચ કરીએ છીએ તે ઘણી વખતે નકામું જાય છે. આર્થિક સ્થિતિ નબળી થઈ જવાનાં અન્ય કારણો પૈકી બીજું કારણ એ છે કે આપણાં ઉડાઉ (અયોગ્ય) ખરચો (ખર્ચો) કરી મિથ્યા મોટાઈ મેળવવાને લલચાઈને છીએ. આપ સઘળાં જાણો છો કે આપણી જ્ઞાતિનો મોટો ભાગ મરણ પાછળનાં ખરચો કરી પાયમાલ થઈ ગયો છે. આવાં ખરચા કરવા માટે કેટલાક લાલચું અને મુર્ખ આગેવાનોમાં ખપતા બન્ધુઓ આપણને ઊંઘાચત્તા પાટા બંધાવે છે. પૈસાની મદદ કરતાં નથી એટલું જ નહિ પરંતુ આપણી જમીન અને ઘરબાર વેચાવામાં પણ તેઓ જ પાછા સામેલ થાય છે. સભાના દ્વિતીય દિવસે "મિ. કેશવલાલ માધવલાલ વકીલે જણાવ્યું કે જે ઠરાવ આપણે પસાર કરીએ છીએ તેનો મતલબ આપ સઘળાં સમજ્યા હશો. કુમાર શ્રી લાલસિંહજીભાઈએ તે રજૂ કર્યો છે અને હું તે ઠરાવને અનુમોદન આપું છું. આગળના સવાલમાં કેળવણી વિશે ઘણું બોલાવ્યું છે, પરંતુ તે ફરજિયાત અને મફત મેળવવા માટે આપણે ના. સરકારને અરજ કરવાની છે. ના ગાયકવાડ સરકારે પોતાની પ્રજાના કલ્યાણને માટે આવો ઠરાવ કર્યો છે અને ઘણાં થોડાં વર્ષમાં તે પ્રજા કેળવણીમાં આગળ વધશે એટલે વિદ્યા પ્રાપ્ત કરી હોય તેવા ખેડૂતો ખેતીવાડી પણ સારી કરી શકશે. ઉપરોક્ત ઠરાવને મિ. જીવણલાલ અમૃતલાલ અમદાવાદવાળાએ અંત:કરણથી અનુમોદન આવ્યું હતું. ત્યારબાદ કૃષિ બાબતને લગતાં ઠરાવ ગોંડલ દેશીરાજ્યના કૃષિ ઉપદેશક રા. ગોકળદાસ કાનજીભાઈ ઉપલેટાવાળાએ રજૂ કરતાં જણાવ્યું કે ગુજરાતી ભાષામાં કેળવણી આપવા, બનતી ત્વરાએ અમદાવાદ શહેરમાં એક ખેતીવાડીની સ્કૂલ ઉઘાડવાના ના. દયાળુ સરકારને આ સમાજ વિનંતી કરે છે."૧૧

૧૧. પરીખ. પુરષોત્તમ. લ, કડવા વિજય, પુસ્તક. ૬, અંક. ૧, વીરમગામ, ઈ.સ. ૧૯૧૨, પૃ. ૧૪૫

ઉપરોક્ત ઠરાવ રજૂ કર્યો પછી રા. ગોકળભાઈએ જણાવ્યું કે, "ખેતીવાડી ઉપર માત્ર વેપાર રોજગારનો જ નહિ પરંતુ રાજ્યનો આધાર પણ તેના ઉપર છે. દુનિયાની દરેક વસ્તુઓ જમીનમાંથી જ પેદા થાય છે અને એટલા માટે આપણા ઋષિ-મુનિઓએ ખેતીવાડીને ઉત્તમ ગણી છે. આવી ઉત્તમ ખેતી મૂકીને નોકરી પસંદ કરવાથી ઘણા માણસો અધમ દશામાં આવી ગયા હશે પરંતુ તેમની નબળાઈનું જ એ કારણ છે ખેતીવાડી બગડી જવાનું મુખ્ય કારણ ખેડૂતોની દેવાદાર સ્થિતિ છે, એટલે સેંકડે ૯૦ ટકા જેટલા ખેડૂતો કરજદાર હોય છે. ખેતી કરનારનો મોટો ભાગ એટલે લગભગ ૬૦ ટકા જેટલા ખેડૂતો સાધન સંપન્ન વગરના છે. એમ કહીએ તો પણ ચાલે આ પ્રમાણે ખેડૂતોની નબળી દશા થવાનું કારણ કેળવણી અને ધનનો અભાવ છે. ખેતીવાડી ઉત્તમ બનાવવા માટે ઘણા સુધારાઓ કરવાની જરૂર છે તે બાજુ મૂકી કુધારારૂપી ઊંડાં ખરચો કરતા જાય છે પરિણામે પૈસે ટકે દુ:ખી હોવાથી તેમની જમીનો પણ રસકસ ઊતરતી જાય છે. સુધારાઓ તરફ વિરોધ જણાવવાનું મુખ્ય કારણ કુસંપ છે અને બીજો પણ કેટલાંક કારણો છે, પરંતુ જ્ઞાન સંપાદન કરવમાં કુધારારૂપી રિવાજો આડા આવે છે તેમાં શંકા જેવું કાંઈ જ નથી. ખેતીવાડી એ સાધરણ વિષય નથી તેમાં પણ જ્ઞાન સંપાદન કરવાની જરૂર પડે છે અને તે વિદ્યા પ્રાપ્ત કર્યા સિવાય મળી શકતું નથી. જ્ઞાન એટલે બુધ્ધિ છે. તેને અક્કલ કહો તો પણ કોઈ કાર્ય સિવાય થઈ શકે નહિ. ખેતીવાડીમાં તર્ક કરવાની જરૂર પડે છે અને કેળવણી લીધા સિવાય તર્કશક્તિ ખીલતી નથી. જેવી રીતે વૈદકશાસ્ત્રનો અભ્યાસ કર્યા વિનાના ઘણા વેદો ઊંટવેદા કરે છે તેમ ખેતીવાડીનું પણ છે, એટલે ખેતીવાડીના શાસ્ત્રોનો અભ્યાસ કર્યા સિવાય પહેલાંના વખતમાં બાપદાદા કરતા હતા તેમ સમજી કરી જવાથી ઉત્પાદનમાં ઘણું જ ઓછું આવે છે આગળની કહેવત પ્રમાણે એક વખત વાવીને સાતવાર લણવાનો પ્રસંગ જતો રહ્યો છે. અત્યારે તો સાતવાર વાવીએ તો પણ એટલું ઉત્પાદન આવતું નથી. આપણી જમીનો ઊતરી ગઈ છે તેને સુધારવા માટે મહેનત, બુધ્ધિ અને પૈસાની એકસરખી જરૂર છે. આપણા આ સમાજ અને જ્ઞાતિનો અન્ય બંધુઓ ખેતીવાડી સંબંધી જે પ્રયાસો કરે છે તેનાં શુભ પરિણામો આવો ! એવી આપણે પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરવી જોઈએ. આપણી સ્થિતિ ઘણી જ નબળી થઈ ગઈ છે એટલે જમીનો પણ નબળી થઈ જાય તેમાં નવાઈ શું છે ? ઉપર પ્રમાણે ભાષણ કર્યા બાદ ખેતીવાડીના કામકાજમાં-વાવવા, નીંદવા અને ખેડવા વગેરે પ્રકારનું સ્પષ્ટીકરણ કરી ખેતીવાડીની પધ્ધતિ વિશે ઘણું સારું જ્ઞાન સમજાવ્યું હતું અને ખેતીવાડી સુધારવા માટે તે સંબંધી જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેવી નિશાળો (સ્કૂલ)ની જરૂરિયાતો વિશે સમજાવ્યું હતું."[૧૨]

૧૨. એજન, પૃ. ૧૪૭

ત્યારબાદ રા. શિવલાલભાઈએ ઉપરના ઠરાવનો ટેકો આપતા જણાવ્યું કે "રા. ગોકળદાસભાઈએ ખેતીવાડી વિશે આપણને ઘણું કહ્યું છે તો પણ બે શબ્દો કહેવાની હું રજા લઉં છું. ભાઈઓ ! અત્યારે આપણી કોમ ખેતીવાડી કરનારી છે એમ કહીએ તો પણ ચાલે, એટલે જ મુખ્ય ધંધો ખેતીવાડી છે તેના ઉપર આપણા ગુજરાનનો આધાર રહેલો જણાય છે. કવિ શિરોમણિ શામળ ભટ્ટે સત્યે કહ્યું છે કે "કણબી પાછળ કરોડ, કણબી કોઈ વાંહે નહિ" મતલબ કે આખા દેશનો આધાર ખેતી કરતી કોમ ઉપર છે એ તેમણે બતાવી આપ્યું છે, અને દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરીએ તો રાજ્યની તિજોરીનો આધાર પણ ખેતીવાડીએ ઉપર જણાય છે. આવી જે મુખ્ય ખેતીવાડી તેનું શાસ્ત્ર શીખવા માટે ઘણી જ જરૂર છે અને તેથી તે સંબંધી જ્ઞાન આપનારી શાળાઓ ઉઘાડવા માટે આપણે ના. સરકારને વિનંતી કરીએ છીએ. ખેતીના જ્ઞાનના અભાવે આપની સ્થિતિ નબળી થઈ ગઈ છે. તેમાં પણ મજૂરી મોંઘી થઈ જવાથી આપણને વિશેષ નુકસાન થયું છે. ઘણી જગ્યાએ જોઈશું તો બીજા ધંધાદારીઓ, નોકરો, કારીગરો કે મજૂરી કરતો વર્ગ કરતા આપણી સ્થિતિ હલકા પ્રકારની થઈ ગયેલી જણાય છે, તેનું કારણ ખેતીવાડીના જ્ઞાનનો અભાવ અને સાધનો મેળવવાની મુશ્કેલી સિવાય બીજું સમજાતું નથી. બીજા દેશની ખેતીવાડીનાં ઉત્તમ પ્રકારનાં, સુધરેલી ઢબનો દરેક જાતનાં સાધનો અને તેમનું જ્ઞાન જોઈ આપણને ખ્યાલ આવે છે કે કેટલાં વર્ષો સુધી પ્રયત્ન કરીશું ત્યારે આપણે તેમના જેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકીશું. તેનો આપણા આગેવાનોએ પણ ખાસ વિચાર કરવાની જરૂર છે. ખેતીવાડીનું જ્ઞાન મેળવવા માટે જે સ્કૂલની જરૂર છે. તેવી સ્કૂલ અમદાવાદમાં ઉઘાડવાની ના. સરકારને હું પણ વિનંતી કરું છું અને આ ઠરાવને અંતઃકરણથી ટેકો આપું છું.

રા. તુલસીદાસ ગોપાળદાસે આ ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે "મારી પહેલાંના પણ ઘણા બન્દુઓએ આ ઠરાવની આવશ્યકતા વિશે આપને સમજાવ્યું છે. અને હું પણ એજ કહું છું કે દુનિયાના બીજા દેશો આજે સમૃધ્ધ થઈ ગયેલા જણાય છે તે પણ ખેતીવાડીનો જ પ્રતાપ છે. આપણે અનુભવી અને ડાહ્યા પુરુષોના કહેવા ઉપર ઓછું લક્ષ આપીએ છી. ઘણી વખતે અજ્ઞાન માણસો કોઈ પણ વાતનું લક્ષ નહિં આપતાં સુધારાને આપણી જ્ઞાતિનો મોટો ભાગ આગળ વધી શકતો અટકાવે છે. કુધારાઓ કહાડો અને સુધરેલી કે અનુસરતી પધ્ધતિ પ્રમાણે તમે દરેક પ્રકારના રિવાજો કે કામકાજ કરો એટલે તમે કરોડપતિ થશો તેમાં નવાઈ જેવું નથી. અમેરિકાના ખેડૂતો જંગલી સ્થિતિમાંથી કરોડોપતિ થયા છે, તેનું કારણ તપાસો ! ખેતીવાડીનું જ્ઞાન સંપાદન કરવા માટે શારીરિક અને માનસિક એવી બંને પ્રકારની સંપત્તિની જરૂર છે, તે પ્રાપ્ત કરો અને ખેતીવાડીના શાસ્ત્રો અભ્યાસ કરો કૃષિશાસ્ત્રના અભ્યાસ માટે જે સ્કૂલની જરૂર છે તે ઠરાવને ટેકો આપવાની મને જે તક આપવામાં આવી છે, તે માટે હું આપનો ઉપકાર માનું છું.

રા. ખુશાલદાસ વેલજીભાઈ ગાબટવાળાએ આ ઠરાવને ટેકો આપતાં આપણા દેશની ખેતીવાડીની પ્રાચીન તેમજ અર્વાચીન ઉત્પાદન વિશે ઘણું સારું અજવાળું પાડ્યું હતું અને ખેતીવાડી ઘણી ઊતરી ગઈ છે, તે દાખલા દલીલોથી સમજાવ્યા બાદ ખેતીવાડીની સ્કૂલની કેટલી

જરૂર છે તે પણ સમજાવ્યું હતું ત્યાર પછી શેઠ ગોરધનભાઈ મોહનલાલે આ ઠરાવને ટેકો આપતાં વિલાયતી યંત્રો વડે ખેતીવાડી કરવાથી થતાં ફાયદા સમજાવ્યા હતા અને તે માટેલેવા જોઈતા ઉપાયો જણાવ્યા પછી ખેતીવાડીનું જ્ઞાન મેળવવાની જરૂરિયાતનો પોતાનો જાત અનુભવ સમજાવ્યો હતો. ત્યારબાદ આ ઠરાવને અમદાવાદવાળા શેઠ માણેકલાલ કેશવલાલ જીવાભાઈએ પણ ટેકો આપ્યા પછી સર્વાનુમતે પસાર થયો હતો.

સભાના અંતિમ દિવસે પ્રમુખ શ્રી સુરતવાળા શેઠ રતીલાલભાઈ સીતવાળાએ ઠરાવ. ૧૦મો રજૂ કરતા જણાવ્યું કે

"બાળલગ્ન પ્રતિબંધક નિબંધ" અન્વયે સ્ટાંય ફી અને દંડની જે રકમ વસૂલ કરવામાં આવી હોય તેમાંથી કડવા પાટીદર વિદ્યાર્થીઓને ખેતીવાડીની કેળવણી તથા ઉચ્ચ પ્રકારની કેળવણી આપવા માટે ના. વડોદરા સરકારને નમ્રતા પૂર્વક અરજ ગુજારવાનો આ સમાજ ઠરાવ કરે છે."[૧૩]

૪.૪ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચોથો મહોત્સવ, વીરમગામ ઈ.સ. ૧૯૧૩

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચોથો મહોત્સવ તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ઈ.સ.૧૯૧૩, વીરમગામ મુકામે મળેલ હતો. મહોત્સવના પ્રમુખ માટે અમદાવાદ ગુજરાત કોલેજના ગણિતશાસ્ત્રના પ્રોફેસર રા. જેઠાલાલભાઈ સ્વામીનારાયણ એમ.એ. ની વરણી કરવામાં આવી હતી.

સભાના અંતિમ દિવસે ઉપલેટાવાળા કૃષિ ઉપદેશક રા. ગોકળદાસ કહાનજીભાઈએ ઠરાવ ૧૧મો રજૂ કરતાં જણાવ્યું કે, "ખેતીવાડીએ દેશનો તથા આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો હોવાથી ગુજરાતી ભાષામાં ખેતીવાડીની કોલેજ સ્થાપવા અને દરેક તાલુકામાં એક-એક સ્કૂલ ઉઘાડવા આ સમાજના સરકારને વિનંતી કરે છે. ઉપરોક્ત દરખાસ્તને સરઢવવાળા રા. છગનલાલ પિઅતામ્બરદાસે અનુમોદન આપતાં તે સર્વાનુમતે પાસ થયો હતો.[૧૪]

સમાજની ચોથી બેઠકના ઠરાવોના પ્રત્યુત્તરમાં પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ એમ.એ રજૂ કરેલ પ્રત્યુત્તર નીચે મુજબ છે.

---

૧૪. મહેતા, કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૪, અંક. ૩, ઈ.સ. ૧૯૧૩, પૃ. ૪૦૧

No: 4580 to 1915
Revenue Department
Bombay Castle, 24th April, 1915

From,
C.W.A Turner Equire I.C.S Under Secretary to the Government of Bombay

To
The President, Fourth Kadwa Patidar Shobhe chhak
Samaj Conference Viramgam

Sir,

With Reference to your letter dated 17th March, 1915. I am directed to in from you that Government unable to provide a Separate Agricultural college For Gujarat and that they have deeded to establish a Vernacular agricultural School at Goghra in the Panch Mahals district, but that the work has been Postponed owing to the present Financial Situation.

I have the honour to be sir
Your Most obedient servant
Sd (અંગ્રેજીમાં સહી)

For Under Secretary to Government

તરજૂમો.

નંબર: ૪૫૮૦-૧૯૧૫
રેવન્યુ ડિપાર્ટમેન્ટ
મુંબઈ કેસલ તા. ૨૪ એપ્રિલ ૧૯૧૫

તરફથી
સી. ડબલ્યુ. એ ટર્નર. આઈ. સી. એસ
મુંબઈ સરકારના અંડર સેક્રેટરી

રવાના
ચોથી કડવા પાટીદાર શુભેચ્છક સમાજના પ્રમુખ વિરમગામ

સાહેબ,

આપના તા. ૧૭મી માર્ચ, ૧૯૧૫ ના પત્રના જવાબમાં મને લખવાનું ફરમાન થયું છે કે ગુજરાતને વાસ્તે ખેતીવાડીની જુદી કોલેજ પૂરી પાડવા ગવર્મેન્ટ-સરકાર અસક્ત છે, અને કે તેણે પંચમહાલ જિલ્લામાં ગોધરા ખેતીવાડીની ગુજરાતી સ્કૂલ સ્થાપવા નિર્ણય કર્યો છે, પણ નાણાં સંબંધીની હાલની સ્થિતિને લઈને તે કાર્ય મુલતવી રાખવામાં આવ્યું છે.

હું છું
આપનો અતિ નમ્ર સેવક.
સહી (અંગ્રેજીમાં સહી)
સરકારના અંડર સેક્રેટરીની વતી.

૪.૫ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પાંચમો મહોત્સવ, ધ્રાંગધ્રા, ઈ.સ. ૧૯૧૫

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો પાંચમો મહોત્સવ તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર ઈ.સ.૧૯૧૫ના રોજ ધ્રાંગધ્રા મુકામે મળ્યો હતો. સ્વાગત મંડળના પ્રમુખ મે. રતીલાલભાઈ સીતવાળા જણાવ્યું કે

"આ દેશનો મુખ્ય આધાર ખેતીવાડી પર છે, અને ખેતી કરનાર કોમ આપણી હોઈ આપણા દરેક બાળકોને નાનપણથી જ, ખેતીવાડીનું જ્ઞાન આપવું આવશ્યક છે. ખેતીવાડી એક સર્વોત્તમ ધંધો છે, પણ આપણને ખેતીવાડી શી રીતે ખીલવવી તેની બિલકુલ ખબર નથી અમેરિકા વગેરે દેશના ખેડૂત લોકોએ પોતાની જૂની ખેતીવાડીની પધ્ધતિનો ત્યાગ કરી રસાયનશાસ્ત્ર અને યાંત્રિકબળનો આશ્રય લઈ, નવી ઢબ અને નવાં ઓજારોથી, ખેતીવાડીને એટલી તો સુધારી છે કે, તેઓની પાસે લાખો-કરોડો રૂપિયાની પ્રાપ્તિ થઈ છે, ત્યારે આપણે તો હજારો વર્ષો પૂર્વેથી ચાલી આવતી ઢબ પ્રમાણે ખેતીવાડી કરતાં આવતાં હોઈ અને જમીનનો રસકસ શી રીતે સુધારવો તેનું જ્ઞાન નહીં હોઈ, એક જ જાતની પધ્ધતિ અત્યાર સુધી ચલાવી જમીનની કિંમત ઘટાડી આપણી દુર્દશા સાથે લાવી મૂકી છે આપણાં ભાગ્યોદય છે કે હાલમાં ખેતીવાડી રાજકર્તાઓનું તે તરફ ધ્યાન ખેંચાયેલ છે, અને નાસિકમાં જેવી રીતે પ્રાથમિક શિક્ષણની સાથે નવી જ ઢબનું ખેતીવાડીનું શિક્ષણ આપવામાં આવે છે, તેવી જ રીતે દરેક સ્કૂલમાં પ્રાથમિક કેળવણીની સાથે ખેતીવાડીનું શિક્ષણ પણ આપવામાં આવે તો, આપણી ઉન્નતિ ઘણી જ જલદીથી થઈ શકે."

મહોત્સવનાં પ્રમુખ તરીકે વિરમગામના કુમાર શ્રી લાલસિંહજીભાઈની વરણી થઈ હતી તેમણે કૃષિ સંદર્ભે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે "ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ નોકરી" ભાઈઓ ! ખેતીનો ધંધો ઉત્તમ છે, અને તમામનું પોષણ કરનારો હોવાથી તે પરમાર્થે જેવો પણ છે. આપણા માટે કહેવત છે કે:-

કણબી પાછળ કોડ, કણબી કોઈ પાછળ નહિ.
હળથી બાંધે હોડ, પેટ ભરે પાદશાહ તણો.

ખરેખર બન્ધુઓ, તેમજ છે. રંકથી રાજા સુધી તમામનું તમો જ પૂરું કરો છો. જો તમો પાક ન પકવો તો, રાજાના ભંડાર ખાલી રહે. મોટી મોટી મિલો ચાલે છે તે પણ બંધ રહે અને તેવી રીતે તમામ વેપાર-ધંધા જે ખરેખર દલાલ જેવા જ કહી શકાય તેમ છે, તે સર્વે બંધ પડે.

બંધુઓ ! આપણું ખેતીનું કાર્ય ઉત્તમ છે અને તે પરમાત્માએ આપણને જગત પર ઉપકાર કરવા સોંપ્યું છે; એટલે તે કાર્ય આપણે સદાયે નભાવીને જગત્ પર ઉપકાર કરવાનો જ છે.

ખેતીનો ધંધો ખંતથી અને ધીરજથી નિયમ પ્રમાણે કરવામાં આવે તો તેમાંથી દ્રવ્યનો પણ સારો લાભ થાય છે. આવાં ઘણાં કરણો ખેતીના લાભમાં હોવા છતાં, ફક્ત આપણી અને ખેતીનો ધંધો કરનાર તમામ વર્ગોની બેદરકારીને લીધે, હાલમાં ખેતીનો ધંધો જે ઉત્તમ છે; તે હલકો ગણાવા લાગ્યો છે.

ભાઈઓ ! જો આપણે ખેતીવાડીની કેળવણી લઈને ખેડુ, ખાતર અને પાણીની પૂરતી ગોઠવણ સાથે પાક પાકે છે, તે કરતાં આપણે વધારે પકવી શકીએ અને હાલમાં જે આપણો ઉત્તમ ધંધો હલકો ગણાય છે, તે પાછો ઊંચો ગણાવા લાગે.

ભાઈઓ ! આપણા દેશની જમીન કરતાં અમેરિકા અને જાપાન દેશની જમીન હલકી છે, પરંતુ ત્યાંના લોકો આપણાં કરતાં વધુ ખંતીલા અને વધુ ભણેલા હોવાથી નવી નવી જાતનાં ઉત્તમ ખાતરોની મદદથી ત્યાં પુષ્કળ પાક પેદા કરે છે. ખરેખરના આ આપણને શરમાવા જેવું જ ગણાય. કારણ કે આપણી પાસે ઉત્તમ જમીન હોવા છતાં અને તે આપણો પરાપૂર્વનો ધંધો હોવા છતાં, આપણે ફક્ત કેળવણીમાં પછાત પડી જઈને, આપણે આપણી લાયકાત ઘટાડીએ છીએ. આપણા દેશમાં "હાડકાંનું જે ઘણું જ કિંમતી ખાતર છે, તેનો આપણે અજ્ઞાનતાથી ઉપયોગ નથી કરતા, તેથી તે કિંમતી ચીજ લાખો રૂપિયાની દર વર્ષે પરદેશ જાય છે; ને ત્યાંના ખેડૂતો તે વડે કરોડો મણની પેદાશ કરે છે.

બંધુઓ ! જો જમાનાને ઓળખીને, ખેતીનાં હથિયારો તથા ખાતરોમાં સુધારા કરીને, કાળજીપૂર્વક આપણે ખેતીનું કામ કરીશું, તો નક્કી આપણે થોડા વખતમાં આબાદ બનીશું અને સાથે-સાથે આખી જ્ઞાતિને પણ આબાદ બનાવી કરી શકીશું, તે નક્કી છે, નમસ્કાર સરકાર તરફથી થોડાં વર્ષોથી ખેતીવાડીના સુધારા સંબંધી ખાસ કાળજી રાખવામાં આવે છે, ને તેને લગતી તમામ માહિતી વગર પૈસે પૂરી પાડવામાં આવે છે; તો આપણે તેનો છૂટથી લાભ લેવો જોઈએ, અને હવે આપણાં બાળકોને ખેતીવાડીની નિશાળમાં ભણવા મોકલવા તૈયાર કરવાં જોઈએ.[૧૫]

ભાઈઓ ! હું આશા રાખું છું કે, ખેતી સંબંધીનું આ વિવેચન સાંભળી આપ હવે વધુ ખંત અને ધીરજથી ખેતીના કામમાં જોડાશો અને વધુ ઉત્પન્ન પેદા કરી તમારી સ્થિતિ સુધારશો.

ત્યારબાદ તેમણે જણાવ્યું કે, "જે જ્ઞાતિજનો કૃષિના ઉત્તમ ધંધામાં પડી ન શકે તેઓએ વ્યાપાર હુન્નર અને પરચૂરણ ઉદ્યોગોમાં પડવું જોઈએ અને તેમાં પણ ખંત રાખી સફળ થવા પ્રયત્ન કરવો જોઈએ. સામાન્ય ન્યાય એવો છે કે જો શુધ્ધબુધ્ધિથી કોઈપણ ધંધો કરવામાં આવે તો તેમાં પણ લાભ મળે છે.

---

૧૫. મહેતા, કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૯, અંક. ૧૨, ઈ.સ. ૧૯૧૬, પૃ. ૪૧૩

ત્યારબાદ તેમણે ગૌપાલન સંદર્ભે જણાવ્યું કે ભાઈઓ ! ગાયનું પોષણ કરવું તે આપણો મુખ્ય ધર્મ છે. અને તેમ કરવામાં આપણું સ્વાસ્થ પણ સુધરે છે. જો સારી રીતે ગાયનું રક્ષણ કરવામાં આવે તો તેની ઓલાદની તથા ઘી-દૂધની કિંમતથી જ રક્ષણ કરનારને ઘણો બદલો મળી જાય છે. ગાયનું પાલન કરવામાં શાસ્ત્રની રૂએ પૂણ્ય થાય છે, તેમજ તેનાં તંદુરસ્ત દૂધનો લાભ મળે છે. આપણા ભાઈઓ ભેંસોને વિશેષ કરીને રાખે છે, પરંતુ તેને બદલે ગાયો પાળવી જોઈએ.

સભાના દ્વિતીય દિવસે શેરથાના પા. માધવલાલ ત્રિકમદાસ, આદ્રજવાળા પા. ધનશા જયકરણદાસ; સાણંદના પા. અંબારામ ઈચ્છાભાઈ, અમરેલીના પા. વીરજી કરસનજી તથા ઉપલેટાવાળા પા. ગોકળદાસે, ઠરાવ ૧૦મો રજૂ કરતાં જણાવ્યું કે

"ગુજરાતી ભાષામાં ખેતીવાડીનું ઉચ્ચજ્ઞાન આપવા કડી પ્રાંતમાં જ્યાં કડવા પાટીદાર ખેડૂતની મુખ્ય વસ્તી છે ત્યાં એક સ્કૂલ ઉઘાડવા નેક નામદાર મહારાજા શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડને આ સમાજ નમ્રતા પૂર્વક વિનંતી કરે છે."

સભાના અંતિમ દિવસે ઉપલેટાવાળા કૃષિ ઉપદેશ ગોકળદાસ કહાનજીભાઈ પટેલે જણાવ્યું કે, "ખેતીવાડી એ આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો હોવાથી તેનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરવા તથા તે ધંધાને ખીલવવા અને ગૌપાલન કરવા આ સમાજ દરેક બન્ધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઉપરાન્ત તેમણે જણાવ્યું કે ભાઈઓ ! હું ખેડૂત છું. ખેતીવાડીએ આખા દેશની આબાદીનો ધંધો છે. તે જ ધંધાથી વિશ્વનું પોષણ થાય છે. અસલ આ દેશ સુવર્ણભૂમિ ગણાતો અને પરદેશીઓ લલચાઈને આવતા હતા. તે ખેતીવાડીની આબાદીને લીધે હતું. તે જ ભૂમિના આજના ખેડૂતોની દશા શી છે ? ૧૦૦માં ૯૦ તો દેવામાં ડૂબેલા જ છે. ૧૦૦માં ૪૦ પાસે ખાવાને દાણા નથી. ૧૦૦માં ૨૦ની જમીન ગીરો મુકાઈ છે અને ૧૦૦માં ૯૯ નિરક્ષર-અભણ છે. તેમને પૂરાં કપડાં પણ પહેરવાના નથી. ખાવાને જાર-બાજરીનાં રોટલોને અડદની દાળ છે. અમેરિકાના ખેડૂતો પાસે બંગલા, ગાડી, ઘોડા વગેરેની સુખ સાહેબી હોય છે, કારણ કે તેઓ ખેતીનું શાસ્ત્રીય જ્ઞાન મેળવીને ખેતી કરે છે. જ્યારે આવી વિદ્યા આપણા જાણવામાં હતી ત્યારે ઘઉં વીઘે ૬૫ મણ થતાં હતા તે હાલ ૧૦ મણ થાય છે. જમીન પાસેથી જે રસકસ લઈએ છીએ તે પાછો ખાતર રૂપે પૂરતા જથ્થામાં અપાતો નથી. છોડ ઉગ્યોને જમીનમાંથી કસ ચૂસ્યો. દાણા થયા. દાણા માણસે ખાઈ પોતાનું પોષણ કર્યું ઘાસ ઢોરેને ખાધું પણ ઢોરને મનુષ્યનાં મળમૂત્ર જે બહાર નીકળ્યાં તે પાછાં જમીનને મળવાં જોઈએ તે નથી મળતાં. છાણાં બાળી દેવાય છે. મૂત્રને ગમે ત્યાં ઢોળી દેવાય છે ને તેની અંદર રહેલી ખાતરનો અમૂલ્ય ભાગ બેદરકારીથી તેના જ્ઞાન વિના છેવટે વરાણરૂપે ઉકરડામાંથી ઊડી જાય છે ને પછી પ્રાણ વિનાના શરીર જેવું તે ખાતર જમીનમાં તડકે નાંખી રાખે છે. ગેસ બધો ઊડી જાય છે તે શું કસ પૂરે ? ઢોરનાં હાડકાં જેનું અતિ કિંમતી ખાતર બને છે તેને આપણાથી અડાય નહિ. લાખોને કરોડો ટન પરદેશ ગયાને દળાઈને ત્યાંની જમીનને ધનવાન કરવામાં વપરાયાં. હાડકાંમાં જમીનનું વીર્ય ફોસ્ફરસ છે. ખોળમાં ખનીજ તત્વ છે. તે પણ કાતરનો અતિ મહત્વનો ભાગ છે. તેનો પણ આપણે ઉપયોગ કરતા નથી ને કરોડો મણ પરદેશ જાય છે.

જાપાનની એક જ પેઢીએ ૮ લાખ ટન ખોળ લીધું હતું. આ પ્રમાણે જમીનમાંથી ખેંચેલા રસકસના બદલામાં જે વસ્તુઓ તેને પાછી મળવી જ જોઈએ તે આપણી ગફલત, બેદરકારી ને બેવકૂફાઈથી બહાર ચાલી જાય છે ને આપણી ભૂમિ નિરાશ બને છે. આવા પદાર્થોના બદલે પરદેશથી કેટલીક એવી ચીજો ઉપયોગ કર્યા પછી કાંઈ કામ ન આવે ને ઊલટું માણસને અને ઢોરને પણ નુકસાન કરી બેસે છે. આ પ્રમાણે વધારે વર્ષો સુધી રસકસ ચૂસી લઈ જમીનને પાછો બદલારૂપે ખાતર દ્વારા કસ ન પુરાવાથી જમીનો ઊતરી ગઈ છે ને તેને અજ્ઞાન ખેડૂતો કહે છે કે હવે કળી યુગ આવ્યો છે ને ધરતી માતાએ રસકસ ચોર્યા છે. પણ ખરું કારણ તો જમીનને પૂરતા જથ્થામાં પોષણ નથી મળતું તે જ છે. આ પ્રમાણે ચાલ્યાં કરશે તો આખરે જમીન સહરાના રણ જેવી ઉજ્જડ થઈ જશે. હિંદ ઉષ્ણકટિબંધમાં હોવાથી તેમાં સઘળી વનસ્પતિ પાકે છે. તેમાં મોટા મોટા ધર્મ પ્રચરકો અને યોધ્ધાઓ ઉત્પન્ન થયા છે. ઉત્તમ પાક થતો હતો પણ જો હવે ખેતીવાડી પર ધ્યાન નહિ આપો તો પાયમાલી થઈ જશે. ખેડૂતોએ પણ ખેડ, ખાતરથી જમીનનો કસ જાળવવા કાળજી રાખવી જોઈએ. જો ખેડૂતને જમીન વાસલ (પડતર) રાખવા કહીએ છીએ તો નુકસાન જવાનું બતાવે છે, પણ તે તેમની ટૂંકી નજરની ભૂલ છે.૧૬

વાસલ (પડતર) રાખવાથી ને પહોળા પહોળા ચાસ રાખવાથી ડબલ લાભ થાય છે. પાકને છેટે-છેટે રાખવાથી હવા સારી મળે છે ને તેમાંથી તે છોડ ખાતરથી પણ વધારે કિંમતી હવ ચૂસે છે ને જલદી ઊછરે છે ને પાક વધારે આપે છે. નવી પધ્ધતિથી ગોંડલમાં મગફળી અને બટાટા પુષ્કળ થવા લાગ્યા છે. એક વીઘામાં શેરડી એક હજારની પેદાશ આપે છે. જીરાનો પાક પણ થાય છે. જમીનમાં એક ને એક પાક લેતા જશો તો જમીનમાંથી તે તત્વ જતું રહેશે; માટે પરસ્પર વિરોધી તત્વો ચૂસનાર પાક વારાફરતી વાવો. ખાતર માટે ખાડા ખોદી છાંપડો કરી તેમાં સંગ્રહ કરવો જોઈએ. છાણનાં છાણાં કરી બાળી નાંખવા ન જોઈએ. એક ઢોરનું છાણ દશ રૂપિયાનું ખાતર આપે છે, પણ ઢોરનું મૂત્ર સહુથી વધુ કિંમતી ખાતર છે. જાપાનના ખેડૂત દૂધ કરતાં મૂત્રને વધારે કિંમતી ગણે છે માણસનાં મળમૂત્ર તથા ઢોરનાં હાડકાં એને આપણે અડતા નથી પણ તે સહુ સર્વોત્તમ ખાતર છે. હાડકાં લાખો ટન દેશાવર જઈ ચપ્પુના હાથ બુટન વગેરે રૂપે આપણા ઘરમાં તો શું પણ મંદિરમાં દેવપૂજનમા પેસી જાય છે. કારણ કે જેમ ગંગાજીમાં સ્નાન કરવાથી પાવન થાય છે તેમ તે હાડકાં પણ પતિપાવનની થેમ્સ નદીમાં નહાઈને આવે છે. દેશમાં વરસાદ નથી તેનું કારણ ઝાડ નથી. ને. ના મહારાજાના જન્મ દિવસે એક એક ઝાડ રોપવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ તેથી ફળ મળેને લાકડાં પણ થશે.

પડતર પડી જમીનમાં, જો ઝાડો રોપાય,
દ્રવ્ય વધે આ દેશનું, દૂર જાયે દુષ્કાળ.

૧૬. એજન, પૃ. ૪૧૬

ઓજારો સારાં રાખો, બળદો માટે ગાયોનું પાલન કરો; તો જ ઉત્તમ બળદ થશે. હે હિંદમાતા! અમારા દેશમાં ભક્ત દાદાભાઈ, ગોખલે, ગાંધી જેવા નર હજારો ઉત્પન્ન કરો અને ખેડૂતોને આધાર આપનાર આવા ને. ના. શ્રી રાજ સાહેબને દીર્ધાયુષ્યમાન કરો. તેમ તેમણે જણાવ્યું હતું.૧૭

સભાના પ્રમુખ દ્વારા ને. ના. શ્રી રાજાસાહેબને માનપત્ર આપતા માનપત્રમાં નીચેની વિગતો રજૂ કરી હતી.

કૃષિકારોના હિતચિંતક નૃપતિ !

આપ નામદાર સાહેબ આ દેશમાંથી પ્રાપ્ત કરેલ સદ્‌વિદ્યા અને પાશ્ચાત્ય દેશના લાંબા વખતના પ્રવાસના પરિણામે ઉચ્ચ અને ઉદ્દાત રાજપ્રકરણીય શિક્ષણનો અનુભવ મેળવી "રાજ્યની કૃષિકાર પ્રજા કામધેનુ સમાન ફળ પ્રદાયીની છે" એ મહાન સિધ્ધાંતને વિચારમાંથી આચારમાં મૂકી કૃષિકારોને કૃતાર્થ કર્યા છે, જેનો યથાસ્થિત ગુણગાન ગાવા અમે અસમર્થ હોવા છતાં આપ નામદારની ગુણગ્રાહક્તામાં સંપૂર્ણ શ્રધ્ધા રાખી હૃદયમાં ઉપકારની સત્ય લાગણીઓ આ પ્રસંગે અનાયાસે વ્યવસ્થિત યા અવ્યવસ્થિત સ્વાભાવિક શબ્દોના સમૂહરૂપ બહાર નીકળી જાય છે તેના માટે ક્ષમયાચી નિવેદન કરીએ છીએ કે...

૧. આ રાજ્યના કૃષિકારોમાં કાયમી ખેડહકના અભાવે જે શંકા રહેતી હતી તે ટાળી નાંખી તેમને જૂથનો ખેડહક બક્ષી પેટે કરી આપવાના અતિ ઉદાર ફરમાનથી તેઓને તેમના ખાતાની જમીનમાં મમત્વ ઉત્પન્ન કરી ઊભય પક્ષનું હિત સાચવ્યું છે તે આપ નામદાર સાહેબની કાર્યદક્ષતા અને અતૂલ બુદ્‌ધિબળનું સંપૂર્ણ ભાન કરાવે છે; તદ્‌ઉપરાંત ખેડૂતોને તેમના કબજાની જમીન ઉપરનાં વૃક્ષોની માલિકી આપી, વેઠની મુશ્કેલીમાંથી મુક્ત કરી નિ:સંતાન વિધવાઓ પાસેથી, તેના ખાવીંદના ખાતાની જમીન બીજાને આપવાનું ધોરણ અટકાવીને અનાથ વિધવાઓને સનાથ બનાવી સમસ્ત ખેડૂત વર્ગને સંપૂર્ણ સધિઆરો આપ્યો છે, તથા...

૨. જે કરજદાર ખેડૂતો પ્રતિદિન પક્ષના વ્યાધિ સમાન દેણામાં દુર્બળ થતાં હતા, તેમના પર દયા લાવી વ્યાજના ચડતા રામ ઉતારી, આરામ આપવા ટૂંકી રકમોના હયતા કરી આપી. ધન્વંતરી સમાન ઉપકારી બની તેમને વ્યાધિ મુક્ત કર્યા છે; અને પોતાનો ધંધો ચલાવ્યા તેમનામાં નવીન જુસ્સો પ્રેર્યો છે, એટલું જ નહીં પણ ખેડૂતોને વધારે અનુકૂળ થઈ પડે તેવા નિયમો યોજી એગ્રીકલ્ચરલ બેંકને સારા પાયા પર મૂકી વણિક કોમના વધુ પડતા વ્યાજ અને કઢારામાંથી મુક્ત કરી નામના વ્યાજે જરૂરી પ્રસંગે નાણાં મળી શકે તેવી સઘળી સગવડો કરી આપી છે. વળી...

---

૧૭. એજન, પૃ. ૪૧૯

૩. નિષ્ફળ નિવડેલ ચોમાસાવાળાં વર્ષોના ભયંકર ત્રાસમાંથી ખેડૂતોને બચાવી આફત મુકત કરવાને સે. ૧૯૬૮ની સાલમાં રાજ્યનાં જુદાં-જુદાં ગામોએ પાણીના સંખ્યાબંધ કૂવાઓ કરાવી આપી, તેમજ ચાલુ સાલમાં પણ વર્ષે નિષ્ફળ થતાં તેજ પ્રમાણે બીજા ઘણા નવા કૂવા વધારી ખેડૂત તથા તેનાં ઢોરાંઓને માટે હંમેશની મુશ્કેલી રફેદફે કરી રાજ્યને ઊપજ આપનારી સમૃધ્ધિ વધારી છે, અને ખેતીના ધંધામાં પાણીની અનુકૂળતા એ મુખ્ય અંગ હોવાથી વ્યાજના યોગ્ય બદલાની ઉપેક્ષા કરી મોટી રકમ રોકી, ટીકર ગામમાં અજમાયશી "શ્રી ધનશ્યામસિંહજી ઈરિગેશન વર્ક્સ આપ નામદારે કરેલ છે: જેના પ્રભાવે રણના કાંઠે આવેલી એ ભૂમિમાં બનેલી લીલીછમ વાડીઓ પ્રેક્ષકને નંદનવનનું ભાન કરાવી અતિ આનંદ આપે છે વધારામાં એ સિવાય રાજ્યમાં જ્યાં-જ્યાં આવો પાણીનો ન્યૂન જથ્થો જણાયો છે ત્યાં ત્યાં પાતાળ કૂવાઓ કરી આપવાના પ્રશંસનીય ઈરાદાથી હાલ અજમાયશી બોરિંગનું કામ પણ ચાલુ કરી દીધું છે. એ પાર્માર્થિક કાર્યમાં આપ નામદાર સાહેબને જગન્નિયંતા જયવંત બનાવો એવી અમારી પ્રાર્થના છે.

આ પ્રમાણે અમારા ઉપર બતાવવામાં આવતી મહેરબાનીથી અન્ય પ્રજાને અપૂર્ણ વિચારે અમારા તરફના આપ સાહેબના પક્ષપાતની પ્રતિતી થાય, પરંતુ અર્થશાસ્ત્રના સિધ્ધાંત મુજબ દેશની દોલત વધારનાર કૃષિકારરૂપ જઠર અંગ પોષણ પામતો, અન્ય પ્રજાવર્ગરૂપ દેશનાં સમસ્ત ઉપાંગ પોષાય છે એ નિર્વિવાદ છે, છતાં સામાન્ય પ્રજા હિત માટે આપ નામદાર સાહેબે કાંઈ ન્યૂયતા રાખી નથી.

પ્રાયતખ્ત ધ્રાંગધ્રાંમાં ફીમેલ હોસ્પિટલ તથા મહાલદીઠ દવાખાનાં સ્થાપવામાં આવ્યો છે. રાજ્યની ગુજરાતી શાળાઓમાં પણ સારો વધારો કરી ભિન્ન-ભિન્ન પ્રકારની છાત્ર વૃત્તિઓ સ્થાપવા ઉપરાંત ધર્મની દરેક સંસ્થાનાં અટકેલા શાસનો ચાલુ કરીને તથા વધારીને, અનાથાશ્રમ બંધાવી આપી ધર્મધુરંધરપણાનું વિશેષણ સાર્થક કરી બતાવ્યું છે; વળી વ્યાપારવૃધ્ધિ માટે પણ પાટનગરમાંઅ તથા મહાલોમાં જીનિંગ ફેક્ટરીઓ તથા કોટન પ્રેસ ઉઘાડી (શરૂ કરી) ધ્રાંગધ્રા શહેરને દેશપરદેશના રૂના વ્યાપારનું એક અગત્યનું મથક બનાવી પ્રજાના વ્યાપારની અભિવૃધ્ધિ કરી છે; આ ઉપરાંત અનેક સત્કાર્યોનું યથોચિત વર્ણન કરતાં અમારી લેખિની પરાજિત થાય છે, છતાં પણ અમારે કહ્યા વિના ચાલતું નથી કે...

અમારી કડવા કણબીની બહોળી કોમનું રાજખરચે આ મહાન સંમેલન (દેશતેડુ) કરી ઈતિહાસના પાના પર "પાવત્ ચંદ્ર દિવાકરો" સૂવર્ણ અક્ષરે એક એવા અપૂર્વ અદ્વિતીય અને પ્રશંસાપાત્ર બનાવવાની નોંધ કરી છે કે જેના માટે અમો અને અમારી ભાવિ ઓલાદ, કૃષિકારોના કદરદાન આ રાજ્યપ્રતિ ઉપકારક દ્રષ્ટિથી જોશે.

માનપત્રના વાચન બાદ ને. ના શ્રી રાજસાહેબે નીચે પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો હતો કે

"આપણાં દેશમાં દરેક સમાજના મંડાણરૂપ સંપત્તિ ઉપજાવનાર વર્ગ તરીકે ખેડૂતો પ્રથમ દરજ્જો ભોગવે છે. તેવા સમૂહમાં કુચાલો તથા કુરીતિઓનો સડો પેસવાથી તેનું પરિણામ રાજ્યમાં દરેક અંગેને સોસવું પડે, એટલે રાજ્યના પાયારૂપ ગણાતી ખેડૂત કોમને હાલના જમાનાને અનુસરતા સૂધારાઓ દાખલ કરી ઉચ્ચ પાયરીએ લાવવી એ અમારો રાજ્યકર્તા તરીકેનો પ્રથમ ધર્મ સમજીએ છીએ તેથી તમારા "કડવા પાટીદાર શુભેચ્છક સમાજ" જેવાં મંડળો જે કામ બજાવી રહ્યાં છે તેમાં પૂરી સહાનુભૂતિ આપવી એ ઈષ્ટ ગણીએ છીએ.

ઉપરાંત તેમણે જણાવ્યું કે "ખેડૂતો પોતાના ધંધામાં નવા વિચારો પ્રમાણે યોગ્ય ફેરફારો તથા સુધારો વધારો કરી શકે, તે માટે નવીન ઢબનાં ઓજારો જુદી-જુદી જાતનાં ખાતરો, સારાં બીજ તથા પાણીનાં સાધનો પૂરાં પાડવા આ રાજ્યે પગલાં લીધા છે, અને ભવિષ્યમાં પણ તેવી જ રીતે લેતું રહેશે.

ત્યારબાદ ના. દીવાનજી સાહેબને માનપત્ર આપવાની ક્રિયા ચાલુ થઈ. મે. પ્રમુખ સાહેબની પ્રેરણાથી પાટડીના દેસાઈ નારાયણસિંહજીભાઈએ તે રજૂ કર્યું હતું જે નીચે મુજબ છે.

સદ્‌ગુણ મહાસાગર, વિદ્યાવિલાસી અને પ્રજાપ્રિય
મંત્રીવર્ય શ્રીયુત્ રાણા શ્રી માનસિંહજીભાઈ ધ્રાંગધ્રા

નામદાર દીવાનજી સાહેબ !

રાજ્યમુકુટધારી મહાનુભાવોની મોટી સંખ્યાને ગણતરીમાંથી મુક્ત કરતાં ક્ષત્રિય કોમમાંથી જે આંગળીને વેઢે ગણાતા કર્મવીરો વિલાયત જઈ આવી ઉદાત કેળવણી સંપાદન કરી આવ્યાં છે તેમાં આપ પણ એક છો. એ અસાધારણ જ્ઞાનની સિધ્ધિમાં જ આપનું જીવન વ્યતિત કરતાં વિદ્યાનો વિલાસ એ આપનું વ્યસન હોવાથી એ દેશમાં જ આપે પૂર્ણ અભિરૂચિ રાખી અમારી ખેતીવાડીની વ્યવહારિક કેળવણી પ્રતિ ખાસ લક્ષ આપી એ જગપોષક સદ્‌વિદ્યાને સંપાદન કરાવવા આપ નામદારે પાશ્ચાત્ય પધ્ધતિ પ્રમાણેની ખેતીવાડીના નવા-નવા ઓજારોથી ચાલતી નવી-નવી સૂધરેલી ઢબની ખેતીની પધ્ધતિનું અમને પ્રત્યક્ષ પ્રયોગિક સપ્રમાણ જ્ઞાન પ્રાપ્ત કરાવવા, ગામેગામ અમારી અજ્ઞાન કોમને એકઠી કરાવી સદુપદેશ સાથે પ્રયોગો કરાવ્યા છે, જેણે અમારા એ ધંધાના વડીલોપાર્જિત પરંતુ વૃધ્ધ થઈ ગયેલા વિજ્ઞાન પ્રદેશમાં પચીસમાં પૂર્ણ કળાએ પ્રકાશતા જ્ઞાન વિભાકરના મૃત સંજીવનીય કિરણો વડે નવું જીવન પ્રેરી અમને તે દિશામાં પૂર્ણ ઉત્સાહપૂર્વક પ્રેર્યા છે.

આપના મધ્યમાં રાતદિન રમી રહેલા અમારા ઉધ્ધારના આવા અનેક ઉપાયોને વિચારમાંથી આચારમાં મૂકવી આપ નામદારે, અનેક યોજનાઓને, નામદાર ખુદાવિંદ મહારાજ શ્રી રાજ સાહેબની હાજરીમાં રજૂ કરી છે જેના પ્રત્યક્ષ પ્રમાણો તરીકે ઈરીગેશન વર્ક્સ, બોરિંગની ચાલુ થયેલી યોજના વગેરે દ્રષ્ટાંતો અંગેની સ્ટેટ, પ્રજા અને દૂર દૂરના કૃષિકારોની દ્રષ્ટિ સમીપ મોજૂદ છે.

વિદ્યામાં આગળ વધી શકે તેવા અમારાં બાળકો અને યુવાનોને આ ઉત્તમ દિશા તરફ વધુ બળપૂર્વક આગળ વધારવા આપ નામદારે અનેક સગવડો કરી આપેલ છે, તથા પાટનગર ખાતે ખેડૂત બોર્ડિંગની સ્થાપના અને ખેતીવાડીનું વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા ઈચ્છતા યુવકને શ્રી હજૂર સાહેબે ઉદારતાથી એનાયત કરેલી સ્કોલરશિપ ખાસ લક્ષ ખેંચી રહી છે.

અવારનવાર આવી પડેલા ૬૮ના તથા ૭૧ના દુષ્કાળના કરાળ મુખ (કાળમુખ) માં કચડાઈ જતા અમારી કોમનાં રંકબંધુઓના સંકટ નિવારણાર્થે ઠામ ઠામ સંખ્યાબંધ રાજ મદદથી થયેલ કૂવાઓ, વાડીઓ, ખેડૂત બેન્ક વગેરે નેક નામદાર શ્રી હજૂર સાહેબ તરફથી થયેલ ઉપકારક યોજનાઓમાં પણ અમાત્ય તરીકેનો આપ નામદારનો અંગત અનુભવ અમને ઓછો લાભપ્રદ થઈ પડેલ નથી.

ઉપરોક્ત માનપત્રના વાચન બાદ ના. દિવાનજીએ પ્રત્યુત્તર આપતાં નીચે પ્રમાણે ભાષણ રજૂ કર્યું હતું.

"અર્થશાસ્ત્રકારોએ રાજ્યની સંપત્તિના મુખ્ય ઉપજાવનારાઓ તરીકે ખેડૂતોને જ માન્ય છે. બીજા વર્ગ જેવા કે વ્યાપારી વગેરે તો માત્ર આ થયેલ નીપજને જુદે-જુદે સ્થળે લઈ જઈ વિવિધ રૂપ આપનાર લક્ષ્મીના માત્ર સંચાલક છે. જ્યારે ખેડૂતો તો ખરા ઉત્પાદક છે. એટલે દરેક સમાજનો મૂળ પાયો તો એમની ઉન્નતિ અને ઉત્કર્ષ ઉપર જ રચાયેલો છે; તેમાં પણ હિંદુસ્તાનમાં તો કૃષિકાર વર્ગ સેકડે ૮૦ ટકાથી પણ વધારે છે અને આપણે આબોહવા, જમીનની ફળદ્રુપતા, રહેણીકરણી અને પ્રચલિત માન્યતાઓથી ઘણે અંશે ખેતીવાડીની ખીલવણી ઉપર જ આધાર રાખવાનો છે, અને કાચું સોનું નિપજાવવાનો જ ઘણે અંશે આપણો અધિકાર રહેશે. તેથી આપ સૌ સહેલાઈથી જોઈ શકશો કે રાજ્યની દ્રષ્ટિ ખેડૂઓ ઉપર પ્રેમ ભરી જ હોવી જોઈએ, આવા પોતાની પ્રજાના ઉપયોગી અંગમાં કોઈ પણ સામાજિક, નૈતિક, શારીરિક કે આર્થિક કારણસર સડો હોય તો તેનો ઉપાય યોજીને તે ટાળવો એ રાજ્યકર્તાઓનું કર્તવ્ય જ છે.

ઉપરાંત તેમણે જણાવ્યું કે "વર્તમાન સમયમાં દરેક ધંધા માટે કેળવણીની અગત્ય છે. એક સારા વેપારી થવા માટે તેમજ ઉપયોગી કૃષિકાર થવા માટે પણ શિક્ષણ ખાસ અગત્યનું છે. ખેતીના વ્યાવહારિક અનુભવ સાથે તેને લગતો શાસ્ત્રીય અનુભવ પણ મેળવવો જરૂરનો છે. જુદી-જુદી જાતના નવીન ઓજારોથી શું ફાયદો છે, જમીનનું પોષણ કયા-કયા ખાતરોથી વધારેમાં વધારે થાય છે, કયા કયા નવીન બીજ આપણી જમીનને ફાવી શકશે, નવી રીતની ખેતી આપણને કેટલે અંશે ઉપયોગી થઈ પડશે, એ સારી રીતે સમજવા માટે તમારામાં જ્ઞાન જોઈએ. ધીરધાર માટે, ઊપજની ગણતરી માતે, માલ વેચાણ માટે, તેમજ દુનિયાના દરેક વ્યવહારમાં હિસાબનો અને ગણતરીનો ખાસ ઉપયોગ પડે છે. તે બધું કેળવણી લીધા વિના તમને બરાબર તો ન જ આવડે. બહાર પરદેશમાં પરસ્પર સહકારી મંડળો સ્થાપી ખેડૂતો પોતાના ઉત્કર્ષ કરવા મંડી પડ્યાં છે. આ રાજ્યમાં આપણા શ્રીમાન અન્નદાતાશ્રીની અમિ દ્રષ્ટિ વડે ખેડૂતવર્ગ કરજથી મુક્ત છે. અને સારી

આર્થિક સ્થિતિ ભોગવતો થયો છે. એટલે નવીન અને ઉપયોગી ઓજારો પોતાની ખેતીની ખીલવણી માટે ખરીદી અને સમજીને વાપરતા થાય તે ખરેખરું આનંદદાયક છે.૧૮

૪.૬ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો છઠ્ઠો મહોત્સવ, પાદરા, ઈ.સ. ૧૯૧૬

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ છઠ્ઠો મહોત્સવ, તા-૩૦-૩૧ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૬ તથા ૧લી જાન્યુઆરી ઈ.સ. ૧૯૧૭, પાદરા મુકામે નિર્ધારિત થયો હતો. આ મહોત્સવ પ્રમુખ દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદના પ્રમુખપણા હેઠળ મળ્યો હતો.૧૯

મહોત્સવના બીજા દિવસે ઠરાવ. નં. ૧૨મો રજૂ કરતાં ભરૂચવાળા રા. ચુનિલાલ વનમાળીદાસે "કૃષિ સંદર્ભે કેળવણીની અનિવાર્યતા સંદર્ભે જણાવ્યું કે "કેળવણીમાં આપણી જ્ઞાતિ ઘણી પછાત છે. ગ્રેજ્યુએટ્સ આપણામાં માત્ર સાડાત્રણ જેટલા જ છે. આપણને અજ્ઞાન ભાઈઓ કહે છે કે ખેતીવાડીનો આપણો ધંધો છે તેથી કેળવણી લેવાનો આપણને વખત મળતો નથી, તો મારે કહેવું જોઈએ કે આપણા ભાઈઓ લેઉવા, પાટીદારો પણ ખેતીવાડી કરે છે, અને દરેક રીતે આપનાં જેવા છે, છતાં તેઓ વિદ્યાઅભ્યાસ કરી આપણાથી ઘણા આગળ વધ્યા છે. નિશાળમાં પણ ભણનાર છોકરાઓમાં કડવા કરતાં લેઉવા પાટીદારના છોકરા ઘણા હોય છે આનું કારણ તપાસતાં માલૂમ પડ્યું કે કડવાના છોકરાં વહેલાં વહેલાં પુંખાઈ નિશાળ તજી જાય છે. દરેક ધંધામાં કેળવણીની જરૂર પડે છે. તેટલી જ આપણી ખેતીવાડીમાં પણ કેળવણીની જરૂર છે. તે વિના આપણે શાસ્ત્રીય પધ્ધતિ પ્રમાણે ખેતીવાડી સમજી શકતા નથી.

આ ઠરાવને વિશેષ અનુમોદન આપતો તરાતપુરાવાળા યુવાન બન્ધુ પટેલ શામળદાસ પુરુષોત્તમદાસે નીચે મુજબ વિવેચન કર્યું હતું.

"અભણ રહેવાથી આપણને બહુ નુકસાન થાય છે. આપણે ખેતીવાડી કરીએ છીએ, રળીએ છીએ (મજદૂરી) પણ આપણા ખાતાવાળા વાણિયા ૧૬× ૫ = ૮૨ ને બે મૂક્યા છૂટના થયા, ૮૪ – એ પ્રમાણે હિસાબ ગણાવી ખાતામાં ચડાવી પૈસા પડાવે છે. આપણું ઉત્પન્ન કરેલું બધુંય એ રીતે વાણિયાનાં હાથમાં જાય છે. તેમ જણાવ્યું હતું. ઠરાવ નં. ૧૩મો પાદરા નિવાસી રા. મણિલાલ મોહનલાલએ રજૂ કર્યો કે,

૧૮. એજન, પૃ. ૪૨૧ થી ૪૨૩

૧૯. મહેતા, કુંવરજીભાઈ. વિ, **पटेलबन्धु**, પુસ્તક. ૯, અંક. ૪, ઈ.સ. ૧૯૧૭, પૃ. ૧૬૮

"ખેતીવાડી આ દેશનો તેમજ આપણી જ્ઞાતિનો મુખ્ય આધાર હોવાથી તેનું ઉચ્ચ અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરી, તે ધંધાને ખીલવવા અને ગૌપાલન કરવા આ સમાજ સઘળા જ્ઞાતિ બન્ધુઓને ભલામણ કરે છે."

તેમણે વિશેષમાં જણાવ્યું કે પાદરા ગામમાં આ પ્રમાણે આવા સભ્ય ગૃહસ્થોને આજે હું સંમેલન પહેલાં જ જોઉં છું, અને તેથી મને ઘણો આનંદ થાય છે. ખેતીવાડી ઉપર આખા વિશ્વનો આધાર છે. જો ખેડૂતો માત્ર એક જ સાલ કામ કરવું બંધ કરે તો દેશમાં હાહાકાર થઈ જાય. આવી તેમની શ્રેષ્ઠ પદવી છતાં, તેમની અથાગ મહેનતને પુરુષાર્થ છતાં તેઓ તેનો લાભ લઈ શકતા નથી. તેઓ ટાઢ, તાપ, તડકો, શરદી વગેરેમાં પણ ખેતીની મહામેહનત કરી સરકારી તિજોરીઓ છલાછલ ભરે છે અને જગતનું જીવન ચાલે છે, તો પણ તેમનાં સંતાનોને તો ભડકું અને સૂકો રોટલો જ ખાવાનો ભાગ્યમાં રહે છે. એવા સત્તાવાર રિપોર્ટો બહાર પડ્યા છે. આ દોષ-ખામી ક્યાં, ને કોની છે તેની તપાસ કરવી જોઈએ. જે કેળવણીઓ પાદશાહનું પેટ ભરનાર ગણાય છે, તેમનું પેટ ભરવાનો વિચાર કરવાનો વખત આવે, એ કેટલું સોચનીય છે. ચૂલામાં બળતણ વિના અગ્નિ અને દીવામાં દિવેલ વિના બત્તીની માફક, ખેતીનું બુધ્ધિશાળી સમજણવાળું શાસ્ત્રીય જ્ઞાન નથી અને તેથી કરવામાં આવતો અનહદ પરિશ્રમ યથાર્થફળ આપતો નથી. આ સહુ કેળવણીની ખામીનું કારણ છે ખેડૂતોરૂપી જે ઝાડના મૂળમાં સડો લાગ્યો છે, તે ભલે ગમે તેવું મોટું હોય, પણ થોડા સમયમાં જરૂર પડી જવાનું જ. તેને પડતું ટકાવવા સુધારો ઉપલક નહિં પણ મૂળમાંથી કરો. ખેડૂતોના છોકરા આજકાલ નોકરી-ચાકરી તરફ લલચાય છે અને તેઓ ગામડાં છોડી શહેરમાં વસતા ખેંચાય છે પણ ખેતી જેવો ઉત્તમ ધંધો કરવા તેઓ ચાહતા નથી. સુધારો એટલે સુધી વધતા માંડ્યો છે કે (હરિજન) ઓ પણ તેમનો ધંધો કરવાનું છોડી દે છે. બ્રાહ્મણ, વાણિયા વગેરે અન્ય જ્ઞાતિઓ પોતાના ધંધા તજી દે, તેમની જગ્યાએ અન્ય કોમો કહી કામ કરી શકશે. પરંતુ ખેતીકારો જો પોતાના ધંધાથી ત્રાસી-કંટાળી તે ધંધાને તજી દેશે તો તેમની જગ્યાએ ખેતીનું કામ કરવા બીજી કોઈ લાયક કોમ મળનાર નથી, તેથી તેમને સુધરેલી પધ્ધતિએ ખેતી કરવાનું જ્ઞાન આપવું જોઈએ. આ કામને વાસ્તે સરકારે ખેતીવાડી ખાતું કાઢેલ છે, (શરૂ કરેલ છે.) જ્યાં સુધરેલી પધ્ધતિનાં હથિયારો વડે નવી ઢબથી ખેતીવાડી થાય છે, ત્યાં કોઈ ધ્યાન પણ દેતું નથી કે જોવા પણ જતું નથી, તે કેટલું બધું સોચનીય ગણાય ? આપણે બીજા વિષયોથી ખેતીવાડી પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

જેમ જેમ જમાનો બદલતો જાય, તેમ તેમ તમો સુધરેલી ઢબનાં જમાનાને અનુકૂળ હથિયારો, સાધનો વાપરો, જે દેશમાં પ્રથમ ખેડતોને રહેવાને ઝૂંપડાં હતા, તે દેશના ખેડૂતો સુધરેલી ઢબન હથિયારથી સુધરેલી ઢબની ખેતીવાડી શાસ્ત્રીય જ્ઞાનથી કરીને આજે પથ્થરના મહેલોમાં રહેવા લાગ્ય છે. તેઓ અધળો વ્યવહાર સહકારી મંડળોથી કરે છે. તેમ તમે કરો તો કદી પણ વાણિયાની ચુંગાળ-જાળમાં ફસાઓ નહીં.

બાદમાં આ ઠરાવને વિશેષ અનુમોદન આપતાં રા.રા હીરાલાલભાઈ વસંતદાસે જણાવ્યું કે "કેળવણીમાં ખેતીવાડીની કેળવણી કોમને જરૂરી છે. બોર્ડિંગમાં ભણવા આવનારા છોકરાઓ ભણાગણી ખેતી જેવા ઉત્તમ ધંધાને અંગીકાર કરતા નથી પણ નોકરી લેવા લાગ્યા છે ને લેશે; તે જોતાં બોર્ડિંગનો જોકે હું વ્યવસ્થાપક છું છતાં સત્યને ખાતર મારે કહેવું જોઈએ કે બોર્ડિંગમાંથી બહાર પડેલા બધાએ નોકરી લીધી છે. ને હવે પછી જેઓ બોર્ડિંગમાંથી બહાર પડશે ને નોકરીમાં નહિ જ જોડાય એવી કોઈ આશા નથી.

આપ જોઈ શકશો કે બોર્ડિંગ ચાલું રહેશે ત્યાં સુધી તેના બધા બોર્ડરો, નોકરો થશે ને તેઓ ખેડૂતો મટી જશે. બોર્ડિંગમાં ગામડાના છોકરાઓ ખેડૂત પુત્રો છે. તેમના બાપ ખેડૂત રહેશે ને તેઓ નોકર થશે તો તેટલા તો નિર્વિવાદ ખેડૂતો ઓછા જ થશે. તો શું આપણે ખેડૂતો ઓછા કરવા ઈચ્છીએ છીએ ? દેશનો ખેતી પર ૮૫ ટકા આધાર છે માટે આપણા છોકરાઓને નોકર કરી આપણે આપણી ઉન્નતિ બિલકૂલ કરી શકતા નથી એ નક્કી છે. આપણા ખેડૂતોના છોકરાઓએ ખેડૂત બનવાની જરૂર છે, નોકર બનવાની બિલકૂલ જરૂર નથી. કોઈ ભણતાં હોદ્દેદાર થાય તો સારું, પણ બધા તેટલું ભણેને હોદ્દેદાર થાય તેવી આશા થોડી છે. આજકાલ વિદ્વાનો અને ગૃહસ્થો ખેતી તરફ લલચાયાં છે તો આપણે ખેડૂત મટી જવું ન જોઈએ; એ ધ્યાનમાં રાખવું જોઈએ. માટે જ આપણા છોકરાઓને ખેતીનું શિક્ષણ આપી ખેડૂતો બનાવવા જોઈએ. તે માટે ખેતીની નિશાળ કાઢવાની (શરૂ કરવાના) અનિવાર્ય જરૂર છે ને તે તરફ આપણે સહુનું ધ્યાન ખેંચવું જોઈએ. ખેતીવાડીની નિશાળની આવશ્યક્તા બતાવી બોર્ડિંગની જરૂર નથી તેમ હું નથી કહેતો તેની જડ ઊંડી છે, તે ચાલે છે તેમ ચાલ્યાં કરજો તે ઉપરાંત ખેતીની નિશાળની જરૂર છે તે તમારા ધ્યાન પર મૂકવાનો મારો વિચાર છે. બોર્ડિંગ સાથે પણ ખેતીશાળા નીકળી શકે ને તે ઘણું રહેલું થાય. મુંબઈના ખેતીવાડી ખાતાના રિપોર્ટ જોતાં જે છોકરા ત્યાં ભણે છે, તેમાં બે-ત્રણ પાટીદાર, તે પણ લેઉવા હતા. પૂનાની એ સરકારી ખેતીવાડીની કોલેજમાં એકબીજાને સાધારણ ક્લાસ કાઢ્યો છે. (શરૂ કરેલ છે) જેમાં સાધારણ અંગ્રેજી સમજી શકે તેવા જમીનદારના પુત્રોને દાખલ કર્યા છે. (પ્રવેશ મળે છે) ત્યાં બે વર્ષ શીખવાનું છે.

ગુજરાતમાં આવી દેશી ભાષામાં ખેતીવાડીની સ્કૂલ નથી. દક્ષિણમાં પૂનાની પાસે "લોની" ગામમાં એક "દેવી હાસુર" માં બીજી અને "અલીબાગ" માં ત્રીજી નિશાળ છે. તેનું સારું પરિણામ આવ્યું છે. કોકણમાં એવી શાળા ઉઘાડવા હિલચાલ ચાલે છે સીંધમાં એક શાળા ઊઘડી છે. ખાનદેશમાં ચોપડા ગામમાં તથા થાણા જિલ્લામાં જાંબુલ ગામમાં નિશાળ ઉઘાડવા (શરૂ કરવા) પેરવી ચાલે છે. પૂના ખેતીવાડી કોલેજમાં ૧૫ સ્કોલરશિપ જમીનદારના પુત્રો માટે શરૂ કરી છે. જેમાં બેજ માત્ર ગુજરાતી મેળવી શક્યા છે. સરકાર પણ પોતાના ખેતીવાડી ખાતાના રિપોર્ટમાં જણાવે છે કે પૂના કોલેજમાંથી દરસાલ ૨૦ ગ્રેજ્યુએટ નીકળે છે. રાજા-રજવાડા તરફથી પણ

ખેતીના ગ્રેજ્યુએટ્સની માંગણી ચાલું છે. વળી, આપણા ખાતામાં પણ એવા ગ્રેજ્યુએટ્સની તાણ છે. આપણા કેટલાંક કામો મુલતવી રાખવાં પડ્યાં છે.

ખેતીવાડીમાં આગળ વધવાથી યુરોપ અમેરિકાનાં ખેડૂતો મોટા ગૃહસ્થો થઈ પડ્યાં છે અને આપણે દેવાદાર બની ખેડૂતોને મિલકત વેચી શહેરમાં મજૂરી કરવા આવવું પડે છે. આપણને મજૂરી પણ મળતી નથી ત્યારે અમેરિકામાં ખેડૂતો સેકડો મજૂરો સુખી ખેતી કરાવે છે. આપણે દૂર સુધી પાણી લઈ જઈ શકતા નથી ત્યારે અમેરિકામાં ખેડૂતો ૬૦-૬૦ માઈલ પાણી પહોંચાડે છે. આ વિશે સધન પુરુષોએ વિચાર કરવો ઘટે છે. આપણા કડવા પા. હિ. મહા મંડળના હેતુમાં ખેતીવાડીની ઉન્નતિ કરવાનું રાખ્યું છે આ હેતુ પાર પાડવાને ખેતીવાડીની કોલેજની જરૂર છે.

કોલેજ જેવી મોટી ખર્ચાળ સંસ્થા ઊભી કરી શકીએ નહિં, તો દેશી ભાષામાં શીખવતી નિશાળ કહાડવાને તો આપણે પ્રયત્ન કરવો જ જોઈએ એવો મારો નમ્ર મત છે. પૂના પાસેના "લોની" ગામની નિશાળમાં મરાઠી ચાર ચોપડી ભણેલા ૧૪ થી ૧૭ વર્ષના છોકરાને દાખલ કરી બે વર્ષ મફત રાખવામાં આવે છે. તેઓ નોકર નહિં પણ ખરા ખેડૂત થઈ બહાર પડે છે, તેઓ જમીનની પારખ, ખાતરની ઉપયોગિતા, પાક રોગ વિનાશ, ખેતીને જરૂરી હિસાબ, તગાવી કેમ મેળવળી, સરકારી મંડળ પાકનું નફાકારક વેચાણ, પાણીના પંપ, ખેતીનાં સુધરેલા નવાં ઓજારો ચલાવવાં, બગડેલા સુધારવા વગેરે ત્યાં શીખે છે. દેશની ભૂગોળ પણ શીખે છે, ઉપરાંત આરોગ્ય વિદ્યા, ગ્રામ્ય પંચાયત વગેરે પણ જાણે છે. આ સ્કૂલ વિશે પૂના ખેતી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હરલ્ડમાનનો પણ ઊંચો અભિપ્રાય છે. એ રીતે ખેતીની નિશાળની અનિવાર્ય આવશ્યક્તા જણાવી પોતે તાળીઓના અવાજ વચ્ચે પોતાનું સ્થાન સ્વીકાર્યું હતું.[૨૦]

૪.૭ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ, શેરથા, ઈ.સ. ૧૯૧૮

કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો સાતમો મહોત્સવ તા. ૧૮-૧૯-૨૦, ઈ.સ. ૧૯૧૮, કડી પ્રાંતના શેરથા ગામમાં નિરધારિત થયો હતો. આ મહોત્સવના પ્રમુખપદે કુમારશ્રી લાલસિંહજીભાઈની વરણી કરવામાં આવી હતી. સભાના પ્રથમ દિવસે સન્માનકરિણી સભાના ચેરમેન મિ. રણછોડ શ્રીભાઈ દાસે નીચે પ્રમાણે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કૃષિ સંદર્ભે તેમણે જણાવ્યું કે "ખેતી ઉપર સમસ્ત દેશનો આધાર છે. ખેડૂતો જગતના પાલક કહેવાય છે. આપણે ખેડૂત છીએ મને આપણી ઉન્નતિ તેજ આપણા દેશની ઉન્નતિ કરી શકે. શ્રીમંત સરકાર સયજીરાવને આપણે અરજ કરવી જોઈએ કે ખેતીવાડીને ઠેકાણે (અમુક અમુક પ્રદેશોમાં) શાળાઓ સ્થાપે. ખેતી સાથે હુન્નર ઉદ્યોગની કેળવણીની પણ ઘણી જરૂર છે.

૨૦. એજન, પૃ. ૧૭૦ થી ૧૭૪

મહોત્સવના અંતિમ દિવસે સભા દ્વારા ઠરાવ નં.૭ રજૂ કરતાં, કૃષિ વિશે જણાવ્યું હતું કે, "પોતાની અજ્ઞાન ખેડૂત પ્રજાના હિતાર્થે મફત અને ફરજિયાત કેળવણીનું ધોરણ બનતી ત્વરાએ દાખલ કરી દેશના આધાર રૂપ આ પછાત કોમનું હિત વિચારવા ના. બ્રિટિશ સરકાર અને દેશી રાજા-મહારાજાઓનું આ સમાજ ધ્યાન ખેંચે છે અને આશા રાખે છે કે રાજ્યની ઊપજનો સહુથી મોટા ફાળો આપનાર સંપૂર્ણ વફાદાર આ પછાત પ્રજાની ઉન્નતિનાં કાર્યો પહેલી તકે હાથ ધરી તેમને આગળ વધારવાની જરૂર વિસારી દેવામાં આવશે નહિં.

ત્યારબાદ ઠરાવ નં. ૮ માં જણાવ્યું કે "દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ, ખેડૂતપ્રજાનાં સંતાનોને માતૃભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરીકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પછાત ન રહી જાય તે ધોરણ પર તેમના માટે ખાસ નિશાળો અને કોલેજો ઉઘાડી (શરૂ કરી) ખેડૂત પ્રજાનું હિત સાચવવા દરેક રાજા-મહારાજા અને ના. બ્રિટિશ સરકારને આ સમાજ આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ નં. ૨૦ માં જણાવ્યું કે "આપણી કોમની આર્થિક સ્થિતિનો મુખ્ય આધાર ખેતીવાડી ઉપર હોવાથી રાજ્યથી મદદ મેળવવા અને આ ધંધાને ખીલવવા માટે એકબીજાની મદદની જરૂર હોવાથી સહકારી મંડળો સ્થાપવાની આ સમાજ આવશ્યક્તા માને છે અને તેને માટે બનતો પ્રયત્ન કરવા દરેક બંધુને ભલામણ કરે છે.

ઠરાવ નં. ૨૧ માં "ગૌપાલન કરવું તે ખેતીવાડીના મુખ્ય સાધનરૂપ અને ધર્મયુક્ત હોવાથી ગૌપાલન કરવાનો આ સમાજ ઠરાવ કરે છે.

ઠરાવ નં. ૨૨ માં "આપણી કોમની ખેતીવાડી અને કેળવણીની અને કેળવણીની ખીલમણી કરવાના આશયથી "શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ" નામની જે સંસ્થા સ્થાપન થઈ છે તે સંસ્થાનું ફંડ વધી શકે અને જ્ઞાતિની ઉન્નતિ અર્થે નવાં ફંડો ઉઘરાવવાની સરળતા થાય તે માટે ઉક્ત મંડળ એ વિવિધ ભલામણો કરેલ છે."

ઠરાવ નં. ૩૨ માં ખેડા જિલ્લાના ખેડૂતો હાલમાં જે સંકટ સહન કરે છે તે તરફ આ સમાજ પોતાની અંતઃકરણની દિલસોજી જાહેર કરે છે અને તેઓની વાજબી અરજ ધ્યાનમાં લઈ ચાલુ સાલનું મહેસૂલ મુલતવી રાખી તેમને ન્યાય આપવા આ સમાજના. મુંબઈ સરકારને વિનંતી કરે છે.

અંતે ઠરાવ નં. ૩૩ માં "ખેડૂત વર્ગની ઉન્નતિને આડે આવનાર તથા તેમના માન અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનાર વેઠનો કાયદો રદ કરવા ના. વડોદરા રાજ્યની ધારાસભાએ જે ઠરાવ કર્યો છે તે ઠરાવને જલદી અમલમાં મૂકવા આ સમાજના શ્રીમંતની સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.[૨૧]

ઉપરોક્ત ઠરાવના અનુસંધાનમાં મહોત્સવમાં વિનય સ્તરે વિચાર-વિમર્શ કરવામાં આવ્યા હતા.

---

૨૧. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક. ૮, અંક. ૨, ઈ.સ. ૧૯૧૮, પૃ. ૨૨૦ થી ૨૨૪

૪.૮ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો આઠમો મહોત્સવ, મુંબઈ, ઈ.સ. ૧૯૧૮

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની આઠમી પરિષદ, તા. ૨૮-૨૯-૩૦ ડિસેમ્બર ઈ.સ.૧૯૧૮ના રોજ મુંબઈ મુકામે ભરાઈ હતી. આ પરિષદના પ્રમુખ તરીકે ધ્રાંગધ્રા રાજ્યના સરન્યાયાધિશ મે. પોપટલાલભાઈ શીવલાલ બી.એ, એલ.એલ.બી ની પસંદગી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે પોતાના વિચારો રજૂ કરતાં પ્રથમ દિવસે તેમણે જણાવ્યું કે

“કડવા પાટીદાર જ્ઞાતિની આધુનિક સ્થિતિ કેવી છે તે આપના લક્ષ બહાર નથી. તે સ્થિતિ ચિતાર રજૂ કરતી વખતે આપણાં લક્ષ્યો દ્રવિત થવાનો સંભવ છે. માન અને પ્રતિષ્ઠા વગર એક ઉત્તમ ધંધો સ્વીકાર્યો છતાં તદ્દન કંગાળિયત સ્થિતિમાં બીજાની ગુલામગીરી ઉઠાવતી આપણી જ્ઞાતિ નજરે પડે છે. તેમનાં ઉપર કેવી જાતના કરો પડે છે ? તે કરોની સામે કેવી રીતે લડાઈ ચલાવવી તેની તેઓની કેળવણીની ખામીને લઈને ખબર નથી. તેઓના શું હકો છે તે જાણવાની તેમને પરવા નથી રાજ્યની તેમજ બ્રિટિશ સલ્તનતની પેદાશોનો ઘણોખરો હિસ્સો તેઓ પૂરો પાડે છે અને તેમના વગર રાજ્યની તિજોરીની તેમજ રાજ્ય વ્યવસ્થાની શું દશા થાય તે સ્પષ્ટ છે. તેમ છતાં એક હલકામાં હલકો નોકર તેમને અયોગ્ય રીતે સતાવે છે અને આ હેરાનગતિઓ તેઓ મૂંગે મોંઢે, માન-અપમાનની દરકાર રાખ્યા વિના સહન કરે છે. મોટા અમલદારો પાસે જવાના પ્રસંગ માત્રથી જ તેઓ ગભરાય છે અને તેવા પ્રસંગ જો તેઓની ઈચ્છા વગર આવી પડે છે તો તેમની સ્થિતિ દયાજનક થઈ પડે છે.

ઉપરાંત કૃષિ-પશુપાલન સંદર્ભે જણાવ્યું કે, “આપણા ધર્મશાસ્ત્રો પ્રમાણે આ ધંધો સર્વોત્તમ ગણાય છે. આ ધંધાને લઈને જ પ્રાચીન સમયમાં આપણી સ્થિતિ પ્રતિષ્ઠિત તથા અર્થસંપન્ન હતી પણ અત્યારે દયાજનક સ્થિતિ ભોગવીએ છીએ. આ સ્થિતિને માટે આપણા અજ્ઞાની ભાઈઓ જ દોષવાન છે એમ નથી; તેઓ કાંઈ આળસુ થઈને બેસી રહેતા નથી, મહેનત તો તેઓ પ્રાચીન સમયના કરતાં પણ વધારે કરે છે. પણ હાલનો દેશકાળ પરિવર્તનનો છે. નવા નવા સિધ્ધાંતો હંમેશાં ખડા કરવામાં આવે છે. નવી નવી શોધખોળો હંમેશાં થયા જ કરે છે. પરિવર્તન કુદરતનો નિયમ મનાયેલ છે. આને લઈને મનુષ્યોની તથા રાજ્યોની એકદમ વધી પડી જરૂરિયાતો પૂરી પાડવાને માટે જમીન અને ખેડૂત ઉપરના કરો વધારવામાં આવ્યા. પહેલાં જ્યારે જમીનની ઊપજનો આઠમો-દશમો ભાગ લેવામાં આવતો, તે હળવે-હળવે વધારતાં ત્રીજો-ચોથો ભાગ અત્યારે લેવામાં આવે છે અને તેથી ઊલટું જમીનની ફળદ્રુપતા હજારો વર્ષો પૂર્વેથી ચાલી આવતી ઢબ પ્રમાણે ખેતીવાડી આપણે કરતા આવતા હોઈ અને જમીનનો રસકસ શી રીતે સુધારવો તેનું જ્ઞાન નહિ હોઈ ઘટાડી છે. એક તરફથી જમીન પર કર વધ્યા અને બીજી તરફથી જમીનની ફળદ્રુપતા ઘટી. એને પરિણામે આપણે દુર્દશામાં આવવા લાગ્યા અને તેથી બાળકોને કેળવણી

આપવાનું બંધ કરી, તેઓ પણ ખેતીના કાર્યમાં જે કાંઈ મદદ આપી શકે તે મદદ ગરીબાઈને લીધે પૈસા ખર્ચી કામ કરાવવાની અશક્તિને પરિણામે લેવા લાગ્યા જેથી આખી જ્ઞાતિ હળવે-હળવે કેળવણી રહિત થવા માંડી અને તેથી જ અશાસ્ત્રયુક્ત રિવાજો આપણી જ્ઞાતિમાં પ્રવેશ્યા હતા તેથી આપણી અધોગતિ થઈ હતી. જેવી રીતે રાજા-મહારાજાઓએ જમીનના કરો વધાર્યો તેવી જ રીતે જમીનની ફળદ્રુપતા વધારવાને માટે તેઓએ પ્રયત્ન કરવો જોતો હતો. અમેરિકા વગેરે દેશોના ખેડૂતોની જેમ રસાયણશાસ્ત્ર અને યાંત્રિક બળનો આશ્રય આપી, નવી ઢબ અને નવા ઓજારોથી ખેતીવાડીને સુધારવી જોઈતી હતી. આ પ્રમાણે થયું નથી અને તેથી અમેરિકા વિગેરે દેશોના ખેડુ લોકઓની લાખો કરોડોની સમૃધ્ધિ પાસે આપણી કંગાળિયાત ભરી અવસ્થા નજરે પડી આવે છે. ઈગ્લેન્ડમાં સૌએ ૫૮ માણસ ઉદ્યોગ હુન્નરમાં જોડાયેલ છે, ત્યારે ફક્ત ૮ માણસ ખેતીવાડીનું કામ કરે છે. પણ હિંદુસ્તાનમાં સૌએ ૭૧ માણસ ખેતીવાડી કરે છે અને ફક્ત ૧૨ માણસ ઉદ્યોગ હુન્નરમાં, ૫, વેપાર, ૨ ખાનગી નોકરી, ૧½ ધંધાર્થી અને ૧½ સરકારી નોકરી અથવા લશ્કરમાં કામ કરે છે. ૩૧ કરોડ માણસની વસ્તીમાં ૨૨ કરોડ માણસ ફક્ત ખેતીવાડી પર ગુજરાન ચલાવે છે. આવી રીતે જ્યારે હિંદુસ્તાનનો આધાર ખેતીવાડી પર જ છે, ત્યારે ખેતીવાડીની કેળવણી આપવા તથા ખેડૂતોની સ્થિતિ સુધારવાને માટે શું ઉપાયો લેવામાં આવે છે ? હાલમાં અપાતી કેળવણીથી તો દરેક વર્ષે ધારાશાસ્ત્રીઓ તથા સરકારી નોકરી માટે સંખ્યાબંધ ઉમેદવારો બહાર આવે છે અને આવી રીતે તેઓની સંખ્યા વધતી જ જવાથી તેઓની કિંમત પણ ઘટી ગઈ છે. ઔદ્યોગિક કેળવણી તરફ કાંઈ પણ ધ્યાન આપવામાં આવતું નથી. તેમાં, ખેતીવાડી ને માટે તો કાંઈ પણ કરવામાં આવ્યું જ નથી. હિંદુસ્તાનમાં ખેતીવાડીની ફક્ત બે જ કોલેજો છે જ્યારે સૌએ ૧½ ટકા ધંધાર્થી અને ૧½ ટકા સરકારી નોકરીના ઉમેદવાર મેળવવા માટે પ્રાથમિક અને ઉચ્ચ કેળવણીની પાછળ લાખો અને કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. યુરોપીયના મહાન દેશો ઔદ્યોગિક કેળવણી તરફ ધ્યાન અપાયું છે અને અમે આશા રાખીએ છીએ કે ખેડૂતો અને ખેતીવાડીની સ્થિતિ સુધારવાને માટે ફરજિયાત પ્રાથમિક કેળવણીની સાથે ગામેગામ ખેતીવાડીનું પણ જ્ઞાન અપાવવાની ગોઠવણ કરવામાં આવશે. ઉપરાંત ખેડૂતોની જરૂરિયાતોના સંદર્ભમાં જણાવ્યું કે,

"તેઓને (ખેડૂત) માટે સરળ સોંધું અને ચોકકસ કોર્ટોનું બંધારણ થવું જોઈએ. દુષ્કાળના ભયમાંથી તેમને મુક્ત કરવાને માટે લાંબી અને કરોડોના ખર્ચે નહેરોના બાંધકામ અને કૂવાની સગવડતા કરી આપવી, સરકારી નોકરોની હંમેશની હેરાનગતિમાંથી તેમને મુક્ત કરવા, બી, ખાતર અને ઓજારોમાં સુધારો કરવો, પૈસા ધીરવાને માટે સહકારી મંડળ સ્થાપવાં વિગેરે. ઉપરની ખેડૂતોની જરૂરિયાતો પર બ્રિટિશ સલ્તનતનું ધ્યાન ગયું છે. અને રાજા-મહારાજાઓ પણ આ હકીકત લક્ષમાં લેશે એમ અમે વિનંતી કરીએ છીએ.

ત્યારબાદ સભાના દ્વિતીય દિવસે પ્રમુખ દ્વારા વિવિધ ઠરાવો રજૂ કરવામાં આવ્યાં હતા જેમકે

ઠરાવ નં.૩

"પોતાની અજ્ઞાન ખેડૂત પ્રજાના હિતાર્થે મફત અને છઠ્ઠા ધોરણ સુધીનું ફરજિયાત કેળવણીનું ધોરણ બનતી ત્વરાએ દાખલ કરી દેશના આધારરૂપ આ પછાત જ્ઞાતિની હિત વિચારવા ના. બ્રિટિશ સરકાર અને દેશી રાજા મહારાજાઓનું આ સભા માનસહિત ધ્યાન ખેંચે છે, અને આશા રાખે છે કે રાજ્યની ઉપજનો સહુથી મોટો ફાળો આપનાર સંપૂર્ણ વફાદાર આ પાછળ પડી ગયેલી પ્રજાની ઉન્નતિનાં કાર્યો વહેલી તકે હાથ ધરી તેમને આગળ વધારવાની જરૂર વિસારી દેવામાં આવશે નહિં ઠરાવ. નં.૪ દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ ખેડૂત પ્રજાનાં સંતાનોને માતૃભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરીકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પાછળ ન રહી જાય તે ધોરણ પર તેમના માટે ખાસ નિશાળો અને કોલેજો ઉઘાડી (શરૂ કરી) ખેડૂત પ્રજાનું હિત સાચવવા દરેક રાજા-મહારાજા અને ના. બ્રિટિશ સરકારને આ સમાજ આગ્રહપૂર્વક અને માનપૂર્વક વિનંતી કરે છે.૨૨

સભાના અંતિમ દિવસે વિવિધ ઠરાવો રજૂ થયા હતા જેમાં કૃષિને લગતા ઠરાવ નં ૧૧ રજૂ કરવામાં આવ્યો હતો, જે નીચે પ્રમાણે છે.

"આપણી કોમની ખેતીવાડી અને કેળવણીની ખીલવણી કરવાના આશયથી શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ નામની જે સંસ્થા સ્થાપના થઈ છે તે સંસ્થાના મે. સદ્‌ગૃહસ્થોને નીચે પ્રમાણે ગોઠવણ કરવા આ સમાજ વિનંતી કરે છે.

(અ.) અન્ય જ્ઞાતિઓની હરિફાઈમાં આપણી કોમના કેળવણી લેતા વિદ્યાર્થીઓ પાછળ ન રહી જાય તે સારું તેવા વિદ્યાર્થીઓને છૂટથી મદદ કરવાની અને આપણી કોમના હાઈસ્કૂલ અને કોલેજમાં ભણતા (ફી ભરી શકે નહીં તેવા) દરેક વિદ્યાર્થીને બોર્ડિંગનાં લાભ મળે તેવી ગોઠવણ કરવાની આ સમાજ વિનંતી કરે છે.

(બ.) અને આ આશયને માટે મહામંડળના સદ્‌ગૃહસ્થોની દિલસોજી મેળવવાનો આ સમાજ ઠરાવ કરે છે.

ઉપરાંત ઠરાવ નં.૧૨માં "ખેતીવાડી એ આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો હોવાથી તેનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરવા તથા ગૌપાલન કરવા આ સમાજ દરેક બંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે. આમ ઉપરોક્ત ઠરાવનાં અનુસંધાનમાં કૃષિ સંદર્ભ જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

૨૨. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક. ૮, અંક. ૩, ઈ.સ. ૧૯૧૮, પૃ. ૩૧૮ થી ૩૨૧

૪.૯ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો નવમો મહોત્સવ, મોખાસણ, ઈ.સ ૧૯૧૯

શ્રી કડવા પાટીદાર પરિષદની નવમી સભા.

તા. ૨૭-૨૮-૨૯ ડિસેમ્બર ઈ.સ. ૧૯૧૯, કાલોલ તાલુકાના મોખાસણ ગામમાં ભરાઈ હતી. સભા પ્રમુખ તરીકે ડૉ. પીતાંબરદાસ કુબેરદાસ એલ.એમ એન્ડ એસની વરણી કરવામાં આવી હતી. પ્રખુમપદ માટે નિમાયા બાદ પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે,

"ઊંચી કેળવણી લેતાં બંધુઓને પોતાનો અભ્યાસ વધારવા ખાતર પરદેશ જવાની સગવડ કરી આપવી જોઈએ. જેથી તેઓ મોટી પરીક્ષાઓ પાસ કરી ત્યાંનો અનુભવ લઈ, હુન્નર ઉદ્યોગની તાલીમ લઈ આવશે ત્યારે આપણી જ્ઞાતિને હિતનાં, આપણી આર્થિક સ્થિતિ સૂધરે તેવા, જનહિતનાં કાર્ય તેઓ કરશે. વિશેષ અગત્યની બાબતો એ છે કે આપણે એક એવી વ્યવહારિક યોજના ઘડી અમલમાં મૂકવી જોઈએ કે જેથી કરીને દરેક વર્ષે આપણે એક બે યુવક ભાઈઓને ખેતીનું નવી પધ્ધતિવાળું જ્ઞાન કોલેજ શિક્ષણ દ્વારા અમેરિકા, યુરોપ ઈત્યાદિ ખેતીવાડી પ્રાધાન્ય દેશોમાં પ્રાપ્ત કરવા મોકલી શકવા જોઈએ. જ્યારે આ બંધુઓ પાછા ફરશે ત્યારે આપણા ખેતરને અનુકૂળ કરી શકાય તેવાં સાધનો તેમજ હવા પાણીને યોગ્ય ફેરફારો કરી શકશે. હું ખાત્રી આપું છું કે આપણી ખેતીવાડીમાં ઘણો સુધારો કરી શકશે અને પરદેશની હરીફાઈ કરનારી ખેતી પણ આપણે ટૂંક સમયમાં જ બનાવી શકીશું. આ વિશે તમારે વિચાર કરવાનો છે પણ એટલું તો યાદ જ રાખજો કે જ્યાં સુધી ખેતીની સુધારવા અર્થે કોઈ જાતના સુધરેલી ઢબના પ્રયોગો કરી પરદેશની ખેતીનો અભ્યાસ નહિં કરીએ ત્યાં સુધી આપણી આર્થિક સ્થિતિ એકદમ સંતોષ લેવા જેવી થાય તે આશા રાખશો નહિં. પણ આપણા તો ભાઈઓ ! **આપણા ઘરડા ઉત્તર-દક્ષિણ ચાસ પાડતા આવ્યાં છે તો આપણાથી પૂર્વે પશ્ચિમ સરખા પણ પાડી શકાય નહિં, આ કેટલી બધી અજ્ઞાનતા ! ઉપરાંત તેમણે જણાવ્યું કે, "અમદાવાદમાં આજે જમીનનાં દશગણાં નાણાં ઉપજે છે. તમે જમીન વેચશો નહિં. તેમાં જ તમારું હિત સચવાઈ રહેશે. હિંદુસ્તાન દેશ દુર્બળ થશે તો પણ ખેડૂતની પાસે જો જમીન હશે તો તેને વાંધો આવનાર નથી. હું માનું છું કે જેથી પાસે જમીન અને છોકરાં છે તે માણસ કદીએ દુ:ખી થતો જ નથી.**[૨૩]

સભાના અંતિમ દિવસે પ્રમુખ દ્વારા વિવિધ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં કૃષિ સંદર્ભે ઠરાવ ૧૧ મો રજૂ કરતાં જણાવ્યું કે, "વેઠવારનો કાયદો ખેડૂત પ્રજાને ગુલામગીરીનું ભાન કરાવે છે તથા ખેતીવાડીમાં નુકસાન કરે છે માટે તે કાયદો સદંતર નાબૂદ કરવા માટે અને હાલના સંજોગોમાં ખેડૂત પ્રજાને ચોમાસામાં આ નિયમને આધારે જે અસહ્ય સંકટો કરવાં પડે છે તે ટળી જાય તે માટે ઘટતું કરવા આ પરિષદ દરેક સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

૨૩. પરીખ. પુરષોત્તમ, કડવા વિજય, પુસ્તક. ૯, અંક. ૧, ઈ.સ. ૧૯૧૯, પૃ. ૧૧ થી ૧૨

ઠરાવ નં. ૧૪માં "દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ ખેડૂત પ્રજાના સંતાનોને માતૃભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરીકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પાછળના રહી જાય તે માટે ખાસ નિશાળો અને કોલેજો શરૂ કરી. ખેડૂત પ્રજાનું હિત સાચવવા દરેક રાજા-મહારાજાને મહારાજાને અને નામદાર બ્રિટિશ સરકારને અને શ્રીમંત મહારાજા ગાયકવાડ સરકારને આ પરિષદ આગ્રહ અને માનપૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ. નં.૧૫માં, ખેતીવાડીએ આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો હોવાથી તેનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરવા તથા ગૌપાલન કરવા આ પરિષદ દરેક જ્ઞાતિ બંધુને ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૬માં, ડેરીમાં દૂધ નહિં વેચવા માટે તથા પોતાનાં ઢોરો હંમેશને માટે આ દેશમાંથી જાય તેવી રીતે નહિં વેચવા કે આપવા માટે આ પરિષદ દરેક જ્ઞાતિ બંધુને ભલામણ કરે છે.[૨૪]

ઉપરોક્ત ઠરાવો પ્રમુખ દ્વારા રજૂ થતાં સર્વાનુમતે પસાર થયા હતા.

૪.૧૦ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો દસમો મહોત્સવ, કડી, ઈ.સ. ૧૯૨૪

શ્રી કડવા પાટીદાર પરિષદનો દશમો મહોત્સવ તા. ૧૩-૧૪ ડિસેમ્બર ઈ.સ. ૧૯૨૪, કડી મુકામે ભરાયો હતો. મહોત્સવના પ્રમુખ તરીકે ચંદુલાલ મણીલાલ દેસાઈની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ પદ સ્વીકારતા તેમણે નીચે મુજબનું વ્યાખ્યાન રજૂ કહ્યું હતું તેમને જણાવ્યું કે, "દિવસે-દિવસે આપણી સ્થિતિ બગડતી જાય છે. આપણા ઉપર કેટલાંક અન્યાય કરે છે. તે અન્યાયકરોની સામે કેવી રીતે લડત કરવી એ બાબતે કેળવણીની ખામીને લઈ આપણે કશું કરી શકતા નથી. આપણા ઉપર રાજ્યના કયા કયા હકો છે, આપણે કેવા કર ભરવા અને કેવા ન ભરવા તે જાણવાની આપણે પરવા કરતા નથી. આપણા રાજ્યની પેદાશમાં ઘણોખરો હિસ્સો આપણે પૂરો પાડીએ છીએ. ખરું કહું, તો બધા રાજ્યનો આધાર ખેતીવાડીના ધંધા ઉપર જ અવલંબી રહ્યો છે. જો એ પેદાશ રાજ્યોને હોય તો રાજ્ય વ્યવસ્થાનું પણ શું થાય એ તો ચોખ્ખું સમજાય તેવું છે. છતાં રાજ્યના હલકામાં હલકા નોકરો અયોગ્ય રીતે આપણને સતાવે છે, હેરાનગતિઓ ઊભી કરે છે, છતાં મૂંગે મોઢે તે આપણે સહન કરીએ છીએ. પ્રસંગોપાત્ત મોટા અમલદારો પાસે જવાના પ્રસંગ માત્રથી આપણા ઘણા ભાઈઓ ડરે છે. આમ ભયનું કારણ માત્ર એટલું છે કે વિદ્યાદેવીની ખામી અન્ય જ્ઞાતિઓ અને આપણી સ્થિતિમાં ફરક જણાય છે તે કેળવણીની ખામીને લઈને જ. નહિં કે, આપણે ખેડૂતો છીએ તેથી અમેરિકા તથા યુરોપના દેશોમાં ખેતીકારોને જેવું માન અને પ્રતિષ્ઠા મળે છે. તેવું ત્યાંના અન્ય વર્ગને નથી. કારણ કે ત્યાંના બધા ખેડૂતો ભણેલા છે. ખેતીને કેમ સુધારવીને વધુ પેદાશ કેમ ઉત્પન્ન કરવી એમાં તેઓ રાત-દિવસ પ્રયત્ન કરે છે.

૨૪. એજન, પૃ. ૧૪

આપણા દેશના ખેડૂતોના ચોથા ભાગની પણ તેવી મહેનત કરતા નથી અને આપણા કરતાં વધુ પાક ઉત્પન્ન કરી શકે છે. તેનું કારણ ફક્ત કેળવણી જ છે, ત્યારે આપણા ખેડૂતોમાં એવી કેળવણીની ખામી અપાર છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે "પરિષદો દ્વારા જાગૃત થયેલ વિદ્વાનો-પ્રજા દ્વારા જ્ઞાતિના ગરીબ બાળકોને માટે મુખ્ય-મુખ્ય સેન્ટરોમાં બોર્ડિંગ ખોલવી, ઊંચા પ્રકારની કેળવણી માટે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવી, ખેતી, હુન્નર ઉદ્યોગ અને વ્યાપારના વ્યવહારિક શિક્ષણ માટે ખાસ પાઠશાળાઓનો પ્રબંધ કરવો, યાંત્રિક મદદથી સુધરેલી ઢબની ખેતી વડે આર્થિક સ્થિતિ સુધારવાના માર્ગો બનાવવા એવાં યંત્રો નામના ભાડાથી અથવા તો મફત આપણા જાતિના ખેડૂતભાઈઓને વાપરવા મળી શકે એવી યોજના કરવી. તેમજ જ્યાં-જ્યાં તેમજ જ્યાં ત્રુટિ કે જરૂર જણાય ત્યાં ત્યાં સેવા સંપત્તિએ અન્ય સાધનો મળી જ્ઞાતિ સેવાનું પુણ્ય સંપાદન કરી શકાય એવા અનેક ઉપાયો કરવા જોઈએ. તેમ તેમણે જણાવ્યું હતું.[૨૫]

કેળવણી સંદર્ભના ઠરાવને અનુમોદન આપતા શ્રીયુત વસંતે જણાવ્યું કે, "સ્વરાજ્ય ફક્ત કૃષિકારો જ મેળવી શકે બીજાઓથી તે મેળવાતું નથી જગતને બતાવો કે અમે બેસી નથી રહ્યાં, બનતું કરી રહ્યાં છીએ, જાગ્યા છીએ અને દેશની કામે લાગી ગયા છીએ. ગૌત્તમ બુધ્ધે કહ્યું છે કે જ્યાં સુધી મારા ભાઈઓ અજ્ઞાનમાં છે, તેમને ધર્મજ્ઞાન આપવા માટે હું જીવું છું ત્યાં સુધી મારે નિર્વાણ ન જોઈએ, મારા શરીરમાં લોહીનું છેલ્લું એક ટીપું હશે ત્યાં સુધી હું મનુષ્યના ભલા માટે મથીશ." તમારામાં પણ આ ભાવ છે જ. ભલે તે ભાવને આપ સારા શબ્દોમાં બહાર ન લાવી શકો. છેવટમાં આપ સર્વે આપની ક્ષત્રિયવટ જાળવો એ જ મારી નમ્ર પ્રાર્થના છે.

ઠરાવ. નં. ૫ માં "કડી પ્રાંતના ખેડૂત વર્ગના બાળકોને ખેતીનું ઉત્તમ શિક્ષણ આપવાના હેતુથી નામદાર વડોદરા સરકારે જગુદન મુકામે ખેતીનું ફાર્મ શરૂ કરે છે પણ તેનો લાભ બિલકૂલ લેવો નથી, જ્યારે કડી મુકામે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળે શરૂ કરેલ પાટીદાર વિદ્યાલયમાં અંગ્રેજી અભ્યાસની સાથે ઓદ્યોગિક વિષય ઉપરાંત ખેતીનો અભ્યાસક્રમ જોડેલો હોઈ સર્વ કોમના વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે; પરંતુ સાધનોના અભાવને લઈને ખેતીવાડીનો અભ્યાસ પૂરતી રીતે ખીલવી ન શકાય એ સ્વાભાવિક છે. તો જગુદન ફાર્મને ત્યાંથી ખસેડી કડી મુકામે પાટીદાર વિદ્યાલયમાં લાવવામાં આવે તો તે વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ આ ફાર્મનો લાભ લઈ શકે અને સરકારનો હેતુ સંપૂર્ણ રીતે પૂર્ણ થાય છે.

તો જગુદન ફાર્મને ત્યાંથી ખસેડી કડી મુકામે પાટીદાર વિદ્યાલયની સાથમાં ચાલુ કરવા આ પરિષદ નામદાર વડોદરા સરકારને વિનંતી કરે છે.

૨૫. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર, વર્ષ. ૧, અંક. ૩, ઈ.સ. ૧૯૨૪, પૃ. ૧૮૬

ઠરાવ. નં. ૬માં "નામદાર ગાયકવાડ સરકારના રાજ્યમાંની અમારી જ્ઞાતિની વસ્તી બીજી જ્ઞાતિઓની વસ્તીના પ્રમાણમાં ઘણી જ મોટી સંખ્યામાં હોવા છતાં તેમજ રાજ્યની તિજોરીમાં સૌથી વધારે મહેસૂલ આપતી હોવા છતાં રાજ્યની ઊંચી નોકરીમાં આપણી કોમમાં તેનું બિલકૂલ નથી ને જે અમારી કોમના થોડા ઘણા યુવકોએ ઊંચી કેળવણી લીધી હોય તેને પણ તેમાં સ્થાન મળતું નહિં હોવાથી, આ પરિષદ પોતાની ઊંડી દિલગીરી પ્રદર્શિત કરે છે, ને એવી ઊંચી કેળવણી લીધેલા અમારી જ્ઞાતિના યુવકોને રાજ્યની ઊંચી નોકરીઓનો લાભ આપવા તેમજ રાજ્યની ઊંચી અમુક ટકા અમારી જ્ઞાતિના કેળવાયેલા યુવકો માટે અનામત રાખવા આ પરિષદ શ્રીમંત મહારાજા સાહેબ પાસે આગ્રહ પૂર્વક માંગણી કરે છે.

ઠરાવ. નં. ૮માં, પરાપૂર્વથી જમીનના માલિક સંપૂર્ણ રીતે ખેડૂતો ગણાતા આવ્યા છે તે મુજબ ખેડૂતોનું જમીન ઉપર સંપૂર્ણ સ્વામિત્વ સ્વીકારવા આ પરિષદ નામદાર સરકારને વિનવે છે, અને ખેતીની ઉન્નતિ તરફ તથા ખેડૂતોની દુર્દશા તરફ લક્ષ આપી નવેસર મહેસૂલના દરમાં યોગ્ય ઘટાડો કરી કાયમને માટે મહેસૂલ ઠરાવવા આ પરિષદ નામદાર સરકારને ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૯ આ પરિષદ શ્રીમંત સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરે છે કે સરકારી કામે મજૂર, કારીગર, સીધું સામાન, તેમજ ગાડા લેવા બદલ કરેલો કાયદો રદ કરી ખુશીથી ખરીદી લેવાનું ધોરણે ઠરાવ્યું.

ઠરાવ. નં. ૧૧માં, સમસ્ત જગતમાં ભારત વર્ષ ખેતીપ્રધાન દેશ છે. દેશનો ૮૦ ટકા વર્ગ ખેતી ઉપર જ પોતાનું ગુજરાન ચલાવે છે તેમાં આપણી પાટીદાર કોમનો મુખ્યત્વે કરીને સમાવેશ થાય છે. આપણા ધંધાને પશુ સાથે નિકટ સંબંધ છે. તેમાં પણ સર્વથી વધુ ઉપયોગી એવા બળદ કે જેની ઉત્પાદક કે જેને આપણે હિંદુઓ પૂજ્ય ગણી છીએ, તેમજ આપણે તથા સમસ્ત જનસમૂહ ધાર્મિક, આર્થિક અને વ્યવહારિક દ્રષ્ટિએ ઉપયોગી ગણે છે, એવું ગરીબમાં ગરીબ પ્રાણી ગાય તેને દરેક પાટીદાર ભાઈએ પાળવી-પોષવી એવી આ પરિષદ દરેક પાટીદાર ભાઈને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૨, આપણી કોમની મુખ્ય વસ્તી ખેતીનો ધંધો કરે છે અને તેમની આર્થિક સ્થિતિ બહુ જ બનળી અને કરજગ્રસ્ત હોવાથી હંમેશાં શાહુકારોના પંજામાં દબાઈ રહે છે. સહકારી મંડળીઓ શરૂ, સહકાર્યથી પોતાની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ સુધારી શકાય તેમ છે, તેથી દરેક ભાઈઓને આ પરિષદ સહકારી મંડળીઓ સ્થાપવા તેમજ સ્થાપેલી મંડળીઓનો લાભ લેવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૩ (અ), જમીનના ટુકડા પડી જતા અટકાવવા સારું નિબંધનો મુસદ્દો ધારાસભામાં રજૂ થનાર છે. તે મુસદ્દામાં રહેલા ફરજિયાત જમીનદારોના હક ઉપર અયોગ્ય અંકુશ મુકાતો હોવાથી તે તરફ આ પરિષદ સખત અણગમો બતાવે છે અને હાલનાં સ્વરૂપમાં મુકાયેલા મુસદ્દાને ફરજિયાત કાયદાનું સ્વરૂપ નહિં આપવા શ્રીમંત સરકારને વિનંતી કરે છે.

ઠરાવ. નં. ૧૩ (બ), જમીનના વધતા જતાં ટુકડા અટકાવવા તથા પડી ગયેલા ટુકડા એકત્ર કરવાના સિધ્ધાંતમાં આ પરિષદને વિશ્વાસ છે, પરંતુ તે મરજિયાત ધોરણે સહકાર્ય પધ્ધતિથી કરવાની યોજના ઉપાડી લેવાને આ પરિષદ શ્રીમંત સરકાર તેમજ પાટીદાર બંધુઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૪ (અ), કુદરતી તળાવોની જેમ સરકારે બનાવેલાની આજુબાજુની ખાતાદારોની જમીનમાં પાણી કાંસથી લેવામાં ન આવે તો પણ, પાણીનો કસ જમીનમાં આવે છે એમ માની પાણીનો વિશેષ કર લેવો એ અયોગ્ય છે. તેથી એવા કર નહિં લેવાનું ઠરાવવા આ પરિષદ શ્રીમંત સરકારને આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ. નં. ૧૪ (બ), ગૌચરની જમીન કાયદાથી ઠરેલા ધોરણ પ્રમાણે દરેક ગામે પૂરતા પ્રમાણમાં નહિં હોવાથી, કરેલા ધોરણ પ્રમાણે આપવા, તેમજ તેમાં કુદરતી રીતે બાવળોના ઝઘડો થઈ ઘાસ થવા નહિં દેતાં તે જમીનનો ઉપયોગ જોઈએ તેવી રીતે થતો નથી, તેથી તે બાવળોનું ઉત્પન્ન જે તે ગામોની ગામ પંચાયતોને આપવાનું ઠરાવવા તેમજ કેટલેક ઠેકાણે ગૌચરમાં જમીન મુકરર થઈ છે, તે ખાળ, બાહ અને નકામી થઈ છે તેવા ગામે સારી ઘાસ થાય તેવી જમીન પડતર હોય છે તો તેનો બદલો કરી સારી જમીન ગૌચરમાં દાખલ કરવાનું ઠરાવવા આ પરિષદ શ્રીમંત સરકારને વિનંતી કરે છે.

ઠરાવ. નં. ૧૪ (ડ), ખાતાની જમીનનાં નામફેર જે કારણે કરવા ઠરાવી મુદત માટે દંડની લાગત ઠરાવી છે પણ આમ કરવામાં પોતાનું મહેસૂલ સરળ રીતે શોધી કાઢવાનો સરકારનો ઉદ્દેશ સમાયેલો છે તો પછી મૈયત, પરાંગંદા તથા ગીરો વેચાણના દાખલા સરકાર દફતરે ફરજિયાત રાખવા ઠરાવેલું છે તો તે ઉપરથી સરકારે યોગ્ય ફેરફાર કરી લેવો જોઈએ અને તેની ફરજ પટેલ તલાટી ઉપર રાખી ખાતેદારને ફરજમાંથી મુક્ત થવાનો કાયદામાં સુધારો કરવા આ પરિષદ શ્રીમંત સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.[૨૬]

ઉપરોક્ત ઠરાવો સંદર્ભે સભાના અંતિમ દિવસે વિવિધ ચર્ચા- વિચારણાના અંતે, સર્વ ઠરાવો સર્વાઅનુમતે પસાર કરવામાં આવ્યા છે.

---

૨૬. એજન, પૃ. ૧૮૮ થી ૧૯૦

૪.૧૧ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો અગિયારમો મહોત્સવ, સોનાસણ, ઈ.સ. ૧૯૨૬

શ્રી કડવા પાટીદાર પરિષદનો અગિયારમો મહોત્સવ તા. ૮-૯-૧૦ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૬ના રોજ પ્રાંતિજ તાલુકાના સોનાસણા મુકામે ભરાઈ હતી.

આ મહોત્સવના પ્રમુખ તરીકે ચુનીલાલ વનમાળીદાસની વરણી કરવામાં આવી હતી. આ મહોત્સવના સંદર્ભમાં તથા કૃષિ વિષયના અનુસંધાનમાં તેમણે ક્યારે થશે ? તે શીર્ષક અનુસંધાનમાં જણાવ્યું કે,

"૧] અત્યારે આપણાં ગામડાં કે જ્યાં ભરમોસમે પણ શહેરના ધોળા બગલાં (ઉજળીપરજ મૂડીવાદી) ના હિત માટે રૂ-કપાસ ના વાવેતર વિના કંઈ થતું જ નથી એવાં વેરાન ગામડાંને બદલે જ્યાં રાનીપરજ-મજૂર વર્ગના બાળકો બારેમાસ ખાઈ-પી કલ્લોલ કરે એવાં વાડી, ઝાડી, વાડ અને વેલા વડે અન્ન, જળ, ફળ અને ફૂલથી સમૃધ્ધ ખેતરોવાળો ગામડાં ક્યારે થશે ?

૨] અત્યારે જ્યાં ગાયના દૂધ-છાશનાં ટીપાં તો શું પણ ચોકા માટે ગોબર કે ગૌમૂત્ર પણ મળતું નથી તેવાં વેરાન ગામડાંને બદલે શ્રી કૃષ્ણ પરમાત્માની વાનરસેનાને માખણ લૂંટવાનું આગ્રહપૂર્વક આમંત્રણ આપે એવાં ગૌધનથી સમૃધ્ધ ગામડાં ક્યારે થશે ?

૩] વિદ્યાવાન અને મૂડીવાદી વર્ગ, જે અત્યારે ગામડાંને ચૂસીને ખોખાં બનાવી રહ્યો છે તે જ વર્ગ, કૃષિકારો સાથે સહકાર કરી પોતાની વિદ્યા અને ધન વડે ગામડાંની ઉન્નતિ કરતો ક્યારે થશે?

૪] આપણી જ વનસ્પતિ અને ખનીજોમાંથી બનેલી મોંઘીદાટ વિદેશી દવાઓની ફગાવી દઈ આપણી ભાગોળની વનસ્પતિથી બનેલી દવા વાપરતા લોકો ક્યારે થશે ?"[૨૭]

यस्य देशस्य यो जन्तु
स्तस्य तदौषघं हितम्

---

૨૭. પટેલ. બબાભાઈ. રા, ચેતન, અંક. ૩, ઈ.સ. ૧૯૨૮, પૃ. ૯૭

૪.૧૨ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો બારમો મહોત્સવ, ડરણ, ઈ.સ. ૧૯૨૯

કડવા પાટીદાર પરિષદનો બારમો મહોત્સવ કડી તાલુકાના ડરણ ગામે ઈ.સ. ૧૯૨૯ના રોજ ભરાઈ હતી. મહોત્સવના પ્રમુખ તરીકે શ્રી રામચંદ્રભાઈ અમીનની વરણી કરવામાં આવી હતી. સભાની શરૂઆતમાં સ્વાગત પ્રમુખ શ્રી જીવાભાઈ શામળદાસે જણાવ્યું કે, "આપણી જ્ઞાતિની ઉન્નતિનો મુખ્ય આધાર ખેતી ઉપર છે, કારણ કે આપણી જ્ઞાતિનો મોટો ભાગ ખેડૂતવર્ગ જ છે. તેથી દુનિયાની બધી પ્રજામાં શ્રમજીવી તરીકે અને મનુષ્ય જાતિની જરૂરિયાત પૂરી કરનારી પ્રજા તરીકે આપણું સ્થાન ઉચ્ચત્તમ હતું, છે; અને હોવું જોઈએ એ દીવા જેવું સ્પષ્ટ છે. છતાં એ સમાજમાં આપણે જોઈએ તેવું સ્થાન ભોગવી શકતા નથી એમ કહેવામાં હું જરાયે અતિશયોક્તિ કરતો હોઉં એમ મને લાગતું નથી.

સમસ્ત જગતની શ્રમજીવી પ્રજા અત્યારે અગ્રસ્થાન ભોગવે છે અને કેટલેક સ્થળે તો સત્તાધીશ પણ શ્રમજીવી પ્રજા જ છે. પરંતુ આપણે તદ્દન અધોગતિ ભોગવતા જ રહ્યાં છીએ એ ઓછી શરમ ભરી વાત નથી. ઉપરાંત તેમણે ખેડૂત બેંક સંદર્ભે જણાવ્યું કે "પૂરતી મહેનત કરવા છતાં આપણી જ્ઞાતિ દેવાના બોજો તળે શોષાતી જાય છે. તો ઓછા વ્યાજે ખેડૂતોને નાણાં ધીરનારી અને તેમને સહેલાઈથી નાણાં મળી શકે તેવી સંસ્થા શરૂ કરવા માટે સબળ પ્રયત્ન કરવાની અત્યંત આવશ્યકતા છે એમ હું માનું છું.

ગૌપાલન સંદર્ભે તેમણે જણાવ્યું કે, "ગાયોની સંરક્ષણ કરવાની આપણી પવિત્ર ફરજ છે. ગાયો એ આપણું આર્થિક તેમજ શારીરિક સ્થિતિ સુધારનારું ખરું ધન છે. દુર્ગા તે કામદુર્ગા જ છે.

સ્વદેશીનું પાલન સંદર્ભે જણાવ્યું કે, "સ્વદેશી વસ્તુના પ્રચાર તરફ આપણે દુર્લક્ષ કરવા માંડ્યું છે. આપણે ઘર આંગણે પેદા કરેલી વસ્તુઓ નજીવી કિંમતે બહાર ફેંકી દઈએ અને અનેકગણી કિંમત ખર્ચીને વસાવવીને અજ્ઞાનતા દર્શાવીએ છીએ. જીવનની જરૂરિયાતોમાં મુખ્ય વસ્તુ તે હવા અને પાણી છે અને તે તો કુદરત આપણને જોઈએ ત્યારે, જોઈએ તેટલા પ્રમાણમાં વિના મૂલ્યે સદૈવ આપ્યા જ કરે છે. બીજી જરૂરિયાત અન્ન, વસ્ત્રની મનુષ્યે જાતે પેદા કરી લેવાની હોય છે. તે આપણે આપણા પોતાના જ ઘરે પેદા કરીએ છીએ. છતાં આપણે શહેરો ઉપર અને બીજા દેશો ઉપર આધાર રાખવા થયા એ આપણી શરમનું વિવેચન કર્યું. એ મારી શક્તિ બહારની વાત છે. સ્વદેશી વસ્તુના વપરાશથી આપણે આપણી આર્થિક સ્થિતિ સુધારતા જઈશું, તેમજ ભારતની આર્થિક સ્થિતિના સુધારામાં આપણો ફાળો આપી શકીશું.

ખેતીમાં સુધારા સંદર્ભે જણાવ્યું કે, "આપણી આર્થિક સ્થિતિમાં સુધારો કરવા માટે તો આપણે બીજા ઉપર આધાર ન જ રાખી શકીએ. ત્યારે આપણને સ્વાભાવિક પ્રશ્ન એ ઉદ્ભવે છે કે કરવું શું ? કરવાનું એક જ આપણી ખેતીવાડીમાં સુધારો કરવાનું મન ઉપર લેવું, જમીનમાં સુધારો

કરવો, પૂરતું ખાતર આપવું, પાણીનાં બહોળાં સાધનની યોજના કરવી તથા જમીનને ભાવતી અને સારું ઉત્પાદન આપતી ચીજોનું વાવેતર કરવા માટે લક્ષ આપવું, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ચાલકોને ખેતીવાડીના વધારાનું કાર્ય થાય તો જ તેમાં જલદીથી ફતેમંદ થવાય એમ મારી ધારણા છે. આશા છે કે જ્ઞાતિજનો આવા પ્રકારની યોજના હાથ જેટલી મદદ, સદર સંસ્થાને આપશે.

ઉપરોક્ત વિવેચન બાદ, પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, એમ. એલ. સી એ કૃષિ સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા, 'જે કંઈ આ પ્રમાણે હતા' તેમને જણાવ્યું કે, "આપણે પૈસે ટકે દુ:ખી થયા છીએ તેથી જ દૂધ, ડાંગર અને જે કાંઈ પાક થાય તેના આપણે પૈસા કરવા મથીએ છીએ. ખેડૂત બીચારો સવારથી સાંજ સુધી મજૂરી કરે, પરંતુ જેમ ઝાડ ઉપર બેસી મધમાખો મધ ભેગું કરે અને વાઘરી ખાઈ જાય એ તેનો ન્યાય છે. **હિંદમાં આજે ખેડૂત અને શાહુકાર એમ બે વર્ગ છે. એક હકકનું ખાનાર છે અને બીજો બિનહકકનું ખાનાર છે. ત્યારબાદ આ બે વર્ગની ઉત્પત્તિનો ઈતિહાસ તેમણે રસિક અને સરળ ભાષામાં કહી સંભળાવ્યો હતો.**[૨૮]

પ્રો. સાહેબે ખેડૂતોને રાજ્યકારણમાં ભાગ લેવાનો ઉપદેશ આપતાં જણાવ્યું કે, તમે મજૂરી કરો તેમાં મને વાંધો નથી. પરંતુ તમે રાજ્યમાં શું થાય છે તે જાણો કારણ કે સ્વરાજ્ય હવે આવી પહોંચ્યું છે, તે વખતે ગાયકવાડ પણ તેમને તેનું રાજ્ય સોંપાશે. કેળવણી ખાતાના વડા અને મહારાજા સાહેબ વચ્ચે સંવાદ થયો ત્યારે મહારાજાએ પૂછ્યું કે, "ફરજિયાત કેળવણીનું સુંદર પરિણામ મને ક્યારે ખબર પડશે ?" વડાએ જવાબ આપ્યો કે, "રાજ્ય કરતાં જ્યારે તમને ભારે દુ:ખ પડે ત્યારે" મતલબ કે હાલના જમાનામાં રાજકારણથી વિરક્ત રહી ફક્ત હળ ખેડીને જ બેસી રહેવાનું નથી. સ્વતંત્ર રીતે તમે તમારી અડચણો સરકારને જાહેર કરો. તમારી આબાદી ઉપર રાજ્યની આબાદીનો આધાર છે જમનો હાર્યો તે તો ખેતી વિના જ, ખેતીને જોઈતા પ્રમાણમાં સંભાળ ન લીધી તેથી જ.

ત્યારબાદ સભાના દ્વિતીયદિવસે "ચેતન" માસિકના સંદર્ભે. રા. પુરુષોત્તમદાસ રણછોડદાસ વકીલે જણાવ્યું કે, "રશિયામાં એવો સમય હતો કે જ્યારે ખેડૂતોને પૂરતું ખાવા મળતું ન હતું. હાલ આપણી પણ એવી સ્થિતિ છે. તેમાંથી બચવાનો ઉપાય એ જ કે સમયને અનુકૂળ થતાં શીખવું સઘળી બાબતોથી વાકેફ રહેવું જોઈએ. તે કેવી રીતે થઈ શકે ? માસિક મારફતે જ. "ચેતને" ત્રણ વર્ષથી જે સેવા બજાવી છે તે ખરેખર પ્રસંશનીય છે. દરેક કડવા પાટીદાર બંધુએ તેના ગ્રાહહ થવું જોઈએ. એ બે રૂપિયા એડે નહિં જાય. ઈગ્લેન્ડની ઉન્નતિ તેના સામાયિકોને જ આભારી છે ત્યાં દરેક નોકર અને શેઠના વિચારોની સમનતા છે. કારણ વાંચન.

---

૨૮. પટેલ. બબાભાઈ. રા, ચેતન, અંક. ૧૨, ઈ.સ. ૧૯૨૯, પૃ. ૧૯૦

લેન્ડમોર્ટગેજ બેન્ક્સ સંદર્ભે સરકારનું સૂચન કરતાં રા. જેઠાલાલ લાલદાસે (મહેસાણા) જણાવ્યું કે "આપણી આર્થિક સ્થિતિ દિન પ્રતિદિન કફોડી થતી જાય છે. વ્યાજ ભરી ભરીને ખેડૂતો દેવામાં વધારે ને વધારે ડૂબતા ગયા છે. વડોદરા રાજયમાં તેમજ અંગ્રેજી રાજ્યમાં સહકારી બેંકો નીકળી છે જે ખેડૂતોની સહકારી મંડળીઓને મદદ આપે છે. આવી બેંકો હાલની સ્થિતિને પૂરતી નથી તો લેન્ડ મોર્ટગેજ (જમીન ગીરો લઈને નાણાં ધીરનારી) બેંકો ઉઘાડવા શ્રીમંત ગાયકવાડ સરકાર તથા અંગ્રેજ સરકારને વિનંતીનાં ઠરાવ રજૂ કરું છું.

રા. શુક્લે અનુમોદન આપતાં જણાવ્યું કે પ્રથમ માણસ સ્વાશ્રયી હતો. તે વખતે તેને જરૂરિયાતો બહુ જ થોડી હતી અને પૈસાની જરૂર પડતી નહિં. હાલ તો માલ કરતાં પૈસાની વધારે જરૂર છે. આવી વસ્તુ સ્થિતિને પહોંચી વળવા ગરીબ ખેડૂત માટે હાલની બેંકો પૂરતી નથી. લેન્ડમોર્ટગેજ બેંકોની ખાસ આવશ્યક્તા છે. તેમ તેમણે જણાવ્યું હતું.

ગૌપાલન સંદર્ભનો ઠરાવ રા. પોપટલાલ ગુલાબદાસે જણાવ્યું કે હું જે ઠરાવ રજૂ કરવાનો છું તે કદાચ તમને યોગ્ય લાગશે નહિં. તે ઠરાવ ગૌપાલનનો છે. આપણે ભેંસ જેવા જંગલી પ્રાણીને પાળીએ છીએ પરંતુ ગાય જેવા ચેતનવંતા પ્રાણીને ત્યજી દીધું છે. ગૌપાલનના અભાવે જ દર કરોડો ગાયોને રબારીઓ કતલખાનામાં મોકલે છે. પણ તેનું પાપ આપણે શિરે છે ગાયોના વાછરડાંના બળદ બનાવી આપણે વાપર્યા વિના છૂટકો જ નથી. આપણે બળદ વિના તો ચાલવાનું જ નથી. બીજાને હાથે આખલામાંથી બળદ બનાવેલા આપણે વાપરીએ તેથી બળદ બનાવવાનું પાપ (જો તમે તેને પાપ માનતા હોતો) આપણા શિરેથી લેશ માત્ર પણ ઓછું થતું નથી. આખલાના બળદ નહિં કરવામાં પાપ છે. કારણ કે આખાલાઓને પરદેશ લઈ જઈ તેનું જીવતાંને જીવતાં ચામડું ઉતારી લેવામાં આવે છે. આખલાનો ઉપયોગ બળદ તરીકે ન થવાથી આખલાની સંખ્યા બહુ ઓછી થઈ ગઈ છે. આખલા કમોતે મરે છે. તો ખેડૂત ભાઈઓને મારી ભલામણ છે કે દરેક પોતાનાં ઘેર ગાય પાળો અને બળદ પણ ઘેર બનાવો ત્યારે જ બળદની ઓલાદ સુધરશે અને સસ્તા પણ પડશે.

રા. છોટાલાલ મગનલાલએ (કડી) ઠરાવને અનુમોદન આપતાં બળદની ઓલાદ સુધારાનું તથા માનસિક શક્તિના વિકાસ અર્થે ગાયનું દૂધ, ઘી વાપરવાનું સુચવ્યું હતું.

સભાના તૃતિય દિવસે પ્રમુખ દ્વારા 'કૃષિ સંદર્ભે જે ઠરાવ પર ચર્ચા-વિચારણા થઈ હતી તે નીચે પ્રમાણે છે પ્રમુખ સાહેબે જણાવ્યું કે ખેડૂતો માટે રાહતો માગનારો ઠરાવ રજૂ કરતાં પ્રો. શ્રી સ્વામી નારાયણ સાહેબે કહ્યું કે, "ખેડૂતોને, વર્ષો વર્ષ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હિમ, તીડ વગેરે કુદરતના કોપથી ઘણું સહન કરવું પડે છે. આ કોપ દુકાળની ગરજ સારે છે. છેલ્લાં ત્રણ વર્ષથી આફતો એક પછી એક ચાલી જ આવે છે. તેથે ખેડૂતો આજે ચિંતાતુર છે. ગઈ સાલ સરકારે મહેસૂલ મોકૂફ રાખ્યું એટલે આ વર્ષે ખેડૂતને બે સાલનાં મહેસૂલ ભરવાં પડશે. ખેડૂતોને દેવામાંથી બચાવવા એ સરકારનું કામ છે. તેઓ સરકારના કમાઉ દીકરા છે જો ખેડૂતોને મારશે તો સરકારની દશા સોનાનાં ઈંડા મૂકનાર હંસણીને મારનાર ડોશી જેવી થશે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે રાજાએ

પોતાની પ્રજાનું રક્ષણ તેમજ ભરણ પોષણ કરવું. સરકાર કહે છે કે ખેતીમાં ફાયદો ન હોય તો ખેડૂતો શા માટે ખેતી કરતા હશે ? તેનો જવાબ એ છે કે તેઓ ખેતી મૂકીને બીજું કરે શું ? બીજો ધંધો નથી, ખેતર-પાધર છોડીને નાસે એવી સ્થિતિ નથી, માટે જ ખાધીલી ખેતીને વળગી રહ્યાં છે. નોકર રાખીને ખેતી કરાવે તો સરકારને હાલ ખબર પડે કે ખેતીમાં શું ફાયદો છે. ખેડૂતોની આબાદી હશે તો જ સરકાર આબાદ રહેશે. માટે જ ખેડૂતોને પાયમલન કરતાં ચઢેલું મહેસૂલ માફ કરવું; ફરજિયાત કેળવણીનો દંડ માફ કરવો. દંડ માફ કરાવવાની માંગણી મૂર્ખાઈ ભરેલી છે. છતાં આજના સંજોગો જોતાં તે પણ ન છૂટકે કરવી પડે છે; હુકમનામાની બજવણીઓ મોકૂફ રાખવી; છૂટે હાથે તગાવીઓ આપવી. ઈંગ્લેન્ડની સરકારે મજૂરોને બેકારી ટાળી તેમને રાહત આપવા ખાસ કાયદો ઘડ્યો તેવી રીતે અહીંની સરકારે પણ ખેડૂતોને રાહત મળે તેવાં પગલાં યોજી, તેમને રોજી મળે તેવાં કામો ઉઘાડવાં જોઈએ. તેમજ વેપારીઓનો હુકમનામાં થયાં હોય તો વગર વ્યાજુકા કાંધાં કરી આપવાં. આ રાહતો ખેડૂતોને નહિં મળે તો ખેડૂતોની દશા બૂરી આવવાની જ છે.

તેમના ઠરાવને અનુમોદન આપતાં શ્રી પુરુષોત્તમ રણછોડદાસે જણાવ્યું કે, "ખેડૂતોના હિતની સાથે સરકારનું તેમજ અન્ય પ્રજાનું હિત સંકળાયેલું છે. રાજા અને રાજ્ય તો ખેડૂતો ઉપર છે. ખેડૂતો ન હોય ત્યારે રાજા કે રાજ્ય કશું નહિં હોય કેટલીક વખત રાજ્ય જ્યારે પોતાના દેખીતા સ્વાર્થ માટે આંખ આડા કાન કરે ત્યારે ખેડૂતોએ એ ઘડીભર સહન કરવું ન જોઈએ. પોતાને થતાં અન્યાય માટે બરડોલીના પંથે પડવું જોઈએ. પણ સવિનય ભંગના રસ્તે જઈએ તે પહેલાં સરકારની પાસેથી કાયદેસર મદદ મળતી હોય તો તે મેળવવી જોઈએ. પ્રથમ તો આપણે સરકારને વેરો-મહેસૂલ માફ કરવા, લેણદારોના પંજામાંથી છોડવા વિનવીએ. આ ઠરાવમાં ખેડૂતનું, રાજ્યનું અને દેશનું હિત છે.

ઉપરાંત વાડાની જમીનોના સંદર્ભે પ્રભુદાસ ભાવસંગએ જણાવ્યું કે, "વાડા ખેડૂતાનાં ફેફસાં છે. જેમ ફેફસાં વિના જીવાય નહિં તેમ વાડા વિના પણ ખેડૂત જીવી શકે નહિં. વાડાઓનો કબજો ભોગવટો પરાપૂર્વથી ખેડૂતોનાં જ ચાલ્યો આવે છે. આજે તેનો ભોગવટો લઈ લેવો એટલે તેને મારી નાખવા બરોબર છે. હું તો કહીશ કે ગામમાં ઘર બાંધવાની રજા લેવાની પણ શી જરૂર છે ? પોતાની જમીન માટે મંજૂરીની જરૂર શી ? માટે મારી રાજ્યને વિનંતી છે કે વાડાઓ વપરાવાની ખેડૂતોને છોટ મળવી જોઈએ"

ઉપરોક્ત ઠરાવ ને પ્રોફેસર જેઠાલાલના અનુમોદન બાદ, પ્રમુખશ્રીનો મત લઈ; સર્વાનુમતે મંજૂર થયેલો જાહેર કર્યો હતો.

સભાના અંતે વિવિધ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં કૃષિ-કિસાન સંદર્ભ ઠરાવ. નં. ૮માં જણાવ્યું કે, "ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા અને તેમને શાહુકારોના લોખંડી પંજામાંથી છોડાવવા 'લેન્ડમોર્ટગેજ બેંકો' શરૂ કરાવી અને સહકારી પ્રવૃત્તિને વધારવા શ્રીમંત ગાયકવાડ સરકારને તથા ના. બ્રિટિશ સરકારને આ પરિષદ ખાસ ભલામણ કરે છે. ત્યારબાદ ઠરાવ. નં. ૧૧માં,

"કડવા પાટીદાર બંધુઓનો મુખ્ય ધંધો ખેતીનો છે અને ખેતીનો મુખ્ય આધાર ગાય અને બળદ ઉપર છે. પરંતુ હાલ ગાયોના ઉછેરનું કાર્ય સાધન વિનાના ભરવાડોના જ હાથમાં હોવાથી ગાયોની સંખ્યા દેશમાં દિન-પ્રતિદિન ઓછી થતી જાય છે અને તેમની તેમની એક ગાય પાળે અને તેના વાછરડાઓના બળદ કરી-કરાવી તેમને ખેતીના ઉપયોગમાં લે તો જ ગૌપાલન શક્ય છે. તેથી દરેક પાટીદાર બંધુને એક ગાય પાળવાની આ પરિષદ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૩માં, કડવા પાટીદાર જ્ઞાતિનાં મુખ્ય ધંધો ખેતી હોવાથી ખેતીના શાસ્ત્રીય શિક્ષણની આ કોમને અત્યંત જરૂર છે. તેથી કડી પ્રાંતમાં ખેતીવાડીનો એક વર્ગ શરૂ કરવા આ પરિષદ શ્રીમંત સયાજીરાવ મહારાજને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ. નં. ૧૭માં, જ્ઞાતિના વિદ્વાન પ્રોફેસરશ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણે મુંબઈ ધારાસભામાં ખેડૂતોના પ્રતિનિધી તરીકે અમૂલ્ય કાર્ય કર્યું છે તે માટે તેમને આ પરિષદ ધન્યવાદ આપે છે અને ભવિષ્યની ચૂંટણીમાં તેમને જ ચૂંટી કાઢવા દરેક પાટીદર બંધુને આ પરિષદ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ નં. ૨૧માં, આ પરિષદ શ્રીમંત ગાયકવાડ સરકારને

(અ) કમી વરસાદ હોય ત્યારે હિમાયત નામનો કર માફ કરવા

(આ) ગોચરની અંદરના જળાઉ અને ફળાઉ ઝાડોનું ઉત્પન્ન જે તે ગામની પંચાયતને આપવા

(ઈ) સાર્વજનિક હરકત ન હોય ત્યાં આંગણાં ખેડૂતોની માલિકીનાં ગણવા

(ઈ) જમીન ઉપર ખેડૂતોને સંપૂર્ણ સ્વામિત્વ સ્વીકારવા.

(ઉ) વેઠ સંબંધી કાયદો રદ કરવા વિનંતી કરે છે.

ઠરાવ નં. ૨૨, માત્ર સહકાર્ય અને ગ્રામ ઉન્નતિ (Village up lifts)ની વાતોથી ખેડૂતોની આર્થિક, નૈતિક અને ધાર્મિક સ્થિતિ સુધરવાની નથી. કડી પ્રાંતના ખેડૂતો દેવા નીચે ચગદાઈ ગયા છે, એટલે તેમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી "સહકાર અને ગ્રામ ઉન્નતિ"થી કશો લાભ થશે નહિં એમ આ પરિષદ માને છે, તો ખેડૂતોને ઋણમુક્ત કરવા માટે આ સાથેની બાબતોને અનુસરી કાયદો ઘડી અમલ કરવા આ પરિષદ શ્રીમંત સરકારને વિનંતી કરે છે.

૧) શ્રીમંત સરકારે કડી પ્રાંત માટે ખેડૂતોને ઋણમુક્ત કરવાના હેતુસર નીચેના સભ્યોની એક સમિતિ નીમવી.

૧] ન્યાય ખાતાનાં અમલદાર (શ્રી સરકાર નીમશે)

૨] લેણદારનો પંચ (લેણદારો નીમશે)

૩] પ્રાંતની ખેડૂત સભા તરફથી બે પંથ (ખેડૂતસભાઓ નીમશે)

૨) આ સમિતિ આ પ્રાંતના પ્રત્યેક ખેડૂતનો પ્રથમથી અત્યાર સુધીનો તેના અથવા તેમાં લેણદારના ચોપડે હિસાબ જોઈ, હિસાબે લેણદારનું શું નીકળે છે તે નીચેની રાહતોને પાત્ર કરી નક્કી કરી યોગ્ય લાગે, હત્યા બંધી હુકમનામું કરી આપશે.

૧] હિસાબની શરૂઆતથી તે છેવટ સુધીનો હિસાબ જોશે, પરંતુ વ્યાજ વટાવ, કોથળી છોડામણ વગેરે ગણી કોઈ પણ પ્રસંગે દામદૂપટ કરતાં વધુ રકમ વ્યાજ તરીકે આપવી શકશે નહિં.

૨] પાછલા હિસાબમાં ખાતાં, બાકીખત, ગીરોખત તેમજ હુકમનામાનો સમાવેશ થશે.

૩] દેણદાર ખેડૂતોની સ્થિતિને અનુકૂળ વગર વ્યાજુકાં કાંધાં કરી આપશે.

૪] લેણદારના લેણાંની સલામતી ખાતર દેણદારની જરૂરી મિલકત તારણમાં લખી આપવાનું ફરવામવશે.

૩) આ સમિતિ જે નિર્ણય કરે તે આખરનો ગણાશે.

૪) સરખા મત પડે તે પ્રસંગે આ સમિતિ સરપંચનીમી તેનો નિર્ણય માગશે.

ઠરાવ નં. ૨૩માં, રેલ સંકટને લઈ ખેડૂતોને ધરોની થઈ હતી. બીજે વરસે હિમસંકટે શિયાળાના તેમજ કપાસના વાવેતરનો નાશ કર્યો. આને લઈ ખેડૂતોને નિર્વાહના સાંસા પડેલા પરંતુ શ્રીમંત સરકારે જમીન મહેસૂલ મોકૂફ રાખી તેમજ બીજી રાહતો આપી ખેડૂતોની પાયમાલી અટકાવી હતી. તેમાં આ બીજી સાલે કમીવૃષ્ટિ (અનાવૃષ્ટિ) ને લઈ ડાંગર કઠોળનો પાક મુદ્દલ થયો નહિ અને ઉપરથી તીડનાં ટોળાંએ જુવાર, બાજરી, કઠોળ તેમજ કપાસના વાવેતરની પાયમાલી કરી છે અને તીડના ટોળામાંથી જે થોડો ઘણો કપાસ બચેલો તે કમીવૃષ્ટિને લઈ ફરી ગયો છે. આ કડી પ્રાંતના ખેડૂતો તદ્દન નિરાધાર બની ગયા છે. તો નીચેની રાહતો આપવા આ પરિષદ શ્રીમંત સરકારને આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

૧] આ સાલ સુધ્ધાંતનું ચઢેલું મહેસૂલ માફ કરવા.

૨] ફરજિયાત કેળવણી વગેરે બાબતનો ચેઠેલો દંડ માફ કરવા.

૩] દિવાની મુલ્કી હુકમનામાની બજામણીઓ તા: ૩૦-૧૨-૩૦ સુધી મોકૂફ રાખવી

૪] ઉદાર નીતિએ વગર વ્યાજુકી તગાવીઓ તેમજ મફત મદદ આપવા.

૫] રોજી મળે તેવાં કામો ઉઘાડવા

૬] ખેડૂતો ઉપર દેવા થયે સ્થિતિ પ્રમાણે વગર વ્યાજુકાં કાંધાં મળે તેવો હુકમ થવા.

૭] હપ્તાબંધી હુકમનામાં થયેલાં તેના હપ્તા આ સાલે ભારવાના થાય તે આવતી સાલે લેવાય તેવો હુકમ આપવા.

૮] સાર્વજનિક અને સરકારી જળશયોની પીયત માટે કરવાની છૂટ આપવા.

૯] "મહુડા એક્ટ" માંથી આ સાલે છૂટ આપવા.

ઠરાવ. નં. ૨૪માં, ખેડૂતોનું ખરૂં ધન ઢોર છે. તેમના ઘાસ સંગ્રહ કરવા વાડાની જમીન જોઈએ. તો ગામની જરૂરિયાતના પ્રમાણમાં વાડા માટે જમીનની સગવડ કરી આપવા શ્રીમંત સરકારને આ પરિષદ વિનવે છે.૨૯

આમ કૃષિ સંદર્ભે વિવિધ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા, જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

૪.૧૩ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો તેરમો મહોત્સવ, સાણંદ, ઈ.સ. ૧૯૩૬

શ્રી કડવા પાટીદાર પરિષદની તેરમી બેઠક ઈ.સ. ૧૯૩૬માં સાણંદ મુકામે ભરાઈ હતી. પરિષદના પ્રમુખ તરીકે શેરદલાલ શેઠશ્રી નંદુલાલ મંછારામની વરણી કરવામાં આવી હતી. પરંતુ તાત્કાલિક માસિકમાં તે સંદર્ભની માહિતી મળતી નથી. જે એક મર્યાદા ગણી શકાય.

૪.૧૪ કૃષિ-વિષયક પ્રશ્નોના સંદર્ભે, શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજનો ચૌદમો મહોત્સવ, પાટડી ઈ.સ. ૧૯૩૮

કડવા પાટીદાર પરિષદનો ચૌદમો મહોત્સવ પાટડી મુકામે તા.૪-૧૧-૧૯૩૮ના રોજ મળેલ હતી મહોત્સવના પ્રમુખ તરીકે શ્રી નંદુલાલ મંછારામ ની વરણી કરવામાં આવી હતી.

પાટડી રાજ્યના શ્રી ના. દરબારશ્રી રઘુવીરસિંહજીએ મહોત્સવની સફળતા સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ સ્વાગતમંડળના પ્રમુખ શ્રી બળદેવભાઈ દેસાઈ એ "કૃષિ સંદર્ભે જણાવ્યું કે, "આપણી જ્ઞાતિ ખેતીપ્રધાન હોઈ તેનો ઘણો મોટો ભાગ પોતાની આજીવિકા માટે ખેતીના ઉત્પન્ન ઉપર આધાર રાખે છે. અત્યારના મંદીના તથા અનિયમિત ઋતુના જમાનામાં ખેતી જોઈએ તેવી ફળદાયી થતી નથી અને તેથી ખેડૂતોની આર્થિક સ્થિતિ વધારે તંગ બને છે. આ સંજોગોમાં ખેતીનું ઉત્પન્ન વધારવા અને તે ઉપરાંત ઉપજનાં બીજાં સાધનો આપણા જ્ઞાતિબંધુઓ માટે ઉત્પાદન કરી તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે શક્ય હોય તેટલા પ્રયત્નો

૨૯. એજન, પૃ. ૧૯૧ થી ૧૯૩

થવા જોઈએ. આ બાબતમાં જલદી વિચાર કરી તથા તે માટે સરકાર અને લોકોપયોગી સંસ્થાઓ સાથે સહકાર સાધી બનતા પ્રયત્નો આપણી પરિષદ કરશે તેવી આશા રાખું છું.

પ્રમુખ શ્રી નંદુલાલ મંછારામ એ મહાસભા દ્વારા કૃષિ વિકાસ સંદર્ભે જણાવ્યું કે, "મહાસભા સરકાર સ્થાન પર આવી. મહાસભા સર્વ વર્ગોની પ્રતિનિધિ હોવાનો દાવો કરતી હોવા છતાં, તે વિશેષ ખેડૂતો, મજૂરો અને ગરીબ લોકોની પ્રતિનિધિ બની છે. અને તેના હિતમાં પગલાં એક પછી એક મક્કમતાથી લેવા માંડ્યાં છે. ખેડૂતના જમીન મહેસૂલના અને જમીનની માલિકીના હકક સંબંધમાં નવા કાયદાઓ થનાર છે. ખેડૂતના દેવાનો પ્રશ્ન ક્યારનોંય તે વિચારી રહી છે સુધારવા માટે યોજનાઓ પણ. બીજી બાજુ કેળવણીની દિશા બદલી તેને વ્યવહારું અને સાચી દિશા આપી વધારે વ્યાપક બનાવવા પોતાની શક્તિ ખર્ચી રહી છે. ગામડાંમાં સંગઠન થાય, નવા જમાનાના બધાએ પ્રશ્નોમાં ગામડાંના લોકો રસ લેતા થાય, અને ગામડાંમાં બંધારણીય રીતે કામ ઉકેલવાની શક્તિ આવે તે માટે લોકલ બોર્ડોના કાયદામાં સુધારા કર્યા છે અને બીજા પણ કેટલાક મહાસભાએ કબજે માંડ્યા છે, અને તેથી લોકલ બોર્ડો પણ મહાસભાએ કબજે કરી તેમાં પણ ચેતન રેડ્યું છે. સરકાર એથી પણ વધુ આગળ જઈ ગ્રામ પંચાયતો સ્થાપવા માગે છે. પંચાયતો ફળીભૂત થાય તો આપણા દેશની આખીયે સિક્કલ જશે તેમાં શકો નથી.[૩૦]

વિશેષમાં દેશી રાજ્યોના સંદર્ભમાં જણાવ્યું કે, "શ્રીમંત ગાયકવાડ સરકારે સામાજિક સુધારણાના ઘણા કાયદા કર્યો છે પણ તેનો અમલ ઘણો જ શિથિલ થાય છે એટલે તે કાયદાઓની અસર નહિં જેવી જ થાય છે તે દિલગીર થવા જેવું છે. શ્રીમંતના રાજ્યમાં ખેડૂતો પણ કેટલેક ઠેકાણે કરના વધુ પડતા બોજાથી પીસાય છે, તેમાંથી તેમને રાહત મળે અને તેમની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધરે તેવા ઉપાયો તેમણે તત્કાલિન યોજવા તેવી મારી વિનંતી છે અને મને ખાતરી છે કે પ્રજામાં વધુ અસંતોષ ઉત્પન્ન થાય તે પહેલાં શ્રીમંત સરકાર ગાયકવાડ પ્રજાની ન્યાયી અને વાજબી માંગણીઓ સ્વીકારશે તેમ તેમણે જણાવ્યું હતું

પાટડી મુકામે રજૂ થયેલ વિવિધ વિષયોના ઠરાવો ઉપરાંત કૃષિ સંદર્ભે રજૂ થયેલ ઠરાવો નીચે મુજબ :

ઠરાવ નં. ૧૩, મોહનલાલ બાપુજી પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો જે કંઈક આ પ્રમાણે હતો કે "બ્રિટિશ હિંદમાં ખેડૂતો ઉપર જમીન મહેસૂલનું હાલનું ધોરણ વધારે પડતું છે, તેમાં સંગીન ઘટાડો કરી આવકવેરાના ધોરણે લેવાનું ઠરાવવા મહાસભાવાદી સરકારને આ પરિષદ ભલામણ કરે છે.

---

૩૦. પટેલ. મગનભાઈ. ર, પટેલ, વર્ષ. ૩, અંક. ૧, ઈ.સ. ૧૯૩૯, પૃ. ૧૮

ઠરાવ. નં. ૧૪માં, વડોદરા રાજ્ય તથા બીજો દેશી રાજ્યોમાં બ્રિટિશ હિંદના ચાલુ ધોરણ કરતાં પણ જમીન મહેસૂલ તથા બીજા કરવેરાનું ભારણ એકંદરે ઘણું જ વધારે હોવાથી પ્રજા રોજબરોજ પાયમાલ થતી જાય છે. તેમાંથી બચવા જમીન મહેસૂલ બ્રિટિશ હિંદના ધોરણે નક્કી કરવા તથા બીજા કરવેરાની તપાસ કરી કમી કે રદ કરવા કરાવવા આગ્રહ રાખવા લાગતા વળગતાને આ પરિષદ ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૭, ગૌરક્ષા એ આપણા દેશનો મુખ્ય ધર્મ છે, છતાં વાછડાના બળદ બનાવવામાં દોષની માન્યતા પેસી ગયેલી હોવાના કારણે ગાય આર્થિક રીતે પોષાતી નહિં હોવાથી આપણે ગાય અને ખેતીનો નાશ કરી, અધર્મ કરી રહ્યાં છીએ, તેમાંથી ઉગરવા અને ગૌરક્ષા વહેવારું બનાવ્યા વાછડાનાં બળદ કરતા થઈ જવા આ પરિષદ સર્વેને ભલામણ કરે છે.

ઠરાવ. નં. ૧૯, આપણી જ્ઞાતિ મુખ્યત્વે ખેતીપ્રધાન છે અને ખેતીની ઉપજ એકલી ખેડૂતની આજીવિકા માટે પૂરતી નથી, તેથી પૂરક ઉદ્યોગ તરીકે ગૃહઉદ્યોગો સ્થાપવા સરકાર વિચાર કરી રહી છે, તો તે સરકાર અને ગ્રામ ઉદ્યોગોની બીજી સંસ્થાઓ એવી પ્રવૃત્તિઓ સાથે સંપર્ક રાખી તે કાર્યને ઉત્તેજન આપવા તથા પ્રચાર કરવા યોગ્ય કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ. નં. ૨૦, બેકારી અટકાવવા તથા ખેતીની ઉપજમાં વૃધ્ધિ કરવા માટે આપણા ખેડૂતબંધુઓને કમિશ્નર નેહરુની યોજેલી ઈલેક્ટ્રોકલ્ચર વિધિ શીખવવાનો પ્રબંધ કરવા આપણી જ્ઞાતિની તેમજ અન્ય કેળવણીની સંસ્થાઓએ પોતાના છાત્રોને તે વિધિ શીખવવા માટે તૈયાર કરી તેનો પ્રચાર કરવા તેમને વિનવવામાં આવે છે.

ઠરાવ. નં. ૨૧, આ પરિષદ દૂઝણાં ઢોર ઉપર આચરવામાં આવતી ઘાતકી ફુક્કા પધ્ધતિનો નિષેધ કરનારો જે કાયદો મધ્યસ્થ ધારાસભામાં પસાર થયો છે તે બદલે તેમને અભિનંદન આપે છે.

ઉપરોક્ત ઠરાવો સંદર્ભે ચર્ચા-વિચારણા બાદ તે સર્વે ઠરાવને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

પૂર્વના પ્રકરણમાં કડવા પાટીદાર પરિષદમાં સ્ત્રીઓના પ્રશ્નને જે વિચારણા તથા ઠરાવો કરવામાં આવ્યા હતા તે જ અનુસંધાનમાં પ્રસ્તુત પ્રકરણમાં કૃષિ-કિસાન સંદર્ભે કડવા પાટીદાર પરિષદમાં થયેલ ઠરાવો તથા તત્કાલિન ગુજરાત તથા ભારતની ઘટનાઓની અસર કડવા પાટીદાર પરિષદ પર પ્રવર્તતી હતી; જે ઉપરોક્ત પ્રકરણના અભ્યાસ પરથી સમજી શકાય છે.[૩૧]

કડવા પાટીદાર પરિષદમાં કિસાનોના પ્રશ્ન બાદ પરિષદ દ્વારા સમાજના સર્વાંગિક વિકાસ સંદર્ભેની પ્રવૃત્તિનો આધારભૂત વિશ્ર્વસનીય સાધનો દ્વારા અભ્યાસ અનુગામી પ્રકરણમાં કરીશું.

---

૩૧. એજન, પૃ. ૨૦ થી ૨૨

પ્રકરણ - ૫
કડવા પાટીદાર પરિષદો પછી સમાજલક્ષી પ્રવૃત્તિઓ :

૫.૧ શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષનો અભિગમ

૫.૨ કેળવણી દ્વારા સમાજિક પ્રવૃત્તિ

૫.૩ સમાજમાં પ્રચલિત કુપ્રથામાં પરિવર્તન

૫.૪ અઠારમી શતાબ્દી મહોત્સવ

પ્રકરણ દ્વિતિય, તૃતિય, ચતૃર્થમાં કડવા પાટીદાર પરિષદની સ્થાપના, તત્કાલીન સામાજિક, રાજકીય આર્થિક સ્થિતિ, પરિષદના હેતુઓ, ઉદ્દેશ્ય, મુખ્ય સમસ્યાઓ વગેરે અભ્યાસ કરવામાં આવ્યો છે. પરિષદના સંદર્ભે જાગૃત પ્રજાજનો દ્વારા ચર્ચા-વિચારણા ઠરાવો વગેરે પ્રવૃતિઓ કરવામાં આવતી હતી. અભ્યાસના અનુસંધાનમાં કહી શકાય કે, પરિષદના પ્રારંભિક તબક્કામાં મુખ્ય વિષય, સમસ્યા;સ્ત્રીઓનો પ્રશ્ન, બાળલગ્ન સંદર્ભેનો હતો; જે સમયાન્તરે પરિવર્તીત થતા અન્ય મહત્વના વિષય તરીકે કન્યા કેળવણી, ખેડુત સમસ્યા હતી. પરંતુ અહિંએ નોંધવું અનિવાર્ય બને છેકે પરિષદની સ્થાપનામાં જાગૃત શિક્ષિત વિદ્વાનોના પ્રભાવને સમયાન્તરે સ્વાતંત્ર સંગ્રામનો, તથા ગાંધીયુગનો પ્રભાવ સ્પષ્ટ પણે વિદ્વાનોના ભાષણોમાં રજૂ થયો હતો.

પરિષદની ઉપરોકત કવાયતના પરિણામે સમાજના યુવાનોમાં જે સર્વાંગીક વિકાસના વિચારનો પાદુર્ભાવ થયો જે પરિષદની અનુગામી પ્રવૃતિમાં તથા સ્વતંત્ર સંગ્રામમાં પાટીદારનાં પ્રદાન સંદર્ભે સમજી શકાય છે. પરિષદની પ્રવૃતિ દ્વારા જે સામાજિક જાગૃતિનો સંચાર થયો તે શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળની પ્રવૃતિ તથા અન્ય સંસ્થાઓની સ્થાપના સંદર્ભે સમજી શકાય તેમ છે.

૫.૧ શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા સમાજ ઉત્કર્ષનો અભિગમ

તા. ૩૦-૧-૧૯૪૪ના રોજ અમદાવાદમાં દરબારશ્રી સુરજમલજી કડવા પાટીદાર છાત્રાલય ના સભાગૃહમાં લગભગ ૬૦-૭૦ યુવાનોની હાજરીમાં જ્ઞાતિનાં આર્થિક, સામાજિક વિકાસ માટે એક મધ્યસ્થ સંસ્થા તરીકે શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ સ્થાપના કરવામાં આવી હતી. ૧

સંસ્થાની શરૂઆતમાં સંચાલકો સંસ્થાના ઉદેશ્ય સંદર્ભે વિવિધ પ્રદેશોમાં જ્ઞાતિના ઉદ્યોગપતિ તથા વિદ્વાનોનો સંપર્ક કર્યો હતો જેથી કાર્ય પધ્ધતિ સંદર્ભે નવો દ્રષ્ટિકોણ પ્રાપ્ત થયો હતો. અને સમયાન્તરે ૧૦૦૦ ઉપરાંત સભાસદો જોડાયા હતા. એટલામાં મંડળનો વાર્ષિકોત્સવ તાઃ૨૪-૧૨-૧૯૪૪ના રોજ ડૉ. ગણપતરામ પટેલના પ્રમુખપદે, દરબાર શ્રી સુરજમલજી છાત્રાલય અમદાવાદમાં મળી હતી. પ્રમુખએ મંડળના સભાસદોને ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે " કોઇ પણ કામ મુશ્કેલ નથી. ઉત્સાહ અને ખંતથી કાર્ય કરીશું તો થોડા જ સમયમાં જ્ઞાતિજનોનો પ્રેમ જીતી લઇશું. સૌનો વિશ્વાસ અને સહકાર સંવાદન કરી શકીશું. શાંતિ અને સમજાવટથી જ્ઞાતિની પ્રગતિ માટે પ્રયત્નો કરીશું તો આપણે જરૂર આપના ધ્યેયને પહોંચી વળીશું. દેશમાં પ્રગતિનાં આંદોલન ફેલાઇ રહ્યાં છે. ત્યારે આપણે પછાત રહીશું તો તે માટે આપણે શરમાવું પડશે. દેશની પ્રગતિશીલ એકમ તરીકે ગૌરવ પ્રાપ્ત કરવા આપણે બધું જ કરી છુટવું જોઇએ" પ્રમુખશ્રીના વ્યાખ્યાન બાદ મંડળની સામાન્ય સભાનું વિસર્જન પામી હતી. ૨

મંડળની સામાન્ય સભાનું કામકાજ પૂર્ણ થયા બાદ શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઇના પ્રમુખપદે જ્ઞાતિ સંમેલન યોજવામાં આવ્યું હતું. કેળવણી તેમજ આર્થિક અને સામાજિક નવરચના વિશે પ્રમુખશ્રીએ પ્રવચન કર્યુ હતું. ત્યારબાદ વિવિધ વિષયો ઉપર પ્રવચનો થયા હતા. તેમાં શ્રી નંદુલાલ મંછારામનું જીવાનોને પ્રેરણા આપતું, શ્રી પુરુષોત્તમદાસ વકીલનું " આપણો જ્ઞાનદીપ ઝાંખો કેમ? વિશે, શ્રી રામચંદ્ર ભાઇ વકીલનું "આપણા રીત-રીવાજો" વિષે, અને શ્રી કુબેરભાઇ પટેલનું "સ્ત્રીકેળવણી" વિષેનાં પ્રવચનો માર્ગદર્શક હતા.૩ ત્યારબાદ રંજન કાર્યક્મ તથા નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી.૪

---

૧. પટેલ. મંગુભાઈ. આર, યુવામંડળો અને જ્ઞાતિપંચોનો કડવા પાટીદાર પરિષદોમાંસુધારાવાદી અભિગમ, ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦, પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૯, પૃ. ૫૨૦

૨. એજન, પૃ. ૫૨૧

૩. એજન, પૃ. ૫૨૩

૪. એજન, પૃ. ૫૨૪

તાઃ૨૬,૨૭/૫/૧૯૪૫ના રોજ શ્રી ઉમિયા માતાજી મંદિર ઊંઝા મુકામે શેઠશ્રી અંબાલાલ ત્રિભોવનદાસ તક્તાવાળાના પ્રમુખપદે ગ્રીષ્મ સંમેલન યોજવામાં આવ્યું હતું. શ્રી રવિશંકર રાવલની સંસ્કાર ચિત્રાવલી, જ્યોતિસંઘના આલેખો, મહેસાણા ખેતીવાડી ખાતા તરફથી બી.ખાતાર અને ઓજારોનાં નમુનાઓથી પ્રદર્શન કલા, જ્ઞાન અને સંસ્કારનું સુંદર દ્રષ્ટાંત બની ગયું હતું. પ્રમુખશ્રીએ જ્ઞાતિજનોને ઉદબોધતાં જણાવ્યું હતું. “આ પવિત્ર સ્થળ આપણને પ્રેરણાદાયી બનો. જ્ઞાતિનો વિકાસ થાય તે માટે આપણે સૌએ સંગઠિત બની ને પ્રયત્ન કરવાના છે. અત્યારે દેશમાં ઝડપથી પ્રગતિ થઇ રહી છે. ત્યારે આપણાથી બેસી કેમ રહેવાય?” ત્યારબાદ “જ્ઞાતિનું પુનરુત્થાન’ એ વિષય ઉપરથી શ્રી પુરુષોત્તમ વકીલે અભ્યાસપૂર્ણ પ્રવચન કર્યુ હતું. અન્ય વક્તાઓ તરફથી પણ ટૂંકા પ્રવચનો થયાં હતાં.

મંડળનાં ઉપપ્રમુખશ્રી ચંદ્રવદન લશ્કરી “શ્રી અખિલ હિંદ ગ્રામ સેવા સંઘ”ના તાલીમ વર્ગમાં વર્ધા ગયા હોવાથી તાઃ૨૮-૯-૧૯૪૫ના દિવસે ડૉ.ગણપતરામ પટેલના પ્રમુખપદે દરબારશ્રી સુરજમલજી છાત્રાલયમાં જ્ઞાતિબંધુઓ તરફથી વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કાર્યકતા અને અન્ય સદ્‌ગૃહસ્થોની શુભેચ્છાઓનો સ્વીકાર કરતાં શ્રી લશ્કરીએ જણાવ્યું કે” ગામડાંની સેવા કરવીએ મારા જીવનનું ધ્યેય છે. વર્ધાથી પાછો આવું ત્યારે, હું, તે કાર્યમાં તમારો સહકાર માંગવાનો છું. જ્ઞાતિની સેવા લશ્કરી કુટુંબ તરફથી અવિરત પણે ચાલુ રહેશે.

મુંબઇ ધારાસભામાં કોંગ્રેસ તરફથી ચુંટાયેલા શ્રી મગનભાઇ પટેલ અને ડૉ. છોટુંભાઇ પટેલને સન્માનવા એક સભા કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન અમદાવાદમાં ડૉ. ગણપતરામ પટેલના પ્રમુખપદે મળી હતી. જુદા-જુદા વક્તાઓએ આ કોંગ્રેસી કાર્યકરોની સેવાઓને અંજલી આપી હતી. શ્રી મગનભાઈએ પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે, “આ દેશના ખેડુતોની સ્થિતિ સુધારવીએ કોંગ્રેસની નેમ છે. હું ખેડુત છું અને તેમાં ગૌરવ માનું છું કોંગ્રેસ મને ખેડુતોની સેવા કરવાની અમુલ્ય તક આપી છે. તમારા સૌને આ કાર્યમાં સહકાર માગું છું”

તાઃ૨૩-૧૨-૧૯૪૫ના દિવસે ના. દરબારશ્રી પ્રતાપસિંહજીના પ્રમુખપદે અમદાવાદમાં, દરબાર શ્રી સુરજમલજી કડવા પાટીદાર છાત્રાલયમાં મંડળનો દ્વિતીય વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ડૉ. ગણપતરામ પટેલના પ્રમુખપદે મંડળની વાર્ષિક સભા મળી હતી. ત્યારબાદ પ્રમુખશ્રીએ જણાવ્યું કે, “કોઈપણ સંસ્થાની પ્રગતિ તેના કાર્યકરો અને જનતાના સહકાર ઉપર અવલંબે છે. કેળવણીની દિશામાં આપણે ખુબ પ્રયત્ન કરવાની જરૂર છે. આ ઊગતી સંસ્થાને સૌ સાથ આપશે તો રચનાત્મક કાર્યોની એક સુંદર હારમાળા આપણી જ્ઞાતિ સમક્ષ રજુ કરી શકીશું”

મંડળની સામાન્ય સભા પૂરી થયા બાદ ના.દરબારશ્રી પ્રતાપસિંહજીના પ્રમુખપદે જ્ઞાતિ સંમેલન યોજવામાં આવ્યું હતું સ્વાગત પ્રમુખ શ્રી હરિપ્રસાદે જ્ઞાતિનું સર્વાંગી અવલોકન કરતું પ્રવચન કર્યુ હતું. ત્યાર બાદ શ્રી નાથાલાલ દેસાઇ, શ્રી રામચંન્દ્રભાઇ વકીલ, શ્રી છગનભાઇ કાળીદાસ પટેલ તરફથી પ્રાસંગિક પ્રવચનો થયા હતાં.પચીસ લાભની યોજનાને મૂર્તસ્વરૂપ આપવાના પ્રયત્નમાં શ્રી અખિલ કડવા પાટીદાર પ્રગતિ મંડળ બનતો સહકાર આપવા તૈયાર છે

તેવી મતલબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જ્ઞાતિમાં મુખપત્ર શરૂ કરવા અંગેનો ઠરાવ પણ ખુબ જ ઉત્સાહ પૂર્વક કરવામાં આવ્યો હતો. શ્રી કડવા પાટીદાર લોન લાયબ્રેરી (વિદ્યાર્થીઓને પુસ્તકોની સહાય અંગેની યોજના)ની પ્રવૃતિ શરૂ કરવા અંગેનો ઠરાવ શેઠશ્રી અંબાલાલ ત્રિભોવનદાસ તક્તાવાલ તરફથી રજૂ કરવામાં આવ્યો હતો અને શેઠશ્રી ભગુભાઇ ચંદુલાલ તરફથી તે ઠરાવને ટેકો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ જ્ઞાતિજનોને સંબોધન કરતા ના. દરબારજીએ જણાવ્યું હતું કે. "આપણો સમાજ પછાત છે. માણસના માથે ઘણાં પ્રકારનાં ઋણ હોય છે. જ્ઞાતિઋણ તેમાંનું એક છે. કેળવણીના ફેલાવાથી જ્ઞાતિની પ્રગતિ સાંધવાનું કાર્ય સરળ બનશે. વિદ્યાદાનએ દાનનો ઉત્તમ રસ્તો છે. શ્રીમંતોએ એક પવિત્ર ફરજ સમજીને આપણા પ્રગતિ કાર્યમાં સહકાર આપવો જોઇએ. આપણી સંસ્થાઓનાં તંત્ર વ્યવસ્થિત કરવાં જોઇએ. હું જ્ઞાતિનો સેવક છું અને એ રીતે ઓળખવામાં હું ગૌરવ માનું છું, આપણી જ્ઞાતિ પ્રગતિશીલ બને એ મારી ઉમેદ છે" ત્યાબાદ રંગમન કાર્યક્રમ તથા નિબંધ હરીફાઇ રાખવામાં આવી હતી. ત્યારબાદ સભા વિસર્જન પામી હતી.

મહેસાણા મુકામે તાઃ૨-૬-૧૯૪૬ના દિવસે દ્વિતીય ગ્રીષ્મ સંમેલન ડૉ. ગણપતરામ પટેલના પ્રમુખપદે મળ્યું હતું. ખેતી અને સામાજિક, રાજકીય, ખોરાક, હિંદના ઉદ્યોગો વગેરે વિષયોના આલેખોવાળું એક સુંદર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

ડૉ. શ્રીના વરદ હસ્તે તેની ઉદ્દ્ઘાટન વિધિ થઇ હતી. ત્યારબાદ મહેસાણા કડવા પાટીદાર યુવકમંડળની સ્થાપના શ્રી ચંન્દ્રવદન લશ્કરીના વરદ હસ્તે કરવામાં આવી હતી. જ્ઞાતિજનોની સભાને સંબોધતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે "જ્ઞાતિની નવરચના માટે આપણે ઘણું કાર્ય કરવું પડશે. આપણે સાચા દિલથી કાર્ય કરીશું તો પ્રગતિનાં આંદોલન જ્ઞાતિને ખુણે ખુણે ફરી વળશે જુવાનો અને મોટેરાંઓ (વડિલો) સાથે કાર્ય કરવામાં સંકોચ કે શરમ અનુભવવાની જરૂર નથી આપણે જ્ઞાતિનો વાડો બાંધી બેસી રહેવા નથી માંગતા પરંતુ હિંદની સ્વાધીનતાની કુચમાં કદમ મિલાવવા માંગીએ છીએ. જ્ઞાતિ સેવા એ રાષ્ટ્રસેવાનું પૂરક છે, તેમાં સંકુચિતતાને સ્થાન નથી. આપણે સૌએ મતભેદો વિસરી જઇને એકત્ર થવું જોઇએ" ત્યારબાદ મહેસાણા પ્રાંતના જાણીતા કાર્યકરોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

અમદાવાદમાં હુલ્લડની અરાજકતા વચ્ચે તાઃ૨૨-૧૨-૧૯૪૬ના દિવસે મંડળની વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો.

ડૉ. ગણપતરામના પ્રમુખપદે મંડળની વાર્ષિક સામાન્ય સભા અને જ્ઞાતિ સંમેલનની એક સંયુક્ત બેઠક રાખવામાં આવી હતી. સ્વાગત પ્રમુખ દ્વારા માનનીય પ્રવચન કર્યા બાદ, પ્રમુખશ્રીએ સભાને સંબોધતાં જણાવ્યું હતું કે "આપણે મત ભેદો હવે મિટાવી દઈને એક મોટા કાર્ય માટે એકઠા થવું જોઇએ. એકતા અને સંગઠન માટે જેટલું મોડું કરીશું તેટલા આપણે પાછા પડીશું. એક મધ્યસ્થ ભંડોળ આપણી જ્ઞાતિ માટે એકઠું કરવાનો સમય આવ્યો છે. આપણે એ તક ઝડપી લેવી જોઇએ. પ્રત્યાઘાતી વિચારોથી આપણી પ્રવૃતિ ન અટકે તેટલું બળ આપણે પેદા કરવું પડશે

સંકુચિત વાડામાંથી બહાર આવીને આપણે પ્રકાશ જોવાનો છે.જ્ઞાતિની વિવિધ સંસ્થાઓને એક વ્યવસ્થિત તંત્ર નીચે મૂકવી જોઇએ, ને તેમ કરીશું તો જ્ઞાતિમાં વ્યાપક ફેરફાર લાવી શકીશું" ત્યરબાદ રંજન કાર્યક્રમ તથા "આદર્શ ગૃહિણી કેળવણીનાં મૂલ્ય, રજાઓમાં વિદ્યાર્થીઓની પ્રવૃતિ" વિષયો ઉપર નિબંધ સ્પર્ધા રાખવામાં આવી હતી.૫

તાઃ ૨૫-૫-૧૯૪૭ના રોજ વિસનગર મુકામે શ્રી પુરુષોત્તમદાસ.ર. વકિલના હિંદના ઉદ્યોગો અને ગુહઉદ્યોગો તેમજ સામાજિક આલેખોવાળું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, "ખેડુતોને દુઃખ બહું છે; આનું કારણ પોતાને જે જોઇએ છે તેના માટે લડવાની શક્તિ આપણામાં નથી તે છે, ખેડુતે હવે રાજકીય સંસ્થાઓમાં સીધો રસ લેવાની જરૂર છે. રશિયાના ખેડુતનું દ્રષ્ટાંત આપણે નજર સમક્ષ રાખવું જોઇએ. આપણે નથી કોમને, કોમના વાડામાં બાંધવા માંગતા, કે નથી અન્ય કોમો ઉપર જુલમ કરવા માંગતા, આપણે તો આપણા નબળા પડેલા અંગને મજબુત કરવા માંગીએ છી નબળાને શક્તિ આપવી તેમાં દીનપત નથી.

ઉપરાંત શહેરના જાણીતા વક્તાઓએ તેમજ બહારગામથી આવેલ કાર્યકરોએ જ્ઞાતિની ઉન્નતિને પ્રેરતા પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ઉપરોક્ત મંડળ દ્વારા ત્રણ વર્ષમાં ત્રણ જ્ઞાતિસંમેલનાં યોજી સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય હતું જે સંદર્ભે સમાજમાં મંડળની પ્રવૃતિ દ્વારા જે અસરો થઇ હતી તેમાં ત્રણ વર્ષમાં ૬૦ જેટલાં નાના મોટા ગામોમાં પ્રવાસ કરીને જ્ઞાતિનું મજબુત સંગઠન બનાવવામાં આવ્યું તથા વ્યાપક પ્રચાર કાર્ય કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ કેળવણી લેતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને પુસ્તકોની મદદ આપવા, શ્રી કડવા પાટીદાર લોન લાયબ્રેરી" અમદાવાદ શરૂ કરવામાં આવી હતી. તથા તાત્કાલિક સમયે રૂ.૧૨૦૦/-ની કિંમતનાં પુસ્તકો અમદાવાદ અને વિસનગરની કોલેજોના વિદ્યાર્થીઓને અભ્યાસાર્થ આપવામાં આવ્યા હતા.

"ધરતી" માનનું માસિક મંડળના ઉપપ્રમુખ શ્રી ચંન્દ્રવદન લશ્કરીના તંત્રીપદે ઓગષ્ટમાં શરૂ કરવામાં આવ્યું હતું જે દ્વારા, કેળવણી, અર્થશાસ્ત્ર, ખેતીવાડી, રાષ્ટ્રીય અને સામાજિક ઉત્થાનના સંદર્ભે અભ્યાસ કરવામાં આવતો હતો.

પરિષદો તથા મંડળની ઉપરોક્ત પ્રવૃતિ દ્વારા ના. સરકાર સમક્ષ ધારાસભામાં સમાજ સુધારણા સંદર્ભે વિવિધ બિલો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં વિધવાને મિલકતમાં ભાગ મળી શકે તેવી જોગવાઇ કરતું શ્રી દેશમુખનું બિલ તથા બાળલગ્ન અટકાવતો શારદા એકટ મહત્વનાં હતા. સમાજ વ્યવસ્થાને વિશેષ અસરકારક થઇ પડે તેવાં બિલો માં, શ્રી ગોવિંદલાલ શેઠ, શ્રીમતી સુબાનરોય અને શ્રીમતી મુનશીનાં બીલો મુખ્ય હતા.

૫. એજન, પૃ. ૫૨૬

ભારતમાં આ સમયે "ગાંધીયુગ"ના પ્રભાવને કારણે રાષ્ટ્રીય જાગૃતિનો સંચાર થયો હતો. આ સમયગાળામાં સ્ત્રીઓને લગતા પણ મહત્વના બીલો ચર્ચાના વિષયો હતા. તેમાં સ્ત્રીના ઉધ્ધાર સંદર્ભના ઠરાવો પાટડી પરિષદમાં કરવામાં આવ્યા હતા જેનો ઉલ્લેખ પૂર્વના પ્રકરણમાં કરેલ હોઈ, અહિ રજૂ કરવું અસ્થાન છે.

પાટડી મુકામે પરિષદ ભરાયા પછી સમગ્ર હિંદમાં સ્વાતંત્ર્યની લડત પુરજોશમાં ચાલુ હતી. સમગ્ર રાષ્ટ્રની પ્રજા દેશ માટે લડવા તત્પર હતી ચારે બાજુ રાજકીય જાગૃતિ ફેલાઇ હતી. આથી આઝાદી મળી ત્યાં સુધી પરિષદોની પ્રવૃતિ મહદઅંશે સમાપ્ત થઇ ગઇ હતી.પરંતુ તેઓ પરિષદરૂપે નહીં પણ અન્ય સ્વરૂપે મળતા હતા.[૬]

પરિષદોની અસરને કારણે ખાનદેશ, મધ્યપ્રદેશ, માળવા, નિમાડ, રાજસ્થાન, ચાણસ્મા, વિરમગામ, રાંદેર, સુરત, ભરૂચ, વડોદરા, સરઢવ, માણસા, વિસનગર, મહેસાણા, રાધનપુર, અને ઉપલેટામાં સુધારાવાદી મંડળો સ્થપાયા હતા, મોટાભાગના મંડળોમાં અને પરિષદોમાં સ્ત્રીઓની સંખ્યાં વધારે આવે તે માટે તેમને આર્થિક ખર્ચની મુક્તિ આપવામાં આવતી કચ્છ કડવા પાટીદાર સમાજના અધિવેશન, મુંબઇ ઘાટકોપરમાં ઘણી કચ્છી સ્ત્રીઓએ હાજરી આપી હતી. મુંબઈમાં મળેલ આઠમાં કડવા પાટીદાર શુભેચ્છક સમાજમાં સ્ત્રીઓની હાજરી માટે જાહેરાતો કરવામાં આવી હતી અને લલિતાગૌરીએ તેમાં ભાગ લીધો હતો. બાવળા પરિષદમાં પાર્વતીબેને ૮૦૦ એક સ્ત્રીઓનું અધિવેશન કર્યુ હતું. સ્ત્રીઓમાં આવેલ જાગૃતિ કડવા પાટીદાર પરિષદને આભારી હતી તે સત્યની ઉપેક્ષા થઇ શકે તેમ નથી. સામાજિક સુધારણાનુ કામ આ પરિષદ દ્વારા થયું હતું. સાથે સાથે ખેતી સુધારણા અને શિક્ષણનો વિકાસ થાય તેનું કામ પણ અને ખાસ કરીને કન્યા કેળવણી વધે તે માટે કડી સંસ્થામાં કન્યા કેળવણી મંડળની સ્થાપના થઈ હતી.

ઇ.સ. ૧૯૨૦થી ચાલેલ ભારતના સ્વાતંત્ર્યના આંદોલનમાં સામે પાટીદાર કોમીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. એટલું જ નહી, પણ આ લડતોમાં અહમ્ ભૂમિકા અને યોગદાન રહ્યું છે. કોંગ્રેસ મહાસભાનો આદેશો હોય કે ગાંધી અને સરદાર પટેલની હાકલને ઝીલવામાં પાછો પડ્યાં નથી. સરદારની ખેડુત લડત હોય, ગાંધીજીનાં રચનાત્મક કાર્યક્રમો, ટિળક ફંડ જેવા કાર્યક્રમોમાં અગ્રેસર રહ્યાં હતા.

કડવા પાટીદાર પરિષદો, યુવક મંડળો વિગેરેમાં ક્યાંક-ક્યાંક નિષ્ક્રીયતા દેખાતી, તેનું મુખ્ય કારણ જ્ઞાતિના મોટાભાગના આગેવાનો ગાંધી પ્રભાવથી રંગાયેલા હતા. જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ અને આશ્રમો પણ આઝાદી જંગમાં સામેલ હતી. આઝાદીની લડતમાં તેઓ સક્રિય હોવાથી તેમને મન દેશ પહેલો, પછી જ્ઞાતિનો વિકાસ.

---

૬. એજન, પૃ. ૫૨૭

સમાજ સુધારણાની પ્રવૃતિઓ મંદ પડી હતી પરંતુ બંધ થઇ નહોતી. "ચેતન", "પટેલ", "પાટીદાર", "પટેલબંધુ" જેવા મુખપત્રો રાષ્ટ્રવાદના જુવાળની સાથે સાથે કુરિવાજો સામે પણ તેમની લડતો ચાલુ હતી. આ સમયગાળામાં પણ યુવામંડળો સ્થપાયાં હતા, પરિષદ પણ ભરાઇ હતી.

૫.૨ કેળવણી દ્વારા સામાજિક જાગૃતિ :

સમાજ સુધારાના સંદર્ભમાં, દાસકાકા, છગનભા વગેરે અમૂલ્ય પ્રદાન હતું. પાટીદાર આશ્રમ, તથા સર્વ વિદ્યાલયનો ફાળો અમૂલ્ય હતો. છગનભા માનતા કે સમાજ પરિવર્તન માટે 'કેળવણી' આવશ્યક છે, માટે જ તેમણે ક. પા. શું સમાજની સભામાં કેળવણીની સંસ્થા શરૂ ન થાય ત્યાં સુધી મિષ્ટાન્ન ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આ ઘટનાને અનુલક્ષીને આશ્રમના ખાતમુર્હુત વખતે સમારંભમાં નગીનભાઈએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું "એ શરીરે ડોસા, પણ મનથી ખરા જુવાન, પ્રયત્નશીલ લાગણીદાર પુરુષ હતા, પરિણામે સંવત ૧૯૭૬ (ઈ.સ. ૧૯૨૦ ચૈત્ર સુદ ૨ને સોમવારે કડી મુકામે વિદ્યાર્થી આશ્રમ ખૂલ્લો મૂકી વૃધ્ધ છગનલાલની પ્રતિજ્ઞા પૂરી કરી હતી. ઉપરાંત છાત્રાલયના ભૌતિક વિકાસ માટે પણ અવાર-નવાર દ્રઢ સંકલ્પ દ્વારા વિકાસના કાર્યો કર્યા હતા.

કેળવણીના ઉદ્દેશ્ય અને હેતુ બન્નેથી તે પરિચિત હતા. તેથી જ તેમણે ત્રણ ધોરણ સુધીની અંગ્રેજી શાળા શરૂ કરવા સંદર્ભે મંડળની મીટિંગ બોલાવી ઠરાવ કરાવ્યો હતો, જેથી અંગ્રેજી શાળા માર્ચ ૧૯૨૨થી શરૂ કરવાનો ઠરાવ લખાયો હતો.

કડવા પાટીદાર આશ્રમના શિષ્યો, રાષ્ટ્રવાદી ગાંધી વિચારસરણી ધરાવતા હતા. તેઓ વિદ્યાપીઠના સ્નાતક હતા. તેમાં ઉમેરાયા શ્રી પુરુષોત્તમ રણછોડલાલ પટેલ જે પછીની કારકિર્દીમાં દાસકાકા તરીકે ઓળખાયા હતા, સંસ્થાના કાર્યકરો સાથે મન:દુ:ખ થયાં તેમણે "ભા" ના વિચાર અનુરૂપ સંસ્થા ગાંધીનગર મુકામે શરૂ કરવામાં આવી (કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગર) હતી. આ સંસ્થાના આદ્યસ્થાપક દાસકાકા બન્યા હતા. (વધુ વિગત માટે જુઓ, ડૉ, મંગુભાઈ પટેલ, કર્મયોગી દાસકાકા સર્વ વિદ્યાલય કડી,)

વડોદરા રાજ્યના દીવાન શ્રી મનુભાઈ નંદશંકર તા. ૨૬-૨-૧૯૨૫ના રોજ સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા અને ના. દીવાન સાહેબે પાટીદાર આશ્રમ તથા વિદ્યાલય માટે આપેલા અભિપ્રાય નીચે મુજબ છે.

"કડી પ્રાંતના કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તરફથી ચાલતી આ શાળા તથા વસ્તીગૃહની આજે મેં મુલાકાત લીધી. ત્યાં ચાલતા કાર્યક્રમ અને શિક્ષણ પધ્ધતિથી બહુ સંતોષ થયો. આ સંસ્થાનાં ધ્યેય ઘણાં ઉચ્ચા છે અને પછાત કોમની પ્રગતિ કેળવણીથી કેવી વિકસે છે તેનું

સારું ઉદાહરણ કે નમૂનારૂપ થઈ પડી છે આ સંસ્થા ઉત્તેજનને પાત્ર છે અને તેની ભવિષ્યમાં ચઢતી થાય એ જોવા હું આતુર રહીશ."*

તે જ સંદર્ભનો અભિપ્રાય સયાજીરાવ ગાયકવાડ ત્રીજાઃ **કડવા પાટીદાર પરિષદો પછી સમાજલક્ષી પ્રવૃત્તિ વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લીધી હતી અને તેમના માનસ્ પટ ઉપર આશ્રમની જે છાપ ઊભી હતી તે આ પ્રમાણે હતી. "તમારી સંસ્થા ઈંગ્લેંડની પબ્લિક સ્કૂલોની જેમ કાર્ય કરી રહી છે. તમારું કાર્ય જોઈ મને સંતોષ થયો છે, અને તે દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે."**

ઉપરાંત મહાત્મા ગાંધીજી પણ સંસ્થાની પ્રવૃત્તિથી પરિચિત હતા. છગનભા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત હતા. તેમણે સમાજ ઉત્થાન સામે રાષ્ટ્રીય ઉત્થાનનો ખ્યાલ હતો. કાર્યકરોમાં અને સંસ્થામાં વડાબંધી કે જ્ઞાતિવાદ પ્રવેશ્યો ન હતો. પાટીદાર કોઈ દિવસે સંકૂચિત હોઈ ન શકે તે આ સંસ્થાએ અને પાટીદાર આશ્રમ, સુરતે બતાવી આપ્યું હતું. સંસ્થાની ઈંટે ઈંટમાં કાર્યકર્તાઓ શ્વાસોશ્વાસમાં રાષ્ટ્રવાદ ઘૂંટાયેલો હતો. સંસ્થાના હેતુ સંદર્ભે ક. પા. કે. ઉ. મંડળનાં નાણાં પ્રકરણની કલમ-૩ ના **આમુખમાં જણાવ્યું હતું કે "આ સંસ્થાનું નામ જો કે કોમસૂચક છે, પરંતુ તેનો લાભ સર્વ કોમનાં બાળકો લઈ શકે છે. આ સંસ્થાની સૌથી નોંધપાત્ર વિશિષ્ટતા અને મુખ્ય પ્રવૃત્તિ "સર્વ વિદ્યાલય" છે, જે તેના નામ પ્રમાણે સાર્વજનિક છે. આગેવાનોએ જો નિર્ધારિત કર્યું હોત તો સંસ્થાનું નામ કોઈ વ્યક્તિ સાથે જોડી શક્યા હોત. પરંતુ તે સંકૂચિતતાનું સૂચક હોત તેથી જ જ્ઞાતિના વિદ્વાન એવા પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ સંસ્થા માટે "સર્વ વિદ્યાલય" નામકરણ આપ્યું હતું. જેઓ ગુજરાત કોલેજમાં ગણિત વિષયના અધ્યાપક હતા અને પશ્ચિમી અને પૂર્વની શિક્ષણ પધ્ધતિથી વાકેફ હતા. તેઓ દર શનિવાર અને રવિવારે સ્વખર્ચે અમદાવાદથી કડી આવીને આશ્રમનાં બાળકોને ગણિત શીખવતા હતા.**

'છગનભા' અમદાવાદમાં ક્યારેક કોચરબ આશ્રમે જતા અને ગાંધીબાપુને મળતા હતા. જેથી "ચાલવાનું શીખતી" સંસ્થાની પ્રવૃત્તિઓ જોવા માટે ગાંધીજી ૨૩ જૂલાઈ, ઈ.સ. ૧૯૨૯માં સંસ્થાની મૂલાકાતે આવ્યા હતા, એમની સાથે કસ્તૂરબા, પ્યારેલાલ અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ પણ હતા. મહાત્માજીએ સંસ્થાની પ્રવૃત્તિ ઝીણવટ પૂર્વક જોઈ અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સાંજે ચાર વાગ્યાની ગાડીમાં એ પરત થયા ત્યાં સુધીમાં એમણે સંસ્થામાં બે પ્રવચનો આપ્યા હતા. એક સંસ્થાના કાર્યકરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે હતું અને બીજું જાહેર પ્રચવન હતું.*

---

* મનુભાઈ નંદશંકર, દીવાન, વડોદરા રાજ્ય, તા- ૨૬-૨-૧૯૨૫, (મહેમાન પોથી માંથી) ૧૯ (સર્વ વિદ્યાલય, કડી)

* ઉમિયાદર્શન, વર્ષ. ૧૬, અંક. ૧, ઈ.સ. ૨૦૦૧, અમદાવાદ, પૃ. ૧૦

"વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સભામાં ગાંધીજીએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ઉદ્યોગ શીખે છે તે આવશ્યક છે, પણ દેશમાં ઉદ્યોગ પર પ્રેમ જાગ્યો નથી અહીં ૧૦૦ ટકામાંથી ૮૫ ટકા લોકો ખેતી કરતા હોય છે. તેથી બાકીના ૧૫ ટકા એ ખેડૂતોને મદદ મળે એવા ધંધામાં રોકાવું જોઈએ. આમાંના ૫ ટકાની મારફત અંગ્રેજ સરકાર આપણા ઉપર રાજ્ય ચલાવે છે તે વિચિત્ર અને શરમ ભરેલું છે. તમારે અંગ્રેજની ઓફિસ જોઈ તાળો કાઢવો જોઈએ કે તે ના હોય તો તે કેવી રીતે રાજ્ય ચલાવી શકત ? અદાલતમાં છેક પોલીસથી તે ન્યાયાધિશ સુધી આપણા માણસો ન હોય, ને દુભાષિયા કે વકીલો ન મળે તો સરકાર શું કરે ? અલ મોડામાં વેઠ કરનાર ગળિયા બળદ જેવા બનીને બેસી ગયા તેથી વેઠ ચાલી ગઈ. તેવી રીતે જો ૫ ટકા બેસી જાય તો રાજ્ય ચાલી ન શકે. આ ૫ ટકામાં ઉદ્યોગ નથી. તેઓ તો ફક્ત લહિયા છે. તેઓ જીભ કે કલમ ચલાવે છે, પણ અંગ કે પગ ચલાવતા નથી. હળ ને બદલે આપણા હાથમાં કલમ આવી જાય તો સારું એ ભ્રમણાથી જ તમે ઉદ્યોગ છોડી બેઠા છો.

એ પછી તેમણે વિદ્યાર્થીઓને અસ્પૃશ્યતા છોડવા, સુધારીકામ માટે ચીવટ રાખવા, રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની મેળે વણવા બોધ આપ્યો હતો. તેમજ આશ્રમની સુંદર વ્યવસ્થા જાળવવા માટે છગનભાને ધન્યવાદ આપ્યો હતા.

જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું કે, "આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો, આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઈચ્છાવા જોગ છે. અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુધ્ધિ તમને અહીં મળશે"* *(ગાંધીજીના અક્ષરદેહ, ગ્રંથ-૪૧)

ઉપરાંત તેમણે સંસ્થાના મંત્રી, સંચાલકોને અસ્પૃશ્યતા નિવારણ સંદર્ભે જાગૃત કરવા અનુરોધ કર્યો હતો."

આમ કડવા પાટીદાર સમાજના ઉત્થાન માટે 'છગનભા' દ્વારા સ્થપાયેલ પાટીદાર આશ્રમ તથા સર્વ વિદ્યાલય, સમાજ સુધારણાનાં ચેતન કેન્દ્રો સમાન હતા. સંસ્થાના તથા સમાજના સદ્‌ભાગ્યે ઉત્તમ એવા શિક્ષક, આચાર્ય એવા બાપુભાઈ વિઠ્ઠલભાઈ ગામી પ્રાપ્ત થયા હતા. કડી સંસ્થામાં તેઓ તા-૧-૪-૧૯૨૫થી જોડાયા હતા. વિદ્યાલયની શરૂઆત ઈ.સ. ૧૯૨૨માં થઈ હતી. જે ઈ.સ. ૧૯૩૫માં સંપૂર્ણ હાઈસ્કૂલમાં રૂપાંતર પામી તે સમયે બાપુભાઈ ગામી આચાર્ય પદે હતા. શિક્ષકો અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો તથા ચુસ્ત નિયમોના પાલનને કારણે ઈ.સ. ૧૯૩૬માં રાજ્યમાં શાળા પ્રથમ વખત મેટ્રિક્યુલેશનની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવાતી તેમાં

વડોદરા રાજ્યમાં પ્રથમ નંબરે આવી હતી.૭ આશ્રમમાં દાખલ થતી વખતે આશ્રમના નિયમો સ્વીકારે તેને જ પ્રવેશ મળતો હતો. તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓને (હરિજનના બાળકોને પણ) પ્રવેશ મળતો પહેરવાનાં બધાં જ કપડાં ખાદીનાં હોવા જોઈએ એવો આગ્રહ રખાતો.૮

ઈ.સ. ૧૯૨૪થી ૧૯૪૭ સુધીના સમયગાળામાં ઘણા ગુજરાતી સાધકો પોંડિચેરી આશ્રમમાં અરવિંદનાં દર્શને જતા હતા. તેમાં મુખ્ય શ્રી પૂનમચંદ, ચંપકલાલ, શ્રી નગીનભાઈ, ડૉ. મણિભાઈ ગિરધરલાલ ઉપરાંત બાપુભાઈ ગામી પણ તેમના ચુસ્ત સાધક હતા.૯

કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના અન્ય શ્રેષ્ઠ શિક્ષક, આચાર્ય કે જેમની પ્રવૃત્તિ, કાર્ય, સમાજ, રાષ્ટ્રના ઘડતરમાં અભૂતપૂર્વ છે તેવા શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ હતા. કે જેઓ બી.એ; બી.એસ.સી, બી.ટી. એસ.ટી.સીનું શિક્ષણ પ્રાપ્ત કરવું હતું.

ઈ.સ. ૧૯૩૧થી તેમના શિક્ષક જીવનની શરૂઆત થઈ. પોતાની માતૃસંસ્થા પ્યુટોરિયલ હાઈસ્કૂલ-અમદાવાદમાં તેઓ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના શિક્ષક તરીકે જોડાયા હતા. અને લગભગ તેર વર્ષ સુધી ત્યાં રહી તેમણે પોતાના સહકાર્યકરો તેમજ વિદ્યાર્થી વર્ગ તેમનાથી પ્રભાવિત હતો.

ઈ.સ. ૧૯૪૪માં કડીની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં દ્રષ્ટિવંત આચાર્યની જગ્યા ખાલી પડી અને સંસ્થાના પ્રમુખ અને મંત્રીના આમંત્રણથી નાથાભાઈ દેસાઈએ એ સ્થાન સંભાળ્યું હતું. ત્યારબાદ તેઓ મહેસાણ જિલ્લા માધ્યમિક સંઘના તેઓ પ્રમુખ બન્યા હતા. જે તે પદ પર ઈ.સ. ૧૯૬૧ સુધી રહ્યા હતા. તેમણે વસ્તુલક્ષી કસોટીઓની પરીક્ષાઓ દાખલ કરી હતી. ઈ.સ. ૧૯૬૧માં તેમણે કડી, સર્વ વિદ્યાલય છોડી હતી. ત્યારબાદ તેમણે અમદાવાદ જિલ્લાના બાવળા મુકામે આ. કે વિદ્યામંદિરના આચાર્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. મહેસાણા જિલ્લાની જેમ જ અમદાવાદ જિલ્લો હવે તેમનું કાર્યક્ષેત્ર બન્યું હતું. આગવી સુઝ, અનુભવી દ્રષ્ટિ અને નિરભિમાની સેવાવૃત્તિથી તેઓ અહીં પણ કેળવણી અને સમાજ સુધારણામાં અગ્રણી બન્યા હતા.

ઈ.સ. ૧૯૬૩માં શ્રેષ્ઠ શિક્ષક માટેનો રાષ્ટ્રીય એવોર્ડ, રાષ્ટ્રપતિશ્રી રાધાકૃષ્ણના હસ્તે, દિલ્હી મુકામે તેમણે પ્રાપ્ત કરેલ હતો.

આમ ગણિત, વિજ્ઞાન, વ્યાયામ તથા વિવિધ સ્પર્ધાઓ દ્વારા તેમણે યુવાનોને નૂતન-વિચારોથી માહિતગાર કર્યા હતા. ઉપરાંત તે ગાંધી વિચારોથી પ્રભાવિત તો હતા જ એટલે ગ્રામોધ્ધાર, કોમી એકતા, નિરક્ષરતા નાબૂદી, ખાદી પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ વગેરે જેવી પ્રવૃત્તિના ચુસ્ત અનુયાયી હતા.૧૦

---

૭. ઉમિયાદર્શન, વર્ષ. ૧૩, અંક. ૧૪૭, ઈ.સ. ૧૯૯૬, ઊંઝા, પૃ. ૯

૮. ઉમિયાદર્શન, વર્ષ. ૧૩, અંક. ૧૫૫, ઈ.સ. ૧૯૯૭, ઊંઝા, પૃ. ૪

૯. પટેલ. મંગુભાઈ. આર, બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી, પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ અમદાવાદ ઈ.સ. ૨૦૦૯, પૃ. ૨૪૨

૧૦. પટેલ. મંગુભાઈ. આર, ત્રિ. પટેલ, અનોખા આચાર્ય નાથાભાઈ દેસાઈ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૯, પૃ. ૨૮૫

 કડી સર્વ વિદ્યાલય તથા છાત્રાલયની દ્વારા પ્રવૃત્તિથી પ્રભાવિત-પ્રેરણા લઈ, પ્રદેશના અન્ય ગામો-શહેરમાં વિવિધ સંસ્થાની સ્થાપનાઓ કરવામાં આવી હતી. વડનગર, પિલવાઈ, વિસનગર, જોટાણા, બલોલ જેવાં સ્થળોએ કેળવણી સંસ્થાઓ ઊભી થઈ હતી.

ઈ.સ. ૧૯૩૪માં અમદાવાદમાં શ્રી અમીન પુરુષોત્તમદાસ જમનાદાસ કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના થઈ હતી. સંસ્થાના વિકાસ માટે પુરુષોત્તમ લલ્લુભાઈ પટેલ દ્રઢ નિશ્ચયી હતા. **ઈ.સ. ૧૯૩૫માં સ્વ. બેચરદાસ રાવજીભાઈ પટેલ (૧૮૭૫ થી ૧૯૭૫) જેઓ બ્રહ્માનંદ સાગર તરીકે પ્રચલિત હતા. તેઓએ દક્ષિણ ગુજરાતમાં વસતા કડવા પાટીદાર માટે વડોદરામાં મોહનલાલ હરગોવિનદાસ કડવા પાટીદાર છાત્રાલય બંધાવ્યું હતું. આ સંસ્થાની વિશિષ્ટતા એ છે કે "સમૂહ લગ્નનો સૌથી પ્રથમ પ્રયોગ ગુજરાતમાં તેના દ્વારા થયો હતો"**[૧૧]

સૌરાષ્ટ્રના ઈ.સ. ૧૯૩૫માં મોરબી મુકામે હરીપુરા વાળા સ્વ. લક્ષ્મણભાઈ બેચરભાઈ પટેલ (ઉઘરેજા)ના પ્રયત્નોથી કડવા પાટીદાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું હતું. તે જ રીતે કચ્છ કડવા પાટીદાર સમાજે પોતાના વિસ્તારના યુવાનો માટે ઈ.સ. ૧૯૫૯માં નખત્રાણામાં કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના કરવામાં આવી હતી. જે ગુજરાતના કડવા પાટીદાર છાત્રાલયોમાં સૌથી મોટું છાત્રાલય છે.

ઉપરોક્ત સ્થિતિને કારણે ગુજરાતમાં મહદ્અંશે છાત્રાલયો સ્થપાયા હતા. જેથી ગામડાંઓમાં રહેતા પાટીદારોના છોકરાઓ છાત્રાલયમાં શિક્ષણ મેળવતા થયા હતા. સમયાન્તરે તાલુકાનાં સ્થળોએ હાઈસ્કૂલો બંધાવા લાગી હતી. જેથી કેળવણી પ્રાપ્ત કરેલા યુવાનો નોકરી કરવા લાગ્યા જેનું અનુકરણ અન્ય યુવાનો કરતા ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૬૦ વચ્ચે કેળવણી ક્ષેત્રે ક્રાંતિ સર્જાઈ હતી. પાંચ હજારની વસ્તીવાળા દરેક ગામડાંમાં લગભગ હાઈસ્કૂલો બની હતી. જેથી કુમારની સાથે કન્યાઓના શિક્ષણમાં પણ વધારો થયો હતો, જેથી લગ્નસંબંધના જે પ્રશ્નો સમાજમાં ઊભા થયા તે કન્યા કેળવણીના કારણે તેનો વિરોધ થયો હતો. રૂઢિચુસ્ત માન્યતાઓ તુટવા લાગી, કન્યા કેળવણીના પ્રચાર માટે ઈ.સ. ૧૯૩૨માં છગનભાઈએ કડીમાં "કન્યાકુંજ" નામનું કન્યા છાત્રાલય શરૂ કર્યું હતું. દુભાગ્યે તે માત્ર બે વર્ષમાં બંધ થયું હતું. શેઠશ્રી ચંદ્રવદન લશ્કરીના પ્રયત્નોથી ઊંઝામાં ઈ.સ. ૧૯૫૩માં કન્યા કેળવણી મંડળે બહેનો માટેનું છાત્રાલય ઊભું કર્યું હતું. તેજ રીતે સુરેન્દ્રનગરમાં શ્રી ગણેશભાઈ જીવાભાઈ પટેલે ઈ.સ. ૧૯૭૭માં કન્યા છાત્રાલય સાથે કન્યા-વિદ્યાલય ઊભું કર્યું. ઉપલેટામાં ભોવાનભાઈ ગોકળભાઈ પટેલ કન્યા છાત્રાલય ઈ.સ. ૧૯૭૦ માં જૂનાગઢમાં બહેનો માટેના છાત્રાલયો શરૂ થયાં હતા. કોલેજમાં અભ્યાસ કરતી બહેનો માટેનું છાત્રાલય રાજકોટમાં શરૂ થયું હતું. વિસનગરમાં નાથીબા વિઠ્ઠલભાઈ પટેલ કન્યા-છાત્રાલય વગરે જેવા કેળવણીના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા.[૧૨]

૧૧. પટેલ. ઈશ્વરભાઈ. હ, પટેલ. મ, શ્રી ઉમિયા માતાજી, અઠારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ, ઊંઝા, ઈ.સ. ૧૯૮૩, પૃ. ૫૮

૧૨. એજન, પૃ. ૫૩

૫.૩ સમાજમાં પ્રચલિત કુપ્રથામાં પરિવર્તન

કેળવણીની સંસ્થાઓ માંથી શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનો-યુવતીઓએ સમાજમાં પ્રચલિત, માન્યતાઓ, રીવાજો વગેરેનો તર્કશક્તિ દ્વારા વિરોધ કરતાં સમાજમાં સામાજિક સુધારાના શ્રીગણેશ થયા હતા. જેમકે ઉપરોક્ત પરિબળોના કારણે પાટીદાર જ્ઞાતિમાં જે સામાજિક જાગૃતિનો ઉદય થતો તેથી સમાજની બંદિઓ, દુષણો, કુપ્રથાઓ સંદર્ભે લઘુત્તમ ધોરણે વૈચારિક આંદોલન શરૂ થયું હતું. જેથી પ્રેતભોજન જેવા કુરિવાજો સામે તર્કે-વિર્તકો શરૂ થયા હતા. મૃત્યુ પછીનો આ અયોગ્ય કુરિવાજ હતો. "ખાવું તો ખવડાવવું પડે" એમ માનીને મહદ્અંશે ખેડૂતોએ મિલકતો ગીરે મૂકીને પણ પ્રેતભોજન કરાવતા હતા. પ્રતિષ્ઠા-મોભા માટે થઈ આ પ્રથાને અપનાવતા હતા. સામાન્ય રીતે ભારતની ખેતી 'વરસાદ આધારિત હતી. અનાવૃષ્ટિના સમયમાં ઓછું ઉત્પાદન-મહેસૂલ વગેરે હોવા છતાં 'પ્રેતભોજન' કરાવવું પડતું હતું. જેથી સમયાન્તરે આ રિવાજે પાટીદાર સમાજનું આર્થિક ધોવાણ કર્યું હતું. **(જે સંદર્ભનો અભ્યાસ ડેવિડ હાર્ડીમન તેમના પુસ્તક પશ્ચિમ ભારતમાં ધિરધાર અને શોષણ, માં કર્યો છે)** તેથી જ પ્રેતભોજન સામે પરિષદોમાં તથા વ્યક્તિગત ધોરણે વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે શરૂઆતમાં રૂઢિવાદીઓ દ્વારા આ પ્રથાનું સમર્થન કરવામાં આવતું તેથી સુધારાવાદી તથા રૂઢિવાદી એમ બે વિભાગ વચ્ચે સંઘર્ષની સ્થિતિ ઊભી થતી હતી. પરંતુ ઈ.સ. ૧૯૧૯માં મુંબઈ વિધાનસભામાં ખેડા જિલ્લાના ધારાસભ્ય શ્રી ફુલસિંહજી ડાભીએ પ્રેતભોજન નિષેધક તથા કન્યા વિક્રય નિષેધક બીલ રજૂ કર્યું હતું, જે પ્રથમ વાચનમાં પસાર થયું હતું; પરંતુ દ્વિતીય વાંચનમાં પસાર ન થયું[૧૩] તેની વ્યાપક અસરો સમાજ ઉપર થઈ ત્યાર પછી ઈ.સ. ૧૯૬૨માં શ્રી પિતાંબર પટેલના પ્રયત્નોથી ગુજરાત વિધાનસભામાં પ્રેતભોજન નિષેધક બીલ મુકાયું હતું. કાયદાના નિયંત્રણના કારણે પ્રેતભોજનનો અટકાવવા માટે સમજમાં વિવિધ પ્રયત્નો થયા હતા. ઉપરાંત શિક્ષણનું પ્રમાણ વધવાથી શિક્ષિત લોકોને પ્રેતભોજનમાં રસ રહ્યો નથી. શિક્ષિત સમાજે સુધારાવાદીઓને સમર્થન આપ્યું. જેથી સામાન્ય રીતે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ જેવા પ્રદેશોમાં કડવા પાટીદાર સમાજમાં લગભગ પ્રેતભોજન બંધ છે. ઉત્તર ગુજરાતમાં પણ પ્રેતભોજન બંધ છે. પરંતુ કોઈ કોઈ જગ્યાએ "જીવતતરા" ઊજમણા જેવા નવા સ્વરૂપમાં તે સમયાન્તરે દેખા દે છે. સામાન્ય રીતે ઊજમણાએ સારી પ્રથા નથી. પરંતુ આ રિવાજ પ્રેતભોજનની જેમ ફરજિયાત ન હોવાથી તેનું પ્રમાણ મર્યાદિત છે. પરંતુ તે "ચિંતાનો વિષય તો ખરો જ.

---

૧૩. પટેલ. ઈશ્વરભાઈ. હ, પટેલ. મ, શ્રીઉમિયા માતાજી, અઠારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ, ઊંઝા, ઈ.સ. ૧૯૮૩, પૃ. ૫૫

સમાજમાં પ્રચલિત બાળલગ્નો, સારાપેટા, છૂટાછેડા વગેરે જેવી બંદદિઓ સામે વૈચારિક સંઘર્ષ શરૂ થયો હતો. સામાન્ય રીતે પાટીદાર સમાજમાં મહદ્અંશે બાળલગ્નો થતાં પરંતુ સંવત ૧૯૬૬માં સયાજીરાવ ગાયકવાડનાં 'બાળલગ્ન પ્રતિબંધક નિબંધ'નો કાયદો અને ઈ.સ.૧૯૩૦માં બ્રિટિશ સરકારનો બાળલગ્નનો સુધારેલો કાયદો જે "શારદા એક્ટ" તરીકે જાણીતો બન્યો હતો, તેના કડક અમલથી મહદ્અંશે બાળલગ્નો પ્રમાણમાં ઘટાડો થયો, ઉપરાંત શિક્ષણના પ્રસાર તથા નૂતન વિચારો વગેરે પરિબળો પણ નિર્ણાયક હતા. લગ્નમાં અમર્યાદિત ખર્ચાઓને કારણે સમાજ સુધારાની સંસ્થાઓ દ્વારા ઓછા ખર્ચા લગ્નો કરી શકાય તે માટે સમુહલગ્નની પ્રથા શરૂ કરી હતી. જેમકે અમદાવાદમાં ધરતી વિકાસ મંડળ દ્વારા સમુહ લગ્નના મહત્વ સંદર્ભે 'ધરતી' માસિકમાં તેને ખૂબ જ પ્રચાર કર્યો હતો, સાથે-સાથે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા કાયમી લગ્નોત્સવની યોજના ઘડીને સમાજને નવી દિશા આપી. સમાજનો શિક્ષિત વર્ગ વિચારતો થયો છે કે પાટીદાર સમાજને લગ્નના ખોટા ખર્ચામાંથી બહાર કાઢવામાં નહિ આવે તો તેનો આર્થિક ઉત્કર્ષ ઝડપથી થશે નહિ. તેનો ઉપાય એટલે 'સમુહ લગ્ન'.

ગોળપ્રથાના વિરોધમાં "ગુજરાતના ગોળપંચોના આગેવાનોનું એક સંમેલન' ધરતી માસિક અને સ્વ. પિતાંબર પટેલના સહયોગથી ઈ.સ. ૧૯૫૭માં ઊંઝામાં મળેલું હતું. અને તેમાં ગોળપ્રથા નાબૂદ કરવા સંદર્ભે ઠરાવો રજૂ કર્યા હતા. પરંતુ ગોળપ્રથા નાબૂદ થઈ નહી. પુન: ઈ.સ. ૧૯૭૭માં ધરતી વિકાસ મંડળ દ્વારા જ્ઞાતિપંચોના આગેવાનોનું ત્રણ દિવસનું સમાજ વિકાસ પરિષદ નામનું સંમેલન મણિનગર સ્વામીનારાયણ મંદિરમાં યોજાયું હતું. દુરભાગ્ય રીતે તેનું પણ પરિણામ આવ્યું નહિ. પરંતુ સમાયન્તરે શિક્ષણના પ્રચાર-પ્રસારના કારણે યુવાનોના માનસ પરિવર્તન થયા છે તેથી નિ:સંદેહ રીતે ગોળપ્રથા શિથિલ બની છે.

આમ ઉત્તર ગુજરાતમાં સુધારાની અસરની જેમ સૌરાષ્ટ્રમાં પણ સુધારાની શરૂઆત થઈ શ્રી ભીમજી રૂડાભાઈ (મોટી મારડા), રવજી કલા (ગોમટા), ચંદુલાલ બેચરદાસ પટેલ (ગોંડલ), ગોવિંદ ભગવાન વાછાણી (કોલકી), જગજીવન હરિભાઈ ભાલોડિયા (પાનેલી) રવજી મેઘજી પટેલ (તરસાઈ), ઠાકરમી મૂળજીભાઈ (ઉપલેટા) વગેરે મહાનુભાવોએ સૌરાષ્ટ્રમાં સમાજ સુધારા સંદર્ભે પ્રશસનિય કાર્ય કર્યું હતું.

કચ્છમાં શ્રી નારાયણ રામજી લીંબાણી, શ્રી ઓધવજી મહરાજ, શ્રી શીવદાસ કાનજી વિરાણી, પરબત લખુ પટેલ, ભીમજી કેસરા, નારાયણ શીવજી, રામજીભાઈ જેઠાલાલ, રતનસિંહ કરસી, શ્રી વિસરામ દેવજીનો સામાજિક જાગૃતિમાં મહત્વનો ફાળો હતો. ઉપરોક્ત વ્યક્તિઓના પ્રયત્નો પ્રયાસોથી સમાજમાં સામાજિક સુધારણા સંદર્ભે પ્રવૃત્તિઓની શરૂઆત થઈ હતી.[૧૪]

૧૪. એજન, પૃ. ૫૭

૫.૪ અઢારમી શતાબ્દી મહોત્સવ

પાટીદાર સમાજના સમાજ ઉત્થાનના ઈતિહાસમાં અઢારમી શતાબ્દી મહોત્સવ એ યુગાન્તરકાલીન પ્રસંગ હતો. તા-૨૩-૧૧-૧૯૭૬થી તા-૨૯-૧૧-૧૯૭૬ દરમિયાન આ મહોત્સવ કરવામાં આવ્યો હતો.

અઢારમી શતાબ્દી મહોત્સવ કડવા પાટીદાર પરિષદો, તથા વિવિધ મહાનુભાવો દ્વારા સમાજ ઉત્કર્ષ સંદર્ભે જે પ્રયાસો કર્યા હતા તેનું પરિણામ હતું. મહોત્સવ દ્વારા ગોળપ્રથામાં સંકોચિત થઈને રહેલા યુવાનોમાં સામાજિક એકતાનો સંચાર થયો, વિવિધ પ્રદેશો, ગામો, શહેરોમાંથી સ્વયંસેવકો આવ્યા હતા. જે દ્વારા મહોત્સવ સફળ થયો હતો. મહોત્સવના સફળ સંચાલન માટે વિવિધ કમિટીઓ બનાવવામાં આવી હતી. લગભગ ૧૬ થી ૧૮ લાખ દર્શનાર્થીઓએ મહોત્સવનો લાભ લીધો હતો.[૧૫]

અઢારમી શતાબ્દી મહોત્સવા કડવા પાટીદાર માટે એકતાનો મહાયજ્ઞ બન્યો હતો. સંસ્થાના બંધારણમાં પણ હવે ધાર્મિક પ્રવૃત્તિઓ ઉપરાંત સામાજિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ યાત્રિકોની સગવડની વિચારણા હાથ ધરવામાં આવી હતી, ઈ.સ. ૧૯૭૭-૭૮માં રૂ. ૪૦ લાખના ખર્ચે પથિકાશ્રમ/ભોજનાલય બનાવવામાં આવ્યું હતું. જેનું ખાત મુર્હૂત સંસ્થાના પ્રમુખ શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરીના હસ્તે ૧૭-૫-૧૯૭૮ના રોજ કરવામાં આવ્યું હતું.[૧૬] ઉપરાંત સભાહોલ તથા રૂ. ૧૮ લાખના ખર્ચે, એક હજાર શ્રોતા બેસી શકે તેવો સત્સંગ હોલ બાંધવામાં આવ્યો હતો. ઉપરોક્ત પ્રવૃત્તિ માત્ર ઊંઝા પૂરતી મર્યાદિત ન રહેતા શ્રી ઉમિયા કેમ્પર્સ, સોલા-અમદાવાદ વગેરે સ્થળેથી સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા સમાજ ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમકે...

૧) કાયમી લગ્નોત્સવ યોજના
૨) વિધવા- ત્યકતા બહેનોનાં બાળકોને વિદ્યાભ્યાસ માટે આર્થિક સહાય
૩) છાત્રાલયોને આર્થિક મદદ
૪) રોગનિદાન કેમ્પોને મદદ
૫) વિધવા-ત્યકતા બહેનોની દીકરીઓનાં લગ્ન માટે આર્થિક સહાય
૬) તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયાચંદ્રક

---

૧૫. પટેલ. સીતારામભાઈ. જો, શ્રી ઉમિયા માતાજી દર્શન, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ૨૦૦૭, પૃ.૫૪
૧૬. એજન, પૃ.૫૬

૭) વિશિષ્ટ પ્રતિભાવંતોને ઉમિયાચંદ્રક

૮) ગૃહિણી તાલીમ શિબિરો તથા કુમાર શિબિરો
૯) કડવા પાટીદાર ઈતિહાસ કે સામાજિક સંશોધન કરનારને પ્રોત્સાહન સહાય
૧૦) વિકલાંગ સમુહલગ્ન મેળો
૧૧) જરૂરતમંદ બહેનોને આર્થિક સહાય
૧૨) અપંગતા કે અસાધ્ય રોગીઓને સહાય
૧૩) ખેતી આધારિત ખેતમજૂર મોભીનું અકસ્માત અવસાન થાય તે કુટુંબને મદદ.
૧૪) મંદબુધ્ધિ કે પરાધીન વ્યક્તિઓને આર્થિક સહાય
૧૫) કુદરતી હોનારતો પ્રસંગે લોન.
૧૬) વિકલાંગ વ્યક્તિઓને ટ્રાઈસિકલ
૧૭) અસાધ્યરોગ સારવાર સહાય.
૧૮) કાયમી સમાધાન પંચ.
૧૯) શ્રી ઉમિયા અકસ્માત વીમા યોજના
૨૦) I.A.S તાલીમ કેન્દ્ર, સોલા, અમદાવાદ
૨૧) ઉચ્ચશિક્ષણ સહાય નિધિ.

તદ્ઉપરાંત શ્રી ઉમિયા માતાજી-સિદસર, વાંઢાય, સુરત, U.S.A (મેકન-જ્યોર્જિયા) તથા ગુજરાત અનેક પ્રદેશમાં સ્થપાયેલ મંદિરો-સંસ્થાઓ દ્વારા સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ ચાલે છે. જે સમાજ ઉત્કર્ષના ચેતના કેન્દ્રો સમાન છે.

સામાન્યત: દરેક શાસનતંત્રનો આધાર સ્તંભ “કૃષિ,પશુપાલન હતો. કૃષિકાર્યમાં સમાન્યતરે વિવિધ જ્ઞાતિ સમુહનો સમાવેશ થતો હતો. પરંતુ મહદઅંશે કૃષિ પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં વર્ગ તરીકે “કૂર્મી, કણબી, પાટીદાર જ્ઞાતિનો સમાવેશ થતો હતો. કુદરતી કે માનવ સર્જિત આપત્તિનાં સૌથી વધુ પ્રભાવ કૃષિકાર પ્રજા ઉપર રહેતો તે નિર્વિવાદિત છે, પછી તે જમીન મહેસૂલ હોય કે યુધ્ધ, આક્રમણ કે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે પછી શાહુકારો દ્વારા થતું શોષણ હોય.૧

ઈ. સ. ૧૬૦૦માં ‘મર્ચન્ટ ઓફ એડવેન્ચર સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી. જેને સમાન્યાતરે હિન્દુસ્તાનમાં વેપારિક સાથે રાજકીય હસ્તક્ષેપની પ્રવૃત્તિ શરૂ કરી હતી, પરંતુ સદ્‌ભાગ્યે પશ્ચિમ સંસ્કૃતિના હકારાત્મક પ્રભાવ દ્વારા ભારતીય સમાજમાં નવજાગૃતિનો ઉદય થયો હતો.

ઈ. સ. ૧૮૧૮માં ગુજરાતમાં બ્રિટિશ શાસનની સ્થાપના થઈ હતી. તેની સાથે જ બ્રિટિશ વહિવટિ તંત્ર, પશ્ચિમી શિક્ષણ પધ્ધતિ, મુદ્રણ કલાનો વિકાસ તથા રેલવે જેવાં સંચાર માધ્યમોના વિકાસને કારણે ભારતીય સમાજ મહદઅંશે રાષ્ટ્રિય પ્રવાહોથી વાકેફ થયો હતો. જેનાં પરિણામે નૂતન બુધ્ધિજીવી વર્ગનો ઉદય થયો હતો; જેને ભારતીય સમાજ અને ધર્મમાં રહેલ દુષણો, કુ-પ્રથા સંદર્ભે કાર્યકારણના સંબંધ દ્વારા વૈચારિક આંદોલન શરૂ કર્યું હતું.૨

ઈ. સ. ૧૮૫૭ની ક્રાંતિ હિન્દી અને અંગ્રેજ જેવી બે મહાપ્રજાઓના પ્રથમ સંપર્ક અને પછી સંઘર્ષના મહાન સ્ફોટ સમાન હતી. અંગ્રેજ સત્તાધીશોએ હિન્દીની પ્રજા સાથે કેમ વર્તવું તે અંગે અને બળ કરતાં કળ વધુ ઉપયોગી થશે એમ વિચારીને તેમણે પ્રયત્નો કરેલા હતા. અંગ્રેજ વેપારશાહીએ હિન્દનું શોષણ ચાલુ જ રાખ્યું, એટલું જ નહીં પણ કરવટ બદલી તેમાં ઓર વધારો કર્યો. બીજી બાજુ હિન્દી પ્રજા ક્રાંતિમાં થયેલા પછડાટથી વિચારમાં પડી ગઈ. પ્રજાના આગેવાનો તથા વિચારકોએ જોયું કે હિન્દી પ્રજા સામાજિક રીતે ઘણી સંકુચિત બની બેઠી હતી તેથી તેમને પ્રથમ સામાજિક સુધારણા કરવી ખૂબ જ જરૂરી લાગી. સામાજિક કુરિવાજો, બંધનો અને બદીઓને લીધે પ્રજાની શક્તિ રુંધાતી હતી અને કુંઠિત થતી હતી, પરંતુ વધુ વિચારતાં તેમણે જોયું કે સામાજિક મર્યાદા અને શક્તિના દર્શન થાય તેમ છે. ધાર્મિક અને સાંસ્કૃતિક નવજાગૃતિની જરૂર જણાઈ, આર્થિક રીતે પણ દેશનો વિકાસ થયો અને તેમાં અંગ્રેજો કેવી સિફતથી ભારતનું શોષણ કરી રહ્યા હતા તેનું ભાન થયું. પ્રજામાં શક્તિ અને શૌર્યગુણ, ચારિત્ર્ય, સંસ્કાર અને સત્ય તો હતાં જ, પરંતુ તે ઢંકાઈ ગયાં હતાં, કુંઠિત થઈ ગયાં હતાં અને તેથી નવેસરથી વ્યક્તિનું તેમજ સમગ્ર રાષ્ટ્રનું નવનિર્માણ કરવાની ભાવના, વિચાર અને કાર્યનો ક્રાંતિ પછીથી લગભગ એક પચ્ચીસી દરમિયાન શુભારંભ થયો હતો.

---

૧. David, Hardiman, Peasant Nationalist of Gujarat Kheda distic 1917-Delhi, 1981), P-13

૨. શેઠ સુરેશ, ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો, ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૬૦, અમદાવાદ, પૃ. ૨૨

ધર્મ, સમાજ અને સંસ્કૃતિ અંગેનાં પરિબળો એકસાથે કામ કરનારાં પરિબળો છે. એકમાં પરિવર્તન થાય એટલે બીજા પર તેની અમુક અસર પડે છે, તેથી ધાર્મિક સુધારણા સામાજિક પરિસ્થિતિ પર અને સામાજિક સુધારણા ધાર્મિક રીતરિવાજ અને માન્યતા પ્રભાવ પાડે છે. આને પરિણામે દેશની સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તન થવા પામે છે. આવું ત્રિવિધ પરિવર્તન ગુજરાતી સમાજમાં પણ બ્રિટિશ શાસનની અસર હેઠળ થયું. ગુજરાતમાં બ્રિટિશ સ્થપાયું તે પહેલાં ગુજરાતનો સમાજ તેમજ તેની આર્થિક અને રાજકીય વ્યવસ્થા પરંપરાગત સ્વરૂપનાં હતાં. ગુજરાતમાં સામાજિક અનિષ્ટો અસંખ્ય હતાં. બાળલગ્નો, મૃત્યુ અને લગ્ન પાછળના ભારે ખર્ચ હતા. વિધવા પુનર્લગ્ન ઉપરના અંકુશો, વિધવાઓની વિષમ સ્થિતિ, દહેજપ્રજા, સતીપ્રથા, દૂધપીતીની ચાલ અને અસંખ્ય વહેમોથી ગુજરાતના લોકો સબડતા હતા. આનો અર્થ એ નથી કે ગુજરાતમાં આ સામાજિક અનિષ્ટોનો પ્રતિકાર જ નહોતો થતો. નરસિંહ મહેતા અને અખા જેવા અનેક સંત કવિઓ સામાજિક અન્યાયોનો પ્રતિકાર કરતા, પરંતુ છાપખાનાં અને રેલવે જેવાં ક્રાંતિકારી સાધનોના અભાવે નરસિંહ અને અખા જેવા સંત કવિઓના વિચારો, તેમજ પીરાણા પંથ, પ્રણામી સંપ્રદાય તથા વલ્લભસંપ્રદાય જેવા સંપ્રદાયોના સુધારક વિચારો ઝડપથી ફેલાઈ શક્યા નહીં. આમ ગુજરાતમાં શ્રેણીબદ્ધ ઢાંચામાં રહેલાં દુષણોનો પ્રતિકાર કરતા સંત કવિઓ તથા સંપ્રદાયોનો અભાવ ન હતો. મુખ્ય મુદ્દો એ છે કે બ્રિટિશ શાસનકાળ પહેલાંનો ગુજરાતી સમાજ તેની સામાજિક સમસ્યાઓ પરત્વે પ્રમાણમાં ઓછો સંવેદનશીલ હતો, અથવા તો બીજી રીતે કહીએ તો સૈકાઓથી પરંપરાગત સમાજ એવી સરળતાથી ગતિ કરી રહ્યો હતો અને સમાજનાં અંગો (કુટુંબ, જ્ઞાતિ, સંપ્રદાય, હુન્નરઉદ્યોગ, રાજ્યવ્યવસ્થા, અમલદારશાહી વગેરે) એકબીજા સાથે તાલબદ્ધ રીતે સંકળાયેલાં હતાં કે સામાજિક દૂષણોને એક સમસ્યા તરીકે જોવાને બદલે તેને સમાજનાં અખંડ અંગ-ઉપાંગો તરીકે નિભાવી લેવામાં આવ્યાં હતાં. સમાજનાં અનિષ્ટોનો પ્રતિકાર કરવા કાળે કાળે કોઈ સંપ્રદાયનો અભ્યુદય થાય, તેનો શિષ્યગણ કે અનુયામી વર્ગ વધવા પૂરતી સમાજમાં ગતિશીલતા ઉત્પન્ન થાય, સમાજના અવયવો વચ્ચે ક્યારેક મંદ ઘર્ષણ થવાથી તે સળવળાટ કરતા જણાય, પણ આખરે સમાજ તેની યથાવત્ સ્થિતિ, તેનો મૂળભૂત ગુણ ધારણ કરે. આ દ્રષ્ટિએ હિન્દુ સંસારની ગતિ વર્તુળાકાર હતી.

રાજકીય ક્ષેત્રમાં પણ ગુજરાતની રીતરસમો પ્રણાલીગત જ હતી. રાજાઓની સત્તા લગભગ અમર્યાદિત હતી અને સામાન્ય પ્રજાજનો રાજ્યસંચાલન અથવા તો વહીવટીતંત્રમાં પરોક્ષ રીતે પણ ભાગ ન લઈ શકતા. ઘણીવાર સરકારી હોદ્દાઓ પણ વંશપરંપરાગત બની જતા. ઈ.સ. ૧૭૫૮માં ગુજરાતમાં જ્યારે મરાઠી શાસન થયું ત્યાર પછી તો ગુજરાતમાં રાજકીય અવ્યવસ્થા વધારે વ્યાપક બની. મરાઠા શાસકોનો મુખ્ય હેતુ મજબૂત વહીટીતંત્ર અને સંગીન રાજ્યતંત્ર સ્થાપવાનો નહીં, પરંતુ ગુજરાતમાંથી ચોથા અને સરદેશમુખી ઉઘરાવવાનો હતો. આ જ કારણથી મગનલાલ વખતચંદે નોંધ્યું છે તે પ્રમાણે મરાઠાઓએ અમદાવાદના ધનિકો પાસેથી પૈસા પડાવવા માટે "ચાડિયા" નામથી ઓળખાતા જાસૂસો પણ રાખ્યાં હતા. આવી પરિસ્થિતિમાં ગુજરાતી પ્રજા

મરાઠી શાસન સ્થપાયું ત્યારે ગુજરાતે બ્રિટિશ શાસનને વધાવી લીધું.

આર્થિક ક્ષેત્રમાં ગુજરાત હિન્દના અન્ય પ્રાંતોની સરખામણીમાં વધુ સમૃધ્ધ હતું. ગુજરાતની વ્યાપારી પરંપરા મહાજન, હૂંડી, નગરશેઠ, આંગડિયા અને શરાફી સંસ્થાઓમાં અભિવ્યક્ત થતી હતી. સુરત, અમદાવાદ, ખંભાત, ભરૂચ, નડિયાદ, ધોલેરા, કપડવંજ, વડોદરા, ભાવનગર, ઘોઘા, લખપત અને માંડવી જેવા અનેક નાનાં-મોટાં નગરો (જેમાંનાં કેટલાંક તો બંદરીય નગરો હતાં) જે રીતે વિકાસ પામ્યાં તે બતાવે છે કે ગુજરાત તેના વ્યાપાર-હુન્નરઉદ્યોગ માટે સુપ્રધિધ્ધ હતું. ખેતીની બાબતમાં પણ ગુજરાત પછાત ન હતું. ગુજરાતની ભૂમિ ફળદ્રુપ હતી અને તેના ખેડૂતો પણ કુશળ અને મહેનતકશ હતા. નગરોનો ઉદય ખેતપેદાશોની સમૃધ્ધિથી થાય છે, અને તે ઉપરથી આપણે કહી શકીએ કે ગુજરાતની ખેતી જો પછાત દશા કે કંગાલ હાલતમાં હોત, ખેડૂતોનો જો અધિશેષ ઉત્પાદન કરતા ન હોત તો ગુજરાતમાં નગરો જ જીવી શક્યાં ન હોત. આમ વ્યાપાર અને હુન્નરઉદ્યોગની બાબતમાં તેમજ કૃષિવિષયક ક્ષેત્રમાં ગુજરાત એકંદરે સમૃધ્ધ હતું.[૩]

ગુજરાતના ઈતિહાસમાં ઓગણીસમો સૈકો સામાજિક પરિવર્તન અને નવીન મૂલ્યોના રચનાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ હતો. બ્રિટિશ શાસન દ્વારા ગુજરાત એક વિશિષ્ઠ સંસ્કૃતિ ધરાવતા દેશના સંપર્કમાં આવ્યો હતો. આદાન-પ્રદાનની આ પ્રક્રિયા મહત્વપૂર્ણ હતી, કારણ કે પંદરમાં અને સોળમાં સૈકા દરમિયાન ઈંગ્લેન્ડ નવજાગૃતિ, ધર્મસુધારણાના બૌધ્ધિક (Intellectual) અને માનવતાવાદી (Humanitarian) વિચારો દ્વારા નૂતન સાંસ્કૃતિક તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. પશ્ચિમની સંસ્કૃતિની ભૌતિક અને બૌધ્ધિક અસરોને લીધે ગુજરાતમાં કદાચ પહેલીવાર વ્યવસ્થિત રીતે સમાજ સુધારાની શરૂઆત થઈ હતી. જો કે તે પૂર્વે સમાજમાં પ્રચલિત કૂ-પ્રથા સંદર્ભે વિરોધ થયા હતા. પરંતુ તે વ્યક્તિગત ધોરણે હોવાથી તેનો પ્રભાવ દુરોગામી ન હતો. સમાજ સુધારાના પ્રવાહોનો અભ્યાસ કરતા કવિ નર્મદ શંકર, દુર્ગારામ મહેતાજી, મહીપતરામ રૂપરામ, કવિ દલપતરામ લક્ષ્મીરામ જેવા પ્રથમ પંક્તિના ગુજરાતી સુધારકોએ સમાજમાં પ્રચલિત કુરિવાજો અને અનિષ્ટો સામે પ્રહારો કરી સમાજની પુનઃ રચનાર્થે ઝુંબેશ શરૂ કરી હતી તે સમજી શકાય છે. ઉપરાંત સહજાનંદ સ્વામી, સયાજીરાવ ગાયકવાડ વગેરે જેવા સમાજ સુધારકો દ્વારા સમાજ સુધારના સંદર્ભે પ્રવૃત્તિ કરી હતી. આ મહાન સુધારકો એ લૌકિક (Customary) અને બુધ્ધિગમ્ય મૂલ્યોના આધારે સતીપ્રથા, પુત્ર પ્રાપ્તિ માટેના ધાગા-દોરા, જંતર-મંતર, કણબી-પાટીદાર તથા જાડેજા-જેઠવા જેવી જ્ઞાતિઓમાં થતી નવજાત બાળકીઓની હત્યા, મૃત્યુબાદ બારમા-તેરમાના ખર્ચા, મૃત્યુ બાદ રોવા-કૂટવાના રિવાજ, સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓ સાથેના શારીરિક અને માનસિક ત્રાસમાં, બાળલગ્નો તથા ધર્માચાર્યોનાં દુરાચરણો જેવા સદીઓથી ઘર કરી બેઠેલા કુરિવાજો સામે જેહાદ ઉઠાવી હતી.

૩. પટેલ. મંગુભાઈ. રા, રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી, (સી. એસ.આઈ) ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતા, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૭, પૃ. ૮૮

ઈ.સ. ૧૮૧૮માં ગુજરાતમાંથી મરાઠી સત્તાનો અંત આવ્યો અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન શરૂ થયું. ગુજરાતના સામાજિક, રાજકીય અને આર્થિક જીવન ઉપર બ્રિટિશ શાસનની શરૂઆત થાય તે દેખીતું હતું. બ્રિટિશ શાસન ગુજરાતમાં તેની પહેલા સ્થપાયેલાં શાસનોમાં અનેક રીતે જુદું તરી આવતું હતું. એ હકીકત નોંધપાત્ર છે કે ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થપાયું તેના સૈકાઓ પહેલાં ઈંગ્લેન્ડમાં ધર્મસુધારણા અને નવજાગૃતિઅનાં આંદોલન થઈ ચૂક્યાં હતાં. ઈંગ્લેન્ડે તેનાં સમાજિક અનિષ્ટો સામેનો મોરચો લગભગ ૧૫મા સૈકાથી શરૂ કરી દીધો હતો. જેને પરિણામે ધર્મગુરુઓનાં ધતિંગો ખુલ્લાં થયાં હતાં, એટલું જ નહીં પણ રાજાઓના દૈવી અંશોના સિધ્ધાંતોનો પણ પ્રજાના અગ્રવર્ગ વ્યવસ્થિત રીતે પ્રતિકાર શરૂ કર્યો હતો. આ ઉપરાંત ૧૮મા સૈકાના ઉત્તરાર્ધમાં ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી હતી. ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે ઈંગ્લેન્ડ ઊભી થયેલી મિલો અને કારખાનાંઓને કાચો માલ પૂરો પાડવા માટે ઈંગ્લેન્ડ નવાં નવા બજારો શોધતું હતું. કારખાનાંઓમાં ઉત્પન્ન થયેલા જથ્થાબંધ માલનું વેચાણ કરવાના આશયથી ઈંગ્લેન્ડ નવાં બજારોની શોધમાં હતું. આમ ઈંગ્લેન્ડમાં શરૂ થયેલાં અને વિકસેલાં સમાજિક અને આર્થિક પરિબળોની અસર ગુજરાત ઉપર થાય તે દેખિતું હતું.

ગુજરાતમાં સામાજિક સુધારણા પ્રત્યેની જાગૃતિ સંદર્ભના પરિબળોમાં બ્રિટિશ શાસન પણ જવાબદાર હતું. ગુજરાતમાં જ્યારે બ્રિટિશ શાસન સ્થપાયું તે સમયે ગુજરાતમાં અસંખ્ય કુરિવાજો પ્રચલિત હતા. જેમ કે ૮-૧૦ વર્ષની ઉંમરે અથવા તો તે પહેલાં પણ શરૂ થતાં બાળલગ્ન, બાળવિધવાઓ અને પુખ્ત ઉંમરની વિધવાઓની કઢંગી, કૌટુંબિક અને સામાજિક હાલત, મૃત્યુ બાદ બારમા-તેરમાના જમણવારો, લગ્ન પાછળના જમણવારો, દહેજપ્રથા, ભૂતપ્રેત-પિશાચમાં શ્રધ્ધા, સંતાન-પ્રાપ્તિ માટે થતા ધાગાદોરા, પરદેશની મુસાફરીનો નિષેધ, દૂધપીતીની ચાલ, ધર્મગુરુઓની અનિતીઓ, ગાંડપણ કે બીમારીમાંથી દર્દીને મુક્ત કરવા ભૂવાઓને ધુણાવવા, લગ્નમાં કજોડાં, જ્ઞાતિબંધનો, વગેરી ઈ.સ. ૧૮૫૦ સુધીમાં બ્રિટિશ શાસનની બહુમતી અસરોએ ગુજરાતમાં મધ્યમવર્ગીય બૌધ્ધિકવર્ગ ઊભો કર્યો હતો. આ વર્ગે ઉપર્યુક્ત દૂષણો સામે વ્યવસ્થિત રીતે ઝૂંબેશ શરૂ કરી.

બ્રિટિશ શાસને વ્યક્તિગત સ્વાતંત્ર્યના સિધ્ધાંતો પર રચાયેલા વિચારો જ નહિ, પણ છાપખાનાં, રેલવે, તારટપાલ તથા ઘડિયાળ અને રેલવેએ સમયનાં પરિણામો બદલી નાખ્યાં. હિન્દુઓની 'યુગ' કે 'કાળ'ની થિઅરીઓ પર આ ભૌતિક સાધનોએ પ્રહાર કર્યો. તે જ પ્રમાણે જ્ઞાનની થિયરીઓ પણ બદલાઈ. જ્ઞાનનો ઉદ્દેશ વ્યક્તિગત મોક્ષ નહીં પણ વ્યક્તિગત અને સમાજિક પ્રગતિ લાવવા જ્ઞાન અંગેનો અભિગમ પણ બદલાયો.

ઉપર દર્શાવ્યું છે તે મુજબ ગુજરાતના સામાજિક સુધારાની પ્રક્રિયામાં હવે એક નવો બુધ્ધિગમ્ય વિકલ્પો ઊભો થયો જે મુજબ 'દૂધપીતીની ચાલ કે સતીનો રિવાજ, બાળલગ્નો અને દહેજપ્રજા જેવા અનિષ્ટ રિવાજો એટલા માટે બંધ થવા જોઈએ કે તે અન્યાયી છે, અમાનવીય છે અને તે વ્યક્તિસ્વાતંત્ર્યના સિધ્ધાંત અને માનવીય મૂલ્યોની વિરુધ્ધ છે અને તે સ્ત્રીપુરુષની

સમાનતાના અધિકારનો હ્રાસ કરનારા છે. સ્વામિનારાયણ પંથમાં સતીપ્રથા અને દૂધપીતિના રિવાજ વિરુધ્ધ પણ લખાણો હોય અને તે સાથે જ 'સારી' સ્ત્રીનાં લક્ષણોનાં વર્ણનોમાં એમ પણ લખ્યું હોય કે જ્યારે પતિ પરદેશ જાય ત્યારે પત્નીએ આભૂષણોનો ત્યાગ કરવો કે ઘરની બહાર ન નીકળવું, પતિ જો મારઝૂડ કરે તો પણ પતિવ્રતા સ્ત્રીએ તે મૂંગે મોઢે સહન કરી લેવું. પરંતુ નવાં મૂલ્યોમાં આવી અસંગતતા ન હતી, કારણ કે તેના મૂળમાં ધર્મ કે ભગવાન નહીં પણ સામાજિક પ્રગતિના સિધ્ધાંતો હતા. સામાજિક અન્યાયો સામે ઝઝૂમવાની આ પ્રતિકાર શક્તિ ભારતમાં નહીં, પરંતુ યુરોપના સમાજમાં તૈયાર થઈ હતી. સાંપ્રદાયિક ઢાંચામાં આવી શાસ્ત્રીય રીતરસમોને તપસવાનું અને ચકાસવાનું સ્થાન ન હતું, તેમાં પાપ-પુણ્ય અને કર્મના સિધ્ધાંતોને જ સ્થાન હતું.

ઈ.સ.૧૮૫૦ સુધીમાં બ્રિટિશ રાજ્ય અમલની પ્રગતિશીલ અસરો ગુજરાતના સમાજમાં દેખાવી શરૂ થઈ. ઈ.સ. ૧૮૦૯માં જન્મેલા દુર્ગારામ મહેતાજીએ ઈ.સ. ૧૮૪૪માં સુરત 'માનવધર્મ સભા'ની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૪૮માં ગુજરાતમાં અમદાવાદમાં 'વર્નાક્યુલર સોસાયટી'ની સ્થાપના થઈ. રણછોડલાલ ગિરધરદાસ, કરસનદાસ મૂળજી, ભોળાનાથ સારાભાઈ, મહીપતરામ રૂપરામ, હરગોવિંદદાસ કાંટાવાળા, બેચરદાસ લશ્કરી, કવિ દલપતરામ, કવિ નર્મદ, નવલરામ લક્ષ્મીરામ પંડ્યા અને બહેરામજી મલબારી જેવા અનેક મધ્યમવર્ગીય નગરાભિમુખ સુધારકો ગુજરાતમાં પાક્યા. તેમણે સાંપ્રદાયિક ધોરણે નહીં પરંતુ નવા લોકશાહી મૂલ્યોને ધોરણે સામાજિક શોષણ અને અન્યાયો સામે ઝુંબેશ શરૂ કરી અને તેને માટે છાપખાનાં તેમજ સંસ્થાઓ સ્થાપી હતી.

સુરત કરતાં અમદાવાદમાં સુધારો કંઈક વધુ સાવચેતી ભર્યો રહ્યો. આનું કારણ એ હતું કે અમદાવાદમાં જૈનો અને વૈષ્ણવ વાણિયાઓનો બનેલો સમૃધ્ધ વર્ગ રૂઢિચુસ્ત હતો. પણ આ વર્ગ કેળવણી અને સ્ત્રી-શિક્ષણનો હિમાયતી હોઈ નવી શાલાઓ સ્થાપવા માટે જે ફંડફાળા ઊભાં થયાં તે આ વર્ગમાંથી વિધવા પુનર્લગ્નોનો આ વર્ગ કટ્ટર વિરોધી હતો. બાળલગ્નોને પણ તે ચુસ્ત રીતે વળગી રહેનારો હતો. રણછોડલાલ છોટાલાલ જેવા નાગર શેઠિયાઓ પાસે જ્યારે એક પ્રસંગે વિધવાવિવાહના કાર્ય માટે ફંડફાળાની ઉઘરાણી થઈ ત્યારે રણછોડલાલે કહ્યું : 'હું આ ફંડફાળામાં પૈસા તો આપું પણ મારે મારા મિલ અંગેના વ્યવસાયને લીધે શેઠિયાઓ સાથે રોજનું કામ પડાવવાનું, તેથી તમે કહો તેમ કરું.' આમ છતાં પણ મિલો સ્થાપનાર બૌધ્ધિકો નહીં પણ શરાફો અને વ્યાપારીઓ, અને તેઓ જાણે-અજાણે સમાજમાં ત્રીજો એક વર્ગ મજૂર વર્ગ ઊભો કરી રહ્યા હતા. રણછોડલાલ છોટાલાલ સામાજિક બાબતોમાં જુનવાણી છતાં પણ અમદાવાદમાં ગટર તથા નળની યોજનાઓ દ્વારા સામાજિક પરિબળોનું સર્જન કરી રહ્યા હતા.

બૌધ્ધિકોની પ્રવૃત્તિઓનો અભિગમ નગરીય હતો. ૧૯મા સૈકા દરમિયાન તો ગુજરાતના કોઈ પણ બૌધ્ધિકે ગ્રામજનોના પ્રશ્નોમાં સક્રિય રસ લીધો ન હતો. જોકે ગામડાં વિશે તેઓ અવારનવાર લેખો લખતાં ખરા. અશ્પૃશ્યોની હૃદયદ્રાવક સ્થિતિ અને તેમની સામેના સવર્ણોનો

અત્યાચારોને તેમને ચર્ચાના દ્વાર સુધી પણ પહોંચાડી ન હતી. હકીકતમાં તો રેલવેની શરૂઆતનાં વર્ષો દરમિયાન જ્યારે અસ્પૃશ્યોને સવર્ણો સાથે એક જ ડબ્બામાં મુસાફરી કરવાના પ્રસંગો બન્યા ત્યારે ઘણાં ઉચ્ચ જ્ઞાતિઓના બૌધ્ધિકોએ અસ્પૃશ્યો સામે કડક લખાણો લખ્યાં હતાં. "બૌધ્ધિકો જોરશોરથી તેમની વાક્ધારા ચલાવતા કે 'મનુષ્યમાત્ર સમાન છે.' પણ વાચાળતાને બાદ કરતાં સમાજસુધારણાનું આ એક અતિમહત્વનું અને વિશાળ રણક્ષેત્ર યોધ્ધાઓ વગેરેનું જ રહ્યું.

ખુદ સામાજિક સુધારણાના યોધ્ધાઓ જ તેમની વાણી અને વર્તન વચ્ચેના ભેદના કારણે ઘણીવાર લોકસમુદાયને મનોરંજન પૂરું પાડવા જેવી સ્થિતિ સર્જી નાંખતા. મહિપતરામ જ્યારે ઈ.સ. ૧૮૬૦માં ઈંગ્લેન્ડ ગયા ત્યારે સુધારકોએ એવી અપેક્ષા રાખી હતી કે દેશશુધ્ધિ પ્રાયશ્ચિત કરો ને રૂઢિચુસ્તોની તરફદારી નહીં કરે. મહીપતરામે પણ આ અંગે નમતું નહીં આપવાનું જાહેરમાં કહ્યું હતું, પરંતુ તેમણે એકથી વધુવાર દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કર્યું. તે જ પ્રમાણે દુર્ગારામ મહેતાજી જેવા પ્રથમ પંક્તિના સુધારક વિધવાવિવાહની તરફેણમાં તેમની ઝુંબેશ શરૂ કરી હોવા છતાં તેમણે જ્યારે મોટી વયે બીજીવાર લગ્ન કર્યું તે બાળકુંવારી સાથે મથુરી નામની તેમની જ્ઞાતીની એક વિધવા તેમની સાથે લગ્ન કરવા તૈયાર હતી, છતાં પણ તેમણે છેવટે કુમારી કન્યા સાથે જ લગ્ન કર્યું. નર્મદે વિધવા સાથે લગ્ન કર્યું ખર્યું પણ તેની બીજીવારની પત્ની ડાહીગૌરી સાથે તેણે આ પ્રસંગે જે શરતો મૂકી તે સમયની પતિ-પત્ની વચ્ચેના સંબંધોની સરિયાત અસમાનતાનાં દર્શન કરાવે છે. આમ, સુધારકોની વાણી અને વર્તન વચ્ચેની ખાઈ એવી લાંબી પુરવાર થઈ જે સામાન્ય પ્રજાજનોએ 'સુધારા'ની હાંસી ઉડાવતાં એમ માન્યું કે સુધારાવાળાઓએ તો પારકાને જ જતી કરવાની પેરવીઓ કરી છે. આમ છતાં પણ સમાજસુધારણાના ઐતિહાસિક વિશ્લેષણમાં આ સુધારકોનો ફાળો અદ્વિતીય હતો તે સ્વીકાર્યા વગર ચાલે તેમ નથી, તેમણે સુધારાની તરફેણમાં બતાવેલો ઉત્સાહ, તેમણે સ્થાપેલાં સુધારાનાં મંડળો, તેમને લખેલાં પુસ્તકો અને લેખો અને તેમણે કરેલાં ભાષણોના વ્યાપનો જો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે જુનવાણી અને વહેમી સમાજને તેની આળસમાંથી ઢંઢોળવાના તેમના સૌ પ્રથમ પ્રયાસો કેવા પ્રશંસનીય હતા.

ગુજરાતમાં સમાજસુધારણાના આંદોલનનો પ્રથમ તબક્કો લગભગ ઈ.સ. ૧૮૮૦માં પૂરો થયો જે બીજો તબક્કો શરૂ થયો તેમાં બદલાયેલી આવૃત્તિના નમૂનારૂપ કવિ નર્મદ તથા મણિલાલ નભુભાઈ ત્રિવેદી જેવા સંરક્ષણવાદી સુધારકોએ નવી રાજકીય ચેતનાના સંદર્ભમાં સુધારાનું વિવેચન કરવું શરૂ કર્યું. તેમણે પશ્ચિમના 'પ્રવૃત્તિવાદ'ની ઝાટકણી કાઢીને ભારતના 'નિવૃત્તિવાદ'ને બિરદાવવા લખ્યું કે સુધારા અંગેની પ્રવૃત્તિઓ ભારતીય સંસ્કારોના સંદર્ભમાં જ થવી જોઈએ. જોકે સુધારા માટેના વ્યવહારું ઉકેલ માટે 'પ્રવૃત્તિવાદ' અને 'નિવૃત્તિવાદ'ની ફિલસૂફીનો તેઓ સંતોષકારક રીતે ખુલાસો કરવામાં નિષ્ફળ ગયા. તેમણે સામાન્ય પ્રજાજનોને પણ બુધ્ધિજન્ય બનાવી મૂક્યા. એટલું જ નહીં પણ ખાસ કરીને મણિલાલે તો એવી પાંડિત્યપૂર્ણ શૈશીમાં 'સંરક્ષણાત્મક સુધારાવાદ' વિશે લખ્યું કે શિક્ષિતવર્ગને પણ તે સમજવું મુશ્કેલ થઈ પડે. જોકે સમાજસુધારણાની પ્રક્રિયામાં આ શાબ્દિક દલીલબાજીઓનું બૌધ્ધિક અને તાત્વિક મૂલ્ય ઘણું જ

મહત્વનું હતું.૪ ઉપરોક્ત સામાજિક, રાજકીય સુધારાની અસરથી પાટીદાર સમાજ અલિપ્ત ન હતો.

સંશોધનના વિષયના અનુરૂપ 'કડવા પાટીદાર સમાજ' જે મહદઅંશે વિવિધ કુ-પ્રથાઓ-બંદીઓ, દુષણો, રીત-રીવાજોથી પ્રભાવિત હતો. ગુજરાતમાં પ્રસરીત નવ જાગૃતિના વિચારોને કારણે, સમયાન્તરે 'કડવા પાટીદાર પરિષદ' તથા સમાજના બુધ્ધિજીવી વર્ગના પ્રયત્નોના કારણે સમાજ જાગૃત થયો હતો. જેના પરિબળોનો અભ્યાસ ખૂબ જ રસપ્રદ છે. 'કડવા પાટીદાર પરિષદ'ના સ્વરૂપ અને કાર્ય પધ્ધત્તિનો અભ્યાસ કરતા જણાય છે કે કડવા પાટિદાર પરિષદ સામાન્ય: ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં નિરધારિત થતી હતી. (અપવાદરૂપ કોઈક વાર પરિષદો જાન્યુઆરી માસમાં પણ મળેલ હતી) સભાનું સંચાલન સભાના સેક્રેટરી દ્વારા કરવામાં આવતું હતું. સભાના પ્રમુખ, ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી થતી હતી, જે પદ પર મહદઅંશે બુધ્ધિજીવી, પ્રતિભા સંપ્પન્ન વ્યક્તિઓની નિમણૂક થતી હતી. સભામાં ઉપસ્થિત બુધ્ધિજીવી વર્ગનું વિશિષ્ટ લાક્ષણિક્તા એ હતી કે તત્કાલિન સમાજની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિથી વાકેફ હતા, જે તેમના વિચારો, ભાષણો, સૂચનોથી સમજી શકાતું. અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે તેઓ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટીય ઘટનાથી પણ માહિતગાર હતા, જેથી જ તેમના ભાષણોમાં પશ્ચિમી શિક્ષણ પધ્ધત્તિ, ફ્રેંચ, અમેરિકન ક્રાંતિ, અમેરિકાની કૃષિ પધ્ધત્તિ, જાપાનનું આધુનિકરણ વગેરે બનાવોનું પાટીદાર સમાજ સાથે તુલનાત્મક અધ્યયન દ્વારા પોતાના વિચારો રજૂ કરતા હતા. જેમકે જ્ઞાતિના મહાન ચિંતક પુરુષોત્તમદાસ પરીખ તથા આખ્યાનકાર અમરસિંહ દેસાઈ, સમાજ સુધારાના અગ્રણી, બેચરદાસ લશ્કરી. પાટડી દરબાર જોરાવરસિંહ, તથા જેઠાલાલ સ્વામિનારાયણ, મગનભાઈ એન્જિનિયર, ડૉ. પિતાંબર પટેલ, દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી વગેરે આદર્શવાદી સુધારકો હતા, ઉપરાંત કેટલાક આગેવાનો અશિક્ષિત હતા તેમ છતાં પણ તેમના વિચારો ઉચ્ચ કક્ષાના હતા. ઈ. સ. ૧૯૦૭થી ૧૯૪૯ સુધી ૧૫ પરિષદો મળી હતી. પરિષદની પ્રારંભિક પ્રવૃત્તિમાં મહત્વના પ્રશ્નો 'એકતિથિનાં લગ્ન', 'બાળલગ્ન', 'સ્ત્રી કેળવણી' વગેરે હતા. સમયાન્તરે રાષ્ટ્રીય ચળવળ અને સામાજિક જાગૃતિના કારણે અનેક પ્રશ્નો સંદર્ભે ચર્ચા, ચિંતન, ઠરાવો કરવામાં આવતા હતા. જ્ઞાતિના પ્રખર ચિંતક પુરુષોત્તમદાસ પરીખનું તથા જ્ઞાતિના આખ્યાનકાર અમરસિંહ દેસાઈનું અવસાન થતાં પરિષદની પ્રવૃત્તિ મંદ થઈ હતી. પરંતુ "માધાના પિતાનું પ્રેત ભોજન" અને "બાળલગ્નનો બળાપો" જેવાં આખ્યાનોનો પ્રભાવ સ્ત્રી વર્ગ પર દુરોગામી હતો. રાષ્ટ્રીય ચળવળના કારણે મહદઅંશે જ્ઞાતિના આગેવાનો, યુવાનો રાષ્ટ્રીય ચળવળની પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયા હતા. ઈ.સ. ૧૯૧૫ પછી ભારતીય રાજકારણમાં મહાત્મા ગાંધીના પાર્દુભાવથી જે રાષ્ટ્રીય ચેતના પ્રગટી હતી તેની અસર કડવા પાટીદાર પરિષદના આગેવાનો પર સવિશેષ હતી. જેથી જ સમયાન્તરે પરિષદમાં "સ્વદેશી, અસહકાર, ખાદી, બુનિયાદી શિક્ષણ વગેરે

૪. એજન, પૃ. ૮૯

સંદર્ભે ઠરાવો કરવામાં આવતાં હતા. ઈ.સ. ૧૯૩૪ પછી પરિષદનો વિકાસ અટકી પડ્યો હતો, ઈ.સ. ૧૯૩૬ અને ૧૯૩૪માં અનુક્રમે સાણંદ અને પાટડીમાં પરીષદો ભરાઈ, ઈ.સ. ૧૯૪૯માં ૧૫મી 'ક.પા પરિષદ' ઊંઝા મુકામે ભરાઈ હતી. પરંતુ રૂઢિચુસ્ત આક્ષેપોના વિરોધના કારણે પરિષદનું પ્રભાવશાળી પરિણામ મળ્યું ન હતું. (પરંતુ આ પરિષદ દ્વારા ઊંઝામાં કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી હતી.) ઈ.સ. ૧૯૫૫ પછી તો ગુજરાતભરનાં જુદા-જુદા વિસ્તારોમાં નાની મોટી અનેક પરિષદો મળી હતી. જેવી કે, પાટડીના જ્ઞાતિના આગેવાનોની સભા, કાંઝ પરિષદ, મુંબઈ ઘાટકોપરમાં મળેલી કચ્છી પરિષદ, કાઠિયાવાડ પરિષદ, સુરત-ઓલપાડ પરિષદ, ગોંડલ પરિષદ, ઉપલેટા પરિષદ વગેરે ગણી શકાય. પરંતુ યુવકમંડળો, પરિષદોની પેટાશાખાઓ તથા ગામડામાં જ્ઞાતિ પંચોમાં આવેલ પરિવર્તન નોંધપાત્ર હતું.

'પાટીદાર, કણબી' સમાજનો ઉલ્લેખ માત્ર જ્ઞાતિ સંદર્ભે સંકૂચિત ન લેતા એક વ્યવસ્થાતંત્રના મુખ્ય એકમ તરીકે ગણી શકાય. કારણ કે કૃષિ વ્યવસાય સાથે માત્ર પાટીદારો જ નહિં પરંતુ અન્ય જ્ઞાતિ સમુહનું પણ પ્રતિનિધિત્વ રહેલું હતું, છે. તેથી જ પાટીદાર, કૃષિકાર વર્ગનો સવાર્ગીક વિકાસ, ઉત્થાન એટલે "મહદઅંશે" રાષ્ટ્રઉત્થાન ગણી શકાય.

૧૯મી સદીમાં આ કોમ "પાટીદાર" તરીકે જાણીતી બની હતી. પાટીદાર એક યા બીજા કારણસર 'કુલીન' ગણાતા અને કુલીનશાહીના મોહમાં સ્ત્રીઓ સાથે વ્યવહારમાં તેઓ જડ મનાતા હતા. પાટીદારોની આ જ્ઞાતિ કૃષિક્ષેત્રે અત્યંત ઉદ્યમી હોવાં છતાં સામાજિક વર્ગીકરણમાં પાછળ હતી. અને ઉપલી જ્ઞાતિના સભ્યો તેની ઉપેક્ષા, મશ્કરી કરતા હતા. કેળવણીની અજ્ઞાનતાના કારણે કેટલાક કુરિવાજો આ કોમમાં ઘર કરી ગયા હતા. એમાંથી મુક્ત કરવા માટે પરિષદોએ પ્રયત્નો કર્યા હતા.

ગુજરાત પર અંગ્રેજોની માનવતાવાદી વિચારસરણીની અસર થતા સ્ત્રીઓના પ્રશ્નો સંદર્ભે જ્ઞાતિમંડળો વિચારતાં થયાં હતા. બ્રિટીશ સરકારના આગમન પહેલાં હિન્દુ શાસ્ત્રો અને જ્ઞાતિપંચોના બંધારણ મુજબ સ્ત્રીઓને ખૂબ જ સહન કરવું પડતું હતું. આ કોમમાં પણ ભણતર વધતાં અને રાજકીય વર્ગ વધતાં સુધારાવાદી ચળવળો શરૂ થઈ હતી. કડવા કણબી તેમનાં લગ્નો એક તિથિએ કરતા અને તેમનામાં છૂટાછેડા થતાં. તેમનામાં ગોળ પ્રથા ઘર કરી ગઈ હતી. સ્વામી સચ્ચિદાનંદ માનતા કે "પ્રજાને સામાજિક રીતે વિભક્ત કરનાર પાંચ મુખ્ય ઘટકો છે.

૧) વર્ગ ૨) જાતી ૩) જ્ઞાતિ ૪) ગોળ ૫) કૂળ[૫]

આમ, પાટીદાર સમાજના સામાજિક વિભાજનમાં ગોળ પ્રથા જવાબદાર હતી. પરંતુ અહિએ નોંધવું ઘટે કે "તત્કાલિન સમયમાં જ્ઞાતિ સંસ્થાએ સમાજ સુધારા સંદર્ભે પ્રયત્નો કરેલા હતા એટલે જ અંબાલાલ સાકરલાલ દેસાઈએ ૧૪-૪-૧૯૧૧ ના રોજ છઠ્ઠી બ્રહ્મક્ષત્રિય કોન્ફરન્સમાં **કારણ કે સમાજ પરિવર્તનની "દિશામાં જ્ઞાતિએ કેવળ અવરોધક બળ રૂપે જ નહિં,**

૫. સ્વામી સચ્ચિદાનંદ, અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ , ઈ.સ. ૧૯૮૮, પૃ. ૩૮

પણ રચનાત્મક રીતે મહત્વનો ભાગ ભજવ્યો છે" તે આપણે પ્રસ્તુત અભ્યાસમાં જોઈ શકીએ છીએ." પાટીદાર સમાજની અજ્ઞાનતાનું કારણ કેળવણી ક્ષેત્રે ઉદાસિનતા તથા રૂઢજ્ઞાતિવ્યવસ્થા હતી. જ્ઞાતિમાં અશુભ રિવાજોએ ઘર કર્યું હતું તે દૂર કરવા માટે અને જ્ઞાતિને ઉન્નત માર્ગ પ્રવૃત્ત કરવા જ્ઞાતિના સુધારકો, પરિષદો અને માસિકો દ્વારા સંસાર સુધારાની પ્રવૃત્તિ ચલાવી હતી. પરિષદમાં મહદઅંશે સ્ત્રી સમસ્યા સંદર્ભના પ્રશ્નો વિશેષ હતા. પાટીદાર સમાજ અને મોટા ભાગે સમગ્ર ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, મોભો સમયાન્તરે નિમ્ન કક્ષાનો માનવા આવતો હતો. કન્યાઓને કેળવણીના પ્રતિબંધ તથા બાળલગ્નના કારણે સર્જાતી સામાજિક પરિસ્થિતિ વગેરેનો ભોગ સ્ત્રીઓ થતી હતી. પાટીદાર સમાજમાં સ્ત્રીઓને સ્થૂળ દ્રવ્યોની જેમ વેચવામાં આવતી હતી. બહુ પતિત્વ પ્રથા વગેરે દુષણો જ્ઞાતિમાં પ્રચલિત હતા. પરંતુ વિશેષ દુર્ભાગ્ય પૂર્ણ એ છે કે પરિષદમાં રૂઢિચુસ્ત માનસ ધરાવતા આગેવાનો દ્વારા પરંપરાગત રિવાજોને ટકાવી રાખવાનું સમર્થન કરતા હતા. અને બનતું પણ તેવું જ કે રૂઢિચુસ્તોનો વિજય થતો હતો. (ખરેખર કેટલું દુર્ભાગ્ય)

અત્રે એક બાબત નોંધવી અનિવાર્ય છે કે આ જ સમયગાળામાં "અખિલ ભારતિય કૂર્મી ક્ષત્રિય સમાજ" સમગ્ર ભારતના કૂર્મીઓનું સંગઠન કાર્યરત હતું. તેણે પણ સ્ત્રીઓ, કિસાનોના પ્રશ્ન સંદર્ભે ધ્યાન દોર્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પરિષદોના પ્રમુખ પદે પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, મગનભાઈ રણછોડભાઈ બાર-એટ-લૉ, પટેલ વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ બાર-એટ-લૉ તેમજ સંપતરાવ ગાયકવાડ જેવાઓને પ્રમુખપદ શોભાવવાનો અવસર મળ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ, ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ જેવા સુધારકો આ સંગઠનની કમિટિમાં હતા. કુંવરજી મહેતા (દક્ષિણ ગુજરાતમાં પાટીદાર સમાજના અગ્રણી સુધારક) નગીનભાઈ વ્રજલાલ, તેમજ નારાયણજી મિસ્ત્રી જેવા આગેવાનો તેમાં હાજરી આપતા હતા. રાષ્ટ્રીય કક્ષાએ કૂર્મી સમાજના પ્રશ્નોનું ચિંતન કરવામાં આવતું હતું. તેની અસર કડવા પાટીદાર પરિષદો પર હોય તે સ્વાભાવિક છે. દ્વિતિય વિશિષ્ટ બાબત એ હતી કે "આ સમયગાળામાં જે પાટીદાર પરિષદો ભરાઈ તેમાં કડવા, લેઉવા, આંજણા, મતીયા, કબીરપંથી, શેખ વગેરે જ્ઞાતિના લોકો સંપર્કમાં આવ્યા હતા. તેથી જ પરિષદમાં કડવા, લેઉવાનો ભેદ ન હતો. ગોંડલમાં મળેલ સભામાં મહાત્મા ગાંધીજી હાજર રહ્યા હતા, તો અન્ય એક પરિષદમાં સાહિત્યકાર રણજીતભાઈ વાવાભાઈ મહેતા, ડૉ. સુમનભાઈ પણ હાજર રહ્યા હતા. કડવા પાટીદાર પરિષદોમાં સરદાર વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, દરબાર ગોપાળદાસ, મગનભાઈ, ચતુરભાઈ બોરિસાગર, દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ, તુલસીદાસ પટેલ જેવી મહાન વ્યક્તિઓ લેઉઆ પાટીદાર હોવાં છતાં કડવા પાટીદાર પરિષદનાં પ્રમુખપદ શોભવ્યાં હતા. તેમના મતે જ્ઞાતિ નહીં પરંતુ માનવ ઘડતર એ જ રાષ્ટ્ર ઘડતર હતું.[૬]

---

૬. પટેલ, મંગુભાઈ, પાટીદારોની ગૌરવગાથા, પાટીદાર સંશોધન અને પ્રકાશન કેન્દ્ર અમદાવાદ, ઈ.સ. ૧૯૯૯, પૃ. ૧૧

સમયાન્તરે પરિષદની પ્રવૃત્તિ પર ગાંધીયુગનો પ્રભાવ સ્પષ્ટ પણે પ્રવર્તતો હતો કેમ કે પશ્ચિમી શિક્ષણ (લૉર્ડ મેકોલોની શિક્ષણ પધ્ધત્તિ) અને તેનાં દુ:ષ પરિણામો સંદર્ભે લોક જાગૃતિની પ્રવૃત્તિમાં અને રાષ્ટ્રીય શાળાના શિક્ષણ, મહત્વ સંદર્ભે અનુરોધ કરવામાં આવતો હતો. ઉપરાંત હિંદની તત્કાલિન પરિસ્થિતિ સંદર્ભે જણાવતા કે "હિંદની વધતી જતી ગરીબાઈ અટકાવવાનો ને તેમાંથી મુક્ત થવાનો તેમજ સ્વરાજ્ય મેળવવાનો એકલો અને મુખ્ય ઉપાય "સ્વદેશી વૃત્તિનો હૃદયપૂર્વક અંગીકાર કરવો" તે છે. ને તેથી જેમ બને તેમ તમામ વસ્તુઓ સ્વદેશી વાપરવી તેમજ રેંટીઓ ચલાવવાને દરેક જ્ઞાતિબંધુને પરિષદ આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવતી હતી. ઉપરાંત દેશની આર્થિક લૂંટથી દેશનો હુન્નર ઉદ્યોગ નષ્ટપ્રાય થવાથી આખો દેશ કંગાલ થતો હતો, તેથી દેશના ઉદ્યોગોને આબાદ કરવા દેશમાં બનતી ચીજોને અને ખાસ કરીને શુધ્ધખાદીને ઉત્તેજન આપવાની જરૂર છે. તે સંદર્ભના સૂચનો કરવામાં આવતા હતા.

ઉપરાંત ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ-જેમ કે દારૂબંધી પિકેટીંગ વગેરે સંદર્ભે પ્રજાને જાગૃત કરવામાં આવતી હતી. સમયાન્તરે રાષ્ટ્રીય જાગૃતિમાં વધારો થતાં હિંદમાં 'જવાબદાર રાજતંત્ર' મેળવવા બાબતનું પણ ચિંતન કરવામાં આવતું હતું.

જ્ઞાતિ મુખપત્રોના અધિપતિઓ ગાંધી વિચારથી પ્રભાવિત હતા. જેમ કે "કડવા વિજય"ના તંત્રી પુરુષોત્તમ પરીખ, "ચેતન"ના તંત્રી શ્રી બબાભાઈ રામદાસ પટેલ, "પાટીદાર ઉદય"ના તંત્રી રતનજી શિવજીભાઈ પટેલ, "ધરતી"ના તંત્રી ચંદ્રવદન લશ્કરી વગેરે રાષ્ટ્રીય લડતના અનુયાયી હતા. તેમ છતાં આ સુધારકોની કેટલીક મર્યાદાઓ હતી. સુધારાઓની શરૂઆત "સ્વથી કરો" એ સૂત્રનું પાલન કરતા ન હતા. પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ પ્રતિષ્ઠિત સમાજ સુધારક, બુધ્ધિજીવી હતા. પરંતુ એક પત્ની હયાત હોવાં છતાં અને બાળકો હોવાં છતાં તેમણે બીજી પત્ની કરી હતી. રામચંદ્ર જમનાદાસ અમીને પોતાની દીકરીને ગોળ તોડીને અમદાવાદમાં આવી હતી. સાથે અમદાવાદથી ગોઝારિયાથી જાન આવી તે વરપક્ષને જવા-આવવાનું ભાડું આપી નવી ચાલ પેદા કરી હતી. બીજી બાજુ ગંગારામ જેઠીદાસે પ્રેતભોજન ઉપર અનેક ભાષણો આપ્યાં હતા, પણ પોતાના પિતાના મૃત્યુ પછી પ્રેતભોજન કરાવ્યું હતું. પરંતુ ઉપરોક્ત મહાનુભાવોના સમાજ સુધારાના પ્રયાસોની ટીકા કરવી અયોગ્ય ગણી શકાય.

પરિષદની મહાન સિધ્ધિ એ હતી કે "એક જ તિથિનાં લગ્નો" બાંધ્યા વિવાહનો અંત અને છૂટાં લગ્નની શરૂઆત ગણી શકાય. પરિષદના પ્રયત્નોથી બાળલગ્નને દૂર કરવાની હિલચાલ ગામે-ગામ થવા લાગી હતી. અને છૂટાં લગ્નો થવા લાગ્યા હતા. વડોદરા નિવાસી પુરુષોત્તમદાસે પોતાની પુત્રીને છૂટાં લગ્નમાં પરણાવી, તથા પાર્વતીબેને એક નાથજી સાથે ગુરુકૂલ પધ્ધતિથી લગ્ન કર્યા હતા.૭

---

૭. પટેલ. ઈશ્વરભાઈ, અઢારમી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ, શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝા, ઈ.સ.૧૯૮૩, પૃ. ૫૬

(કડવા વિજય-૨-૧૦-૧૯૨૭). રાંદેરના કે.બી પટેલે પોતાની ભાણેજ દેવી કુંવરબેનનું લગ્ન કરાંચીમાં રહેતા નારણદાસ સાથે કરાવ્યાં હતા. વિરમગામના ગોરધનદાસની પુત્રી બેન ચંદનનાં લગ્ન અમદાવાદના માસ્તર આત્મારામના પુત્ર મિ. શાંતિભાઈ સાથે શાસ્ત્રોક્ત રીતે કરવામાં આવ્યા હતા. આમ સમાજ સુધારકોએ સમાજ સુધારવાનો દાખલો પોતાના ઘરથી જ રજૂ કર્યો હતો.

પરિષદની અન્ય સિધ્ધિમાં જોઈએ તો જ્ઞાતિમાં ઘણા સમયથી પ્રચલિત બાળલગ્ન, મરણ પાછળના ફરજીયાત જમણો, ગોળ પ્રથા, વગેરે જેવા અનિષ્ટ રિવાજો પ્રચલિત હતા. તત્કાલિન સમયમાં તેની વિરુધ્ધ પ્રચાર અને પ્રસાર કરવાનું કાર્ય એક ગુના સમાન ગણાતું હતું. (તેના વિવિધ ઉદાહરણો સાહિત્યમાં નોંધાયા છે.) અને સુધરાને સાથ આપનારની સ્થિતિ કફોડી થતી હતી. તેવા સમયે પરિષદો જ્ઞાતિહિતના કાર્યોનો આરંભ કર્યો અને પ્રચલિત રૂઢિઓ સામે જેહાદ પોકાર્યો હતો.

પરિષદની અસરને કારણે સ્ત્રીશિક્ષણને ઉત્તેજન મળ્યું હતું. છગનભાઈના પ્રયત્નોથી કડીમાં સૌપ્રથમ 'કન્યાકુંજ' (૧૯૩૪) શ્રીમતી શારદાબેન મહેતાના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ભાવનગર કણબીવાડમાં કોમની કન્યાશાળા શરૂ થઈ હતી. આ કોમમાં મહાન સુધારક ડો. પિતાંબર પટેલનાં દીકરી તારાબેન આ કોમના પ્રથમ ગ્રેજ્યુએટ બન્યા અને ગુજરાતની પ્રથમ સ્ત્રી વકિલ બન્યા હતા. અને વસંતબેન વહાલદાસે ઈ.સ. ૧૯૩૦માં પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની બની જેલવાસ ભોગવ્યો હતો. અમદાવાદની પોળોની મહિલાઓએ પણ સ્વાતંત્ર્ય લડતમાં ઝંપલાવ્યું હતું. ન્યાતવરાની સામે તેમજ કુલીનશાહી સામે અમદાવાદની કડવા પોળના રહીશોએ એક મોટા જ્ઞાતિવરા સામે સરદાર પટેલના આશીર્વાદથી ૩જી મે ૧૯૩૧માં પિકેટીંગ કર્યું હતું. ૧૦૫ ભાઈ-બહેનોએ ઉપવાસ આદર્યા, જેમાં ૩૬ બહેનો હતી. આના મૂળમાં પરિષદનો પ્રભાવ અને તેમાં પણ રાષ્ટ્રીય જાગૃતિનો ફાળો વિશેષ ઉલ્લેખનીય ગણી શકાય. **અતિ અગત્યનું પરિણામ એ હતું કે કડવા પાટીદાર સ્ત્રી મંડળે ફટાણાની જગ્યાએ સંસ્કારી ગીતો, ભજનો ગાવાનો નવો ચીલો શરૂ કર્યો અને સમયાન્તરે ફટાણાંમાં રહેલ અવિવેકી શબ્દોનું પ્રમાણ ઘટતું ગયું હતું.**

પરિષદ દ્વારા ગુજરાતના કૃષિકાર વર્ગને આધુનિક કૃષિના જ્ઞાનથી પરિચિત કરવાના પ્રયત્નો કર્યા હતા, તથા નૂતન ટેકનોલોજી, બિયારણ, સિંચાઈના આધુનિક સાધનો વગેરે મહદઅંશે ઉપયોગ કરી ઉત્પાદન કેવી રીતે વધારવું તે સંદર્ભે સૂચનો કરવામાં આવ્યાં હતા. ખેડુતોમાં કેળવણીના અભાવને કારણે શાહુકારો તેમનું ખૂબ જ શોષણ કરતા હતા. તેમાંથી આઝાદ થવા ખેડુતોને પણ કેળવણી, અક્ષરજ્ઞાન અને ગણિતના જ્ઞાનથી વાકેફ રહેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત બ્રિટિશ સરકારની મહેસૂલી પધ્ધત્તિના અન્યાયથી ધોરણો સામે સમયાન્તરે ઉપસ્થિત થતા પ્રસંગોએ (ખેડા સત્યાગ્રહ- બારડોલી સત્યાગ્રહ) વિરોધ દર્શાવી ખેડુતોની વાસ્તવિક સ્થિતિ ના. ગાયકવાડ સરકાર અને બ્રિટિશ સરકારને વાકેફ કરતા હતા. કૃષિ ઉન્નત્તિ માટે પશ્ચિમના દેશોની કૃષિ પધ્ધત્તિનો અભ્યાસ કરવા, ખેતીવાડી સ્કૂલ શરૂ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સરકારને જણાવ્યું કે રાજ્યની આવકનો મુખ્ય આધાર-મહેસૂલ છે. એટલે જ ખેડુતોના પ્રશ્નોનું સમાધાન કરવું રાજ્યની એક ફરજ છે તે સંદર્ભે સૂચનો પરિષદ દ્વારા કરવામાં આવતા હતા.

 અભ્યાસ દ્વારા જાણી શકાય છે કે પરિષદોને જ્ઞાતિમુખપત્રોનો ટેકો ન મળ્યો હોત તો સુધારકો નિશ્ચિત પરિણામ લાવી શક્યા ન હોત. "કડવા વિજય" એ એક તિથિના લગ્ન, બાળલગ્ન, અને સ્ત્રી શિક્ષણનો પ્રશ્ન રજૂ કર્યો તો, "ચેતન" એ કુલીનશાહી, કારજ અને વરા, છૂટાછેડા અને છૂટક લગ્નોનો પ્રશ્ન પ્રચારિત કર્યો, જ્યારે ટૂંકા આયુષ્યવાળા "પટેલ" એ "શેકાતા તવા ઉપર" જેવા શીર્ષક સાથે અમદાવાદના રૂઢિચુસ્તો ઉપર પ્રહારો કર્યા હતા. "નવ ગુજરાત" દ્વારા સરકારની અન્યાયી પ્રવૃત્તિ સામે રજૂઆત કરવામાં આવતી હતી. રેલસંકટ સમયે ખેડૂતોના પ્રશ્નોને વાચા આવી હતી. જો કે સરકાર તેના ઉપર પ્રતિબંધ મુકવાની વિચારણામાં હતી. તત્કાલીન સમયમાં ગુજરાતમાં વાણી સ્વાતંત્ર્ય રજૂ કરનાર (ખરેખર) અઠવાડિક હોય તો તે "નવ ગુજરાત" હતું.

સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ તબક્કામાં પરિષદને જાગૃત કરવાનું કાર્ય "ધરતી" માસિકએ કર્યું હતું. વર્તમાન સમયમાં પણ લગ્નના ખર્ચાઓ ઓછા કરી શકાય તે માટે સમુહલગ્નોની પ્રથા શરૂ કરી છે. "ધરતી" માસિકે સમગ્ર ગુજરાતમાં સમુહલગ્નોની પ્રથાને વેગીલી બનાવી છે. શ્રી પિતાંબર પટેલ મુંબઈથી "કિરણ" માસિક પ્રકાશિત કરતા તે પાછળથી "ધરતી" સાથે જોડાઈ ગયું હતું.

પરિષદની અસરના કારણે ગુજરાતનાં વિવિધ પ્રદેશોમાં કેળવણીની સંસ્થાઓ શરૂ કરવામાં આવી હતી. સ્વ. શ્રી ગોપાલદાસ મોહનદાસ ગાંધી અને શ્રી ધરમચંદ શિવલાલ ચોક્સી તેમજ સહકાર્યકરોનો સાથ લઈ અમદાવાદ ખાતે "ઉત્તર ગુજરાત પાટીદાર મંડળ"ની આસરવા, પ્રભુનગર ખાતે ઈ.સ. ૧૯૪૬માં સ્થાપના કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રમાં ઠાકરસી મુળજીભાઈ (ઉપલેટા) અને અન્ય મહાનુભાવો દ્વારા સમાજ સુધારાની શરૂઆત કરી હતી. જેની વિગતે ચર્ચા 'પ્રકરણ-૫'માં કરેલ છે. વલ્લભ વિદ્યાર્થી આશ્રમ, પાટીદાર વિદ્યાર્થી આશ્રમ દ્વારા કુંવરજીભાઈ અને કલ્યાણજીભાઈ મહેતાએ રાષ્ટ્રીય જાગૃતિ સાથે સામાજિક સુધારાના પ્રયાસો કર્યા હતા.૮

પરિષદનું દુરોગામી પરિણામ-યુગ પ્રવર્તક ઘટના 'અઢારમી શતાબ્દી મહોત્સવ' હતું જેથી પાટીદાર સમાજમાં એકતાનો નૂતન સંચાર થયો હતો, અને જે વર્ગ શિક્ષણ, વેપાર વગેરેમાં નિમ્ન કક્ષા એ હતો તે સમય સાથે કદમ મિલાવી નવીન સાહસ કરતો થયો હતો. મારી દ્રષ્ટિએ પરિષદની અસરો મુખ્યત્વે નીચે પ્રમાણે છે.


૧) કન્યા કેળવણીનો વિકાસ ૨) કૃષિક્ષેત્રે નૂતન અભિગમ ૩) સામાજિક દુષણોમાં પરિવર્તન ૪) વેપાર ઉદ્યોગની શરૂઆત ૫) વિવિધ વિદ્યાકિય તથા સામાજિક-ધાર્મિક સંકુલની રચના કડવા પાટીદાર સમાજના ઉથ્થાનમાં પરિષદોનું પ્રદાન અમુલ્ય, અદ્વિતિય હતું.

તેથી જ સમાજ પ્રત્યેનો ભાવ (social feeling) પણ ખેતીમાંથી જ આવી. અને કૃષિ સંસ્કૃતિ (Agricultural) માંથી સંસ્કૃતિ (culure) નિર્માણ પામી હતી.

---

૮. પટેલ. મંગુભાઈ, પાટીદારોની ગૌરવગાથા, પાટીદાર સંશોધન અને પ્રકાશન કેન્દ્ર અમદાવાદ, ૧૯૯૯, પૃ. ૫૩

નકશો



1) વીરમગામ
2) વડોદરા
3) બાવળા (અમદાવાદ)
4) વીરમગામ
5) ધ્રાંગધ્રા
6) પાદરા
7) શેરથા(કડી પ્રાંત)
8) મુંબઈ
9) મોખાસણ (તા. કલોલ
10) કડી
11) સોનાસણ (પ્રાંતિજ)
12) ડરણ (કડી તાલુકો)
13) સાણંદ
14) પાટડી (સુરેન્દ્રનગર)
15) ઊંઝા

ફોટોગ્રાફ્સ

પરિશિષ્ટ: ૪

સરકાર એડવર્ડ લાઈટ જેન્કોન્સ સાહેબ એસ્કવાયર એક્ટિંગ મેજિસ્ટ્રેટ, જિલ્લે અમદાવાદના આ ઉપરથી કડવા કણબીની નાતના સર્વે લોકોને જાહેર ખબર આપે છે કે – તમારી નાતમાં વિવાહ કરવાનો એવો રિવાજ છે કે મોજે પાટણ પરગણાના ઊંઝા ગામમાં તમારી કુળદેવી છે તેમની પાસે દશ-અગિયાર વર્ષે વિવાહ કરવાની રજા લેવા ચિઠ્ઠીઓ નાખો છો ત્યારે રજા આવે તે વર્ષમાં વિવાહ કરવાનું થાય છે. આ ચિઠ્ઠીઓ દશ વર્ષની અંદર નાખતા નથી, માટે એક મહિનાથી છોકરીથી તે અગિયાર વર્ષની હોય ત્યાં સુધી તમામ છોકરીઓને પરણાવી દેવી પડે છે, અને વિવાહની ફસલ હાલ નજીક આવી છે. સને ૧૮૪૮ની સાલમાં મેજિસ્ટ્રેટ આજમ ફૉસેટ સાહેબના વખતમાં તમોએ લખાણ કરી આપ્યું છે જે ઉપરથી ઠરાવ થયેલો તે કાગળો તપાસતાં માલૂમ પડ્યું જે – "સંવત ૧૯૦૧-૦ ની સાલમાં તમારી નાતનું વસ્તીપત્રક કર્યું તે વખતે કૂલ મરદ ૩,૨૯,૬૦૧ છે અને ઓરતો, ૨,૬૨,૪૦૮ છે, તેથી મરદ કરતાં ઓરતો ૬૭,૧૯૩ કમી થાય છે. આ બે સાલમાં નવી પેદાશ તરીકે ૧૦૦ મરદે ૭૯ દીકરીઓ માલૂમ પડે છે, જેથી સેંકડે ૨૧ ટકા જેટલી દીકરીઓ ઓછી જણાય છે. આ ઉપરથી મુકરર અંદેશો રહે છે કે મરદ અને ઓરતોનો એટલો મોટો તફાવત જોઈએ નહીં, પણ ખ્યાલમાં આવે છે જે છોકરીઓની જોઈએ તેવી સંભાળ રાકી તેમને ઉછેરતા નથી- બચાવતા નથી માટે પેદાશ કમી જણાય છે." ઉપર મુજબ તપાસ કરતાં માલૂમ પડ્યું છે, માટે આ જાહેરનામું કાઢી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે તમોએ સને ૧૮૪૮ની સાલમાં જે કરાર લખી આપ્યો છે તે ઠરાવ હાલ પ્રસિધ્ધ કરી જે મુજબ ચાલવાને માટે તમને ફરમાવવામાં આવે છે. તેની વિગત નીચે પ્રમાણે છે.

૧. વરનો ચાંલ્લો રૂ. ૧ થી રૂ. ૨૦૦ સુધી પોતપોતાના કદ પ્રમાણે કન્યાનો બાપ આપે અને વરનો બાપ લે, તે ઉપરાંત કાંઈ લે નહિ. ચાંલ્લાના દર સેંકડે ૭ ટકા પ્રમાણે મહીમાટલાના રૂપિયા કન્યાનો બાપ રોકડ આપે અગર મહીમાટલું આપે.
૨. વર પરણવા આવે ત્યારે નાળિયેરના પૈસા આપે તેનાં જાનવાળાને નાળિયેર આપે, પણ પહેરામણીના દર સેંકડે ૫ રૂપિયાથી વધારે લેવા નહીં.
૩. ચોરીમાં પરણવા બેસે ત્યારે કન્યાદાનમાં વરને ચાંલ્લો કરી સોનાના દાન તરીકે દર સેંકડે રૂ. ૫ મુજબ કન્યાનો બાપ આપે અને તે જ પ્રમાણે વરનો બાપ કન્યાને ચાંલ્લો કરી ઓઢણીના આપે.
૪. શહેરની કન્યાનો બાપ તેને સાસરે મોકલે ત્યારે પગેપયણાના રૂ. ૧ થી રૂ. ૭ અને ગામડાની કન્યાનો બાપ ગમે તે આપે. પણ વરના બાપે રૂ. ૭ ઉપરાંત હક્ક કરીને લેવું નહીં.

૫. પરણેલી કન્યાની ઉંમર ૩૦ વર્ષની થાય ત્યાં સુધી તેના ધણીએ બીજી ઓરત કરવી નહિં. ત્રીશ વર્ષની અંદર સ્ત્રી લૂલી, લંગડી હોવાનું પાકું કારણ જણાય તો નાતના જે આગેવાનોનો નાતનો વહીવટ કરતા હોય તેમનું સર્ટિફિકેટ લઈને બીજી ઓરત લાવવી. કદાચ ત્રીશ વર્ષ ઉપરાંતની ઓરતને ફરજંદ ન થાય તો તેને દુ:ખ નહીં દેતાં નીચે મુજબ પાળવી :

૧. કોઈ આદમી બીજી ઓરત લાવે ત્યારે પ્રથમની કન્યાના બાપે જે ચાંલ્લો ભર્યો હોય તેટલી કિંમતનું જરીમાન (દાગીના) આપે. તે સિવાય તેને ધાન-લૂગડાંનાં દર વર્ષે રૂ. ૩૨ પ્રમાણે આપે. આ પ્રમાણે કન્યા ધણીના કબજે રહે ત્યારે આપવું અને તે ગુજરી જાય ત્યારે તેના જરીઆન (દાગીના) ઉપર તેના ધણીનો વારસો છે. બીજી ઓરત લાવે ત્યારે પ્રથમની ઓરતને નાતરે જવાની મરજી હોય તો જરીઆન ઘરાણું આપવું નહિં, પણ ધણીની મરજી હોય અને ઓરત નાતરે જાય ત્યારે પ્રથમનો ચાંલ્લો લઈને જાય અને ધણી રજા ન આપે તો ઉપર મુજબ ઘરાણું તથા ધાનલૂગડાં લઈને ધણીના કબજામાં રહે.

૨. કોઈ કન્યાના બાપે પરણાવતી વખતે ચાંલ્લો આપ્યો ન હોય તેવી કન્યા ઉપર તેનો ધણી બીજી કન્યા પરણે કે નાતરાની લાવે તો પ્રથમની કન્યાને તેનો ધણી રૂ. ૧૦૦ જરીઆનના કરીને આપે તથા ઉપર મુજબ ધાનલૂગડાં આપે.

સદરહુ કરાર તમારી નાતના મુખ્ય લોકોએ લખી આપ્યો છે, તે મુજબ તમારી નાતના સર્વે લોકોએ ચાલવું જોઈએ કે જેથી ખરાબ રિવાજો એકદમ બંધ થઈ જાય, લોકો આરામથી રહે અને છોકરીઓ ઉછેરવાની સઘળા કાળજી રાખે. ઉપર મુજબ પહેરામણી વગેરે જે લખ્યું છે તે કરતાં ઓછું આપવા-લેવાને તમો મુખત્યાર છો, પરંતુ વધારે લઈ શકાશે નહીં. આ જાહેરનામામાં લખ્યા મુજબ ન ચાલતાં ઉપરના કરારથી કોઈ જાસ્તી કરશે તો તેને સને ૧૮૨૭ના કાયદા ૧૪ માની કલમ ૧ની પેટાકલમ ૭ મુજબ ગુનેગાર ગણીને સજા કરવામાં આવશે.

તા. ૩૦મી ઑક્ટોમ્બર સને ૧૮૫૦

રજૂ – હરસદરાય મહેતાબરાય

ચીટનીસ સાહેબની અંગ્રેજી સહી

પરીખ પુ. લ. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ.

પરિશિષ્ટ: ૫

કઈડવા કણબીની નાતમાં દીકરીઓના સંમરક્ષણ સારૂ નિયમ.

નાતનો જ.રે શામુદાય પાટડી મુકામે શંવત ૧૯૨૫ ના માહા વદ ૫ વાર ગામે તા૦ ૧ લી ફેબરુઆરી શને ૧૮૬૯ ને રોજ ભેગો થઈ ઠરાવ કર્યો તે,

પાટડીના દરબારશ્રી જોરાવરશંઘજી

કુમેરશંઘજીએ,

અમદાવાદમાં,

શમશેર બાહાદુર છાપખાનામાં

છપાવ્યો.

શવંત ૧૯૨૫.

કડવા કણબીની જ્ઞાતિમાં દીકરીઓના સંરક્ષણ સારુ નિયમ દરબારશ્રીનું ભાષણ

અમે પાટડી દરબારશ્રી જોરાવરસિંહજી કુબેરસિંહજી આપણી મોટી જ્ઞાતિના સર્વે ભાઈઓની રજા માગી, નમ્રતાથી જ્ઞાતિ સમસ્ત પ્રત્યે ભાષણ કરીએ છીએ જે, પાટડીના સ્વ. દરબારશ્રી જોરાવરસિંહજીને ત્યાં સમસ્ત કડવા પાટીદારો એકઠા થયા ત્યારે થયેલા કામકાજની બે ચોપડીઓ છપાઈ છે. એકમાં ના. દરબારશ્રીનું ભાષણ અને અમદાવાદ તરફની જ્ઞાતિએ કરેલા ઠરાવો, જ્યારે બીજીમાં કાઠીઆવાડના કડવા પાટીદારોને જ્ઞાતિ સમસ્ત કરેલા ઠરાવો છાપવામાં આવ્યા છે. આ બંને ચોપડીઓ અમદાવાદના 'શેરશેર બહાદુર' છાપખાનામાં સંવત ૧૯૨૫માં છપાઈ છે, જે બન્ને ચોપડીઓ ગ્રામભાષા સુધારીને તથા અર્થસૂચક શબ્દો કૌંસમાં આપીને આ સ્થળે છાપવામાં આવી છે.

આપણી ગંગાસ્વરૂપ જ્ઞાતિને તેડાવી તેનાં દર્શન કરવાનો ઘણા દિવસથી અમારો મનોરથ હતો; આજરોજ આપ સર્વે અમારે ઘેર પધારી કૃપા કરી દર્શન આપ્યાં તેથી અમો પાવન થયાં છીએ. આપ સઘળાને હું વિનંતી કરું છું કે-

(૧) આપણે સર્વ ભાઈઓ એકસરખી પદવીના છીએ, નાના-મોટા કોઈ નથી, છતાં ઊંચા-નીચા કહેવામાં (ગણવામાં) આવે છે, તેથી દીકરીઓનું સંરક્ષણ થતું નથી. આ ભારે ખરાબી થવાનાં કારણો મારી સમજ પ્રમાણે જાહેર કરું છું, તે વિષે સર્વે ભાઈઓને ધ્યાન આપી ખરાબી થતી બંધ કરવા ઈલાજ કરવા જોઈએ અને ઊંચા-નીચાપણું કાઢી નાખી સર્વેએ એકસરખી રીતે વર્તવું જોઈએ.

(૨) આપણી જ્ઞાતિમાં ગોળ બાંધીને માથા સાટે માથું – કન્યા દેવી એ ઘણું અઘટિત છે, તે બંધ કરી આપણા વડીલોના પરંપરાના રિવાજ પ્રમાણે ચાલવું જોઈએ.

(૩) આપણી જ્ઞાતિમાં કેટલેક ઠેકાણે કન્યાના પૈસા લે છે એવું સંભળાય છે, તે મોટો અધર્મ છે; જેથી એ ચાલ કાઢી નાખવો જોઈએ.

(૪) આપણી જ્ઞાતિમાં વગર કારણોએ કન્યા છંડિ છે (તજી દે છે- છૂટકો આપે છે), જેથી ઘણાં માઠાં પરિણામ નીપજે છે; માટે તે ચાલા બંધ કરવો જોઈએ.

(૫) આપણી જ્ઞાતિમાં નાતરું કરવાનો ચાલ છે તે પ્રથમથી ચાલતો આવ્યો છે; પરંતુ હાલમાં (કન્યાના) બિન અપરાધે – ધર્મશાસ્ત્રનું ઉલ્લંઘન કરી નાતરું કરે છે તે ખરાબીનું મૂળ છે. તેનો સુધારો થવો જોઈએ. પચીશ વર્ષની સ્ત્રી થયા છતાં ફરજંદ ન થતું હોય, કિંવા રોગાદિ કારણોને લીધે ગૃહસ્થાશ્રમ ચલાવવાને અશક્ત હોય વગેરે પાકાં કારણ વિના છાંડીને નાતરું કરવું ન જોઈએ; કારણસર કરવું પડે તો તે બાઈની ખોરાકી-પોશાકીનો બંદોબસ્ત કરી. જિલ્લાની જ્ઞાતિના મુખ્ય માણસોની અનુમતિ લઈને જ તેમ કરવું જોઈએ.

(૬) આપણી જ્ઞાતિમાં કેટલેક ઠેકાણે ચાંલ્લો લેવાય છે. વધતો-ઓછો ચાંલ્લો લેવાથી જ્ઞાતિમાં ઊંચાનીંચાપણું થઈ પડ્યું છે, તે દૂર કરી એકસરખો જ વહીવટ ચલાવવા માટે ચાંલ્લા આપવા-લેવાનો એક જ નિયમ થવો જોઈએ.

(૭) આપણી જ્ઞાતિમાં વેવાઈવેવાણ તેડીને કે તેનાં સગાંવહાલાંને જોઈને, રૂપિયા આપવાનો જે ચાલ ફેલાઈ ગયો છે તેમાં અનેક પ્રકારના વાંધા આવે છે. કન્યાને, વળાવવા અને તેડવામાં (બાપને ઘેર આવવામાં) નડતરો થાય છે – ખરાબી થાય છે. તેનો નિયમ થવો જોઈએ.

(૮) આપણી જ્ઞાતિમાં સગાઈ કરી (કન્યાનો બાપ) રૂપિયો તથા સાત સોપારી આપે છે, પણ વગર કારણોએ (વરનો બાપ) તે સગાઈ તોડે છે; તેમ ન થાય તેવો બંદોબસ્ત થવો જોઈએ.

(૯) આપણી જ્ઞાતિમાં (જેની સાથે) લગ્ન અથવા નાતરું થાય તે કન્યા અથવા વર આપણી નાતના છે એવી તે ઠેકાણાની જ્ઞાતિના મુખ્ય માણસો દ્વારા ખાતરી કર્યા સિવાય ન થવું જોઈએ.

(૧૦) આપણી જ્ઞાતિમાં કેટલેક ઠેકાણે (કન્યાને) ફૂલના દડે પરણાવવાનો તથા બાહ્યવર કરી કન્યા કુંવારી રાખવાનો રિવાજ છે. તે ખરાબ ચાલ બંધ થવો જોઈએ.

(૧૧) સર્વે લોકોએ પોતાના કલ્યાણને માટે આપણી કુળદેવી ઉમિયા માતા છે તેની પ્રાર્થના કરવા માટે નક્કી દિવસ ઠરાવવો જોઈએ અને દર વર્ષે માતાની ઉજાણી કરવાનું નક્કી થવું જોઈએ. દેવીની પૂજા વગેરે કર્ચ માટે ઊપજ થાય તેવો બંદોબસ્ત કરવો જોઈએ. મારા ધારવા પ્રમાણે મહા સુદ ૫ના દિવસે દર વર્ષે ઉજાણી થાય અને તે દિવસે ખેતી વગેરે કામ નહીં કરતાં બળદને ધૂંસરી મૂકવી નહીં, તે બાબત વિચાર કરવો, એવી મારી ઈચ્છા છે.

ઉપર પ્રમાણેની મારી વિનંતી પ્રત્યે સર્વે ભાઈઓ ધ્યાન આપશો તો હું આપનો મોટો ઉપકાર માનીશ.

કડવા કણબીની જ્ઞાતિનો ધારો :

કડવા કણબીની જ્ઞાતિનો સમુદાય મોટો હોવા છતાં કન્યાઓની ભારે ખોટ થઈ પડી છે. પ્રથમ સને ૧૮૪૮ ની સાલમાં અમદાવાદ જિલ્લાના મેજિસ્ટ્રેટ આજમ ફ્રોસેટ સાહેબે ધારો બાંધી સરકારની મંજૂરી સાથે તા. ૭મી નવેમ્બર સને ૧૮૫૦ના રોજ જાહેરનામાં કાઢેલાં તે પ્રમાણે કોઈ લોક ચાલ્યા નહીં, તેથી પાટડીના દરબારશ્રી જોરાવરસિંહજી કુબેરસિંહજી સંવત ૧૯૨૫ના મહા વદ ૫ ના રોજ આપણી જ્ઞાતિનો મેળાવડો કરી ભાષણ કર્યું, જે ઉપરથી સર્વે માણસોએ કબૂલ થઈ નીચે લખ્યા પ્રમાણે સુધારા કરવાનું નક્કી ઠરાવ્યું છે :

૧. જ્ઞાતિના લોકોએ ગોળ બાંધી પોતાના જ ગોળમાં કન્યાઓ દેવા-લેવાનો રિવાજ કર્યો છે તે આજથી તોડી નાખ્યો છે; માટે પોતપોતાની ખુશી પ્રમાણે કન્યાઓ લેવી- દેવી; તેમાં કોઈ માણસે હરકત-ઈજા કરવી-કરાવવી નહીં.

૨. કોઈ માણસે માથા સાટે માથું એટલે સાટાંપેટાં તથા ત્રેખડાં કરવા, નહીં કન્યાનો બાહ્યવર કરવો નહીં અથવા ૪૫ દિવસની વયની દિકરી કુંવારી રાખવી નહીં; અને નીચે લખેલા કારણ સિવાય કોઈ કન્યાને ફૂલના દડે પરણાવવી નહીં.

૧. કોઈ દીકરી લૂલી, લંગડી હોય અથવા બીજી એવી મુખ્ય હરકતને લઈને પરણાવી શકાય તેમ ન હોય તો જે ઠેકાણાના માણસોની રજા લઈને (તેવી) દીકરીની લગ્નક્રિયા ફૂલના દડે કરવાની પરવાનગી છે.
૨. કોઈ દીકરી-દીકરો ૪૫ દિવસની અંદરની ઉંમરનાં હોય, તેમને નહીં પરણાવવાથી આપણા શાસનની હરકત આવશે નહીં.

૩. કોઈ માણસે કન્યાવિક્રય કરવો નહીં – કન્યા દેવાના પૈસા લેવા નહીં યા કોઈ કીમતી વસ્તુ પણ લેવી નહિં.

૪. કોઈ પરણેતર કે નાતરાની કન્યાને પાકા કારણ સિવાય તજવી નહીં – છાંડવી નહિં; ફારગતી આપી બીજે ઠામ બેસવા જવાની પરવાનગી આપવી નહિ. પણ એવું ઠરાવવામાં આવે છે કે, નીચે લખેલાં કારણોસર કોઈએ બીજી સત્રી કરવી પડે તો પ્રથમની સ્ત્રી સ્વર્ધમે વર્તે ત્યાં લગી તેને ધાનલૂગડાં આપવાં, એટલે ક્રિમિનલ પ્રોસિજરના બાબ ૨૧ની હરકત દૂર થશે.

૧. કોઈ સ્ત્રી ૨૫ વર્ષની થવા છતાં તેને ફરજંદ નહીં થતું હોય તો તે સ્ત્રીના પતિને બીજી સ્ત્રી કરવાની છૂટ છે.
૨. કોઈ સ્ત્રી લૂલી, લંગડી, આંધળી વગેરે હરકતવાળાં કારણોવાળી હોય તો ત્યાંના મુખ્ય માણસોની અનુમતિથી ૨૫ વર્ષની અંદર પણ તે સ્ત્રીના પતિને બીજી સ્ત્રી કરવાની છૂટ છે. વિધવા સ્ત્રીને નાતરું કરવાઅની છૂટ છે.

૫. કોઈ માણસે સચૂડી-સ્ત્રીનો ખાવિંદ હયાત હોય તેવી સ્ત્રી રાખવી નહિં; કે જેથી પિનલકોડના બાબ ૨૦ માની હરકત આવે નહિં.

૬. લગ્ન અથવા નાતરુંઅ કરતી વખતે, વર અથવા વહુ આપણી જ્ઞાતિનાં છે તેની સંપૂર્ણ ખાતરી કરવી; કેમ કે તેથી પિનલકોડની હરકત દૂર થવા ઉપરાંત શાસ્ત્રની મર્યાદા બરાબર રહેશે.

૭. સગાઈ કરતી વખતે (કન્યા તરફથી) રૂ. ૧ તથા ૭ સોપારી કરતાં વધારે કાંઈ આપવું નહીં, તેમ લેવું પણ નહીં; અને નીચે લખેલાં કારણો સિવાય સગાઈ તોડવી નહીં :
૧. સગાઈ થયેલી દિકરી અથવા દીકરો લૂલાં, લંગડાં કે આંધળાં થાય તો તે ઠેકાણાના મુખ્ય માણસો રજા આપે તો સગાઈ તોડવાની હરકત નથી.

૮. કોઈ પુરુષ ગૃહસ્થાશ્રમ ચલાવવાને અશક્ય હોય તો તેની સ્ત્રીએ તે ઠેકાણાના મુખ્ય માણસોની અનુમતિ પ્રમાણે વર્તવું.

૯. જ્ઞાતિમાં વરના ચાંલ્લા સંબંધી સને ૧૮૪૮માં નક્કી થયું છે તે આધારે એક જ ઠરાવ કરવામાં આવે છે, જેથી ઊંચા-નીચાપણાની શંકાઓ દૂર થશે.

૧. લગ્નનો ચાંલ્લો રૂ. ૧ થી રૂ. ૧૯૯ સુધી કન્યા તરફથી વર તરફ આપવો અને તે મુજબ વરવાળાઓએ લેવો અને તેમાં તકરાર કરવી નહીં. સગાઈ કર્યા પછીથી તે લગ્ન થતાં સુધી કન્યાનાં સાસુ-સસરા વગેરેને માટલી વગેરે જે જે આપવાં પડે તે ચાંલ્લાની કરેલી રકમ પૈકીનાં જ જાણવાં; તે સિવાય જાસ્તી લેવું-દેવું નહીં.

૨. લગ્ન વખતે વરઘોડામાં નાળિયેર બાબત જે અપાતું હોય તે ઠેકાણે રૂ. ૧ થી રૂ. ૧૦ સુધી કન્યાના બાપે આપવા; પણ એવું ઠરાવ્યું છે કે, જે ઠેકાણે તે ચાલ નથે ત્યાં કાંઈ આપવું નહિ. રૂ. ૧૦ની અંદર જે ઠેકાણે ઓછી રકમ અપાતી હોય ત્યાં તેટલી (ઓછી) આપવી. ઓછી રકમવાળાનો રૂ. ૧૦ સુધી હક્ક છે એમ આ કલમ ઉપરથી સમજવું નહીં.

૩. લગ્નનું મોસાળું કરવાનો જે ઠેકાણે રિવાજ હોય તે ઠેકાણે રૂ. ૧ થી રૂ. ૧૦ સુધીનું કરવું, ઉપરાંત રકમનું માગવાનો કોઈનો હક્ક નથી. જે ઠેકાણે આ ચાલ નથી ત્યાં આ કલમથી ચાલ થયો એમ સમજવું નહીં.

૪. લગ્ન વખતે છેડો-પકડામણ રૂ. ૧ થી રૂ. ૧૦ સુધી આપવા, તે કરતાં વધારે લેવાનો વરનો હક્ક નથી; પણ એવું ઠરાવ્યું છે કે, જે ઠેકાણેથી ઉપરની રકમ કરતાં ઓછી રકમ લેવાનો ચાલ હોય ત્યાં તેટલી ઓછી લેવી. જ્યાં બિલકુલ ચાલ ન હોય ત્યાં આ કલમથી ચાલ થયો સમજવો નહીં. જ્યાં વર તરફથી કન્યાને ઓઢણી આપવાનો ચાલ છે તે ઠેકાણે જેટલી રકમ આ કલમ પ્રમાણે વર તરફ લીધેલી હશે તેટલી જ કન્યા તરફ આપવી.

૫. મહીમાટલાના ચાંલ્લાના દર સેંકડે ૫ ટકા પ્રમાણે કન્યાના બાપે આપવા.

૬. પુરતના કરીને વરને વિદાયગીરીના રૂ. ૧ થીપ સુધી કન્યાનો બાપ આપે.

૭. પગેપયણાના રૂ. ૧ થી ૭ સુધી કન્યા તરફથી વરમાળાને આપવા; પણ જે ઠેકાણે તે આપવાનો ચાલ નથી ત્યાં આપવા નહીં. વળી, જે ઠેકાણે તે કરતાં ઓછી રકમ લેવાનો ચાલ હોય ત્યાં તે પ્રમાણે ઓછી રકમ લેવી.

૮. કન્યાને સીમંત (બાળક) થયા પછી તે સાસરે જાય ત્યારે ઝીઆણાના આણે રૂ. ૧ થી રૂ. ૧૧ સુધીની રકમનાં લૂગડાં વગેરે કરી વિદાય કરવી. તે બાબત જાસ્તી માગવાનો વરવાળાનો હક્ક નથી.

૯. કોઈ સ્ત્રીને સાસરે વળાવ્યા પછી તે મરણ પામે ત્યારે તેને કાંઈ ફરજંદ ન હોય તો (તેના બાપે કરેલાં) તેનું ઘરાણું તથા લૂગડાં તે સ્ત્રીના બાપને આપવાં.

૧૦. આપણી જ્ઞાતિમાં દરેક ઠેકાણે મુખ્ય આગેવાનો ઠરાવી તેમનાં નામોની યાદી દેસાઈશ્રીને મોકલી આપવી, એટલે તેઓ મંજૂર કરશે, જ્યારે કોઈ પટેઅલનું નામ

ફેરવવાની જરૂર પડે ત્યારે પણ દેસાઈશ્રીની મંજૂરી લઈને તે ફેરવવું.

૧૧. જે માણસો આ ઠરાવોથી વિરુધ્ધ વર્તણૂક ચલાવે તે દરેક માણસને પાંચ વર્ષ સુધી નાત બહાર મૂકવા અથવા પંચની નજરમાં આવે તે ગુનેગારી લેવી; અથવા ગમે તે ઠરાવ કરવા અને મુખ્ય પટેલીઆઓ મુખત્યાર છે, પણ તે ઉપર કોઈ નારાજ થઈને દરબારશ્રીને અરજ કરશે તો તેમાં કમી-જાસ્તી કરવાને કે તે રદ કરવાને દરબારશ્રીને અધિકાર છે. આ બાબત દંડની જે જે રકમો લેણી થાય તે વસૂલ કરવા દરેક ઠેકાણાના આગેવાનો તથા પાટડીના દરબારશ્રીનો, સરકારમાં ફરિયાદ કરીને અગર હરેક રીતે વસૂલ કરવાનો હક્ક છે.

૧૨. તમામ આગેવાનોએ કલમ પ્રમાણે રકમો વસૂલ કરી તેનો ચોથો હિસ્સો ઉમિયાજીના મંદિરમાં ધર્માદા વગેરેમાં વાપરવા માટે પાટડી દરબારશ્રી તરફ મોકલી આપવો. બાકીના રૂપિયા આગેવાનોએ નાતના સુધારામાં વાપરવા; પણ તેનો બરાબર હિસાબ રાખવો.

૧૩. આ ઠરાવ પ્રમાણે દરેક ઠેકાણાના મુખ્ય પટેલોએ કરેલા ઠરાવ ઉપર તકરાર પડ્યેથી અગર બીજો હરેક કારણથી પાટડીના દરબારશ્રી ફેંસલો કરશે તે છેવટનો સમજી તે ઉપર કોઈની તકરાર ચાલશે નહીં.

૧૪. જ્ઞાતિના સુધારાર્થે આ ઠરાવો સરકારમાં નોંધાવી તે સંબંધી જે મદદ લેવાની જરૂર હોય તે લઈ પાટડી દરબારશ્રી બંદોબસ્ત કરે તથા હવે પછી નાતના સુધારા માટે જે કરવું વાજબી જણાય તે ઠરાવો વધારવા કે કમી કરવાને પાટડી દરવારશ્રીને સ્વતંત્ર પરવાનગી આપીએ છીએ; અને જે પ્રમાણે પાટડી દરબારશ્રી કરશે તે અમો કબૂલ કરી તેમનો આભાર માનીશું.

૧૫. મહા વદ વાર ગરેઉ (ગુરુ) ના દિવસે જ્ઞાતિ ભાઈઓની મુલાકાત લઈ પાટડી દરબારશ્રીએ તમામ ભાઈપને સુધારાની ઈચ્છા જણાવી છે તેનો સહી સાથે સ્ટેમ્પના કાગળ ઉપર દસ્તાવેજ કરી આપ્યો છે, માટે તે દિવસે માતાજીની ઉજાણી કરવી અને ખુશમાં રહેવું, ખેતી વગેરે કામકાજ નહીં કરતાં ઈશ્વરનું ભજન કરવું.

૧૬. આ ઠરાવો વિશે સર્વે જ્ઞાતિબંધુઓએ સ્ટેમ્પના કાગળ ઉપર દસ્તાવેજ કરી આપેલો છે તેની આ નકલ સર્વે લોકોને જાણ થવા સારું છપાવીને પ્રગટ કરવામાં આવી છે.

૧૭. ઊંઝામાં ઉમિયા માતાજીનું મંદિર બાંધવા માંડ્યું છે અને તેઆ અધૂરું છે, તે પૂરું થવા સારુ સર્વે ભાઈઓએ મદદ આપવાનો વિચાર કરવો જોઈએ, તેમ જ આપણી નાતનાં લગ્ન ઠરશે તે વખતે તે વિશે ઘટતો વિચાર કરવામાં આવશે.

(ઠરાવોની બીજી ચોપડી)

દેસાઈશ્રી જોરાવરસિંહજી કુબેરસિંહજી

- સ્વસ્થાન જિલ્લે પાટડી

જોગ લિ. અમો નીચે સહી કરનારા પાટડી, વણોદ, દસાડા, બજાણા, લખતર, ધ્રાંગધ્રા, વઢવાળ, લીંબડી, મોરબી, કાઠીઆવાડ, મૂળી તથા વાંકાનેર વગેરે પરગણાં તથા ગામોના કડવા કણબી જ્ઞાતિના-જાડી પછેડીના પટેલીઆ વગેરે જ્ઞાતિ સમસ્ત અમારી રાજીખુશીથી તથા અક્કલ હોશિયારીથી લખી આપીએ છીએ જે-

(૧) આપણી જ્ઞાતિના કોઈ શખ્સને નાતરું કરીને લગ્ન કરીને બાયડી લાવવી હોય તો, તે કન્યા આપણી જ્ઞાતિની છે એવી ખાતરી કરીને લાવવી. ખાતરી કર્યા સિવાય બીજી કન્યા લાવે અને તે જ્ઞાતિની બહારની હોય તો તેને નાત બહાર મૂકવો. તેને મદદ કરનારને પણ નાત બહાર મૂકવો. પણ એવું ઠરાવ્યું છે જે, પાટડી દરબારશ્રીની નજરમાં આવે તો નજરાણા વગેરેના રૂપિયા લઈ, નાતમાં લેવાનો ઠરાવ દરબારશ્રી કરે તો તે મુજબ તેને નાતમાં લેવો.

(૨) આપણી કડવા કણબીની જ્ઞાતિમાં કોઈ સખ્સ નાતરું કરવા માગે તો તેણે રૂ. ૧ થી રૂ. ૩૦૦ સુધી કન્યાના બાપ તરફ આપવા (કન્યાના બાપને આપવા); તે સિવાય જાસ્તી રૂપિયા કે કીમતી વસ્તુઓ આપવી નહિ, તેમ કન્યાના બાપે ઉપર ઠરાવેલા આંકડા સિવાય કોઈ રકમ અથવા વસ્તુ લેવી નહીં. આ મુજબ ચાલવામાં કોઈ કસૂર કરશે તો તેને પાંચ વર્ષ સુધી નાત બહાર મૂકવામાં આવશે અને તે પછી નાતને રૂ. ૫૦૦ નજરાણા (દંડ) ના આપશે ત્યારે નાતમાં લેવામાં આવશે.

(૩) આપણી જ્ઞાતિમાં પરણેતર કન્યાની સગાઈ બાબત (કન્યાવિક્રય-કન્યાના વેચાણ તરીકે એટલે સગાઈ કરવા સંબંધી) વરના બાપ પાસેથી કાંઈ રૂપિયા અગર કીમતી વસ્તુ લેવી નહીં અગર આપવી નહીં. આ પ્રમાણે કરવામાં કોઈ કસૂર કરશે તો તેને બે વર્ષ નાત બહાર મૂકવામાં આવશે અને તે પછી નાતને રૂ. ૨૦૦ દંડના આપશે ત્યારે નાતમાં લેવામાં આવશે.

(૪) આપણી જ્ઞાતિમાં કોઈ કન્યાનું સગપણ થયા પછી અતે કન્યા અગર વર રોગથી લૂલાં-લંગડાં થઈ પડે તો પરગણાના પાંચ પટેલો રૂબરૂ તેનો નિકાલ કરવો અને તેઓ ઠરાવે તે પ્રમાણે ચાલવું. આ બાબત જે કસૂર કરશે તે માણસે નાતમાં રૂ. ૫૦ દંડના આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૫) કડવા કણબીની જ્ઞાતિમાં આજ તારીખ પહેલાં કોઈએ વર અગર કન્યાનાં સાટાંપેટાં કર્યાં હશે, તે બાબત દસ્તાવેજ લખેલા હશે તો તે મુજબ લેવાં-દેવાં, પણ લખ્યા સિવાયનાં હશે તો લેવાં-દેવાં નહીં. હવે પછી કોઈએ સાટાંપેટાં કરવાં નહિ અને તેવા કામમાં કોઈએ મદદ કરવી નહિ. આ પ્રમાણે ચાલવામાં કસૂર કરશે તે માણસે નાતમાં રૂ. ૨૦૦ દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૬) આપણી જ્ઞાતિમાં કન્યાને, પરણતી કે સગાઈ કરતી વેળા રૂપાની હાંસડી, કલ્લાં અને સાંકળી તરીકિના મળી રૂ. ૮નું ઘરાણું (વરના બાપે) કરવું. તેથી વધારે કરવું નહીં. એથી ઊલટો ચાલશે તેને નાતના મુખી ઠરાવે તેટલી રકમનો નાતને દંડ આપતાં સુધી તેણે નાત બાહાર રહેવું પડશે.

(૭) આપણી જ્ઞાતિમાં આ ઠરાવો થયા પહેલાં કન્યાને (વરના બાપે) કાંબીઓ, સાંકળાં તથા પોલારીઆં વગેરે ઘરાણું કર્યું છે તે ઘરાણું વર તરફ (વરના બાપને) સોંપી દેવું, આ પ્રમાણે ચાલવામાં જે આળસ કે કસૂર કરશે તેણે ત્રણ મહિના સુધી નાત બહાર રહેવું પડશે અને ત્યારબાદ રૂ. ૫૦ નાતને દંડ આપશે ત્યારે તેને નાતમાં લેવામાં આવશે.

(૮) આપણી જ્ઞાતિમાં કન્યાનાં લગ્ન થાય તે વખતે અગર તે પહેલાં કન્યાને માઘરો, કાપડું તથા પાકા રંગની સુતરાઉ ચુંદડી મળી ત્રણ લૂગડાં વરવાળાએ કન્યાવાળાને આપવાં અથવા તેના અવેજમાં રૂ. ૧૦ આપે તો બસ છે. એ રીતે ચાલવામાં કોઈ કસૂર કરશે તો તેણે રૂ. ૫૦ દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૯) આપણી જ્ઞાતિમાં વહુ પોંખતી વખતે, પહેલા આણે રૂ. ૧૬ સાડલાના, રૂ. ૪ ગોરના, રૂ. ૧ ઝવારાનો અને રૂ. ૧ ચૂંદડી નો મળી રૂ. ૨૨ વરના બાપે કન્યાને આપવા; તે સિવાય કાંઈ કીમતી વસ્તુ લેવી-દેવી નહિ. આ પ્રમાણે ચાલવામાં કસૂર કરશે તેણે રૂ. ૫૦ દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૧૦) આપણી જ્ઞાતિમાં કન્યાનું સગપણ થતી વખતે, વરના બાપે રૂ. ૧ રોકડો તથા ૧| શેર સાકર કન્યાને આપવી; તે સિવાય જાસ્તી આપવું-લેવું નહિં. આ પ્રમાણે નહીં ચાલે તેણે રૂ. ૧૦૦ નાતને દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૧૧) આપણી જ્ઞાતિમાં કોઈએ સવેલી (ધણી હયાત હોય તેવી) સ્ત્રી રાખવી કે દેવી નહીં. આ રીતે ચાલવામાં કોઈ કસૂર કરશે તો તેણે ૧૦ વર્ષ સુધી નાત બહાર રહેવું પડશે અને ત્યાર પછી રૂ. ૧,૦૦૦ નાતમાં દંડ આપશે ત્યારે નાતમાં લેવામાં આવશે.

(૧૨) આપણી જ્ઞાતિમાં વર અગર વહુની હયાતીમાં ફરી લગ્ન કે નાતરું કરવું નહીંઅ. પરંતુ ફરજંદ ન થતું હોય અગર એવા જરૂરી કારણસર ફરીથી લગ્ન કે નાતરું કરવું પડે તો, નાતના મુખ્ય માણસો રજા આપે ત્યારે કરવું, પરંતુ પ્રથમની સ્ત્રીનાં ધાનલૂગડાંનો બંદોબસ્ત કરી લીધા સિવાય પરગણાના માણસોએ તેવી રજા આપાવી નહીં, તેમ જ ધણીની રજા સિવાય બાયડીએ સચૂડી (ધણી છતાં) નાતરે જવું નહીં, તેમ તેને કોઈએ લઈ જવી નહીં. આ પ્રમાણે કરવામાં કોઈ કસૂર કરશે તો ૨ વર્ષ સુધી તેણે નાત બહાર રહેવું પડશે અને ત્યાર પછી રૂ. ૫૦૦ દંડ આપશે ત્યારે તેને નાતમાં લેવામાં આવશે.

(૧૩) આપણી જ્ઞાતિમાં કોઈ માણસે કોઈનું બહારવટું-જલેલ-નુકસાન કરવું- કરાવવું નહીં. એ રીતે ચાલવામાં કોઈ માણસ કસૂર કરશે તો તેણે ૧ વર્ષ સુધી નાત બહાર રહેવું પડશે અને ત્યારબાદ રૂ. ૧૦૦ નાતને દંડ આપશે ત્યારે નાતમાં લેવામાં આવશે.

(૧૪) આપણી જ્ઞાતિના કોઈ માણસે જાતભાઈ ઉપર અદાવત રાખી, પોતાના દરબાર કે અમલદારને નજરાણું કે સાકરના રૂપિયા આપવા કરી, નાતવાળાનાં ખેતરો, ઘર કે જમીન લેવાં નહીં. કોઈ કણબી જ્ઞાતિના માણસને દરબાર અથવા અમલદાર ગામમાંથી કાઢી મૂકે તો, એક વરસ સુધી રાહ જોયા બાદ, તેની સાંથની જમીન લેવાને હરકત નથી, પરંતુ ઉપરવટ થઈને લેવું નહીં. આ પ્રમાણે ચાલવાનાં જે કસૂર કરશે તેણે રૂ. ૫૦૦ નાતને દંડ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૧૫) આપણી કડવા કણબીના જ્ઞાતિમાં નાત બાબતની કોઈ પ્રકારની તકરાર હોય તો તેની ફરિયાદ પરગણાના પટેલો પાસે કરવી. ત્યાં નિકાલ ન થાય તો પાટડી આવીને દરબારશ્રી પાસે કરવી અને તેઓ ઠરાવ કરે તે કબૂલ કરવું.એ બાબત પોતાના દરબાર યા અમલદાર પાસે ફરિયાદ કરવી નહીં. આ રીતે નહિ ચાલનાર માણસે રૂ. ૫૦૦ આપતાં સુધી નાત બહાર રહેવું પડશે.

(૧૬) આપણી કડવા કણબીની જ્ઞાતિમાં આ સુધારાના ઠરાવો પ્રમાણે પોતપોતાના પરગણાના પટેલોએ વહીવટ ચલાવવો. તેમનાથી કોઈ વાતનો નિકાલ ન થઈ શકે અગર તેમના ઠરાવ ઉપર કોઈ પક્ષને તકરાર હોય તો તે પાટડીના દરબારશ્રીને જાહેર કરવું અને તેઓ ઠરાવ કરે તે પ્રમાણે ચાલવું. તે બાબત જે કસૂર કરશે તેણે ૨ વર્ષ સુધી નાત બહાર રહેવું પડશે અને રૂ. ૫૦૦ દંડ આપશે ત્યારે તે નાતમાં આવી શકશે.

(૧૭) આપણી જ્ઞાતિમાં હવે પછી આ ઠરાવોમાં સુધારા કરવા, કમી-જાસ્તી કરવા અથવા નવા યોગ્ય ઠરાવો કરવા પાટડી દરબારશ્રી મુખત્યાર છે. દરબારશ્રીના ઠરાવ પ્રમાણે જે ન ચાલે તેણે દરબારશ્રી ઠરાવે તેટલી રકમ નાતને દંડ આપવી પડશે અને તે આપતાં સુધી તેણે નાત બહાર રહેવું પડશે.

પરિશિષ્ટ: ૬

કલેક્ટર સાહેબના ભાષણનો તરજુમો

શેઠસાહેબો, આપણે આજ, જેને વાસ્તે આ શહેરને અભિમાન છે તેવા ગૃહસ્થને માન આપવાને મળ્યા છે એ અને તેના નામથી તમોએ આ તસદી લીધી, તેને સારું હું અહેસાન માનું છું.

બેચરદાસ અંબાઈદાસને તમે સારી પેઠે ઓળખો છો, એટલે એ વિષે મારે વધારે કહેવું પડે એમ નથી. ગમે તે વિષે એમના લક્ષમાં આવ્યો, તો પછી તે વિદ્યાશાળા, દવાખાનું, ધર્મશાળા, સંસ્કૃત ક્લાસ, યા ચાહે તે હો, તોપણ તેને એવી ઉદારતાની સાથે કરેલું કે થોડાક જ તેનો દાખલો લઈ શકશે.

આપણે એકઠા થવાની મુખ્ય મતલબ એ છે કે, ગઈ સાલમાં એઓએ પોતાની જ્ઞાતિમાં લગ્નનો ખર્ચ ઓછો કરવામાં પ્રયત્ન કરેલો, તથા પોતાની જ્ઞાતિની બાળકીઓની હાલતમાં સુધારો કરેલો, તેના બદલામાં હિન્દુસ્તાનની સરકારે એઓને રાવબહાદુરનો ખેતાબ આપ્યો તેની સનંદ તથા સોનાનો ચાંદ અર્પણ કરેલો જુઓ.

આ બધી કોશિશો સફળ થઈ, અને અગર જો સ્વાર્થી લોકો થોડીકવાર કકળશે, તોપણ જ્ઞાતિનો ઘણો વિભાગ એમની તરફ છે. એને થોડાં વર્ષ પછી તમામ એમ કહેશે કે, શાબાશ છે બેચરદાસ અંબાઈદાસ લશ્કરીને, કે જેણે પોતાની છાતી તથા મરજીથી એ કામ પાર પાડ્યું.

અમદાવાદ, પોતાનાં જાહેર કામ, એને શેઠિયાની સખાવતને વાસ્તે પ્રખ્યાત છે, પ્રેમાભાઈ અને હઠીસીંગ, તેમજ મગનભાઈ અને હરકોર શેઠાણીનાં પ્રતિષ્ઠિ નામ, દેશવિદેશમાં ફેલાયેલાં છે. અને દલપતભાઈ ભગુભાઈ, અગર જો થોડાં પ્રસિધ્ધ થયેલા છે, તો પણ એમ નથી કે, તેમણે કાંઈ કરવામાં બાકી રાખી છે.

આ શહેરના સજ્જનોની યાદીમાં આપણા નવા રાવબહાદુરનું નામ પણ હવેથી મજેથી વપરાશે. અને એનાં દાન ધર્મ ઉપર લક્ષ પહોંચાડતાં મને કહેવાને ઘણી ખુશી ઉત્પન્ન થાય છે કે એમણે દેશ તથા જાતનો ભેદ નહિ ગણતાં દાનપુણ્ય કરેલાં છે.

એ વાત તો ખરી છે કે દાનપુણ્ય તેમને ઘેરથી સારું થાય છે, પણ તેનો છેડો ત્યાં જ આવે છે, એમ વાસ્તે કાંઈ કહી શકાય નહિ. જેવી રીતે અહીંયાં પોતાના સ્વદેશીમાંથી ભૂખ્યાને ભોજન માંદાને આસવાસન, અને થાકેલાને વિઅશ્રામ આપે છે, તેવી જ રીતે આંધળા લોકોને આશ્રય આપવાને લિવરપુલમાં નીકળેલાં કારખાનામાં પોતે રૂ. ૫,૦૦૦/- ભરી ચૂક્યા છે.

શેઠ સાહેબો, આપણે જેના ભાગે રહીએ છીએ તેની પ્રશંસા, અને સત્કારની આપણે બધાં કદર કરીએ છીએ અને આદમીને પોતાના પડોશી, દોસ્ત અને સ્વદેશીના તરફથી, કરેલાં કૃત્યનું ફળ

મળે, તેના કરતાં વધારે સંતોષકારક બીજું કાંઈ પણ ઈનામ નથી.

અમારે ત્યાં (વિલાયતમાં) આ વાત સાંભળી લોકો શું કહેશે ? એવી આતુરતાથી, ઘણાને વધારે મોટાં કામો કરવાની હિંમત મળે છે, તે એમ સમજીને કે તેમનાં સંકટ, અને ફતેહ, સરખી રીતે એ ઉપકારી દેશ યાદ કરશે.

તેવી જ રીતે તમારે પણ ખાતરી રાખવી કે તમારા સ્વદેશીને માન આપવાને આજ તમે એકઠા છો, તે વીસરવાનું નથી- અને હજી આ શહેરમાં આવાં સારાં કામો થયાં કરશે અને તેની ખૂબ જ પણ અંત:કરણથી થશે જ.

શેઠ સાહેબો, તમારી કન્યાઓને વિદ્યાભ્યાસ કરાવવાની જરૂર વિષે મારે કહેવું ના જોઈએ, તે વાતથી કેટલીક મુદત સુધી ધોળ પેઠેલો અને એ અડચણોને લીધે હજી સુધી અટકાવ થયેલો છે.

કન્યાશાળા સ્થાપન થયેલી, અને હાલ છે પણ હોશિયાર, ગુણવાન દેશી સ્ત્રી શિક્ષકની ખોટને લીધે તે ઊંચી આવતી નથી. મને કહેવાને અતિ આનંદા પેદા થાય છે કે સરકારથી મળેલા માનનો ગુણ જાણી રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસે એક સ્ત્રીશિક્ષકની શાળા કાઢવાને મને દશ હજાર રૂપિયાની મદદ આપી છે. આજબધા એકઠા થઈ,, આપણા દોસ્તને માન-આબરૂ આપી, તે તમામને લાયક છે, એની ખાતરી કરવાને વધારે હું શું કહું ?

એ રીતે ભાષણ કરીને સોનાનો ચાંદ કસબી શાલજોડો તથા સનંદ આપી, તે પછી રાવબહાદુર બેચરદાસે પ્રત્યુત્તર વાંચી સંભળાવ્યો તે નીચે મુજબ :

<u>પ્રત્યત્તર :</u>

સાહેબો,

મહેરબાન કલેક્ટર સાહેબે અંગ્રજીમાં ઘણું સારું ભાષણ કર્યું તેનો ગુજરાતી ભાષામાં હું બોલવા હું રજા લઉં છું, કે સરવેને બરાબર સમજાય.

મહેરબાન કલેક્ટર સાહેબ, આપે જે મારે સારુ આ દબદબાભરેલી અને વિલાયતમાં સભા મેળવી, તે જોઈ હું ખુશી થયો, ને આપના શુકર ગુજારું છું.

દવાખાનાં, સંસ્કૃતશાળા, સદાવ્રત, ધર્મશાળા તથા નાતસુધારો કર્યો અને વિલાયતમાં આંધળાં-લૂંલાને વાસ્તે ધર્માદા ફંડમાં રકમ આપી તથા ગુજરાત જિલ્લા સારું સ્ત્રીશિક્ષણશાળા તૈયારા કરવામાં રકમ આપી તે વગેરે ધર્મ કર્યાનું આપે ઘણું સારું કહી દર્શાવ્યું, અને આપ સાહેબની ભલાઈ.


૨૨૬. સમંતરામ. ભગવાનદાસ, સૌરાષ્ટ્રનો ઈતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ઈ.સ. ૧૮૬૬

૨૨૭. સત્યપ્રકાશ પ્રેસ, અમદાવાદ, અફીણ વિષે કડવા કણબીની વાર્તા, ઈ.સ. ૧૮૮૧

૨૨૮. સત્યસાગર પ્રેસ, નડિયાદ, વિધવા દુ:ખ દર્પણ, ઈ.સ. ૧૮૮૧

૨૨૯. સોરઠિયા. ગોવર્ધનભાઈ, પટેલ સમાજનું વિચાર વલોણું અમરેલી, ઈ.સ. ૨૦૧૦

૨૩૦. સ્વામી સચ્ચિદાનંદ, અધોગતિનું મુળ વર્ણવ્યવસ્થા, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, ઈ.સ.૧૯૮૮

૨૩૧. સ્વામી સચ્ચિદાનંદ, આપણે અને સમાજ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, ઈ.સ. ૧૯૮૨

૨૩૨. સ્વામી સચ્ચિદાનંદ, પરિવર્તનને પંથે, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૦

૨૩૩. સંઘવી નગીનદાસ પુરુષોત્તમ, ઉદ્યોગથી થતી હાનિ, અમદાવાદ, ઈ.સ. ૧૮૮૬

૨૩૪. હટન. જે. એચ (ભાં.) દેશપાંડે. પાં. ગં, હિન્દુસ્તાનની જ્ઞાતિસંસ્થા તેનું સ્વરૂપ, કાર્ય અને ઉત્પત્તિ, ગુજરાત યુનિ અમદાવાદ, ઈ.સ. ૧૯૬૦

૨૩૫. ત્રવાડી. કેશવજી. વિ, કન્યાવિક્રય નિષેધ દર્શક, નિબંધ, શ્રીમાળી શુભેચ્છક સભા જામનગર, ઈ.સ. ૧૮૮૫

૨૩૬. ત્રિભુવનદાસ ગોપાળદાસ, ગુજરાતનો ઈતિહાસ, ઈ.સ. ૧૮૭૮

૨૩૭. ત્રિવેદી. દલપતરામ, ડાહ્યાભાઈ, ધર્મસંગ વર્ણન, ઈ.સ. ૧૯૮૧

૨૩૮. ત્રિવેદી નવલરામ જગન્નાથ, સમાજ સુધારાનું રેખાદર્શન, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૪

૨૩૯. ત્રિવેદી. ભૂપેન્દ્રભાઈ. લા, ત્રિવેદી. અ. ભૂ, (સં) અખા ભગતના છપ્પા, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ, ઈ.સ. ૨૦૦૬

૨૪૦. ત્રિવેદી દલપતભાઈ ડાહ્યાભાઈ, બાળવિવાહ નિબંધ ઈ.સ. ૧૮૮૩

સામાયિકો :

૨૪૧ . કેશવલાલ છક્કડશી, ઉમિયાવિજય, ઈ.સ. ૧૯૦૭

૨૪૨. ગુજરાતી પંચ, બાળલગ્ન અને કન્યાવિક્રય- ૧૯૧૦

૨૪૩. દીપનારાયણસિંહ, કૂર્મિહિતૈષી, ઈ.સ. ૧૯૦૮

૨૪૪. દેસાઈ રઘુવીર, નવસર્જન, ઈ.સ. ૧૯૩૯

૨૪૫. પટેલ. છગનલાલ. કા, કેળવણી (ત્રૈમાસિક) અંક. ૧, ૧૯૨૬

૨૪૬. પટેલ. બબાભાઈ. રા, ચેતન. અંક.૨ ૧૯૨૮

૨૪૭. પટેલ. બબાભાઈ. રા, ચેતન અંક.૩ ૧૯૨૮

૨૪૮. પટેલ. બબાભાઈ. રા, ચેતન અંક.૫ ૧૯૨૮

૨૪૯. પટેલ. બબાભાઈ. રા, ચેતન, સ્ત્રી વિષયક ખાસ અંક. ૧૯૨૮

૨૫૦. પટેલ. બબાભાઈ. રા, ચેતન અંક. ૧૨ ૧૯૨૯

૨૫૧. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક,૧૫ ૧૯૨૯

૨૫૨. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૧૫ ૧૯૪૨

૨૫૩. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૧૬ ૧૯૪૨

૨૫૪. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૧૯ ૧૯૪૨

૨૫૫. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૨૦ ૧૯૪૨

૨૫૬. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૨૧ ૧૯૪૨

૨૫૭. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૪ ૧૯૪૧

૨૫૮. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૫ ૧૯૪૧

૨૫૯. પટેલ. ઉમેદભાઈ. મ, પાટીદાર પ્રગતિ અંક.૮ ૧૯૪૧

૨૬૦. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૨ જી અંક-૧ ૧૯૩૮

૨૬૧. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૩ ૧૯૩૮

૨૬૨. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૪ ૧૯૩૮

૨૬૩. પટેલ. મગનભાઈ. ર, ટેલ અંક.૫ ૧૯૩૮

૨૬૪. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૬ ૧૯૩૮

૨૬૫. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક. ૭ ૧૯૩૮

૨૬૬. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક. ૯ ૧૯૩૮

૨૬૭. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૧૦ ૧૯૩૮

૨૬૮. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૧૧ ૧૯૩૮

૨૬૯. પટેલ. મગનભાઈ. ર, પટેલ અંક.૧૨ ૧૯૩૮

૨૭૦. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૧ ૧૯૩૭

૨૭૧. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૨ ૧૯૩૭

૨૭૨. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૬ ૧૯૩૭

૨૭૩. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૭ ૧૯૩૭

૨૭૪. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૩ ૧૯૩૭

૨૭૫. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૪ ૧૯૩૭

૨૭૬. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૮ ૧૯૩૭

૨૭૭. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૧૧ ૧૯૩૭

૨૭૮. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૧ અંક.૧૨ ૧૯૩૭

૨૭૯. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૩ અંક.૧ ૧૯૩૯

૨૮૦. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૩ અંક.૨ ૧૯૩૯

૨૮૧. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૩ અંક.૩ ૧૯૩૯

૨૮૨. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૩ અંક.૫ ૧૯૩૯

૨૮૩. પટેલ. મગનભાઈ. ર, પટેલ વર્ષ-૩ અંક.૧૧-૧૨ ૧૯૪૦

૨૮૪. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૧ અંક.૧ ૧૯૨૪

૨૮૫. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૧ અંક.૩ ૧૯૨૪

૨૮૬. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૧ અંક.૪ ૧૯૨૪

૨૮૭. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૧ અંક.૭ ૧૯૨૪

૨૮૮. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૧ અંક.૧૦ ૧૯૨૪

૨૮૯. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર વર્ષ-૫અંક.૧ ૧૯૨૮

૨૯૦. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર અંક.૨ ૧૯૨૮

૨૯૧. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર અંક.૪ ૧૯૨૮

૨૯૨. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર અંક.૫ ૧૯૨૮

૨૯૩. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર અંક.૮ ૧૯૨૮

૨૯૪. પટેલ. નરસિંહભાઈ. ઈ, પાટીદાર અંક.૧૦ ૧૯૨૮

૨૯૫. પટેલ જેસિંગભાઈ, સ્વદેશહિત બોધક, ઈ.સ. ૧૮૯૦

૨૯૬. પટેલ હઠીસિંગ, કડવા પાટીદાર સુધારકપત્ર, ઈ.સ. ૧૮૯૨

૨૯૭. પટેલ મણિલાલ, વિજય, ઈ.સ. ૧૯૦૨

૨૯૮. પટેલ ચીમનભાઈ, કડવા હિતેચ્છુ, ઈ.સ. ૧૯૧૫

૨૯૯. પટેલ ભગવાનદાસ, કડવા જ્ઞાતિહિતવર્ધક, ઈ.સ. ૧૯૧૧

૩૦૦. પટેલ ભાઈચંદ, પટેલ, ઈ.સ. ૧૯૨૧

૩૦૧. પટેલ રતનજી શિવજીભાઈ, પાટીદાર ઉદય, ઈ.સ. ૧૯૨૪

૩૦૨. પટેલ વેણીભાઈ, લોકોદય, ઈ.સ. ૧૯૨૮

૩૦૩. પટેલ બબાભાઈ, સહકાર, ઈ.સ. ૧૯૩૦

૩૦૪. પટેલ પિતાંબર, કિરણ, ઈ.સ. ૧૯૫૦

૩૦૫. પટેલ પુરુષોત્તમ, ખેડૂત, ઈ.સ. ૧૯૪૮

૩૦૬. પટેલ દેવસીભાઈ, જાગૃતિ, ઈ.સ. ૧૯૫૮

૩૦૭. પટેલ રામુભાઈ, કડવા પાટીદાર પરિવાર, ઈ.સ. ૧૯૭૯

૩૦૮. પટેલ ઈશ્વરભાઈ, જય ઉમિયા, ઈ.સ. ૧૯૭૯

૩૦૯ પટેલ જયંતિલાલ, ઉમિયાદર્શન, ઈ.સ. ૧૯૮૪

૩૧૦. લશ્કરી ચંદ્રવદન, ધરતી, ઈ.સ. ૧૯૪૭

૩૧૧. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु, पुस्तक**–૮, અંક. ૩, ૧૯૧૬

૩૧૨. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु, पुस्तक**-૯, અંક. ૧૨, ૧૯૧૬

૩૧૩. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु, पुस्तक**-૯, અંક. ૪,૫,૬. ૧૯૧૭

૩૧૪. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु** (દીવાળીનો ખાસ અંક) પુસ્તક-૨, ૧૯૧૩

૩૧૫. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु, पुस्तक**-૪, અંક. ૩, ૧૯૧૩

૩૧૬. મહેતા. કુંવરજીભાઈ. વિ, **पटेल बन्धु, पुस्तक**-૪, અંક. ૩, ૧૯૧૩

૩૧૭. સ્વામી નારાયણ પ્રકાશ, ઓક્ટોમ્બર અં.૧૦, ૨૦૧૩

SARTH

E- JOURNAL OF RESEARCH

JANUARY: 2016
VOL : 1
ISSUE : 3
ISSN- 2395-339X

સ્વ. શ્રી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ.
'એક સમાજ સુધારક તથા સમર્થ ઈતિહાસકાર તરીકે'

ARTICAL NO : 29
PAGE NO : 184-189

PUBLIESHED BY :
SARTH PUBLICATION, ANAND

સ્વ. શ્રી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ.
'એક સમાજ સુધારક તથા સમર્થ ઈતિહાસકાર તરીકે'

ભારત અને ગુજરાતના ઈતિહાસમાં ઓગણીસમો સૈકો સામાજિક પરિવર્તન અને જીવનમાં મૂલ્યોની નવરચનાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ લેખાય છે. આર્થિક અને ઐદ્યોગિક દ્રષ્ટિએ પણ આ સૈકા દરમિયાન ભારત અને ગુજરાતમાં નવાં પરિબળોનું સર્જન થયું હતું. બ્રિટિશ શાસન દ્વારા ગુજરાત એક વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતા દેશના સંપર્કમાં આવ્યો હતો. સંપર્કની આ પ્રક્રિયા મહત્વપૂર્ણ હતી, કારણ કે પંદરમાં અને સોળમાં સૈકા દરમિયાન ઈંગ્લેન્ડ નવજાગૃતિ અને ધર્મસુધારણાના બૌધિક અને માનવતાવાદી વિચારો દ્વારા નૂતન સાંસ્કૃતિક તબક્કામાંથી પસાર થઈ વ્યક્તિને રૂઢીગત સામાજિક અને ધાર્મિક વ્યવસ્થાનાં બંધનમાંથી મુક્ત કરવાનો પુરુષાર્થ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ એક જટીલ પ્રક્રિયાના –ઔદ્યોગિક ક્રાંતિનાં વમળોમાંથી આદેશ પસાર થયો હતો જેને પરિણામે માનવ સંબંધોમા સ્વરૂપમાં મૂળગત ફેરફાર થયાં હતા. પશ્ચિમની સંસ્કૃતિની ભૌતિક અને બૌધિક અસરોને લીધે ગુજરાતમાં કદાચ પ્રથમ વાર વ્યવસ્થિત રીતે સમાજ સુધારાનો નૂતન યુગ શરૂ થયો હતો. જેમાં કવિ નર્મદાશંકર, દુર્ગારામ મહેતાજી, મહીપતરામ રૂપરામ, કવિ દલપત રામ, હરગોવિંદ દ્વારકાદાસ, કાંટાવાળા, કરસનદાસ મૂળજી અને નવલરામ લક્ષ્મીરામ જેવા પ્રથમ પંક્તિના ગુજરાતી સુધારકોએ સમાજમાં પ્રચલિત કુરિવાજો સામે પ્રહારો કરી સમાજની પુન: રચનાર્થે ઝુંબેશ શરૂ કરી હતી.૧

આ મહાન સુધારકોએ લૌકિક અને બુધ્ધિગમ્ય મૂલ્યોના આધારે સતીપ્રથા, દોરાધાગા અને જંતર-મંતર, કણબી-પાટીદાર તથા જાડેજા-જેઠવા જેવી જ્ઞાતિઓમાં થતી નવજાત બાળકીઓની હત્યા, મૃત્યુબાદ બારમા-તેરમાના થતા ખર્ચા, મૃત્યુબાદ રોવા-કૂટવાના રિવાજ, સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓ સાથેના શારીરિક અને માનસિક જુલમો, બાળ લગ્નો તથા ધર્માચાર્યોનાં દુરાચરણો જેવા સદીઓથી ઘર કરી બેઠેલા કુરિવાજો સામે જેહાદ ઉઠાવી હતી, જેને પરિણામે ગુજરાતી સમાજે નવી દિશામાં ગતિ કરવાની શરૂઆત કરી હતી. તેમાં કેટલાંક પાયાના સમાજ સુધારકોનો ફાળો અમૂલ્ય હતો.

જેમાં કડવા પાટીદાર સમાજના સુધારક તરીકે પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખનું નામ ઉપરોક્ત સમાજ સુધારાના ક્રમમાં આવી શકે તેવું તેમનું કાર્યક્ષેત્ર હતું.૨

---

૧ શાસ્ત્રી. હ.ગં, (સં), પરીખ. પ્ર.ચિ, (સં), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિ ઈતિહાસ (બ્રિટિશ કાલ-ગ્રંથ-૮) ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૨૧૭.

૨. પટેલ. મ, રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી, સી.એસ.આઈ. ગુજરાતના સામાજિક અને ઔદ્યોગિક નેતા, ૨૦૦૭, અમદાવાદ, પૃ. ૯

જન્મ અને અભ્યાસ :

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં પાટીદાર સમાજ અજ્ઞાનતા, વહેમો, અંધશ્રધ્ધા અને કુરિવાજોના અંધકારમાં અટવાઈ રહ્યો હતો. એવા સમયે સંવત ૧૯૩૬માં (ઈ.સ. ૧૮૮૦) પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પરીખ (વિરમગામ વાળા)નો જન્મ તેમના મોસાળ જેતલપુર (જિ. અમદાવાદ)માં થયો હતો.૩

મેટ્રિક સુધીનો અભ્યાસ કરી તેઓ શ્રી પોતાના વતન વિરમગામમાં શેઠ એમ.જે. હાઈસ્કુલમાં શિક્ષક તરીકેની કામગીરી કરવા લાગ્યા હતા. તેમનું પ્રથમ લગ્ન અમદાવાદમાં ગોમતીપુરમાં થયેલું હતું. જેમના પુત્ર પ્રભુદાસના વંસજો આજે હયાત છે. તેમના પુન: લગ્ન ફૂલના દડા સાથે પરણેલી કન્યા સાથે કરેલા હતા. તેમના આ કાર્યના કારણે ખૂબ જ વિરોધ થયો હતો પરંતુ સંઘર્ષ કરીને પણ આ કાર્ય પાર પાડ્યું હતું.

સમાજ સુધારક તરીકે :

દર-બાર વર્ષે એક જ કડવા પાટીદાર સમાજનાં કુળદેવી ઊમિયા માતાજી-ઊંઝાનાં પશ્ચિમ તરફનાં દ્વાર ખૂલતાં અને માતાજીનો પૂજારી લગ્નતિથિ જાહેર કરતો. આમ દસ-બાર વર્ષે એક જ તિથિ આ સમાજમાં લગ્ન થતાં હતા, ફક્ત ૪૫ દિવસની ઉંમર સુધીનાં તમામ બાળકોને પરણાવી દેવા જ જોઈએ, નહિ તો કુળદેવી ઊમિયા માતાજી કોપાયમાન થાય- આવા ધાર્મિક દબાણ હેઠળ, બાળ લગ્નની અધર્મ્ય લગ્ન પધ્ધતિ આ સમાજમાં જડ ઘાલી બેઠી હતી. આ એક તિથિનાં લગ્નના કારણે સમગ્ર કડવા પાટીદાર સમાજમાં બાળલગ્નનો એ જ એક માત્ર લગ્ન પ્રથા બની રહી હતી.

સંવત ૧૯૬૬માં સમગ્ર કડવા પાટીદાર સમાજનું વાતાવરણ ખૂબ જ ઉશ્કેરાયેલું હતું. ઊંઝાનાં ઉમિયા માતાજી સંસ્થાન માંથી લગ્નની તિથિ કાઢવા માટે સુધારકો અને રૂઢીચુસ્તો વચ્ચે ભયંકર મતભેદ ઊભો થયો હતો.

સુધારક જૂથના આગેવાનો શ્રી પુરુષોત્તમદાસ પરીખ, શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી વગેરેએ ઊંઝાના ઉમિયા માતાજીના મંદિરોનો કબજો મેળવ્યો હતો. મંદિર આસપાસ ગાયકવાડ સરકારની પોલીસ રાતદિવસ પહેરો ભરતી હતી. ત્યારે, બીજી બાજુએ રૂઢિચુસ્તોએ ગામમાં એક મોટી સભા ભરી હતી. રાતના સમયે મંદિરના ખુલ્લા ચોકમાં મુઠ્ઠીભર સુધારક યુવાનો ભેગા થયા હતા. મંદિર બહાર પગ ન મૂકી શકાય એવી તંગ પરિસ્થિતિ સર્જાઈ હતી.૪

---

૩ ધરતી, ફેબ્રુઆરી, ૧૯૮૬, પૃ. ૧૩

૪ એજન. પૃ. ૧૪

આ સમયે પુરુષોત્તમદાસ પરીખે એક યોધ્ધાની માફક 'એક તિથિના લગ્નની અધર્મ્ય લગ્ન પ્રથાનો મૃત્યુઘંટ વગાડીને જ હવે તો ઝંપીશું. સમાજના શ્રેય માટે મોતને ભેટવું પડે તો ભેટીને મા ઉમાના આશીર્વાદ મેળવીશું. આખરે તો સત્ય અને ધર્મનો વિજય જ છે. પુરુષોત્તમદાસનાં શબ્દો સાચા પડ્યા.૫ આખરે થોડા સમય પછી એક તિથિના બાળલગ્નની અદ્યર્મ્ય પધ્ધત્તિનો મૃત્યુઘંટ વાગ્યો હતો. તેમની આ પ્રવૃત્તિનો આધાર રાવ.બહાદુર બહેચરદાસ લશ્કરી હતા.

પુરુષોત્તમદાસના ધર્મ પત્ની ભયંકર માંદગીના કારણે મૃત્યુ પામ્યા હતા. ત્યારે તેમણે ફૂલના દડાની સાથે પરણેલી કન્યાના ફરીથી વિધિસર લગ્ન થઈ શકે નહિ, આ પ્રકારની રૂઢીને તોડવા અને એક તિથિના લગ્ન મરણતોલ ફટકો મારવા પુરુષોત્તમદાસે અમદાવાદમાં વિધિસર છૂટક લગ્ન કર્યાં હતા. આ લગ્નના વરઘોડામાં શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી, ડૉ. પીતાંબરદાસ, પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ અને સંખ્યાબંધ સુધારક આગેવાનોએ હાજરી આપી હતી.૬

"કડવા વિજય" માસિકપત્રનો ઉદય :

વિરમગામ-નિવાસી સમાજધર્મી ગુરુદેવ શ્રી જયદેવલાલજીની પ્રેરણા દ્વારા પુરુષોત્તમદાસે સમાજના ઘનઘોર અંધકારને દૂર કરવા "કડવા વિજય" માસિક પત્ર સંવત ૧૯૬૩માં પ્રગટ કર્યું હતું. જે તેઓશ્રીના અવસાન પછી પણ સાતેક વર્ષ સુધી તેમના અનુયાયીઓએ ચલાવ્યું હતું. 'કડવા વિજય' શરૂ કરવામાં અને સમાજ સુધારાની પ્રવૃત્તિને વેગ આપવામાં પુરુષોત્તમદાસના વિરમગામના સાથી શ્રી કેશવલાલ વકીલ, શેઠ દ્વારકાદાસ જીવાભાઈ અને શ્રી કુબેરદાસ માસ્તરનો મજબૂત ટેકો હતો. પુરુષોત્તમદાસે મરણ પાછલના 'લોહીના લાડુ બંધ કરો.' એવી જેહાદ 'કડવા વિજય' દ્વારા જગાવી હતી. જેથી સમાજમાં મરણ પાછળ કરવામાં આવતો મોટો જમણવાર અને તે દ્વારા આર્થિક રીતે પાયમાલ થઈ રહેલા સમાજને જાગૃત કરવાનો સક્રિય પ્રયાસ તેમણે કરેલો હતો.

૫. પટેલ. મ, બાંધ્યા વિવાહ એક વિવાદ, પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ ૨૦૦૫ પૃ. ૨૩
૬. ધરતી, ઉપયુક્ત, પૃ. ૧૪.

કેળવણીકાર તરીકે :

સંવત ૧૯૬૬માં વિરમગામ મુકામે પ્રથમ કડવા પાટીદાર પરિષદનું અધિવેશન ડૉ. પ્રીતાંબરદાસ કુબેરદાસ (અમદાવાદવાળા)ના પ્રમુખ પદે મળ્યું. શ્રી પુરુષોત્તમદાસ પરીખ આ પરિષદના માનદ મંત્રી હતા.૭ પરિષદે સમાજમાં કેળવણીની વૃધ્ધિ કરી, તે દ્વારા સમાજમાં વેગ આપવાનો ઠરાવ કર્યો. આ ઠરાવના અમલ માટે શ્રી પરીખ અને તેમના સાથી કાર્યકરોએ ઘેરઘેર ફરી બે હજાર રૂપિયા ભેગા કર્યા અને આગળ પણ બીજી મદદ મળી રહેશે એવી શ્રધ્ધા સાથે અમદાવાદમાં પીરમશા રોડ ઉપર ભાડાના મકાનમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધા મળી રહે એ હેતુથી જ્ઞાતિનું સૌથી પહેલું છાત્રાલય 'કડવા પાટીદાર શુભેચ્છક સમાજ બોર્ડિંગ'ના નામથી શરૂ કર્યું હતું.૮ પુરુષોત્તમદાસ પરીખના પ્રયાસોના કારણે દરબારશ્રી સૂર્યમલજી*એ પંદર હજાર રૂપિયા આપી કેળવણી ફંડની શરૂઆત કરી. જોતજોતામાં આ ફંડ એક લાખ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. 'શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ' નામની સંસ્થા દરબારશ્રીના પ્રમુખપદે સ્થાપવામાં આવી અને એ સંસ્થા દ્વારા શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ બોર્ડિંગ' નામનું અમદાવાદમાં છાત્રાલય શરૂ કરવામાં આવ્યું હતું. દરબાર શ્રી સૂર્યમલજીના દેહાંત પછી પિતાના સ્મરણાર્થે દરબાર શ્રી એ રૂ. ૧,૧૦,૦૦૦નું દાન આપતાં આ છાત્રાલયને 'દરબાર સૂરજમલ કડવા પાટીદાર બોર્ડિંગ હાઉસ' નામ આપવામાં આવ્યું હતું, જે હાલમાં અમદાવાદમાં કાર્યરત છે.

એક સફળ ઈતિહાસકાર :

સંવત ૧૯૬૯માં પુરુષોત્તમદાસ પરીખે અદભુત જહેમત ઉઠાવી. 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ' નામના આધારભૂત ગ્રંથનું સર્જન કરેલું હતું. ઈતિહાસના સંખ્યાબંધ ગ્રંથો, સરકારી Government Gazetteer, સરકારી સનદો, પેઢીનામાં અને વિવિધ પ્રકારના આધારભુત દસ્તાવેજોનો તેમણે ઝીણવટ પૂર્વક અભ્યાસ કરીને કડવા પાટીદારોનો ક્રમબધ્ધ ઈતિહાસ 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ' નામના ગ્રંથની રચના કરી હતી.

પ્રસ્તુત ગ્રંથમાં કડવા પાટીદારોની ઉત્પત્તિ વિશે દેવદેવીઓના નામે ચાલતી કપોલકલ્પિત દંતકથાઓની પોકળતા તેમણે ગ્રંથમાં ખુલ્લી પાડી છે. દેસાઈ-પટેલોનો ઈતિહાસ આ ગ્રંથમાં સંગ્રહ પામ્યો છે. અશિષ્ટ રીત રિવાજો આડે આવવાથી ઉન્નતગામી થવાનું નથી. એ વિચારને ઈતિહાસકારે કેન્દ્ર સ્થાને રાખી કડવા પાટીદાર જ્ઞાતિની ઉન્નતિ સાધ્ય કરવા માટે અશિષ્ટ રીત રિવાજોને દૂર કરવા માટે ખૂબ ભાર મૂક્યો છે.

---

૭. પટેલ. મ, કડવા પાટીદાર સભાઓમાં સુધારકોનો અભિગમ, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૧૦૮
૮ એજન પૃ. ૧૦૯

બાળલગ્ન, બાળકીઓના ઉછેરમાં થતાં અન્યાય અને તેમને દૂધ પીતી કરવાનું ઘાતકી દુષ્ટકૃત્ય, ગોળપ્રથા, કન્યા-વિક્રય, વરવિક્રય, મરણ પાછળના જમણવાર વગેરે જ્ઞાતિમાં બેઠેલાં અનિષ્ટોને લેખકે અધર્મયુક્ત ગણ્યા હતા. અને અનિષ્ટો સામે, બહેચરદાસ લશ્કરી અને પાટડી દરબારશ્રીની આગેવાની નીચે લેખકે સક્રિય વિરોધ કર્યો હતો.

સમાજ સુધારા માટે, ઈતિહાસ સંશોધન માટે પોતાનું યૌવન સમર્પી દેનાર, જ્ઞાતિના યુવક સંગઠનના પ્રણેતા, સમાજ સુધારક એવા શ્રી પુરુષોત્તમદાસ પરીખનું અવસાન ૩૮ વર્ષની ભરયુવાન વયે સંવત ૧૯૭૪ (ઈ.સ. ૧૯૧૮) મહાવદ ૧૪ના દિવસે થયું હતું.

પાટીદાર સમાજમાં જ્યારે સર્વત્ર અંધકાર હતો ત્યારે સામાજિક ક્રાંન્તિની મશાલ સમાજના યુવાનોમાં સમાજ-સુધારાનો જુસ્સો પ્રેરનાર પાટીદાર સમાજના વીરનર્મદ સમાન સ્વ. શ્રી પુરુષોત્તમદાસ એક સફળ સમાજ સુધારક અને સમર્થ ઈતિહાસકાર હતા.

જેમ વિશ્વની મહાન ક્રાંતિ કે ઘટના પાછળ મહદઅંશે બુધ્ધિજીવી વર્ગનો ફાળો હોય છે. તેવી જ રીતે કડવા પાટીદાર સમાજનાં પધ્ધત્તિસર અભ્યાસ કરી નૂતન વિચારો સાથે અનુબંધ સાધી કેવી રીતે સમાજને જાગૃત કરી રાષ્ટ્રીય જાગૃતિમાં સામેલ કરી શકાય, તેવા ઉમદા વિચારો ધરાવનાર પાટીદાર જ્ઞાતિના પ્રથમ ઈતિહાસકાર, વિવેચક સુધારક શ્રી પુરુષોત્તમદાસ પરીખ હતા.

સંદર્ભસૂચિ

૧. દુંદકિયા. ચંદ્રબાળા, કડવા પાટીદાર પરિષદોમાં સ્ત્રી પ્રશ્નનો પ્રત્યેનો અભિગમ (૧૯૦૬ થી ૧૯૪૭) અમદાવાદ, ૨૦૦૧.

૨. **दिलावरसिंह जयसवार, कुलमी चेतना के सो साल दिल्ली, (1984-1995), ई.स. 1995**

૩. પટેલ.મંગુભાઈ, કડવા પાટીદાર સભાઓમાં સુધારકોનો અભિગમ, ઈ.સ. ૧૮૨૦ થી ૧૯૨૦ અમદાવાદ, ૨૦૦૭.

૪. પટેલ. મંગુભાઈ, પાટીદાર..પ્રગતિ...પરિવર્તન, પાટીદાર સંશોધન પ્રકાશન કેન્દ્ર, અમદાવાદ, ૧૯૯૭

૫. પટેલ ભાઈલાલભાઈ, ગુજરાતના પાટીદારો, વલ્લભવિદ્યાનગર, ૧૯૭૧.

૬. પરીખ. પુરુષોત્તમદાસ લલ્લુભાઈ, કૃમિ ક્ષત્રિય ઉત્પત્તિ ઈતિહાસ, ઊંઝા ૧૯૧૨.


૭. પટેલ. મંગુભાઈ, રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી. (સી.એસ.આઈ.) ગુજરાતનાં સામાજિક અને ઔદ્યોગિક નેતા, અમદાવાદ, ૨૦૦૭.


૮. શાસ્ત્રી. હરિપ્રસાદ (સં), પરીખ. પ્રવીણચંદ્ર, (સં) બ્રિટિશકાલ, ગ્રંથ નં-૬) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, (ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૮૫)

સામાયિકો

* ધરતી, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૬, 'કડવા વિજય', ઈ.સ. ૧૯૧૦.

ફોટોગ્રાફ્સ





GOVERNMENT OF INDIA


Ministry of Education

This National Award is given to Shri Nathalal Narandas Desai, Headmaster, of S.A.K. Vidyamandir (Multipurpose High School) Bavla. (Gujarat, in public recognition of his/her valuable services to the community as a teacher of outstanding merit.

New Delhi
Dated 22nd November, 1963.

Educational Adviser to Government of India

ઈ.સ. ૧૯૬૩માં શ્રેષ્ઠ શિક્ષક માટેનો રાષ્ટ્રીય એવોર્ડ શ્રી નાથાભાઈ દેસાઈને રાષ્ટ્રપતિશ્રી રાધાકૃષ્ણના હસ્તે, દિલ્હી મુકામે તેમણે પ્રાપ્ત કરેલ હતો.




શ્રી કચ્છ ક. પા. પરિષદ બીજીના પ્રમુખ
પટેલ માવજીભાઈ પુંજા જબુવાણી




સિંધમાં જ્ઞાતિહિતની ચળવળ ચલાવનાર
પટેલ નાનજી વિશ્રામ નાકરાણી



ક. પા. પરિષદને આર્થિક સહયોગ આપનાર
શેઠ તુલસીદાસ વલ્લભદાસ પટેલ



શ્રી રામચંદ્ર અમીન
સમાજસુધારક, શિક્ષણવિદ્



ઘાટકોપર યુવક મંડળના મંત્રી
શ્રી રતનશી ખીમજી [illegible]



ડૉ. માણેકલાલ છ. પટેલ (કડી)
સ્વાગત પ્રમુખ



નાયબદિવાન રા. બ. ગોવિંદભાઈ દેસાઈ
પાટીદાર પરિષદના પ્રમુ



શ્રી મણીલાલ હરજીવનદાસ પટેલ — મુંબઈ
૧૭-૧૮ ક. પા. પરિષદના પ્રમુખ
(કડી-૧૯૫૧, લાંભા-૧૯૫૫)




પાટડી દરબાર સૂર્યમલજી
સમાજસુધારક




કરસનદાસ જેસિંગભાઈ
સબજજ સાહેબ, જંબુસર




શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ—અમદાવાદ
જોટાણા પરિષદના પ્રમુખ




શ્રી ગંગારામ નરસિંહ
મહેસાણા



શ્રી સાંકળચંદ કા. પટેલ
વિસનગર




શ્રી પુરુષોત્તમદાસ (દાસકાકા)
કડી—મહેસાણા



ક. પા. પ્રથમ યુવક પરિષદ
પ્રમુખ ડૉ. પિતાંબર પટેલ ([illegible])




શેઠ સાહેબ દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી
યુવા મંડળના પ્રમુખ–૧૯૧૮




ક. પા. ત્રીજી યુવક પરિષદ તોરણા–૧૯૨૦
પ્રમુખ દેશભક્ત શ્રી વલ્લભભાઈ પટેલ



સ્વ. રાવબહાદુર શેઠ બહેચરદાસ લશ્કરી સી.એસ.આઈ.
અમદાવાદ



રા. રા. મગનભાઈ ચતુરભાઈ પટેલ
પ્રમુખ, બીજી યુવક પરિષદ–કડી (૧૯૧૯)



સ્વ. દરબાર શ્રી જોરાવરસિંહજી સાહેબ

પરિશિષ્ટ ૧

Marriage reform among the Kadwa Kanbis એ નામનો અંગ્રેજી અગ્ર લેખ ગુજરાતી પંચ તા. ૬ ઠી માર્ચ ૧૯૧૦માં છપાયો હતો.

Marriage Reform among the Kadwa Kunbis.

We beg to invite the kind attention of His Highness the Maharaja Gaikwar to the correspondence published in our today's issue. His Highness has justly been acknowledged as the leader and pioneer of all practical Social Reform movements and we are sure in appealing to him, we are addressing a Ruler with large sympathies for suffering humanity and a firm resolve to do everything possible in the cause of the progress of his own people. It is a well noted fact that most of the reforms in the Hindu Society turn upon the marriage

problem. Reform the marriage system, raise the marriageable age of males and females, make the marriage dependent on the free will and intelligent consent of the parties, keep an open door for the widows who find it necessary for their happiness or maintenance to marry,–these enclose almost the whole of the Reform programme. In fact marriage is the pivot on which turns the well-being of the whole nation,–it is the center of a circle on the circumference of which are ranged all the possible land marks of social and religious progress; handle the marriage problem and you have half social reform solution in your hands, solve the marriage question and more than half your victory is already won in the arena of national life. But marriage as it obtains among the Hindus, especially the low castes, the backward community is the very bane of their life, the chief source of national deterioation and physical and moral stagnation. It is a well-known fact that the non-interference policy of the British Government has been responsible for their indifferent attitude in matters, social and

that relating to the exemption to a certain extent, of the Kadwa Kunbi community—a most backward class of people, from the provisions thereof. Of course we admit, we can realise the difficulties of His Highness' Government for fear of treading on a people's traditions and superstitions, but we are sure His Highness would be the first to take action if such a course were possible in the direction of minimizing the chances of child marriages. That such a course is possible is snown by the good sense and rational spirit exibited in liberally interpreting their time-worn customs and making a bid for progress by a large and most influential section of the Community. It has the support of the liberal spirited state officials and all the educated people also. But a small and custom-ridden not to say-ignorant section wants to oppose this good move and for reasons best known to it is moving heavens and earth for carrying its point. It is a time-rooted custom among these Kunbis who have their marriage—date fixed 'only once in about a dozen years to have two dates fixed

religious; but we make bold to assert that had the beneficient policy of generous hearted noblemen like Lord William Bentick been continued, we would not so easily have sentimentalists. What however, an alien Government might not venture to do, *i. e.*, interfere in matters social and religious of a subject-people it would indeed be a serious blunder in an *Indian* Ruler to abstain from doing. For the Hinau Scriptures have always recognized in the King, an emblem of Godhood and invested him with the full powers of supremacy even in matters religious. In India's history running through centuries there has been scarcely any Pope to make Kings accept punishment at the Church doors !

We have been glad therefore to find His Highness determined to do, what has raised the Japanse to their present condition of national predominauce: we mean, the regeneration of the depressed classes. His Highness' Marriage Reform Act is a good initiative, but we are afraid it scarcely goes far enough and there are certain features there particularly

for celebrating their marriages, which facilitates all the children, we will not say persons,—left unmarried on the first day to be married on the other. Now the progressive party among these people wants the second date to be removed to *five* years after. This will be benefiting the community by preventing the marriages of mere infants, as it will be practically bringing on a marriage-date every fifth or sixth year. Thus there will be two marriage seasons in every decade or dozen years, and we think it would be only blind superstition or sheer obstinacy that could be opposed to such a beneficial course as the one proposed.

We are sure the enlightened Ruler of Baroda State can do much in this matter by timely advice and fatherly interference; and His Highness would be quite justified in doing so. We trust therefore that the Maharaja Saheb will not allow this appeal to pass unnoticed. We are convinced that this is the best opportunity for His Highness to initiate a fairly progressive reform.

પરિશિષ્ટ ૨


પરિશિષ્ટ


નંબર	બાબત	[illegible]	
		કન્યાના પક્ષે	[illegible]
૧.	પહેરામણી (કન્યાના બાપ અગર તેના વાલીએ આપવાની રકમ.)	રૂ. ૧ થી રૂ. ૧૫૧ સુધી.	૦
	૧. ચાંદલા ([illegible]) [illegible]		
	૨. [illegible] ([illegible]) [illegible]		
૨.	[illegible]	રૂ. ૧ થી રૂ. ૧૨૫ સુધી	રૂ. ૧ થી રૂ. [illegible] સુધી.
૩.	[illegible]	રૂ. ૧ થી રૂ. ૫ સુધી	૦
૪.	કન્યાના કુટુંબને [illegible]	૧૨૫	[illegible]
૫.	કન્યાનું પેંડેથી [illegible]	રૂ. ૧ થી રૂ. ૧૦ સુધી	૦
૬.	કન્યાનું [illegible]	રૂ. ૧ થી રૂ. [illegible] સુધી	૦
૭.	કન્યાને ઘેર [illegible] પ્રસંગે [illegible]	રૂ. ૧ થી રૂ. ૧૫ સુધી	૦
૮.	[illegible] પ્રસંગે [illegible], બહેન, કાકા, કાકી, [illegible]	રૂ. ૧ થી રૂ. ૫ સુધી.	૦
૯.	કન્યાની [illegible]	રૂ. ૧ થી રૂ. ૧૦૦ સુધી.	૦
૧૦.	[illegible]	રૂ. ૧ થી રૂ. ૧૦ સુધી	૦
૧૧.	વરના [illegible] પ્રસંગે.	રૂ. ૧ થી રૂ. ૫ સુધી.	૦
૧૨.	[illegible] પ્રસંગે	રૂ. ૧ થી રૂ. ૧૨ સુધી	
૧૩.	[illegible]	[illegible]	

કુલ [illegible] રૂપીઆ [illegible]

[illegible]

[illegible]





પરિશિષ્ટ નં. ૩

॥ श्रीगणेशायनमः ॥



॥ श्री उमियादेवी ॥ ॥ श्री महालक्ष्मी ॥

સ્વસ્તિ શ્રી ________ મહાસુભસ્થાને પુન્યારાધે શ્રી પંચ પટેલ. ________ કઇડવા પાટીદાર જ્ઞાતી સમસ્ત એતાન શ્રી ઊંઝેથી લી. શ્રી ઊમીયા મહારાજીના આજ્ઞાકારી મોસોત પાટીના પટેલ. [illegible] તથા. રૂશાંત પાટીના પટેલ. [illegible] ના રામ રામ [illegible] પ્રસન્ન થઇ આપ્યાં છે તે સુભ મુહુર્ત [illegible] ની તારીખો નીચે પ્રમાણે છે.

કામા ગણેસનું મુહુર્ત સંવત ૧૯૬૬ ના [illegible] શુભછે

માંડવાનું મુહુર્ત સંવત ૧૯૬૬ ના [illegible] શુભછે

મોટા ગણેશ ગ્રહશાન્તી, માણેક સ્થંભનું મુહુર્ત સંવત ૧૯૬૬ ના [illegible] શુભ છે

પાણી ગ્રહણ મોટુ લગ્ન સંવત ૧૯૬૬ ના [illegible] શુભછે

માંડવરાતનું લગ્ન સંવત ૧૯૬૬ ના [illegible] શુભછે


ઉપર પ્રમાણે શ્રી માતાજીએ લગ્ન નિરધાર્યુ છે, તે પ્રમાણે લગનીયા ગોરને આપવામાં આવ્યું છે મીતિ સંવત ૧૯૬૬ ના ________

મોસોત પાટીના પટેલ. [illegible] સહી

રૂશાંત પાટીના પટેલ. [illegible] સહી

અમદાવાદ ચંદ્રોદય પ્રેસમાં છાપી સન ૧૯૧૦

પરિશિષ્ટ નં. ૭




N. E. Office

No. 5233 14-2-87

Copy with copy of the letter to which this is a reply sent to the Rev. Dept. for information & for favour of giving necessary instructions to Rao Saheb R. N. Kelkar in the matter.

My dear Raja Bahadur
I was exceedingly glad to receive
your kind letter of 14th instant and
am very much obliged for your instructi[on].
Subha Mr Rugnath Mahdev Kelkur
who with Messrs Trumbukrai and
Kristnalal Nanhanchund were present
with President Mr Sheppard Commissioner
N. D. and Mr James the Collector of
Ahmedabad District at a large
meeting of the Kudwa Kunbi Caste
held at Ahmedabad on Monday
the 18th February near Collector's
Cutchery at 5 P.M. for the purpose of
limiting and Regulating the Marriage
Expenses customs connected therewith
and certain formal Rules were passed
unanimously there in. Proceeding of.

of the meeting and Rules formally
passed will be printed and circulated
for signatures of Kadwa Kunbi caste
into it. All articles of Rules approved
Excepting Chanda Pullos (Dowry)
Rs 1@199 by all most all caste people
of this City and District also Kaira
Broach and Surat District as well
as His Highness Maha Raja Gaekwar
Province in it stead of only (Rs 1 to 100)
I thought it had better mention
Your Excellency to obtain confirmation
of His Highness the Maha Raja
Gaekwar to the Rules you may
make for the better of the Country
at large and get it acted up to it
and carried out as early as
possible for the marriage season
will commence early February
next year. and marriages will
take


take place about early April 1890

Yours Sincerely,

Becherdass Ambaidas

His Excellency

Raja Bahadoor Luxmon Juggannath

Deewan Sahib

Baroda

25

No. [illegible] of 1859

From

The Collector of Ahmedabad

To

The Dewan Saheb of Baroda

Ahmedabad Collector's Office
23rd March 59.

Sir

I have the honor to forward herewith a set of Rules prescribed for limiting the expenditure incurred in connection with marriages among Kadwa Kunbis. They were settled at a meeting held at Ahmedabad on the 15th February 1859 under the Presidentship of Mr Mofford (?) Commissioner N. D. at which were present the Patels of Unja (?) Mehta, the Desai of Patri and other Kadwa Agewans from many places in the Ahmedabad, Kaira and Surat Zillahs as well as from

16

Baroda and Kadi together with the
Collector of Ahmedabad and (with your
kind permission) the Subba or Naib Subba of Kadi
and the Subba of Baroda.

2 I also enclose copy of a Circular
sent to Patels and Talatis and I shall
be much obliged if you will be so good
as to permit the Subbas of Kadi and
Baroda to circulate the Circular and the
Rules together with voting forms to the
Talatis and Patels of the villages where
Kadwa Kunbis reside with instructions
to have the Rules fully explained to the
Kadwa Kunbis residing in their villages
and to obtain their signatures on the
voting papers.

3 I should be glad if the Subbas be
requested to direct the Talatis to attend
carefully to the Circular issued and to

27

submit the returns filled up with as little delay as possible. As soon as one entire Taluka is complete they should be sent to me for examination and compilation. They will then be incorporated in the general report to be made to Government.

4. You have already signified your cordial co-operation in this important movement, which is calculated to effect a great social reform in the great Kadwa Community. I feel therefore that I need not apologise for asking for the assistance above indicated. The leaders and a large portion of the community are subjects of His Highness the Gaekwad and it is therefore impossible to get a general vote of the caste without reference to them. His Highness himself will I am certain be glad to countenance so good a work.

5

2 28

5 On hearing from you I will, with your permission enter into direct com-munication with the Subhas of Kadi and Baroda and ascertain from them how many copies of the Circular &c I should send them. I will leave the space for signature on such circulars blank, so that they may be issued as if emanating from your own Subhas.

I have the honor &c

Sir

Your Most Obedient Servant

[illegible]

Collector

29

Below Ahmedabad
Collector's letter No 969
of 23-3-89.


No 6137 H. E. office
25-3-89.

Forwarded with enclosures
to the Sar Subah Saheb.
Attention is solicited
to H.E. the Dewan Saheb's
remarks.

Recd 26-3-89

1053
26-3-89.

[illegible]
Manager



39

Ahmedabad 3 April
1889


My dear Raja Bahadur.

I hope your Excellency will not only excuse my intruding on your valuable time but confer favour upon me in introducing the Rules of marriage expenses &c connected therewith having been passed by the members of Kadva Kunbis residing in the Dominions of His Highness the Maha Raja Guekwar, and Ahmedabad, Kaira Broach and Surat Districts at a General Meeting held at Ahmedabad on 18th February last for the welfare

41

welfare of Kadwa Kunbi caste
I understand that the Collector
may likely have intimated to
your Excellency upon the subject
and now solicit your kindness
regard to get the Rules published
in the forms as your Excellency may
think fits to obtain signatures of
Kadwa Kunbis in the States as marriage
season coming close by next year
all we are anxiously waiting for
Rules being introduced in order to make
time to commence but that according
I should feel obliged if you would
favour me with a reply
Wishing you good health
I remain dear
Yours sincerely
Becherdas Umbalal
Baroda

પરિશિષ્ટ નં. ૮



શ્રી.

પાટીદાર જ્ઞાતિના


સાંસારિક રીતરીવાજનું એકીકરણ

ઇ. સ. ૧૯૧૦ સંવત ૧૯૬૭

વડોદરા.

'બરોડા પ્રિન્ટિંગ વર્ક્સ' માં છાપ્યું.

મૂલ્ય રૂ. ૦-૪-૬



पटेलबन्धु.

દીવાળીના ખાસ અંક.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्मस्वभावजम् ।

શ્રી ગીતાજી.

[illegible] { તંત્રી કુંવરજી વિઠ્ઠલભાઈ મહેતા. પાટીદાર યુવક મંડળ તરફથી. } કાર્તિક-માર્ગશીર્ષ [illegible] ડીસે.-જાને. [illegible]

[illegible] નદીઓ સાંધો, કૂવા ગાળો, સમુદ્ર વારિ મિષ્ટ કરો,

અંક ૧

[illegible] निरंतरं सुकृतिनो विध्वस्त पापोदया ।
राजानः परिपालयन्तु वसुधां धर्मेस्थिताः सर्वदा ॥

ॐ सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै ।
तेजस्वीनावधीमस्तु मा विद्विषावहै ॥

જળમાં સ્થળ, સ્થળમાં જળ આણો, કુદરતનાથી મિત્ર કરો.

ઉન્નતિ

નીંકો ખોદો, બંધો બાંધો, આગ વીજને રસાયણો,

ૐ R. N. B. 4536

પાટીદાર પ્રગતિ

તંત્રી.
જીવણભાઇ સાંમીદાસ પટેલ.
વાર્ષિક લવાજમ ૨૧ રૂપીઓ.

૮૦૧

[અંક ૧૫] અમદાવાદ [જાન્યુઆરી ૧૯૪૨]

નુતન સર્જન — આત્મ વિસર્જન


વિવાહને અંગે જ્ઞાતિભોજન વિગેરે ભારે ખર્ચ કરવામાં આવે છે. તે જ્ઞાતિભોજનઆદિ ખર્ચ ન કરે એમ કહેવું તો વધારે પડતું ગણાશે, પણ એવાં ભોજન ફરજીઆત થઇ પડયાં છે. તેથી કુટુંબને તેનો બોજો અસહ્ય થઇ ગયો છે આવાં ભોજનો મરજીઆત થવાં જોઇએ એટલુંજ નહિ પણ ધનીક કુટુંબોએ પોતે સંયમ પાળી બાજાઓને દાખલો બેસાડવો જોઇએ. બચતાં નાણાંનો ઉપયોગ જો શિક્ષણને સારૂ કે બીજા સમાજોન્નતિના કામોમાં થાય તો તેથી તે જ્ઞાતિને અને એ રીતે આખી પ્રજાને લાભ થાય વિવાહ સમયે જ્ઞાતિભોજનની પ્રથા બંધ કરવી માત્ર ઈષ્ટ છે. મરણાંતે ...ાં જ્ઞાતિભોજન બંધ કરવાં આવશ્યક છે, મરણાંતે અપાતાં જ્ઞાતિભોજનને ...ો પાપ રૂપ દેખું છું. એ ભોજનમાં કશું રહસ્ય જોતો નથી ભોજન આનંદનો પ્રસગ મનાયો છે. મરણ શોકનો પ્રસંગ છે. તે વેળા ...જન કેમ અપાય એ ન સમજી શકાય એવી વાત છે. ગાંધીજી

...ાગ મૂર્તિ પૃષ્ઠ ૮૦)

જ્યારે પૂ. ગાંધીજી જેવા મહાપુરૂષો પણ આવા ખરચોને અઘટિત ...ને છે. ત્યારે આપણા સમાજમાં દર વર્ષે હજારો રૂપીઆઓનો આવો ...ચો પાછળ ધુમાડો થાય છે. તે અટકાવી તેમાં વેડફાતાં નાણાંનો ઉપયોગ ...માજની ઉન્નતી સાધવાનાં કાર્યોમાં કર્યો હોય તો સમાજની દરેક વ્યક્તિ ...પૂર્ણ સર્વાંગ સુખી બને સમાજના સમજુ જનો આ બાબત વિચારે ...ી વિનંતી છે.

તંત્રી.

...ા. પાટીદાર પ્રગતિ કાર્યાલય ૮૫/૫ સરસપુર, અમદાવાદ.



Reg. No. B. 1780

૧૯૮૪ કાર્તિક

પાટીદાર


વર્ષ ૫ અંક ૧

મ્હારા આશીર્વાદ

સારૂં જીવન દીપો પ્રકાશ સૂર્ય ગ્રહ ચાંદ,
તારા આશીર્વાદ, હે પ્રભુ, તારા આશીર્વાદ.
મેઘનો કળશ ભારી ભારી
પ્રસાદ-વારિ પડે ઝરી,
સકળ દેહે પ્રભાતવાયુ ફૂંકી દે અવસાદ,—
તારા આશીર્વાદ, હે પ્રભુ, તારા આશીર્વાદ.

તૃણ જે આ ધૂળની ઉપર પાથરી દે પાલવ,
આ જે આકાશ અમૃતમય ચિર-નીરવ
ફૂલ જે આવે દિને દિને
વિના રેખાનો પથ જાણશે,
આ જે ભુવન દિશે દિશે પુરે કેટલાં સાધ,
તારા આશીર્વાદ, હે પ્રભુ, તારા આશીર્વાદ.
(રવીન્દ્રનાથના બંગાળી ઉપરથી)

વાર્ષિક લવાજમ : દેશમાં બે રૂપિયા, પરદેશમાં ચાર શિલિંગ.
છુટક નકલના ત્રણ આના.
તંત્રી અને પ્રકાશક :
નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ
આણંદ



Reg. No. B. 1788

૨૮૪ માહ

પાટીદાર

૫ અંક ૯

મુંબાઈ


બખત માલઝિન્દગીના જબ્બર સાહસમાં ઝંપલાવો છો.
તમ. જેથી બીજાઓમાં પણ તમારામાં પ્રાણ પૂરે અને
તમ ાતર અને.. કયો જીવન-આદર્શ તમારી પાસે છે?
આ માસ ઇતિહાસમાં આજના જેવો કટોકટીનો કાળ કહિ
ચે કે જ્યારે દેશના જુવાનોની તાકાતની અને
આહ્ આવી આકરી કસોટી મંડાઈ હોય. એટલે જ હું
નિર્બળતા ખંખેરી નાખવાનો અને શક્તિની જમાવટ
ાનો અનુરોધ કરૂં છું. ગુલાબથી બિછાવેલો સુખનો અને
ળતાનો માર્ગ શોધવાનું હું તમને નહિ કહું. હું માનું છું
જુવાનનો ધર્મ કઠિનમાં કઠિન જીવનમાર્ગ સ્વીકારવાનો છે.

જગદીશચંદ્ર બોઝ

ુર વિદ્યાપીઠના પદવીદાનને પ્રસંગે)

ર્ષિક લવાજમ : દેશમાં બે રૂપિયા, પરદેશમાં ચાર શિલિંગ.
છુટક નકલના ત્રણ આના.

તંત્રી અને પ્રકાશક :
નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ
આણંદ



Regd. No. B 3946

પટેલ

વર્ષ ૨ જું : અંક ૧ લો

વૈશાખ : : સંવત ૧૯૯૪

આપણા સામાજિક દોષો પાણીથી કે શબ્દોથી ધોવાય તેવા નથી. આપણા પરસેવાથી તે ધોવા પડશે, અને આજે તેમ નહિ કરીએ તો કાલે લોહીથી ધોવા પડશે.

—કાકાસાહેબ.

તંત્રી:

મગનલાલ રણછોડદાસ પટેલ,

પટેલ સોસાયટી,

એલિસબ્રીજ—અમદાવાદ.

વાર્ષિક લવાજમ દોઢ રૂપિયો. પરદેશમાં બે રૂપિયા

છુટક નકલ અઢી આના.

પાટીદાર

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गम्पथस्तत् कवयो वदन्ति ॥

સં. ૧૯૮૦ વર્ષ ૧ | આણંદ | પોષ અંક ૩

જડ આચારને, જડ વિચારને, જડ જ્ઞાનને ખોળે માથું મુકી બહુ ઉંઘ્યા; હવે તો જાગવું જોઇશે, ઉઠવું જોઇશે; સત્યને, ભગવાનને, અન્તરને પામવું જોઇશે; પડદા તોડી નાખીને સાચી સ્થિતિ અનુભવવી પડશે; સત્યને પંથે પળવું પડશે; એ વિના બીજી ગતિ નથી. જાણવું જોઇશે જે એ પંથ કંઇ સહેલો નથી, બહુ કઠણ છે; તીખી કરેલી છરાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે, એમ ઋષિજનો કહે છે. અને છતાં યે એ પંથે પળવું જ જોઇશે. એ સિવાય બીજો આરો નથી; બીજી ગતિ નથી; ના, નથી, નથી જ.

— ઉપનિષત —

તંત્રી અને પ્રકાશકઃ
નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ.
વાર્ષિક લવાજમઃ દેશમાં બે રુપિયા, પરદેશમાં ચાર શિલિંગ
છુટક નકલ ૦-૩-૦

આ માસિક આણંદ ચરોતર પ્રિંટિંગ પ્રેસમાં ત્રિભુવનદાસ કીસીભાઇ પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૬-૧-૨૪.

133

કડવા વિજય.

પુસ્તક ૫ મું. } સંવત ૧૯૬૮ નો ફાગણ. માર્ચ સને ૧૯૧૨ } અંક ૭ મો.

ગૌરક્ષા માટે યાચના.

(રાગ-હોરી.)

દુઃસહ દુર્ભીક્ષ દમે છે, વ્યાકુલ ધેનુ ભમે છે,
અરે કોણ સુરભી ઉગારે, સનાતન ધર્મ સ્વિકારે.–ટેક
ક્ષત્રિ તનુજો હનુજો થયા છે, અસુરો સુરભા સંહારે.
વર્ણાશ્રમમાં સહુ ભ્રષ્ટ થયા છે, વાણીયું હિત વિચારે.–
પશુ ત્રાહિ ત્રાહિ પુકારે, અરે કોણ સુરભા ઉગારે.
જૈન અહિંસા ધર્મ ન જાણે, ગુમતી આંખી મુગા રહે.
વૈષ્ણવ ખાન ને પાન વિહારી, દંના ગ્રહે દેવદ્વારે;
નારી તે શું કષ્ટ નિવારે, અરે કોણ૦ . . . . . . ૨
આમ લગાવી પડયા રહે બાબા, નિરલજ નાગા ફરે રે.
સ્વામિનારાયણ લોભના સિંધુ, અર્થ ન પાઈ ઉધારે–
શિક્ષાપત્રિ હજુ ન સુધારે, અરે કોણ૦ . . . . . ૩
દંડી સન્યાશી દંડ કરે છે, અર્થ ન વેદ ઉચ્ચારે,
બ્રહ્મ ભ્રમણામાં ભુલી ગયા છે, તે શું ગો માતને તારે–
કાયર થઈ બેઠા કિનારે. અરે કોણ૦ . . . . . ૪
હિંદુમાં પંથ હજારો થયા છે, કોણ ગણી શકે ક્યારે,
ધર્મગુરુના વગથી ધરાણા, મોજે કરે શિણગારે,–
ચડે ક્યારે ગાયની વારે, અરે કોણ૦ . . . . . . ૫
આર્યજનનું ધણી ચાનક આપી, ધર્મી નહિં દુઃખ ધારે,
રામ વીણુ ગૌરક્ષક અનુરાગી, સર્વનું હિત સંભાળે–
અરે નાથ દેશ હમારે, અરે કોણ૦ . . . . . ૬

"વસન દુર્લભ."